શ્રી અરવિન્દ

દિવ્ય જીવન

ગ્રંથ ૧

શ્રી અરવિન્દ આશ્રમ
પોંડિચેરી

બેની વચ્ચે પરસ્પર મેળ સાધવો એ બે વિરોધી તત્ત્વોનો બનેલો એક કોયડો છે. એ દેહના રૂપમાં પ્રાણ ક્રિયા કરી શકે તેને માટે એ રૂપની પોતાની નિષ્ક્રિયતા જ પ્રાથમિક શરત હોય એમ લાગે છે. અને પ્રકૃતિએ આ પ્રશ્ન ઉકેલ્યો છે અને વધારે સંકુલ ઉકેલ દ્વારા દિનપ્રતિદિન વધારે સારી રીતે ઉકેલવાનો પ્રયત્ન એ કરે છે. એ કોયડાનો સંપૂર્ણ ઉકેલ એટલે માનસિક ક્રિયાઓને ટકાવી રાખનાર સંપૂર્ણપણે વ્યવસ્થિત એવા પાશવ શરીરની સ્થૂલ રૂપે અમરતા.બીજો પરસ્પર વિરોધી તત્ત્વોનો બનેલો કોયડો સચેતન મન તથા તપઃશક્તિ અને પ્રગટપણે સચેતન નહિ એવા પ્રાણતત્ત્વ અને જડ દેહ વચ્ચે મેળ સ્થાપન કરવાનો છે. એ બે તત્ત્વો-પ્રાણ અને જડ દેહમાં જે તપઃશક્તિ હોય છે તે બહુ બહુ તો યાંત્રિક યા તો અવચેતન જ હોય છે. આ કોયડાનો ઉકેલ કરતાં પ્રકૃતિએ આશ્ચર્ય પમાડે એવાં પરિણામો ઉપજાવ્યાં છે અને હજી પણ વધારે ચમત્કારિક પરિણામો ઉપજાવવા તે પ્રયત્ન કરે છે. પ્રકૃતિના એ પ્રયત્નને અંતે આપણે અત્યારના માનવની પાશવ ચેતનાને સત્યને માટે ફાંફાં મારતી નહિ પરંતુ સંપૂર્ણ સત્ય અને જ્યોતિયુક્ત થયેલી જોઈ શકીશું. આ પ્રમાણે જોતાં આપણે કહી શકીશું કે વધારે ઉચ્ચ તત્ત્વોના પરસ્પર વિરોધમાં સંવાદ સ્થાપન કરવાની માનવની ઉચ્ચ અભીપ્સા સકારણ ઠરે છે એટલું જ નહિ, પરંતુ પ્રકૃતિની મૌલિક કાર્યપદ્ધતિમાં જે પ્રયત્ન અને જે નિયમ આપણને સર્વત્ર કાર્ય કરી રહેલો દેખાય છે તેનું જ એ અનિવાર્ય અને અંતિમ લક્ષ્ય ઠરે છે, તથા સમસ્ત વિરાટના પ્રયત્નનું અંતિમ શિખર-ના, અંતિમ પરિપાક-એ જ હોવું જોઈએ એમ તર્કથી સ્વીકારવું પ્રાપ્ત થાય છે.

જડ પદાર્થમાંથી પ્રાણની ઉત્પત્તિ થઈ છે એમ આપણે કહીએ છીએ અને મનની પણ તેમાંથી ઉત્ક્રાન્તિ થઈ ગણીએ છીએ. પરંતુ ઉત્ક્રાન્તિ એટલે શું? 'ઉત્ક્રાન્તિ થઈ' એમ કહીને 'અમુક ઘટના બની' એટલું જ આપણે કહેવા માગીએ છીએ. પણ એમાં ઘટનાની સમજૂતિ અને કારણ ક્યાં છે? કારણ કે જડ પદાર્થતત્ત્વમાંથી પ્રાણ અથવા મનની ઉત્ક્રાન્તિ થવી જોઈએ એવું અનિવાર્ય કોઈ કારણ નથી, સિવાય કે જડતત્ત્વમાં પ્રાણ અને પ્રાણમાં મનની શક્તિઓ અપ્રગટ રૂપે પહેલેથી જ અંતર્હિત રહેલી છે એવો વેદાન્તનો વાદ આપણે સ્વીકારીએ. વેદાન્ત એમ માને છે એનું કારણ એ છે કે એના મત પ્રમાણે જડતત્ત્વ એટલે ચેતનાનું એક રૂપ. આટલું જો સ્વીકારીએ તો પછી એની એ દિશામાં એક ડગલું આગળ જઈને મનોમય ચેતના પણ એનાથી વધારે

સ્વાભાવિક રીતના બધા અનુભવો આ ખ્યાલથી વિરુદ્ધમાં જતા રહે છે છતાં એ ખ્યાલ હમેશાં માણસની પૂંઠે પૂંઠે લાગેલો જ રહે છે. એ ખ્યાલની પ્રેરણામાંથી જ માણસ પોતાને થતા અમૂર્ત દર્શનને પ્રભુ, અમૃતત્વ, સ્વર્ગ તેમ જ એવી બીજી વસ્તુઓ વિષેના મૂર્ત વિચારોમાં ઉતારે છે, આ અમૂર્તને મન આગળ સમજાવવાનો પ્રયત્ન આપણે આ રીતે જ કરતા રહીએ છીએ. કેમકે સહજપ્રજ્ઞા એ એક અત્યંત બળવાન વસ્તુ છે, જેટલી પ્રકૃતિ બળવાન છે એટલી જ એ પણ બળવાન છે. એ પ્રકૃતિના આત્મામાંથી જ ઉત્પન્ન થયેલી છે અને બુદ્ધિના તરફથી તેના ગમે તેટલા વિરોધો થાય કે અનુભૂતિ તરફથી એને ગમે તેટલા નકાર મળે તોપણ એની જરા પણ દરકાર કરતી નથી. જગત તે શું છે તે તે જાણે છે, કેમકે એ પોતે, પોતે જાતે જ, એ જગત રૂપ તત્ત્વની બનેલી છે, એ તત્ત્વમાંથી આવેલી છે અને જગતમાં જે કાંઈ માત્ર બનતું રહે છે, દેખાતું રહે છે તેના તરફથી આવતા ચુકાદાઓને તે નમતું આપે તેવી એ નથી. સહજપ્રજ્ઞા આપણને જે કહે છે તે અમૂર્ત અસ્તિત્વની નહિ પણ મૂર્ત અસ્તિત્વની વાત હોય છે. આપણી અંદર પ્રકાશનું જે એકમાત્ર બિંદુ રહેલું છે, આપણી પોતાને વિષની આત્મ-સભાનતામાં કોઈક વાર જે એક બારણું ખૂલી જતું હોય છે એમાંથી તેની ગતિ શરૂ થતી હોય છે અને એ કારણે જ એની વાત ઘણી બળવાન હોય છે. પ્રાચીન વેદાંતે સહજપ્રજ્ઞા તરફથી મળતા આ સંદેશને ઝીલી લીધો હતો અને તેને ઉપનિષદના પેલા ત્રણ મહાન સૂત્રોમાં ગૂંથ્યો હતોઃ **'सोऽहम्'**, **'तत्त्वमसि, श्वेतकेतो'**, **'सर्वं खल्विदं ब्रह्म; अयम् आत्मा ब्रह्म'**.

પરંતુ સહજપ્રજ્ઞાનું કાર્ય મનુષ્યમાં અમુક રીતે જ થતું રહેલું છે, માણસમાં તે પડદા પાછળ રહીને જ કામ કરે છે, માણસના જે વધુ અંધારિયા, ઓછી સ્પષ્ટતાવાળા ભાગો છે તેમાં જ તે મુખ્યત્વે કામ કરતી રહે છે. એ જે પડદાની પાછળ રહે છે તેની આ બાજુના આગળના ભાગમાં, આપણી જાગ્રત ચેતનાનો જે સંકુચિત પ્રકાશ છે તેમાં કામ કરવા માટે એને જે કરણો મળેલાં છે તે એના સંદેશાઓને પૂરેપૂરાં પચાવી શકતાં નથી, અને આ બધા કારણે સહજપ્રજ્ઞા આપણી પ્રકૃતિ સત્યને જે રીતે વ્યવસ્થિત અને સ્પષ્ટ રૂપે મેળવવા માગતી હોય છે તે રૂપે મેળવી આપી શકતી નથી. એટલે એ જો આપણા સપાટી પરના સ્વરૂપમાં આવીને પોતાની જાતને સંગઠિત કરે, ત્યાં આવીને અગ્રસ્થાને વિરાજે ત્યાર પછી જ તે આપણી અંદર સીધા અનવરુદ્ધ જ્ઞાનની કોઈ સંપૂર્ણતા સાધી શકે છે. પરંતુ આપણા સપાટી પરના સ્વરૂપમાં હમણાં તો સહજપ્રજ્ઞા નહિ પણ

બુદ્ધિનું તત્ત્વ સંગઠિત બનેલું છે, આપણને જે કાંઈ દર્શનો થતાં રહે છે, આપણા જે વિચારો અને કાર્યો છે તેને વ્યવસ્થિત કરવામાં આપણને મદદ કરવાનું કાર્ય બુદ્ધિ કરે છે. આમ હોવાથી, ઉપનિષદોમાં જોવા મળતી વેદાન્તની વિચારધારા રૂપે પ્રત્યક્ષ થતો સહજપ્રજ્ઞાના જ્ઞાનનો યુગ ઓસરી જઈને તેને સ્થાને બુદ્ધિપ્રધાન જ્ઞાનનો યુગ આવ્યો. પ્રેરણાપ્રેરિત શાસ્ત્રને સ્થાને દાર્શનિક તત્ત્વજ્ઞાન આવ્યું. અને એ જ પ્રમાણે આગળ જતાં પછી દાર્શનિક તત્ત્વજ્ઞાને પોતાનું આસન ખાલી કરી પ્રયોગપ્રધાન વિજ્ઞાનને સોંપી દીધું. સહજપ્રજ્ઞાની વિચારધારા એ તો ઉપરિચેતનામાંથી આવનારો એક દૂત છે, અને એટલે એ આપણી ઉચ્ચમાં ઉચ્ચ શક્તિ છે. તે સહજપ્રજ્ઞાના સ્થાને પછી જે શુદ્ધ બુદ્ધિ સ્થાપિત થાય છે એ તો એક રીતના પ્રતિનિધિ જેવી છે, તેનું સ્થાન આપણા સ્વરૂપની વચલી ઊંચાઈઓમાં જ રહેલું છે. આ પછી વળી શુદ્ધ બુદ્ધિના સ્થાને થોડો સમય બુદ્ધિનું મિશ્ર કાર્ય થવા લાગ્યું. અને આ મિશ્ર બુદ્ધિ તો આપણાં મેદાનો ઉપર અને નીચલી ટેકરીઓ પર જ રહેતી હોય છે. આ બુદ્ધિ આપણું સ્થૂલ મન તથા ઇન્દ્રિયો અથવા તો એ બધાંને માટે આપણે જે કાંઈ સહાયક તત્ત્વો મેળવી આપી શકીએ છીએ તે તરફથી આપણને જે અનુભૂતિ મળી આવે છે તેની ક્ષિતિજથી આગળ વધી શકતી નથી. આ આખી પ્રક્રિયા આમ તો એક અવરોહણ જેવી લાગે છે પણ ખરી રીતે તો તે એક પ્રગતિનું જ વર્તુળ છે. આ અવરોહણની પ્રત્યેક ભૂમિકા ઉપર એવું બને છે કે દરેક ભૂમિકાની નિમ્ન શક્તિ એની ઉપરની ભૂમિકા પરની ઊર્ધ્વ શક્તિએ આ પૂર્વે તેને જે કાંઈ આપેલું હોય છે તેમાંથી જેટલું પચાવી શકે તેમ હોય તેને પોતાનામાં લઈ લેવાની ફરજ પાડતી રહે છે, અને તે વસ્તુને તેણે તેની પોતાની પદ્ધતિ મુજબ ફરીથી સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવાનો રહે છે. આવી રીતનો પ્રયત્ન કરવા જતાં એ નિમ્ન શક્તિ પોતે જ પોતાના કાર્યપ્રદેશને વિશાળ કરવા લાગે છે અને આખરે જતાં તે ઉપરની ઊર્ધ્વ શક્તિઓ સાથે પોતાનો મેળ વધારે મુલાયમપણે તથા વધારે વિપુલ પ્રમાણમાં સાધવા લાગે છે. આ રીતે એક પછી એક ભૂમિકા ઉપર કાર્ય થતું રહે છે અને દરેક ભૂમિકા ઉપર તે તેની ઉપરની ભૂમિકાની શક્તિઓના કાર્યને પચાવવાનો પ્રયત્ન થાય છે. આ વસ્તુ જો ન થતી હોત તો આપણે આપણી પ્રકૃતિના માત્ર એક ભાગના શાસન હેઠળ જ દટાયેલા રહેત, એ ભાગ સિવાયના આપણા બીજા ભાગો દબાયેલી સ્થિતિમાં રહેત અથવા તો બીજા ભાગોને તે અયોગ્ય રીતે પરાધીન બની રહેત કે પછી દરેક ભાગ પોતપોતાનાં

અલગ ક્ષેત્રમાં જ કામ કરતો રહી પોતાના વિકાસમાં દરિદ્ર બની રહેત. એટલે આ રીતની ક્રમિક ગતિથી અને દરેક શક્તિના અલગ અલગ પ્રયત્નથી બધા ભાગોની વચ્ચે એક સાચી સમતુલા ગોઠવાય છે અને જ્ઞાન માટેના આપણા અવયવોની વચ્ચે એક વધારે સંપૂર્ણ સંવાદિતા તૈયાર થાય છે.

આ ક્રમિક ગતિ આપણને ઉપનિષદોમાં અને તે પછીના ભારતના દર્શનશાસ્ત્રોમાં જોવા મળે છે. વેદ અને વેદાન્તના ઋષિઓ કેવળ સહજપ્રજ્ઞા અને આધ્યાત્મિક અનુભૂતિના આધારે જ ચાલતા હતા. કેટલીક વાર વિદ્વાનો કહે છે કે ઉપનિષદોમાં મોટા વાદવિવાદો અને ચર્ચાઓ આવે છે પણ તે ભૂલ છે. જે જે સ્થળે આપણને વાદવિવાદ જેવું દેખાય છે ત્યાં ત્યાં વસ્તુ ચર્ચાની રીતે, સંશોધનની રીતે, કે તર્કપ્રધાન વિચારણાની રીતે વિચારાતી નથી હોતી. એ વાદવિવાદોમાં આપણે સહજાવબોધોની તથા અનુભૂતિઓની તુલના થતી જોઈએ છીએ અને એમાં ઓછા પ્રકાશવાળી વસ્તુ મોટા પ્રકાશવાળી વસ્તુને નમી પડતી દેખાય છે. જે વસ્તુ વધારે સંકુચિત. વધુ ખામીવાળી કે ઓછી તાત્ત્વિક હોય છે તે પોતાથી વધારે વ્યાપક, વધારે સંપૂર્ણ અને વધુ તાત્ત્વિક વસ્તુને સ્થાન કરી આપે છે. એમાં એક વિચારક બીજા વિચારકને એવો પ્રશ્ન કરતો હોય છે કે, 'તું શું જાણે છે?' નહિ કે'તું શું વિચાર કરે છે' કે 'તારી બુદ્ધિ કયા વિચાર ઉપર પહોંચી છે?' વેદાન્તમાં સત્યોને ટેકો આપવા માટે તર્કપ્રધાન વિચારસરણીનો ઉપયોગ થયો હોય એવું આપણને ઉપનિષદોમાં ક્યાંય જોવા મળતું નથી. આ ઋષિઓ એમ માનતા લાગે છે કે એક સહજપ્રજ્ઞાનમાં જો ભૂલ રહેતી હોય તો તેને બીજા વધુ સંપૂર્ણ સહજજ્ઞાન દ્વારા સુધારી લેવી જોઈએ; આમાં તર્કપ્રધાન વિચારસરણી નિર્ણયકર્તા બની શકતી નથી.

અને છતાં માનવની બુદ્ધિ પોતાની પદ્ધતિએ જ સંતોષ મેળવવા માગતી હોય છે. એટલે જ્યારે તર્કપ્રધાન વિચારસરણીનો યુગ બેઠો ત્યારે ભારતના તત્ત્વજ્ઞાનીઓએ એ કર્યું કે ભૂતકાળની જે મહાસમૃદ્ધિ હતી તેના પ્રતિ સંમાન જાળવી રાખીને, પોતે જે સત્ય શોધતા હતા તે પ્રત્યે બેવડું વલણ ધારણ કર્યું. એક બાજુએ તેમણે શ્રુતિને, એટલે કે સહજપ્રજ્ઞામાંથી પહેલાં જે પરિણામો આવેલાં, અથવા તો જેને તેઓ અપૌરુષેય, પ્રેરિત વાણી કહેવું વધુ પસંદ કરતા હતા તેને તેમણે બુદ્ધિના કરતાં વધારે મોટું પ્રામાણ્ય આપ્યું. તો બીજી બાજુએ પોતે બુદ્ધિથી પોતાના કામનો આરંભ કરવા

લાગ્યા અને એમાંથી જે પરિણામો આવવા લાગ્યાં તેમાંથી જેને શ્રુતિના પ્રામાણ્યનો ટેકો મળતો તેને જ માત્ર સાચાં ગણવા લાગ્યા. આ રીતે આ તત્ત્વજ્ઞાનીઓ બુદ્ધિના મહા દોષમાંથી, કેવળ વાદળોમાં લડ્યા કરવાની વૃત્તિમાંથી અમુક અંશે બચી ગયા. આપણે જોઈએ છીએ કે તત્ત્વજ્ઞાન તો શબ્દો તે જાણે કે પ્રતીકો નહિ પણ અફર હકીકતો છે એમ જ માનીને ચાલતું રહે છે. અને આ શબ્દ રૂપ પ્રતીકોને આપણે કાળજીપૂર્વક તપાસવાનાં રહે છે અને તેઓ જે અર્થના પ્રતિનિધિ રૂપ હોય છે તે અર્થ ઉપર તેમને સતત પાછાં લઈ જવાનાં રહે છે. આ દાર્શનિકોની વિચારણા પ્રથમ તો પોતાના કેન્દ્રમાં ઉચ્ચમાં ઉચ્ચ અને ગહનમાં ગહન અનુભૂતિની નજીકમાં જ રહેવાનો પ્રયત્ન કરતી હતી અને બુદ્ધિ તથા સહજપ્રજ્ઞા રૂપી બંને મહા પ્રામાણ્યોની સંમિલિત સંમતિથી જ આગળ વધતી હતી. પણ આમ છતાં બુદ્ધિમાં સ્વાભાવિક રીતે જ પોતાની શ્રેષ્ઠતા સ્થાપિત કરવાનું વલણ હોય છે, અને તેને લીધે છેવટે તેણે શ્રુતિને આધીન રહેવાનો સિદ્ધાંત પડતો મૂકી દીધો. આમાંથી પછી જુદાં જુદાં વિરોધી દર્શનો ઊભાં થયાં, એ દરેક દર્શન સિદ્ધાંતની રીતે પોતાની પ્રતિષ્ઠા વેદ ઉપર કરવા લાગ્યું અને બીજાં દર્શનોની સામે વેદના શબ્દોને હથિયાર તરીકે વાપરવા લાગ્યું. સહજપ્રજ્ઞા તો વસ્તુને સમગ્ર રૂપે અને વિશાળ ભાવે જોતી હોય છે અને વિગતોને તો એક અવિભાજ્ય સમગ્રતાની માત્ર બાજુઓ રૂપે જ નિહાળે છે. એનું વલણ સમન્વય અને જ્ઞાનની એકતા તરફ હોય છે. આથી ઊલટું, બુદ્ધિ પૃથક્કરણ અને ભેદની રીતે કામ કરતી હોય છે અને પોતે મેળવેલી હકીકતોને ભેગી કરી તેમાંથી એક સમગ્રતા ઊભી કરે છે. પણ એણે આવી રીતે બનાવેલી સમગ્રતામાં વિરોધી તત્ત્વો રહી જતાં હોય છે, વિસંગતતાઓ, તર્કની અસંગતિઓ રહેતી હોય છે. એ બધા પ્રત્યે બુદ્ધિનું સ્વાભાવિક રીતે એવું વલણ રહે છે કે એમાંથી અમુકને તે ટેકો આપે છે, જે જે વસ્તુઓ પોતે પસંદ કરેલા નિર્ણયોની સાથે અથડામણમાં આવતી હોય છે તેને નકારી દે છે અને એમ તે એક અણીશુદ્ધ તર્કપ્રતિષ્ઠિત શાસ્ત્ર ઊભું કરવા માગે છે. આ રીતે, પ્રથમના સહજપ્રજ્ઞાજન્ય જ્ઞાનની જે એકતા હતી તે તૂટી પડી અને તર્કશાસ્ત્રીઓનું કૌશલ હંમેશા અનેક રીતની યુક્તિઓ, અર્થઘટનની પદ્ધતિઓ તેમ જ વિવિધ પ્રકારનાં મૂલ્યાંકનોના ધોરણો ઊભું કરવા લાગ્યું, અને એ દ્વારા પછી શાસ્ત્રનો જે જે ભાગ અગવડ રૂપ દેખાતો તેને લગભગ નાબૂદ કરી નાખવામાં આવવા લાગ્યો અને દાર્શનિક રીતની વિચારણાને માટે એક પૂર્ણ

સ્વતંત્રતા બધાને મળી રહી.

આમ છતાં આરંભના વેદાંતના જે જે મુખ્ય વિચારો હતા તે બધા જુદાં જુદાં દર્શનોમાં થોડા થોડા અંશે ટકી તો રહ્યા જ, અને એ બધાને પાછા પહેલાંના જેવી સહજજ્ઞાનમાંથી જન્મેલી વિચારસરણીની સર્વગ્રાહિતા અને એકતાના કોઈક રૂપમાં ભેગા કરવાના પ્રયત્નો પણ અવારનવાર થતા રહ્યા. આ બધાં દર્શનોની વિચારણા પાછળ એક મૂળભૂત વિચાર રૂપે જે વસ્તુ હતી-જેને ઉપનિષદો, પુરુષ, આત્મા કિંવા સદ્ બ્રહ્મન્, શુદ્ધ સત્ રૂપે વર્ણવતાં તે તો વિવિધ રૂપે રજૂ થતી થતી ટકી જ રહી. આ વસ્તુને ઘણી વાર બુદ્ધિની રીતે એક વિચાર રૂપે યા તો માનસિક અવસ્થા રૂપે ઘટાવી લેવામાં આવતી હતી છતાં એની પાછળ એક અનિર્વાચ્ય વાસ્તવિકતાનો જે પહેલાંનો ભાવ હતો તેમાંથી કાંઈક તો હજી ટકી જ રહ્યો હતો. આ પરમ અદ્વૈત રૂપ તત્ત્વ સાથે, આપણે જેને જગત કહીએ છીએ તે આ આવિર્ભવનની ચાલી રહેલી ક્રિયાનો શો સંબંધ હશે, અને આ આવિર્ભવનની ક્રિયામાંથી ઉત્પન્ન થયેલો કે પછી એ ક્રિયાના કારણ રૂપ રહેલો એવો અહં વેદાન્તે કહેલા એ સાચા આત્મામાં, દિવ્યતામાં, કિંવા પરમ વાસ્તવિકતામાં પાછો ફરી શકે કે નહિ- આ પ્રશ્નો વિષે ભારતના વિચારકો તર્કની રીતે તથા વ્યવહારની રીતે હંમેશાં વિચાર કરતા રહેલા છે.

પ્રકરણ ૯

કેવલ સત્

सदेव.... एकमेवाद्वितीयम् ।

छांदोग्य उपनिषद् ६.२.१

એક અને અદ્વિતીય એ છે કેવલ સત્.

છાંદોગ્ય ઉપનિષદ ૬.૨.૧

જગતના મર્યાદિત અને ક્ષણિક પદાર્થોની અંદર અહંપ્રધાન રીતે રસ લઈ રહેલી આપણી દૃષ્ટિને તેના એ અહંપ્રધાન વ્યવહારમાંથી પાછી ખેંચી લઈને આપણે જો જગત ઉપર તટસ્થ અને જિજ્ઞાસુ ભાવે નજર નાખીશું, કેવલ સત્યને જ જોવું છે એ રીતની આતુરતા સેવીશું તો આપણને સૌથી પહેલું તો એ દર્શન થશે કે અવકાશના એક અસીમ પટ ઉપર, કાલની એક શાશ્વત પીઠ ઉપર કોઈ એક મહા નિરવધિ શક્તિ, એક અનંતાનંત અસ્તિત્વની બનેલી, અનંતાનંત ગતિ અને અનંતાનંત ક્રિયાની બનેલી એક નિઃસીમ શક્તિ પોતાને મબલખ વહાવી રહી છે. આ અસ્તિત્વ, આ વિશ્વ આપણા પોતાના અહં કરતાં, અથવા કોઈ પણ વ્યકિતના અહં કરતાં, અથવા તો અહંકારોના કોઈ પણ સમુદાય કરતાં પણ અનંતગણું મહાન છે. એ પરમ વિશ્વના ત્રાજવાની અંદર અનેક યુગોનાં ભવ્યાતિભવ્ય સર્જનો પણ એકાદ ક્ષણની ચપટી ધૂળ જેવાં માલૂમ પડે છે, એ વિશ્વના ગણ્યા ન ગણાય એવા કુલ સરવાળાની અંદર અનેક અસંખ્ય અબ્જોના પણ અબ્જો એક નાનકડા ઝૂમખા જેવા માત્ર લાગે છે. આપણા વિચારો, આપણી લાગણીઓ, આપણો જીવનવ્યવહાર સ્વાભાવિક રીતે એક એવી માન્યતાની આસપાસ જ ગૂંથાય છે કે જાણે આ મહાકાય પ્રચંડ વિશ્વના મધ્યબિન્દુ તરીકે આપણે જ આવી રહેલા છીએ. આ અખિલ બ્રહ્માંડ આપણી આસપાસ આપણા લાભાર્થે જ ચક્કર લઈ રહ્યું છે, એ વિશ્વ કાં તો આપણને સહાયરૂપ થવાને યા તો હાનિ રૂપ થવાને સરજાયેલું છે. આપણે એમ માનીને ચાલીએ છીએ કે આપણી પોતાની અહંપ્રધાન ઝંખનાઓ, લાગણીઓ, ભાવનાઓ, આપણે ઉપજાવેલાં

મૂલ્યો અને ધારાધોરણો એ સર્વની તૃપ્તિ સાધવી, એ સર્વને સિદ્ધ કરવાં એ જેમ આપણું મુખ્ય કર્તવ્ય છે, તે જ રીતે આ અખિલ વિશ્વનું કાર્ય પણ આપણી આ બધી અહંપ્રધાન વૃત્તિ અને પ્રવૃત્તિને તૃપ્ત કરવા અને સિદ્ધ કરવામાં જ સમાઈ જાય છે. પરંતુ આપણી દૃષ્ટિ જ્યારે ખૂલી જાય છે ત્યારે આપણને સમજાવા લાગે છે કે આ વિશ્વ તો આપણે ખાતર નહિ, પણ તેને પોતાને ખાતર જ હસ્તીમાં આવી રહેલું છે. એ વિશ્વને તેનાં પોતાનાં વિરાટ ધ્યેયો છે, તેનો પોતાનો એક અતિસંકુલ અને નિઃસીમ એવો ભાવનાપુટ છે, તેની પોતાની એક વિશાળ મનીષા છે, તેનો પોતાનો એક મહા આનંદ છે અને તે સઘળું સિદ્ધ કરવા તે પ્રવૃત્ત બનેલું છે. આપણે જોવા લાગીએ છીએ કે આ વિશ્વને તેનાં પોતાનાં આગવાં પ્રચંડ અને ભીષણ ધોરણો છે. અને એ ધોરણો તેમના ઊર્ધ્વ ધામમાંથી નીચે દૃષ્ટિપાત કરતાં આપણાં ધોરણોની ક્ષુદ્રતા નિહાળીને જાણે કે એક ઉદાર અને કટાક્ષભર્યું સ્મિત વેરી રહ્યાં છે. પરંતુ આ રીતે વિચાર કરતાં કરતાં આપણે પાછા તદ્દન સામેના છેડે બેસી જવાનું નથી, તેમ જ આ વિશ્વમાં આપણું કશું જ મહત્ત્વ નથી એવો વધુ પડતો ખ્યાલ પણ આપણે બાંધી લેવાનો નથી. એવો ખ્યાલ સેવવો એ પણ એક અજ્ઞાનજન્ય ક્રિયા છે. વિશ્વની મહાન હકીકતો સામે આંખો બંધ કરવા જેવું છે.

આપણે જોઈ શકીશું કે વિશ્વનો આ નિઃસીમ વ્યાપાર એમ નથી સમજતો કે આપણે તેના કાર્ય માટે કશું જ મહત્ત્વ ધરાવતા નથી. સાયન્સે આપણને એ શોધી આપ્યું છે કે આ વિશ્વવ્યાપાર પાછળની શક્તિ પોતાની મોટામાં મોટી વસ્તુઓથી માંડી તદ્દન નાનામાં નાની વસ્તુઓ સુધીની હરેક ચીજ ઉપર ખૂબ જ ઝીણવટથી કાળજીપૂર્વક કામ કરે છે, હરેક ચીજની રચના પાછળ તે ખૂબ જ ચાતુર્યભરી યુક્તિપ્રયુક્તિ યોજે છે, હરેક ચીજની અંદર તે ખૂબ જ તીવ્ર ભાવે ઓતપ્રોત થઈ જાય છે. આ પ્રચંડ શક્તિ એક સમદૃષ્ટિવાળી અને પક્ષપાતરહિત જનની છે, ગીતાની મહાન વાણીમાં કહેતાં તે એક **समं ब्रह्म** છે. એક સૂર્યમાળાને રચવા માટે તથા તેને ટકાવી રાખવા માટે તે જેટલા તીવ્ર ભાવે કામ કરે છે, તેમ જ જેટલી પ્રબળ શક્તિ પ્રયોજે છે તેટલી જ તીવ્રતા અને શક્તિની પ્રબળતા તે કીડીના એક નાનકડા રાફડા પાછળ પણ ખરચે છે. આપણે એક વસ્તુને મોટી ગણીએ છીએ અને બીજીને નાનકડી ગણીએ છીએ એ તો વસ્તુના કદને લીધે યા તો જથ્થાને

લીધે-સમૂહત્વ, પરિમાણને લીધે આપણને ઊપજતી એક ભ્રાંતિ છે. આથી ઊલટું આપણે વસ્તુના સમૂહત્વ ઉપર નહિ પરંતુ તેની અંદર રહેલા ગુણત્વની શક્તિ ઉપર જો દૃષ્ટિ માંડીશું તો આપણે એમ કહેવું પડશે કે આ સૂર્યમાળામાં વસનારી એક કીડી એ સૂર્યમાળા કરતાં વધુ મોટી છે, આ નિર્જીવ પ્રકૃતિની અંદર વસતો મનુષ્ય એ સારીયે નિર્જીવ પ્રકૃતિ કરતાં વધુ મહાન છે. પરંતુ આ પણ પાછી ગુણત્વની ભ્રાંતિ છે. વસ્તુના ઊંડાણમાં જઈને આપણે જોઈશું તો જણાશે કે આ સમૂહત્વ અને ગુણત્વ એ તો વિશ્વવ્યાપારના બે પાસાં છે, અને તે પછી એ વિશ્વવ્યાપારની પોતાની જ તીવ્રતાનું અવલોકન કરીશું તો આપણને એ વાત સમજાશે કે આ બ્રહ્મતત્ત્વ સર્વ પદાર્થમાં સમાન રીતે જ વસેલું છે. સર્વપદાર્થો એ બ્રહ્મના મૂળ તત્ત્વનો એકસરખી રીતે ઉપભોગ કરી રહ્યા છે. અને એ જોઈને આપણને એમ કહેવાનું પણ મન થશે કે એ બ્રહ્મની શક્તિ સર્વ પદાર્થોમાં એકસરખી રીતે વહેંચાયેલી છે. પરંતુ આ પણ પાછી સમૂહત્વની જ ભ્રાંતિ છે. બ્રહ્મ વસ્તુમાત્રમાં રહેલું છે, એ અવિભાજ્ય છે છતાં જાણે કે તેના ભાગ પડેલા હોય, તે વહેંચાયેલું હોય તેવું લાગે છે. એટલે આપણે જો વળી પાછું એક નિરીક્ષક દૃષ્ટિપૂર્વક નિહાળીશું, આપણા ઉપર ચડેલા બૌદ્ધિક ખ્યાલોના ભારણને અળગું કરીને, આપણામાં અંતઃપ્રજ્ઞાનો પ્રકાશ પ્રગટવા દઈશું અને તેથી પણ આગળ વધીને છેવટે તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મેળવવાની સ્થિતિમાં પહોંચીશું તો આપણને જણાશે કે આ અનંતાનંત વિશ્વશક્તિની ચેતના આપણી મનોમય ચેતના કરતાં તદ્દન જુદી જ વસ્તુ છે. એ અવિભાજ્ય છે અને તે સૂર્યમાળાને તેમ જ કીડીના રાફડાને પોતાનું તત્ત્વ સરખે ભાગે વહેંચી આપે છે એમ નહિ, પણ એ બંનેને તે પોતાની આખીયે જાત એકી સાથે જ આપે છે. બ્રહ્મને માટે આખું અને અરધું, અખંડ અને ખંડ એવું કશું નથી. હરેક પદાર્થ બ્રહ્મનું સમગ્ર રૂપ છે અને સારાયે બ્રહ્મનો તે ઉપભોગ કરી રહેલ છે. ગુણત્વ અને સમૂહત્વ એ જુદાં જુદાં છે ખરાં, પરંતુ આત્મત્વ તો સર્વત્ર સમાન છે. જગતમાં ચાલી રહેલી ક્રિયાઓ પાછળની શક્તિનું રૂપ, એ શક્તિની કાર્યપદ્ધતિ તેમ જ તેનું પરિણામ એ બધાંની અંદર અનંત પ્રકારે વૈવિધ્ય આવેલું છે. પરંતુ વિશ્વમાં આવેલી એ શાશ્વત, આદિમ, અનંત શક્તિ પોતે તો સર્વ પદાર્થોમાં એકની એક જ છે. એક બળવાન માણસના સર્જન પાછળ જે બળની શક્તિ કામ કરી રહેલી છે તે શક્તિ એક નિર્બળ માણસના

સર્જન પાછળ કામ કરતી નિર્બળતાની શક્તિ કરતાં લેશ પણ વધુ મોટી નથી. વસ્તુની અભિવ્યક્તિ પાછળ ખરચાતી શક્તિ અને વસ્તુને અવ્યક્ત રાખવા પાછળ, તેનું દમન કરવા પાછળ ખરચાતી શક્તિ એકસરખા જ પ્રમાણની છે. વસ્તુના ભાવમાં તેમજ અભાવમાં, વસ્તુની સ્થાપના કરવામાં તેમ જ તેનો નકાર કરવામાં વપરાતી શક્તિ એકસરખી જ છે, ધ્વનિના સર્જન પાછળ અને નીરવતાના નિર્માણ પાછળ એકસરખી જ શક્તિ ખરચાય છે.

વસ્તુસ્થિતિ આવી હોવાને લીધે આપણે પ્રથમ તો આ જગત રૂપે પ્રગટ થઈ રહેલો આ અનંત વ્યાપાર, આ વિશ્વની શક્તિ અને આપણી પોતાની વચ્ચે આપણે જે સંબંધ કલ્પ્યો છે તે કલ્પનાને પ્રથમ તો સુધારવાની રહે છે. અત્યારે તો આપણો હિસાબ તદ્દન ખોટી રીતનો ચાલે છે. આ અખિલ વિશ્વને મન આપણું મહત્ત્વ ઘણું જ છે, પરંતુ આપણે મન આ વિશ્વનો હિસાબ નહિ જેવો જ છે. આપણી નજરમાં તો કેવળ આપણે પોતે જ જગતમાં એકમાત્ર અગત્યની વસ્તુ છીએ. આ છે આપણું અહંકારજન્ય અજ્ઞાન. એ અહંકાર જન્મ્યો છે જગતના આદિમાં રહેલી અવિદ્યામાંથી. એ અવિદ્યાને લીધે અહંકાર એવી રીતે જ માત્ર વિચારી શકે છે કે જાણે આખા જગતનું કેન્દ્ર પોતે જ છે, જાણે કે પોતે જ આખું જગત છે. એ અહંકાર જગતમાં પોતાનાથી ભિન્ન એવી જે જે વસ્તુઓ છે તે બધીમાંથી જેમને સ્વીકારવા તરફ તેનું મન વળેલું હોય છે, યા તો પોતાની પરિસ્થિતિના આઘાતોને પરિણામે જે વસ્તુઓનો સ્વીકાર કરવાની તેને ફરજ પડે છે તેમનો જ માત્ર તે સ્વીકાર કરે છે. એ અહંકાર જ્યારે તત્ત્વજ્ઞાનની વાતો કરે છે ત્યારે પણ શું એમ જ નથી કહેતો કે તેની પોતાની ચેતનાની અંદર અને એ ચેતના દ્વારા જ જગત અસ્તિત્વમાં રહેલું છે? આ અહંકાર પોતાની ચૈતન્ય કક્ષા યા તો પોતાનાં મનોમય ધોરણો એ જ વાસ્તવિકતાની એકમાત્ર કસોટી છે એમ સમજે છે. એની પોતાની ગતિના યા તો દૃષ્ટિના વર્તુળની બહાર જે કંઈ આવેલું હોય તેને તે કાં તો મિથ્યા ઠરાવે છે, યા તો તેની હસ્તીનો જ ઇનકાર કરે છે. મનુષ્યમાં રહેલી મનોમય આત્મ-પર્યાપ્તિની આ વૃત્તિ એક ખોટી મૂલ્યપદ્ધતિ ઊભી કરે છે. અને એ ખોટી દૃષ્ટિને લીધે આપણે જીવનમાંથી સાચું અને સંપૂર્ણ તત્ત્વ પામી શકતા નથી. હા, માનવ મનના તથા અહંના આ દાવાઓ એક રીતે જોતાં અમુક સત્ય ઉપર ઉભેલા છે ખરા. પરંતુ એ સત્યનું પ્રાકટ્ય તો ત્યારે જ બને છે કે જ્યારે મનને પોતાના અજ્ઞાનનું જ્ઞાન થાય છે અને આ

અહંકાર વિશ્વરૂપ પરમાત્માને શરણે જવાનું શીખે છે અને એ વિશ્વરૂપની અંદર પોતાની અલગ આત્મ-ચર્યાનું વિસર્જન કરી દે છે. આપણને જ્યારે એ જ્ઞાન થાય કે આપણે, અથવા કહો કે જગતની વસ્તુઓમાંથી નીપજેલાં જે પરિણામો અને આભાસોને આપણી જાત તરીકે ઓળખીએ છીએ તે આપણે આ અનંતાનંત વિશ્વવ્યાપારની એક આંશિક ગતિ જ છીએ, અને આપણે એ અનંત તત્ત્વને જાણવાનું છે, તેને જાણીને જ્ઞાનપૂર્વક તે રૂપે બની રહેવાનું છે, અને વફાદારીપૂર્વક તે તત્ત્વને આપણામાં મૂર્ત કરવાનું છે ત્યારે જ આપણે માટે સાચા જીવનનો આરંભ થાય છે. આ જ જ્ઞાનનું બીજું પાસું એ છે કે આપણા સાચા સ્વરૂપે આપણે આ અખિલ વિશ્વવ્યાપારથી લેશ પણ ભિન્ન નથી. આપણે તેના અલ્પ અથવા તો ગૌણ અંશ રૂપે નથી એ રીતનો પ્રકાશ જ્યારે આપણામાં પ્રગટ થશે અને આ જ્ઞાનપ્રકાશ જ્યારે આપણા ચૈતન્યની અંદર, આપણા ચિત્તની અંદર, આપણા હૃદય અને આપણા કર્મની અંદર અભિવ્યક્ત બની રહેશે ત્યારે પછી અંતે જતાં આપણે માટે એક સાચા અને દિવ્ય જીવનની સિદ્ધિ આવીને ઊભી રહેશે.

તો હવે જગતની સાથેનો આપણો હિસાબ આપણે સાચા પાયા ઉપર માંડવાનો છે અને તે માટે આપણે એ જાણવાનું રહે છે કે આ જગત એ શું છે, જગત રૂપે વ્યક્ત થયેલી આ અનંતાનંત અને સર્વશક્તિમાન શક્તિ તે શું છે. અને અહીં હવે એક નવી ગૂંચ ઊભી થાય છે. આપણી કેવલ બુદ્ધિએ તો એમ ઠરાવ્યું છે કે અને વેદાન્તે પણ આપણને એમ ઠરાવી આપ્યું લાગે છે કે આપણે જેવી રીતે આ વિશ્વવ્યાપારની અંદર એક ગૌણ પદાર્થ છીએ, તેનું એક આંગિક સ્વરૂપ છીએ તેવી જ રીતે એ વિશ્વવ્યાપાર પોતે પણ એના કરતાં કોઈ એક ભિન્ન તત્ત્વની અંદર આવેલો, કોઈ એક મહાન કાલાતીત, સ્થલાતીત સ્થિર તત્ત્વ-સ્થાણુની અંદર આવેલો એક ગૌણ પદાર્થ છે, એ મહા તત્ત્વનું એક આંગિક સ્વરૂપ છે, એ સ્થાણુ તત્ત્વ અક્ષર છે, એનો કદી ક્ષય થઈ શકે તેમ નથી, એનો કદી ક્ષય થયેલો પણ નથી. એ સ્થાણુ તત્ત્વ વિશ્વનો અખિલ વ્યાપાર પોતાનામાં ધારણ કરતું હોવા છતાં પોતે ક્રિયારહિત છે, તે શક્તિ રૂપ નથી, તે કેવલ સત્ રૂપ છે. જેઓ કેવલ આ વિશ્વરૂપ શક્તિને જ જુએ છે તેઓ તો બેશક એમ કહી શકે છે કે આવું કોઈ સ્થિર તત્ત્વ છે જ નહિ. સ્થિર તત્ત્વ વિષે આપણી બુદ્ધિએ ઉપજાવેલી કલ્પના જ મૂળે તો ખોટી છે. અને એ કલ્પનાને આધારે આપણે કરેલાં અનુમાનો, આ જગતની પાછળ એક સ્થિર તત્ત્વ આવેલું છે, એક અક્ષર શુદ્ધ સત્ આવેલું છે એ

ઉચ્ચ ચેતનાની અપ્રગટ સ્થિતિનું જ એક સ્વરૂપ હોઈ શકે એવું સ્વીકારવામાં અસંગતિ લાગશે નહિ. જો એમ હોય તો પછી માનવજાતિમાં ભગવાનને માટે, જ્યોતિને માટે, આનંદને માટે, મુક્તિને માટે, અમરતાને માટે જે અદમ્ય અભીપ્સા કાર્ય કરી રહેલી છે તેનું યોગ્ય સ્થાન આપણે જોઈ શકીશું. એ અભીપ્સા વડે પૂર્વે જેમ તેણે જડ પદાર્થતત્ત્વના સ્વરૂપમાં પ્રાણની ઉત્ક્રાન્તિ થવા માટે અંધપ્રેરણા મૂકી હતી અથવા તો પ્રાણનાં કેટલાંક સ્વરૂપોમાં જેમ તેણે મનોમય ભૂમિકાનો વિકાસ કરવા માટેની પ્રેરણા મૂકી હતી તેમ હવે તે મનથી પર રહેલી ચેતનાની ભૂમિકાઓની ઉત્ક્રાન્તિ કરવા પ્રયત્ન કરતી હોય એમ જણાય છે, અને એનો એ પ્રયત્ન પૂર્વના પ્રયત્નોની પેઠે આપણને સાહજિક, સાચો અને યોગ્ય લાગે છે. પ્રકૃતિના પૂર્વના ઉત્ક્રાન્તિના પ્રયત્નોમાં જેમ જુદા જુદા આધારોમાં જુદા જુદા પ્રમાણમાં એ અભીપ્સા અસ્પષ્ટ રીતે કાર્ય કરતી જણાય છે તેમ અહીં માનવમાં પણ એ જ પ્રમાણેની સ્થિતિ માલમ પડે છે. ત્યાં જેમ તેણે પૂર્વે નવીન આવિર્ભાવને માટે જરૂરી નવા અવયવો અને નવી શક્તિઓ ઉપજાવી લીધી તેમ અહીં પણ તેમ કરવાને તે બંધાયેલી છે. મનોમય ભૂમિકાની ઉત્ક્રાન્તિ કરવાનો પ્રયત્ન જેમ છેક પ્રાણશક્તિનાં સૂક્ષ્મ સંવેદનો, લાગણીઓ અને પ્રતિકાર્યોથી શરૂ થઈને ધાતુ અને વનસ્પતિમાં કાર્ય કરતાં કરતાં ઠેઠ માનવની મનોમય ચેતનામાં પોતાનું સંપૂર્ણ વ્યવસ્થિત સ્વરૂપ પ્રાપ્ત કરે છે, તે જ પ્રમાણે માનવમાં પણ મનોમયથી ઉચ્ચ ભૂમિકા પ્રત્યે ક્રમે ક્રમે વધતી સીડી આવી રહેલી છે. અને પ્રત્યેક પગથિયે આપણને ઉચ્ચ અને દિવ્ય જીવનની યોગ્યતા, કાંઈ નહિ તો તેને માટેની તૈયારી થઈ રહેલી માલમ પડે છે. એમ કહેવાય કે પ્રાણી રૂપી જીવન્ત પ્રયોગશાળાની અંદર પ્રયોગ કરીને પ્રકૃતિએ માનવ પેદા કર્યો છે. એ રીતે જોતાં માનવને પણ આપણે ચિંતનશક્તિવાળી જીવન્ત પ્રયોગશાળા કહી શકીએ, તથા માનવ રૂપી પ્રયોગશાળામાં તેના પોતાના બુદ્ધિપૂર્વક સહકાર્ય વડે પ્રકૃતિ અતિમાનવનું અથવા તો દેવનું સર્જન કરવા માગે છે એમ કહી શકાય. અથવા તો 'દેવના સર્જન' ને બદલે 'ભગવાનનો આવિર્ભાવ કરવા માગે છે' એમ કહેવું બરાબર ન ગણાય? કારણ કે પ્રકૃતિમાં સુપ્ત રહેલ, અપ્રગટ રૂપે તેનામાં કાર્ય કરી રહેલ તત્ત્વનો ક્રમે ક્રમે આવિર્ભાવ કરવો એનું નામ જો ઉત્ક્રાન્તિ હોય તો આપણે એ પણ સ્વીકારવું પડે કે એ આવિર્ભાવ એટલે પ્રકૃતિના પોતાના જ અંતિમ અને આચ્છાદિત સ્વરૂપનો પ્રગટ સાક્ષાત્કાર છે. એટલે ઉત્ક્રાન્તિના કોઈ પગથિયા આગળ અટકી જવા

પ્રકારનો ખ્યાલ તે પણ એક મિથ્યા આભાસ જ છે. કારણ કે જગતમાં સ્થિર કહેવાય એવું કશું છે જ નહિ. જગતમાં બધું જ ગતિમાં પડેલું છે. સ્થિર તત્ત્વની આપણે ઉપજાવેલી કલ્પના એ તો આપણી મનોમય ચેતનાની જ એક સરજત છે, ગતિની સાથે વ્યવહાર કરવા માટે આપણા મને ઉપજાવેલું એક દૃષ્ટિબિંદુ જ છે. કેવળ ગતિને જ નજરમાં રાખીને વિચાર કરતાં આ રીતની વિચારસરણી સાચી છે એમ પુરવાર કરવું એ સહેલું પણ છે. ગતિની અંદર સ્થિર તત્ત્વ જેવું કશું જ નથી. જગતમાં જે કાંઈ સ્થિર રૂપે દેખાય છે તે પોતે પણ ગતિનું જ એક ચોસલું છે, ક્રિયામાં પ્રવૃત્ત થયેલી શક્તિનું જ એક એવું સ્વરૂપ છે જે આપણી ચેતના ઉપર પોતે સ્થિર છે તેવો આભાસ જન્માવે છે. જેવી રીતે આપણને પૃથ્વી સ્થિર રૂપે દેખાય છે, આપણે ગાડીમાં પ્રવાસ કરતા હોઈએ અને આસપાસના દૃશ્યો ધસારાબંધ પસાર થતાં જઈને આપણી ગાડી સ્થિર છે એવો આભાસ કરાવે છે તેના જેવું જ આ કંઈક છે. આ દૃષ્ટિબિંદુની સામે પ્રશ્ન એ થાય છે કે આ ગતિની હેઠળ આવી રહેલું, તેને ટેકો આપી રહેલું એવું કશું અવિચલ અને અક્ષર તત્ત્વ જગતમાં છે જ નહિ એમ કહેવું એ ખરેખર સાચું છે? વિશ્વનું સત્ એ કેવળ શક્તિના ક્રિયાત્મક વ્યાપારની અંદર જ આવેલું છે એમ કહેવું બરાબર છે? અથવા વધારે સાચું તો એ નહિ હોય કે આ શક્તિ તે સત્નો પોતાનો જ આવિર્ભાવ છે?

અહીં આપણે એ વાત એકદમ સમજી શકીશું કે જો આવું કોઈ સત્ હોય તો તે પણ પેલી શક્તિના જેવું જ અનંતરૂપ હોવું જોઈએ. આ સત્ નો છેવટે જતાં કોઈ એક ઠેકાણે અંત આવી શકે છે એ વાત આપણી બુદ્ધિ, આપણો અનુભવ, આપણી અંતઃપ્રજ્ઞા કે કલ્પના કદી સ્વીકારી શકે તેમ નથી. હરેક અંત અને આરંભની પછી કે પૂર્વે કંઈક બીજું આવી રહેલું હોય છે જ. એક તદ્દન છેવટનો અંત, એક તદ્દન પ્રથમનો આરંભ એ રીતનો શબ્દપ્રયોગ એ વદતોવ્યાઘાત છે. એટલું જ નહિ આ રીતે કહેવું એ વસ્તુના સારમાત્રનું ઉચ્છેદન છે, સત્યની હાણ છે, મિથ્યા તરંગ છે. વિશ્વના સાન્ત પદાર્થોના આભાસો ઉપર અનંતતાએ પોતાની અનિષેધ્ય નિજહસ્તી દ્વારા આપોઆપ જ પોતાની જાતને સ્થાપી દીધેલી છે.

પરંતુ આ અનંતતા તે સ્થલ અને કાલની અનંતતા થઈ. આ અનંતતા એટલે કે કાલમાં એક સદાયે ટકી રહેલી શાશ્વત સંસ્થિતિ, સ્થલમાં એક સર્વત્ર વિસ્તર્યે જતી નિરવધિ વિસ્તૃતિ, કેવલ બુદ્ધિ તો આથી પણ આગળ જાય છે અને

પોતાના અનાસક્ત અને નિષ્ઠુર ચક્ષુ વડે સ્થલ અને કાલનું ચિંતન કરતી તે સમજાવે છે કે એ બે તો આપણી ચેતનાના જ વ્યાપારો છે, દૃશ્યમાન જગત વિષેના આપણા જ્ઞાનને વ્યવસ્થિત કરવા માટેની ભૂમિકાઓ છે. આપણે એકલા સત્ તત્ત્વ ઉપર જ દૃષ્ટિ નાંખીશું તો સ્થલ અને કાલ બંને અદૃશ્ય થઈ જશે. આપણને સત્માં જો કોઈ વિસ્તાર દેખાતો હશે તો તે વિસ્તાર સ્થલનો વિસ્તાર નહિ પરંતુ એ આપણા ચિત્તનો જ વિસ્તાર હશે. આપણને સત્માં જો કોઈ સંસ્થિતિ દેખાતી હોય તો તે કોઈ કાલગત સંસ્થિતિ નથી હોતી પરંતુ તે આપણી ચિત્તગત સંસ્થિતિ જ હોય છે. અને એમાંથી આ વસ્તુ તદ્દન સહેલાઈથી સમજી શકાશે કે આ વિસ્તૃતિ અને સંસ્થિતિ એ કોઈ સ્વતંત્ર તત્ત્વો નથી પરંતુ અમુક રીતના સંકેતો જ છે. એ સંકેતો દ્વારા મન એક એવી કોઈક વસ્તુનું ગ્રહણ કરે છે કે જે વસ્તુને બુદ્ધિની પરિભાષામાં રજૂ કરવી અશક્ય જેવી હોય છે. આ કોઈક વસ્તુ તે એક એવી શાશ્વતતા છે કે જે આપણને એક સદાયે એકની એક જ રહેતી એવી, સર્વ પદાર્થોને પોતામાં ધારણ કરનારી નિત્ય-નૂતન ક્ષણ રૂપે દેખાય છે. એ એક એવી અનંતતા છે કે જે આપણને વસ્તુમાત્રને પોતામાં સમાવતા અને સર્વત્ર રહેલા એવા, કોઈ પણ પ્રકારના વિસ્તાર વિનાના બિંદુ રૂપે દેખાય છે. આ જોકે અત્યંત વિરોધાભાસ ભરેલી ભાષા છે. છતાં આપણને સાચેસાચ દેખાતી કોઈ વસ્તુનું તે બહુ જ ચોક્કસ રીતે વર્ણન કરી આપે છે. એ વસ્તુનું વર્ણન કરતાં વાણીમાં આ જે વિરોધાભાસ આવે છે તે એટલું જ બતાવે છે કે આ વિષયમાં હવે મન અને વાણી પોતાની નૈસર્ગિક સીમા વટાવીને ઉપર ચાલી આવ્યાં છે, અને એક એવી વાસ્તવિકતાનું વર્ણન આપવા મથી રહ્યાં છે કે જે વાસ્તવિકતાની અંદર મન અને વાણીના રૂઢ સંકેતો, તેમના વ્યવહારમાં જરૂરી એવા વિરોધાભાસો અદૃશ્ય થઈ જઈ એક અવર્ણનીય શબ્દાતીત તાદાત્મ્ય રૂપે બની જાય છે.

પરંતુ આ દર્શન પણ શું સાચું દર્શન છે? શું એમ પણ ન હોય કે, આ રીતે સ્થલ અને કાલ અદૃશ્ય થઈ જાય છે તેનું કારણ પણ આપણી પોતાની જ અંદર રહેલું છે? જે સત્ તત્ત્વમાં આપણે સ્થલ અને કાલને અદૃશ્ય થતાં જોઈએ છીએ એ સત્ પોતે જ શું આપણી બુદ્ધિએ ઉપજાવેલો કલ્પનાતરંગ નથી? આપણી વાણીએ સરજેલું એક વિચિત્ર શૂન્ય જ નથી? અને આ રીતે એ શૂન્યને માટે એક વિચારાત્મક વાસ્તવિકતાનો અંચળો ઊભો કરવા માટે જ શું આપણે નથી મથી રહ્યા? આના જવાબ રૂપે આપણે એ

ખુદ સત્ તત્ત્વ ઉપર જ પાછી દૃષ્ટિ ફેરવીએ અને આપણે કહેવું પડશે, ના, એવું નથી. આ દૃશ્ય જગતની પાછળ કંઈક એવું તત્ત્વ આવી રહેલું છે જે અનંત રૂપ છે, જેને કશી સીમા જ નથી, એટલું જ નહિ, પરંતુ એ તત્ત્વ અવ્યાખ્યેય પણ છે, એની કશી વ્યાખ્યા બાંધી શકાય તેમ નથી. કોઈ પણ દૃશ્ય વસ્તુ વિષે, યા તો દૃશ્ય વસ્તુઓના સમગ્ર સમુદાય વિષે આપણે એમ નથી કહી શકતા કે એ સોએ સો ટકા હસ્તીમાં છે જ. ધારો કે જગતના સર્વ દૃશ્ય પદાર્થોને આપણે એક જ મૂળ તત્ત્વમાં ઘટાવી દઈએ, ગતિ અથવા તો શક્તિ રૂપી એક એવા સર્વસામાન્ય તત્ત્વમાં ઘટાવી દઈએ કે જ્યાંથી પછી આગળ ઘટાડો કરવો શક્ય જ ન હોય, તોપણ આપણે પાછા એક એવાં દૃશ્ય તત્ત્વમાં પહોંચવાના કે જેની વ્યાખ્યા કદી થઈ શકવાની નહિ. આપણે ગતિનો જે ખ્યાલ બાંધીએ છીએ તે ખ્યાલની સાથે સાથે જ વિશ્રાંતિનો ખ્યાલ પણ જોડાયેલો હોય છે જ. અને એ ગતિ તે કોઈ સત્ પદાર્થની જ ગતિ હોવાની એમ આપણે સ્વીકારવાનું રહે છે. આપણે ક્રિયામાં પ્રવૃત્ત થયેલી શક્તિનો જે વિચાર બાંધીએ છીએ તે વિચારની સાથે સાથે જ ક્રિયામાંથી નિવૃત્ત રહેલી શક્તિનો વિચાર પણ જોડાયેલો છે જ. અને ક્રિયામાં ગતિમાન થયેલી ન હોય એવી કેવલ શક્તિ એમ કહેવાનો અર્થ શો થાય? એ કેવલ શક્તિ તે સીધું સાદું નર્યું કેવલ સત્ જ છે. આમ આપણી પાસે માત્ર આ બે જ વિકલ્પો રહે છેઃ આ વિશ્વને આપણે કાં તો એક વ્યાખ્યાતીત શુદ્ધ સત્ રૂપે સમજીએ અથવા તો વિશ્વને આપણે ક્રિયામાં પ્રવૃત્ત એવી વ્યાખ્યાતીત શક્તિ રૂપે સમજીએ. આ બેમાંથી જો બીજો વિકલ્પ જ સાચો હોય, ક્રિયામય શક્તિ એ જ જો વિશ્વનું સાચું સ્વરૂપ હોય, તે શક્તિના પાયા રૂપે યા તો કારણ રૂપે કશું જ સ્થિર તત્ત્વ ન હોય તો પછી એ શક્તિ તે ક્રિયા દ્વારા ઉત્પન્ન થયેલું એક પરિણામ બની રહે છે, એક દૃશ્ય વ્યાપાર બની રહે છે, અને માત્ર એકલી ગતિ જ છેવટે હસ્તીમાં રહે છે. તે પછી સત્ જેવું કશું તત્ત્વ રહેતું નથી, અથવા તો બૌદ્ધોનું શૂન્ય એ જ છેવટે આપણી પાસે હાથમાં રહે છે. અને સત્ તત્ત્વ એ એક શાશ્વત દૃશ્ય વ્યાપારનું, ક્રિયાનું, કર્મનું, ગતિનું માત્ર એક લક્ષણ બની રહે છે. આની સામે કેવલ બુદ્ધિ કહે છે કે આ સ્થિતિ મારી સમજશક્તિને સંતોષી શકે તેવી નથી. જગત અંગેનું મારું જે મૂલ દર્શન છે તેથી આ ઊલટું જ દેખાય છે, અને તેથી એવી રીતે વસ્તુસ્થિતિ હોઈ શકે જ નહિ. કેમકે આ રીતે વિચારતાં તો પછી જગતની સીડી ઉપર જતી જતી એક ઠેકાણે એકાએક જ અટકી પડે

છે અને એ સીડીને ટકી રહેવા માટે કશો જ આધાર નથી રહેતો. સીડી શૂન્યાવકાશમાં કેવલ અધ્ધર જ લટકતી રહી જાય છે.

તો હવે જગતના મૂળ રૂપે જો આવું વ્યાખ્યાતીત, અનંત રૂપ, સ્થલ અને કાલથી પર એવું સત્ તત્ત્વ હસ્તીમાં હોય તો પછી તે કેવલ અનન્ય નિરપેક્ષ જ હોવું જોઈએ. એ કોઈ એક પરિમાણ છે અથવા એક કરતાં વધુ પરિમાણોનું બનેલું છે એમ નહિ કહી શકાય. એ સત્ તત્ત્વ અમુક ગુણનું યા તો ગુણોના સમુચ્ચયનું બનેલું પણ ન હોઈ શકે, તેમ જ તે કોઈ રૂપોના સમુચ્ચય જેવું યા તો રૂપોને ધારણ કરનાર રૂપોની હેઠળ રહેલું એક રૂપતત્ત્વ છે એમ પણ નથી જ. સૃષ્ટિમાંનાં તમામ રૂપો, પરિમાણો, ગુણો અદૃશ્ય થઈ જાય તોપણ એ સત્ તો રહેવાનું જ. રૂપ, ગુણ કે પરિમાણ વિનાનું સત્ કલ્પી શકાય તેવું છે. એટલું જ નહિ, આ દૃશ્ય પદાર્થોની પાછળ કોઈ વસ્તુ કલ્પી શકાય તેવી હોય તો તે આ સત્ જ છે. બેશક, આપણે જ્યારે કહીએ છીએ કે આ સત્ રૂપ, ગુણ અને પરિમાણથી મુક્ત છે ત્યારે એનો ભાવાર્થ એ છે કે તે આ સર્વથી પર રહેલું છે. એ કંઈક એવું તત્ત્વ છે જેની અંદર પહોંચતાં આ રૂપ ગુણ વગેરે એવાં સ્વરૂપનાં બની જાય છે કે જેને આપણે રૂપ ગુણ આદિ તરીકે વર્ણવી શકતા નથી અને એ તત્ત્વ ગતિરૂપ અવસ્થામાં આવતાં તે બધાં તેમાંથી રૂપ ગુણ અને પરિમાણ તરીકે પ્રગટ થાય છે. એ સત્માં પહોંચવાથી આ બધાં રૂપો, ગુણો, પરિમાણો તેમના પોતપોતાના આધાર રૂપ એવા કોઈ એક જ રૂપમાં, એક જ ગુણમાં કે એક જ પરિમાણમાં ભળી જતાં નથી, કારણ કે એવું કોઈ આધાર રૂપ તત્ત્વ છે જ નહિ. એ બધાં જે તત્ત્વમાં પહોંચે છે તે કોઈક એવી વસ્તુ છે કે જેની વ્યાખ્યા આમાંથી એકે શબ્દ દ્વારા આપી શકાય તેમ નથી. આ રીતે જગતમાંના જે જે પદાર્થો આ વિશ્વવ્યાપારના બાહ્ય આભાસો અને પરિસ્થિતિઓ રૂપે છે તે સર્વ જે સત્ તત્ત્વમાંથી આવેલાં છે તે તત્ માં પાછાં ચાલ્યાં જાય છે. અને ત્યાં પહોંચ્યા પછી, તેમની હસ્તી રહેતી હોય ત્યાં સુધી તેઓ એક એવા કોઈક તત્ત્વ રૂપે બની જાય છે કે જેનું વર્ણન, આ પદાર્થોને વિશ્વવ્યાપારમાં ઓળખવા માટે જે શબ્દો લાગુ પડી શકતા હતા તે શબ્દો દ્વારા આપવું હવે શક્ય રહેતું નથી. આ કારણથી આપણે એમ કહીએ છીએ કે આ કેવલ સત્ એ એક અનન્ય નિરપેક્ષ વસ્તુ છે અને આપણા ચિત્ત દ્વારા એ પોતે જાણી શકાય તેવું છે નહિ. હા, એ તત્ત્વ સાથે

એક પરમ તાદાત્મ્ય પ્રાપ્ત કરીને તેમાં આપણે પાછા જઈ શકીએ છીએ. પરંતુ એ તાદાત્મ્યનું વર્ણન જ્ઞાનની પરિભાષામાં આપવું શક્ય નથી, એ જ્ઞાનાતીત છે. આ સત્ આમ અનન્ય નિરપેક્ષ વસ્તુ છે, તો આ વિશ્વવ્યાપાર એથી ઊલટી એક સાપેક્ષ વસ્તુ છે, એમાં સર્વત્ર સાપેક્ષતા પ્રવર્તે છે. પણ પાછું એવું છે કે આ સાપેક્ષતાની વ્યાખ્યા જ આપણને એ બતાવી આપે છે કે આ વિશ્વ વ્યાપારમાં રહેલા સર્વ પદાર્થો એ પરમ નિરપેક્ષ તત્ત્વને પોતામાં ધારણ કરી રહેલા છે, એ નિરપેક્ષમાં પોતે ધારણ થઈ રહેલા છે, તેમ જ તેઓ પોતે એ નિરપેક્ષ તત્ત્વ રૂપે જ આવી રહેલા છે. આ પરમ નિરપેક્ષ તત્ત્વ અને સાપેક્ષ તત્ત્વ વચ્ચે રહેલા ભેદની અંદર પણ જે અભેદ આવી રહેલો છે તેનું સૌથી વધુ સૂચક દૃષ્ટાંત આપણને વેદાન્તમાંથી મળે છે. પ્રકૃતિની આ દૃશ્ય ઘટમાળને, આ પંચભૂતાત્મક વ્યાપારને વેદાન્ત એક મૂળ આકાશ તત્ત્વ સાથે જોડી આપે છે. વેદાન્ત કહે છે કે એ આકાશ સર્વ પદાર્થોની અંદર આવેલું છે, સર્વ પદાર્થો તેમાંથી બનેલા છે, તેમ જ એ સર્વ પદાર્થોને પોતાની અંદર ધારણ પણ કરી રહેલું છે અને છતાં એ બધાથી તે એટલું બધું તો ભિન્ન છે કે એ પદાર્થો જ્યારે તેની અંદર પ્રવેશ પામે છે ત્યારે તેઓ હમણાં હોય છે તેવા ને તેવા પછી રહેતા નથી.

બેશક, પદાર્થોને પાછા તેમના ઉત્પત્તિ સ્થાનમાં, જે તત્ત્વમાંથી તે ઉત્પન્ન થયેલા છે તેમાં પાછા ચાલ્યા જવાની આપણે આ વાત કહીએ છીએ ત્યારે આપણે આપણી કાલબદ્ધ ચેતનાની ભાષાનો જ ઉપયોગ કરીએ છીએ. એ રીતના ભાષાપ્રયોગમાંથી જે ભ્રાંતિઓ ઊભી થાય તેમ છે તે સામે આપણે સાવધ રહેવાનું છે. આ પરમ અક્ષર સત્માંથી ગતિનો ઉદય થવો એ તો એક શાશ્વત ઘટના છે. અને આ કાલાતીત શાશ્વતી શું છે? એ એક આદિ વિનાની, અંત વિનાની, નિત્ય નૂતન વિપલ જ છે. પરંતુ આ સનાતન શાશ્વત વિપલની અંદર આ ગતિને-વિશ્વવ્યાપારને આપણે ગોઠવી શકતા નથી. આપણી કલ્પનાની આ અશક્તિને કારણે આ વિશ્વવ્યાપારને કાલાતીત શાશ્વતીમાં નહિ પરંતુ કાલરૂપ શાશ્વતીની અંદર મૂકવાની આપણને ફરજ પડે છે. આપણને મળેલી દૃષ્ટિ અને વિચારશક્તિ એ પ્રકારની છે કે આપણે શાશ્વતીનો વિચાર કરવા બેસીએ છીએ ત્યારે આપણી નજર આગળ એક પછી એક બન્યે જતા બનાવોની પરંપરા જ ઊભી થાય છે, એ દરેક

બનાવની સાથે આપણા મનમાં આદિ, મધ્ય અને અંતનો ખ્યાલ જોડાયેલો રહે છે. અને એમ સદાયે ફરી ફરીને બન્યા કરતી આ ક્રમાનુસારી ઘટના પરંપરાને એક સનાતન અનંત રૂપ આપી તેને શાશ્વતી તરીકે ઓળખીએ છીએ. પરંતુ આ તો કાલરૂપ શાશ્વતી થઈ. કાલાતીત શાશ્વતી એ તો જુદું તત્ત્વ છે અને આપણી મતિ તેની કલ્પના કરવા અસમર્થ છે.

પરંતુ આની સામે પાછું એમ કહી શકાય કે, આ બધું તો આપણે કેવલ બુદ્ધિના વિચારોનો સ્વીકાર કરીએ તેમ જ એ વિચારોને આધીન રહીએ ત્યાં સુધી જ સાચું ઠરે તેવું છે. અને બુદ્ધિના વિચારોને આપણે સ્વીકારવા જ જોઈએ એવું કંઈ ફરજિયાત નથી. જગતના સત્યનો નિર્ણય આપણે આપણા માનસિક ખ્યાલો પ્રમાણે નહિ, પરંતુ નજરોનજર જે વસ્તુ હસ્તીમાં જોઈએ છીએ તેને આધારે કરવાનો રહે છે. અને આપણી શુદ્ધમાં શુદ્ધ અને મુક્તમાં મુક્ત આંતર દૃષ્ટિ દ્વારા જગત જે રીતનું છે તે રીતે જોતાં આપણને જણાય છે કે જગત એ કેવલ ગતિનું જ બનેલું છે. વિશ્વમાં માત્ર બે જ તત્ત્વો આવેલાં છે, સ્થલમાં થઈ રહેલી ગતિ અને કાલમાં થઈ રહેલી ગતિ. આમાંની પહેલી ગતિ તે વસ્તુગત છે, બીજી ગતિ આત્મગત ગતિ છે. વિસ્તાર એ સાચી વસ્તુ છે, સંસ્થિતિ સાચી વસ્તુ છે, સ્થલ અને કાલ સાચાં છે. ધારો કે આપણે સ્થલમાં થઈ રહેલા વિસ્તારની પાછળ જઈ શકીએ અને એ વિસ્તારને પણ એક મનોમય ઘટના તરીકે જોઈએ, અને એમ માનીએ કે એક અવિભાજ્ય અખંડ સમગ્ર તત્ત્વને વિચારસર્જિત સ્થલની અંદર વહેંચી નાખીને આપણું મન જગતનો વ્યવહાર ચલાવવા માટે આ એક પ્રયત્ન કરી રહ્યું છે, તોપણ આપણે કાલની અંદર થઈ રહેલી અનુક્રમિક ઘટનાઓ તેમજ પરિવર્તનોના વ્યાપારની પાછળ જઈ શકવાના નથી. કેમકે આપણી ચેતનાનું સ્વરૂપ જ આ પ્રકારનું છે. આપણે એક ગતિ રૂપ વ્યાપાર છીએ, આ જગત એક ગતિ રૂપ વ્યાપાર છે. એ વ્યાપાર સતત આગળ વધી રહેલો છે, ભૂતકાળમાં થઈ ગયેલી તમામ ક્રમિક ઘટનાઓનો એક વર્તમાનમાં સમાવેશ કરીને એ વ્યાપાર વિવૃદ્ધ થઈ રહેલો છે, એ વર્તમાન આપણને ભાવિની તમામ ક્રમિક ઘટનાઓના આરંભ જેવો નજરે પડે છે. એ વર્તમાન જાણે કે પોતે તો છે જ નહિ, ભાવિનું એ માત્ર આરંભ રૂપ જ છે. આપણી પકડમાં એ કદી આવતો જ નથી, કારણ કે એ છે જ નહિ, એનો જન્મ થાય તે પહેલાં જ એ નાશ પામી ગયેલો હોય છે. વિશ્વમાં જે કંઈ છે તે કાલનો એક

શાશ્વત અને અવિભાજ્ય એવો આનુક્રમિક વ્યાપાર જ છે. એ કાલ પોતાના પ્રવાહ ઉપર ચેતનાની એક પ્રવર્ધમાન ગતિને વહી રહ્યો છે. અને ચેતનાની એ ગતિ પણ અવિભાજ્ય છે.* એ રીતે વિશ્વનું એક માત્ર પરમ તત્ત્વ તે સંસ્થિતિ છે, કાલમાં શાશ્વત રીતે ચાલી રહેલી આનુક્રમિક ગતિ અને પરિવર્તન છે. જે બની રહ્યું છે તે જ એક માત્ર તત્ત્વ વિશ્વમાં આવેલું છે, ભવતિ એ જ અસ્તિ છે.

વાસ્તવિક રીતે તો, આ રીતે આંતર દષ્ટિ દ્વારા થતું જગતનું દર્શન અને કેવલ બુદ્ધિએ વિચાર દ્વારા ઊભી કરેલી તત્ત્વ કલ્પના એ બેની વચ્ચે આ જે વિરોધ દેખાય છે તે ખોટો છે. આ વિષયમાં આપણી અંતઃપ્રજ્ઞા જો સાચે જ બુદ્ધિથી વિરોધમાં ઊતરતી હોય તો પછી એવી મૂલાત્મક આંતર દૃષ્ટિની સામે થઈને આપણે માત્ર વિચારાત્મક બુદ્ધિનો પક્ષ બહુ સબળ રીતે લઈ નહિ શકીએ. પરંતુ આવી રીતે અંતઃપ્રજ્ઞાના અનુભવનો આધાર ટાંકવો એટલા માત્રથી આપણું કામ સરી શકે તેમ નથી. એ આંતરપ્રજ્ઞ અનુભવ જેટલી હદ સુધી પહોંચે છે ત્યાં સુધી જ માત્ર સાચો છે. એ અનુભવ જ્યાં સુધી પૂર્ણ કોટિનો અનુભવ નથી બનતો ત્યાં સુધી તે એક અધૂરો અનુભવ જ રહે છે. આપણી અંતઃપ્રજ્ઞા જ્યાં સુધી પોતાની નજર આપણે જે બની રહ્યા છીએ, આપણું જે ભૂતિ રૂપ સ્વરૂપ છે તેના ઉપર જ ઠેરવી રાખે છે ત્યાં સુધી આપણને એમ જ દેખાય છે કે આપણે પોતે કાલના સનાતન આનુક્રમિક પ્રવાહની અંદર ચેતનામાં થઈ રહેલો ગતિ અને પરિવર્તનનો એક અખંડ એવો વ્યાપાર છીએ. બૌદ્ધોના દૃષ્ટાંત મુજબની આપણે એક સરિતા છીએ, એક પ્રકાશની આંચ છીએ. પરંતુ આ અંતઃપ્રજ્ઞા કરતાં પણ વિશેષ મહાન એવી એક પરમ અંતઃપ્રજ્ઞા, પરમ અનુભૂતિ આવેલી છે, અને તે દ્વારા આપણે આપણી બાહ્ય ચેતનાની પૂંઠળ જઈ શકીએ છીએ અને જોઈ શકીએ છીએ કે આપણું આ સંભવન (becoming), પરિવર્તન, આનુક્રમિક ગતિ એ તો આપણા સ્વરૂપનો માત્ર એક જ ગુણ છે, અને આપણી અંદર

---

* આ અવિભાજ્યતા તે ગતિને સમગ્ર રીતે જોતાં સમજવાની છે. કાલ અથવા તો ચેતનાની હરેક પલને તેની પૂર્વેની તથા પછીની પલથી ભિન્ન તરીકે ગણી શકાય છે, શક્તિના પ્રત્યેક આનુક્રમિક કાર્યને એક નવા અંશ યા તો નવા સર્જન તરીકે ગણી શકાય છે. પણ તેથી કંઈ સાતત્યનો સર્વથા લોપ થઈ જતો નથી. એવું જો કોઈ સાતત્ય ન હોય તો પછી કાલની સંસ્થિતિ (duration) જેવું કે પછી ચેતનાની સુસંગતિ જેવું કશું રહે જ નહિ. માણસ ચાલતો હોય છે, દોડતો હોય છે, યા તો કૂદકા લેતો હોય છે ત્યારે તેનાં પગલાં છૂટાં છૂટાં હોય છે, પરંતુ એ પગલાં ભરનારું તથા એ ગતિને સતત ચાલુ રાખનારું કોઈ એક તો હોય છે જ.

કંઈક એવું આવી રહેલું છે જે આ સંભવન વ્યાપારની અંદર લેશ પણ પરોવાયેલું નથી. આપણામાં રહેલા આ સ્થાણુ અને સનાતન તત્ત્વને આપણે અંતઃપ્રજ્ઞા દ્વારા જાણી શકીએ છીએ, આપણી અંદર ક્ષણે ક્ષણે બદલાતાં નવાં નવાં સંભવનોના પરદાની પાછળ તે આવેલું છે તેના અનુભવની ઝાંખી કરી શકીએ છીએ, એટલું જ નહિ, પણ આપણે એ શાશ્વત સ્થાણુ તત્ત્વમાં પાછા જઈ શકીએ છીએ, તેમાં સમગ્ર ભાવે રહી શકીએ છીએ અને એમ કરીને આપણા બાહ્ય જીવનમાં, આપણા દૃષ્ટિબિંદુમાં, જગતના વ્યાપાર ઉપર આપણે જે કર્મ કરી રહ્યા છીએ તે કર્મમાં આપણે એક સંપૂર્ણ પલટો પણ લાવી શકીએ છીએ. આપણી કેવલ બુદ્ધિએ આપણને આ જ વસ્તુનું દર્શન કરાવી આપ્યું છે. એણે આપણને જણાવ્યું છે કે આપણે આ સ્થાણુ અવસ્થામાં આ રીતે રહી શકીએ છીએ. જોકે આ સ્થાણુ અવસ્થામાં આપણે બુદ્ધિનો આશ્રય લીધા વિના પણ, એ વસ્તુ શું છે તેનું પૂર્વેથી કશું જ્ઞાન ન હોય, તોપણ તેમાં પહોંચી શકીએ છીએ. કારણ કે એ પોતે જ પોતાની મેળે હસ્તીમાં રહેતું એવું એક કેવલ સત્ તત્ત્વ છે. એ શાશ્વત છે, અનંત છે, વ્યાખ્યાતીત છે, કાલની અનુક્રમિકતાથી તે મુક્ત છે, સ્થલના વિસ્તારમાં તે અટવાયેલું નથી, રૂપ, ગુણ અને પરિમાણથી તે પર છે,–એ કેવલ પોતે જ છે, એકમાત્ર અને અનન્ય એવું આત્મતત્ત્વ.

આ રીતે કેવલ સત્ એ એક હકીકત છે. એ માત્ર વિચાર નથી, પરંતુ વિશ્વની સૌથી મૂલ વાસ્તવિકતા છે. પણ આમ કહેવાની સાથે સાથે જ આપણે એ પણ કહેવાનું રહે છે કે ગતિ, શક્તિ, સંભવન એ પણ હકીકત છે, વાસ્તવિકતા છે. આપણી પરમ અંતઃપ્રજ્ઞા અને તેમાંથી જન્મતી તેની કક્ષાની પરમ અનુભૂતિ આપણી અપૂર્ણ અંતઃપ્રજ્ઞાના અનુભવમાં સુધારો કરી શકે છે, એના કરતાં આગળ જઈ શકે છે એને સ્થગિત કરી શકે છે. પરંતુ તેનો તે લોપ નથી કરી નાખતી, તેને ટકી રહેવા તો દે છે જ. આ રીતે આપણને હકીકતે બે મૂલ તત્ત્વો જોવા મળે છે. એક છે કેવલ સત્ રૂપી તત્ત્વ અને બીજું છે આ વિશ્વરૂપી સત્ તત્ત્વ,ભૂતિનું તત્ત્વ અને સંભૂતિનું તત્ત્વ. આ બેમાંથી કોઈ એકનો કે બીજાનો ઇનકાર કરવો એમાં કશી મુશ્કેલી પડે તેમ નથી. પરંતુ ચેતનાને પ્રત્યક્ષ થતી હકીકતનો સ્વીકાર કરવો અને તેમની વચ્ચેનો સંબંધ શોધી લેવો એમાં જ સાચું અને ફલદાયી ડહાપણ રહેલું છે.

આપણે યાદ રાખીએ કે સ્થિરતા અને ગતિ એ મૂલ પરમ તત્ત્વનાં

આપણા માનસે બાંધેલાં માત્ર પ્રતિરૂપો જ છે, એ પરમ તત્ત્વને આપણે એક રૂપે તેમ જ બહુ રૂપે જોઈએ છીએ તે પણ આ રીતે જ. પરમ તત્ત્વ જેવી રીતે એકત્વ કે બહુત્વથી પર છે તેવી જ રીતે તે સ્થિરતા અને ગતિથી પણ પર છે. પરંતુ એ પરમતત્ત્વનું શાશ્વત આસન છે એકત્વની અંદર અને સ્થિરતાની અંદર અને આપણે કલ્પી ન શકીએ તેવી રીતે, તે અનંતરૂપે સુદૃઢરૂપે આ ગતિની અંદર, બહુત્વની અંદર પોતાની આસપાસ ઘૂમરીઓ લઈ રહ્યું છે. વિશ્વ-સત્ એ શિવનું એક પરમ રસનર્તન છે. એ નૃત્યુ પ્રભુના દેહને અનંત અગણિત રૂપે આપણી દૃષ્ટિ સમક્ષ સર્જી રહ્યું છે. છતાં પ્રભુના તે કેવલ શુભ્ર સત્‌ને તેના મૂલ સ્થાનમાં અને મૂલ રૂપમાં, તે જે રૂપે હતું, સદાયે છે, તેમ જ સદાયે રહેવાનું છે તે રૂપે સદાયે અકબંધ જ રહેવા દે છે. એ નૃત્યનો એકમાત્ર પરમ ઉદ્દેશ એક જ છે, નૃત્યનો આનંદ.

પરંતુ આ પરમ તત્ત્વને તેના મૂલ રૂપમાં, સ્થિરતા અને ગતિથી પર, એકત્વ અને બહુત્વથી પર એવા રૂપમાં વર્ણવવું, યા તો તેનો વિચાર કરવો આપણે માટે અશક્ય જેવું છે- અને ખરું પૂછો તો આપણું એ કામ પણ નથી- એટલે, આપણે માટે ઉત્તમ વસ્તુ તો એ છે કે વિશ્વની આ બેવડી હકીકતનો આપણે સ્વીકાર કરી લઈએ, શિવ અને કાલી બંનેને સ્વીકારીએ અને આપણે એ સમજવાનો પ્રયત્ન કરીએ કે એક બાજુ સ્થલ અને કાલમાં થઈ રહેલો વિશ્વનો આ અમેય અનંતાનંત વ્યાપાર અને બીજી બાજુ પેલું સ્થલ અને કાલથી અતીત એવું કેવલ સત્, એક અને સ્થિર એવું, જેને મેયતા કે અમેયતા બેમાંથી એકે લાગુ પડી શકતી નથી એવું સત્ એ બે વચ્ચે શો સંબંધ રહેલો છે. આપણે એ તો જોઈ ગયા કે આપણી કેવલ બુદ્ધિ આપણી અંતઃપ્રજ્ઞા અને અનુભૂતિ કેવલ સત્ વિષે શું કરી રહ્યાં છે. આપણે એમને હવે પૂછીએ કે તમારે હવે આ વિશ્વરૂપ ગતિ વિશે, શક્તિ વિષે શું કહેવાનું છે?

અને હવે આપણે આપણી આગળ પહેલો પ્રશ્ન એ કરવાનો છે કે આ શક્તિ એ માત્ર ખાલી શક્તિ જ છે, ગતિમાં આવી રહેલી માત્ર એક બુદ્ધિરહિત શક્તિ જ છે કે તે એક ચિદ્રૂપ શક્તિ છે. આપણા નિવાસ રૂપ આ સ્થૂલ જગતની અંદર એ શક્તિમાંથી જે ચેતના પ્રગટ થતી દેખાય છે, તે એ શક્તિનાં અનેક દૃશ્યમાન પરિણામોમાંનું એક માત્ર પરિણામ જ નહિ પરંતુ તે શક્તિનું પોતાનું જ સાચું અને

નિગૂઢ રૂપ છે? આ જ પ્રશ્નને વેદાન્તની પરિભાષામાં મૂકીએ તો શક્તિ એ માત્ર પ્રકૃતિ જ છે, ક્રિયા અને પ્રક્રિયાનો માત્ર એક વ્યાપાર જ છે કે તે પોતાની વિશ્વસર્જક આત્મ-ચિતિના નૈસર્ગિક બલ રૂપે ચિત્‌ની જ એક સાચી શક્તિ છે? સારાયે તત્ત્વવિચારના મૂળમાં રહેલો મૂળ પ્રશ્ન તે આ જ છે.

માટે આપણે પ્રકૃતિને આજ્ઞા કરી શકતા નથી. વળી કેટલાક સ્થિતિચુસ્ત ધાર્મિક લોકો પ્રકૃતિની એવી ઊર્ધ્વ ગતિને કુદરત વિરુદ્ધ, પ્રગલ્ભ અને અતિ ધૃષ્ટ ગણે છે અને કેવળ તર્કના ઉપાસકો તેના એ પ્રયત્નને મનોવ્યાધિ અને આત્મવંચના ગણે છે; પણ તે બેમાંથી કોઈના મતનો આપણે સ્વીકાર કરી શકીશું નહિ. જડ પદાર્થતત્ત્વમાં આત્મા અંતર્હિત થયેલો છે અને પ્રગટ રૂપે આપણે જેને પ્રકૃતિ ગણીએ છીએ તે ભગવાન જ આચ્છાદિત સ્વરૂપે છે એ જો સાચું હોય તો પોતાની અંદર ભગવાનનો આવિર્ભાવ કરવો તથા અંતરમાં અને બહાર તેનો સાક્ષાત્કાર કરવો એ પૃથ્વી ઉપર માનવને માટે ઉચ્ચમાં ઉચ્ચ, યોગ્ય અને તર્કસંમત આદર્શ રહે છે.

ઉપર જે વિચારસરણી રજૂ કરવામાં આવી છે તે ઉપરથી પાર્થિવ માટીના દેહમાં દિવ્ય જીવન પ્રકટાવવું, મર્ત્ય શરીરની અંદર એક અમર અભીપ્સા અથવા તો સનાતન સત્ય આવી રહેલું છે તેને પ્રગટાવવું, એ સનાતન વિરોધાભાસ અને સનાતન સત્ય આપણી બુદ્ધિને તથા આપણામાં રહેલી સતત જાગ્રત અંધપ્રેરણાને યા તો સહજોપલબ્ધિની અનુસાર છે એમ આપણે સમજી શકીશું. ઉપર જણાવ્યા છે તેવા જ વિરોધાભાસો-ઉ.ત. એક અખંડ અને વિરાટ ચેતના પોતાની જાતને પરિમિત મન અને વિભક્ત જુદાઈની ભાવનાવાળી અહંતામાં પ્રગટ કરે, એક કાલાતીત, દિશાતીત-વ્યાખ્યાતીત-પરાત્પર સત્તા જેને લઈને જ કાલ, દિશા અને વિશ્વ જીવી રહ્યાં છે, ટકી રહ્યાં છે, અને આખી રચનામાં ચેતનાની નીચી ભૂમિકાઓ એવી છે કે તેમનાથી ઉચ્ચ ભૂમિકાઓને તેઓ અનુભવી અને પ્રગટાવી શકે છે, તે આ બધા વિરોધાભાસો પણ આપણને તર્કસંમત અને સકારણ લાગશે. કેટલીક વાર માનવની તર્કપ્રધાન વિચારશક્તિએ આ સર્વ પ્રશ્નો તેનાથી વણઉકેલ્યા રહેવાને જ સર્જાયેલા છે એમ વારંવાર જાહેર કર્યું હોવાથી આ બધા પ્રશ્નો હંમેશને માટે મૂકી દઈને વિચાર વડે વ્યવહારના અને નિત્યના પાર્થિવ જીવનના પ્રશ્નોના ઉકેલમાં જ પોતાની બુદ્ધિને માણસે રોકવી જોઈએ એવો બોધ તેને ઘણી વાર આપવામાં આવે છે. પરંતુ કમનસીબે આવી રીતે પ્રશ્નો અભરાઈ પર ચડાવવાની રીત હંમેશને માટે કદી સફળ થતી નથી. ફરી ફરીને માનવજાતિ એ સનાતન પ્રશ્નોના ઉકેલ માટે પ્રદીપ્ત જિજ્ઞાસા અથવા તો વધારે તીવ્ર ક્ષુધા સહિત પ્રયત્ન કરે છે. આવી આધ્યાત્મિક ક્ષુધાને લઈને અગમ્યવાદને પુષ્ટિ મળે છે અને શંકાશીલતાને પરિણામે અર્થ વગરના નીવડેલા યા તો નાશ પામેલા જૂના

પ્રકરણ ૧૦

સચિત્ શક્તિ

ते ध्यानयोगानुगता अपश्यन्देवात्मशक्तिं स्वगुणैर्निगूढाम् ।

श्वेताश्वतर उपनिषद् १.३

य एष सुप्तेषु जागर्ति..... ।

कठ उपनिषद् ५.८

તેમણે નિહાળ્યું કે પરમાત્માની નિજશક્તિ તેણે પ્રવૃત્તિ માટે નિપજાવેલા પોતાના સચેતન ગુણો દ્વારા નિગૂઢ થયેલી છે.

શ્વાતશ્વતર ઉપનિષદ ૧.૩

ઊંઘનારાઓની અંદર જાગ્રત એવો તે આ છે.

કઠ ઉપનિષદ ૫.૮

આ આખી દૃશ્યમાન સૃષ્ટિ છેવટે જતાં આપણને એક શક્તિ રૂપે, શક્તિના એક વ્યાપાર રૂપે પ્રત્યક્ષ થાય છે. એ શક્તિ વત્તાં ઓછા ભૌતિક રૂપો, સ્થૂલ કે સૂક્ષ્મ રૂપો ધારણ કરે છે અને એ દ્વારા તે પોતાનું સ્વરૂપ પોતાના અનુભવની સમક્ષ ખડું કરે છે. પ્રાચીન કાળમાં આપણા વિચારકોએ વિશ્વની આ ઉત્પત્તિને તથા તેના સ્વરૂપને સમજવા માટે, પોતાની બુદ્ધિ આગળ તેને પૂરેપૂરું વાસ્તવિક કરવા માટે અમુક પ્રતીકોનો આશ્રય લીધો હતો. એવા એક પ્રતીક મુજબ શક્તિના આ અનંત સત્ તત્ત્વને એક સમુદ્ર રૂપે વર્ણવવામાં આવેલું છે. વિશ્વતત્ત્વનો એ સમુદ્ર એની મૂળ અવસ્થામાં કેવળ આરામની અવસ્થામાં હતો, અને તેથી તેમાં કશાં રૂપો ન હતાં. એ સ્થિતિમાં પછી ગતિનો આરંભ થયો, ક્ષોભ પ્રગટ્યો. પરંતુ એ ક્ષોભ અને ગતિ રૂપો વિના અસંભવિત હતી, અથવા કહો કે એ ગતિમાંથી રૂપો જન્મ્યાં. એ રીતે રૂપોનું સર્જન અસ્તિત્વમાં આવ્યું, એ ગતિમાં જ

વિશ્વનું બીજ નંખાયું.

આ શક્તિ જ્યારે જડતત્ત્વ રૂપે વ્યક્ત થાય છે ત્યારે આપણી બુદ્ધિ તેને ખૂબ જ સરળતાથી સમજી શકે છે. કેમકે આ બુદ્ધિ પોતે જડતત્ત્વના સંપર્કને આધારે જ ઘડાયેલી છે. જડતત્ત્વમાંથી બનેલા મગજની અંદર તિરોભૂત થયેલું મન એ જડતત્ત્વના સંસ્પર્શોને ઝીલે છે, અને તેમાંથી તે પોતાના અનુભવો નિપજાવે છે. ભારતના પ્રાચીન ભૌતિક શાસ્ત્રીઓના કહેવા મુજબ આ સ્થૂલ જડાત્મક શક્તિ તેની પ્રથમ અવસ્થામાં અવકાશમાં એક નર્યા જડ સ્વરૂપી વિસ્તાર રૂપે આવી રહેલી હતી. એ વિસ્તાર રૂપ જડતત્ત્વનો વિશિષ્ટ ગુણ છે આંદોલનો. એ આંદોલનનું સ્વરૂપ આપણે અવાજની ઉત્પત્તિ મુજબનું કલ્પી શકીએ. પરંતુ આકાશતત્ત્વની આ અવસ્થામાં આ જે આંદોલન હોય છે તેટલા માત્રથી જ રૂપનો જન્મ થવો સંભવિત નથી. વિશ્વની અંદર નિશ્ચિત પ્રકારના સંબંધો આરંભ પામે અને તેમની એકબીજા ઉપર અસર થવા માંડે તેવી સ્થિતિ ઊભી થવા માટે શક્તિસમુદ્રના આ પ્રવાહની અંદર કશીક રુકાવટ ઊભી થવાની જરૂર રહે છે. એ સમુદ્રમાં કશોક સંકોચ અને વિસ્તાર જન્મવો જોઈએ, આંદોલનોની અંદરોઅંદર એક આંતર લીલા ઊભી થવી જોઈએ, એક શક્તિ ઉપર બીજી શક્તિનો કોઈ આઘાત થવો જોઈએ. હવે આ જડાત્મક વિશ્વશક્તિ પોતાની આકાશ રૂપ પ્રથમ અવસ્થાને કંઈક પલટો આપીને બીજી અવસ્થા ધારણ કરે છે, જેને પ્રાચીન ભાષામાં 'વાયુ' નામ આપવામાં આવેલું છે. એ વાયુતત્ત્વનો ખાસ ગુણ છે સ્પર્શ-સંપર્ક, શક્તિ અને શક્તિ વચ્ચેનો સંપર્ક. સર્વ સ્થૂલ ભૌતિક સંબંધોનું મંડાણ આ સંપર્ક ઉપર રચાય છે. પરંતુ આ બીજી અવસ્થામાં પણ હજી આપણે સાચાં રૂપોમાં આવ્યા નથી. આ અવસ્થામાં હજી માત્ર જુદી જુદી વિવિધ શક્તિઓ જ નિર્માઈ છે. રૂપોના સર્જન માટે હજી એક આધારદાયક તત્ત્વની જરૂર રહે છે. એવું તત્ત્વ પેલી આદિમ શક્તિ પોતે એક ત્રીજી અવસ્થા ધારણ કરીને નિપજાવે છે. એ ત્રીજી અવસ્થા આપણને તેજ, અગ્નિ અને ઉષ્માના લાક્ષણિક તત્ત્વ રૂપે દૃષ્ટિગોચર થાય છે, આ અવસ્થામાં જે રૂપો સરજાય છે તે એવી રીતનાં હોય છે કે જેમાં તે દરેક પોતપોતાનું લાક્ષણિક સ્વરૂપ અને વિશિષ્ટ ક્રિયા તો જાળવી રાખી શકે છે, પરંતુ તે રૂપોમાં હજી સ્થૂલ જડતત્ત્વમાં હોય છે તેવો દૃઢ સ્થાયી આકાર હોતો નથી. આવો સ્થાયી આકાર પામવા માટેનાં જરૂરી તત્ત્વો પેલી આદિમ શક્તિ હવે જે ચોથી અને પાંચમી અવસ્થા ધારણ કરે છે તેમાંથી મળી આવે છે.

એ ચોથી અવસ્થાનું વિશિષ્ટ લક્ષણ છે વિસ્ફુરણ, તેમાં હવે એક સ્થાયી રીતનું આકર્ષણ અને અપાકર્ષણ આરંભ પામે છે. એ અવસ્થાને અપસ્ જેવા ચિત્રાત્મક શબ્દથી વર્ણવવામાં આવેલી છે. એ છે પ્રવાહી અવસ્થા. એ પછીની પાંચમી અવસ્થાનું લક્ષણ છે સંઘટન-સંહતિ, તેને પૃથ્વી નામથી ઓળખવામાં આવે છે. એ છે નક્કર ઘન અવસ્થા.

જડતત્ત્વના જે જે રૂપો આપણી જાણમાં છે, જગતમાં સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ પ્રકાર સુધીના જે જે કોઈ સ્થૂલ પદાર્થો આવેલા છે તે સર્વ આ પાંચ તત્ત્વોના સંયોજનમાંથી બનેલા છે. એ પાંચ તત્ત્વોને આધારે જ આપણી ઈન્દ્રિયોના અનુભવો રચાય છે. આપણી ઈન્દ્રિયો જ્યારે આંદોલનને ઝીલે છે ત્યારે આપણને ધ્વનિનો અનુભવ થાય છે. શક્તિનાં આંદોલનોના બનેલા આ જગતની અંદર આપણે જ્યારે પદાર્થોના સંપર્કમાં આવીએ છીએ ત્યારે તેમાંથી સ્પર્શનો અનુભવ થાય છે. તેજ, અગ્નિ અને ગરમીની શક્તિ દ્વારા જન્મ પામેલાં, આકાર પામેલાં અને ટકી રહેલાં રૂપોની અંદર પ્રકાશ પોતાની ક્રિયા કરે છે ત્યારે આપણને દૃષ્ટિનો અનુભવ થાય છે. ચોથા જલ તત્ત્વ દ્વારા આપણે રસનો-સ્વાદનો અનુભવ પામીએ છીએ, પાંચમા પૃથ્વી તત્ત્વ દ્વારા ગંધનો અનુભવ મેળવીએ છીએ. અર્થાત્ આપણા સર્વ અનુભવો શક્તિ શક્તિ વચ્ચેના આંદોલન રૂપી સંપર્કોને આધારે જ, એ સંપર્કોના જવાબ રૂપે જ પ્રગટે છે. આપણા પ્રાચીન વિચારકોએ કેવલ નરી શક્તિ અને તેનાં છેવટનાં રૂપોની વચ્ચે આવેલા અંતરને આ રીતે સાંધી આપ્યું હતું. આ બે વચ્ચેનું અંતર સામાન્ય માનવ મનને ઘણી જ મુશ્કેલી ઊભી કરે છે. તેને એ સમજવું ઘણું મુશ્કેલ લાગે છે કે આ બધાં રૂપો, જે તેની ઈન્દ્રિયોને આટલાં બધાં વાસ્તવિક, સઘન અને સ્થાયી પ્રકારનાં લાગે છે તે બધાં સાચું જોતાં તો એક ક્ષણજીવી દૃશ્ય વસ્તુઓ જ છે, અને એક કેવલ નરી શક્તિ જેવી વસ્તુ કે જે તેની ઈન્દ્રિયોને માટે નાસ્તિવત્ જેવી છે, જે તેની ઈન્દ્રિયોના સ્પર્શમાં આવતી નથી, જે લગભગ માની શકાય તેવી પણ નથી તે નરી વિશુદ્ધ શક્તિ જ વિશ્વની અંદર એક સ્થાયી તત્ત્વ છે. આ મહામુશ્કેલીનો ઉકેલ આપણા દાર્શનિકોએ ઉપર મુજબ સંતોષકારક રીતે આણી આપ્યો હતો.

પરંતુ આ સિદ્ધાંત મુજબ હજી ચેતનાનો પ્રશ્નો તો ઊકલ્યા વગરનો જ રહે છે. આ સિદ્ધાંત એ વાત નથી સમજાવતો કે શક્તિનાં આંદોલનોનો સંપર્ક સજ્ઞાન

સંવેદનોને કઈ રીતે જન્મ આપે છે. એટલે આ પ્રશ્નનો ખુલાસો આપવા માટે સાંખ્યોએ-પૃથક્કરણવાદી વિચારકોએ આ પાંચ તત્ત્વોની પાછળ બીજાં બે તત્ત્વો મૂકી આપ્યાં અને તેમને 'મહત્' અને 'અહંકાર'નું નામ આપ્યું. અને આ તત્ત્વો વસ્તુતઃ જડ પ્રકારનાં નથી. 'મહત' એ પેલી શક્તિનું વિશાળ વિશ્વસ્વરૂપવાળું તત્ત્વ છે, અને અહંકાર એ 'અહં'ની રચના કરી આપતું ભેદસર્જક તત્ત્વ છે. તોપણ આ બે તત્ત્વો ચેતનાની અંદર સક્રિય બને છે તેનું કારણ પેલી શક્તિ પોતે નથી. એમને સક્રિય કરનારી વસ્તુ છે અક્રિય એવો સચિત્ વિશ્વ-આત્મા યા તો આત્માઓ. પેલી શક્તિની પ્રવૃત્તિઓ એ સચેતન આત્મામાં પ્રતિબિંબિત થતી રહે છે અને એમ પ્રતિબિંબિત થવાને કારણે તે પ્રવૃત્તિઓ ચેતનાનો રંગ ધારણ કરે છે.

ભારતનું એક દર્શનશાસ્ત્ર જગતની સમજૂતી આ પ્રમાણે આપે છે. બીજાં દર્શનો કરતાં આ સાંખ્ય દર્શન અર્વાચીન ભૌતિકવાદી વિચારસરણીની સૌથી વધુ નજીક આવે છે. પ્રકૃતિમાં રહેલી શક્તિ યાંત્રિક પ્રકારની કિંવા અચેતન પ્રકારની છે એ પ્રકારના વિચારને ભારતનું ગંભીર ચિંતનપ્રધાન માનસ આટલે સુધી સ્વીકારી શક્યું હતું. એ વિચારણામાં હજી ઊણપો હતી, તોપણ એની પાછળ રહેલા મુખ્ય વિચારનો વિરોધ કરવો અશક્ય જેવું હતું અને તેથી લગભગ સૌ કોઈએ તેનો સ્વીકાર કરી લીધો હતો. ચૈતન્યની ઘટનાનો ખુલાસો આપણે ભલે ગમે તે રીતે આપીએ, પ્રકૃતિને આપણે એક અચિત્ સહજવૃત્તિ તરીકે વર્ણવીએ યા તો તેને એક સચેતન તત્ત્વ તરીકે વર્ણવીએ, પણ એ વાત તો ચોક્કસ છે કે પ્રકૃતિ શક્તિ રૂપ તો છે જ. જગતના સર્વ પદાર્થોની રચનાનું તત્ત્વ છે શક્તિઓની એક રૂપોનું નિર્માણ કરતી પ્રવૃત્તિ. જગતમાં સર્વ આકારધારી પદાર્થો આકારરહિત શક્તિઓના મિલનમાંથી અને તે શક્તિઓના પરસ્પર અનૂકૂલ વ્યાપારોમાંથી જન્મે છે. જગતમાંના સર્વ સંવેદનો અને ક્રિયાઓ, એ શક્તિએ લીધેલા રૂપની અંદર રહેલી કોઈક વસ્તુ શક્તિનાં બીજાં રૂપોની સાથે સંપર્કમાં આવતાં તેમના પ્રતિ જે પ્રત્યુત્તર આપે છે તેમાંથી પ્રગટેલાં છે. આપણને જગતનો જે અનુભવ થાય છે તે આ રીતનો છે અને આ અનુભવમાંથી જ આપણે હંમેશા તત્ત્વચિંતનનો આરંભ કરવો ઘટે છે.

અર્વાચીન વિજ્ઞાને પણ જડતત્ત્વનું જે સ્થૂલ રીતનું પૃથક્કરણ કરેલું છે તેમાંથી પણ, છેવટની કેટલીક શંકાઓ જોકે હજી રહી ગયેલી છે છતાં, સર્વસામાન્ય તારતમ્ય

આ પ્રકારનું જ આવેલું છે. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન વચ્ચે આમ આ જે એકમત બની આવ્યો છે તેને અનુભવ તેમ જ આંતર પ્રજ્ઞા તરફથી પણ ટેકો મળે છે. આ રીતનું પ્રકૃતિનું દર્શન વિશુદ્ધ બુદ્ધિને પણ પૂરેપૂરો સંતોષ આપી શકે છે, કેમકે વિશુદ્ધ બુદ્ધિએ પોતે પણ જે તાત્ત્વિક મૂળ ખ્યાલો બાંધેલા છે તે પણ આ મુજબના જ છે. જે વિચારસરણી આ જગતને મૂળમાં ચેતનાનો ક્રિયાવ્યાપાર ગણે છે તેમાં પણ ક્રિયાનો સ્વીકાર તો રહે જ છે અને એ ક્રિયાની પાછળ શક્તિનો વ્યાપાર, શક્તિની લીલા રહેલી જ છે. આપણે આપણા પોતાના અનુભવને તપાસીશું તો તે મુજબ પણ જગતનું મૂળ સ્વરૂપ આ પ્રમાણેનું જ મળી આવે છે. આપણી સર્વ પ્રવૃત્તિઓ પ્રાચીન દર્શનશાસ્ત્રો કહે છે તે મુજબની ત્રિવિધ શક્તિની જ લીલા છે. એ ત્રિવિધ શક્તિ એટલે જ્ઞાન-શક્તિ, વાસના-શક્તિ અને ક્રિયા-શક્તિ. અને એ ત્રણે શક્તિઓ પોતે પણ એક જ આદિમ અને એકરૂપા શક્તિના, આદ્ય શક્તિના ત્રણ પ્રવાહો છે. આપણી આરામની અવસ્થાઓ પણ એ શક્તિની વ્યાપારલીલામાં આવી રહેલી સમતુલાની યા તો સમતાની એક સ્થિતિ છે.

આ રીતે શક્તિનો ગતિ-વ્યાપાર તે જ વિશ્વનું આખું સ્વરૂપ છે એમ સ્વીકાર્યા પછી બે પ્રશ્નો ઊભા થાય છે. પહેલો પ્રશ્ન એ છે કે વિશ્વના મૂલ તત્ત્વની ભીતર આ ગતિ ઉત્પન્ન કેવી રીતે થઈ. આપણે જો એમ માની લઈએ કે આ ગતિ એ તો સનાતન વસ્તુ છે, એટલું જ નહિ, આખાયે વિશ્વનું અંતરતમ તત્ત્વ પણ એ જ છે તો પછી આ સવાલ ઊભો ન રહે. પરંતુ આવો સિદ્ધાંત આપણે સ્વીકાર્યો નથી. આપણે એક એવું સત્ તત્ત્વ પણ જાણીએ છીએ કે જે ગતિને વશ રહેલું નથી. એમ હોય તો પછી એ સત્ તત્ત્વની શાશ્વત વિરામની સ્થિતિથી ભિન્ન એવું આ ગતિનું તત્ત્વ તે તત્ત્વમાં આવ્યું કેવી રીતે? તેની પાછળ કયું કારણ હશે? કઈ શક્યતા હશે? કઈ અગમ્ય પ્રેરણા હશે?

ભારતના પ્રાચીન વિચારકોએ આ પ્રશ્નનો જે જવાબ આપ્યો છે તે સૌથી વધુ સ્વીકાર પામેલો છે. તેઓ કહે છે કે સત્ તત્ત્વની અંદર શક્તિ આપોઆપ જ આવી રહેલી છે. શિવ અને કાલી, બ્રહ્મ અને શક્તિ બંને એક જ છે, એ બે છૂટાં પાડી શકાય તેવાં તત્ત્વો નથી. સત્માં આવેલી શક્તિ એ વિરામની સ્થિતિમાં પણ હોઈ શકે અને ગતિની સ્થિતિમાં પણ હોઈ શકે. પણ એ વિરામની સ્થિતિમાં હોય ત્યારે પણ મોજૂદ તો

હોય છે જ. તે વિશ્રાંતિની અવસ્થામાં છે એટલે તે લુપ્ત થઈ ગયેલી છે, યા તો તેમાં કાંઈ ક્ષતિ આવેલી છે, યા તો તેમાં કોઈ તાત્ત્વિક ફેરફાર બની આવ્યો છે એવું નથી. આ જવાબ પૂરેપૂરો બુદ્ધિયુક્ત છે, તેમ જ પદાર્થોના સ્વરૂપ સાથે પણ બરાબર સુસંગત છે અને તેથી તેનો આપણે વિના સંકોચે સ્વીકાર કરી લઈશું. કારણ કે એમ ધારવું તો તદ્દન અશક્ય જ છે કે શક્તિ તે આ એક અને અનંત સત્ તત્ત્વથી કોઈ જુદી વિજાતીય વસ્તુ છે, અને તેમાં તે ક્યાંક બહારથી આવેલી છે, યા તો તે પૂર્વે સત્ તત્ત્વમાં હતી નહિ અને પછીથી કાલક્રમમાં અમુક વખતે તે ઊભી થઈ. આ વસ્તુ બુદ્ધિથી તદ્દન વિરુદ્ધની છે અને લેશ પણ સ્વીકારી શકાય તેમ નથી. માયાવાદને પણ એ સ્વીકારવું પડે છે કે માયા-બ્રહ્મમાં રહેલી સ્વ-સંમોહનની આ શક્તિ એ શાશ્વત પરમ સત્‌ની અંદર સદાયે શાશ્વત રૂપે ગૂઢ રહેલી છે. એ માયા ક્યારે પ્રગટ રૂપ લે છે યા તો ક્યારે અપ્રગટ રહે છે એ જ માત્ર એક વિચારવાની વસ્તુ રહે છે. સાંખ્ય દર્શન પણ એમ જ કહે છે કે પ્રકૃતિ અને પુરુષ હમેશાં શાશ્વત કાળથી સહસ્થિતિમાં જ રહેલાં છે અને પ્રકૃતિમાં વિરામની કિંવા સમતુલાની અવસ્થા અને ગતિની કિંવા એ સમતુલાના ભંગની અવસ્થા વારાફરતી આવ્યા કરે છે.

આ રીતે સત્‌ની અંદર શક્તિ આપોઆપ અંતર્ગત છે, અને એ શક્તિનું સ્વરૂપ એવું છે કે તેમાં વિરામ અને ગતિની બેવડી યા તો વારાફરતી આવતી સ્થિતિ હોઈ શકે છે, એટલે કે શક્તિ પોતે પોતાની અંદર એકાગ્ર થઈને રહી શકે છે યા તો પોતાનો વિસ્તાર કરી શકે છે. એટલે પછી એ ગતિ કેવી રીતે આવી, એની શક્યતા ખરી કે નહિ, એને આરંભમાં મૂકનારી પ્રેરણા કઈ, એને ધક્કો મારનાર કારણ કયું એ પ્રશ્નો રહેતા નથી. કારણ કે હવે આપણે એ સહેલાઈથી કલ્પી શકીએ છીએ કે શક્તિમાં રહેલી નિગૂઢ શક્યતાએ ગતિ કે વિરામ એ બેમાંથી એક રૂપ તો અવશ્ય લેવું જ જોઈએ. કાં તો તે કાલના પટની અંદર એકબીજા પછી આવ્યે જતાં વિરામ અને ગતિમાંથી કોઈ એકનું રૂપ લે છે યા તો શક્તિની તે નિગૂઢ શક્યતા પોતાની જાતને અક્ષર રૂપ એવા સત્ તત્ત્વની અંદર સનાતન એકાગ્રતામાં સ્થિર કરી રાખે છે અને પોતાની સપાટી ઉપર, સમુદ્રની સપાટી ઉપર મોજાંઓ ઊઠે અને પડે તેના જેવો પરિવર્તનનો અને નવી રચનાઓનો વ્યાપાર થતો રહેવા દે છે. અને આ ઉપરઉપરની લીલા-બેશક, આપણે આ વસ્તુ વર્ણવવા માટે આવી દુર્બળ ભાષા જ વાપરવાની રહે છે-તે એ

શક્તિની આત્મ-નિમગ્ન અવસ્થાની સાથે સાથે પણ ચાલી રહેતી હોઈ શકે છે તેમ જ તે લીલા પોતે સનાતન પ્રકારની હોઈ શકે છે યા તો કાલના પ્રવાહની અંદર તે આરંભ પામી શકે છે, અંત પામી શકે છે, અને એક પ્રકારના અખંડ લયને આધારે તે પાછી આરંભાઈ પણ શકે છે. આ બીજી રીતે પછી શક્તિ પોતાનું સાતત્ય ટકાવી રાખે એ રીતની શાશ્વતતા તેમનામાં હોતી નથી, પણ એ શક્તિ સદા પુનઃ પુનઃ રૂપ લેતી રહે તે રીતની શાશ્વતતા તે બને છે.

આ રીતે શક્તિની ઉત્પત્તિ કેવી રીતે થઈ એ પ્રશ્નનું નિરાકરણ થઈ જાય છે. એ અંગે હવે જે બીજો પ્રશ્ન રહે છે તે એ છે કે આ શક્તિ શા માટે ઉત્પન્ન થઈ. શક્તિની અંદર ગતિ ઉત્પન્ન થવાની, એમાંથી આ વિશ્વરૂપ વ્યાપારલીલા ઊભી થવાની જે શક્યતા રહેલી છે તે શક્યતાએ મૂર્ત રૂપ લેવું જ જોઈએ એમ શા માટે હોય? સત્ તત્ત્વની અંદર રહેલી શક્તિ સદાકાળ તેની પોતાની અંદર જ સદાકાળ માટે આત્મ-મગ્ન રહે, અનંતરૂપ જ રહે, કોઈ પણ પ્રકારનું રૂપ કે વૈવિધ્ય જ ધારણ ન કરે તો શું ખોટું? આના જવાબમાં જો આપણે એમ કહેતા હોઈએ કે સત્ તત્ત્વ તો ચેતનારહિત તત્ત્વ છે, ચેતના એ તો જડાત્મક શક્તિનો જ એક વિકાસ છે, ચેતનાને આપણે અજડાત્મક-ચિદાત્મક ગણીએ છીએ એ આપણી ભૂલ છે, તો પછી આ 'શા માટે'નો પ્રશ્ન ઊભો જ થતો નથી. કેમકે આવી સ્થિતિ સ્વીકાર્યા પછી આપણે કહી શકીએ છીએ કે સત્‌માં રહેલી શક્તિમાં આવી લયબદ્ધ ગતિ હોવી એ શક્તિનો પોતાનો સ્વભાવ છે. અને જે વસ્તુ સદાકાળથી આપમેળે હસ્તીમાં રહેલી છે તે પછી શા માટે હસ્તીમાં આવી, તેનું કોઈ કારણ છે કે નહીં તેને પ્રવર્તાવનાર કોઈ હેતુ છે કે નહિ, તેનું કોઈ છેવટનું ધ્યેય છે કે નહિ એ રીતના પ્રશ્નો કરવાનો કશો જ અર્થ નથી. આવો સવાલ આપણે આદિકાળથી આપમેળે સદાય હસ્તીમાં રહેલા સત્ તત્ત્વને કંઈ પૂછી શકતા નથી કે તું શા માટે હસ્તીમાં રહેલું છે, યા તો કઈ રીતે તું હસ્તીમાં આવેલું છે. તે જ રીતે આપણે એ સત્‌માં રહેલી તેની નિજશક્તિને અને એ શક્તિમાં ગતિ ધારણ કરવા પ્રત્યેની પ્રેરણાવાળો જે અંતર્ગત સ્વભાવ છે તેને પણ આવો સવાલ પૂછી શકતા નથી. આમ હોય તો પછી આપણે માત્ર એટલું જ પૂછી શકીએ કે શક્તિ કઈ રીતે પોતાનો આવિર્ભાવ રચે છે, એ શક્તિની ગતિ પાછળ, એ જે રૂપો ધારણ કરે છે તેની પાછળ કયા સિદ્ધાંતો રહેલા છે, એ શક્તિના વિકાસની પ્રક્રિયા શી છે. સત્ તત્ત્વ તેમ જ શક્તિ બંને

જો નિશ્ચેતન હોય, -એટલે સત્‌ની સ્થિર અવસ્થા, તેમ જ શક્તિની ગતિ પ્રત્યેની પ્રેરણા એ બંને નિશ્ચેતન હોય-એ બંને જો ચૈતન્યરહિત, બુદ્ધિરહિત હોય તો પછી એ બંને તત્ત્વોની અંદર કશો હેતુ સંભવી શકે નહિ, યા તો તેમના વિકાસનું કોઈ અંતિમ લક્ષ્ય હોઈ શકે નહિ યા તો તેમની પાછળ કોઈ આદિ કારણ યા તો કોઈ હેતુ હોઈ શકે નહિ.

પરંતુ આપણે જો એમ ધારીએ યા તો આપણને જો એમ જણાઈ આવે કે સત્ તત્ત્વ એ તો સચેતન તત્ત્વ છે તો પછી આ પ્રશ્ન ઊભો થાય જ છે. હા, આપણે એક એવા સચેતન તત્ત્વની કલ્પના જરૂર કરી શકીએ છીએ કે જે પોતાની શક્તિરૂપ પ્રકૃતિને આધીન પડેલું હોય, એ શક્તિ તેની પાસે બલાત્કારથી કામ લેતી હોય, અને એણે વિશ્વની અંદર આવિર્ભાવ લેવો યા તો આવિર્ભાવ વિનાના જ રહેવું એ બેમાંથી તેની પાસે કશો વિકલ્પ જ ન રહેતો હોય. તાંત્રિકોએ તેમ જ માયાવાદીઓએ વિશ્વમાં રહેલા ઈશ્વરની જે કલ્પના કરી છે તે આ મુજબની છે. એ ઈશ્વર તેની પોતાની શક્તિને કિંવા માયાને આધીન રહેલો છે, એ માયાની અંદર અટવાયેલો-અંતર્હિત બનેલો, યા તો શક્તિથી સંચાલિત થતો પુરુષ છે. પરંતુ આપણે જે રીતના પરમ અને અનંત સત્ તત્ત્વને લઈને આપણી વિચારણા શરૂ કરી છે તે સત્ તત્ત્વ આવો ઈશ્વર હોઈ શકે જ નહિ એ વાત તો સ્પષ્ટ છે. આ ઈશ્વર એ ઉપર આપણે વિચારેલા સત્ તત્ત્વનું-બ્રહ્મનું જ વિશ્વની અંદર એ બ્રહ્મે ધારણ કરેલું એક સ્વરૂપ છે. વળી એ બ્રહ્મ પોતે આ શક્તિ યા તો માયાથી પૂર્વે આવેલું છે એ પણ આમાંથી તર્કસંગત રીતે ફલિત થાય છે. અને જ્યારે એ શક્તિ યા તો માયા તેના કાર્યમાંથી નિવૃત્ત થાય છે ત્યારે બ્રહ્મ તેને પોતાના વિશ્વાતીત સ્વરૂપમાં પાછી ખેંચી લે છે. જે સત્ તત્ત્વ સચેતન હોઈને વિશ્વમાં એકમાત્ર અનન્ય નિરપેક્ષ તત્ત્વ છે, જે પોતાનાં સ્વરૂપોથી સ્વતંત્ર છે, પોતાનાં કાર્યો દ્વારા જે સંચાલિત કે નિયંત્રિત થતું નથી, તે સત્ તત્ત્વમાં આપણે એક એવી અંતર્ગત સ્વતંત્રતા માનવાની રહે છે કે જેને લીધે તે પોતામાં રહેલી ગતિની સંભાવ્યતાને પ્રગટ રૂપ આપવું યા તો તેને અપ્રગટ રાખી મૂકવી એ બાબતમાં તદ્દન સ્વાધીન જ રહે છે. જે બ્રહ્મની પાસે પ્રકૃતિ બલાત્કારે કામ કરાવી શકે છે તે બ્રહ્મ જ નથી. એ બ્રહ્મ તો એ રીતનું નિશ્ચેતન અનંતતત્ત્વ કહેવાય કે જેની અંદર એક એવું સક્રિય તત્ત્વ આવેલું છે જે તેને ધારણ કરનાર એ બ્રહ્મ કરતાં પણ વધારે સામર્થ્યવાળું છે. એ બ્રહ્મ શક્તિનું એક સજ્ઞાન ધારક તત્ત્વ છે અને શક્તિ એની સ્વામિની

છે. આપણે જો એમ કહીએ કે આ બ્રહ્મ પોતે જ પોતાના શક્તિ રૂપ સ્વરૂપથી, પોતાની જ પ્રકૃતિ દ્વારા વશીભૂત બનેલું છે તોપણ આપણી મૂળ મુશ્કેલી તેથી દૂર થતી નથી. બ્રહ્મ અને શક્તિ વચ્ચેનો વિરોધ આથી ટળતો નથી, આપણે જે બ્રહ્મનું સ્વરૂપ પ્રથમ કલ્પેલું છે તે તો બાજુએ જ રહી જાય છે. ઉપરની સ્થિતિ મુજબ તો આપણે પાછા એક એવા સત્ તત્ત્વમાં જઈ પહોંચીએ છીએ કે જે કેવલ શક્તિ રૂપ જ છે. એ શક્તિ પછી ભલે વિરામમાં રહેલી હોય યા તો ગતિમાં આવેલી હોય. તમે કદાચ એમ પણ કહી શકો કે એ શક્તિ અનન્ય છે, પરમાતિપરમ છે, તોપણ એટલું તો ખરું જ કે એ પરમાતિપરમ સત્ તો નથી જ.

તો હવે આપણે એ તપાસવાનું રહે છે કે શક્તિ અને ચેતના વચ્ચે શો સંબંધ હોઈ શકે. પણ તે પહેલાં આપણે એ વિચારવાનું રહે છે કે 'ચેતના' શબ્દનો આપણે શો અર્થ કરીએ છીએ. ચેતના શબ્દથી આપણને પ્રથમ નજરે તો એ જ વિચાર આવે છે કે એક જાગ્રત અવસ્થામાં રહેલી મનોમય ચેતના છે. માણસ જ્યારે ઊંઘમાં નથી હોતો, મૂર્છામાં પડેલો નથી હોતો, યા તો કોઈ બીજી રીતે તેની સંવેદન ઝીલવાની ઈન્દ્રિયો ઈત્યાદિની સ્થૂલ અને ઉપરછલ્લી સાધનસામગ્રી તેની પાસેથી ગુમ થયેલી હોતી નથી ત્યારે એવી અવસ્થામાં માનવ પોતાના આ શરીરની અંદરના જીવનની અંદર મોટા ભાગ દરમિયાન જે પ્રકારની ચેતના ધરાવે છે તેને આપણે ચેતના તરીકે પિછાનીએ છીએ. પણ આવી રીતની ચેતના એ તો સ્પષ્ટ રીતે જ જગતમાં એક અપવાદ જેવી વસ્તુ છે. આ જડાત્મક સૃષ્ટિની અંદર આવી ચેતના એક સાર્વત્રિક નિયમ રૂપે રહેલી છે એમ કંઈ દેખાતું નથી. આપણા પોતામાં પણ આવી ચેતના હંમેશાં રહેતી નથી. ચેતના વિષેની આ પ્રકારની કલ્પના હજી આપણી સામાન્ય વિચારસરણીમાં તેમ જ આપણા સંસ્કારોમાં ટકી તો રહેલી છે, તોપણ ચેતના વિષેનો એ ખ્યાલ ઘણો જ ગામડિયો અને ઉપરચોટિયો છે, અને દાર્શનિક ચિંતનમાંથી તો તે સદંતર ચાલ્યો જવો જ જોઈએ. કારણ કે આપણે જાણીએ છીએ કે જ્યારે આપણે નિદ્રાવસ્થામાં હોઈએ છીએ, કોઈ આઘાતથી બેભાન થઈ ગયા હોઈએ છીએ, કોઈ પીણાથી બેહોશ બન્યા હોઈએ છીએ યા તો મૂર્છામાં પડ્યા હોઈએ છીએ ત્યારે આપણા સ્થૂલ સ્વરૂપની આવી બધી ચેતનારહિત દેખાતી અવસ્થાઓમાં પણ આપણી અંદર કશુંક તત્ત્વ તો સચેતન અને જાગ્રત હોય છે જ. આ વિષયમાં આપણા પ્રાચીન

વિચારકો એક બીજી વસ્તુ પણ કહી ગયા છે. તેઓ કહે છે કે આપણી જાગ્રત અવસ્થામાં પણ આપણે જેને આપણી ચેતના કહીએ છીએ તે આપણા સમગ્ર સચેતન સ્વરૂપમાંથી પસંદ કરેલો માત્ર એક નાનકડો અંશ જ છે. અને એ વાત પણ આપણે સાચી માની શકીએ છીએ. આપણી આ જાગ્રત અવસ્થા એક ઉપરછલ્લી જ વસ્તુ છે. આપણી સઘળી મનોમય ચેતના પણ તેમાં પૂરેપૂરી આવી જતી નથી. આ બાહ્ય મનની પાછળ, એના કરતાં કેટલાય ગણું વિશાળ એવું એક પૃષ્ઠસ્થ કિંવા અવચેતન મન આવેલું છે. આપણા સ્વરૂપનો મોટો ભાગ એનો બનેલો છે. એની અંદર એવી તો ઊર્ધ્વ અને ગહન અવસ્થાઓ રહેલી છે કે જેનું માપ કે તાગ હજી કોઈ માનવના હાથમાં આવેલાં નથી. શક્તિનું સાચું શાસ્ત્ર જાણવા માટે તેમ જ તેની ક્રિયાઓને પિછાણવા માટે આ જ્ઞાન આપણને એક પ્રસ્થાનબિંદુ પૂરું પાડે છે, અને આપણી દૃષ્ટિને જડતત્ત્વની મર્યાદામાંથી તેમ જ દૃષ્ટિગોચર વસ્તુની ભ્રાંતિમાંથી સર્વથા મુક્ત કરી આપે છે.

બેશક, જડવાદી વિચારકો આ બાબતમાં એમ જ કહેવાના કે ચેતનાએ પોતાનો વિસ્તાર ભલે ગમે તેટલો સાધ્યો હોય તોપણ છેવટે તો એ એક જડાત્મક ઘટના, જડતત્ત્વની જ પ્રવૃત્તિ છે. એ ચેતનાને આપણી સ્થૂલ શારીરિક ઇન્દ્રિયોથી છૂટી પાડી શકાય તેમ નથી. ચેતના એ ઇન્દ્રિયોનું જ એક પરિણામ છે, ઇન્દ્રિયોને પોતાના ઉપયોગમાં લેતું એક સ્વતંત્ર તત્ત્વ નથી. પરંતુ જગતમાં અત્યારે જ્ઞાનનો જે વિસ્તાર થઈ રહ્યો છે તેની સામે આ રૂઢ દૃષ્ટિબિંદુ હવે ઝાઝું ટકી શકે તેમ નથી. આ જડવાદી દૃષ્ટિ ચેતના વિષે જે જે ખુલાસા આપે છે તે હવે વધુ ને વધુ વિસંગત, અધૂરા અને તાણીતૂસેલા નીવડતા જાય છે. એ વસ્તુ હવે રોજેરોજ વધુ ને વધુ સ્પષ્ટ થઈ રહી છે કે આપણી સમગ્ર ચેતનાની શક્તિ આપણી સ્થૂલ અને સૂક્ષ્મ ઇન્દ્રિયો, નાડીઓ તથા મગજની શક્તિ કરતાં કેટલાયે ગણી વધુ મહાન છે. વળી આપણી સામાન્ય રીતની ચેતના તથા મન પણ કાંઈ એ ઇન્દ્રિયોમાંથી જન્મ લેતાં નથી પણ તેમને તે પોતાનાં અભ્યાસ રૂપ બનેલાં સાધનો તરીકે જ વાપરે છે. ચેતનાએ પોતે જ પોતાના ઊર્ધ્વ આરોહણની ક્રિયામાં મગજનું સર્જન કર્યું છે અને તેને તે પોતાના કામ માટે વાપરી રહી છે. મગજે કંઈ ચેતનાને જન્મ આપેલો નથી, તેમ જ તે પોતે ચેતનાને વાપરતું નથી. એવા પણ કેટલાક અસાધારણ પ્રસંગો જોવા મળેલા છે કે જે સાબિત કરી આપે છે કે આપણે આપણાં કરણો તરીકે ઇન્દ્રિયોને અનિવાર્ય રીતે વાપરવી જ પડે તેવું નથી. જે

ધર્મોની જગ્યાએ નવા ધર્મો જાગે છે. એ શંકાશીલતા અને પ્રશ્નાર્થકતા માનવને સંતોષી શકતી નથી કારણ કે સત્યની શોધ કરવી એ તેનું મુખ્ય કાર્ય હોવા છતાં પોતાની શોધ છેવટ સુધી ચાલુ રાખવાને તે તત્પર નથી હોતી. કોઈ સત્યનાં દેખી શકાય તેવાં બાહ્ય કાર્યો હજુ સુધી અપ્રગટ હોય અને દુરાગ્રહી વહેમના રૂપમાં યા તો અસંસ્કૃત શ્રદ્ધાના રૂપમાં તે આપણને દેખાતું હોય તેટલા ઉપરથી તે આખા સત્યનો ઈનકાર કરવો યા તો તેને રૂંધવા પ્રયત્ન કરવો એ પણ એક જાતની દુરાગ્રહી મનોદશા જ કહી શકાય. આખા વિરાટના ઉપર જે ફરજ પ્રકૃતિ તરફથી નાખવામાં આવી છે તેમાંથી બચવાનો પ્રયત્ન કરવો-કારણ કે તે કાર્ય કષ્ટસાધ્ય છે, પ્રત્યક્ષ દેખી શકાય તેવાં કારણોથી તેની જરૂરિયાત સાબિત થઈ શકતી નથી, તથા તેનાં કાર્યોને નિયમિતપણે સ્થાપન કરવામાં તે મંદગતિ છે-એ પ્રકૃતિમાં પોતાનામાં કાર્ય કરી રહેલા સત્યનો અસ્વીકાર કરવા જેવું છે, એટલું જ નહિ પરંતુ પ્રકૃતિ માતામાં કાર્ય કરી રહેલ ગૂઢ અને વધારે સમર્થ તપઃશક્તિની સામે બંડ ઉઠાવવા બરાબર પણ છે. એના કરતાં તો એક જાતિ તરીકે પ્રકૃતિ આપણને જે છેવટની જરૂરિયાતનો ઈનકાર કરવા દેવાની નથી તેનો સ્વીકાર કરવો અને અંધ પ્રેરણાના, અસ્પષ્ટ સહજ જ્ઞાનના અને ભાંગીતૂટી, અવ્યવસ્થિત અભીપ્સાના ક્ષેત્રમાંથી તેને ઉપર લાવીને તર્કની જ્યોતિ વડે તથા વ્યવસ્થિત સચેતન તપઃશક્તિ વડે તેનો રાજીખુશીથી સ્વીકાર કરવો એ વધારે સારું અને વધારે તર્કસંમત છે. અને સહજોપલબ્ધિની જ્ઞાનજ્યોતિથી પ્રકાશિત, અથવા તો આત્મપ્રકાશ કરનાર સત્યની કોઈ ઉપરની ચેતના ખરેખર હોય-જેનું કાર્ય અત્યારે માનવમાં થઈ શકતું નથી યા તો અંતરાયો વચ્ચે થાય છે-અને માનવને તેની ઝાંખી પડદા પાછળથી કોઈ કોઈ વાર થતી હોય અથવા તો ઉત્તરધ્રુવના આકાશમાં વખતે વખતે જેમ અતિશય તેજસ્વી જ્યોતિર્ગણો દેખાય છે તેમ પૂર ભવ્યતામાં તે દેખા દે તો તે ભૂમિકાઓમાં આરોહણ કરતાં પણ આપણે બીવાની જરૂર નથી. કારણ કે માનવનું મન તેનાથી ઉપર આવી રહેલી ચેતનાની ઊંચી ભૂમિકાનું જ એક સ્વરૂપ અને તેને ઢાંકી રાખનાર જવનિકા-પડદો-હોય એ ઘણું બનવા જોગ છે; અને એ જ્યોતિર્મય ઉચ્ચ માર્ગે થઈને માનવજાતિના છેવટના આરામસ્થાનની પ્રાપ્તિ ક્રમે ક્રમે આત્મવિકાસ કરીને માનવ પ્રાપ્ત કરે એ તદ્દન સંભવિત છે.

રીતે શ્વાસોચ્છ્વાસ બંધ રાખીને પણ જીવન ટકાવી શકાય છે તે મુજબ હૃદયના ધબકારાને અટકાવીને પણ જીવી શકાય છે. એ જ પ્રમાણે વિચાર કરવા માટે મગજના સુયોજિત કોષોનો આધાર લેવો જ પડે એવું પણ જરૂરી નથી. જેવી રીતે એંજિનને ચલાવતી વરાળ યા વીજળી કંઈ એંજિનની રચનામાંથી ઉત્પન્ન થતી નથી, યા તો તેનો ખુલાસો એંજિનની રચનામાંથી મળતો નથી તેવી જ રીતે આપણા સ્થૂલ શરીરે આપણા ચિત્તને તથા ચેતનાને ઉત્પન્ન કરેલી નથી, તેમ જ તેને આધારે ચિત્તનો અને ચેતનાનો ખુલાસો મળતો નથી. સ્થૂલ કરણ અને તેને પ્રયોજતી શક્તિ એ બેમાં શક્તિ એ પહેલો પદાર્થ છે, નહિ કે તેનું કરણ.

આમાંથી હવે તર્કની દૃષ્ટિએ ઘણાં જ ગંભીર પરિણામો ઊભાં થાય છે. પ્રથમ તો આપણે એ પૂછી શકીએ છીએ કે, જ્યાં આપણને નિર્જીવતા અને નિશ્ચેતનતા દેખાય છે ત્યાં પણ જો મનોમય ચેતના આવી રહેલી છે તો પછી સ્થૂલ પદાર્થોની અંદર પણ એક વિશ્વરૂપ અવચેતન મન આવી રહેલું હોઈ શકે કે નહિ. ભલે પછી એવા મન પાસે કોઈ ઇન્દ્રિયો નહિ હોવાને કારણે તે પોતે કોઈ ક્રિયા ન કરી શકતું હોય યા તો સપાટી ઉપર પોતાની વાત પહોંચાડી ન શકતું હોય. વળી આ જે જડ અવસ્થા છે તે શું ચેતના વિનાની એક ખાલી સ્થિતિ જ છે? એ જડ અવસ્થા ચેતનાની માત્ર એક નિદ્રાવસ્થા પણ હોય એવું શું ન હોઈ શકે? હા, વિકાસક્રમની દૃષ્ટિએ જોતાં તે નિદ્રાવસ્થા ભલે મધ્ય દશાની નહિ પણ તદ્દન આદિ દશાની જ હોય. આપણે વળી એ પણ વિચારવાનું રહે છે કે નિદ્રાવસ્થા એ શું છે. માણસની અંદર નિદ્રાની જે ક્રિયા થતી જોવામાં આવે છે તે જોતાં તો એમ સમજાય છે કે નિદ્રા એ ચેતનાની કોઈ નિષ્ક્રિય અવસ્થા નથી, પરંતુ તે અવસ્થામાં ચેતના બાહ્ય પદાર્થો પ્રત્યે સ્થૂલ પ્રકારનો સજ્ઞાન જવાબ આપતી બંધ થઈ અંદરની દિશામાં ક્યાંક વળી જાય છે. અને આ રીતે જગતમાંના જે જે પદાર્થોએ બહારના સ્થૂલ જગત સાથે વ્યવહાર માટેનાં બહિર્મુખ કરણો હજી નિપજાવ્યાં નથી તે સૌને માટે શું આમ જ કહી નહિ શકાય? આ સર્વ નિદ્રાધીન પદાર્થોની અંદર પણ સદાયે જાગતો બેઠેલો કોઈ સચેતન આત્મા, કોઈ પુરુષ શું ત્યાં નહિ હોય?

આપણે આથી પણ આગળ જઈ શકીએ છીએ. આપણે જ્યારે અવચેતન મનની વાત કરીએ છીએ ત્યારે એ શબ્દ દ્વારા એક એવી વસ્તુ સૂચવવા માગીએ છીએ કે જે આપણી બાહ્ય મનોમયતાથી ભિન્ન સ્વરૂપની નથી હોતી. એ માત્ર, જાગ્રત મનુષ્યને

ખબર ન પડે તેવી રીતે સપાટીની હેઠળ જઈને કામ કરે છે, પણ એનું સ્વરૂપ તો એનું એ જ રહે છે. એમાં ફેર કાંઈ હોય તો તે એટલો જ કે તેનું કાર્ય વધારે ગહન અને વધારે વિશાળ હોય. પરંતુ આપણે પૃષ્ઠસ્થ ચેતનાનો જે વ્યાપાર જોઈએ છીએ તે જોતાં તો એ ચેતના આવી કોઈ વ્યાખ્યાની હદમાં ન સમાતાં તેથી ઘણી જ ભિન્ન પ્રકારની નજરે પડે છે. એ પૃષ્ઠસ્થ ચેતનામાં તો એવી કાર્યશક્તિ રહેલી છે કે જેની શક્તિ, આપણે જેને આપણા જાગ્રત સ્વરૂપની અંદરની મનોમયતા કહીએ છીએ તેના કરતાં અનેક ગણી વિશેષ મહાન હોય છે. એટલું જ નહિ પણ તેનું સ્વરૂપ પણ એ મનોમયતા કરતાં તદ્દન જ જુદા પ્રકારનું હોય છે. આ જોતાં આપણને એમ માનવાનો પણ હક મળે છે કે આપણી અંદર જેમ એક અવચેતન ચેતના આવી રહેલી છે તેમ જ એક ઉપરિચેતન ચેતના પણ આવેલી છે. એ ઉપરિચેતનામાં આપણે જેને મનોમયતાનું નામ આપીએ છીએ તે રીતના ચૈતસિક સ્તર કરતાં ઘણા જ ઉચ્ચ પ્રકારની સચેતન શક્તિઓ આવેલી છે અને તેના લીધે તેમાં ચેતનાનું ગઠન પણ બહુ ઉચ્ચ પ્રકારનું હોય છે. આપણામાં રહેલી પૃષ્ઠસ્થ ચેતના આ રીતે જો મનોમયતાથી ઉપર ચડીને ઉપરિચેતનામાં પહોંચે છે તો પછી તે મનોમયતાથી નીચે જઈને અવચેતનની અંદર પણ શું ગરક નહિ થઈ શકે? આપણી અંદર તેમ જ જગતની અંદર ચેતનાનાં શું એવાં રૂપો નથી આવેલાં કે જે અવમનસ અવસ્થાનાં બનેલા હોય, અને જેમને આપણે પ્રાણમય ચેતના કે શારીરિક ચેતનાનું નામ આપી શકીએ? જો એમ હોય તો, આપણે છોડની અંદર તથા ધાતુની અંદર એક એવી શક્તિ માનવાની રહે છે જેને આપણે ચેતનાનું નામ આપી શકીએ છીએ. બેશક, એ ચેતના માનવમાં યા તો પશુમાં હોય છે તેવી મનોમય ચેતના તો નથી જ. આજ લગી આપણે ચેતના શબ્દ કેવળ આ રીતની મનોમય ચેતના અંગે જ વાપરતા રહ્યા છીએ.

આમ આપણા મનથી ભિન્ન પ્રકારની, ઉચ્ચ કે નીચેની કોટિની ચેતના હોય એ માત્ર સંભાવ્ય છે એટલું જ નહિ પણ, આપણે જો તટસ્થ રીતે વિચાર કરીશું તો જણાશે કે વસ્તુસ્થિતિ એ રીતની જ છે. આપણી અંદર એક એવી પ્રાણ ચેતના છે કે જે આપણા શરીરના કોષોની અંદર તથા આપણામાં આપોઆપ થતી રહેતી પ્રાણિક ક્રિયાઓની અંદર કાર્ય કરી રહેલ છે અને એ ચેતનાને લીધે આપણું મન જેને મુદ્દલે ન જાણતું હોય તેવા આકર્ષણો અને અપાકર્ષણોને, ઘૃણાઓને આપણે વશ થઈએ છીએ

તેમ જ મન ન જાણે તેવી બીજી સહેતુક ક્રિયાઓ કરીએ છીએ. આપણા કરતાં પણ પશુઓની અંદર આ પ્રાણ ચેતના વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે. છોડવાની અંદર એ ચેતના તેના અંતઃસ્ફુરિત રૂપે સ્પષ્ટ દેખાય છે જ. એક ભારતીય વૈજ્ઞાનિકે શુદ્ધ શાસ્ત્રીય પદ્ધતિ દ્વારા એ બતાવી આપ્યું છે કે છોડ પણ અન્ય વસ્તુની શોધમાં નીકળે છે, તે સંકોચ પામે છે, સુખ અને દુઃખ અનુભવે છે, તેનામાં નિદ્રા અને જાગૃતિ હોય છે. અને એ રીતની તેની બધી વિલક્ષણ જીવનચર્યા એ ચેતનાની પ્રવૃત્તિ હોવા છતાં પણ, આપણે જોઈ શકીએ છીએ ત્યાં સુધી, એમાં કશો મનોમય વ્યાપાર નથી. આમ જગતમાં એક એવી અવમનસ, પ્રાણમય ચેતના છે કે જેના પ્રાથમિક ભૂમિકાના પ્રત્યાઘાતો મનોમય ચેતના જેવા જ હોય છે. પરંતુ એ ચેતનામાં પોતાને માટે અનુભવ મેળવવાનું તંત્ર જુદા પ્રકારનું છે. વિશ્વમાં જે ઉપરિચેતન આવેલું છે તેનું અનુભવતંત્ર પણ એ રીતે મનોમય પ્રાણીના કરતાં જુદા પ્રકારનું છે.

તો હવે એ પ્રશ્ન થાય કે જેને આપણે ચેતના નામથી ઓળખી શકીએ છીએ તે તત્ત્વનો પ્રદેશ શું વનસ્પતિ આગળ કે જેની અંદર આપણે એક અવ-પાશવ (પશુથી નીચેની કોટિના) જીવનનું અસ્તિત્વ સ્વીકારીએ છીએ ત્યાં આગળ જ શું પૂરો થઈ જાય છે. જો એમ હોય તો પછી આપણે એમ માનવાનું રહે છે કે વિશ્વમાં દેખાતી જીવનની અને ચેતનાની એક શક્તિ મૂળે તો જડતત્ત્વથી તદ્દન વિજાતીય પ્રકારની છે, અને છતાં તેણે જડતત્ત્વની અંદર આવીને-કદાચ કોઈ બીજા જગતમાંથી* આવીને પ્રવેશ કર્યો છે, તેનો કબજો લીધો છે. કારણ કે, જો એમ ન હોય, તો પછી એ જીવન અને ચેતના બીજે ક્યાંથી આવી શકે? આપણા પ્રાચીન તત્ત્વચિંતકો માનતા હતા કે આવાં અન્ય જગતો અસ્તિત્વમાં છે. એ જગતો કદાચ આપણા જગતની અંદરના જીવન અને ચેતનાને ટકાવી રહ્યાં હશે, યા તો પોતાના દબાણથી ચેતનાને અને જીવનને બહાર પણ લઈ આવતાં હશે, પરંતુ પોતે અહીં પ્રવેશ કરીને તેમનું સર્જન નહિ કરતાં હોય. જે વસ્તુ જડતત્ત્વની અંદર પહેલેથી આવી રહેલી હોય તે જ તેમાંથી વિકાસ પામી શકે છે.

---

* આ વિષયમાં હમણાં હમણાં એક એવી વિચિત્ર કલ્પના પ્રચલિત થઈ છે કે પૃથ્વી ઉપરનું જીવન બીજી કોઈ સૃષ્ટિમાંથી નહિ, પણ બીજા ગ્રહ ઉપરથી આવેલું છે. પરંતુ તત્ત્વવિચારની દૃષ્ટિએ જોતાં આ કલ્પના કશો ખુલાસો આપતી નથી. કેમકે મુદ્દાનો પ્રશ્ન એ નથી કે કોઈ અમુક ગ્રહના જડતત્ત્વની અંદર જીવન કેવી રીતે પ્રવેશ્યું, પ્રશ્ન તો એ છે કે મૂળ જડતત્ત્વની અંદર જ જીવનનો પ્રવેશ કેવી રીતે થયો.

પરંતુ આપણને એમ માનવાને લેશ પણ કારણ નથી કે આપણને કેવળ જડ રૂપે દેખાતા આ તત્ત્વ આગળ જ જીવન અને ચેતનાનો પટ અટકી જાય છે અને ત્યાંથી આગળ જવા તે અસમર્થ છે. વૈજ્ઞાનિક સંશોધન તેમ જ તત્ત્વવિચારમાં હમણાં છેલ્લે છેલ્લે જે પ્રગતિ થઈ રહેલી છે તેમાંથી તો એવું સૂચન મળે છે કે જીવનનો એક પ્રકારનો છૂપો આરંભ તો ઠેઠ ધાતુની અંદર, માટીની અંદર અને બીજા 'નિર્જીવ' રૂપોની અંદર મંડાયેલો છે, અને કદાચ એક પ્રકારની નિષ્ક્રિય યા તો દબાયેલી ચેતના પણ ત્યાં એવી રીતે આરંભ પામતી હોય છે, અથવા તો કંઈ નહિ તો આપણી અંદર આવતાં જે વસ્તુ ચેતના રૂપ બને છે તેના કંઈક પ્રાથમિક સ્વરૂપ જેવું તત્ત્વ પણ ત્યાં રહેલું હોઈ શકે છે. ફેર માત્ર એટલો છે કે જેને મેં પ્રાણ ચેતના તરીકે વર્ણવી છે તે વસ્તુ વનસ્પતિની અંદર આપણે ઝાંખી ઝાંખી જોઈ શકીએ છીએ તેમજ કલ્પી શકીએ છીએ, પરંતુ જડતત્ત્વમાં યા તો નિષ્ક્રિય રૂપના પદાર્થમાં રહેલી ચેતના વિષે આપણે કલ્પના કરવી, યા તો તેને સમજી શકવી એ આપણને ખરેખર મુશ્કેલ નીવડે છે. અને આમાંથી એમ થાય છે કે જે વસ્તુને સમજવામાં યા તો કલ્પવામાં આપણને મુશ્કેલી પડે છે તે વસ્તુ હસ્તીમાં જ નથી એમ કહેવાનો આપણને હક્ક છે એમ આપણે ગણીએ છીએ. આમ છતાં ચેતનાના અસ્તિત્વનું પગેરું આપણે એટલે ઊંડે સુધી શોધી શક્યા છીએ તો પછી હવે અહીંથી આગળ જતાં ચેતના એકાએક બંધ જ થઈ જાય છે એમ માનવું, કુદરતની અંદર આમ એકાએક ખાડો આવીને ઊભો રહે છે એમ માનવું મુશ્કેલ બની જાય છે. જગતના સર્વ પદાર્થોમાં એક સળંગ તત્ત્વ આવી રહેલું છે એમ માનવાનો આપણા મનને હક્ક છે. કેમકે માત્ર અપવાદ સિવાય, બાકીના સર્વ દૃષ્ટિગોચર પદાર્થોમાં તે આવી રહેલું દખાય છે અને એ અપવાદ રૂપ પદાર્થમાં પણ મુદ્દલે નથી એમ તો નથી જ, ત્યાં તે બીજા પદાર્થોમાં છે તે કરતાં માત્ર વધુ ગુપ્ત જ રહેલું છે. અને એ રીતે આખાયે વિશ્વમાં તત્ત્વની આ એકતા આવી રહેલી આપણે માની શકીએ છીએ. અને આ એકતાને જો આપણે ક્યાંય ખંડિત ન થતી માનતા હોઈએ તો પછી જગતમાં કાર્ય કરતી પેલી શક્તિના સર્વ રૂપોમાં ચેતનાનું પણ અસ્તિત્વ છે એમ આપણે સ્વીકારી શકીએ છીએ. જગતનાં સર્વ રૂપોમાં ભલે કોઈ ચેતનાવાન યા તો ઉપરિચેતનાવાન પુરુષ નિવાસ ન કરતો હોય તોપણ આ રૂપોની અંદર નિજ (being) ની એક સચેતન શક્તિ તો આવી રહેલી છે જ અને એ રૂપોના બાહ્ય અંશો પણ એ શક્તિનો પ્રગટ યા તો અક્રિય રીતે ઉપભોગ કરી રહેલા છે.

આ દૃષ્ટિએ વિચારતાં હવે 'ચેતના' શબ્દનો અર્થ જ બદલાઈ જાય છે. હવે 'ચેતના' શબ્દ મનોમયતાનો સમાનાર્થક શબ્દ ન રહેતાં અસ્તિત્વની-સત્‌ની એક નિજ-વેત્તા શક્તિનો વાચક બની રહે છે, અને મનોમયતા એ નિજવેત્તા શક્તિની એક વચલી અવસ્થા બની રહે છે. એ શક્તિ મનોમયતાથી નીચે ઊતરીને પ્રાણ અને જડતત્ત્વના વ્યાપારોની અંદર જઈ પહોંચે છે અને એ વ્યાપારો આપણને અવચેતના ભરેલા લાગે છે. મનોમયતાથી ઉપર ચડતી ચડતી એ શક્તિ અતિમનસમાં જઈ પહોંચે છે અને એ તત્ત્વ આપણા માટે એક ઉપરિચેતનાનો પ્રદેશ બની રહે છે. પરંતુ ઉપર, નીચે કે વચ્ચે એ નિજવેત્તા શક્તિ સર્વ પદાર્થની અંદર એક જ પ્રકારની છે, અને તે માત્ર પોતાની જાતને જગતમાં જુદી જુદી રીતે સંગઠિત કરી રહેલી છે. આ રીતની કલ્પના વળી પાછી ભારતીય મીમાંસકોએ નિપજાવેલી ચિત્‌ની કલ્પના જેવી બની રહે છે. એમના મત મુજબ એ ચિત્ શક્તિના રૂપે સૃષ્ટિઓનું સર્જન કરે છે. આમ આપણે સારાયે વિશ્વની એક તાત્ત્વિક એકતામાં પહોંચીએ છીએ. જડવાદી વિજ્ઞાને પણ આવી જ એકતા ઉપજાવેલી છે, પણ તે સામેના છેડેથી, જડતત્ત્વના પાયા ઉપર. એ વિજ્ઞાન એમ કહે છે કે મન એ જડતત્ત્વ કરતાં કોઈ ભિન્ન શક્તિ નથી. પણ જડાત્મક શક્તિનો જ એક વિકાસ છે, તેનુંજ એક પરિણામ છે. ભારતના મીમાંસકો આથી ઊલટું કહે છે. ભારતની તત્ત્વમીમાંસા પોતાની ઊંડામાં ઊંડી વિચારણામાં પહોંચીને એમ બતાવે છે કે મન અને જડતત્ત્વ એ બંને એક જ શક્તિની ભિન્ન ભિન્ન કક્ષાઓ છે, સત્‌ની એક જ પ્રકારની સચિત્ શક્તિના ભિન્ન ભિન્ન રીતનાં સંગઠનો છે, મન એ જડતત્ત્વનું પરિણામ કે વિકાસ નથી.

પરંતુ આ શક્તિ તે ચૈતન્ય સ્વરૂપ છે એવું વર્ણન બરાબર સાચું છે એમ માનવાનો આપણને હક્ક છે ખરો? ચૈતન્યનો અર્થ તો એવો થાય છે કે તેની અંદર કોઈક પ્રકારની બુદ્ધિશક્તિ હોય, સહેતુકતા હોય, આત્મ-જ્ઞાન હોય, ભલે પછી એ વસ્તુઓ આપણી મનોમયતાએ લીધેલાં રૂઢ રૂપો જેવાં રૂપ ન લે. આ રીતે વિચારતાં પણ આપણને જગતની હરેક વસ્તુ વિશ્વમાં એક સચેતન શક્તિ રહેલી છે તે દૃષ્ટિનો વિરોધ કરતી નહિ પણ તેને પુષ્ટિ આપતી જોવા મળે છે. દાખલા તરીકે, આપણે પ્રાણીઓની અંદર એવી ક્રિયાઓ થતી જોઈએ છીએ કે જે પૂરેપૂરી સહેતુક હોય છે, ચોક્કસ હોય છે. પ્રાણીની એ ક્રિયાઓમાં એક એવું તો શાસ્ત્રીય પ્રકારનું ઝીણવટભરેલું સૂક્ષ્મ જ્ઞાન કામ

કરતું દેખાય છે કે જે વસ્તુ પ્રાણીની મનોમય શક્તિઓ કરતાં કેટલીય ગણી વધુ શક્તિ માગી લે તેવું હોય છે. ખુદ માણસે પણ જો એ ક્રિયાઓ કરવી હોય તો તે માટે તેણે ખૂબ જ લાંબી તાલીમ અને કેળવણી લેવાની રહે અને તેમ છતાંયે તે પ્રાણીના જેટલી ચોક્કસ ઝડપથી કરી શકે કે કેમ તે પ્રશ્ન રહે તેવી સ્થિતિ છે. એટલે આ રીતે પ્રાણીઓ અને જંતુઓની અંદર એક સચેતન શક્તિ કામ કરી રહેલી છે એમ માનવા માટે આપણને પ્રાણી ચેતનાની આ વ્યાપક હકીકતની અંદરથી એક મોટું પ્રમાણ મળી રહે છે. અને એ શક્તિ પૃથ્વી ઉપર આજ સુધી કોઈ પણ વ્યક્તિમાં પ્રગટ થયેલી ઉત્તમોત્તમ માનસિક શક્તિ કરતાં વધુ બુદ્ધિપૂર્વક, વધુ સહેતુક રીતે કાર્ય કરે છે. એ શક્તિને પોતાના હેતુનું, પોતાના લક્ષ્યનું અને પોતાના સાધનોનું તેમ જ પોતાની પરિસ્થિતિનું બીજા કોઈને હોય તે કરતાં વિશેષ જ્ઞાન રહેલું છે. નિશ્ચેતન પ્રકૃતિની ક્રિયાઓમાં પણ આપણને એવી જ એક પરમ નિગૂઢ બુદ્ધિશક્તિનાં વ્યાપક લક્ષણો નજરે પડે છે- 'પોતાના કાર્યોના ગુણોની અંદર નિગૂઢ' એવી બુદ્ધિશક્તિ દેખા દે છે.

પ્રકૃતિની આ બધી ક્રિયાઓ જે સહેતુક રીતે થતી દેખાય છે, બુદ્ધિપૂર્વક થતી દેખાય છે, તેમાં પસંદગીનું, સાનુકૂલ થવાનું, ખોજનું જે તત્ત્વ દેખાય છે તેના મૂળમાં એક સચેતન અને બુદ્ધિયુક્ત તત્ત્વ આવી રહેલું છે એમ માનવાની સામે આપણને એક જ વસ્તુ દલીલ રૂપે હાથ લાગે તેવી છે. પ્રકૃતિની ક્રિયાઓમાં આપણે એ વસ્તુને ઘણા વિશાળ પ્રમાણમાં બનતી જોઈએ છીએ અને તેને આપણે બગાડનું નામ આપીએ છીએ. પ્રકૃતિમાં દેખાતો આટલો બધો બગાડ બુદ્ધિમત્તાની સાથે સંગત હોઈ શકે એમ આપણે માની શકતા નથી. પરંતુ એ વાત તો સ્પષ્ટ છે કે આ વાંધો આપણે આપણી મર્યાદિત માનવબુદ્ધિને આધારે જ ઉઠાવી રહ્યા છીએ. મનુષ્યની અંદર આ જે અમુક પ્રકારની બુદ્ધિશક્તિ છે તે તેના મર્યાદિત પ્રકારના માનવ હેતુઓને સાધવા પૂરતી ઉપયોગી છે ખરી, પરંતુ અહીં આપણે એ વિચારવાનું છે કે એ જ બૌદ્ધિક દૃષ્ટિને વિશ્વ-શક્તિના મહા વ્યાપક વ્યાપારોને લાગુ પાડવાનો આ પ્રયત્ન વ્યાજબી છે કે કેમ. આપણે માત્ર કુદરતના હેતુનો અમુક અંશ જ જોઈએ છીએ અને કુદરતની જે જે ક્રિયાઓ આપણા એ અંશદર્શનમાં બંધબેસતી થતી નથી તેને આપણે બગાડ તરીકે ગણીએ છીએ. પણ એ રીતે તો પછી મનુષ્યના પોતાના વ્યવહારમાં પણ દેખીતી રીતે કેટલોયે બગાડ થઈ રહેલો છે. પણ વ્યક્તિની દૃષ્ટિથી જોતાં આ જે બગાડ રૂપ જણાય છે

તે ક્રિયાઓ પણ જગતની અંદરના એક વિશાળ અને વ્યાપક હેતુને સિદ્ધ કરવા માટે પોતાનો ભાગ બરાબર ભજવી રહેલી છે એ બાબત આપણે પૂરેપૂરી ખાતરી રાખી શકીએ છીએ. આપણને પ્રકૃતિના સમગ્ર હેતુમાંથી જે થોડાએક ખંડ અંશનું દર્શન જોવા મળે છે તેટલા ખંડ હેતુને કુદરત, આ જે દેખીતી રીતનો બગાડ દેખાય છે તે થતો રહેવા છતાં પણ બરાબર સિદ્ધ કરે છે, અને કદાચ એમ પણ હોય કે એ બગાડને રસ્તે જ કુદરત પોતાનો હેતુ સાચેસાચ સિદ્ધ કરતી હોય. એમ છે તો પછી પ્રકૃતિના હેતુમાંથી જે બીજા અંશો આપણે હજી જાણી શકતા નથી તેની સિદ્ધિ બાબતમાં પણ પ્રકૃતિ પૂરેપૂરી યોગ્ય રીતે જ કામ કરતી હશે એમ આપણે તેનામાં વિશ્વાસ મૂકી શકીએ છીએ.

આ એક મુદ્દા સિવાય બીજી બાબતોમાં આપણે જોઈ શકીએ છીએ કે પ્રાણીઓમાં, વનસ્પતિમાં અને નિર્જીવ પદાર્થોમાં વિશ્વ-શક્તિ એક ખૂબ જ નિશ્ચિત હેતુપૂર્વક કામ કરી રહી છે. આ પ્રાણીઓને એક વૃત્તિ દોરી રહેલી છે, ભલે પછી એ વૃત્તિ બહારથી દેખાતી રીતે આંધળા જેવી લાગે, અને એ સર્વમાં વિશ્વ-શક્તિએ પોતાની છેવટની અથવા તો તદ્દન નજીકની જે નેમ રાખેલી હોય છે તેને તે અચૂક રીતે સાધે જ છે. આ વસ્તુસ્થિતિનો આપણે ઇનકાર કરવો અશક્ય છે. જ્યાં સુધી ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રીઓ જડતત્ત્વને જે વિશ્વનું પહેલું તથા છેલ્લું તત્ત્વ માનતા હતા ત્યાં સુધી તેઓને એમ સ્વીકારતાં જો સંકોચ થાય કે બુદ્ધિને જન્મ આપનાર તત્ત્વ પણ બુદ્ધિ હોઈ શકે તો તે સંકોચ પ્રમાણિક ગણી શકાય. પરંતુ આજે પણ હવે જો એમ કહેવામાં આવતું હોય કે માનવની ચેતના, માનવની બુદ્ધિ અને માનવે જગતમાં સ્થાપેલું પ્રભુત્વ એ બધાં જગતને આંધળી રીતે ધકેલી રહેલા એક બુદ્ધિ વિનાના અચેતન તત્ત્વમાંથી પ્રગટેલાં છે, અને એ તત્ત્વની અંદર આ પૂર્વે કોઈ પણ રીતનું રૂપ કે તત્ત્વ મોજૂદ ન હતું તો એ દૃષ્ટિ એક જરીપુરાણા થઈ ચૂકેલા વિરોધાભાસમાં જ પુરાઈ રહેવા માગે છે એમ કહેવું પડશે. માનવની ચેતના એ પ્રકૃતિની ચેતનાનું જ એક રૂપ હોઈ શકે. એમાં બીજા વિકલ્પને સ્થાન જ ન હોય. મનની હેઠળ એ ચેતના જગતમાં બીજાં તિરોહિત રૂપે આવી રહેલી છે. ત્યાંથી તે મનની અંદર આવી બહાર પ્રગટ થયેલી છે. અને હવે તે મનથી ઉપર આવેલાં અત્યારનાં રૂપો કરતાં પણ હજી ઉચ્ચતર પ્રકારનાં રૂપોમાં અવશ્ય આરોહણ પામવાની છે. કારણ કે, આ બ્રહ્માંડોને રચનારી શક્તિ એક સચેતન શક્તિ છે આ બ્રહ્માંડોમાં જે સત્ તત્ત્વ પોતાનો આવિર્ભાવ સાધી રહ્યું છે તે એક

સચેતન સત્ છે. અને રૂપોની બનેલી આ સૃષ્ટિને આવિર્ભાવ આપવા પાછળનો તેનો એક માત્ર હેતુ આપણે બરાબર બુદ્ધિપૂર્વક એ રીતનો કલ્પી શકીએ છીએ કે, રૂપની પાછળ જે જે ગૂઢ સંભાવ્યતાઓ રહેલી છે તે સર્વને તે અહીં સંપૂર્ણપણે પ્રગટ કરવા માગે છે.

પ્રકરણ ૧૧

વિશ્વનું આનંદરૂપ : પ્રશ્ન

को ह्येवान्यात्कः प्राण्यात् यदेष आकाश आनन्दो न स्यात् ।
आनन्दाद्धयेव खल्विमानि भूतानि जायन्ते । आनन्देन जातानि
जीवन्ति । आनन्दं प्रयन्त्यभिसविशन्ति ।

तैत्तिरीय उपनिषद् २.७; ३.६.

આપણા નિવાસરૂપ આકાશ જેવો આ વિશ્વરૂપ આનંદ જો બ્રહ્માંડમાં ન હોત તો કોણ જીવી શકત, કોણ શ્વસી શકત?

આ સર્વ પ્રાણીઓ સાચે જ આનંદમાંથી જન્મે છે, આનંદ વડે જ જીવે છે, અને વૃદ્ધિ પામે છે, અને આનંદમાં જ પાછાં જઈ મળે છે.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૭; ૩.૬.

આપણે એ વસ્તુ સ્વીકારી લઈએ કે આ કેવલ સત્, આ બ્રહ્મ એ જ સર્વ પદાર્થોનું એકમાત્ર ઉત્પત્તિસ્થાન છે, સર્વ પદાર્થોનો અંત પણ એ છે, તથા તેમને ધારણ કરનાર પણ એ છે. આપણે એ પણ સ્વીકારીએ કે એ બ્રહ્મમાં પોતાની અંદર જ, તેનાથી કદી અલગ ન થતી એવી એક અંતર્ગત આત્મ-સંવિત્- નિજજ્ઞાન છે. એ બ્રહ્મ પોતાને ચૈતન્યની એક ક્રિયાશક્તિ રૂપે વિસ્તારે છે, અને એ ચૈતન્યશક્તિ વિશ્વમાં બળોનું, રૂપોનું અને સૃષ્ટિઓનું સર્જન કરે છે. પરંતુ એ સ્વીકારવા છતાં એ પ્રશ્ન તો હજી ઊભો જ રહે છે કે, 'આવું સંપૂર્ણ, સર્વોપરિ, અનંત, કશી અપેક્ષા વિનાનું, કશી ઈચ્છા વિનાનું બ્રહ્મ આ સૃષ્ટિઓનું સર્જન કરવા શા માટે પોતાની ચૈતન્યશક્તિનો વિસ્તાર કરે?' આના જવાબમાં એમ કહેવામાં આવે કે બ્રહ્મની શક્તિનો સ્વભાવ જ એવો છે કે જેને સર્જન કરવાની ફરજ પડે છે, બ્રહ્મમાં ગુપ્ત રહેલું ગતિસામર્થ્ય, રૂપગ્રહણનું સામર્થ્ય જ તેને સર્જન કરવા ધકેલે છે. પરંતુ આ ઉકેલનો આપણે સ્વીકાર કર્યો નથી. કારણ કે, બ્રહ્મમાં આ ગૂઢ સામર્થ્ય રહેલું છે એ વાત સાચી હોવા છતાં બ્રહ્મ કંઈ એ સામર્થ્યમાં જ સમાપ્ત થઈ જતું નથી, બ્રહ્મ એ સામર્થ્યની સીમામાં જ ગતિ કરતું નથી. એ

સામર્થ્યની પ્રેરણાને એ વિવશ નથી. બ્રહ્મ તો સર્વ રીતે મુક્ત અને નિર્બંધ છે. ગતિમાન થવું કે અનંત કાળ લગી સ્થિર રહેવું, રૂપ ગ્રહણ કરવાં કે પછી રૂપગ્રહણની શક્તિને પોતાની અંદર દાબી રાખવી એ બધી બાબતોમાં બ્રહ્મ સર્વથા સ્વતંત્ર છે. આમ છતાં જો બ્રહ્મ ગતિ અને રૂપગ્રહણની શક્તિનો ઉપયોગ કરે છે તો તે એક જ કારણે હોઈ શકે, આનંદ માટે.

વેદાન્તના દ્રષ્ટાઓએ આ આદિમ અંતિમ અને સનાતન બ્રહ્મને કેવળ શુષ્ક સત્ રૂપે જોયું નથી, અથવા તો એ બ્રહ્મને તેમણે એક ચૈતન્યવાળા-સચિત્ સત્ રૂપે, એક રુક્ષ બળ કિંવા શક્તિ રૂપે પ્રગટ થતા સત્ રૂપે પણ વર્ણવ્યું નથી. એમણે નિરૂપેલું બ્રહ્મ એક એવું સચિત્ સત્ છે કે જેનું પોત, જેની ચેતનાનું તત્ત્વ સાક્ષાત્ આનંદનું જ બનેલું છે. સર્વોપરિ સત્માં જેવી રીતે કશાનો અભાવ હોઈ ન શકે, એ સચિત્માં જેવી રીતે કશી અચેતનતા ન હોઈ શકે, કશી ઊણપ કિંવા શક્તિની વંધ્યતા હોઈ ન શકે, તેવી જ રીતે એમાં કશું દુઃખ કિંવા આનંદનો અભાવ પણ હોઈ ન શકે. સચિત્ સત્ની સર્વોપરિ અવસ્થા એટલે કે એ સચિત્ સત્ની અપરિમિત આનંદરૂપતા. સત્ અને આનંદ એ એક જ વસ્તુને વર્ણવવાના બે જુદા જુદા શબ્દો છે એટલું જ, હરેક પ્રકારની અપરિમિતતા, અનંતતા, સર્વોપરિતા કેવલ આનંદરૂપ જ હોય છે. આપણી પરિમિત માનવ અવસ્થામાં પણ આપણે અનુભવીએ છીએ કે જ્યારે આપણને કોઈ મર્યાદા કે વિઘ્ન નડે છે ત્યારે જ આપણે અસંતોષ અનુભવીએ છીએ. અસંતોષ માત્રના મૂળમાં કોઈક મર્યાદા, કોઈક વિઘ્ન રહેલાં હોય છે. આ વિઘ્નને આપણે જ્યારે જીતીએ છીએ, મર્યાદાને ઓળંગી જઈએ છીએ, અલભ્ય વસ્તુ મેળવીએ છીએ ત્યારે આપણને તૃપ્તિ થાય છે. કારણ એ છે કે આપણે મૂળ રૂપે પેલું સર્વોપરિ બ્રહ્મ જ છીએ. એ પરબ્રહ્મમાં પોતાનું અપરિમિત અને અનંત ચૈતન્ય અને શક્તિ હમેશાં હોય જ છે. આ શક્તિ-સંપન્નતાનું અને તદ્રૂપતાનું જ બીજું નામ છે નિજાનંદ. માનવની મર્યાદિત ચેતના જેટલે અંશે આ અપરિમિત સર્વસંપન્ન બ્રહ્મનો સ્પર્શ પામે છે તેટલા પ્રમાણમાં તે તૃપ્તિ પ્રાપ્ત કરે છે, આનંદનો સ્પર્શ પામે છે.

પરંતુ બ્રહ્મનો આ નિજાનંદ પોતાની સ્થિર અને ગતિહીન સર્વોપરિ અવસ્થામાં જ માત્ર આવી રહેલો નથી. બ્રહ્મની ચૈતન્યશક્તિ જેવી રીતે પોતાને અનંતવિધ અનંતરૂપોમાં પ્રગટ કરવાનું સામર્થ્ય ધરાવે છે તેવી જ રીતે બ્રહ્મનો આનંદ

બે નકાર

(૧)
જડવાદનો નકાર

स तपोऽतप्यत। स तपस्तप्त्वा ।।
अन्नं ब्रह्मेति व्यजानात् । अन्नाद्ध्येव खल्विमानि भूतानि जायन्ते।
अन्नेन जातानि जीवन्ति । अन्नं प्रयन्त्यभि संविशन्ति। तद्विज्ञाय।
पुनरेव वरुणं पितरमुपससार । अधीहि भगवो ब्रह्मेति ।
तं होवाच । तपसा ब्रह्म विजिज्ञासस्व । तपो ब्रह्मेति ..... ।।

તૈત્તિરીય ઉપનિષદ્ ૩.૧,૨

તેણે ચિત્તશક્તિનો તપસ્યા વડે સંચય કર્યો, અને 'અન્ન પણ બ્રહ્મ છે' એ જ્ઞાન પ્રાપ્ત કર્યું, કારણ કે ભૂતમાત્ર અન્નમાંથી જન્મે છે, અન્ન વડે વૃદ્ધિ પામે છે ને અંતે અન્નમાં વિલીન થાય છે. ફરીથી તે પોતાના પિતા વરુણ પાસે ગયો અને કહ્યું, 'ભગવાન, મને બ્રહ્મજ્ઞાન આપો.' તેણે કહ્યું, 'તપ કરો, ચિત્શક્તિનો તપસ્યા વડે સંચય કરો, કારણ કે તપ એ જ બ્રહ્મ છે.''

તૈત્તિરીય ઉપનિષદ ૩.૧,૨

જડ પૃથ્વી ઉપર દિવ્ય જીવન ગાળવાનો અને અમરતાને વરવાનો સિદ્ધાંત સ્વીકારીએ અને એનો અર્થ એવો કરીએ કે શરીર રૂપી ઘરમાં વાસ કરનાર એક સનાતન આત્મતત્ત્વ-બ્રહ્મ-જ સત્ય છે તો આપણો એ સિદ્ધાંત પાયા વગરનો જ રહેવાનો. એ સિદ્ધાંતનો આપણે બરાબર સ્વીકાર કરવો હોય તો કેવળ આત્માને જ નહિ પરંતુ વિકારી વસ્ત્રરૂપી જે દેહમાં તે વસે છે તેના જડતત્ત્વનો પણ આપણે પ્રગટ કરવા માટે યોગ્ય અને ઉદાત્ત તત્ત્વ તરીકે એટલા જ ભારપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. એ જડતત્ત્વની અંદર સનાતન બ્રહ્મ પોતાનાં વસ્ત્રો વણે છે અને પોતાને રહેવાનાં અનંત નિવાસોની પુનરુક્તિ કરે છે.

વળી કેવળ એટલું જ સ્વીકારવાથી શારીરિક જીવન પ્રત્યે થતી સ્વાભાવિક ઘૃણાથી આપણે પૂરેપૂરા ભાગ્યે બચી શકીશું. એટલે જીવનના એ બે કેવળ

પણ અસંખ્ય સૃષ્ટિઓ રૂપે પ્રગટ થઈ શકે છે, એ રીતના સર્જનમાં ગતિશીલ બની શકે છે, અનેક રૂપો લઈ શકે છે, સર્જનવિસર્જનના અનેકવિધ ક્ષણિક કે ચિરંતન વ્યાપારોમાં રસ લઈ શકે છે. આમ આ અનંતવિધ ગતિઓ ઉત્પન્ન કરવી, નિજાનંદની અનંત વિવિધતાઓ ઉપજાવવી, અને એ હરેક ક્રિયાનો આનંદ માણવો એ છે બ્રહ્મની વિશ્વલીલાનું લક્ષ્ય, બ્રહ્મની વિશ્વસર્જક અને વિશ્વવ્યાપક એવી ક્રીડાનું લક્ષ્ય.

અર્થાત્, આ વિશ્વ રૂપે પ્રગટ થયેલું છે સત્ ચિત્ અને આનંદનું એક ત્રિપુટ તત્ત્વ-સચ્ચિદાનંદ. એ સચ્ચિદાનંદની ચેતનામાં સર્જન કરવાની અથવા કહો કે પોતાને પ્રગટ કરવાની શક્તિ સ્વાભાવિકપણે જ રહેલી છે. એ શક્તિ પોતાના સજ્ઞાન સ્વતત્ત્વમાંથી અનેકવિધ રૂપો રચી શકે છે, એ અનંતવિધ સર્જનમાં રહેલો રસ અનંત રીતે માણી શકે છે. આનો અર્થ એ થયો કે વિશ્વમાં જે હસ્તીમાં આવ્યું છે તે પેલા સત્નું જ રૂપ છે, એ સચિત્ શક્તિનું અને એ સત્ ચિત્ના આનંદનું જ રૂપ છે. આપણે જોઈએ છીએ કે જગતનાં સર્વ પદાર્થો એક અવિનાશી તત્ત્વનાં જ વિનાશી રૂપો છે, અપરિમિત શક્તિનાં પરિમિત પરિણામો છે, એ જ રીતે આપણે એ પણ જોઈ શકીશું કે જગતના પદાર્થો સદ્બ્રહ્મના વિશ્વતોમુખી અને અવિકારી આનંદના જ આવિર્ભૂત બનેલાં વિકારી રૂપો છે. જગતની હરેક વસ્તુમાં પેલી સચિત્ શક્તિનો નિવાસ છે. એ સચિત્ શક્તિએ જ હરેક વસ્તુને તેનું અત્યારનું રૂપ આપેલું છે, અને એ જ રીતે જગતની હરેક વસ્તુમાં પેલો મૂલ આનંદ પણ આવી રહેલો છે, એ આનંદને લીધે જ વસ્તુઓ ટકી રહી છે, એ આનંદે જ વસ્તુઓને તેમનું પોતપોતાનું રૂપ આપ્યું છે.

આ છે વિશ્વની ઉત્પત્તિ વિષેનો વેદાન્તનો પ્રાચીન સિદ્ધાંત. માનવ મન એ વિષે વિચાર કરવા લાગે છે ત્યારે એ સિદ્ધાંતનો ઉગ્ર રીતે વિરોધ કરતી બે વસ્તુ તેની આગળ એકદમ ખડી થાય છે. એ છે માનવની લાગણીપ્રધાન તથા ઈન્દ્રિયબદ્ધ ચેતનાને થતો દુઃખનો અનુભવ, અને નીતિની દૃષ્ટિએ જગતમાં દેખાતું અશુભ તત્ત્વ. જગત જો સાચે જ સચ્ચિદાનંદનો આવિર્ભાવ હોય, સત્ એટલે કે ચિત્સ્વરૂપ શક્તિનો જ માત્ર નહિ-કારણ એ તો સહેલાઈથી સ્વીકારી શકાય છે કે સત્ એ ચિત્ રૂપ શક્તિ હોઈ શકે-પરંતુ સત્ કે જે વળી અનંત આનંદરૂપ પણ છે તેનો પણ આવિર્ભાવ આ જગત રૂપે જો થયો છે તો પછી આખા વિશ્વમાં સભર જામી પડેલાં દુઃખ, પીડા, શોક આદિનો ખુલાસો શો? આ જગતમાં તો આપણને આનંદ કરતાં દુઃખનું તત્ત્વ જ

વધારે પ્રમાણમાં નજરે પડે છે. જો કે આમ કહેવામાં અતિશયોક્તિ તો છે જ, દૃષ્ટિભૂલ પણ છે. આપણે તદ્દન લાગણીમુક્ત રહીને જગતનું ચોક્કસ સ્વરૂપ સમજવું છે એ વૃત્તિ રાખી જો તટસ્થપણે જોઈશું તો જણાશે કે જીવનમાં રહેલા આનંદનો સરવાળો દુઃખના સરવાળા કરતાં કેટલોય વધી જાય છે. અમુક વ્યક્તિગત દાખલાઓમાં તેમ જ અમુક બાહ્ય ઘટનાઓમાં આથી ઊલટી સ્થિતિ હોઈ શકે છે. પરંતુ એકંદરે જોતાં આપણને જણાશે કે આનંદ એ જ આપણી પ્રકૃતિની સહજ સ્વાભાવિક અવસ્થા છે, અને દુઃખ એ આનંદથી ઊલટી ઘટના છે, દુઃખ માત્ર તત્કાલ પૂરતું જ આનંદાનુભવને રોકી શકે છે, યા તો આવરી લઈ શકે છે. પરંતુ દુઃખ આવી તાત્કાલિક અને ક્ષણિક વસ્તુ હોવાને કારણે જ એનો નાનો સરખો સરવાળો પણ આપણને ઘણી તીવ્ર અસર કરે છે, અને આનંદના સરવાળા કરતાં ઘણી વાર મોટો દેખાય છે. આપણને આનંદનો ખ્યાલ હમેશાં રહેતો નથી એનું કારણ એ છે કે એ આપણી અત્યંત સાહજિક અવસ્થા છે. એ આનંદ જ્યારે કોઈ વધુ તીવ્ર રૂપ લે છે, કોઈ ઊંડા સુખ રૂપે યા તો ઉત્કટ ઊર્મિ રૂપે અનુભવાય છે ત્યારે જ તેનું અસ્તિત્વ આપણા ધ્યાનમાં આવે છે. આપણે માત્ર આવાં ઊર્મિ શિખરોને જ 'આનંદ' તરીકે ઓળખીએ છીએ અને ઝંખીએ છીએ. આપણા જીવનમાં એક સહજ કુદરતી સંતોષ તો હમેશાં હોય છે. એવા સંતોષનું કોઈ ખાસ કારણ કે આલંબન હોતું નથી, કોઈ પણ બનાવ સાથે તેને સંબંધ હોતો નથી. એ સ્થિતિ આપણને એક અભાવાત્મક અવસ્થા જેવી, સુખ કે દુઃખ વિનાની ઉદાસીન સ્થિતિ રૂપે લાગે છે. પરંતુ આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આ સંતોષ એ આપણા નિત્ય અનુભવની એક નક્કર અને વિરાટ હકીકત છે. જીવનમાં જો એવો વ્યાપક અને સઘન સંતોષ ન હોત તો આપણામાં આત્મરક્ષણની જે સર્વવ્યાપી અને તીવ્ર વૃત્તિ રહેલી છે તે કદી રહેવા ન પામી હોત. પણ આપણી શોધ આવા સહજ સંતોષ માટે નથી. અને તેથી આપણા લાગણીપ્રધાન ઈન્દ્રિયજન્ય સંવેદનના ચોપડામાં આપણે તેને જમા કરતા નથી. આપણા હિસાબમાં આપણે માત્ર સ્પષ્ટ રીતે દેખાઈ આવે એવા આનંદને જ જમા કરીએ છીએ. અને અગવડો અને દુઃખને ઊધાર કરીએ છીએ. આપણા ઉપર દુઃખની અસર ઘણી તીવ્ર થાય છે, એનું કારણ એ છે કે આપણે માટે એ સહજ અનુભવ નથી, એ આપણી સ્વાભાવિક પ્રકૃતિ નથી, દુઃખ બહારના જગતમાંથી જાણે કે એક ઉગ્ર અત્યાચાર રૂપે આપણા ઉપર ધસી આવે છે, આપણી વર્તમાન તેમજ ભાવિની

આશાઓ ઉપર તે આઘાત કરે છે, આક્રમણ કરે છે.

પરંતુ દુઃખ એક અસ્વાભાવિક સ્થિતિ હો, અથવા તો તેનું પ્રમાણ વધારે હો કે ઓછું હો, પણ તત્ત્વની દૃષ્ટિએ તેથી કંઈ ફેર પડતો નથી. દુઃખ વધુ હો કે ઓછું. પણ તે છે એ જ વસ્તુમાંથી આખો પ્રશ્ન ઊભો થાય છે. અખિલ વિશ્વ જો સચ્ચિદાનંદરૂપ છે તો પછી દુઃખ ને પીડા હસ્તીમાં જ કેવી રીતે આવી શકે? આ છે મુદ્દાનો પ્રશ્ન. વળી એમાં બીજી બે બાબતો પણ જોડી દેવામાં આવે છે, અને તેથી આખો પ્રશ્ન વધુ ગૂંચવણભર્યો બને છે. દુઃખનો પ્રશ્ન વિચારતાં એક તો એમ માની લેવામાં આવે છે કે પ્રભુ જગતથી પર રહેલી એક ભિન્ન વ્યક્તિ છે અને બીજું એ કે નૈતિક દૃષ્ટિએ દુઃખનું અસ્તિત્વ વાજબી દેખાતું નથી. આ બેનો વિચાર કરતાં આપણે જોઈશું કે એમાંની પહેલી બાબત તદ્દન પાયા વગરની છે અને બીજી બાબત અર્ધસત્ય જ છે.

એમ દલીલ કરી શકાય કે આ જગતનો રચનાર પ્રભુ પોતે જો સચ્ચિદાનંદ રૂપ છે, જ્ઞાનવાન સચિત્ પુરુષ છે તો પછી દુઃખ યાતનાઓ અને અશુભથી ભરેલું જગત તે કેવી રીતે રચી શકે? જુઓને, આ જગતમાં તો તે પોતાનાં પ્રાણીઓને યાતનામાં રિબાવે છે, દુઃખને વહેતું મૂકે છે, અશુભને ટકી રહેવા દે છે. પ્રભુ જો કેવલ શિવસ્વરૂપ છે તો પછી દુઃખ અને અશુભનો ઉત્પન્ન કરનાર કોણ? જો એમ કહેવામાં આવે કે દુઃખ તો આપણે માટે એક કસોટી છે, અગ્નિપરીક્ષા છે તો પણ નીતિની દૃષ્ટિએ એમ હોવું યોગ્ય નથી લાગતું. મનુષ્યની કસોટી માટે દુઃખને ઉત્પન્ન કરનાર પ્રભુ અનીતિમાન જ ગણાય, યા તો એમ કહેવાય કે તેને નીતિરીતિની સાથે કશી લેવાદેવા નથી. આવો પ્રભુ જગતની રચના કરનારો એક ઉત્તમ કારીગર યા તો હોશિયાર માનસશાસ્ત્રી છે એમ આપણે માની શકીએ પણ એને ભજવાનું મન થાય એવો પ્રેમ અને કલ્યાણરૂપ તો તે નહિ જ ગણાય. આવો પ્રભુ માત્ર એક અત્યંત બલવાન ઈશ્વર જ છે, અને આપણે માત્ર એના નિયમોને વશ થવાનું જ રહે છે, એના તરંગ પ્રમાણે નાચવાનું રહે છે. જે પ્રભુ કસોટી વા પરીક્ષા માટે આવી યાતનાઓ યોજે છે તે તો જાણીબૂઝીને કરેલા ઘાતકી આચરણનો જ ગુનેગાર બને છે, યા તો તેને નીતિનો કશો ખ્યાલ જ નથી એમ કહેવું પડે. અને માનો કે પ્રભુ નીતિમાન જ છે તો પછી એમ કહેવું પડશે કે એની એ નૈતિક ભાવના તેણે રચેલાં માનવ પ્રાણીઓની ઉચ્ચમાં ઉચ્ચ નૈતિક ભાવના કરતાં તો ઘણી જ ઊતરતી કોટિની છે. પણ એમ કહેવું તો વિચિત્ર લાગે છે. પ્રભુના કરતાં કંઈ મનુષ્યની નીતિ કદી પણ વધારે

ઉચ્ચ ન હોઈ શકે. આ આપત્તિમાંથી પ્રભુને ઉગારી લેવા માટે જો એમ કહીએ કે ના ના, દુઃખ એ તો અનીતિમાન કર્મનું જ અનિવાર્ય પરિણામ છે, કુદરત તરફથી આવી મળતી સજા છે તો એ ખુલાસો પણ જીવનની હકીકતો સાથે મેળમાં દેખાતો નથી. જીવનની હકીકતો અને દુઃખનો ખુલાસો કરતી આ માન્યતાનો જો હરકોઈ રીતે મેળ મેળવવો જ હશે તો આપણે કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતને સ્વીકારવો પડશે. એ સિદ્ધાંત તમને સમજાવે છે કે તમારાં આ જન્મનાં દુઃખો એ પૂર્વજન્મમાં તમે બીજા શરીરમાં રહી કરેલાં કર્મોનું પરિણામ છે. માનો કે આ સિદ્ધાંત સ્વીકારી લીધો તોપણ મૂળ પ્રશ્ન તો હજી એવો ને એવો જ ઊભો રહે છે કે જેની સજા રૂપે આ દુઃખ અને યાતના ભોગવવાં પડે છે તે અનૈતિક તત્ત્વ કોણે ઉત્પન્ન કર્યું, શા માટે ઉત્પન્ન કર્યું, ક્યાંથી ઉત્પન્ન કર્યું? આ પ્રશ્ન વિચારતાં આપણને એક બીજી વસ્તુ પણ જોવા મળે છે. આ અનૈતિક તત્ત્વ એ કોઈ સ્થૂલ વસ્તુ નથી પણ એક પ્રકારનો માનસિક રોગ જ છે, માનસિક અજ્ઞાન છે. તો પછી પ્રશ્ન થાય છે કે એ માનસિક રોગ અને આ સ્થૂલ પરિણામ એ બે વચ્ચે આવો અફર સંબંધ કોણે બાંધી આપ્યો, એક માનસિક પ્રકારની વસ્તુની કે અજ્ઞાનજન્ય કર્મની સજા રૂપે આવું ભયંકર પરિણામ લાવનાર, અને ઘણી વાર તો પારાવાર અને પ્રચંડ યાતનાઓ આપનાર નિયમ કોણે ઘડ્યો? કર્મનો આવો અવિચલ નિયમ અને પરમ નીતિમાન વ્યક્તિરૂપ પ્રભુ એ બે કદી એકી સાથે ટકી શકે નહિ. માટે જ બુદ્ધની સ્પષ્ટ તર્કદૃષ્ટિએ તો એમ જ ચોખ્ખેચોખ્ખું જણાવી દીધું કે કોઈ સર્વ સ્વતંત્ર અને સર્વશાસક એવો વ્યક્તિરૂપ પ્રભુ સંભવી શકતો જ નથી. બુદ્ધે માત્ર કર્મનો નિયમ જ સ્થાપિત કર્યો અને જણાવી દીધું કે અવિદ્યામાંથી જ સર્વ વ્યક્તિનું સર્જન થાય છે, અને એ વ્યક્તિ કર્મને આધીન છે.

આમ દુઃખનો, નીતિનો અને પ્રભુનો મેળ મેળવવો ઘણો મુશ્કેલ બની જાય છે. પણ એનું કારણ એ છે કે આપણે પ્રભુને જગતથી પર રહેલી એક વ્યક્તિ તરીકે માની લીધો છે. આ દૃષ્ટિ પ્રમાણેનો ઈશ્વર જગતથી એક તદ્દન ભિન્ન વસ્તુ છે, એ પોતે વિશ્વરૂપ નથી. જગતનાં પ્રાણીઓ માટે શુભ અને અશુભ, દુઃખ અને યાતના ઉત્પન્ન કરી પોતે તો એ સર્વથી મુક્ત જ રહે છે, અને તે કૂટસ્થ દશામાં રહ્યો રહ્યો જગતને જોયા કરે છે, જગત પર રાજ્ય ચલાવ્યે જાય છે, આ રિબાતી પીડાતી અને ઝઘડતી દુનિયા પાસે પોતાનું ધાર્યું કરાવ્યે જાય છે. વળી માની લો કે આ ઈશ્વર જગત પર પોતાની ઈચ્છા

લાદતો નથી, પણ એક અચલ નિયમના હાથમાં જ જગતને સોંપી દે છે, એ નિયમની વિરુદ્ધ જઈ જગતની મદદમાં તે કદી ઊતરતો નથી, અને મદદ કરવા આવે છે ત્યારે પણ તે અર્ધીપર્ધી જ મદદ કરે છે. તો તો એવા ઈશ્વરને સર્વશક્તિમાન નહિ કહેવાય, એ કેવલ પ્રેમસ્વરૂપ છે, શિવસ્વરૂપ છે એમ નહિ કહેવાય. ઈશ્વર જગતથી પર રહેલો એક નીતિમાન પુરુષ છે એવા સિદ્ધાંતને આધારે જગતમાં અશુભ અને યાતનાની ઉત્પત્તિનો ખુલાસો કોઈ પણ પ્રકારે આપી શકાવાનો નથી. જો આ સિદ્ધાંતને આધારે આ પ્રશ્ન ઉકેલવો હશે તો તો આપણે માત્ર આડીતેડી અને અસંતોષકારક દલીલો જ કરવાની રહેશે. એ દલીલો આ પ્રશ્નનો સીધો જવાબ આપી શકવાની નથી. માત્ર એ કોઈક રીતનો ઢાંકપિછોડો કરી આપશે. અથવા તો સ્પષ્ટ કે અસ્પષ્ટ રીતે આપણે એમ સ્વીકારવું પડશે કે વિશ્વમાં સનાતન કાળથી ઈશ્વરની સાથે સાથે સેતાનનું પણ અસ્તિત્વ રહેલું છે. પરંતુ આ સનાતન ઈશ્વરનાં કૃત્યોનો બચાવ કરવા ખાતર સનાતન સેતાનનો પણ સ્વીકાર કરવા જતાં તો બિચારા ઈશ્વરનો જ શિરચ્છેદ થઈ જશે એ ધ્યાનમાં રાખીએ. જે ઈશ્વરના રાજ્યમાં તેની ઉપરવટ થઈને આટલું બધું અનિષ્ટ ફેલાવનારો સેતાન ઈશ્વરની સાથે સાથે જ સનાતન કાળથી હયાતીમાં છે તે ઈશ્વરને પછી ઈશ્વર જ કેવી રીતે ગણી શકાય? પરંતુ વેદાન્તનો સચ્ચિદાનંદ આ પ્રકારનો ઈશ્વર નથી. આ સચ્ચિદાનંદ તો **एकमेवाद्वितीयम** છે, તેનાથી ભિન્ન એવી કોઈ સત્તા હસ્તીમાં નથી. વિશ્વમાં જે કંઈ છે તે પોતે જ છે. અને તેથી, જગતમાં જો અશુભ છે, યાતનાઓ છે, તો એ અશુભ અને યાતનાઓને સહન કરનાર પણ તે પોતે જ છે. એ સચ્ચિદાનંદે પોતે જ પ્રાણીરૂપે દેહ ધારણ કર્યો છે અને એ પ્રાણી બનીને પોતે આ અશુભ અને યાતનાઓ વેઠી રહ્યો છે. આ રીતે જોતાં આખો પ્રશ્ન જૂદું જ રૂપ લે છે. હવે સવાલ એ નથી રહેતો કે ઈશ્વર પોતે જેને સહન નથી કરી શકતો અને તેથી કરીને જેમાંથી મુક્ત રહે છે તેવાં અશુભ અને યાતના પોતાનાં પ્રાણીઓ માટે તેણે કેવી રીતે ઉત્પન્ન કર્યા. હવે સવાલ આ રૂપે ઊભો થાય છે કે આ એકમાત્ર નિરવધિ સત્-ચિત્-આનંદે જે વસ્તુ આનંદરૂપ નથી, કિંતુ આનંદથી કેવળ ઊલટી જ છે તેને કેવી રીતે પોતાની અંદર દાખલ થવા દીધી.

અખિલ વિશ્વ સચ્ચિદાનંદનું જ રૂપ છે એ વાત સ્વીકારતાં, નીતિની દૃષ્ટિએ ઊભી થતી મુશ્કેલીમાંથી અર્ધી તો આ રીતે ચાલી જાય છે, ખાસ કરીને આ પ્રશ્નમાંથી જેનો જવાબ જ આપી શકાય તેમ નથી તે મુદ્દા પૂરતી-કે નીતિમાન ઈશ્વર અનીતિ કેવી

રીતે રચી શકે, પોતે મુક્ત રહી જગતને યાતનામાં કેમ રિબાવી શકે. હવે એ મુદ્દો રહી શકતો નથી, એવો પ્રશ્ન પણ હવે કરી શકાતો નથી. હું બીજાઓ પ્રત્યે ક્રૂર બનું, તેમને યાતનાઓથી રિબાવું અને પોતે તો એ યાતનાઓથી અલિપ્ત જ રહું, અથવા તો એ યાતનાઓમાં ભાગ પડાવું તોપણ તે પાછળથી, યાતનાઓનું સર્જન કરવા બદલ પશ્ચાતાપ દર્શાવીને, યા તો રિબાતાં પ્રાણીઓ પ્રત્યે મોડી મોડી દયા બતાવીને; આ એક એવી વસ્તુ છે અને હું પોતે જ વિશ્વમાં સર્વસ્વ હોઈ, મારી જાત ઉપર જ યાતના વહોરી લઉં એ બીજી વસ્તુ છે. હવે હું અન્ય ઉપર ક્રૂરતા કરું છું, અત્યાચાર કરું છું એવો આરોપ નહિ મૂકી શકાય. આ રીતે જોઈએ તોપણ નૈતિક શુભાશુભની દૃષ્ટિએ હજી થોડીએક ગૂંચ તો રહી જ જાય છે. આ આનંદરૂપ પ્રભુ કલ્યાણરૂપ અને પ્રેમરૂપ પણ છે જ, વળી તે કંઈ યંત્ર જેવા જડ નથી પણ સ્વતંત્ર અને જ્ઞાનયુક્ત છે, અશુભ અને યાતનાનો અસ્વીકાર કરવાની તેને સંપૂર્ણ સત્તા છે તો પછી એ સચ્ચિદાનંદમાં અશુભ અને યાતના હોવાં જ શા માટે જોઈએ? પણ આ રીતે વસ્તુનો વિચાર કરવામાં પણ ભૂલ થાય છે. કારણ કે આ સવાલ કરતી વેળાએ આપણે એક મર્યાદિત વિચાર આખા વિશ્વને લાગુ પડતો હોય તેમ માનીને ચાલીએ છીએ. ઈશ્વરના આનંદમય સ્વરૂપમાં આપણે પ્રેમ અને કલ્યાણના ખ્યાલો દાખલ તો કરી દીધા છે પરંતુ આપણે એ સ્મરણમાં રાખવાનું છે કે એ ખ્યાલો જગતને જે ભેદપ્રધાન અને દ્વૈત દૃષ્ટિથી આપણે જોઈએ છીએ તેમાંથી જ માત્ર નિપજેલા છે. પ્રેમ અને કલ્યાણનો વિચાર પ્રાણી પ્રાણી વચ્ચેના સંબંધને આધારે જ કેવલ ઊભો થયેલો છે. એ વાત સ્મરણમાં રાખ્યા વિના આ પ્રેમ અને કલ્યાણના ખ્યાલોનો જ હમેશાં આશ્રય લઈ આપણે વિશ્વનો પ્રશ્ન વિચારવા બેસીએ છીએ. પણ એ ભૂલી જઈએ છીએ કે વિશ્વનો પ્રશ્ન તો એક જુદી જ વસ્તુ છે. વિશ્વના મૂળમાં આપણે એક એવી વસ્તુ મૂકી છે કે જેમાં કોઈ પણ પ્રકારનું દ્વૈત કે ભેદતત્ત્વ નથી, એ પોતે જ અખિલ વિશ્વરૂપ એકમાત્ર વસ્તુ છે. એટલે પ્રથમ તો આપણે એ જોવું જોઈએ કે આ પ્રશ્ન એના મૂળ રૂપમાં, ભેદોની અંદર રહેલા અભેદના-અદ્વૈતના પાયા ઉપર કેવો દેખાય છે, અને એ અદ્વૈતને આધારે તેનો કેવો ઉકેલ આવી શકે છે. જગતને એમ તેના મૂળ સમગ્ર સ્વરૂપમાં જાણી લઈશું તો પછી તેનાં વિવિધ અંગોનો, તેમાંથી ઉત્પન્ન થયેલી વિધવિધ પરિસ્થિતિઓનો-દા.ત. ભેદ અને દ્વૈતના પાયા ઉપર રચાયેલા પ્રાણી પ્રાણી વચ્ચેના સંબંધનો વિચાર સમુચિત રીતે કરી શકીશું.

વિશ્વને તેના સમગ્ર રૂપમાં સમજવું હશે તો આપણે પ્રથમ તો આપણી માનવ દૃષ્ટિના વર્તુળમાંથી બહાર નીકળવું પડશે, આપણને દેખાતી વિષમતાની રીતે જ જગતનો વિચાર કરવાની ટેવ છોડવી પડશે. એ રીતની તટસ્થતા અને વિશાળતા જો મેળવી શકીશું તો પ્રથમ તો એ વાત સ્વીકારવી પડશે કે આપણું આ જગત કોઈ પણ પ્રકારે નૈતિક રૂપનું જગત નથી. માનવની બુદ્ધિ વિશ્વની તમામ પ્રકૃતિમાં કોઈક નૈતિક ભાવના જોવા મથ્યા કરે છે. પણ એ રીતે તો આપણે પોતે અમુક અંગત અનુભવોમાંથી મેળવેલી દૃષ્ટિએ જ આખા જગતનો ન્યાય તોળવા મથીએ છીએ. આપણે એમ માની લઈએ છીએ કે આખું વિશ્વ માનવની રીતે જ, માનવીની રૂઢ અને મર્યાદિત ચેતનાની રીતે જ ગતિ કરે છે. આપણને ખબર નથી પડતી કે આપણી આ મનોવૃત્તિ જ આપણને જગતનું સંપૂર્ણ દર્શન મેળવવામાં, સાચું જ્ઞાન પ્રાપ્ત કરવામાં મોટામાં મોટું વિઘ્ન બને છે. આ રીતે આપણે હાથે કરીને, જાણીબૂઝીને, જિદ્દીપણે આપણા માટે ગૂંચવાડા ઊભા કરીએ છીએ. ખરેખર, એ ઘણી દયાજનક સ્થિતિ છે. જુઓ કે જડ પ્રકૃતિમાં નીતિ જેવી કોઈ વસ્તુ નથી. ત્યાં તો માત્ર સુનિશ્ચિત ક્રિયાઓનું પરસ્પર સંયોજન થતું રહે છે, એ જ એનો ધર્મ છે. જડતત્ત્વનો ધર્મ શુભ કે અશુભનો કશો ખ્યાલ રાખતો નથી. એ માત્ર શક્તિનો જ સ્વીકાર કરે છે. એ શક્તિ પદાર્થોને સરજે છે, વ્યવસ્થિત કરે છે, જાળવી રાખે છે. અને એ જ શક્તિ પાછી કશાયે પક્ષપાત વિના, નીતિ-અનીતિથી પર રહી, વસ્તુઓનું વિસર્જન કરે છે, વિનાશ કરે છે. જડ પ્રકૃતિને પ્રેરનાર વસ્તુ માત્ર એક જ છે, તેમાં રહેલો ગૂઢ સંકલ્પ, અને પોતામાંથી રચેલાં સર્જનો અને વિસર્જનો દ્વારા એ સંકલ્પને લાધતી મૂક તૃપ્તિ. પશુની કિંવા પ્રાણની સૃષ્ટિ પણ નીતિરહિત છે. જો કે નીતિની વૃત્તિને પ્રગટ થવા માટે આલંબન મળે એવી કાચી સામગ્રી એ પોતાના વિકાસક્રમમાં ધીરે ધીરે નિપજાવતી જાય છે. એ સામગ્રીમાંથી છેવટે માનવ પ્રાણી નીતિને ખીલવે છે. પ્રાણની બધી ક્રિયાઓ નીતિરહિત જ છે. પવનની આંધી પારાવાર નુકસાન કરે છે, અગ્નિ પીડે છે, મારી નાખે છે, પણ તેટલા માટે આપણે તેમનો કંઈ દોષ કાઢતા નથી. એ જ રીતે વાઘ પોતાના શિકારને મારી ખાય છે માટે તેને પણ આપણે દોષપાત્ર ગણતા નથી. એટલું જ નહિ, આંધીમાં, અગ્નિમાં કે વાઘમાં રહેલી સચિત્ શક્તિ પણ પોતાનો કોઈ દોષ થાય છે એમ ગણતી નથી. અન્ય પ્રત્યે, અને તેથીયે વિશેષ તો પોતા પ્રત્યે દોષવૃત્તિ, તિરસ્કારવૃત્તિ

થવી એમાંથી જ સાચી નીતિનો આરંભ થાય છે. માત્ર બીજાઓના દોષ જોવા, અને એ જ ન્યાય આપણને પોતાને લાગુ ન કરવો એમાં સાચી નીતિ નથી. એમાં તો માત્ર નીતિની ભાષાનો જ પ્રયોગ કરાય છે, એ ભાષાનો આશ્રય લઈ આપણે માત્ર આપણને ન ગમતી કે નુકસાન કરતી વસ્તુ પ્રત્યે આપણો અણગમો કે જુગુપ્સા જ વ્યક્ત કરીએ છીએ. એ સાચું નૈતિક મૂલ્યાંકન નથી હોતું.

આ પ્રકારની જુગુપ્સા કિંવા અણગમાની વૃત્તિ એ છે નીતિનું પ્રથમ આરંભસ્થાન, પરંતુ એ વૃત્તિ પોતે જ નૈતિક રૂપની છે એમ નથી. જુગુપ્સા વૃત્તિ તો પ્રાણીઓમાં પણ છે. એક દુર્બળ હરણ વાઘથી ડરે છે, અથવા તો એક જોરાવર પ્રાણી તેના પર હુમલો કરનાર સામે ક્રોધથી ધૂંઆપૂંઆ થઈ જાય છે. એ પ્રાણમાં પ્રગટતી જુગુપ્સા છે. વ્યક્તિમાં રહેલો જીવન-આનંદ પોતાના આક્રમણકાર સામે આ રીતે પ્રતિભાવ અનુભવે છે. પણ એ જુગુપ્સાએ હજી નીતિનું રૂપ લીધેલું નથી હોતું. પ્રાણીમાં જેમ જેમ મનોમય ચેતના ખીલતી જાય છે તેમ તેમ આ જુગુપ્સા વધારે સૂક્ષ્મ બનતી જાય છે, તે ઘૃણા, અણગમો, અસંમતિ એવાં રૂપ લે છે. આપણને હાનિકારક અને વિરોધક હોય તેવી વસ્તુઓ પ્રત્યે અસંમતિ, આપણને સંતોષકારક અને આહલાદક હોય તેવી વસ્તુઓ પ્રત્યે સંમતિ, એ બંને સૂક્ષ્મ બનતી બનતી શુભ અને અશુભના, ઈષ્ટ અને અનિષ્ટના વિચારોનું રૂપ લે છે. એ શુભાશુભની કલ્પના આપણા અંગત સંબંધથી શરૂ થઈ ધીરે ધીરે વિશાળ બનતી જાય છે. આપણું પોતાનું જ શુભાશુભ નહિ, પરંતુ આપણી જાતિનું શુભાશુભ, આપણાથી ભિન્ન વ્યક્તિઓનુ, અન્ય જાતિઓનું શુભાશુભ, એમ વધતી વધતી તે છેવટે એક સર્વસામાન્ય શુભ અને સર્વસામાન્ય અશુભનું રૂપ લે છે. પરંતુ આ વિકાસપટમાં તે કલ્પનાનું મૂળ રૂપ તો તેનું તે જ રહે છે. માણસ ઈચ્છે છે પોતાનું પ્રાકટ્ય, પોતાનો વિકાસ, જીવનની સચિત્ શક્તિનો પોતાની અંદર ક્રમશઃ આવિર્ભાવ; એ છે માનવનો મૂળ આનંદ. મનુષ્યના આ આત્મ-પ્રાકટ્યને, આત્મવિકાસને, પોતાની વિકાસશીલ ચેતનાની પરિતૃપ્તિને જે કાંઈ બાધા પહોંચાડે છે તે તેને મન અશુભ છે; જે કોઈ વસ્તુ આ પ્રાકટ્યમાં વિકાસ અને તૃપ્તિમાં સહાયક બને છે, ટેકો આપે છે, તેને ઉચ્ચ કરે છે, વૃદ્ધિ આપે છે, ઉદાત્ત કરે છે તે બધું તેને મન શુભ છે. શુભાશુભની આ ભાવનામાં માત્ર એક જ વસ્તુ બદલાતી રહે છે, મનુષ્યની વિકાસની કલ્પના. એ હમેશાં

એની એ રહેતી નથી. તે ક્રમે ક્રમે વધુ ને વધુ ઉચ્ચ અને વિશાળ થતી જાય છે, પોતાના મર્યાદિત વ્યક્તિત્વમાંથી બહાર નીકળી બીજાઓને પણ પોતામાં સમાવે છે અને છેવટે આખા વિશ્વને તે પોતામાં લઈ લે છે.

અર્થાત્, નીતિ એ વિશ્વના વિકાસક્રમમાં આવતી અનેક ભૂમિકાઓમાં માત્ર એક ભૂમિકા છે. વિકાસક્રમની સર્વ ભૂમિકાઓમાં જો કોઈ એક સામાન્ય તત્ત્વ હોય તો તે છે વિશ્વરૂપ બનેલા સચ્ચિદાનંદની પોતાના આવિર્ભાવ માટેની તીવ્ર ઝંખના. વિશ્વ-વિકાસની કોઈ પણ ભૂમિકા લો, ત્યાં સચ્ચિદાનંદ પોતાનું પ્રાકટ્ય સાધવા હમેશાં પ્રયત્નશીલ દેખાશે. આ ઝંખના આરંભમાં નીતિરહિત હોય છે, પ્રાણીમાં તે ઉપનૈતિક બને છે, મનુષ્ય જેવા બુદ્ધિવાળાં પ્રાણીઓમાં તે નીતિ-વિરોધક પણ બને છે, કારણ કે જે નુકસાન આપણે પોતાને થવા દેવા તૈયાર નથી હોતા તે બીજાને થવા દેવામાં આપણને વાંધો નથી હોતો. આ વિષયમાં મનુષ્ય હજી પણ અર્ધનીતિમાન અવસ્થામાં જ છે. હવે મનુષ્યથી આગળ જઈને વિચારીશું તો જણાશે કે જેવી રીતે આપણી નીચે ઉપ-નૈતિક ભૂમિકાઓ આવેલી છે તેવી રીતે આપણી ઉપર પણ એવી ભૂમિકા હોવાનો સંભવ છે કે જે પર-નૈતિક હશે, જેમાં નીતિની કશી આવશ્યકતા નહિ હોય. -અને એ પણ સંભવિત છે કે આપણે આખરે ત્યાં પહોંચીએ પણ ખરા. બેશક, માનવજાતિ માટે આ નીતિભાવના, નૈતિક વૃત્તિ અત્યંત મહત્ત્વની છે. એના વિકાસમાં એ મહત્ત્વનું સાધન છે. એ વૃત્તિનો આશ્રય લઈ મનુષ્ય, એક નિમ્ન પ્રકારના સંવાદમાંથી તથા વિશ્વરૂપતામાંથી બહાર નીકળી તેથી ઉચ્ચ પ્રકારના સંવાદમાં તથા વિશ્વરૂપતામાં પહોંચે છે. આ નિમ્ન કોટિની સંવાદમયતા અને વિશ્વરૂપતા અચેતનતાના પાયા ઉપર ઊભેલી હતી. એ અચેતન અવસ્થામાં એક પ્રકારે બધું સંવાદપૂર્ણ અને ભેદરહિત હતું, વિશ્વરૂપ હતું. પ્રાણતત્ત્વે આવીને એ સંવાદને તોડી નાખ્યો. પ્રાણનો ઉદય થતાં પદાર્થોમાં વ્યક્તિત્વનું ભાન વધુ જાગ્રત બન્યું, વ્યકિત વ્યક્તિ વચ્ચે વિખવાદ વધ્યા. વિશ્વમાં મનુષ્યનો ઉદય થતાં, અને મનુષ્યમાં જ્ઞાનનો ઉદય થતાં સંવાદની ઝંખના પાછી વધુ ઉચ્ચ પ્રકારે પ્રગટ થઈ. તેની આગળ નીતિનું તત્ત્વ સ્પષ્ટ થયું અને તેણે આખા વિશ્વ સાથે જ્ઞાનપૂર્વક એકતા સાધવાની ઝંખના સેવવા માંડી. એ ઝંખનામાંથી વિશ્વમાં એક ઉચ્ચતર કોટિની સંવાદિતા અને વિશ્વરૂપતા પ્રગટ થશે. પણ માનવજાતિ એ ધ્યેય સિદ્ધ કરી લેશે ત્યારે આ સાધનનો-નીતિનો ઉપયોગ જરૂરી નહિ રહે, એટલું જ નહિ એ નવી

ભૂમિકામાં નીતિનો પ્રયોગ આપણે કરવા માગીશું તોપણ કરી શકાશે નહિ. કારણ કે, પરિસ્થિતિમાં જો અમુક પ્રકારના વિરોધી તત્ત્વો હોય તો જ નીતિનું અસ્તિત્વ શક્ય બને છે, અને એ નવી ઊર્ધ્વ અવસ્થામાં એવી તો ઉચ્ચ કોટિનો, અંતિમ કોટિનો સમન્વય અને સંવાદ પ્રગટ થયો હશે કે જેમાં આ સર્વ વિરોધો સ્વાભાવિક રીતે જ ઓગળી ગયા હશે, અદૃશ્ય થઈ ગયા હશે.

આ રીતે જોતાં જો નીતિની દૃષ્ટિ વિકાસક્રમમાં અમુક અવસ્થા પૂરતી જ કામની હોય–ભલે પછી વિશ્વરૂપતાની એક નિમ્ન કોટિમાંથી ઉચ્ચ કોટિમાં જવા માટે તે અનિવાર્ય પણ હોય–તો પછી આખા વિશ્વની સમસ્યાના ઉકેલ માટે તે મદદરૂપ નહિ થઈ શકે. આપણે માત્ર એટલું જ સ્વીકારી શકીએ કે આ વિશ્વના ઉકેલમાં મદદ કરતી અનેક વસ્તુઓમાં તે પણ એક છે. નીતિ એક કામચલાઉ વસ્તુ છે, જગતને સમજવાની એક અર્ધવિકસિત દૃષ્ટિ છે. જગતનું અંતિમ સત્ય એ જ છે એમ જો સિદ્ધ કરવું હશે તો તે માટે જગતની બધી હકીકતોને પહેલાં તો જૂઠી ઠેરવવી પડશે, અને આ પૂર્વે થઈ ગયેલા અને હવે પછી થનારા વિકાસક્રમનો સઘળો અર્થ મચડી નાખવો પડશે. જગતમાં ત્રણ સ્તરો છે, નીતિનો, નીતિની નીચેનો, નીતિથી ઉપરનો. આપણે શોધવાનું એ છે કે આ ત્રણેમાં સમાન તત્ત્વ કયું છે. માત્ર એ રીતે જ આ જગતનો પ્રશ્ન ઉકેલી શકાશે.

આપણે ઉપર જોઈ ગયા કે આ ત્રણે સ્તરોમાં સમાન તત્ત્વ છે સચ્ચિદાનંદની નિજ આવિર્ભાવ અર્થેની તીવ્ર ઝંખના. સચિત્ એવું સત્ પોતે અનેક રૂપો ધારણ કરી વિશ્વ રૂપે પ્રગટ થાય છે, એ વિકાસમાં પોતાનો આનંદ શોધે છે, અને વિકાસક્રમની હરેક ભૂમિકા પર તે તે ભૂમિકાની વિશિષ્ટ તૃપ્તિ તે પ્રાપ્ત કરે છે. એ તો દેખીતું જ છે કે સત્ તત્ત્વે–બ્રહ્મે પોતાની એ સ્વયંતૃપ્ત આનંદાવસ્થામાંથી જ વિશ્વનું સર્જન આરંભ્યું છે. એ આનંદ એને માટે સહજાવસ્થા છે. એ આનંદ તેનાથી કદી અલગ થતો નથી, એ આનંદના પાયા ઉપર જ તેની બધી પ્રવૃત્તિ મંડાય છે. પરંતુ પોતાના આવિર્ભાવમાં તે હમેશાં નવાં નવાં રૂપો ધારણ કરવા ઇચ્છે છે. અને એ ક્રિયામાં, નીચેના થરમાંથી ઉપરના થરમાં જતી વેળા એક વચલી અવસ્થાના દુઃખ અને પીડાનું તત્ત્વ પ્રવેશ પામે છે. એ તત્ત્વ બ્રહ્મના મૂળ સ્વરૂપથી ઊલટું જ હોય તેવું દેખાય છે. જગતમાં આનંદને અંગે જે સમસ્યા ઊભી થઈ છે તે મૂળે આટલી જ છે.

વિરોધી દેખાતા છેડાઓ–બ્રહ્મ અને જડતત્ત્વ–વચ્ચે બહારનો ભેદ છતાં વાસ્તવિક એકતા આવી રહેલી છે એનો સ્વીકાર આપણે પણ ઉપનિષદની પેઠે કરીશું તો જ એમાંથી બચી શકીશું. એટલે કે 'અન્ન પણ બ્રહ્મ છે', એ પ્રાચીન સૂત્રનો તથા સ્થૂલ વિશ્વ ભગવાનનું સ્થૂલ શરીર છે એ રૂપકનો પૂરેપૂરો સ્વીકાર આપણે કરવો જોઈએ. જીવનના આ બે છેડાઓ પરસ્પર એટલા બધા તો વિરોધી મનાય છે કે તેમની વચ્ચે ચડતી ઊતરતી ચેતનાની શ્રેણીઓ આવી રહેલી છે તેનો પણ આપણે સ્વીકાર કર્યે જ છૂટકો છે. નહિ તો એ બે તત્ત્વો આપણને ન ટાળી શકાય એવા વિરોધવાળાં છતાં હમેશાં સાથે રહેવાને બંધાયેલાં લાગશે અને એમનો છુટકારો જ્યારે તેઓ સદાને માટે એક બીજાથી છૂટાં પડશે ત્યારે જ શક્ય લાગશે. એ બન્નેને એક ગણવાં, એક માનવાં, એકને બીજાના રૂપે વર્ણવવું એ તો કૃત્રિમ જ ગણાય; વ્યવહારથી અને હકીકતથી એ માન્યતા વેગળી છે. એ તો બુદ્ધિને કોરાણે મૂકે એવા અગમ્યવાદનો સ્વીકાર કરીએ તો જ શક્ય છે.

હવે જો આપણે કેવળ સચેતન તત્ત્વ અને અચેતન જડ પદાર્થ કે શક્તિ બેમાંથી એકને સ્વીકારીશું, અર્થાત્ એકને આપણે 'આત્મા', 'ભગવાન' વગેરે નામો આપીશું તથા બીજાને પ્રકૃતિ કહીશું તો અચૂક પરિણામ એ આવશે કે કાં તો આપણે ઈશ્વરનો ઈનકાર કરવો પડશે યા તો પ્રકૃતિ તરફ પૂંઠ ફેરવવી પડશે. જીવનમાં એવો વખત આવે જ છે જ્યારે એ બેમાંથી એકની પસંદગી, વિચાર વડે તથા જીવનને માટે કરી લેવી પ્રાપ્ત થાય છે. જ્યારે બુદ્ધિ વડે પસંદગી કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે બુદ્ધિ ભગવાનને કલ્પના વડે સર્જિત એક વસ્તુ ગણીને તે એક ભ્રમ છે એમ માને છે, યા તો જડ પદાર્થને ઈન્દ્રિયોએ ઉત્પન્ન કરેલી ઈન્દ્રજાળ તરીકે ગણી કાઢે છે. જો પ્રાણશક્તિને પસંદગીનું કાર્ય સોંપવામાં આવે છે તો સૂક્ષ્મ ચેતન તત્ત્વનો સ્વીકાર કરતાં તે તિરસ્કારપૂર્વક જીવનથી દૂર ભાગે છે યા તો આત્મવિસ્મૃતિની મસ્તીમાં જાતનું ભાન ભૂલી જાય છે, અથવા તો પોતાની અમરતાનો ઈનકાર કરીને ભગવાનથી સેંકડો કોશ વેગળી રહીને તે પાશવતાની સમીપ જાય છે. આ રીતે જો જોઈએ તો પુરુષ અને પ્રકૃતિ વચ્ચે એટલે કે સાંખ્યવાદનો જ્ઞાનજ્યોતિ વડે પ્રકાશિત એવો નિષ્ક્રિય આત્મા અને યંત્રની પેઠે કાર્ય કરતી શક્તિ યાને પ્રકૃતિ વચ્ચે મેળ મેળવનાર કોઈ પણ તત્ત્વ છે જ નહિ એવું આપણે સ્વીકારવું પડે, એટલે કે એ બન્નેના વિરોધી, જ્ઞાનનો ઈનકાર કરનાર અજ્ઞાનમય તમોગુણ અને શક્તિનો ઈનકાર કરનાર

આપણે એને કેવી રીતે ઉકેલીશું? શું આપણે એમ કહીશું કે જગતનો આદિ અને અંત સચ્ચિદાનંદમાં નહિ પણ એક શૂન્યમાં જ રહેલો છે? એ શૂન્ય એક તટસ્થ અભાવ રૂપ છે, એ પોતે તો કશું જ નથી, પરંતુ, સત્ અને અસત્, ચેતના અને અચેતના, આનંદ અને નિરાનંદ એ બધાંની ગૂઢ શક્યતાઓ તેમાં ભરેલી છે. આ રીતે બધી વસ્તુઓનો ખુલાસો આવી શકે છે. ભલે, આ જવાબ આપણને ગમી જતો હોય તો સ્વીકારી લઈએ. પરંતુ આપણે એ સ્મરણમાં રાખીએ કે આ ઉત્તર દ્વારા આપણે ખરેખર તો કશો જ ખુલાસો કરી શકતા નથી, માત્ર બધી જ વસ્તુઓ આપણે જેમની તેમ સ્વીકારી લીધી છે. આ શૂન્ય સર્વ શક્યતાઓથી ભરેલું છે એમ કહેવું એ નર્યો વિરોધાભાસ છે, શબ્દોનો તેમ જ તત્ત્વનો. આ જવાબથી તો એક નાનો વિરોધ ઉકેલવા માટે આપણે એક મોટો વિરોધ ઊભો કર્યો છે, જગતમાંના વિરોધના તત્ત્વને વધારી વધારીને છેલ્લી હદે પહોંચાડી દીધું છે. શૂન્ય એટલે તો કેવલ અભાવ, એમાં કશું જ હોઈ ન શકે, કોઈ પણ ગૂઢ શક્યતા ન હોઈ શકે. જેમાં વિશ્વની સર્વ શક્યતાઓ સમાન ભાવે અપ્રગટ રૂપે પડેલી રહે છે તે તો છે વિશ્વના નિર્માણની પૂર્વાવસ્થા, નિરાકાર અને અરૂપ એવું तमस–chaos. શૂન્ય દ્વારા જગતનો ખુલાસો આપીને આપણે માત્ર એટલું જ કર્યું કે આ કેવલ અભાવની અંદર આ તમસને ગોઠવી દીધું, એ ત્યાં કેવી રીતે આવ્યું તેનો કશો ખુલાસો કર્યા વગર જ! એટલે આપણે શરૂઆતમાં સચ્ચિદાનંદની જે કલ્પના કરી છે તેનો જ પાછો આશ્રય લઈએ અને એ આધારે આ પ્રશ્નનો કોઈ વધુ સંપૂર્ણ ઉકેલ મળી શકતો હોય તો જોઈએ.

એ વિચારણામાં આપણે પ્રથમ તો એક આ વસ્તુ સમજવાની છે. વિશ્વરૂપ ચેતનાનો વિચાર કરતી વેળા આપણે જોયું હતું કે એવી ચેતના માનવની મનોમય બાહ્ય જાગ્રત ચેતના કરતાં જુદા પ્રકારની, વધુ મૂળરૂપ અને વિશાળ ચેતના હોવી જોઈએ. એ જ પ્રમાણે બ્રહ્મનો વિશ્વરૂપ આનંદ પણ આ માનવપ્રાણીના ઈન્દ્રિયજન્ય અને લાગણીપ્રધાન આનંદ કરતાં ભિન્ન પ્રકારનો, વધુ મૂળરૂપ અને વિશાળ આનંદ છે. સુખ, હર્ષ, આનંદ, મનુષ્ય જે અર્થમાં આ શબ્દો વાપરે છે તે મુજબ, મર્યાદિત અને ક્ષણજીવી પ્રાસંગિક અનુભવો છે. દુઃખ, શોક આદિ આથી ઊલટા અનુભવો પણ તેવા જ મર્યાદિત અને પ્રાસંગિક અનુભવો છે. એ બંને પ્રકારના અનુભવો આપણને પડી ગયેલા અમુક અભ્યાસને લીધે જ થાય છે, એમની ઉત્પત્તિ આપણાથી બહારના પદાર્થોમાં રહેલી છે.

સત્ ચિત્ બ્રહ્મનો આનંદ આ અનુભવ કરતાં એક જુદી જ વસ્તુ છે. એ વ્યક્તિગત નહિ પણ વિશ્વરૂપ અનુભૂતિ છે, એ અપરિમિત અને સ્વયંભૂ અનુભૂતિ છે. એ આનંદ કોઈ અમુક કારણોના કાર્ય રૂપે પ્રગટ થતો નથી. એને ઉત્પન્ન થવા માટે તેનાથી કોઈ ભિન્ન ભૂમિકાની જરૂર નથી રહેતી. ઊલટું, જગતની બધી ભૂમિકાઓ એની ભૂમિકા ઉપર મંડાયેલી છે, સુખ, દુઃખ અને બીજા તટસ્થ અનુભવો એમાંથી જન્મે છે. આ **सत्** રૂપ બ્રહ્મનો આનંદ **भवत्** રૂપ બ્રહ્મનો આનંદ બનવા નીકળે છે, પોતાને વિશ્વરૂપે પ્રગટ કરવા ઈચ્છે છે ત્યારે તે શક્તિ રૂપે ગતિમાન બને છે. વળી એ શક્તિની ગતિ અનેક જુદાં જુદાં રૂપો લે છે. સુખ અને દુઃખ એ શક્તિની ગતિના ઊલટાસુલટી પ્રવાહો છે. આ આનંદ જડતત્ત્વમાં અવચેતન રૂપે છે, મનથી ઉપર અતિચેતન રૂપ છે. મન અને પ્રાણની અંદર એ જીવન રૂપે પ્રગટ થઈને પોતાને વિષે વધુ ને વધુ સચેતન બનતો જાય છે, અને એવી વિકસિત ચેતનામાં તે પોતાનો સાક્ષાત્કાર શોધી રહે છે. એ આનંદ જ્યારે પ્રથમ વાર વિશ્વમાં પ્રગટ થાય છે ત્યારે તે દ્વૈત રૂપ લે છે. તેમાં અશુદ્ધિ હોય છે, સુખ અને દુઃખના બે છેડાની વચ્ચે તેની ગતિ રહે છે. પરંતુ એનું લક્ષ્ય ત્યાં જ અટકી જતું નથી. એ વધી વધીને કોઈપણ કારણ અથવા આલંબનથી સ્વતંત્ર એવા સ્વયંભૂ વિશુદ્ધ આનંદ રૂપે પ્રગટ થવા માગે છે. જેવી રીતે સચ્ચિદાનંદનું સત્ તત્ત્વ વ્યક્તિની અંદર વિશ્વરૂપ સત્નો સાક્ષાત્કાર કરવા નીકળે છે, એમાંનું ચિત્ તત્ત્વ મન અને શરીરના રૂપમાં રૂપથી પર એવી ચેતનાને સાક્ષાત્ કરવા માગે છે, તેવી જ રીતે સચ્ચિદાનંદનું આનંદ-તત્ત્વ જીવનના વિવિધ વિષયો અને અનુભૂતિઓના પ્રવાહની અંદર એક વિશ્વરૂપ, સ્વયંભૂ અને વિષયરહિત-વસ્તુના આલંબન વિનાના આનંદને સાક્ષાત્ કરવા માગે છે. આપણે અત્યારે તો આનંદ મેળવવા માટે વિષયોની શોધમાં નીકળવું પડે છે. વિષયોમાંથી આલંબન અને ઉદ્દીપન પામીને આપણો રસ પ્રગટ થાય છે, અને તે ક્ષણિક પ્રકારનો જ હોય છે. આપણે જ્યારે વિકાસની અંતિમ સ્થિતિએ પહોંચીશું ત્યારે આપણે વિષયોની શોધમાં નીકળવાનું નહિ રહે. આપણે વિષયોને આધીન નહિ પણ એ વિષયો આપણને આધીન બનશે. એ વિષયોમાંથી આપણો શાશ્વત આનંદ જન્મ નહિ પામે પણ એ વિષયો આપણા એ આનંદના પ્રતિબિંબરૂપ બની રહેશે.

મનુષ્યની અહંપ્રધાન અને જડતત્ત્વના અંધારપટમાંથી બહાર નીકળેલી મનોમય ચેતનાની અંદર હજી આ પરમ આનંદ પૂર્ણ રૂપે પ્રગટ થયો નથી. એ હજી

અભાવાત્મક છે, અર્ધગુપ્ત છે, અવચેતનની છાયામાં છે. એ એક જાળાઝાંખરાંથી ઢંકાયેલી ફળદ્રુપ જમીન જેવો છે, એના ઉપર વાસનાના ઝેરી છોડ ગીચોગીચ ઊગી નીકળેલા છે. અને એ છોડ ઉપર બેઠેલાં ફૂલફળ–આપણા અહંપ્રધાન જીવનનાં સુખ અને દુઃખ પણ પાછાં ઓછાં ઝેરી નથી. આ વાસનાવૃક્ષોને જ્યારે આપણામાં ગુપ્ત રીતે સક્રિય પડેલી દિવ્ય સચિત્ શક્તિ ભરખી જશે, ઋગ્વેદની ઉપમા પ્રમાણે જ્યારે દિવ્ય અગ્નિ પૃથ્વીનાં રૂવાંને બાળી નાખશે* ત્યારે સુખ અને દુઃખના મૂળમાં ગુપ્ત પડેલી, સુખ અને દુઃખનું મૂળ કારણ અને ગૂઢ તત્ત્વ એવી, સુખ અને દુઃખમાં રસ રૂપે વહેતી પેલી મૂળ વસ્તુ–સચ્ચિદાનંદનો આનંદ નવાં રૂપોમાં પ્રગટ થશે. પણ એ રૂપો વાસનાનાં નહિ હોય. એમાં એક સ્વયંભૂ પરમ તૃપ્તિ હશે. અને એ પરમ તૃપ્તિ મનુષ્યના મર્ત્ય સુખને સ્થાને પરમાત્માના મહા અમર રસની સ્થાપના કરશે. મનુષ્યના ક્ષણજીવી સુખનું આ પરમ રસમાં નિર્વાણ સર્વથા શક્ય છે. કેમકે મનુષ્યનાં આ સર્વ સંવેદનો અને લાગણીઓ–સુખની તેમ જ દુઃખની–મૂળે તો બ્રહ્મના આનંદ રૂપે જ છે. એ આનંદને પ્રગટ કરવા જ તેમની બધી મહેનત છે, પણ એ મહેનત હજી નિષ્ફળ રહી છે. એ નિષ્ફળતાનું કારણ છે ભેદ, આત્મા વિષેનું અજ્ઞાન અને અહંકાર.

* अग्निर्ह दाति रोमा पृथ्वियाः ।

ऋग्वेद १.६५.८

પ્રકરણ ૧૨

વિશ્વનું આનંદરૂપ : પ્રશ્નનો ઉકેલ

तद्ध तद्वनं नाम तद्वनमित्युपासितव्यम्...

केन उपनिषद् ४.६

એ જે વસ્તુ છે તેનું નામ છે આનંદ. આનંદ રૂપે આપણે તેની ઉપાસના અને સાધના કરવી જોઈએ.

કેન ઉપનિષદ ૪.૬

આપણે જે પ્રશ્નનો વિચાર કરી રહ્યા છીએ એનું સાચું નિરાકરણ વિશ્વની અંદર ગુપ્ત રહેલા એક અવિચ્છેદ્ય આનંદતત્ત્વના દર્શનની અંદર આવેલું છે. એ આનંદતત્ત્વના આપણને બાહ્ય રૂપે અથવા તો સપાટી ઉપર જે કંઈ અનુભવો થાય છે તે એ ગહન અનંત સાગરનાં મોજાં કે ફીણ જેવા છે. એની ભાવાત્મક, અભાવાત્મક યા તો તટસ્થ લીલારૂપ છે. પદાર્થમાત્રનું મૂળ સ્વરૂપ છે એક અનંત અભેદ્ય એવું સત્. એ સત્‌ની જે મૂળભૂત પ્રકૃતિ કે શક્તિ છે તે છે એક આત્મ-ભાનવાળા ચૈતન્યની અસીમ અવિનાશી શક્તિ. અને એ આત્મ-ચિતિનો જે મૂળભૂત સ્વભાવ છે અથવા તે તેને પોતા વિષે જે જ્ઞાન છે તે છે ચૈતન્યનો એક અનંત અવિચ્છેદ્ય આનંદ. આ આત્મસત્તા પોતાનો નિજાનંદ સર્વ રૂપોની અંદર અથવા તો રૂપો વિનાની અવસ્થામાં પણ, અનંત અને અભેદ્ય ચેતનાની શાશ્વત જ્ઞાનાવસ્થામાં તેમ જ આ અંતવાળી સાન્ત ભેદરૂપ સૃષ્ટિના અનેક રૂપવાળા આભાસોની અંદર હરહંમેશા જાળવી રાખે છે. આપણો આત્મા પોતાની બાહ્ય ટેવોના બંધનમાંથી તેમ જ પોતાના સભાન જીવનના અમુક ઢાળમાંથી જ્યારે બહાર નીકળી શકે છે ત્યારે જુએ છે કે જડતત્ત્વની સ્થૂલ રીતે દેખાતી અચેતન અવસ્થા પાછળ તો એક અસીમ ચૈતન્ય-શક્તિ, સભર અને સ્થિર રૂપે ઝળૂંબી રહી છે, તેવી જ રીતે તેને એ પણ જણાય છે કે જડતત્ત્વની આ દેખીતી સંવેદનહીન અવસ્થા પાછળ પણ એક અનંત સચેતન આનંદ, અક્ષોભ્ય, ઉત્કટ અને વિશ્વતોમુખી એવો આનંદ રહેલો છે, અને તેની સાથે પોતાની જાતને તે તદ્રૂપ કરવા લાગે છે. આ વિશ્વરૂપ આનંદ આપણો પોતાનો જ

આનંદ છે, આ ચેતના સર્વમાં રહેલી આપણી પોતાની જ ચેતના છે. પણ માત્ર સપાટી પર જાગ્રત રહેતી અને વિચરતી આપણી સામાન્ય જીવનદૃષ્ટિને જ તે આનંદતત્ત્વ અવચેતન પ્રકારનું, ગુપ્ત અને ગૂઢ જેવું લાગે છે. એ આનંદતત્ત્વ વિશ્વના સર્વ પદાર્થોમાં રહેલું છે તેવી જ રીતે તે સર્વ અનુભૂતિઓની પાછળ પણ, સુખ, દુઃખ અને તટસ્થતાના અનુભવોની પાછળ પણ આવી રહેલું છે. જગતની અંદર ગુપ્ત ગૂઢ અને અવચેતન પ્રકારે રહેવા છતાં એ આનંદતત્ત્વ જ જગતના પદાર્થોને અસ્તિત્વમાં આવવા માટે સહાય કરે છે, ફરજ પાડે છે. પદાર્થમાત્ર પોતાના અસ્તિત્વને વળગી રહેવા મથે છે, જગતમાં સર્વત્ર એક પ્રખર જિજીવિષા રહેલી છે તેનું કારણ એ આનંદતત્ત્વ જ છે. એ જિજીવિષા સ્થૂલની ભૂમિકામાં જડતત્ત્વની અવિનાશિતા રૂપે પ્રગટે છે, પ્રાણની ભૂમિકામાં આત્મરક્ષણની વૃત્તિ રૂપે પ્રગટે છે, મનની ભૂમિકામાં અમૃતત્વના ભાન રૂપે પ્રગટે છે. સાકાર બનેલા જીવનની સર્વ વિકાસ ભૂમિકાઓમાં એ અમૃતત્વનું ભાન મોજૂદ રહેલું છે. જીવનમાં આત્મવિનાશની-આપઘાતની વૃત્તિ કદી કદી પ્રગટ થઈ આવે છે તે પણ આ જિજીવિષાનું જ એક ઊલટું રૂપ છે. એ જિજીવિષાને લીધે જ માણસમાં એક ભિન્ન પ્રકારનું જીવન જીવવા માટે આકર્ષણ જન્મે છે, અને પરિણામે વર્તમાન જીવન પ્રત્યે તેને ઘૃણા પ્રગટે છે. અર્થાત્, આનંદ એ જ જીવન છે, સૃષ્ટિના સર્જનનું રહસ્ય, જન્મનું મૂલ આનંદમાં જ છે. જીવન ટકી રહેવાનું કારણ પણ આનંદ જ છે, જીવન જેમાં અંત પામે છે, સૃષ્ટિ જેમાં લય પામે છે તે વસ્તુ પણ આનંદ જ છે. ઉપનિષદ કહે છે, 'ભૂત માત્રનો જન્મ આનંદમાંથી છે, આનંદ દ્વારા જ તેઓ જીવે છે અને વૃદ્ધિ પામે છે, આનંદની અંદર જ તેઓ જઈ મળે છે.'

મૂળ ચૈતન્યતત્ત્વનાં આમ ત્રણ સ્વરૂપો છે. વસ્તુતઃ એ ત્રણે એક જ છે, માત્ર આપણી માનસિક દૃષ્ટિને એ ત્રણ જુદાં જુદાં રૂપે દેખાય છે. આપણી ભેદપ્રધાન ચેતનાના પ્રદેશમાં, માત્ર દેખાવ પૂરતાં જ તે અન્યોન્યથી છૂટાં પાડી શકાય તેવાં દેખાય છે. આ વસ્તુ જો સમજી શકાય તો પછી આપણે પ્રાચીન તત્ત્વદર્શનોનાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓને તેમનું સાચું સ્થાન આપી શકીશું અને એમ થતાં તેમની વચ્ચેના પુરાણા ઝઘડાઓ બંધ થશે, તેઓ પરસ્પર સંયોગ પામી છેવટે એકરૂપ બની રહેશે. દા.ત. આપણે જો જગતને માત્ર બાહ્ય રીતે જ જોઈએ અને પરમાત્માના માત્ર વિશુદ્ધ અનંત, અચ્છેદ્ય, અક્ષર સત્ સાથેનો જ તેનો સંબંધ નિહાળીએ તો પછી જગતને

માયા તરીકે જોવામાં, વર્ણવવામાં, તેમ જ એ રીતે તેનો સાક્ષાત્કાર પામવામાં આપણને કોઈ બાધ નહિ આવે. માયા એના મૂળ અર્થમાં એક આકલન કરતી, ધારણ કરતી ચેતનાનો વાચક શબ્દ છે. એ ચેતના વસ્તુઓને પોતામાં લેવાની, તેમનું માપ કાઢવાની, તેમને મર્યાદામાં બાંધવાની એટલે કે તેમને ઘાટ આપવાની શક્તિ ધરાવે છે. એ શક્તિ વસ્તુઓની રૂપરેખા બનાવે છે, વસ્તુઓનું માપ તૈયાર કરે છે, નિરાકાર તત્ત્વમાંથી આકારો નિપજાવે છે, ચિત્તવ્યાપારો રચે છે. એ ચેતના જે અજ્ઞેય છે તેને જ્ઞેય કરી આપતી દેખાય છે, ભૂમિતિનાં માપ ઉપજાવે છે અને જે મર્યાદારહિત, અપરિમેય છે તેને પરિમેય કરી આપતી દેખાય છે. પછીના કાળમાં એ શબ્દ જ્ઞાન, કૌશલ, બુદ્ધિમત્તાના મૂળ અર્થમાંથી બદલાતો બદલાતો પ્રપંચ, છલ, ભ્રાંતિ એવા નિંદાવાચક અર્થનો બની ગયો- અને દર્શનશાસ્ત્રોએ તેને ભ્રાંતિ યા તો મોહિની શક્તિના અર્થમાં વાપરવા માંડ્યો.

જગત માયારૂપ છે. જગતને કોઈ પણ પ્રકારનું અસ્તિત્વ નથી એ અર્થમાં અવાસ્તવિક નથી, કેમકે, ધારો કે એ આત્માને આવેલું એક સ્વપ્ન હોય તોપણ આત્માની અંદર સ્વપ્ન રૂપે તો હસ્તીમાં રહેલું છે જ. ભલે તેની અંતિમ વાસ્તવિકતા કશી ન હોય તોપણ વર્તમાન પૂરતું તો તે આત્માને માટે સાચી વસ્તુ જ છે. પણ આપણે એમ પણ કહેવું ન જોઈએ કે જગતને કોઈપણ પ્રકારનું શાશ્વત અસ્તિત્વ નથી, અને તે અર્થમાં શાશ્વત દૃષ્ટિએ જોતાં તે મિથ્યા છે. કારણ કે, અમુક સૃષ્ટિઓ અને અમુક અમુક રૂપો સ્થૂલ રીતે ભલે લય પામી જતાં હોય, અને આપણા મનને આવિર્ભાવની વ્યક્ત ચેતનામાંથી તેઓ પાછાં અવ્યક્ત સ્થિતિમાં ચાલ્યાં જતાં દેખાતાં હોય, અને એમ થાય પણ છે જ, છતાં રૂપ પોતે, જગત પોતે શાશ્વત પદાર્થ છે. અવ્યક્ત સ્થિતિમાંથી રૂપ અને જગત પાછાં વ્યકતની સ્થિતિમાં અવશ્ય આવે છે જ. રૂપ અને જગત પોતાના એના એ સ્વરૂપે શાશ્વત કાળ ટકતાં ન હોય તોપણ તેઓ સદાકાળ પુનઃ પુનઃ પ્રગટ થતાં રહે છે જ. રૂપોનો બાહ્ય આભાસ અને ઘાટ હમેશાં નાશ પામતો રહે છે તોપણ તેમનો મૂળ આધાર અને કુલ સરવાળો તો સદાય અનશ્વર જ છે. આપણી પાસે એવો એક પણ ચોક્કસ પુરાવો નથી કે જેને આધારે એમ કહી શકાય કે અમુક એક કાળે તો કોઈ પણ પ્રકારનું જગત નહોતું જ યા તો નહિ જ હોય. આપણે એમ નથી કહી શકતા કે પરમાત્માની સજ્ઞાન શાશ્વત ચેતનાની અંદર કોઈ પણ પ્રકારની ચૈતન્યલીલા અમુક કાળે થતી ન હતી, યા તો

થતી નહિ હોય. આપણામાં એક કંઈક એવું ગૂઢ ભાન રહેલું છે કે આપણી નજરે પડતું આ જગત પેલી એક વસ્તુમાંથી પ્રગટ થઈ શકે છે, પ્રગટ થયેલું જ છે અને હરહમેશ તેમાં પાછું જઈ મળે છે.

છતાં જગત માયારૂપ જ છે, કારણ કે અનંત સત્‌નું-બ્રહ્મનું જે મૂલ સત્ય તત્ત્વ છે તે જગત કરતાં કંઈ જુદું જ છે. જગત તો પ્રભુની સ્વપ્રબુદ્ધ ચેતનાએ સરજેલી માત્ર એક સૃષ્ટિ જ છે, એ પોતે પ્રભુ નથી. બેશક, આ સૃષ્ટિ કોઈ ખાલી અવકાશમાં સરજાયેલી નથી, કોઈ શૂન્યની અંદર કે શૂન્યમાંથી એ નિપજાવાઈ નથી. પરંતુ પરમાત્માના નિજ રૂપના શાશ્વત સત્યની અંદર, એ શાશ્વત સત્યમાંથી તેનું સર્જન થયું છે. પરમાત્માનું જે મૂળ વાસ્તવિક સત્ તત્ત્વ છે તે જ આ સૃષ્ટિનું ઘટક તત્ત્વ છે, એ સત્ તત્ત્વ જ તેનું ઉદ્‌ગમ સ્થાન છે, તેનું આંતર સત્ત્વ છે. આ સૃષ્ટિનાં જે રૂપો છે તે પ્રભુએ પોતે જ પોતાની સચિત્ દૃષ્ટિ આગળ ધારણ કરેલા નશ્વર આકારો છે, અને તે રૂપોને પ્રભુએ પોતાની સચિત્ સર્જક શક્તિ દ્વારા જ ઘડેલાં છે. એ રૂપોમાં વ્યક્ત થવાની શક્તિ છે, વ્યક્ત ન થવાની પણ શક્તિ છે, તેમ જ કોઈ અન્ય પ્રકારે પણ વ્યક્ત થવાની શક્તિ છે. આ ઉપરથી આપણને રુચે તો આપણે એમ પણ કહી શકીએ કે આ રૂપો તો પરમાત્માની અનંત ચેતનાએ સર્જેલા મિથ્યા આભાસો જ છે. પરંતુ એમ કહેવું એ એક રીતની ધૃષ્ટતા છે. પ્રભુ એક મિથ્યા આભાસોની સૃષ્ટિ રચે છે એમ કહેવું એ પ્રભુ ઉપર, આપણા સ્ખલનશીલતા અને અશક્તિના માનસિક ખ્યાલોનો આરોપ કરવા બરાબર છે.પરંતુ એ પરમ તત્ત્વ તો મન કરતાં કેટલાય ગણું મહાન હોઈ આપણા મન જેવું અશક્ત અને સ્ખલનશીલ નથી. વારુ ત્યારે, આપણે એ જોયું કે જગતનું મૂળ તત્ત્વ તો કોઈ અસત્ય અવાસ્તવિક પદાર્થ નથી. તેમ જ આપણી ભેદપ્રધાન ચેતનામાં જે જે સ્ખલનો અને વિકૃતિઓ આવેલાં છે તેમની પાછળ પણ પરમાત્માની અચ્છેદ્ય સ્વ-પ્રબુદ્ધ ચેતનાનું જ કોઈ ને કોઈ સત્ય આવી રહેલું છે. આ ઉપરથી આપણે માત્ર એટલું જ કહી શકીએ કે જગત પરમાત્માનું મૂલ સત્ય રૂપ નથી, પરમાત્માની મૂલરૂપ અક્ષર અદ્વૈત સ્થિતિનું રૂપ નથી, પરંતુ તેમના સ્થૂલ અને નશ્વર પ્રકારના અનંત સ્વરૂપનું, તેમની મુક્ત બહુવિધતાનું બાહ્ય દૃશ્યમાન સત્ય છે.

પરંતુ હવે આથી જુદી રીતે, પરમાત્માના કેવલ સત્ સાથે નહિ, પણ તેમના ચિત્ રૂપ સાથે જગતનું અનુસંધાન કરીશું, પ્રભુના ચૈતન્યની શક્તિની રીતે

જગતને અવલોકીશું તો આપણે જોઈશું કે જગત એક શક્તિનો જ વ્યાપાર છે, એ વ્યાપાર કોઈ ગૂઢ સંકલ્પને અધીન થઈને ચાલી રહ્યો છે, અથવા તો જગતને જોતી તથા ધારણ કરતી તે પરમાત્મ ચેતના અસ્તિત્વમાં છે એને લીધે જ જગતને આ પ્રમાણે પ્રવૃત્ત થવાની ફરજ પડેલી છે. અને એ રીતે આપણે જગતને ચૈતન્ય શક્તિના વ્યાપાર તરીકે વર્ણવીશું, એ રીતે તેનો સાક્ષાત્કાર કરીશું. એ રીતે જોતાં જગત પ્રકૃતિની, વિશ્વનું નિર્માણ કરનારી શક્તિની એક લીલારૂપ બની રહેશે. એ લીલા થતી હોય છે પુરુષના સંતોષ અર્થે, પ્રકૃતિને અવલોકતી તથા તેનો ઉપભોગ કરતી પરમાત્માની સચિત્ સત્તાને તૃપ્ત કરવા માટે. અથવા તો એમ પણ કહેવાય કે જગત એ પુરુષની પોતાની જ લીલા છે. એ પુરુષ પ્રકૃતિના વ્યાપારોની અંદર પ્રતિબિંબિત થાય છે અને એ વ્યાપારોની સાથે એકરૂપ બની રહે છે. આ રીતે જગત વિશ્વજનનીની લીલા બની રહે છે. એ વિશ્વજનની પોતે જ પોતામાંથી આ અનંત રૂપો આદિઅનાદિથી નિપજાવતી રહે છે, અને આ બાહ્ય સૃષ્ટિના અુભવો મેળવવા સદાકાળ આતુર રહે છે.

જગતને જોવાની એક ત્રીજી દૃષ્ટિ પણ છે. પ્રભુના સત્ અને ચિત્ રૂપની રીતે નહિ પરંતુ આનંદરૂપની રીતે જો આપણે જગતને જોઈશું તો, પ્રભુના શાશ્વત સત્માં રહેલા આનંદની સાથે જગતનું અનુસંધાન કરીને જોઈશું તો જગત એક આનંદનો જ વ્યાપાર હોય તેમ જણાશે. આપણે કહી શકીશું કે જગત એક બાળકનો આનંદ છે, કવિનો આનંદ છે, નટનો આનંદ છે, યંત્રકારનો આનંદ છે. એ આનંદ જગતની પાછળ રહેલા પરમ આત્માનો આનંદ છે. એ આત્મા નિત્યયુવા છે, સનાતન અને અખૂટ છે, તે પોતાની અંદર પોતાનું જ સર્જન અને પુનઃસર્જન એ આત્મસર્જનમાં રહેલા કેવલ આનંદને ખાતર જ, પોતાના એ આત્મનિર્માણમાં રહેલા આનંદને ખાતર જ કર્યે જાય છે. તે પોતે જ આ લીલા છે, પોતે જ આ લીલાનો રમનાર છે, પોતે જ આ લીલાની આધારભૂમિ છે. પરમાત્માના શાશ્વત સ્થાણુ અને અક્ષર એવા સત્ ચિત્ અને આનંદરૂપની સાથે જગતને જોડી જોતાં આમ આપણે જગતને ત્રણ રૂપે-માયા, પ્રકૃતિ અને લીલા રૂપે જોવા લાગીએ છીએ. આપણાં દર્શનશાસ્ત્રોમાં આ ત્રણ દૃષ્ટિઓ એકબીજાની વિરોધી હોય એવી રીતે રજૂ થયેલી છે. પરંતુ વાસ્તવિક રીતે તે ત્રણેય પરસ્પર સુસંગત છે, અન્યોન્યની પૂરક છે. આપણે જીવન-અને જગતને જો સમગ્ર ભાવે જોવું અને સમજવું હશે તો એ ત્રણેયને એકી સાથે સ્વીકારવાની રહે છે.

આપણે જેના અંશ રૂપ છીએ તેવું આ જગત કેવળ બાહ્ય રીતે જોતાં એક શક્તિનો જ વ્યાપાર દેખાય છે.પરંતુ એ શક્તિના બાહ્ય આભાસોની પાછળ ઊંડે જઈને જોઈશું તો જણાશે કે એ શક્તિ એ વિશ્વસર્જક ચેતનાની જ અખંડ અને છતાં સતત પલટાતી લયબદ્ધ ગતિ છે. એ વિશ્વસર્જક ચેતના પોતાના અનંત અને શાશ્વત તત્ત્વમાંથી જ આ દૃશ્યમાન સૃષ્ટિનાં સત્યોને નિપજાવે છે, અને જગતરૂપે તેમનો પ્રક્ષેપ કરે છે. અને સર્જક ચેતનાની આ લયબદ્ધ ગતિ પણ છેવટે શું છે? એ છે પરમાત્માની અનંત આનંદ લીલા, એ આનંદતત્ત્વ પોતાની જાતને અસંખ્ય અગણિત રૂપે પ્રગટ કરવામાં હમેશાં મચેલું છે. પેલી શક્તિ પાછળ રહેલી ચેતનાની લયબદ્ધ ગતિનું મૂળ તત્ત્વ, તેનું કારણ અને તેનું લક્ષ્ય આ આનંદલીલા જ છે. વિશ્વને સમજવા માટે જે કોઈ પ્રવૃત્તિ આપણે આદરીએ તે દરેકના મૂળમાં આપણે આ ત્રિવિધ કિંવા ત્રિપુટ દૃષ્ટિબિંદુ રાખીને જ આરંભ કરવો જોઈએ.

ત્યારે વસ્તુસ્થિતિ આ છે. આ વિશ્વ સમસ્તના મૂળમાં એક શાશ્વત અને અક્ષર એવું આનંદતત્ત્વ આવી રહેલું છે, અને જીવનનાં સર્વ અનંત વિવિધ રૂપોમાં તે પ્રગટ થઈ રહ્યું છે. એમાંથી એ ફલિત થાય કે આપણા સર્વ અનુભવોની પાછળ આપણે એક અચ્છેદ્ય અને અખંડ પરમ સચેતન તત્ત્વની ઉપસ્થિતિ જોવાની છે, પોતાના અવિચ્છેદ્ય અખંડ આનંદ દ્વારા આપણા સર્વ અનુભવોને એ પરમ તત્ત્વ ટેકો આપી રહ્યું છે અને પોતાની ગતિ દ્વારા આપણાં સંવેદનોની અંદર સુખ અને તટસ્થ ઉદાસીનતાની વિવિધ અનુભૂતિઓ નિપજાવી રહ્યું છે. એ અચ્છેદ્ય અખંડ આનંદવાળું પરમ તત્ત્વ એ છે આપણું સાચું સ્વરૂપ. સુખ, દુઃખ અને ઉદાસીનતાનાં ત્રિવિધ આંદોલનોને વશ થતી આપણી મનોમય ચેતના તો આપણા પેલા સાચા સ્વરૂપના ફકત એક પ્રતિનિધિ જેવી જ છે. એ મનોમય ચેતનાને જગતના પદાર્થોનો ઈન્દ્રિય દ્વારા થતો અનુભવ ઝીલવા માટે જ માત્ર મોખરે મૂકવામાં આવેલી છે. જગત સાથે આપણે અનેક પ્રકારે સંપર્કમાં આવ્યા છીએ ત્યારે આપણી ભેદપ્રધાન ચેતના એ હરેક સંપર્કનો જે પ્રત્યુત્તર આપે છે યા તો તે પ્રત્યે જે પ્રથમ પ્રત્યાઘાત અનુભવે છે તે આ ત્રિવિધ રૂપનો, સુખ દુઃખ અને ઉદાસીનતાનો હોય છે. આપણાં આ સંવેદનો અપૂર્ણ પ્રકારની અનુભૂતિઓ છે. એમની ગતિ બસૂરી અને ગૂંચવાયેલી હોય છે. આ ત્રિવિધ આંદોલનો આપણા ભાવિ વિકાસની પૂર્વ તૈયારી જેવાં, નાંદી જેવાં છે. એ આંદોલનો ઝીલતાં ઝીલતાં આપણી ચેતના,

આપણું સચેતન આત્મતત્ત્વ એક સંપૂર્ણ અને સુગ્રથિત રૂપે કાર્ય કરતું થઈ જશે. અત્યારની મનોમય ચેતનાનાં આ સંવેદનોમાં પરમ આનંદની સાચી અને પૂર્ણ રાગિણી હજી અવતરેલી નથી. એ પૂર્ણ રાગિણી આપણને ત્યારે જ મળી આવશે કે જ્યારે આપણે સર્વ વૈવિધ્યોમાં પણ એક રૂપે રહેતા પરમાત્મા સાથે આપણો પ્રેમયોગ સાધી શકીશું, અને તેના વિશ્વવ્યાપી પરમ મહાગાન સાથે આપણો તાર જોડી શકીશું.

આ દૃષ્ટિબિંદુ જો સાચું હોય તો પછી એમાંથી અમુક બાબતો અનિવાર્ય રીતે ફલિત થાય છે. પ્રથમ તો એ કે, આપણે આપણાં ઊંડા સ્વરૂપે તો પેલી અદ્વૈત ભેદરહિત ચેતના જ છીએ, આપણે વાસ્તવિક રૂપે તો પેલી અવિચ્છેદ્ય વિશ્વચેતના જ છીએ અને તેથી કરીને આપણે પોતે તે અચ્છેદ્ય વિશ્વમય આનંદરૂપ જ છીએ એટલે આપણને સુખ દુઃખ અને ઉદાસીનતાનાં ત્રિવિધ આંદોલનોનો ઈન્દ્રિયો દ્વારા જે અનુભવ થાય છે તે તો આપણી ચેતનાએ, આપણી ચેતનાના જાગ્રત અને સપાટી પર રહેતા એક મર્યાદિત અંશે ઊભી કરેલી એક સ્થૂલ વ્યવસ્થા જ છે. આ સ્થૂલ ચેતનાની પાછળ આપણામાં કંઈક એવું તત્ત્વ હોવું જોઈએ,–આ બાહ્ય ચેતના કરતાં અતિ ઘણું વિશાળ, ગહન અને સાચા તત્ત્વવાળું–કે જે જગતના સઘળા અનુભવોમાં કશાય પક્ષપાત વિના એકસરખો જ આનંદ લેતું હોય. એ નિષ્પક્ષ વિશ્વમય આનંદ જ આપણી મનોમય ચેતનાને ગુપ્ત રીતે ટેકો પૂરો પાડે છે, તથા જીવનની આ ક્ષુબ્ધ પ્રવૃત્તિની અંદર આવી મળતી સર્વ યાતનાઓ, કસોટીઓ અને મુસીબતોમાં ટકી રહેવાની આપણને શક્તિ આપે છે. આપણે જેને આપણી જાત કહીએ છીએ તે તો સપાટી પર ફરકતું ગહન ચેતનાનું માત્ર એક અલ્પ કિરણ છે. એ સ્થૂલ બાહ્ય ચેતનાની પાછળ અવચેતનાનો તેમ જ ઊર્ધ્વ ચેતનાનો એક વિશાળ સાગર પડેલો છે. જગતના સંસ્કારો ઝીલવા માટે એ ગુપ્ત ચેતનાએ જાણે કે એક પ્રકારનું બાહ્ય ચેતનાનું પડ પોતાના ઉપર ચડાવ્યું છે. એ સંવેદનશીલ પડને જગત પ્રત્યે ખુલ્લું કરી તેના ઉપર જગતના સંસ્કારો તે ઝિલાવા દે છે. અને પોતે અંદર ગુપ્ત રહી રહી આ સંસ્કારોને સ્વીકારે છે, તેમને પચાવે છે, એન તેમાંથી બાહ્ય ચેતના જોઈ કે જાણી શકે તે કરતાં ઘણી વધારે ગહન, વધારે સાચી વધારે સમર્થ અને સર્જક અનુભૂતિ નિપજાવે છે, અને એ રીતે પોતાને વધુ ને વધુ સમૃદ્ધ કરે છે. તે પછી પોતાના આંતર ઊંડાણોમાંથી એ સઘળી અનુભૂતિઓને તે એક નવા સ્વરૂપે શક્તિ, જ્ઞાન, ચારિત્ર્ય, બળ અને પ્રેરણા રૂપે

અશક્તિનો તમોગુણ એમ બન્ને ભિન્ન ભિન્ન ગણવા પડે. એ બન્નેનો વિરોધ ક્યારે મટે? આ દૃષ્ટિબિંદુથી તો ત્યારે જ કે જ્યારે યાંત્રિક ગતિથી આપોઆપ ચાલી રહેલ ક્રિયાત્મક પ્રકૃતિ જે અત્યારે પુરુષની અક્ષર નિષ્ક્રિયતા ઉપર પોતાનાં નિષ્ફળ રૂપોની હાર પ્રતિબિંબિત કરવા પ્રયત્ન કરી રહી છે તે નિરંજન અક્ષર શાંતિ અને મૌનમાં લય પામે. વળી શંકરાચાર્ય જેને અક્રિય શબ્દાતીત બ્રહ્મ તથા અનેક નામ અને રૂપો ધારણ કરનારી માયા રૂપે વર્ણવે છે તે બે પણ તદ્દન જુદાં, કદી પણ મેળમાં ન બેસે તેવાં તત્ત્વો ગણવાં જોઈએ અને એમનો પરસ્પર વિરોધ પણ જ્યારે અનંત શાખાવાળી માયા સનાતન મૌન સ્વરૂપ એકમાત્ર સત્યમાં લય પામે ત્યારે જ દૂર થાય.

એ બેમાં જડવાદીનું કામ પ્રમાણમાં વધારે સહેલું છે. કોઈ પણ ચેતન તત્ત્વનો સદંતર ઇનકાર કરીને માનવનું મન સહેલાઈથી સ્વીકારી શકે એવી સરળતાપૂર્વક જડવાદી પોતાનું મંતવ્ય રજૂ કરી શકે છે, એટલે કે એ પણ એક જાતનો વાસ્તવિક અદ્વૈતવાદ જ પ્રતિપાદન કરતો હોય છે. એ અદ્વૈત એટલે જેમાં કેવળ પદાર્થો જ સત્ય છે, યા તો જેમાં કેવળ શક્તિનું તત્ત્વ વાસ્તવિક છે એવું અદ્વૈત. પરંતુ આ દેખીતા સરળ સિદ્ધાંતની પાછળ રહેલ શુષ્ક અકડાઈ જડવાદી પોતે પણ ટકાવી શકતો નથી. આખરે તો જેમ સાંખ્યવાળા નિષ્ક્રિય પુરુષને અને બ્રહ્મવાદીઓ શાંત નિરંજન આત્માને સ્વીકારે છે તેમ જ્ઞાત વિશ્વથી દૂર એવું કોઈ અજ્ઞાત તત્ત્વ જડવાદી પણ સ્વીકારે છે.

એટલા ઉપરથી એમ તો જણાય છે કે ઉપર જણાવેલા બુદ્ધિના નિષ્ફળ વિરોધની અવસ્થામાં માનવ મન સંતુષ્ટ રહી શકે તેમ નથી. સંપૂર્ણ સંવાદની સમગ્રતાવાળા સમન્વયની તેને ખોજ કરવી જ પડે છે; જેમાં બધાં તત્ત્વોનો સમન્વય થતો હોય એવા કોઈ સમાધાનની ખોજ કરવાની તેને અંદરથી જ ફરજ પડે છે; અને જ્ઞાનપૂર્વક એકવાક્યતા કે સમાધાન થાય નહિ ત્યાં સુધી તે અટકી શકે તેમ નથી. આવા પ્રકારનો સમન્વય સાધવો હોય તો માનવની અંદર ચેતનાની જે જુદી જુદી કક્ષાઓ આવી રહેલી છે તેમનો સ્વીકાર કરીને માનવે તેમાં થઈને પસાર થવું જોઈએ, અને બહિર્મુખ અથવા અંતર્મુખ બેમાંથી કોઈ પણ એક પદ્ધતિનો તેણે સ્વીકાર કરવો જોઈએ; અત્યારે જેમ કેવળ જડતત્ત્વને પૃથક્કરણની પદ્ધતિ લાગુ કરી છે તેમ મન તથા પ્રાણને પણ તે જ બહિર્મુખ પદ્ધતિ તેણે લાગુ કરવી જોઈએ, યા તો અંતરચેતનામાં જ્ઞાનજ્યોતિ અને ચેતનાઓનો સમન્વય સાધીને આવિર્ભાવમાં જે દ્વૈત પ્રગટે છે તેનો ઇનકાર કર્યા વગર અંતિમ અદ્વૈતની સ્થિતિનો સમન્વય તેણે જુદે રસ્તે

સપાટીની ચેતના પર પાછી મોકલે છે. આપણી બાહ્ય ચેતનામાં આ વસ્તુઓ ક્યાંથી આવે છે તે આપણે સામાન્ય રીતે જાણતા નથી હોતા. એમની ઉત્પત્તિ આપણને એક ગૂઢ રહસ્ય જેવી જ લાગે છે. પણ એનું કારણ એ છે કે આપણું મન માત્ર સપાટી પર જ ગતિ કરી શકે છે. અંતરાત્માના ઊંડાણોમાં જઈને રહેવાની, ત્યાં પોતાને એકાગ્ર કરવાની વિદ્યા હજી તેને આવડી નથી.

આ સત્ય આપણા સામાન્ય જીવનમાં આપણાથી ગુપ્ત જ રહેલું છે, અથવા તો એની ઝાંખી થતી હોય છે તોપણ તે કદી કદીક જ અને આછીપાતળી જ હોય છે. આપણને એનું જો દર્શન અને ગ્રહણ થતું હોય છે તોપણ તે અપૂર્ણ પ્રકારનું જ હોય છે. આપણને જો આપણા અંતરાત્મામાં સ્થિતિ કરતાં આવડી જાય તો આપણામાં રહેલા પરમ તત્ત્વનો આપણને અવશ્ય ભેટો થઈ શકે છે. એ આપણું વધુ સત્ય સ્વરૂપ છે. એ પરમ તત્ત્વ આપણી અંદર એક ગંભીર, સ્વસ્થ, આનંદમય અને સમર્થ રૂપે આવી રહેલું છે. એના ઉપર જગતની કોઈ સત્તા ચાલતી નથી. એ તત્ત્વ પોતે જ સ્વયં પરમાત્મા ન હોય તોપણ કંઈ નહિ તો તેમનો આપણી અંદર પ્રગટેલો જ્યોતિર્મય આવિર્ભાવ તો છે જ. આપણે અનુભવવા લાગીએ છીએ કે એ પરમાત્મ-જ્યોતિ આપણી અંદર રહી રહી આપણી બાહ્ય અને સપાટી પરની ચેતનાને આધાર આપી રહી છે, મદદ કરી રહી છે. એ બાહ્ય ચેતનાનાં સુખદુઃખ પ્રત્યે, કોઈ નાના બાળકની ભૂલો કે ઉગ્ર લાગણીઓ પ્રત્યે આપણે હસીએ છીએ તેમ હસી રહી છે. આપણે જો આપણા અંતરમાં વળી શકીએ, અને ત્યાં જઈ, આપણા બાહ્ય અનુભવો સાથે જ નહિ, પણ ત્યાં ઊંડાણમાં રહેલા પરમાત્માના એ દેદીપ્યમાન જ્યોતિર્મંડલ સાથે જો એકરૂપ બની શકીએ તો પછી જગત સાથેના સર્વ સંબંધો એ જ્યોતિર્મય દૃષ્ટિથી જ જોવાની શક્તિ આપણને મળી આવશે, આપણી સમગ્ર ચેતનાને આપણે આપણા શરીર, પ્રાણ અને મનને થતાં સુખદુઃખનાં આંદોલનોમાંથી પાછી ખેંચી લઈ શકીશું. તે પછી આપણને દેખાશે કે એ આંદોલનો માત્ર સપાટી પરની ચેતનામાં જ થાય છે. આપણી અંતઃસ્થ અને સાચી ચેતનાને તેમનો જરા પણ સ્પર્શ થતો નથી, ત્યાં તેમનું કશું ચાલતું નથી. અને એ રીતે એ આંદોલનોને આપણે તેમના સાચા સ્વરૂપે ઓળખતા થઈ જઈશું. આ વસ્તુને સંસ્કૃત ભાષાએ બહુ સમર્થ રીતે શબ્દબદ્ધ કરી છે. એ પરિભાષા મુજબ આપણા 'મનોમય' કોશની પાછળ એક 'આનંદમય' કોશ આવેલો છે. અર્થાત્,

આપણી મર્યાદિત મનોમય ચેતના પાછળ એક વિશાળ આનંદ-ચેતના આવેલી છે. મનોમય ચેતના તે આનંદ-ચેતનાની એક છાયાકૃતિ છે, તેનું એક ડહોળાયેલું પ્રતિબિંબ છે. આપણું સત્ય સ્વરૂપ છે આપણી અંદર, ઊંડાણમાં, સપાટી ઉપર નહિ.

વળી આપણે આ વસ્તુ પણ સ્મરણમાં રાખવાની છે કે સુખ, દુઃખ અને ઉદાસીનતાનું આ ત્રિવિધ આંદોલન માત્ર સપાટી ઉપરની ચેતનામાં જ જન્મે છે. આપણો વિકાસ હજી અધૂરો છે તેને પરિણામે એ રીતે અનુભવાય છે, એ રીતે યોજાય છે. અને તેથી એ આંદોલનો એ જ રીતે પ્રગટવાં જોઈએ એવું નથી. એ આંદોલનો આપણી ચેતનાના અનુભવનું છેવટનું રૂપ નથી. આપણા ઉપર એવું લેશ પણ બંધન નથી કે અમુક પરિસ્થિતિમાં આપણે અમુક પ્રકારે જ સુખ દુઃખ કે ઉદાસીનતાનો ભાવ અનુભવવો જોઈએ. આપણને અમુક પરિસ્થિતિમાં સુખ વા દુઃખનો અનુભવ થાય છે તેનું કારણ એટલું જ છે કે આપણી પ્રકૃતિને તે મુજબ વર્તવાની ટેવ પડી ગઈ હોય છે. એ વસ્તુની સાથે આપણે એ પ્રમાણેનો જ સંબંધ સતતપણે રાખેલો છે. પરંતુ આપણને પડી ગયેલા અભ્યાસથી તદ્દન ઊલટા પ્રકારનો ભાવ અનુભવવો એ સંપૂર્ણપણે આપણા કાબૂની વાત છે. આપણે જે પ્રસંગમાં દુઃખ અનુભવતા હતા ત્યાં જ સુખ અનુભવી શકીએ છીએ, સુખ અનુભવતા હતા ત્યાં દુઃખ અનુભવી શકીએ છીએ. એટલું જ નહિ, આપણે આપણી બાહ્ય ચેતનાને સુખ દુઃખ અને ઉદાસીનતાનાં યંત્રવત્ આંદોલનોને વશ થવાની ટેવમાંથી સર્વથા મુક્ત કરી શકીએ છીએ અને તેને સ્થાને હરેક પ્રસંગમાં એક અખંડ અવિચ્છેદ્ય આનંદનો ભાવ મુક્તપણે અનુભવી શકીએ છીએ. આપણામાં રહેલી સત્ય અને વિશાળ આનંદમય ચેતના તો આવી અખંડ આનંદાવસ્થામાં જ સતત રહેતી હોય છે. આપણી બાહ્ય ચેતનાને આ પ્રકારનો મુક્ત આનંદરૂપ ભાવ અનુભવવાનો અભ્યાસ પાડવો એ પણ આપણા સંપૂર્ણ કાબૂની વાત છે. અને આ તો એક ઘણો મોટો વિજય છે. બાહ્ય ચેતનામાં સુખદુઃખાદિનાં રૂઢ આંદોલનોને બદલે આપણે હરેક પ્રસંગમાં એક પ્રસન્ન અને અનાસક્ત વૃત્તિનો ભાવ ધારણ કરતા થઈએ એ પણ એક વિજય તો છે જ. પરંતુ એ અનાસક્ત વૃત્તિને બદલે પ્રત્યેક પ્રસંગે સંપૂર્ણ આનંદમય સ્થિતિ ધારણ કરતા થવું એ તો તે કરતાં પણ એક વધુ મોટો વિજય છે, એક વધુ ગહન અને વધુ પૂર્ણ આત્મસિદ્ધિ છે. કારણ કે, આ સ્થિતિમાં હવે આપણે ઇન્દ્રિયોનાં સંવેદનોનો, તેમને વશ થયા વિના, માત્ર સ્વીકાર જ નથી કરતા, અથવા તો

એ અનુભવોની અપૂર્ણતાઓને મોકળા મને માત્ર નભાવી જ લેતા નથી, પરંતુ આ આનંદમય સ્થિતિ સિદ્ધ થતાં આપણને એક એવી શક્તિ મળે છે કે જેથી આપણે હરેક અપૂર્ણ સંવેદનને પૂર્ણ સંવેદન બનાવી શકીએ છીએ, ખોટાં મૂલ્યાંકનોને સાચાં કરી શકીએ. આ સ્થિતિ સિદ્ધ થતાં, મનોમય ચેતનાને થતા સુખદુઃખાદિ દ્વંદ્વોના અનુભવને સ્થાને આત્માનંદની એક અખંડ અને સઘન અનુભૂતિ થવા લાગે છે.

સુખદુઃખનાં આંદોલનો માત્ર ટેવનું જ પરિણામ છે અને સાપેક્ષ કોટિના અનુભવો જ છે એ વસ્તુ આપણે મનના ક્ષેત્રમાં તો બહુ સહેલાઈથી સમજી શકીએ છીએ. બેશક, આપણી પ્રાણમય ચેતના અમુક રૂઢ રીતે જ સંવેદન કરતી થઈ ગયેલી હોય છે. ઈન્દ્રિયો દ્વારા થતાં આ સંવેદનોનું રૂપ છેવટે આ પ્રકારનું જ હોઈ શકે એવી ખોટી છાપ તેણે પોતા ઉપર પડવા દીધેલી છે. આપણા પ્રાણને તો એમ જ લાગે છે કે હરેક પ્રકારનો લાભ, માન, સફળતા, વિજય એ સર્વ વસ્તુઓ આપમેળે જ નરી સુખદાયક વસ્તુઓ છે. હરેક સમયે સાકર ગળી જ લાગે છે તેમ આ વસ્તુઓ પણ હર સમય આનંદદાયક જ હોઈ શકે. તેવી જ રીતે હરેક પ્રકારની હાનિ, અપમાન, નિષ્ફળતા, પરાજય એ સર્વ વસ્તુઓ પણ આપમેળે જ નરી દુઃખદાયક વસ્તુઓ છે. કરિયાતું કડવું જ લાગે તેમ એ વસ્તુઓ પણ દુઃખદાયક જ લાગવી જોઈએ. આ પ્રકારના રૂઢ સંવેદનોમાં જો કાંઈ ફેર પડે તો પ્રાણમય ચેતના તેને એક વિકૃત અવસ્થા, નિર્બળતા માને છે, તેમાં હકીકતનું ઉલ્લંઘન થતું જુએ છે. પ્રાણમય ચેતનાને આવી લાગણી થવાનું કારણ એ છે કે તે પોતે હમેશાં ટેવોની ગુલામીમાં જ બંધાયેલી હોય છે. મનુષ્યને જગત સાથેના પોતાના વ્યવહારમાં એક પ્રકારની સ્થિરતા પ્રાપ્ત થાય, એના સંવેદનોમાં એક જ પ્રકારનું સાતત્ય જળવાઈ રહે, એના અનુભવોમાં એકરૂપતા આવે એટલા માટે પ્રકૃતિએ પ્રાણનું આ પ્રકારનું રૂઢિવશ રહેતું સંરક્ષક સાધન મનુષ્યને આપેલું છે. પરંતુ મનોમય ચેતના એવી અભ્યાસબદ્ધ વસ્તુ નથી. એ તો નિર્બંધ મુક્ત ચેતના છે. પ્રકૃતિએ તેને પ્રગતિ અને પરિવર્તન માટેના સાધન તરીકે યોજેલી છે. એટલે તે મુલાયમ છે, ફેરફારને ઝીલી શકે તેવી છે. એની ઈચ્છા હોય ત્યાં સુધી જ તે આ ઈન્દ્રિયજન્ય સંવેદનોને વિવશ રહે છે. પોતાના પ્રાણમય તંત્રની અસર પોતાના પર થવા દેવી હોય ત્યાં સુધી જ તે થવા દે છે, અને એનાં સંવેદનો પ્રત્યે એક યા બીજા પ્રકારનું માનસિક વલણ અખત્યાર કરે છે. મનોમય ચેતના ઉપર એવું કોઈ પણ બંધન નથી કે

તેણે નુકસાન, અપમાન કે પરાજયના પ્રસંગે દુઃખનો જ અનુભવ કરવો જોઈએ. આ તેમ જ અન્ય હરકોઈ વસ્તુને તે સંપૂર્ણ ઉદાસીન ભાવે પણ જોઈ શકે છે, યા તો એ ધારે તો સર્વ વસ્તુઓને એક પૂર્ણ પ્રસન્ન ભાવથી પણ ભેટી શકે છે. અને તેથી જ, મનુષ્ય પોતાના પ્રાણને તેમ જ શરીરને વશ થવાનો જેમ વધુ ને વધુ ઇનકાર કરતા થાય છે, પોતાના શારીરિક અને પ્રાણમય અંશમાંથી પોતાને જેમ જેમ વધુ ને વધુ અલગ કરતો થાય છે તેમ તેમ તેની સ્વતંત્રતા, સ્વાધીનતા વધુ ને વધુ વિસ્તૃત બનતી જાય છે. જગત સાથેના વ્યવહારમાં પોતે ક્યારે કયો ભાવ અનુભવવો તે તેના સંપૂર્ણ કાબૂની વાત બની રહે છે, બાહ્ય જગતના માત્રાસ્પર્શોનો તે હવે દાસ રહેતો નથી.

આ સર્વવ્યાપી સત્યને બાહ્ય સુખદુઃખની બાબતમાં લાગુ પાડવું જરા વધુ મુશ્કેલ છે. એ સ્થૂલ સુખદુઃખનો આધાર કેવલ આપણા શરીર અને જ્ઞાનતંતુઓ ઉપર જ રહે છે. શરીરમાં અને જ્ઞાનતંતુઓમાં આપણી જે ચેતના કેન્દ્રિત બનેલી છે, તથા એમનો આધાર લઈ ટકી રહેલી છે, તે ચેતનાની પ્રકૃતિ જ એવી છે કે તે બાહ્ય સંસ્પર્શો અને દબાણોને વશ થઈ જાય છે. છતાં, આ ક્ષેત્રમાં પણ પેલું સત્ય કદી કદી લાગુ પડતું આપણને દેખાય છે. આપણે જોઈએ છીએ કે એકની એક વસ્તુ, આપણને પડેલા અભ્યાસ મુજબ, એક જણને સુખ આપનારી તો બીજાને દુઃખ આપનારી નીવડે છે. વળી આવું જુદી જુદી વ્યક્તિઓ પરત્વે બને છે એમ પણ નથી. એકની એક વ્યક્તિને પણ એક વસ્તુ જુદી જુદી પરિસ્થિતિમાં, અથવા તો તે વ્યક્તિના વિકાસની જુદી જુદી અવસ્થામાં જુદી જુદી રીતે અનુભવાય છે. વળી આપણે જોઈએ છીએ કે માણસો જ્યારે ખૂબ ઉત્સાહમાં આવી જાય છે યા તો અત્યંત ઉશ્કેરાઈ જાય છે, ત્યારે સામાન્ય સંજોગોમાં અત્યંત પીડાકારક નીવડે તેવી બાબતો તરફ પણ તેઓ બેપરવા બની જાય છે, અથવા તો તેમને થતી પીડાનું તેમને કશું ભાન રહેતું નથી. ઘણા દાખલાઓમાં તો એવું બને છે કે એવો કોક આઘાત શરીરને થઈ ગયા પછી જ્ઞાનતંતુઓ પાછા જાગ્રત બનીને મનને યાદ આપે કે અરે, આવા પ્રસંગે તો આપણને દુઃખ થવું જ જોઈએ ત્યારે જ પીડાની લાગણી થવા માંડે છે. પરંતુ આ રીતે પીડાનો અનુભવ ફરી પાછો આદત મુજબ થવો જ જોઈએ એવું અનિવાર્ય નથી. એ અનુભવ માત્ર આદતનું જ પરિણામ હોય છે. આપણે જોઈએ છીએ કે કૃત્રિમનિદ્રા (hypnosis) ના દાખલાઓમાં એવી રીતે નિદ્રાધીન કરેલી વ્યક્તિને એ અસાધારણ સ્થિતિમાં કોઈ

પણ પ્રકારના ઘા કે છેદનું દુઃખ અનુભવતાં સફળતાપૂર્વક રોકી શકાય છે. એટલું જ નહિ, એવી નિદ્રામાંથી જાગ્રત કર્યા પછી પણ તેને પીડાનો અનુભવ કરવાની જૂની આદતમાં સરી જતાં પણ સફળતાપૂર્વક રોકી શકાય છે. આ ઘટનાનું કારણ તદ્દન સાદું છે. નિદ્રા ઉત્પન્ન કરનાર વ્યક્તિ સામા માણસની જ્ઞાનતંતુઓની આદતને વશ એવી જાગ્રત ચેતનાને કામ કરતી બંધ કરી દે છે, અને તેનામાં ઊંડે રહેલી નેપથ્યગત મનોમય ચેતનાને, આંતર મનોમય પુરુષને જાગ્રત કરી શકે છે. આ મનોમય પુરુષ, પોતે ધારે તો, શરીર અને જ્ઞાનતંતુઓ ઉપર સંપૂર્ણ કાબૂ ધરાવી શકે છે. પરંતુ કૃત્રિમ નિદ્રા દ્વારા મળતી આ મુક્તિ અકુદરતી હોય છે, અન્ય વ્યક્તિની ઇચ્છાશક્તિ દ્વારા તે એકદમ ઝડપથી ઉત્પન્ન કરાયેલી હોય છે, તેમાં સાચી સિદ્ધિ હોતી નથી. એ જ મુક્તિ વ્યક્તિ પોતાના જ સંકલ્પબળ વડે પણ, કુદરતી રીતે, ક્રમે ક્રમે અને સાચી સિદ્ધિપૂર્વક મેળવી શકે છે. અને એ રીતે શરીરના જ્ઞાનતંતુઓનાં આદત રૂપ બની ગયેલાં સંવેદનો ઉપર મનોમય ચેતનાનો કાબૂ થોડોઘણો અથવા તો પૂરેપૂરો પણ સ્થાપી શકે છે.

શરીર તથા મનને થતું દુઃખ એ પ્રકૃતિએ એટલે કે ક્રિયા રૂપે પ્રવૃત્ત થયેલી શક્તિએ યોજેલી એક વ્યવસ્થા છે. પોતાના ઊર્ધ્વ વિકાસક્રમમાં એક વચલી ભૂમિકા ઉપર અમુક ચોક્કસ હેતુ સાધવા માટે પ્રકૃતિએ આ દુઃખની લાગણી યોજેલી છે. વ્યક્તિની દૃષ્ટિથી જોતાં જગત અનેકાનેક બળોની એક રમત હોય, એ બળોના અનેક પ્રકારના સંકુલ આઘાત-પ્રત્યાઘાતોની લીલા હોય તેવું દેખાય છે. આ અનેક આઘાત-પ્રત્યાઘાતોની અંદર વ્યક્તિ એક નાનકડા મર્યાદિત પદાર્થ રૂપે ઊભેલી દેખાય છે. એની પાસે શક્તિનો બહુ મર્યાદિત જથ્થો છે. બાહ્ય જગતમાંથી એના ઉપર અનેક આઘાતો આવ્યા કરે છે. એ આઘાતો જેને તે 'પોતાની જાત' તરીકે ગણે છે તે શારીરિક રચના ઉપર ઘા કરે છે, તેને અશક્ત અને અપંગ કરી મૂકે છે, તેને ભાંગી નાખે છે, વેરવિખેર કરી નાખે છે. આવી રીતે જગત તરફથી થતા આઘાતો વ્યક્તિને માટે હાનિકારક કે જોખમરૂપ હોય છે ત્યારે તે સામે વ્યક્તિનું શરીર તથા જ્ઞાનતંતુઓ એક પ્રકારનો સંકોચ અનુભવે છે. દુઃખ એટલે આ પ્રકારનો સંકોચ. ઉપનિષદ જેને જુગુપ્સા કહે છે તેનું જ આ અંગ છે. મર્યાદિત શક્તિવાળી વ્યક્તિ પોતાથી ભિન્ન હોય તેવા, પોતાની સાથે મેળ વિનાના, યા તો સમભાવ વિનાના પદાર્થ તરફથી દૂર હઠી જવાની, 'બીજા'ઓની સામે પોતાનું આત્મરક્ષણ કરવા માટેની જે લાગણી

અનુભવે છે, એ જ છે જુગુપ્સા-પોતાનું ગોપન-રક્ષણ કરવાની ઈચ્છા. આ રીતે જોતાં દુઃખ એ પ્રકૃતિ તરફથી વ્યક્તિને આવી મળતું એક સૂચન બની રહે છે. જે જે પદાર્થો દુઃખ ઉત્પન્ન કરે છે તે અંગે પ્રકૃતિ એમ સૂચવે છે કે વ્યક્તિએ તેમનાથી દૂર રહેવાનું છે, અને જો દૂર ન રહી શકાય તો તેમને પહોંચી વળવા માટે ઈલાજ શોધવાનો છે. કેવલ જડ સૃષ્ટિમાં દુઃખની લાગણીનો ઉદય થયેલો હોતો નથી. એ જડતત્ત્વમાં જ્યારે પ્રાણનું તત્ત્વ પ્રવેશ પામે છે ત્યારે દુઃખનું સંવેદનજન્મે છે. જ્યાં સુધી પ્રાણનો ઉદય થયો નથી હોતો ત્યાં સુધી જડતત્ત્વના વ્યવહારમાં ત્યાંના યંત્રવત્ વ્યાપારોમાંથી કામ ચાલી રહે છે. એ જડતત્ત્વમાં જ્યારે પ્રાણ પ્રવેશ કરે છે, અને જડતત્ત્વ ઉપર તેને સંપૂર્ણ કાબૂ નથી હોતો, તેમ જ પ્રાણ પોતે પણ દુર્બળ સ્થિતિમાં હોય છે ત્યારે દુઃખનું તત્ત્વ અસ્તિત્વમાં આવી પોતાનો ભાગ ભજવવા લાગે છે. પ્રાણમાં મનનું તત્ત્વ વિકાસ પામતાં દુઃખની લાગણીમાં પણ વધારો થતો જાય છે. જ્યાં સુધી મન પોતાનાં શરીર અને પ્રાણ રૂપી હથિયારોની અંદર જ જકડાઈ રહેલું છે, મનને પોતાના જ્ઞાન તથા કર્મ માટે એ કરણો ઉપર જ આધાર રાખવાનો છે, તથા એ કરણોની મર્યાદાઓને તથા તે મર્યાદાઓથી જન્મતી અહંપ્રધાન વૃત્તિઓ તથા ભાવનાઓને વશ રહેવાની તેને ફરજ પડેલી છે ત્યાં સુધી દુઃખનું અસ્તિત્વ ચાલુ રહેવાનું છે. પરંતુ મનુષ્યની અંદર રહેલું આ મન જો એવી શક્તિ પ્રાપ્ત કરી શકે કે જેથી તે આ કરણોનાં બંધનમાંથી મુક્ત થઈ શકે, અહંનો ત્યાગ કરી શકે, સર્વ પ્રાણીઓ સાથે તેમ જ વિશ્વનાં બળોની લીલા સાથે મેળમાં રહી શકે તો અને તેવી સ્થિતિમાં દુઃખની ઉપયોગિતા પછી બહુ રહેતી નથી, એના અસ્તિત્વનું કારણ છેવટે નાબૂદ થાય છે, થઈ જવું જોઈએ, અને ધારો કે એ સ્થિતિમાં પણ દુઃખ ટકી રહેશે તોપણ તે પ્રકૃતિની એક પુરાણી પ્રવૃત્તિની છાયા રૂપે જ ટકશે, એક નિરુપયોગી ટેવ તરીકે ઊર્ધ્વ ચેતનાની અવસ્થા હજી પૂર્ણ રીતે સિદ્ધ નથી થઈ ત્યાં સુધી ચાલુ રહેનારી નિમ્ન પ્રકૃતિની એક ક્રિયા રૂપે તે ટકી રહેશે. પરંતુ માનવના વિકાસમાં છેવટે એ સ્થિતિ તો અવશ્ય આવશે જ કે જ્યારે તેના અંતરાત્માએ જડતત્ત્વની ધૂંસરીને ફેંકી દીધી હશે, મનની અહંપ્રધાન મર્યાદાનું બંધન ફગાવી દીધું હશે અને એ વિજયના અંગરૂપે દુઃખનો આત્યંતિક લોપ થવો એ પણ એક આવશ્યક વસ્તુ બની રહેશે.

આ પ્રકારનો લોપ થવો તદ્દન શક્ય છે, કારણ કે સુખ અને દુઃખ એ બંને મૂળે તો આનંદતત્ત્વના જ પ્રવાહો છે. એ બેમાંથી સુખ એક અધૂરો પ્રવાહ છે, દુઃખ

એક વિકૃત પ્રવાહ છે. એ પ્રવાહમાં આ અપૂર્ણતા અને વિકૃતિ આવવાનું કારણ આ છે. પરમાત્મ ચેતનાએ પોતાની માયા વડે,-મર્યાદા અને માપની રચના કરતી સ્વશક્તિ વડે પોતાની ચેતનાના જ ભાગલા કરેલા છે. એનું પરિણામ એ થયું છે કે આત્મવિચ્છેદમાંથી પ્રગટેલી વ્યકિત જગતની સાથે વિશ્વરૂપે સંપર્કમાં આવી શકતી નથી, પણ પોતાની ખંડિત અને અહંપ્રધાન રીતે જ તે જગતની અંદર પ્રવૃત્ત થાય છે. આવા વ્યક્તિત્વની મર્યાદા વિનાના વિશ્વરૂપ ચેતનાવાળા આત્માને તો વિશ્વના સર્વ પદાર્થોમાં, તેમ જ એ પદાર્થો સાથેના વ્યવહારમાં પેલા મૂળ આનંદતત્ત્વની જ અનુભૂતિ થાય છે. એ અનુભૂતિનું ઉત્તમમાં ઉત્તમ વર્ણન સંસ્કૃત શબ્દ 'રસ' દ્વારા આપી શકાય. એ શબ્દના એકી સાથે બે અર્થ થાય છે, 'રસ' એટલે કે વસ્તુની અંદર રહેલું તેનું પોતાનું સારતત્ત્વ, તેમાં વહેતો રસપ્રવાહ તેમ જ આપણને એ તત્ત્વનો મળતો આસ્વાદ. આપણે વસ્તુના સંપર્કમાં આવીએ છીએ ત્યારે તેનું જે મૂળતત્ત્વ હોય છે તે જ પામવાની ઈચ્છા આપણને નથી થતી. એ પદાર્થ આપણી ઈચ્છાઓ અને ભયો, લાલસાઓ અને જુગુપ્સાઓ ઉપર જે રીતે અસર કરે છે તેટલું જ માત્ર ધ્યાનમાં લઈએ છીએ. અને તેથી પદાર્થમાં રહેલો મૂળ અંતર્ગત રસ તેના પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં આપણને નથી મળતો, પરંતુ તેનો આપણને દુઃખ કે પીડા રૂપે, અપૂર્ણ અને ક્ષણિક આનંદરૂપે, યા તો રસગ્રહણ કરવાની નરી અશક્તિના પરિણામ જેવી ઉદાસીનતા રૂપે અનુભવ થાય છે. આપણા મનમાં અને હૃદયમાં આપણે જો સંપૂર્ણપણે અનાસક્ત થઈ શકીએ, અને એ અનાસક્તિનો પ્રભાવ આપણા જ્ઞાનતંતુઓ ઉપર પણ સ્થાપિત કરી શકીએ તો આ રસતત્ત્વનું આપણે જે અપૂર્ણ અને વિકૃત રીતે ગ્રહણ કરીએ છીએ તે ક્રમે ક્રમે અટકી જશે, અને જગતના સર્વ પદાર્થોમાં વિવિધ રૂપે રહેલો સાચો મૂળ અવિચ્છેદ્ય રસાનંદ આપણે પામી શકીશું. આવો વિવિધ છતાં વિશ્વરૂપ પ્રકારનો આનંદ અનુભવવાની કંઈક શક્તિ આપણને કળા અને કવિતાના રસાસ્વાદમાં પ્રાપ્ત થાય છે. ત્યાં આપણે કરુણ, ભયાનક અને બીભત્સ રસનો પણ આનંદ માણી શકીએ છીએ. એનું કારણ એ છે કે કળાકૃતિમાં રહેલો એ રસ માણતી વેળા આપણે વસ્તુથી તટસ્થ અને અનાસક્ત હોઈએ છીએ. તે સમયે આપણને આપણો પોતાનો યા તો આપણા આત્મ-રક્ષણનો (જુગુપ્સા) ખ્યાલ ઊભો નથી થતો. માત્ર એ કલાકૃતિ દ્વારા રજૂ થતી વસ્તુ અને તેનું અંતર્ગત રસતત્ત્વ જ આપણી દૃષ્ટિ સમક્ષ પ્રત્યક્ષ રહે છે. બેશક, કલા દ્વારા મળતો આ

રસાસ્વાદ એ કંઈ વિશુદ્ધ આનંદનું જ અણીશુદ્ધ પ્રતિબિંબ કે મૂર્ત રૂપ નથી. એ વિશુદ્ધ આનંદ તો અતિમાનસ કોટિનો છે, અને કલાના પ્રદેશથી પર રહેલો અનુભવ છે. કળા તો શોક, ભય, ત્રાસ, ઘૃણા, જુગુપ્સા આદિ તત્ત્વોને પોતામાં જેમના તેમ સ્વીકારી લે છે, જ્યારે અતિમાનસ પ્રદેશોનો વિશુદ્ધ આનંદ આ સર્વ તત્ત્વોને તેમના મૂળ કારણ સાથે નિર્મૂળ કરી આપે છે. પરંતુ કલા એક કાર્ય કરી આપે છે. કલાનો આનંદ અપૂર્ણ અને આંશિક હોય તોપણ, તે આપણને વિશ્વરૂપ પરમાત્મા પોતે જગતની અંદર જે આનંદ અનુભવી રહ્યા છે તે દિશામાં એક ડગલું આગળ લઈ જાય છે. કળા આપણને આપણાં અહંપ્રધાન સંવેદનોમાંથી આપણી પ્રકૃતિના એક ભાગમાં તો અવશ્ય મુક્ત કરી આપે છે, અને એક વિશ્વરૂપ દૃષ્ટિ આપે છે. એ વિશ્વરૂપ દૃષ્ટિને લીધે જ, અદ્વૈતરૂપ પરમાત્મા, આપણને ભેદપ્રધાન મનુષ્યોને જ્યાં વિસંવાદ અને અંધાધૂંધીનો અનુભવ થાય છે ત્યાં સંવાદ અને સૌન્દર્યનું દર્શન કરી શકે છે. આપણા રસાનુભવોની મર્યાદાઓ પૂરેપૂરી તો ત્યારે જ ચાલી જાય કે જ્યારે આપણે કલાનુભવની ક્ષણે અનુભવીએ છીએ તેવી અનાસક્ત મુક્ત અવસ્થા આપણા સર્વ વ્યવહારોમાં, આપણી પ્રકૃતિનાં તમામ અંગોમાં સ્થાપી શકીએ, આપણે એક વિશ્વવ્યાપક રસદૃષ્ટિ, વિશ્વવ્યાપક જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત કરી લઈએ, સર્વ પદાર્થો પ્રત્યે એક સર્વવ્યાપક અનાસક્તિ, તટસ્થતા મેળવી લઈએ અને છતાં સાથે સાથે એ સર્વ પદાર્થો પ્રત્યે આપણી ઊર્મિઓને અને જ્ઞાનતંતુઓને સમભાવથી અને સંવાદથી ભરપૂર બનાવી દઈએ.

આપણે ત્યારે જોઈ ગયા કે આપણને થતી પીડા, દુઃખ, યાતનાનું સ્વરૂપ શું છે. આપણામાં રહેલી જાગ્રત શક્તિ જગતના આઘાતો ઝીલવા માટે જ્યારે નિષ્ફળ નીવડે છે ત્યારે જ આપણને દુઃખનો અનુભવ થાય છે. જગતના આઘાતો ઝીલી ન શકાય ત્યારે આપણી ચેતના એ આઘાતકારક પદાર્થ પાસેથી હઠી જવા માગે છે, પોતાની અંદર સંકોચાઈ જાય છે. એ આઘાતોને પચાવી લેવાનું, કે તેમને પહોંચી વળવાનું બળ આપણી ચેતનામાં ન હોવાનું કારણ છે આપણા અહંકાર દ્વારા આપણી આસપાસ આપણે ઊભી કરેલી મર્યાદાની વાડ. આપણામાં એ અહંકાર આવ્યો છે આપણા સાચા સ્વરૂપ વિષેના, આપણી સચ્ચિદાનંદ અવસ્થા વિષેના આપણા અજ્ઞાનને લીધે. એટલે આ દુઃખનો અનુભવ તદ્દન નિર્મૂળ કરવાની દિશામાં આપણું પ્રથમ પગલું થશે જુગુપ્સાને સ્થાને તિતિક્ષાની સ્થાપના. આપણી ચેતના

જગતના જે જે પદાર્થો પ્રત્યે સંકોચ અને અણગમો અનુભવે છે તે સર્વ આઘાતોનો સામનો કરવાની, તેમને સહી લેવાની અને તેમના પર વિજય મેળવવાની શક્તિ આપણે પ્રથમ તો મેળવવાની રહે છે. સર્વ આઘાતોને સહન કરતી તેમ જ પચાવી લેતી આ તિતિક્ષાશક્તિ મેળવ્યા પછી આપણે એક સમતાની સ્થિતિમાં પહોંચીશું. એ સમતા બે પ્રકારની હોઈ શકે. જગતના સર્વ પદાર્થોને આપણે એકસરખી ઉદાસીનતાથી જોઈએ યા તો એકસરખા પ્રસન્ન ભાવે સ્વીકારીએ. આ પછી પણ આપણે એક ડગલું આગળ જવાનું છે. સમતાને સ્થાને સચ્ચિદાનંદ ચેતનાની સ્થાપના કરવાની છે. સુખદુઃખનો અનુભવ કરતી આપણી અહં-ચેતનાને આપણે સચ્ચિદાનંદ ચેતનામાં પહોંચાડી આપણી સમતાને ત્યાં પાકે પાયે જડી દેવાની છે. આ સચ્ચિદાનંદ ચેતનાની એક અવસ્થા છે વિશ્વથી તદ્દન અલિપ્ત એવી વિશ્વાતીત અવસ્થા. એ દૂરાતિદૂર આનંદાવસ્થાને પ્રાપ્ત કરવાનો માર્ગ છે સમતાયુક્ત ઉદાસીનતાનો. એ છે સંન્યાસનો માર્ગ. પણ આ સચ્ચિદાનંદ ચેતના વિશ્વાતીત હોવા સાથે વિશ્વરૂપ પણ હોઈ શકે છે, વિશ્વથી અલિપ્ત અને પર હોવા સાથે તે વિશ્વની અંદર અનુસ્યૂત પણ હોઈ શકે છે. એ આપણી નજીકમાં વર્તમાનમાં જ રહેલી અને વિશ્વવ્યાપક આનંદાવસ્થાને પ્રાપ્ત કરવાનો માર્ગ છે સમર્પણ, વિશ્વરૂપ ચેતનામાં આપણા અહંનું વિસર્જન અને એક સર્વવ્યાપી સમતાપૂર્ણ પ્રસન્ન આનંદની સિદ્ધિ. એ છે આપણા પ્રાચીન વૈદિક ઋષિઓનો માર્ગ. પરંતુ આ આનંદને માર્ગે જવા માટે પણ પ્રથમ તો સાધકે સુખ તથા દુઃખની અપૂર્ણ અને વિકૃત અનુભૂતિઓ પ્રત્યે તટસ્થતા મેળવી લેવાની જ રહે છે. આનંદની સાધના શરૂ કરતાં જે સૌથી પ્રથમ પ્રત્યક્ષ અને સ્વાભાવિક પરિણામ આવે છે તે આ તટસ્થતા રૂપે જ હોય છે. એ તટસ્થતાને એક સમતાપૂર્ણ આનંદાવસ્થામાં પલટી નાખવી એ વસ્તુ સામાન્ય રીતે આ પછી જ બની શકે છે. સુખદુઃખાદિનાં ત્રિવિધ આંદોલનોનું સચ્ચિદાનંદના આનંદરૂપમાં સીધેસીધું જ પરિવર્તન કરી લેવું એ પણ શક્ય તો છે, પણ માનવ ચેતનાને માટે તે જરા વિકટ કાર્ય છે.

વેદાન્તની સર્વગ્રાહી દૃષ્ટિએ જોતાં જગતનું સ્વરૂપ આ પ્રમાણેનું છે કે, એક અનંત અચ્છેદ્ય સત્, પોતાની શુદ્ધ ચૈતન્ય દશામાં કેવલ આનંદરૂપ એવું, પોતાની મૂલ વિશુદ્ધ અવસ્થામાંથી નીકળી શક્તિની વિવિધ લીલાનો આરંભ કરે છે, પ્રકૃતિનો વ્યાપાર આરંભે છે. એ શક્તિ ચિદ્રૂપિણી છે, ચૈતન્યાત્મિકા છે. આ પ્રકૃતિ એ માયાની જ લીલા

છે. એ સત્‌નું પોતાનું આનંદતત્ત્વ પ્રથમ તો પોતાની અંદર જ સ્થિત થયેલું, સ્વમગ્ન હોય છે, સ્થૂલ વિશ્વના પાયામાં તે અવચેતન રૂપે જઈ રહે છે. ત્યાંથી પછી તે એક કશી છાયા વિનાની વિશ્વવિશાળ પ્રવૃત્તિ રૂપે ગતિ ધારણ કરે છે. આપણે જેને સંવેદન કહીએ છીએ તે વસ્તુ હજી એ ગતિમાં પ્રગટેલી નથી હોતી. એ સ્થૂલ સંવેદનરહિત સૃષ્ટિમાં મન અને અહંકારનો ઉદય થયા પછી તે આનંદતત્ત્વ સુખ દુઃખ અને ઉદાસીનતાના ત્રિવિધ આંદોલન રૂપે વ્યક્ત થાય છે. આ ત્રિવિધિ આંદોલન ઉત્પન્ન થવાનું કારણ છે આપણી ચેતનાની શક્તિ ઉપર દેહના બંધનને લીધે આવી પડેલી મર્યાદિતતા. આવી મર્યાદિત ચૈતન્યશક્તિ જગત સાથે અનેકવિધ સંબંધોમાં આવે છે. પોતાના સંબંધમાં આવતા એ પદાર્થો એને પરાયા, વિજાતીય લાગતા હોય છે, પોતે બાંધેલા ધોરણોની સાથે તે મેળમાં નથી હોતા, પોતાના પ્રમાણથી તે હદ બહારના હોય છે. અને એ કારણે તે સુખદુઃખાદિનો અનુભવ કરે છે. આ વિકાસક્રમમાં છેવટે એ સ્થિતિ આવે છે કે જગતમાં વ્યક્તિ રૂપે પ્રગટ થયેલી ચેતના પ્રકૃતિ ઉપર વિજય પામે છે, આત્મસિદ્ધિ મેળવે છે, સમતા અને વિશ્વરૂપતા પ્રાપ્ત કરે છે, અને પૂરેપૂરી જાગ્રત રીતે પૂર્ણ સચ્ચિદાનંદરૂપ પ્રાપ્ત કરે છે. આ પ્રમાણે છે જગતની ગતિ અને પ્રગતિ.

એ અદ્વૈતરૂપ પરમ સત્ આવી ગતિમાં શા માટે આનંદ લે છે એ પ્રશ્નનો જવાબ એ છે કે એ પરમ ચેતનાની અનંત સત્તામાં પહેલેથી જ સર્વ પ્રકારની શક્યતાઓ રહેલી છે. અને એ સર્વ શક્યતાઓને તેમનાં વિવિધ રૂપોમાં સિદ્ધ કરવી એમાં જ,- પોતાની અક્ષર અવ્યક્ત અવસ્થામાં નહિ, પરંતુ ક્ષર જગત રૂપે ધારણ કરેલી વ્યક્ત અવસ્થામાં જ-પરમાત્માનું આનંદતત્ત્વ આવી રહેલું છે. આપણા જગતમાં આ આનંદતત્ત્વે પોતાના પ્રકટીકરણની અખત્યાર કરેલી રીત એ છે કે, આ જગતના આરંભ કાળે આ પરમ સચ્ચિદાનંદ પોતાથી તદ્દન વિપરીત જ હોય તેવી સ્થિતિમાં પહોંચી જઈને ત્યાં લુપ્ત થઈ જાય છે, અને એ વિરોધી પરિસ્થિતિમાં થઈને પણ, તેના નિયમોની અંદર રહીને તે પાછું પોતાનું મૂળ સ્વરૂપ મેળવી લે છે. પરમાત્માનું અનંત સત્ તત્ત્વ અસત્‌ના આભાસની-સતના નર્યા અભાવની-અંદર પોતાને લુપ્ત કરી દે છે, અને તેમાંથી એક પરિમિત જીવાત્માના આભાસ રૂપે તે વ્યક્ત થાય છે. પરમાત્માનું અનંત ચિત્ તત્ત્વ, એક આકારરહિત વિશાળ અચિત્‌ના આભાસમાં પોતાને લુપ્ત કરી દે છે, અને તેમાંથી એક સપાટી પરની મર્યાદિત ચેતનાના આભાસ રૂપે પાછું

સાધવો જોઈએ. એવા સંપૂર્ણ અને સર્વગ્રાહી વિવિધતાભર્યા આવિર્ભાવમાં બહુરૂપી અને દેખીતી રીતે વિરોધી એવી જીવનની ઘટનાઓનો મેળ સાધી શકાય તેમ છે. તથા આપણા વિચારો અને જીવનની ઉપર જે પરસ્પર વિરોધી અનેક પ્રકારની શક્તિઓ સત્તા ભોગવે છે તે સર્વે પણ, જે મહાન સત્યની તેઓ પ્રતિનિધિ રૂપ છે અને જે સત્યને અનેક સ્વરૂપે પ્રગટ કરી રહી છે તેને પ્રાપ્ત કરી શકે છે. એમ થાય તો જ પોતાનું સાચું મધ્યબિંદુ પ્રાપ્ત કરીને માનવનું મન ગોળ ચક્રાવામાં ફરતું બંધ થઈ જશે અને ઉપનિષદમાં બ્રહ્મને વિષે કહેવામાં આવ્યું છે તેમ એ મન તેની કાર્યલીલામાં અને જગત જેટલા વિશાળ ક્ષેત્રમાં રહ્યા છતાં સ્થિર ને દૃઢપ્રતિષ્ઠ રહી શકશે, તથા પ્રાણશક્તિ પણ પોતાનો અંતિમ હેતુ જાણીને દૃઢ અને નિર્મળ આનંદ તથા જ્યોતિ સહિત જ નહિ પરંતુ તાલબદ્ધ સામર્થ્યભરી વિવિધ ગતિપૂર્વક પણ એ જ આદર્શના કાર્યમાં ઉપયોગી થવામાં પોતાનું સાર્થક્ય માનશે.

પરંતુ જ્યારે આત્મા અને જડ પદાર્થ રૂપ એ બે છેવટનાં તત્ત્વો વચ્ચેનાં મેળમાં એક વાર ભંગ પડે છે ત્યારે માનવનો આત્મા એ બન્ને જુદા છેડાએ આવેલાં તત્ત્વોને છૂટાં છૂટાં અને અતડાં તરીકે અનુભવે એ તેને માટે જરૂરનું અને સહાયકારક પણ છે. એ રીતે પોતે જે સત્ય ગુમાવ્યું હોય તેને ફરીને વધારે સંપૂર્ણતાથી પ્રાપ્ત કરવાની માનવ મનની એ સ્વાભાવિક ક્રિયા બને છે. પરંતુ એ બે છેડાનાં તત્ત્વો વચ્ચે આવેલાં કોઈ વચલાં તત્ત્વોમાં પણ માનવનું મન અટકે અથવા આરામ લે એ પણ બનવા જોગ છે. અર્થાત્ માનવ મન સર્વ પદાર્થને કોઈ આદ્ય પ્રાણશક્તિના સ્વરૂપ તરીકે સ્વીકારે, યા તો માત્રાસ્પર્શોના બીજ તરીકે તેમને ગણે, કે પછી કોઈ મૌલિક વિચારનાં સ્વરૂપો તરીકે પદાર્થમાત્રને જાણે એ સર્વ દૃષ્ટિબિંદુઓ સંભવિત છે. પરંતુ આવા એકતરફી ઉકેલો હમેશાં અવાસ્તવિક જ લાગે છે. વિશુદ્ધ વિચારતત્ત્વ જોડે જ વ્યવહાર કરનારી માનવની તર્કબુદ્ધિને આ નિર્ણયો થોડા કાળ માટે સંતોષે એ બનવા જોગ છે; પરંતુ માનવ મનમાં પ્રત્યક્ષતાની જે ભાવના હોય છે તેને એ મંતવ્યો સંતોષ આપી શકતાં નથી. માનવ મન જાણે છે કે તેની પોતાની પાછળ એવું અગમ્ય તત્ત્વ આવી રહેલું છે કે જે વિચાર સ્વરૂપે નથી. વળી માનવ મન એ પણ જાણે છે કે પ્રાણશક્તિના ઉચ્છ્વાસ કરતાં કાંઈક વધારે ગહન તત્ત્વ તેની પોતાની અંદર આવી રહેલું છે. અંતિમ વાસ્તવિકતાની થોડા સમય માટેની પ્રતીતિ તો માનવ મનને કાં તો પદાર્થતત્ત્વમાં યા તો

વ્યક્ત થાય છે. પરમાત્માની અનંત આત્મનિર્ભર શક્તિ અણુઓના એક તમસરૂપ આભાસમાં પોતાને લુપ્ત કરી દે છે, અને તેમાંથી એક અસ્થિર સમતુલાવાળા જગતના આભાસ રૂપે પાછી વ્યક્ત થાય છે. પરમાત્માનો અનંત આનંદ એક સંવેદનહીન જડતત્ત્વના આભાસમાં પોતાને લુપ્ત કરી દે છે, અને તેમાંથી સુખ, દુઃખ અને તટસ્થતાની, પ્રેમ, ધિક્કાર અને ઉદાસીનતાની વિવિધ અને વિસંવાદી ગતિના આભાસ રૂપે પાછો વ્યક્ત બને છે. પરમાત્માનું અનંત એકત્વ એક અતંત્રિત અનેકત્વના આભાસમાં પોતાને લુપ્ત કરી દે છે અને તેમાંથી શક્તિઓ અને વ્યક્તિઓના એક વિસંવાદ રૂપે પાછું વ્યક્ત બને છે. એ શક્તિઓ અને વ્યક્તિઓ પરસ્પરનું ભક્ષણ કરીને, સામા પક્ષને મિટાવી દઈને યા તો પોતાને કબજે કરીને પેલા એકત્વને પાછું મેળવવાનો પ્રયત્ન કરે છે. આ પ્રકારની સૃષ્ટિમાં પેલા સાચા સચ્ચિદાનંદે પાછું પ્રકટ થવાનું છે. વ્યક્તિરૂપ મનુષ્યે એક વિશ્વરૂપ વ્યક્તિ બનવાનું છે, અને એ રીતે જીવવાનું છે. મનુષ્યની મર્યાદિત ચેતનાએ વિશાળ થતાં થતાં પેલી પરાચેતનામાં રહેલા એકત્વમાં, કે જ્યાં વ્યક્તિ પદાર્થમાત્રને પોતાના આલિંગનમાં લે છે ત્યાં પહોંચવાનું છે. મનુષ્યના સાંકડા હૃદયે અનંતની રીતે આલિંગન કરતાં શીખવાનું છે, પોતાની લાલસાઓ અને વિસંવાદોને સ્થાને વિશ્વરૂપ પ્રેમને સ્થાપવાનો છે. મનુષ્યની મર્યાદિત પ્રાણમય ચેતનાએ આખા વિશ્વના આઘાતને પહોંચી વળાય તેવી સ્થિતિ પ્રાપ્ત કરવાની છે અને વિશ્વરૂપ આનંદને ધારણ કરી શકાય તેવી શક્તિ મેળવવાની છે. મનુષ્યના ખુદ શરીરે પણ એ જાણવાનું છે કે પોતે જગતથી કોઈ સાવ અલગ વસ્તુ નથી, પરંતુ પોતે આ સર્વ જગત રૂપે પ્રગટેલી અચ્છેદ્ય શક્તિ રૂપ જ છે, અને એ શક્તિનો અખિલ પ્રવાહ તે પોતાની અંદર ધારણ કરી રહ્યું છે. આમ મનુષ્યની સમગ્ર પ્રકૃતિએ પોતાના વ્યક્તિરૂપની અંદર તે પરમ સત્-ચિત્-આનંદનાં સર્વ તત્ત્વો-તેનું એકત્વ, તેનો સંવાદ, પદાર્થમાત્રમાં રહેલું તેનું અદ્વૈત પોતાની અંદર પાછું ઉત્પન્ન કરવાનું છે.

વિશ્વની આ સકળ લીલાની પાછળ ગુપ્ત રીતે વસેલી સાચી વાસ્તવિકતા તે આ આનંદ તત્ત્વ જ છે. એ હમેશાં એક જ પ્રકારનું છે. વિશ્વમાં વ્યક્તિનો ઉદય થયો તે પૂર્વેની અવચેતનાની નિદ્રાવસ્થામાં રહેલો આનંદ તે આ જ આનંદ છે. વ્યક્તિ પોતે ઉદય પામ્યા પછી તેની અંદર એક અર્ધજાગ્રત જેવું સ્વપ્ન રચાવા લાગે છે. અને

વ્યક્તિને એ સ્વપ્નની ભુલભુલામણીઓમાં થઈને પોતાનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત કરવા જતાં જે અનેક પ્રકારના અનુભવો, પલટાઓ, વિકૃતિઓ, કે પીછેહઠોમાંથી, જીવનના સર્વ સંઘર્ષોમાંથી પસાર થતાં જે આનંદ મળે છે તે પણ આ જ આનંદ છે. વળી વ્યક્તિએ અદ્વૈતરૂપ સચ્ચિદાનંદ સાથે એકરૂપ થઈ ત્યાંની શાશ્વત પરાચેતનાની જે આત્મસિદ્ધિ પ્રાપ્ત કરવાની છે, તે અવસ્થામાં રહેલો આનંદ પણ આ જ આનંદ છે. આ રીતની છે તે અદ્વૈતરૂપ, વિશ્વરૂપ પરમેશ્વરની લીલા. આપણી બુદ્ધિ જ્યારે આ સ્થૂલ વિશ્વને માત્ર બાહ્ય તર્કની રીતે જોવાનું મૂકીને મૂક્ત જ્ઞાનાવસ્થા પ્રાપ્ત કરે છે ત્યારે જગત આ સ્વરૂપે તેની સમક્ષ પ્રત્યક્ષ બને છે.

પ્રકરણ ૧૩

દિવ્ય માયા

तदिन्वस्य वृषभस्य धेनोरा नामभिर्ममिरे सवम्यं गोः ।
अन्यदन्यदसुर्य वसाना नि मायिनो ममिरे रुपमस्मिन् ।।

ऋग्वेद ३.३८.७

मायाविनो ममिरे अस्य मायया नृचक्षसः पितरो गर्भमादधुः ।

ऋग्वेद ९.८३.३

પરમાત્મા (વૃષભ) અને તેનાં (ધેનુનાં) નામો વડે તેમણે પ્રકાશની માતા (ગૌ) ની શક્તિને આકારિત કરી અને માપી; એ શક્તિના એક એકથી અધિક બલને જામાની પેઠે પહેરતા રહીને માયાના સ્વામીઓએ આ પરમ તત્ત્વમાં રૂપનું નિર્માણ કર્યું.

ऋग्वेद ૩.૩૮.૭

માયાના સ્વામીઓએ પરમાત્માની માયા વડે સર્વને આકાર આપ્યો; દિવ્ય દૃષ્ટિવાળા પિતૃઓએ પરમાત્માને ભાવિમાં જન્મનાર બાળક રૂપે (ગર્ભ) ભીતરમાં સ્થાપિત કર્યો.

ऋग्वेद ૯.૮૩.૩

વિશ્વમાં રહેલું પરમ સત્ તત્ત્વ પોતે જે કાંઈ ક્રિયા કરે છે તથા સર્જન કરે છે તે પોતાના સભાન સ્વરૂપની શક્તિ વડે તથા પોતાના વિશુદ્ધ આનંદમાંથી કરતું હોય છે. આ સત્ તત્ત્વ એ જ આપણું વાસ્તવિક સ્વરૂપ છે, આપણા સર્વ ગુણો અને ભાવો એનાં જ બનેલાં છે; આપણાં સર્વે કર્મો, આપણો વિકાસ અને આપણાં સર્જનો એ સર્વનું કારણ, લક્ષ્ય અને ધ્યેય તે આ પરમ સત્ તત્ત્વ જ છે. જેવી રીતે કવિ, કળાકાર કે સંગીતકાર સર્જન કરતો હોય છે ત્યારે તે પોતાના અવ્યક્ત રૂપમાં જે કાંઈ ગૂઢ શક્તિ પડેલી હોય છે તેને જ વિકસાવીને આવિર્ભાવનું એક રૂપ આપતો હોય છે; અને વળી જેવી રીતે ચિંતક પુરુષ, રાજપુરુષ,યંત્રવિદ પોતાનામાં જે વસ્તુઓ ગુપ્ત રૂપે રહેલી હોય છે તેને જ માત્ર વસ્તુના આકાર રૂપે બહાર લઈ આવતા હોય છે, અને એમાં એ વસ્તુઓ તે તેમનું પોતાનું જ રૂપ હતું, અને એ વસ્તુઓ આકાર રૂપે ઢળાયા પછી તેમનું જ એક રૂપ

રહેતી હોય છે, એવી જ સ્થિતિ જગત અને પરમ શાશ્વત પરમાત્મા વચ્ચે રહેલી છે. આ અખિલ સૃષ્ટિ અથવા તો આ વિશ્વરૂપ આવિર્ભવન તે પરમાત્માનો આ રીતનો સ્વ-આવિર્ભાવ જ છે. બીજમાં જે વસ્તુ પહેલેથી જ હોય છે એ જ વસ્તુ બીજમાંથી આવિર્ભાવ પામે છે. એ વસ્તુ સત્ રૂપે પહેલેથી જ રહેલી હોય છે, આવિર્ભાવ પામવા માટેનો સંકલ્પ તેનામાં પહેલેથી જ નિર્માણ થઈ ચૂકેલો હોય છે. એ આવિર્ભાવના આનંદમાં એ વસ્તુ પહેલેથી જ ગોઠવાયેલી હોય છે. જે મૂળ રસદ્રવ્ય (plasm) છે તેણે, તેનામાંથી જે દેહ ભાવિમાં બંધાવાનો છે તેને પહેલેથી જ પોતાનાં સત્ તત્ત્વની શક્તિ દ્વારા પોતામાં ધારણ કરી રાખેલો હોય છે. કેમકે, વિશ્વમાં પેલી જે એક ગુપ્ત, તત્ત્વસભર આત્મ-જ્ઞ શક્તિ રહેલી છે તે, તેનું પોતાનું જે એક રૂપ તેને આપવામાં આવેલું હોય છે તે રૂપને આવિર્ભાવ આપવાની તેનામાં રહેલી અદમ્ય વૃત્તિ દ્વારા જ કાર્ય કરતી રહેતી હોય છે. આવી અદ્વૈતમય સ્થિતિમાં દ્વૈતનું ભાન વ્યક્તિની અંદર જ માત્ર જાગે છે. વ્યક્તિ પોતે પોતાની અંદરથી જ સર્જન કરતી હોય છે અને વિકાસ પામતી હોય છે, પણ તે એવો ભેદ પાડી લે છે કે તે પોતે, પોતાની અંદર કાર્ય કરતી શક્તિ અને જે સામગ્રી ઉપર પોતે કાર્ય કરે છે તે સામગ્રી એ બધાં અલગ અલગ છે. વાસ્તવિક રીતે તો વ્યક્તિ પોતે જ પેલી શક્તિ છે, એણે પોતાના કરણ તરીકે જે વ્યક્તિરૂપ બનેલી ચેતના ધારણ કરી છે તે પણ તે પોતે જ છે, પોતે જે સામગ્રી વાપરે છે તે પણ તે પોતે જ છે, અને એમાંથી જે પરિણામ આવે છે તે પણ તે પોતે જ છે. બીજા શબ્દોમાં કહીએ તો, વિશ્વમાં એક જ સત્ તત્ત્વ છે, એક જ શક્તિ છે, એક જ સત્ રૂપનો આનંદ છે, અને તે જુદાં જુદાં બિંદુએ પોતાની જાતને એકાગ્ર કરે છે, દરેક બિંદુને વિષે તે કહે છે કે 'આ હું છું' અને પોતે રૂપો ધારણ કરવાની વિવિધ લીલાને માટે પોતાની સ્વ-શક્તિની વિવિધ લીલા દ્વારા એ બિંદુમાં કામ કરે છે.

આ સત્ તત્ત્વ પોતે જે કંઈ ઉત્પન્ન કરે છે તે તે પોતે જ છે, તેનાથી એ વસ્તુ ભિન્ન હોઈ શકતી જ નથી. આ રીતે, આ સત્ તત્ત્વ તેનું પોતાનું જે સત્ રૂપ છે, તેની પોતાની જે ચૈતન્યની ચિત્ શક્તિ છે, પોતાના સ્વરૂપનો જે આનંદ છે તેની જ એક લીલાનું, તેના જ એક છંદનું, વિકાસનું નિર્માણ કરી રહેલું છે. એટલે પછી, જગતમાં જે જે વસ્તુ અસ્તિત્વમાં આવતી હોય છે તે માત્ર એક જ વસ્તુ માટે પ્રયત્ન કરતી હોય છે- એને અસ્તિત્વમાં રહેવું હોય છે, પોતાના નિર્ધારિત રૂપમાં પહોંચવું હોય છે, એ રૂપમાં

પોતાના અસ્તિત્વનો વિસ્તાર કરવો હોય છે, તેનામાં જે ચેતના અને શક્તિ રહેલી છે તેને તેણે અનંત રીતે વિકસાવવી હોય છે, આવિર્ભાવ આપવો હોય છે, વૃદ્ધિ આપવી હોય છે, સિદ્ધ કરવી હોય છે. જગતમાં પ્રત્યેક વસ્તુ પોતે આવિર્ભાવમાં આવવાનો આનંદ માણવા માગતી હોય છે, પોતે ધારણ કરેલા રૂપનો આનંદ, ચેતનાના આંદોલનનો આનંદ, શક્તિની લીલાનો આનંદ ઝંખતી હોય છે, અને એ આનંદની વૃદ્ધિ અને પૂર્ણતા જે કોઈ સાધન વડે સાધી શકાય, જે કોઈ દિશામાં સાધી શકાય, એના પોતાના ઊંડામાં ઊંડા તત્ત્વમાં સક્રિય રહેલા પરમ સત્ દ્વારા, પરમ ચિત્-શક્તિ દ્વારા તથા પરમ આનંદ દ્વારા અને તેના પોતાના વિષે જે કાંઈ વિચાર સૂચિત કરવામાં આવે તે વિચાર દ્વારા સાધી શકાય તેમ હોય તે રીતે તે સિદ્ધ કરવા મથતી રહે છે.

અને જગતના પદાર્થો જો કોઈ લક્ષ્ય તરફ, કોઈ પૂર્ણતા તરફ ગતિ કરી રહ્યા હોય તો તે માત્ર એક જ રીતની પૂર્ણતા હોઈ શકે છે-વ્યક્તિની અંદર તેમ જ વ્યક્તિઓની બનેલી સમષ્ટિની અંદર-પ્રત્યેક પદાર્થ પોતાના અસ્તિત્વની પૂર્ણતા સાધે, પોતાની શક્તિ અને ચેતનાની, પોતાના અસ્તિત્વના આનંદની પૂર્ણતા સાધે. પરંતુ આવી પૂર્ણતા વ્યક્તિરૂપ બનેલી ચેતનામાં સિદ્ધ થવી શક્ય નથી, કેમકે, આ વ્યક્તિરૂપ ચેતના તેણે પોતે વ્યક્તિ તરીકેનું રૂપ ધારણ કરતાં એ રૂપની મર્યાદાઓમાં જ એકાગ્ર બનેલી હોય છે. જગતમાં સાન્ત પદાર્થ પોતાને વિષેની જે રીતે કલ્પના નિપજાવે છે તે કલ્પના મુજબ એ સાન્ત પદાર્થ પોતે પરમ પૂર્ણતા પ્રાપ્ત કરે એ સંભવી શકે તેમ નથી. એટલે જગતની અંદર તો માત્ર એક જ અંતિમ લક્ષ્ય હોઈ શકે તેમ છે. અને તે એ કે જગતમાં સર્જાયેલી વ્યક્તિમાં અનંતરૂપ ચેતના પાછી બહાર આવિર્ભાવ પામે; એટલે કે વ્યક્તિ આત્મ-જ્ઞાન દ્વારા તથા આત્મ-સાક્ષાત્કાર દ્વારા પોતાના સ્વરૂપના સત્યને પ્રાપ્ત કરી લે, અર્થાત્, વિશ્વના પરમ સત્ રૂપમાં જે અનંતતા રહેલી છે, ચેતનામાં જે અનંતતા રહેલી છે, આનંદમાં જે અનંતતા રહેલી છે એ જ પોતાનું પરમ સ્વરૂપ છે, એ જ પોતાની પરમ વાસ્તવિકતા છે એવું જ્ઞાન વ્યક્તિને થાય અને એ આખી અનંતતા વ્યક્તિને પુનઃ પ્રાપ્ત થઈ જાય એ જ તેને માટેનું અંતિમ લક્ષ્ય હોઈ શકે છે. આ જે સાન્તપણું છે એ તો પેલી અનંતતાએ પોતાની વિવિધ રીતની અભિવ્યક્તિને માટે ધારણ કરેલો એક બુરખો જ છે, એ માટેનું એક કરણ જ છે.

સચ્ચિદાનંદ પરમાત્મા અવકાશ અને કાળની અંદર પોતાની જાતને

વિસ્તારીને બેઠેલા છે, અને એ વિસ્તારમાં તેમણે આ વિશ્વની લીલાને ગોઠવી છે. અને આ લીલાનું સ્વરૂપ જોતાં આપણે પ્રથમ તો એમ કલ્પવાનું રહે છે કે પ્રભુનું સચેતન સત્ સ્વરૂપ તિરોભાવ ધારણ કરતું કરતું નીચે આવ્યું છે અને પદાર્થતત્ત્વની ઘનતામાં તથા તેની અનંતવિધ ભેદકતામાં પોતાની જાતને તેણે લીન કરી દીધેલી છે. આમ જો ન બન્યું હોય તો પછી જગતમાં સાન્ત પદાર્થોની વિવિધતા સંભવી શકતી નથી. અને આ તિરોભાવ-નિમજ્જનની ક્રિયાની પછી પેલી જાતે કરીને કેદ બનેલી શક્તિના ઉન્મજ્જનની ક્રિયા કલ્પવાની રહે છે. આ પોતાની મેળે નિમજ્જિત બનેલી શક્તિ એક આકારવાળું સ્વરૂપ બનીને બહાર આવે છે, તે એક સજીવન સ્વરૂપ, ચિંતનશીલ સ્વરૂપ બને છે, અને આખરે જતાં આ દેહધારી ચિંતનશીલ સ્વરૂપ પોતાની જાતનો એક મુક્ત ભાવે પૂર્ણ સાક્ષાત્કાર પ્રાપ્ત કરે છે. એ સાક્ષાત્કારમાં તે પોતાની જાતને જગતમાં રમી રહેલા અનન્ય અને અનંત પ્રભુ રૂપે અનુભવે છે. આવી રીતની મુક્તિ પ્રાપ્ત થતાં તેને અસીમ એવા સત્-ચિત્-આનંદની પ્રાપ્તિ પાછી બની આવે છે. અને સાચું કહીએ તો અત્યારે પણ આ દેહધારી સ્વરૂપ ગુપ્ત રીતે, વાસ્તવિક રીતે તથા શાશ્વત રીતે આ સત્-ચિત્-આનંદ રૂપ જ છે. આમ આ જે નિમજ્જન, ઉન્મજ્જન અને મોક્ષની ત્રિવિધ ગતિ છે તેમાં જ આ વિશ્વની સમસ્યાની સારીયે ચાવી રહેલી છે.

આ રીતે જોઈશું તો વેદાન્તના આ પ્રાચીન સત્યમાં વિશ્વમાં ચાલી રહેલા વિકાસક્રમનું આપણને અત્યારે જે સત્ય જડી આવેલું છે અને દૃષ્ટિગોચર બની રહેલું છે તેનો સમાવેશ થઈ જાય છે. વેદાન્તનું આ સત્ય વિકાસક્રમના આ સત્યને આ રીતે પ્રકાશિત કરી આપે છે, તેને સાચું ઠેરવી આપે છે, અને તેની પાછળ રહેલો સંપૂર્ણ અર્થ બતાવી આપે છે. અત્યારે આપણને વિકાસક્રમનું આ જે સત્ય જણાયું છે તે કાળના પટમાં ક્રમે ક્રમે પોતાને વિકસાવી રહેલા વિશ્વરૂપ તત્ત્વનું જ પ્રાચીન સત્ય છે. એ સત્યને આપણે અત્યારે શક્તિ અને જડતત્ત્વના આપણા અભ્યાસમાં અજ્ઞાનમય રીતે જોઈ રહ્યા છીએ, પરંતુ એને જો આપણે માટે વેદાન્તમાં હજી પણ સુરક્ષિત રહેલા એ પ્રાચીન અને શાશ્વત સત્યના પ્રકાશની અંદર મૂકીને જોવામાં આવે તો એનું પૂર્ણ રહસ્ય અને સત્યાર્થતા જરૂર જણાઈ આવે તેમ છે. અને અત્યારે જગતનો વિચારપ્રવાહ આ દિશામાં હવે ગતિ કરવા લાગ્યો પણ છે, પૂર્વની આ પ્રાચીન વિદ્યા અને પશ્ચિમની આ નવી વિદ્યા હવે પરસ્પર મિશ્રણ પામીને એકબીજાને પોતાની જાત પ્રગટ કરવા લાગ્યાં છે, અને

પોતાના સ્વરૂપને સમજવા લાગ્યાં છે.

પરંતુ આપણને જગતમાંના સર્વ પદાર્થો તે સચ્ચિદાનંદ જ છે એમ જ્ઞાન થઈ જાય તોપણ તેથી બધી બાબતોનો ખુલાસો મળી આવતો નથી, આપણે વિશ્વની પરમ વાસ્તવિકતા શી છે તે તો જાણીએ છીએ, પરંતુ એ વાસ્તવિકતાએ જે પ્રક્રિયા દ્વારા પોતાની જાતને આ દૃષ્ટિગોચર જગત રૂપે પલટી નાખી છે એ પ્રક્રિયા જાણતા નથી. આપણને સમસ્યાની ચાવી મળી આવી છે, પણ એ ચાવી જે તાળામાં લાગુ પાડવાની છે તે તાળું હજી આપણે શોધવાનું બાકી છે. કેમકે આ જે પરમ સત્ તત્ત્વ છે, આ જે સચિત્ શક્તિ અને આનંદ છે તે જગતમાં સીધેસીધાં કાર્ય કરતાં નથી, અથવા તો કોઈ જાદુગરની માફક મંત્ર ભણીને માત્ર શબ્દના બળે બ્રહ્માંડો અને વિશ્વોનું સર્જન કરતા કોઈ સર્વસત્તાધીશ તત્ત્વની માફક બેજવાબદારીપૂર્વક વર્તન કરતાં નથી. આપણે જોઈએ છીએ કે જગતમાં એક પ્રક્રિયા ચાલી રહેલી છે, આપણે સમજીએ છીએ કે જગતમાં એક નિયમ પ્રવર્તી રહેલો છે.

હા, એ સાચું છે કે આપણે જ્યારે આ નિયમનું પૃથક્કરણ કરીએ છીએ ત્યારે તે શક્તિઓની લીલાની એક સમતુલા રૂપે બની જતો લાગે છે, અને એ લીલા તે વિકાસક્રમની એક આકસ્મિક ઘટના દ્વારા તથા ભૂતકાળમાં સિદ્ધ બનેલી શક્તિના પડેલા અભ્યાસ દ્વારા અમુક ચોક્કસ દિશાઓમાં કામ કરતી હોય તેમ લાગે છે. પરંતુ આ જે બહારનું દેખીતું અને ગૌણ સત્ય છે તે જ છેવટનું સત્ય છે એમ તો આપણે વિશ્વમાં કેવલ શક્તિ જ છે એવો વિચાર જ્યાં લગી સ્વીકારીએ ત્યાં લગી જ સાચું રહે છે. આપણને જ્યારે એ દેખાઈ આવે છે કે શક્તિ એ તો સત્ તત્ત્વની એક અભિવ્યક્તિ છે ત્યારે આપણને એ વસ્તુ પણ અવશ્ય દેખાશે કે આ શક્તિ પોતે આ રીતે જે ગતિ કરી રહેલી છે તે પેલા પરમ સત્ તત્ત્વનું પોતાનું જે કોઈક સત્ય છે તે સત્યને જ મળતી આવતી ગતિ છે, એ સત્ તત્ત્વનું આત્મ-સત્ય જ શક્તિની સતત ચાલી રહેલી વંક ગતિને તથા તેના લક્ષ્યને નક્કી કરી આપતી હોય છે. અને વળી આ આદિમ સત્ તત્ત્વનું સ્વરૂપ તો ચેતના છે, એ સત્તત્ત્વની શક્તિનું સારતત્ત્વ પણ ચેતના છે, એટલે આ જે સત્ય છે તે પ્રભુના સચિત્-સ્વરૂપની અંદર પ્રગટ થતું આત્મ-દર્શન જ હોવું જોઈએ, અને એ સત્ તત્ત્વની શક્તિ જે દિશામાં ગતિ કરતી રહે છે તે દિશાનો નિર્ણય પણ પરમ ચેતનામાં પહેલેથી રહેલા એક સ્વ-સંચાલક જ્ઞાનની શક્તિમાંથી જ આવતો રહેવો

જોઈએ. પરમ ચેતના પોતામાં રહેલા આ જ્ઞાનને બળે જ પોતાની શક્તિને પોતાના મૂળ આત્મ-દર્શનની સ્વાભાવિક દિશામાં દોરતી રહે છે. આ રીતે વિશ્વરૂપ ચેતનામાં એક સ્વ-નિર્ણાયક શક્તિ આવી રહેલી છે, અનંત સત્ તત્ત્વની આત્મ-સભાનતામાં એક એવી શક્તિ છે કે જે પોતાની અંદર રહેલા અમુક સત્યને જોઈ શકે છે, અને એ સત્યની દિશામાં પોતાની સર્જન કરવાની શક્તિને પ્રેરી શકે છે. આ વિશ્વના આવિર્ભાવમાં આ રીતની શક્તિ અધ્યક્ષ સ્થાને વિરાજેલી છે.

પરંતુ અહીં પ્રશ્ન થાય કે આ અનંત રૂપ ચેતના અને તેનાં કાર્યોનું આવતું પરિણામ એ બેની વચ્ચે કોઈ વિશિષ્ટ એવી શક્તિ રહેલી છે એમ આપણે શા માટે કહેવું જોઈએ? અનંત પરમાત્માની આ જે આત્મ-સભાનતા છે તે પોતે જ નિર્બંધપણે રૂપોનું સર્જન કરતી રહેતી હોય અને એ રૂપો પછી એમને લય પામવાનો આદેશ ન મળે ત્યાં સુધી લીલામાં ચાલુ રહેતાં હોય એમ શું ન બની શકે? પેલા પ્રાચીન સેમેટિક ધર્મશાસ્ત્ર-બાયબલમાં કહ્યું છે તેમ, 'પ્રભુએ કહ્યું કે, પ્રકાશ થઈ જાઓ અને પ્રકાશ થયો' એ રીતે શું સૃષ્ટિનું કામ નહિ ચાલતું હોય? પણ આમાં આપણે જ્યારે એમ કહીએ છીએ કે, 'પ્રભુએ કહ્યું કે, પ્રકાશ થઈ જાઓ.' ત્યારે એમ સ્વીકારી લઈએ છીએ કે આમાં ચેતનાની એક શક્તિએ એક ક્રિયા કરી, અને એ ક્રિયા એવી છે કે જે જગતમાં જે જે વસ્તુ પ્રકાશ રૂપે નથી તે સર્વમાંથી પ્રકાશનું નિર્માણ કરી આપે છે. અને આપણે જ્યારે 'અને પ્રકાશ થયો' એમ કહીએ છીએ ત્યારે એમ સ્વીકારીએ છીએ કે પેલી જે મૂળ દ્રષ્ટા તરીકેની શક્તિ હતી તેને મળતી એક બીજી નિયામક શક્તિ, ક્રિયાપરાયણ શક્તિ આવી રહેલી છે, એ શક્તિ પછી પ્રકાશ બનવાની ઘટનાને ઊભી કરતી હોય છે, અને મૂળમાં જે દર્શન થયું હતું તે દર્શન મુજબ તે પ્રકાશના સર્જનનું કામ કરતી રહે છે અને જગતમાં એ પ્રકાશથી ભિન્ન એવી જે અનંત શક્યતાઓ રહેલી હોય છે તે આ પ્રકાશ પર ચડી ન બેસે એવું ભાન રાખતી રહે છે. અનંતરૂપ ચેતના પોતાનાં અનંત કર્મમાં પ્રવૃત્ત થાય તો તેમાં માત્ર અનંતવિધ પરિણામો જ ઉત્પન્ન કરી શકે છે. પરંતુ તમારે જો કોઈ એક નિશ્ચિત સત્ય ઉપર કે સત્યોના સમૂહ ઉપર સ્થિર થવું હોય, અને પહેલાંથી નિશ્ચિત બનેલી વાત મુજબ એક જગત બાંધવું હોય તો તે માટે તમારે જ્ઞાનની એક આલોચક શક્તિની જરૂર રહે છે, અને એ શક્તિ પછી અનંતરૂપ પરમ વાસ્તવિકતામાંથી સાન્ત એવાં રૂપો ઘડવાનું કામ હાથ ધરી શકે છે.

આ શક્તિને વેદના દ્રષ્ટાઓ 'માયા' નામથી ઓળખતા હતા. તેઓ માયાને અનંત ચેતનાની એક શક્તિ રૂપે ગણતા હતા. એ શક્તિ નામ અને રૂપની કલ્પના કરતી હોય છે, તેને પોતામાં ધારણ કરતી હોય છે, તથા અનંત સત્ તત્ત્વના વિરાટ અપરિસીમિત સત્યમાંથી માપી માપીને નામ અને રૂપની રચના કરતી રહે છે, એટલે કે તેને આકાર આપતી રહે છે- આ આકાર રચવો એ જ અપરિસીમિતને સીમામાં લાવવાનું કાર્ય છે. મૂળ સત્ તત્ત્વનું જે સ્થિર અગતિક સત્ય છે તે આ માયા દ્વારા જ ક્રિયાશીલ સત્ તત્ત્વનું સુયોજિત સત્ય બને છે- અથવા, આ વસ્તુને વધુ તત્ત્વજ્ઞાનની પરિભાષામાં કહેવી હોય તો એમ કહેવાય કે જે પરમ મૂળ તત્ત્વ છે તેમાં તો ભેદક ચેતનાની કોઈ પણ દીવાલ વિના જ બધી વસ્તુઓ બધા રૂપે રહેતી હોય છે. એમાંથી પછી દૃષ્ટિગોચર બનતું સત્ તત્ત્વ બહાર આવે છે અને એમાં સત્ તત્ત્વની સત્ તત્ત્વ સાથે, ચેતનાની ચેતના સાથે, શક્તિની શક્તિ સાથે, આનંદની આનંદ સાથે લીલા રચાય તેટલા માટે પ્રત્યેક વસ્તુમાં પેલાં સર્વ તત્ત્વો આવી રહે છે અને પ્રત્યે વસ્તુ સર્વમાં જઈને રહે છે. આ જે અખિલની એકમાં રહેવાની અને એકની અખિલમાં રહેવાની લીલા છે તે પ્રથમ તો આપણી આગળ આપણા મનને કારણે યા તો માયાની ભ્રાંતિને લીધે છુપાયેલી રહે છે. આ ભ્રાંતિ આપણને પ્રત્યેકને એમ સમજાવી લે છે કે હું પોતે સર્વની અંદર છું પણ સર્વ મારી અંદર નથી, અને પોતે સર્વની અંદર એક અલગ વ્યક્તિ તરીકે છે, બાકીના જીવન સાથે પોતે હંમેશા અવિચ્છેદ્ય રીતે એકરૂપ જ છે એવી રીતે નહિ. આ પછીથી આપણે આ ભૂલમાંથી નીકળી જઈને અતિમાનસની લીલામાં યા તો માયાના સત્યમાં પહોંચવાનું રહે છે. ત્યાં આગળ 'પ્રત્યેક' અને 'અખિલ' વિશ્વનું એકરૂપી સત્ય અને બહુરૂપ પ્રતીક એ બે વચ્ચેની અભેદ્ય એકતામાં સહઅસ્તિત્વ ધરાવતાં રહે છે. આ જે નીચેની, વર્તમાન અને ભ્રાંતિજનક મનોમય માયા છે તેને આપણે સ્વીકારી લેવાની રહે છે અને પછી જીતવાની રહે છે. કેમકે આ માયામાં પ્રભુ પોતે ભેદ અને અંધકાર અને સીમિતતા સાથે લીલા કરતા હોય છે, ઈચ્છા અને સંઘર્ષ અને વેદના સાથે રમત રમતા હોય છે. એ રમતમાં તેઓ પોતામાંથી બહાર આવેલી શક્તિને આધીન બની જતા હોય છે, અને એના અજ્ઞાનમય સ્વરૂપ દ્વારા પોતાની જાતને પણ અજ્ઞાનથી આવરિત થઈ જવા દેતા હોય છે. આ પછી જે પેલી બીજી માયા છે, આ મનોમય માયા દ્વારા છુપાવી રખાયેલી, તેને આપણે વટાવી જવાની

છે અને પછી સ્વીકારવાની છે. કેમકે એ માયામાં પ્રભુ સત્ તત્ત્વની અનંતતાઓ સાથે, જ્ઞાનના પ્રકાશ સાથે, સ્વાધીન કરાયેલી શક્તિઓના વૈભવો સાથે અને અસીમ પ્રેમના આનંદો સાથે લીલા કરી રહ્યા હોય છે. એ લીલામાં પ્રભુ શક્તિની પકડમાંથી બહાર નીકળી આવે છે, ઊલટું એને પોતે પકડમાં લે છે, અને તેને પ્રકાશથી આલોકિત કરીને, જે હેતુને માટે તે પહેલી વાર પ્રભુમાંથી બહાર નીકળી હતી તે હેતુ સિદ્ધ કરી લે છે.

નિમ્ન માયા અને ઊર્ધ્વ માયા વચ્ચેનો આ જે ભેદ છે તે માણસનો ચિંતનવ્યાપાર અને આ વિશ્વરૂપી હકીકત તે બંનેની અંદરની કડી છે. નિરાશાવાદી તથા ભ્રાંતિવાદી દર્શનો આ કડીને ચૂકી જતાં હોય છે અથવા તો તેને અવગણતાં રહે છે. આ દર્શનોને માટે તો મનોમય માયા, અથવા તો કદાચ એક અધિમનસ, એ જ જગતનું સર્જનહાર તત્ત્વ છે. અને મનોમય માયાથી જે જગત રચાયું હોય એ જગત તો ખરેખર એક ન સમજાવી શકાય તેવો વિરોધાભાસ જ બની રહે, સચિત્ સત્ તત્ત્વ ઉપર એ તો એક કાયમનો બેઠેલો છતાં વહેતો રહેતો એવો ઓથાર જ બની રહે છે. એવા જગતને તમે ભ્રાંતિ પણ કહી શકતા નથી તેમ વાસ્તવિકતા પણ કહી શકતા નથી. આમાં આપણે એ વસ્તુ સમજવાની છે કે મન એ તો જગતનું સજર્ન કરનાર અને નિયમન કરનાર જ્ઞાન અને એ જ્ઞાનની ક્રિયાઓમાં કેદ બની ગયેલો આત્મા એ બે વચ્ચેની માત્ર એક વચલી અવસ્થા છે. સચ્ચિદાનંદ પ્રભુ પોતાની એક નિમ્ન ક્રિયા દ્વારા તિરોભાવ પામતા પામતા શક્તિની અંદર ડૂબી જઈને પોતાની જાતને ભૂલી ગયેલા છે, અને એ શક્તિ તેની પોતાની ક્રિયાઓના રૂપમાં ગુમ થઈ ગયેલી છે. એ આત્મ-વિસ્મૃતિમાંથી પ્રભુ પાછા પોતાના સ્વરૂપ તરફ વળતા હોય છે, આ આરોહણ અને અવરોહણમાં મન તે પ્રભુનાં અનેક કરણોમાંનું માત્ર એક જ કરણ છે. મન તે અવરોહણની દિશામાં જતા સર્જન માટેનું એક કરણ છે, એ પોતે કાંઈ વિશ્વની ગુપ્ત સર્જિકા નથી,- એવી જ રીતે તે આરોહણની દિશામાં ગતિ કરતી વેળા પણ એક વચલી અવસ્થા બને છે, મન એ આપણું ઊર્ધ્વ આદિ મૂળ નથી, તેમ જ આ વિશ્વરૂપી સત્ તત્ત્વનું તે કાંઈ અંતિમ પરમ સ્વરૂપ પણ નથી.

કેટલાંક દર્શનો માત્ર મનને જ જગતનું સર્જનહાર તત્ત્વ માને છે, અથવા તો વિશ્વમાં એક મૂળ તત્ત્વ છે એમ સ્વીકારીને એ મૂળ તત્ત્વ અને વિશ્વનાં રૂપોની વચ્ચે માત્ર

આત્માના સાક્ષાત્કારમાં જ મળી શકે. વચમાંનાં તત્ત્વોમાં તો એવી પ્રતીતિ મળવા સંભવ નથી. એટલે કરીને જ માનવ મનને તે બન્ને અંતિમ બિંદુઓ તરફ જવાની ફરજ પડે છે. અને ત્યાર પછી જ તે સમગ્ર જીવન પ્રત્યે સફળતાપૂર્વક પાછું ફરી શકે છે. માનવ બુદ્ધિનું બંધારણ જ એવું છે કે સ્વાભાવિક રીતે તેની આગળ આવી રહેલાં વિવિધ તત્ત્વોમાં એકતાની શોધ કરવા જતાં સઘળા પદાર્થોનો છેદ ઉડાવીને અંતે એકમાં જ તેમને લાવી મૂકવાં પડે છે. આમ થવાનું કારણ એ છે કે મનની સેવા કરનાર ઇન્દ્રિયો જીવનના ખંડો કરીને જ તેમને સ્પષ્ટતાથી જોઈ શકે છે, અને તેનું બીજું કારણ વાચા પણ જ્યારે કોઈ વિચારને કે તત્ત્વને મર્યાદિત કરે છે અને તેને વ્યાખ્યામાં સંભાળપૂર્વક બાંધે છે ત્યારે જ સ્પષ્ટતા સાધી શકે છે. આ એક તત્ત્વનું પ્રતિપાદન કરવા માટે એ અન્ય સર્વેનો સદંતર ત્યાગ કરવાનો પ્રયત્ન કરે છે. ઉપર જણાવ્યો તેવો અન્ય સર્વેનો છેદ ઉડાવી દેવાની પદ્ધતિનો આશ્રય લીધા સિવાય એ સર્વે તત્ત્વોમાં રહેલા તાદાત્મ્યનું વાસ્તવિક મૂળ જાણવું હોય તો માનવે બુદ્ધિથી ઉપરની ભૂમિકામાં આરોહણ કરવું જોઈએ, અથવા તો એક પછી એક તત્ત્વોનો સ્વીકાર કરીને છેક બીજા છેડા સુધી પહોંચીને સર્વ તત્ત્વોનો સ્વીકાર કરીને સર્વે તત્ત્વોની પાછળ વ્યાખ્યાતીત યાને વર્ણનાતીત એવું કોઈ ગહન તત્ત્વ આવેલું છે તેની શોધ કરી લેવી જોઈએ. અને એ તત્ત્વ કેવળ વાસ્તવિક છે એટલું જ નહિ પરંતુ પ્રાપ્ત કરી શકાય તેવું છે. ગમે તે રીતે મુસાફરી કરવા જતાં આપણે એ જ અંતિમ હેતુને પ્રાપ્ત કરીશું અને જીવનની યાત્રા પૂરી કરવાનો ઇનકાર કરીને જ આપણે એ અંતિમ સ્થાને પહોંચતાં અટકી પડીશું.

ઘણા પ્રયોગો અને વાણીની ચર્ચાના નિર્ણયો પછી, કડકમાં કડક કસોટી પછી સફળ રીતે પસાર થયેલાં બે મહાન તત્ત્વો આપણી સમક્ષ સામસામે આવીને ઊભાં રહેલાં જણાય છે, અને તેમનો સ્વીકાર આપણે માટે અનિવાર્ય થાય છેઃ આ વસ્તુ ભવિષ્યને માટે એક સારી આગાહી છે. એ બે તત્ત્વો એક વાસ્તવિકતાના સામસામા છેડાઓ છે, અને અનુભવને પરિણામે એ બન્નેના ઝઘડામાંથી આવતા પરિણામને, એકનો સ્વીકાર અને બીજાના ત્યાગને, માનવજાતિમાં રહેલી પ્રેરણા,-જે સત્યના વિરાટ આત્માનો છૂપો ન્યાયાધીશ, રક્ષક અને પ્રતિનિધિ છે તે-સાચી અગર તો સંતોષકારક વસ્તુ તરીકે સ્વીકારવાનો ઇનકાર કરે છે. એક બાજુ યુરોપમાં જડવાદીઓ આત્માનો ઇનકાર કરે છે અને બીજી બાજુ ભારતમાં ત્યાગી લોકો જીવન મિથ્યા છે એમ માને છે; એ બન્ને

મન રૂપી એક જ મધ્યગામી તત્ત્વ છે એમ કહે છે. આવાં દર્શનોને બે ભાગમાં વહેંચી શકાય છેઃ નર્યાં કેવલત્વવાદી (noumenal) અને આદર્શવાદી. નર્યાં કેવલત્વવાદી દર્શનો વિશ્વ તે કેવલ મનનું, ચિંતનનું, વિચારનું કાર્ય છે એમ સ્વીકારે છે. પરંતુ વિચાર તો નર્યો સ્વૈરગતિક હોઈ શકે છે, તેને વિશ્વના કોઈ વાસ્તવિક સત્ય સાથે કશો તાત્ત્વિક સંબંધ ન હોય એમ બની શકે છે. અથવા તો વિશ્વનું આવું સત્ય હસ્તીમાં હોય તોપણ તે એક નર્યું અનન્ય તત્ત્વ હોય, સર્વ સંબંધોથી અલગ એવું, અને સંબંધોના બનેલા જગત સાથે તેનો મેળ ન બેસી શકે તેવું હોય એમ ગણી શકાય છે. આદર્શવાદી દૃષ્ટિ એમ માને છે કે વિશ્વની પાછળ રહેલું સત્ય અને વિશ્વના અગ્ર ભાગમાં રહેલા વિચારજનિત દૃશ્ય પદાર્થો એ બેની વચ્ચે એક સંબંધ છે. અને એ સંબંધ તે માત્ર વિસંવાદ રૂપનો તથા વિરોધ રૂપનો જ નથી હોતો. હું હવે આ આદર્શવાદની દૃષ્ટિથી એક ડગલું આગળ જતી દૃષ્ટિ રજૂ કરું છું. મારા આ દૃષ્ટિબિંદુ મુજબ વિશ્વનું સર્જન કરનાર જે વિચાર છે તે જ વિશ્વની વાસ્તવિકતાની સાથે જોડાયેલો વિચાર-Real-idea છે. એટલે કે એ વિચાર વાસ્તવિક સત્ તત્ત્વને અભિવ્યક્તિ આપવાનું કામ કરતી વિશ્વની પરમ સચિત્ શક્તિની એક શક્તિ છે, એ પોતે વાસ્તવિક સત્ તત્ત્વમાંથી જન્મેલો હોય છે, અને તેનામાં એ સત્ તત્ત્વના ધર્મો રહેલા હોય છે, એ વિચાર શૂન્યમાંથી જન્મેલો નથી હોતો કે તરંગોને વણનાર નથી હોતો. આમાં તો સભાન રૂપ વાસ્તવિકતા પોતે જ પોતાની જાતને અવિનાશી અને અવિકારી તત્ત્વનાં બનેલાં પોતાના વિકારી રૂપોમાં ઢાળી દેતી હોય છે. એટલે પછી જગત એ વિશ્વ મનસની અંદર બની આવેલો કલ્પનાનો એક તુક્કો નથી રહેતું, પણ મનથી પર રહેલા તત્ત્વનો જ તેનાં પોતાનાં રૂપોની અંદર સજ્ઞાનપણે થતો જન્મ બની રહે છે. આ બધાં રૂપોને સચિત્ સત્ તત્ત્વનું એક સત્ય ટેકો આપતું રહે છે. અને એ રૂપોની અંદર તે પોતાને અભિવ્યક્ત કરતું રહે છે. આવી રીતે અભિવ્યક્ત બનેલા સત્યની સાથે જોડાયેલું જ્ઞાન એક ઋતુ-ચેતના* તરીકે સર્વ ઉપર પોતાની આણ જમાવતું રહે છે, તે સાચા વાસ્તવિક વિચારોને પ્રથમ

---

* આ 'ઋત-ચિત્ત' શબ્દ મેં ઋગ્વેદમાંથી લીધો છે. એનો અર્થ છે સત્યમ, ઋતમ્, બૃહત્‌ની ચેતના. સત્યમ એટલે કે સત્ તત્ત્વનું મૂળ તાત્ત્વિક સત્ય, ઋતમ્ એટલે કે સક્રિય સત્ તત્ત્વનું સુવ્યવસ્થિત સત્ય, બૃહત્ એટલે કે એક વિરાટ આત્મ-ચિતિ. આવી વિરાટ આત્મ-ચિતિમાં જ આ ચેતના શક્ય બને છે.

તો એક પૂર્ણ સંવાદમય રૂપમાં ગોઠવી લે છે અને તે પછી જ તેમને મનોમય-પ્રાણમય-જડરૂપ સ્વરૂપોના ઢાળમાં ઢાળે છે. મન, પ્રાણ અને શરીર એ એક નિમ્ન કોટિની ચેતના છે, એ એક આંશિક અભિવ્યક્તિ છે. આ મન પ્રાણ અને શરીર વિવિધ પ્રકારની વિકાસક્રિયાનાં સ્વરૂપોનો આશ્રય લે છે અને એ સ્વરૂપોમાં તે પોતાની એક ઉચ્ચતર અભિવ્યક્તિમાં પહોંચવાનો પ્રયત્ન કરતાં રહે છે. મન પ્રાણ શરીરની આ ઉચ્ચતર અભિવ્યક્તિ આમ તો પહેલેથી જ મનથી પર રહેલા તત્ત્વને પ્રત્યક્ષ હોય છે. આ મનસોત્તર તત્ત્વમાં જે વસ્તુ રહેલી છે એ જ આદર્શ તત્ત્વ છે, અને એ આદર્શ એની પોતાની પરિસ્થિતિઓમાં પોતાને સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરી રહેલો હોય છે.

આપણી નીચેથી ઉપર આરોહણ કરતી દૃષ્ટિ મુજબ જોઈએ તો આપણે એમ કહી શકીએ છીએ કે વિશ્વમાં આવી રહેલા સર્વ પદાર્થોની પાછળ જે વસ્તુ આવી રહેલી છે તે જ પરમ વાસ્તવિક તત્ત્વ છે. એ પરમ વાસ્તવિક તત્ત્વ ત્યાંથી એક વચલી અવસ્થામાં નીચે ઊતરીને પોતાને એક આદર્શ રૂપે વ્યક્ત કરે છે. એ આદર્શ તે એ વાસ્તવિક સત્યનું પોતાનું જ એક સંવાદપૂર્ણ સત્ય હોય છે. એ આદર્શ પછી જુદાં જુદાં રૂપ લઈ શકે તેવા સજ્ઞાન-સત્ તત્ત્વની દૃષ્ટિગમ્ય એવી એક વાસ્તવિકતાને બહાર લાવે છે. આ દૃષ્ટિગમ્ય વાસ્તવિકતા અનિવાર્ય રીતે પોતાની મૂળ વાસ્તવિકતા પ્રત્યે આકર્ષાતી જ રહે છે. એ વાસ્તવિકતાને પ્રાપ્ત કરવાનો તે પ્રયત્ન કરતી રહે છે, અને તે માટે આખરે જતાં તે કાં તો, એક ઉગ્ર ઠેકડો ભરીને તેમાં પહોંચી જાય છે અથવા તો જે આદર્શે તેને જન્મ આપેલો છે તે આદર્શ મારફતે એક સ્વાભાવિક ગતિએ મૂળ વાસ્તવિકતામાં પહોંચે છે. આ જે વસ્તુસ્થિતિ છે તેમાંથી જ આપણને એ ખુલાસો મળી આવે છે કે મનને માનવ જીવન એક અપૂર્ણ એવી વાસ્તવિકતા રૂપે શા માટે દેખાય છે. અને આ મનોમય માનવ પ્રાણીમાં પોતાથી સદાયે પર રહેતી એક પૂર્ણતાની શક્યતા પ્રત્યે, આદર્શ તત્ત્વની પેલી ગૂઢ સંવાદપૂર્ણ સ્થિતિ પ્રત્યે સાહજિકપણે એક અભીપ્સા જાગતી રહે છે. અને પછી આત્મા એક પરમ ઠેક ભરીને આદર્શથી પર ચાલ્યો જાય છે અને પરાત્પરમાં પહોંચવા નીકળે છે એનો ખુલાસો પણ આ જ વસ્તુસ્થિતિમાં રહેલો છે. આપણી ચેતનાની જે જે હકીકતો રહેલી છે, એ ચેતના જે રીતે બંધાયેલી છે અને તેની જે ક્ષુધા છે તે બધું જોતાં વિશ્વની ઉપર પ્રમાણેની ત્રિવિધ

વ્યવસ્થા હોવી જોઈએ એમ આપણે માની શકીએ છીએ. આ બધી વસ્તુઓ જોયા પછી આપણે એમ સ્વીકારી શકતા નથી કે જગતમાં એક બાજુ એક કેવલ પરમ તત્ત્વ આવી રહેલું છે અને બીજી બાજુ એક કેવલ સાપેક્ષતાની સૃષ્ટિ આવી રહેલી છે અને એ બે અલગ અલગ વસ્તુઓ હોઈ તેમની વચ્ચે કદી મેળ ખાઈ શકે તેમ નથી.

વિશ્વમાં જે કાંઈ આવેલું છે તેનો ખુલાસો આપણે માત્ર મન તત્ત્વને આધારે મેળવી શકતા નથી. વિશ્વનું સર્જન કરવા માટે અનંત પરમાત્મ ચેતનાએ પ્રથમ તો પોતાની જાતને જ્ઞાનની એક અનંત શક્તિનું રૂપ, અથવા તો આપણી દૃષ્ટિએ જેને સર્વજ્ઞતા કહેવાય તેવું એક રૂપ આપવાનું રહે છે. પણ મન એ કાંઈ જ્ઞાનની ઈન્દ્રિય નથી અથવા તો તે સર્વજ્ઞતાનું કરણ પણ નથી. મન એ જ્ઞાનની શોધ માટેની ઈન્દ્રિય છે. એ પોતે જેટલું કાંઈ જ્ઞાન મેળવી શકે તેને તે એક સાપેક્ષ રીતના વિચારનાં અમુક રૂપોમાં જેટલું કાંઈ પ્રગટ કરી શકે, તથા એ જ્ઞાનને કર્મની અમુક શક્તિઓ પ્રાપ્ત કરવા માટે વાપરી શકે તે માટેની ઈન્દ્રિય છે. વળી મનને જ્યારે પણ કંઈ તત્ત્વ જડી આવે છે ત્યારે તે તત્ત્વને તે પોતે ધારણ કરી રાખતું નથી. એ તો માત્ર પોતાની સ્મૃતિરૂપી બૅન્કમાં સત્યના ચલણી સિક્કાઓનો અમુક ભંડોળ રાખી મૂકે છે–સત્યને પોતાને નહિ–અને તેનો ઉપયોગ પોતાની જરૂર પ્રમાણે કરતું રહે છે. મન પોતે એક એવી વસ્તુ છે કે જેને પોતાને કશું જ્ઞાન નથી, જે જાણવાનો પ્રયત્ન કરે છે અને જે કાંઈ તેને જણાય છે તે એક કાચની અંદર થઈને ધૂંધળું ધૂંધળું દેખાતું હોય તેવું જ હોય છે. આ મન અમુક રીતની વસ્તુઓના વ્યવહારુ ઉપયોગો માટે વિશ્વના વિરાટ અસ્તિત્વના સત્યનો અર્થ ઘટાવી આપનારી એક શક્તિ જેવું છે. એ કાંઈ વિશ્વના અસ્તિત્વને જાણતી હોય તથા તેને દોરતી હોય એવી કોઈ શક્તિ નથી, અને તેથી વિશ્વનું સર્જન યા તો આવિર્ભાવ જે શક્તિએ કર્યો છે તે શક્તિ તે મન હોઈ શકતું નથી.

પરંતુ આપણે જો કોઈ એવું અનંત મન કલ્પી શકીએ કે જે આપણી મર્યાદિતતાઓથી મુક્ત હોય તો એ મન તે આ વિશ્વનું સર્જનહાર બની શકે કે નહિ? હા, પણ તો પછી એવું મન, આપણે જાણીએ છીએ એવા મનની વ્યાખ્યા કરતાં તદ્દન જુદી જ એવી વસ્તુ હશે: એ મન મનોમયતાથી પર એવી કોઈક વસ્તુ હશે, એ મન તો અતિમનસ સત્ય હશે. આપણે જે રીતની મનોમયતા જાણીએ છીએ એવી રીતે બનેલું અનંત મન તો એક અનંત પ્રકારની અતંત્રતાનું જ માત્ર સર્જન કરી શકે છે. અને

એવા સર્જનમાં તો પછી ગમે તેમ થઈ જતી વસ્તુઓ, આકસ્મિક વસ્તુઓ, પરિવર્તન પામતી વસ્તુઓની એક જંગી અથડામણ જ ચાલ્યા કરે, એ બધું કોઈ અનિશ્ચિત રીતના અંત પ્રત્યે ઘસડાતું રહે અને એ અંત પછી તે હમેશાં એક કામચલાઉ રીતની ખોજાખોજ અને અભીપ્સામાં જ ડૂબેલું રહે એવું બની શકે છે. જે મન એક અનંત રૂપ હોય, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોય તે પછી મન રહે જ નહિ, એ તો અતિમાનસ જ્ઞાન જ કહેવાય.

મનને આપણે જાણીએ છીએ તે મુજબ તો તે એક પ્રતિબિંબ ઝીલતા દર્પણ જેવું છે. આ દર્પણ એક પહેલેથી જ હસ્તીમાં રહેલા સત્ય કે હકીકતો ને તે જે રૂપે તેની સમક્ષ રજૂ થાય અથવા તો તેનાં બિંબ તેના ઉપર પડે તે પ્રમાણે ઝીલતું રહે છે. આ સત્ય કે હકીકતો કાં તો તેનાથી બહાર આવી રહેલી હોય છે યા તો કાંઈ નહિ તો તેના કરતાં વધુ વિશાળ રીતની તો હોય છે જ. પ્રત્યેક પળે આ મન જગતની જે કાંઈ ઘટનાઓ બની રહેલી હોય છે યા તો બની ચૂકેલી હોય છે તેને પોતાની સમક્ષ રજૂ કરતું રહે છે. વળી મન તેની આગળ જે વાસ્તવિક હકીકત રજૂ થતી હોય છે તેના કરતાં બીજી રીતની વસ્તુઓનાં શક્ય તેવાં ચિત્રો પોતાની અંદર ઊભાં કરવાની શક્તિ પણ ધરાવે છે. અર્થાત્, મન માત્ર જે ઘટનાઓ બની ચૂકેલી છે તેને જ માત્ર નહિ પણ જે ઘટનાઓ બનવાનો સંભવ છે તેને પણ પોતાની સમક્ષ રજૂ કરે છે. પણ આમાં એક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે, મન જે ઘટનાઓ ખરેખર બનવાની જ છે તેને પોતાની સમક્ષ ખડી કરી શકતું નથી. હા, જે વસ્તુ વર્તમાનમાં છે અથવા તો થઈ ગયેલી છે તેનું પુનરાવર્તન ખાતરીબંધ થવાનું હોય તો તેવી વસ્તુ તે જોઈ શકે છે ખરું. અને છેવટે, મનમાં એક બીજી શક્તિ પણ છે કે જે વડે તે નવા ફેરફારોને આગળથી ભાખી શકે છે. મન થઈ ચૂકેલી વસ્તુઓ અને થવાના સંભવવાળી વસ્તુઓના મિલનમાંથી, સિદ્ધ બનેલી શક્યતા અને અસિદ્ધ રહેલી શક્યતાના મિલનમાંથી આવા નવા ફેરફારો ઉપજાવવાનો પ્રયત્ન કરતું રહે છે. આ ફેરફારો તે કોઈક વાર વધુ ઓછી ચોક્કસ રીતે ઊભા કરવામાં સફળ પણ થાય છે, તો કોઈક વાર નિષ્ફળ પણ જાય છે, પરંતુ સામાન્ય રીતે એવું બને છે કે આ ફેરફારો મને આગળથી જે રીતના ભાખ્યા હોય છે તેના કરતાં કોઈ જુદાં જ રૂપો લેતા દેખાય છે, એણે જે હેતુઓ સિદ્ધ કરવાની ઈચ્છા કે ઈરાદો રાખ્યો હોય છે તેના કરતાં કોઈ બીજી રીતે જ તેનો ઉપયોગ થઈ ગયો હોય છે.

આવા પ્રકારનું મન અનંત રૂપ હોય તો તે પરસ્પર અથડાતી શક્યતાઓના બનેલા એક આકસ્મિક જેવા વિશ્વનું સર્જન કરી શકે છે, પણ એણે બનાવેલું વિશ્વ તે એક હંમેશાં બદલાતી રહેતી વસ્તુ જેવું જ રહેશે. એ વિશ્વનો એ જે કાંઈ ઘાટ રચશે તે કોઈક બદલાતી રહેતી વસ્તુ જેવો હશે, એ હંમેશાં ક્ષણભંગુર, એના વહનમાં અચોક્કસ રહેશે, એ નહિ વાસ્તવિક, નહિ અવાસ્તવિક એવું કંઈક હશે. એ વિશ્વને કોઈ નિશ્ચિત હેતુ કે લક્ષ્ય નહિ હોય, પણ ક્ષણિક ધ્યેયોની એક અંતહીન પરંપરા તેની સામે રહેશે. અને એ ધ્યેય પરંપરા એને,- એ વિશ્વની પાછળ કોઈ વધુ ઉચ્ચ પ્રકારની માર્ગદર્શક શક્તિ ન હોવાને લીધે-આખરે જતાં ક્યાંય પહોંચાડશે નહિ. આવી રીતના એક નર્યા કેવલત્વવાદમાંથી માત્ર એક જ સ્વાભાવિક પરિણામ આવી શકે તેમ છે, શૂન્યવાદ અથવા તો ભ્રાંતિવાદ કે એને મળતું બીજું કોઈ તત્ત્વજ્ઞાન. આવી રીતે રચાયેલું વિશ્વ તેનાથી ભિન્ન એવી કોઈ વસ્તુનું પ્રતિરૂપ કે પ્રતિબિંબ બની શકે છે ખરું, પણ એ પ્રતિરૂપ કે પ્રતિબિંબ હંમેશાં અને છેવટ લગી એક ખોટી રીતનું પ્રતિરૂપ જ હશે, એક વિકૃત બનેલું પ્રતિબિંબ જ હશે. એમાં પછી આખુંયે વિશ્વ તે મન પોતે પોતાની કલ્પનાઓને પૂરેપૂરી સાકાર કરવાને મથી રહેતું હોય એમ બનશે, પણ એમાં એને સફળતા નહિ મળતી હોય. કેમકે આ કલ્પનાઓની પાછળ તેના આત્મ-સત્યનો કોઈ મહા સમર્થ પાયો નહિ હશે. એની પોતાની ભૂતકાળની શક્તિઓનો પ્રવાહ તેને વશ કરી દેતો હશે અને આગળ ને આગળ ખેંચી જતો હશે. અને આમ ને આમ તે અનિશ્ચિત રીતે સદાકાળ લગી આગળ ને આગળ ખેંચાતું જતું રહેશે, અને એ કાં તો પોતાનો વધ કરી નાખે અથવા તો કોઈ શાશ્વત સ્થિરતામાં ઢળી પડે તો જ, અથવા તો ત્યારે જ એની આ ગતિ બંધ થશે. આ વસ્તુને એના મૂળમાં જઈને જોઈએ તો તે શૂન્યવાદ અને ભ્રાંતિવાદ જ બની રહે છે, અને આપણે જો એમ માનતા હોઈએ કે આપણી આ જે માનવ મનોમયતા છે તે અથવા તો એના જેવી જ કોઈ બીજી વસ્તુ હોય તો તે જ વિશ્વની ઊંચામાં ઊંચી શક્તિ છે અને એ જ વિશ્વમાં કામ કરી રહેલો આદિ સંકલ્પ છે તો પછી આ જ એક જ્ઞાન આપણે સ્વીકારવાનું રહે છે.

પરંતુ વિશ્વમાં જ્ઞાનની જે આદિમ શક્તિ છે તેમાં આપણને જ્યારે આપણી માનવ મનોમયતામાં દેખાય છે તેના કરતાં એક વધુ ઉચ્ચ શક્તિ રહેલી દેખાઈ આવે છે ત્યારે પછી વિશ્વ વિષેની આ રીતની કલ્પના અધૂરી બને છે અને એટલે તે અસત્ય ઠરે

છે. વિશ્વ વિષેની આ કલ્પનામાં સત્ય તો છે પણ તે સંપૂર્ણ સત્ય નથી. વિશ્વ આપણને પ્રથમ દૃષ્ટિએ જેવું દેખાય છે તેનો નિયમ આ પ્રમાણેનો છે, પરંતુ વિશ્વનું જે આદિમ સત્ય છે તથા તેની જે અંતિમ હકીકત છે તેનો નિયમ આ પ્રમાણે નથી. કેમકે આપણે જોઈએ છીએ કે મન, પ્રાણ અને શરીરની ક્રિયા પાછળ એક એવી વસ્તુ આવેલી છે કે જે શક્તિના પ્રવાહની અંદર અંતર્ગત બની જતી નથી પણ એ પોતે આ શક્તિના પ્રવાહને પોતામાં લઈ લેતી હોય છે અને તેનું નિયંત્રણ કરતી હોય છે. એ કોઈક વસ્તુ આ જગતમાં જન્મેલી છે અને પછી તેનો અર્થ કરવા મથી રહી છે એવી નથી, પરંતુ એ વસ્તુએ પોતે પોતાના સ્વરૂપની અંદર એક જગતનું સર્જન કરેલું છે અને એ જગત વિષે તે સર્વજ્ઞાન ધરાવતી હોય છે. એ કોઈક વસ્તુ પોતાના કાબૂ બહાર ચાલી ગયેલી ભૂતકાળની શક્તિઓના પ્રબળ પ્રવાહની અંદર તણાતી રહેતી હોય અને તે દરમિયાન પોતાની અંદરથી કોઈ બીજી વસ્તુને બનાવવા માટે સતત મથી રહેતી હોય તેમ નથી, પરંતુ એ વસ્તુ પાસે તેની પોતાની ચેતનાની અંદર ક્યારનુંયે તેનું પોતાનું એક સંપૂર્ણ રૂપ રહેલું છે અને તેને તે અહીં આ જગતમાં ક્રમે ક્રમે આવિર્ભાવ આપી રહી છે. આ જગત તો એક પ્રથમથી જ દૃષ્ટ રહેલા સત્યને અભિવ્યક્ત કરી રહેલું છે, તે એક પુરોનિર્માણક સંકલ્પશક્તિની આજ્ઞાને વશ રહી ચાલી રહેલું છે, એક આદિમ રૂપસર્જક આત્મ-દર્શનને સાકાર કરી રહેલું છે,-જગત એ એક દિવ્ય વિશ્વસર્જનનું જ દિનોદિન વૃદ્ધિ પામી રહેલું રૂપ છે.

જ્યાં સુધી આપણે બાહ્ય આભાસોથી નિયંત્રિત બનતી મનોમયતા દ્વારા કામ કરતા રહીએ છીએ ત્યાં સુધી આ કોઈક વસ્તુ, વિશ્વથી પર અને વિશ્વની પાછળ રહેલી અને છતાં હમેશાં વિશ્વની અંદર વ્યાપ્ત રહેલી, આપણે માટે માત્ર અનુમાનનો જ વિષય હોઈ શકે છે અથવા તો તે એક આછા આછા અનુભવાતા સાંનિધ્ય જેવું જ તત્ત્વ રહે છે. આપણે જગતમાં એક ચક્રગતિક પ્રગતિનો નિયમ જોઈએ છીએ અને એમાંથી એમ અનુમાન તારવીએ છીએ કે વિશ્વમાં કોઈ એક ક્યાંક પૂર્વજ્ઞાત રહેલી એવી વસ્તુ એક સદાયે વધતી જતી પૂર્ણતામાં પહોંચી રહી છે. કેમકે વિશ્વમાં આપણને સર્વત્ર વસ્તુના પોતાના સ્વરૂપની અંદર જ સ્થાપિત થયેલો એવો નિયમ પ્રવર્તી રહેલો દેખાય છે. અને પછી જ્યારે આપણે એ નિયમની પ્રક્રિયાની કારણ પરંપરામાં ઊંડે ઊતરીએ છીએ ત્યારે આપણને એ જણાય છે કે આ નિયમ તે વસ્તુની અંદર રહેતા એક અંતઃસ્થ

જ્ઞાનનું જ પ્રકટીકરણ છે. એ જ્ઞાન વિશ્વમાં જે સત્ તત્ત્વ પોતાને અભિવ્યક્ત કરી રહેલું છે તેમાં પ્રથમથી જ અંતર્ગત રહેલું છે, અને જે શક્તિ આ સત્ તત્ત્વને અભિવ્યક્ત કરે છે એ શક્તિમાં નિગૃહિત રહેલું છે. અને જ્ઞાન જગતમાં પ્રગતિની ક્રિયાને બનવા દેવા માટે નિયમનું સર્જન કરતું રહે છે એ વસ્તુ એમ ગર્ભિત રીતે સૂચવે છે કે આ વિશ્વની પાછળ એક દિવ્ય દૃષ્ટિને દેખાયેલું એવું લક્ષ્ય રહેલું છે અને એ લક્ષ્ય પ્રતિ જગતની ગતિને દોરવામાં આવે છે. આપણને વળી એ પણ દેખાવા લાગે છે કે આપણી જે બુદ્ધિ છે તે આપણી અસહાય રીતે વહ્યે જતી મનોમયતાના વહનમાંથી બહાર નીકળી આવવા માટે તથા એ વહન ઉપર પોતાની સત્તા જમાવવા માટે પ્રયત્ન કરતી રહે છે. અને એમાંથી આપણને પછી એ દર્શન થાય છે કે બુદ્ધિ એ તો માત્ર એક સંદેશવાહક દૂત જ છે, એનાથી પર એવી એક બૃહત્ ચેતનાનો તે પ્રતિનિધિ અથવા તો પડછાયો છે. એ બૃહત્ ચેતનાને બુદ્ધિની તર્કપદ્ધતિનો આશ્રય લેવાની જરૂર પડતી નથી, કેમકે જગતમાં જે કાંઈ છે તે બધું જ એ બૃહત્ ચેતના પોતે છે, અને પોતે આ જે જે સ્વરૂપે છે તે સર્વને તે જાણતી હોય છે. અને પછી આપણે એ અનુમાન ઉપર પહોંચી શકીએ છીએ કે આ બુદ્ધિનું જે મૂળ છે તે, જગતમાં જે જ્ઞાન નિયમ તરીકે કામ કરી રહેલું છે તે જ્ઞાન સાથે જ એકરૂપ છે. આ જ્ઞાન પોતે જ પોતાનો નિયમ પૂર્ણ સામર્થ્યપૂર્વક રચતું રહે છે, કેમકે જગતમાં જે કાંઈ બની ગયેલું છે, જે કાંઈ છે તથા ભવિષ્યમાં થવાનું છે તેનું તેને જ્ઞાન રહે છે. અને એ જ્ઞાનને આવું જ્ઞાન હોવાનું કારણ એ છે કે એ પોતે શાશ્વત રીતે આવી રહેલું છે અને પોતાની જાતને અનંત રીતે ઓળખતું હોય છે. અનંત ચૈતન્ય રૂપ એવું વિશ્વમાંનું સત્ તત્ત્વ, અને સર્વશક્તિમાન શક્તિ રૂપ એવું આ અનંત ચૈતન્ય, એ જ્યારે જગતની રચના કરે છે–એટલે કે પોતાની જાતને એક સંવાદમયતા રૂપે બનાવે છે–ત્યારે એ ચૈતન્યનો વિષય આપણા ચિત્તને એક વિશ્વરૂપ બનેલા સત્ તરીકે સમજાતો થાય છે, અને એ વિશ્વરૂપ સત્, આ વિશ્વ એવું છે કે તે પોતાના સત્યને જાણતું હોય છે અને પોતે જે વસ્તુને જાણતું હોય છે તેને રૂપોની અંદર તે સાકાર કરતું હોય છે.

પરંતુ આ જે બીજી ચેતના છે તે આપણને ક્યારે દેખાય છે? એ તો જ્યારે આપણે બુદ્ધિનો આશ્રય લેવાનો બંધ કરીએ અને આપણી જાતમાં ઊંડે ઊંડે ઊતરી જઈએ, ત્યાં અંદરના પેલા ગુપ્ત પ્રદેશમાં કે જ્યાં મનની ક્રિયા શાંત થઈ જતી હોય છે,

ત્યારે જ એ અન્ય ચેતના સાચેસાચ આપણી સમક્ષ પોતાનો આવિર્ભાવ કરે છે–ભલે પછી એ આવિર્ભાવ આપણને લાંબા સમયથી માનસિક રીતે પ્રતિક્રિયા કરવાનો અભ્યાસ પડી ગયો હોવાને લીધે તેમ જ આપણી માનસિક મર્યાદાને લીધે ગમે તેટલો અપૂર્ણ રીતનો હોય. આ અન્ય ચેતનાનો આપણે આવો આવિર્ભાવ પામ્યા પછી, જે વસ્તુ આપણે બુદ્ધિના ફિક્કા અને ટમટમતા પ્રકાશ દ્વારા અચોક્કસ રીતે જ કલ્પેલી હતી તે હવે આપણે એક વધુ ને વધુ વૃદ્ધિ પામતા જતા પ્રકાશની અંદર નિશ્ચિત રૂપે જાણી શકીએ છીએ. જ્ઞાન એ તો મન તથા બુદ્ધિજન્ય તર્કસરણીથી ઉપરના પ્રદેશમાં રહેલું છે, એક અસીમ આત્મ–દર્શનના પ્રકાશમય વિરાટ અવકાશમાં તેનું સિંહાસન છે અને ત્યાં બેઠું બેઠું તે આપણી પ્રતીક્ષા કરી રહેલું છે.

પ્રકરણ ૧૪

અતિમનસ સ્રષ્ટા તરીકે

ततो हि शैलाब्धिधरादिभेदान्
जानीहि (विश्वानि) विज्ञानविजृम्भितानि ।।

विष्णुपुराण २.१२.३९

બધા જ પદાર્થો દિવ્ય વિજ્ઞાનના આત્મ-વિસ્તારો છે.

વિષ્ણુપુરાણ ૨.૧૨.૩૯

પરમ અદ્વૈતરૂપ પરમાત્માની પોતાના સ્વરૂપમાં સ્થિર અવસ્થા અને બહુરૂપ જગતનો આ પ્રવાહ એ બેની વચ્ચે એક મધ્યગામિની શક્તિ તેમ જ એક વચલી સ્વરૂપાવસ્થા આવી રહેલી છે. એ શક્તિ અને અવસ્થા તે મનથી પર એવી એક સક્રિય સંકલ્પશક્તિ છે, એક જ્ઞાનનું તત્ત્વ છે, અને એ છે સૃષ્ટિઓની સરજનહારિણી, વિશ્વોનું સર્જન એણે કરેલું છે. અને આ તત્ત્વ આપણને સર્વથા અજ્ઞાત જ છે એમ પણ નથી. એ તત્ત્વ આપણાથી તદ્દન ભિન્ન એવા કોઈ પરમ પુરુષમાં જ માત્ર આવી રહેલું છે અને તેની સાથે આપણો કોઈ વ્યવહાર શક્ય જ નથી એમ પણ નથી, અથવા તો એ તત્ત્વ સત્ તત્ત્વની કોઈ એવી અવસ્થામાં આવેલું નથી કે જેમાંથી આપણને કોઈ અગમ્ય રીતે જન્મની અવસ્થામાં મોકલી દેવામાં આવ્યા હોય, અને એટલું જ નહિ પણ જેમાંથી આપણને જાકારો દઈ દેવામાં આવ્યો હોય અને આપણે તેમાં પાછા ફરી જ શકીએ નહિ એવી સ્થિતિ હોય, એ પરમ તત્ત્વ આપણને જો આપણાથી ખૂબ ઊંચે ઊંચે આવેલાં શિખરો ઉપર બેઠેલું દેખાતું હોય તોપણ એ શિખરો તે આપણા પોતાના સ્વરૂપનાં જ શિખરો છે અને આપણાં કદમ ત્યાં પહોંચી શકે તેમ છે. એ પરમ સત્યને વિશે આપણે અનુમાન બાંધી શકીએ છીએ તથા તેની ઝાંખી મેળવી શકીએ છીએ એટલું જ નહિ પણ એ સત્યનો આપણે સાક્ષાત્કાર પણ કરી શકીએ છીએ. આપણે આપણો પોતાનો ક્રમે ક્રમે વિસ્તાર સાધતા સાધતા, અથવા તો કોઈ તેજોમય રીતે એકાએક આપણા પોતાથી પર ચાલ્યા જઈને કોઈ અવિસ્મરણીય ક્ષણોમાં આ શિખરો ઉપર પહોંચી

શકીએ છીએ અથવા તો કોઈ મોટામાં મોટી અતિમાનુષી અનુભૂતિના અનેક પ્રહરો કે દિવસો લગી આપણે એ શિખરો ઉપર નિવાસ કરી શકીએ છીએ. એ શિખરો પરથી આપણે જ્યારે પાછા નીચે આવી જઈએ છીએ ત્યારે એ શિખરોની સાથે વ્યવહાર કરવા માટેનાં બારણાં પણ રહેલાં હોય છે, અને એ દ્વારને આપણે હંમેશાં ખુલ્લાં રાખી શકીએ છીએ અથવા તો તે સતત બંધ થઈ જતાં હોય તોપણ આપણે તેમને પાછાં ખોલી શકીએ છીએ. આ શિખરો ઉપર, વિશ્વમાં સર્જાયેલા તથા સર્જન કરી રહેલા પરમ તત્ત્વના આ છેલ્લામાં છેલ્લા અને ઉચ્ચોચ્ચ શૃંગ ઉપર સદાને માટે આપણો નિવાસ પણ બની શકે છે. પરંતુ એવો પરમ આદર્શ તો જ્યારે આપણી આ વિકાસ પામી રહેલી માનવ ચેતના પોતાનું આત્મ-વિલોપન નહિ પણ પોતાની આત્મ-પૂર્ણતાને સિદ્ધ કરવાને ઝંખે ત્યારે જ અંતે જતાં આપણી સમક્ષ પ્રગટી શકે છે. કારણ કે, આપણે જોઈ ગયા તે મુજબ, આ પરમ તત્ત્વ એ જ વિશ્વ પાછળનો આદિમ મહા વિચાર છે, એ જ વિશ્વની અંતિમ સંવાદિતા અને સત્ય છે, અને જગતમાં આપણી જે ક્રમે ક્રમે અભિવ્યક્તિ થઈ રહેલી છે તે આ પરમ તત્ત્વમાં પાછા પહોંચવાને માટે જ છે, અને એ પુનઃપ્રાપ્તિ સાધવા માટે જ આપણે નિર્માયેલા છીએ.

આમ છતાં, આપણને એવી શંકા થઈ શકે છે કે, અત્યારે અથવા તો કોઈ પણ કાળે, આ અવસ્થાનું વર્ણન માનવ બુદ્ધિ આગળ આપી શકાય તેમ છે ખરૂં? અથવા તો આ પરમ તત્ત્વની જે દિવ્ય ક્રિયાઓ છે તેનો આપણા માનવ જ્ઞાન તથા કર્મને ઉન્નત કરવા માટે આપણે ઉપયોગ કરી શકીએ, એ ક્રિયાઓની સાથે સંબંધમાં આવી શકીએ અને તેમનું જીવનમાં આયોજન કરી શકીએ એવું બની શકે ખરું? આ દિવ્ય શક્તિ જગતમાં માનવની રીતે કામ કરતી હોય એવી ઘટના આપણને વિરલ જ જોવા મળે છે, અથવા તો એવી ઘટના આપણને ઘણી જ શંકાસ્પદ વસ્તુ લાગે છે. વળી આ દિવ્ય શક્તિનું જે કાર્ય છે તે સામાન્ય માનવજાતિની જે કંઈ અનુભવ-સંપત્તિ છે તથા તેની પાસે જે કાંઈ પ્રયોગસાધ્ય એવું જ્ઞાન છે તેનાથી ઘણું દૂર દૂર આવેલું છે. આ બંને કારણે આપણને આ દિવ્ય તત્ત્વ વિષે શંકા થઈ શકે છે. એટલું જ નહિ પણ માનવનું જે માનસ છે અને આ જે દિવ્ય અતિમનસ છે એ બંનેનું મૂળ તત્ત્વ અને તેમની ક્રિયારીતિ વચ્ચે એટલો બધો તો દેખીતી રીતનો વિરોધ છે કે તેને લીધે આ દિવ્ય તત્ત્વ વિષે આપણને પ્રબળ શંકા ઊભી થઈ રહે છે.

પોતપોતાની રીતે જીવન ઉપર કાબૂ મેળવવાનો અને પોતે જે પ્રતિપાદન કરે છે તે જ માત્ર સત્ય છે એવો આગ્રહ રાખતા જણાય છે. ત્યાગ વૈરાગ્યની ભાવના વડે જીવનનું નિયમન કરવાને પરિણામે ભારતમાં આધ્યાત્મિક ઉન્નતિના અમૂલ્ય ખજાનાઓ થોકબંધ ખડકાયેલા માલૂમ પડે છે તો ઊલટ પક્ષે જીવનના ક્ષેત્રમાં ભારતની દેવાળિયા સ્થિતિ પણ દેખાય છે. યુરોપની અંદર સંપત્તિની પ્રફુલ્લતા અને ઐહિક જગતની શક્તિઓ અને માલમત્તા ઉપર સફળ પ્રભુત્વ પ્રાપ્ત થયું હોવા છતાં આત્મતત્ત્વની બાબતમાં એટલી જ કંગાલિયત દેખાય છે. એક માત્ર પદાર્થતત્ત્વમાં જ સર્વે કોયડાઓનો ઉકેલ શોધનાર માનવ બુદ્ધિને જે ઉકેલો મળ્યા છે તેનાથી તેને સંતોષ થયો હોય એમ જણાતું નથી.

તેથી કરીને દુનિયાનું વલણ એક નવીન અને સમન્વયયુક્ત વિચાર અને સમન્વયયુક્ત આંતર અને બહિર અનુભવ પ્રાપ્ત કરવા તરફ ઢળતું જાય છે. અને તે માટેનો સમય આવી ચૂક્યો છે એવું જો સ્વીકારીએ તો સમગ્રતાભર્યા માનવ જીવનમાં વ્યક્તિને તેમ જ માનવજાતિને માટે એક નવીન અને વિપુલ આત્મસાર્થકતાનો સમય પણ આવી ચૂક્યો છે એ સ્વીકારવું પ્રાપ્ત થાય છે.

આત્મા અને જડતત્ત્વ કોઈ અજ્ઞેયનાં પ્રતિનિધિ છે અને આત્માનો અને જડપદાર્થનો એ અજ્ઞેય સાથેનો સંબંધ જુદો જુદો છે તેને પરિણામે આત્મા તથા પદાર્થતત્ત્વ બન્ને એકબીજાનો પરસ્પર જે ઈનકાર કરે છે તેની સચોટતામાં પણ એ ભેદ ઉપસ્થિત થાય છે. આત્મા જેવી વસ્તુ જ નથી એવો જડવાદીઓનો દુરાગ્રહી અને તાત્કાલિક ફતેહમંદ નકાર મનુષ્યજાતને જલદી અસર કરે તેવો છે, તોપણ એ નકાર વૈરાગીના, સર્વગ્રાહી જોખમી ઈનકાર કરતાં અલ્પ-આયુ હોઈ પરિણામે ઓછો સફળ નીવડે છે. કારણ કે જડવાદીના નકારમાં તેનું પોતાનું ઓસડ રહેલું છે. અજ્ઞેયવાદ એ જડવાદના ઈનકારનું સૌથી સમર્થ તત્ત્વ છે. એ વાદ સઘળી વસ્તુ પાછળ કોઈ ન સમજી શકે તેવું અજ્ઞેય તત્ત્વ આવી રહેલું છે એમ કબૂલ કરવા છતાં અજ્ઞેયની મર્યાદાઓ એટલી બધી વિસ્તારે છે કે અત્યારે જે વસ્તુઓ અજ્ઞાત છે તે બધી પણ અજ્ઞેયમાં આવી જાય છે. એના તર્કનો પાયો એ હોય છે કે આપણી શારીરિક ઈન્દ્રિયો એ જ માત્ર આપણે માટે સર્વ વસ્તુનું જ્ઞાન મેળવવાનું સાધન છે અને તેથી કરીને આપણી તર્કશક્તિ ગમે તેટલે ઊંચે વિહાર કરે તોપણ એ આ શારીરિક ક્ષેત્રની બહાર જઈ શકે તેમ નથી. બુદ્ધિએ પણ

અને એ વાત તો ચોક્કસ જ છે કે, આ ચેતનાને જો મન સાથે કોઈ રીતનો સંબંધ જ ના હોય, અથવા તો માનવ જેવી મનોમય વ્યક્તિ સાથે તેનું કોઈ પણ ઠેકાણે કોઈ જ તાદાત્મ્ય ના હોય તો પછી આપણા માનવ રીતના વિચારો સમક્ષ એ ચેતનાનું કોઈ પણ નિરૂપણ કરવું તદ્દન અશક્ય જ બની જાય તેમ છે. અથવા તો, આ ચેતના જો માત્ર જ્ઞાનસ્વરૂપિણી જ હોય, અને તે જ્ઞાનની એક સક્રિય શક્તિ જેવું કાંઈ જ ન હોય, તો પછી એની સાથેના સંપર્ક દ્વારા આપણને મનોમય જ્ઞાનની એક આનંદમય અવસ્થા પ્રાપ્ત થાય એટલી જ આશા આપણે સેવી શકીએ છીએ, એ ચેતનાના સંપર્કમાંથી આપણને જગતમાં કાર્યો કરવાને માટે એક વધુ મહાન પ્રકાશ અને શક્તિ મળે તેવો સંભવ રહેતો નથી. પરંતુ આ ચેતના તો જગતની સર્જનહારિણી છે, એટલે તે માત્ર જ્ઞાનની જ એક અવસ્થા હોઈ શકતી નથી, તે જ્ઞાનની શક્તિ પણ હોય જ છે, એ ચેતના માત્ર પ્રકાશ અને જ્ઞાન માટેના મહા સંકલ્પ રૂપે જ નથી હોતી પણ શક્તિ અને કર્મ માટેના મહા સંકલ્પ રૂપે પણ હોય જ છે. અને મન પણ આ ચેતનામાંથી જ સરજાયેલું છે એટલે તે પણ આ આદિમ શક્તિમાંથી તથા પરમ ચેતનાની આ મધ્યગામિની ક્રિયા દ્વારા મર્યાદાની પ્રક્રિયાનો આશ્રય લઈને જ તૈયાર કરાયેલી વસ્તુ છે. અને એટલે પછી હવે મર્યાદાથી ઊલટી વિસ્તરણની પ્રક્રિયાનો આશ્રય લઈને તે પોતાની જાતને પાછું પેલી મૂળ ચેતનામાં ફેરવી નાખે એવી શક્તિ પણ તે ધરાવતું હોય છે જ. મન એનાં વાસ્તવિક રૂપોમાં અને એની ક્રિયા કરવાની રૂઢ પદ્ધતિઓમાં અતિમનસથી ભલે ગમે તેટલું ભિન્ન પ્રકારનું લાગે અથવા તો ઊલટી રીતનું પણ લાગે પણ તત્ત્વ રૂપે તો તે હંમેશાં અતિમનસ સાથે એકરૂપ જ હોય છે અને તે પોતાની અંદર અતિમનસની શક્યતાને ગુપ્ત રૂપે ધારણ કરતું હોય છે જ. એટલે આપણે જો તુલના અને વિરોધની પદ્ધતિનો આશ્રય લઈને આપણા બુદ્ધિપ્રધાન જ્ઞાનના દૃષ્ટિબિંદુ મુજબ તથા એ જ્ઞાનની પરિભાષામાં અતિમનસનો કોઈ ખ્યાલ મેળવવાને પ્રયત્ન કરીએ તો તે એક બુદ્ધિરહિત કે નિરર્થક એવી પ્રવૃત્તિ તો નહિ જ નીવડે. આ કાર્ય માટેની આપણી વિચારસામગ્રી, આપણી પરિભાષા ભલે પર્યાપ્ત રૂપની ન હોય, તોપણ આપણને એ પ્રકાશની એક આંગળી જેવાં તો બની જ રહેશે, આપણને એક માર્ગ બતાવશે અને એ માર્ગ ઉપર આપણે કાંઈ નહિ તો થોડાંક ડગલાં તો જરૂર ભરી શકીશું. વળી મન પોતાની અંદરથી બહાર નીકળીને ચેતનાની અમુક ઊંચાઈઓ અને

ભૂમિકાઓમાં પહોંચી શકે છે પણ ખરું. અને એ ઊંચાઈઓ તથા ભૂમિકાઓ પોતાની અંદર અતિમનસ ચેતનાનો થોડોક હળવો પ્રકાશ કે શક્તિને તો ઝીલતી જ હોય છે, અને કોઈ જ્ઞાનપ્રકાશ દ્વારા, સહજપ્રજ્ઞા દ્વારા, કે પછી સીધા સંપર્ક કે અનુભૂતિ દ્વારા અતિમાનસ ચેતનાને જાણી પણ શકતી હોય છે. પરંતુ એ અતિમાનસ ચેતનામાં જઈને રહેતા થવું અને એમાંથી જ બધું જોતા થવું અને કર્મ કરતા રહેવું એ વિજય હજી માનવને હાથે શક્ય બનેલો નથી.

પરંતુ આ દિશામાં આગળ વધતાં પહેલાં આપણે ઘડી ભર થંભી જઈશું, અને એ જરા જોઈ લઈશું કે આ અણખેડાયેલા પ્રદેશોમાં આપણને માર્ગ બતાવે એવો કોઈ પ્રકાશ ભૂતકાળમાંથી આપણને મળી શકે તેમ છે કે નહિ. આપણને એક નામની જરૂર છે, આપણને એક પ્રસ્થાન-બિંદુની જરૂર છે. આમ તો ચેતનાની આ અવસ્થાને આપણે અતિમનસ નામ આપ્યું છે, પરંતુ એ શબ્દ હજી સંદિગ્ધ રૂપનો છે, કેમકે અતિમનસ એટલે પોતાની ઉત્તમોત્તમ અવસ્થામાં પહોંચેલું મન સામાન્ય મનોમયતામાંથી ઉપર ગયેલું પરંતુ પૂરેપૂરું આમૂલ પરિવર્તન પામ્યા વિનાનું મન એવો અર્થ પણ થઈ શકે છે. અથવા તો આથી ઊલટું એનો અર્થ એમ પણ થાય કે મનથી ઉપર જે કાંઈ આવેલું તે બધું જ અતિમનસ ગણાય અને એમાં પછી એ શબ્દ એટલો બધો વધુ વિશાળ અર્થવાળો થઈ જાય કે એમાં વાચાતીત પરમ તત્ત્વનો પણ સમાવેશ થઈ જાય. એટલે આ શબ્દના અર્થને વધારે ચોક્કસ રીતે આંકી આપે એવા એક પૂરક વર્ણનની જરૂર રહે છે.

આ કાર્યમાં આપણને વેદના ગુહ્ય મંત્રો મદદ રૂપ થઈ પડે તેમ છે. એ મંત્રોમાં દિવ્ય અને અમૃતત્વયુક્ત અતિમનસની વાત આવે છે. એ વાત જોકે ગુપ્ત રીતે કહેવાયેલી છે છતાં એ આવરણની પાછળથી આપણને કેટલાક દ્યોતક ચમકારા મળી આવે છે. એ ઉદ્‌ગારોમાંથી આપણે એમ જોઈ શકીએ છીએ કે અતિમનસ તે આપણી ચેતનાનાં સામાન્ય આકાશોથી પર આવેલી એક વિરાટ વિશાળતા છે. એ વિશાળતામાં મૂળ સત્ તત્ત્વનું સત્ય અને જે જે વસ્તુઓ એ સત્યને અભિવ્યક્ત કરતી હોય છે એ બંને તેજોમય રીતે એકરૂપ હોય છે. અને એમાંથી પછી જે દૃષ્ટિ પ્રગટે છે, આકાર રચાય છે, વ્યવસ્થા ઊભી થાય છે, શબ્દ અને ક્રિયા અને ગતિ પ્રગટે છે એ બધું પણ અનિવાર્ય રીતે સત્યમય જ હોય છે. અને પછી આ ગતિનું જે

પરિણામ આવે છે, કર્મ અને અભિવ્યક્તિનું જે પરિણામ આવે છે એ પણ સત્યમય હોય છે, એક અફર નિયમ કે ધર્મ રૂપ હોય છે. આ અવસ્થા એક વિશાળ સર્વ-ગ્રાહકતાની બનેલી હોય છે, અને એ વિરાટ વિશાળતામાં મૂળ સત્ તત્ત્વનું તેજોમય સત્ય અને સંવાદિતા આવી રહેલાં હોય છે. એ એક ધૂંધળી અવ્યવસ્થા કે પોતાનું ભાન વિસ્મરેલી અંધકારમયતાની સ્થિતિ નથી હોતી, મૂળ સત્તા તત્ત્વનું જે સંવાદપૂર્ણ સત્ય હોય છે તેને અભિવ્યક્ત કરનાર જે વસ્તુ-ધર્મ હોય છે, ક્રિયા અને જ્ઞાન હોય છે, તે બધું જ સત્યમય હોય છે. વેદમાં વર્ણવાયેલા અતિમનસનાં મૂળ તત્ત્વો આ પ્રમાણેનાં લાગે છે. દેવો તે પોતાના ઉત્તમોત્તમ ગુપ્ત સ્વરૂપમાં આ અતિમનસની શક્તિઓ છે. તેઓ અતિમનસમાંથી જન્મેલા છે, આ અતિમનસ એ જ એમનું સાચું ધામ હોય એવી રીતે તેમાં બેઠેલા છે, એમનું જ્ઞાન 'ઋત-ચિત્' પ્રકારનું છે, એમનું કર્મ 'દ્રષ્ટા-સંકલ્પ' વાળું છે. આ દેવોની કર્મ અને સર્જન પ્રત્યે વળેલી સચિત્-શક્તિને જે વસ્તુ કરવાની હોય છે તેનું તથા તે વસ્તુના મૂળ તત્ત્વનું તથા તેના ધર્મનું સંપૂર્ણ અને પ્રત્યક્ષ જ્ઞાન હોય છે અને એ દ્વારા તે દોરાતી હોય છે. એ જ્ઞાનમાંથી એક સંપૂર્ણ રીતે કાર્યસાધક એવી સંકલ્પશક્તિ ઉત્પન્ન થતી હોય છે અને એ સંકલ્પશક્તિ પછી પોતાની પ્રક્રિયામાં અથવા તો પોતાના પરિણામમાં લેશ પણ આઘીપાછી નથી થતી કે જરા પણ સ્ખલિત નથી બનતી. એ શક્તિ તો મૂળ દર્શનમાં જે વસ્તુ પ્રત્યક્ષ બનેલી હોય છે તેને કર્મ સ્વરૂપે આપોઆપ અને અનિવાર્ય રીતે વ્યક્ત કરતી રહે છે તેમ જ સિદ્ધ કરતી રહે છે. દેવોની આ અવસ્થામાં જ્ઞાન શક્તિ સાથે એકરૂપ હોય છે, જ્ઞાનનાં આંદોલનો સંકલ્પ-શક્તિનાં લય સાથે એકરૂપ હોય છે અને એ બંને-જ્ઞાન અને સંકલ્પશક્તિ જે પરિણામ આવવાનું હોય છે તેની સાથે સંપૂર્ણ રીતે એકરૂપ હોય છે, એમાં પરિણામ માટે કશી ખોળાખોળી કરવાની હોતી નથી, ફાંફાં મારવાનાં કે પ્રયત્ન કરવાનો હોતો નથી. દિવ્ય પ્રકૃતિમાં એક બેવડી શક્તિ રહેલી હોય છે. એક તો એ કે દિવ્ય પ્રકૃતિ આપોઆપ જ પોતાનું રૂપ બાંધી શકે છે અને પોતાની જાતની ગોઠવણી કરી શકે છે. આ બંને આત્મ-રચના અને આત્મ-નિયોજન જગતમાં આવિર્ભાવ પામેલી વસ્તુના મૂળ તત્ત્વમાંથી સ્વાભાવિક રીતે જ ઉપર નીકળી આવતાં હોય છે અને પોતાના મૂળ સત્યને વ્યક્ત કરતાં રહે છે. દિવ્ય પ્રકૃતિની બીજી શક્તિ તે પ્રકાશ રૂપ એક આત્મ-શક્તિ છે. એ શક્તિ પ્રત્યેક વસ્તુમાં અંતર્ગત રહેલી હોય છે અને પ્રત્યેક વસ્તુ આપોઆપ

રીતે તેમ જ અનિવાર્ય રીતે પોતાની જે આત્મ-રચના કરતી રહે છે તેનું મૂળ આ શક્તિમાં રહેલું હોય છે.

આ વર્ણનમાં આ ઉપરાંત બીજી પણ ગૌણ પ્રકારની છતાં મહત્ત્વની વિગતો આવેલી છે. વેદના ઋષિઓ 'ઋત-ચિત્' આત્માની બે પ્રાથમિક શક્તિઓની વાત કરતા હોય એમ લાગે છે. એ શક્તિઓ છે દૃષ્ટિ અને શ્રુતિ. એનો અર્થ એમ સૂચવવામાં આવે છે કે આ બંને શક્તિઓ એક અંતર્નિહિત જ્ઞાનની સીધી ક્રિયાઓ છે અને એને 'સત્ય-દર્શન' અને 'સત્ય-શ્રવણ' એ રીતે વર્ણવી શકાય તેમ છે. અને આપણી માનવ મનોમયતામાં એ શક્તિઓનું પ્રતિબિંબ, આવિર્ભવન અને સંપ્રેરણની શક્તિઓ દ્વારા ઝિલાતું રહે છે. વળી અતિમનસની ક્રિયાઓમાં એક ભેદ કરવામાં આવેલો જણાય છે. એમાં એક જ્ઞાન તે સર્વતોગ્રાહક અને પરિવ્યાપક* ચેતના દ્વારા મળી આવતું જ્ઞાન હોય છે અને એ જ્ઞાન તાદાત્મ્ય દ્વારા મળી આવતા અંતર્મુખ જ્ઞાનની ઘણું નજીકનું હોય છે. અને બીજું જ્ઞાન તે એક પોતાનો પ્રક્ષેપ કરતી, વસ્તુની સામે ખડી રહેતી, વસ્તુને બહારથી જોતી** ચેતના દ્વારા મળી આવતું જ્ઞાન છે. વસ્તુગત બહિર્જ્ઞાનનો આરંભ આમાંથી થતો હોય છે. વેદમાંથી આપણને આ રીતની ચાવીઓ મળી આવે છે. તો પ્રાચીન ઋષિઓની આ અનુભૂતિમાંથી આપણને આ જે 'ઋત-ચેતના' (truth-consciousness) નો ગૌણ શબ્દ મળી આવે છે એનો આપણે સ્વીકાર કરીશું અને 'અતિમનસ'ના વધારે પડતા મુલાયમ બની જતા અર્થને 'ઋત-ચેતના' એ શબ્દ વડે મર્યાદિત કરીશું.

આપણને હવે એકદમ જણાઈ આવે છે કે આવી ચેતના, આ રીતનાં વર્ણવાયેલાં લક્ષણોવાળી ચેતના તે એક મધ્યગામી રચના હોવી જોઈએ. એ પોતાનું સંધાન એક બાજુ એનાથી ઉપર આવેલી વસ્તુ સાથે રાખે છે અને બીજી બાજુએ તે તેનાથી નીચે આવેલી વસ્તુ સાથે સંધાન રાખે છે. વળી આની સાથે સાથે એ વસ્તુ પણ સ્પષ્ટ દેખાઈ આવે છે કે આ ચેતના એક કડી રૂપે, અને સાધન રૂપે રહેલી છે. એ ચેતના દ્વારા નીચેની વસ્તુ ઉપરની વસ્તુમાંથી વિકાસ પામે છે અને એ જ નીચેની વસ્તુ પાછી વિકાસ પામતી એના મૂળ પ્રત્યે પાછી પહોંચે તે માટેની કડી અને સાધન તરીકેનું કામ પણ એ જ ચેતના કરતી રહે છે. આમાં પેલી ઉપરની વસ્તુ તે શુદ્ધ સચ્ચિદાનંદની

* સર્વતોગ્રાહક comprehending, પરિવ્યાપક pervading

** પ્રક્ષેપ કરતી projecting, સામે ખડી રહેતી confronting, બહારથી જોતી apprehending

અદ્વૈતરૂપ કિંવા અવિચ્છેદ્ય એવી ચેતના છે અને તેમાં કોઈ વિચ્છેદકારક ભેદો હોતા નથી. અને નીચેની વસ્તુ તે મનની પૃથક્કરણકારક કિંવા વિભેદક ચેતના છે. એ ચેતના વસ્તુઓને માત્ર અલગ કરીને તથા ભેદ પાડીને જ સમજી શકતી હોય છે, એને અનંતતાની જે સમજણ હોય છે તે બહુ બહુ તો એક અસ્પષ્ટ રૂપની અને ગૌણ કોટિની જ હોય છે,- કેમકે મન પોતે કરેલા ભેદોનો સમન્વય તો જોકે કરી શકે છે છતાં તે એક સાચી સમગ્રતામાં પહોંચી શકતું નથી. આમ આ શુદ્ધ સચ્ચિદાનંદ અને માનવ મન એ બે વચ્ચે આ અતિમનસ રૂપ સર્વગ્રાહક અને સર્જનશીલ ચેતના આવી રહેલી છે. એનામાં પરિવ્યાપક અને સવ્રગ્રાહી જ્ઞાનની શક્તિ રહેલી છે એટલે તે તાદાત્મ્ય દ્વારા પ્રાપ્ત થતી આત્મ-સંવિદનું સંતાન છે, અને આ આત્મસંવિદ તે બ્રહ્મની પોતાની અવસ્થા છે, અને એનામાં પ્રક્ષેપકારક, સાંમુખ્યકારક અને બહિર્જ્ઞાતા જ્ઞાનની શક્તિ રહેલી છે એટલે તે ભેદ દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનની-વસ્તુ-સંવિદની જનેતા છે, અને આ ભેદકરણ તે મનની પ્રક્રિયા છે.

ઉપરની બાજુએ પેલું અદ્વૈતરૂપ એકમેવ પરમતત્ત્વ છે, શાશ્વત સ્થિરતાવાળુ અને પરિવર્તનથી મુક્ત, નીચેની બાજુએ પેલું બહુરૂપ તત્ત્વ છે, શાશ્વત પરિવર્તનવાળું અને બહુરૂપ તત્ત્વ વસ્તુઓના વહેતા પ્રવાહમાં એક સુદૃઢ અને અવિચલ આધાર-બિંદુ શોધવાનો પ્રયત્ન કરતું રહે છે. આ બેની વચ્ચે વિશ્વની સર્વ ત્રિપુટીઓનું, સર્વ યુગ્મોનું આસન રહેલું છે, જગતમાં જે જે કાંઈ એકમાં-અનેક રૂપ બનતું હોય છે અને છતાં અનેકમાં-એક રૂપ રહેતું હોય છે-કેમકે મૂળમાં તો એક જ પરમ તત્ત્વ હતું અને તે હંમેશાં ગૂઢ રૂપે તો બહુ રૂપ જ હોય છે-એનું આસન પણ અહીં છે. એટલે આ જે મધ્યગામી તત્ત્વ છે તે જ સારીયે સૃષ્ટિ અને વિશ્વવ્યવસ્થાનું આદિ અને અંત છે, એ જ આલ્ફા અને ઓમેગા-પહેલો અને છેલ્લો અક્ષર છે. એ જ સર્વ ભેદોનું પ્રસ્થાનબિંદુ છે, એ જ તમામ એકીકરણો માટેનું સાધન છે, એ જ સર્વ સિધ્ધ થયેલી તથા સિદ્ધ થઈ શકે તેવી સંવાદિતાઓને ઉત્પન્ન કરનાર, તેમને વ્યવહારમાં લાવનાર, અને અંત સુધી લઈ જનાર તત્ત્વ છે. એની પાસે પરમ અદ્વૈતરૂપ તત્ત્વનું જ્ઞાન છે, પરંતુ એ એકમેવ તત્ત્વમાંથી તેની ગુપ્ત એકતાઓને તે બહાર લઈ આવી શકે છે. એ બહુને આવિર્ભાવ આપે છે, પરંતુ એ બહુના ભેદોમાં તે પોતાની જાતને અટવાઈ જવા દેતું નથી. અને આપણે શું એમ પણ નહિ કહીએ કે આ તત્ત્વ અસ્તિત્વમાં છે એ વસ્તુ જ એમ સૂચવે છે કે આપણને

અનિર્વાચ્ય અદ્વૈતનું જે પરમ દર્શન થયેલું છે તેનાથી પણ પર એક 'કોઈક' આવી રહેલું છે? આ 'કોઈક' અનિર્વાચ્ય છે, મનથી ન કળી શકાય તેવું છે, પણ એ પોતે અદ્વૈતરૂપ છે અને અવિભાજ્ય છે એટલા માટે તે અનિર્વાચ્ય નથી. પણ આપણા મનની આ બધી રચનાઓમાંથી પણ તે મુક્ત છે માટે એ આપણા મનને અગ્રાહ્ય અને અનિર્વાચ્ય છે. એ 'કોઈક' એકતા અને બહુતા બંનેથી પર આવેલું છે. અને એ તત્ત્વ તે પેલું પરમ **केवल** અને પરમ વાસ્તવ તત્ત્વ હોઈ શકે છે, અને એમ હોવા છતાં તે આપણું પ્રભુ વિષેનું જે જ્ઞાન છે તથા જગત વિષેનું જે જ્ઞાન છે તે બંનેને સાચાં ઠરાવી આપે છે.

પરંતુ આ શબ્દો ઘણા વિશાળ અર્થવાળા છે, સમજવા મુશ્કેલ પડે તેવા છે, એટલે આપણે હવે વધુ ચોક્કસ રીતે વાત કરીશું. આપણે એમ કહીએ છીએ કે વિશ્વનું એ પરમ એક તત્ત્વ તે સચ્ચિદાનંદ છે. પરંતુ આ વર્ણનની અંદર જ આપણે ત્રણ તત્ત્વોની વાત કરીએ છીએ અને તેમને જોડી લઈને તેમની એક ત્રિપુટી બનાવીએ છીએ. આપણે કહીએ છીએ, 'સત્, ચિત્, આનંદ', અને પછી કહીએ છીએ, 'એ બધાં એક છે'. આ એક મનની પ્રક્રિયા છે. પરંતુ જે અદ્વૈતરૂપ ચેતના છે તે આવી પ્રક્રિયાનો સ્વીકાર કરતી નથી, સત્ એ ચિત્ છે અને એ બે વચ્ચે કોઈ ભેદ હોઈ શકતો નથી; ચિત્ તે આનંદ છે અને એ બે વચ્ચે કોઈ ભેદ હોઈ શકતો નથી. અને આ રીતના કોઈ પણ ભેદ છે જ નહિ, એટલે જગત પણ હોઈ શકતું નથી. એ પરમ તત્ત્વ એ જ જો એકમાત્ર વાસ્તવિકતા હોય તો પછી જગતનું અસ્તિત્વ છે જ નહિ, કદી હતું પણ નહિ, તેમ જ તેની કલ્પના પણ થઈ શકેલી હશે નહિ. કેમકે જે ચેતના અવિભાજ્ય છે તે ચેતના વિભાજન પણ કરતી હોતી નથી, એ અવિભાજક હોય છે અને વિચ્છેદ કે ભેદને તે ઉત્પન્ન કરી શકતી નથી. પરંતુ આ તો પછી વદતો વ્યાઘાત બની જાય છે. આ સ્થિતિનો આપણે સ્વીકાર કરી શકતા નથી. એ તો આપણે જો આખા જગતની માંડણી એક અશક્ય એવા વિરોધાભાસ ઉપર તેમ જ કાંઈ પણ સમન્વય પામ્યા વિનાનાં પ્રતિરોધી તત્ત્વો ઉપર કરવાને રાજી હોઈએ તો જ આવી અદ્વૈત ભાવનાનો સ્વીકાર થઈ શકે.

આથી ઊલટું, મન ભેદો તે વાસ્તવિક છે એમ બહુ ચોક્કસ રીતે કલ્પી શકે છે. એ એક સમન્વય રૂપની સમગ્રતા કલ્પી શકે છે, અથવા તો સાન્ત તત્ત્વ અનિશ્ચિત હદ સુધી પોતાનો વિસ્તાર કરતું રહે એમ કલ્પી શકે છે. તે વિભાજિત બનેલી વસ્તુઓ

સમૂહો બને એમ સમજી શકે છે તથા એવી વિભાજિત વસ્તુઓ હેઠળ રહેલી સમાનતાઓને સમજી શકે છે. પરંતુ મનની પાસે વસ્તુઓને સમજવાની જે શક્તિ છે તેને તો એક અંતિમ કોટિની એકતા કે પરમ કોટિની અનંતતા એ અમૂર્ત વિચારસરણી જેવું, અગ્રાહ્ય તત્ત્વો જેવું બની રહે છે. આ વસ્તુ એની પકડમાં આવી શકે તેવું કોઈ વાસ્તવિક તત્ત્વ છે એવું તેને લાગતું નથી, અને જગતમાં એ જ એકમાત્ર વાસ્તવિક તત્ત્વ છે એવું તો એને એથી પણ ઓછું લાગે છે. આમ આપણને અહીં પેલી અદ્વૈતરૂપી ચેતનાથી એક તદ્દન ઊલટી વસ્તુ જોવા મળે છે. પેલી જે મૂળરૂપ અને અવિભાજ્ય એકતા છે તેની સામે આપણે એક મૂળરૂપ એવી બહુતાને ખડી રહેલી જોઈએ છીએ. અને એ બહુતા એવી છે કે એને જો એકતામાં પહોંચવું હોય તો તે પોતાનો વિનાશ કરીને જ પહોંચી શકે છે, અને એ વિનાશ કરવાની ક્રિયા કરવા જતાં જ તેને એ કબૂલ કરવું પડે છે કે તે પોતે ખરેખર કદી અસ્તિત્વમાં હોઈ શકી જ નહોત. અને છતાં એ અસ્તિત્વમાં હતી તો ખરી જ, કેમકે જેણે આ એકતા પ્રાપ્ત કરી છે, પોતાનો વિલોપ સાધ્યો છે એવી વસ્તુ તો તે પોતે હતી જ. અને વળી પાછો આપણી સામે એક વદતો વ્યાઘાત આવીને ઊભો રહે છે. બુદ્ધિને સમજાવવાને માટે આપણે બુદ્ધિને ફટકો મારીને મૂર્છિત કરી દઈએ એવો ઉગ્ર વિરોધાભાસ ફરી પાછો ઊભો થાય છે, જેનો મેળ મળેલો નથી અને કદી મળી શકે તેમ નથી એવાં પ્રતિરોધી તત્ત્વો અહીં હાજર થાય છે.

પરંતુ આપણને જ્યારે એમ સમજાઈ જાય છે કે મન એ તો આપણી ચેતનાનું એક તૈયારીની અવસ્થાનું પ્રાસ્તાવિક રૂપ છે ત્યારે પછી આ નીચલી ભૂમિકા પરની મુશ્કેલી રહેવા પામતી નથી. મન એ તો પૃથક્કરણ અને સમન્વય માટેનું કરણ છે, એ કાંઈ મૂલ જ્ઞાન માટેનું કરણ નથી. મન પેલું જે પરમ અજ્ઞાત તત્ત્વ છે તેમાંથી કોઈક વસ્તુને અસ્પષ્ટ રીતે જુદી કાપી લે છે, અને એનું આ જે માપ કરેલું છે કે મર્યાદા બાંધેલી છે તેને તે આખી સમગ્ર વસ્તુ તરીકે ઓળખાવે છે, અને વળી પાછું એ સમગ્રતાનું પૃથક્કરણ કરી તે તેના ટુકડા કરે છે અને એ બધા જુદા જુદા મનોમય પદાર્થો છે એમ સમજે છે. મન આ રીતે કાર્ય કરતું રહે છે. એ માત્ર અંશોને તથા આકસ્મિક ઘટનાઓને જ નિશ્ચિત રીતે જોઈ શકે છે, અને એની પોતાની રીતે જ જાણી શકે છે. વળી સમગ્રતા એટલે બધા ભાગોને ભેગા કરવામાં આવે તે અથવા તો વસ્તુઓના ગુણો તથા આકસ્મિક તત્ત્વોને સમગ્ર રીતે

લેવામાં આવે તે એટલો જ એને સમગ્રતા વિષેનો નિશ્ચિત ખ્યાલ હોય છે. એ સમગ્રતાને કોઈ બીજી વસ્તુના અંશ તરીકે જ જુએ છે, અથવા તો તેના અંશોનું, ગુણોનું તથા આકસ્મિક અંશોનું જ તેને દર્શન રહે છે. આથી ભિન્ન રીતની સમગ્રતા એને માટે એક ઝાંખી વસ્તુ જ બની રહે છે. મન સમગ્રતાનું જ્યારે પૃથક્કરણ કરી લે છે, અને તેને એક રચાયેલા ભિન્ન પદાર્થ તરીકે બાજુએ મૂકે છે, એક સમગ્રતાને બીજી મોટી સમગ્રતામાં મૂકે છે ત્યારે જ તે પોતાને કહી શકે છે કે, 'આ હું હવે જાણું છું.' અને ખરી રીતે તો તે કાંઈ જ જાણતું નથી હોતું. એને તો એણે પોતે વસ્તુનું જે પૃથક્કરણ કરેલું હોય છે, પોતે જોયેલા જુદા જુદા અંશો અને ગુણોનો સમન્વય કરીને તેણે વસ્તુ વિષે જે ખ્યાલ બાંધ્યો હોય છે એટલું જ જ્ઞાન હોય છે. મનની જે લાક્ષણિક શક્તિ છે, એનું જે સુનિશ્ચિત કાર્ય છે તે અહીં અટકી જાય છે. અને આપણે જો એક વધુ બૃહત્, વધુ ગહન અને સાચું જ્ઞાન મેળવવું હશે-આપણી મનોમયતાના અમુક ઊંડા પણ વાચાહીન ભાગોને કોઈ વાર તીવ્ર પ્રકારનાં પણ આકાર વિનાનાં સંવેદન થઈ આવે છે તે નહિ, પણ એક જ્ઞાન જોઈતું હશે-તો મને એક બીજી ચેતનાને માટે સ્થાન ખાલી કરી આપવું પડશે. એ ચેતના મનથી પર ચડીને મનની ગતિને પૂર્ણ કરી આપશે અથવા તો તે ઠેકડો મારીને મનથી ઉપર ચાલી ગયા પછી મનની ક્રિયાઓને ઊલટી કરી નાખશે અને એ રીતે મનની ક્રિયાઓમાં રહેલી ભૂલોને સુધારી આપશે. માનસિક જ્ઞાનનું જે શિખર છે એ તો માત્ર એક ઠેકડો લેવાના પાટિયા જેવું છે. અને એ પાટિયા પરથી ઠેકડો મારી શકાય છે. મનનું મોટામાં મોટું કાર્ય એ છે કે આપણી જડતત્ત્વની અંધારી કેદમાંથી બહાર આવેલી આપણી અંધારી ચેતનાને તે તાલીમ આપે છે, એ ચેતનાની આંધળી સહજવૃત્તિઓને, રખડતી સહજસ્ફુરણાઓને, ધૂંધળા દર્શનોને તે પ્રકાશિત કરી આપે છે. અને એમ કરતાં આખરે આ બૃહત્ જ્ઞાન માટે તથા આ ઊર્ધ્વ આરોહણ માટે મન સમર્થ બની રહે છે. આપણી ચેતના એક માર્ગ છે, અંતિમ સ્થિતિ નહિ.

આથી ઊલટું, પેલી અદ્વૈત ચેતના કે અવિભાજ્ય એવી એકતા તે કોઈ એવી વસ્તુ નથી કે જેમાં કશુંક આવેલું ન હોય છતાં જેમાંથી બધાં તત્ત્વો બહાર આવેલાં હોય, અને એ બધાં પાછાં એમાં પહોંચી અદૃશ્ય થઈ જતાં હોય અને શૂન્ય થઈ જતાં હોય. આવી વસ્તુ તો એક અશક્યતા જેવી છે. એ અદ્વૈત ચેતના મૂળે તો

પોતે પોતાની અંદર એકાગ્ર બનીને બેઠેલી હોય એવી પ્રથમની આત્મ-એકાગ્રતા રૂપે જ હોય છે. એ ચેતનામાં બધું જ આવી રહેલું હોય છે પણ તે આ કાળ અને સ્થળની અંદરના આવિર્ભાવ કરતાં કોઈ જુદી રીતે આવેલું હોય છે. આમ આ જે પોતાને એકાગ્ર કરીને બેઠેલું તત્ત્વ છે એ જ પેલું પરમ અનિર્વાચ્ય અને અકલ્પ્ય એવું सत् છે. એને વિષે શૂન્યવાદીઓ પોતાના મનમાં એવી કલ્પના કરે છે કે આપણે જે કાંઈ જાણીએ છીએ તથા જે કાંઈ છીએ તે બધાનો ઈનકાર કરતું તે એક નકારાત્મક મહા શૂન્ય છે. પણ તો જે પરાત્પરતાવાદી છે તે પણ આટલી જ સકારણ રીતે પોતાના મનમાં એવી કલ્પના કરી શકે છે કે આપણે જે કાંઈ જાણીએ છીએ તથા જે કાંઈ છીએ એ બધાનો સ્વીકાર કરતી તે એક ભાવાત્મક પરંતુ અગમ્ય એવી પરમ વાસ્તવિકતા છે. વેદાન્ત કહે છે કે, 'આરંભમાં એક અને અદ્વિતીય એવું સત્ હતું', પણ એ આરંભની પૂર્વે તથા પછી, હમણાં, હંમેશને માટે તથા કાળ માત્રથી પર એક એવું તત્ત્વ આવી રહેલું છે જેને આપણે એકમેવ सत् તરીકે પણ વર્ણવી શકતા નથી, એ तत् સિવાય બીજું કાંઈ જ નથી એમ આપણે કહીએ ત્યારે પણ આપણે તેનું આ એકમેવ सत तरीके વર્ણન આપી શકતા નથી. આ તત્ત્વ વિષે આપણને જે કાંઈ જ્ઞાન મળી શકે તેમ છે તેમાં પહેલું એ છે કે, એ તત્ત્વ આદિથી પોતાની અંદર એકાગ્ર બની રહેલું છે અને તેને આપણે એક અવિભાજ્ય એકમેવ તત્ત્વ તરીકે પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. એ વિષે આપણને બીજું એ જણાય છે કે, આ તત્ત્વની એકતામાં જે કાંઈ એકાગ્ર બની રહેલું હતું તે પછી વિસ્ફુરણ પામ્યું અને દેખીતી રીતે બધું અલગ અલગ છુટું થઈ ગયું. વિશ્વ વિષેની મનની કલ્પના આ પ્રમાણે છે. એ વિષે આપણને ત્રીજું એ જણાય છે કે એ તત્ત્વે પોતાની જાતનો સુદૃઢ એવો આત્મ-વિસ્તાર કર્યો અને તે ઋત-ચેતના બન્યું. આ ઋત-ચેતના પેલી વિસ્ફુરણની ક્રિયાને પોતાની અંદર ધારણ કરી રાખે છે, ટકાવી રાખે છે, અને તે એક ખરેખરું વિસર્જન ન બની જાય તેમ કરે છે. એ વધુમાં વધુ વિવિધતાની અંદર એકતાને ટકાવી રાખે છે, વધુમાં વધુ ચંચલતામાં તે સ્થિરતાને ટકાવી રાખે છે, એક સર્વવ્યાપી જેવા દેખાતા સંઘર્ષ અને સંઘટ્ટનની અંદર તે સંવાદિતાનો આગ્રહ રાખતું રહે છે, મન જ્યાં આગળ એક નરી અંધાધૂંધી-અતંત્રતા ઊભી કરી આપે અને એ અતંત્રતા પોતાનું રૂપ બાંધવાને માટે શાશ્વત કાળ લગી પ્રયત્ન કર્યા કરે ત્યાં તે એક

શાશ્વત વિશ્વતંત્ર ટકાવી રાખે છે. અતિમનસ તે આ છે, ઋત-ચેતના, સત્ય-વિચાર તે આ છે. એ પોતે જે છે અને પોતે જે જે કાંઈ બનતું રહે છે એ બધું તે જાણતું હોય છે.

અતિમનસ તે બ્રહ્મનો પોતાનો પરમ વિશાળ આત્મ-વિસ્તાર છે. એ પોતાની અંદર બધું ધારણ કરતું હોય છે, અને તેને વિકાસમાં લાવતું હોય છે. સત્, ચિત્ અને આનંદનાં તત્ત્વો પોતાની અવિભાજ્ય એવી એકતામાં રહેલાં હતાં તે એકતામાંથી પરમ વિચાર દ્વારા અતિમનસ એ ત્રણેનું ત્રિપુટ તત્ત્વ વિકસાવે છે. અતિમનસ એ ત્રણેને છૂટાં પાડી આપે છે પણ તેમની વચ્ચે વિચ્છેદ ઊભો કરતું નથી. એ એક ત્રિપુટીને સ્થાપિત કરે છે, મનની પેઠે તે ત્રણમાંથી પરમ એકમાં પહોંચતું નથી પણ પેલા પરમ એકમાંથી ત્રણનો આવિર્ભાવ કરે છે-કેમકે આવિર્ભાવ કરવો, વિકાસ નિપજાવવો એ એનું કાર્ય છે-અને છતાં આ ત્રણેને તે એકતામાં ટકાવી રાખે છે-કેમકે એની પાસે જ્ઞાન છે અને તે બધું પોતામાં ધારણ કરે છે. અતિમનસ ભિન્ન કરવાની ક્રિયાનો આશ્રય લઈ આ સત્ ચિત્ આનંદમાંથી ગમે તે એકને બહાર લઈ આવીને તેને અધિષ્ઠાતા દેવતા બનાવી શકે છે અને એ દેવતા બીજાં બે તત્ત્વોને પોતામાં અંતર્ગૂઢ રૂપે યા તો વ્યક્ત રૂપે ધારણ કરી રાખે છે, અને આ પ્રક્રિયાના પાયા ઉપર જ તે વિશ્વની બીજી બધી વિભિન્નતાઓનું મંડાણ કરે છે. અને એ જ પ્રક્રિયા દ્વારા તે આ સર્વ-ધારક ત્રિપુટિમાંથી પોતે જે જે તત્ત્વો અને શક્યતાઓ વિકસાવતું રહે છે તે સર્વના ઉપર કાર્ય કરતું રહે છે. અતિમનસમાં આમ વસ્તુઓને વિકાસમાં લાવવાની, વિકાસક્રમમાં મૂકવાની, સુવ્યક્ત કરવાની શક્તિ રહેલી છે અને એ શક્તિની સાથે સાથે જ વસ્તુઓનું અંતર્ગુહન કરવાની, આવરણ કરવાની, વસ્તુને અંતર્ધાન કરવાની બીજી શક્તિ પણ તેનામાં રહેલી છે. એક રીતે કહીએ તો, આખુંયે વિશ્વ તે બે અંતર્ગુહનોની વચ્ચે ચાલી રહેલી ક્રિયા છે એમ કહી શકાય છે. પહેલું અંતર્ગુહન તે આત્મતત્ત્વમાંનું છે, સર્વ કાંઈ આત્મતત્ત્વમાં અંતર્ગૂઢ બનેલું છે અને તેમાંથી સર્વ કાંઈ વિકાસ પામતું પામતું નીચેની દિશામાં જડતત્ત્વના બીજા છેડા સુધી પહોંચે છે. બીજું અંતર્ગુહન તે જડતત્ત્વમાંનું છે. સર્વ કાંઈ જડતત્ત્વમાં અંતર્ગૂઢ બનેલું છે અને તેમાંથી સર્વ કાંઈ વિકાસ પામતું પામતું ઉપરની દિશામાં આત્મતત્ત્વના બીજા છેડા સુધી પહોંચે છે.

Divya Jivan by : *Sri Aurobindo*

Translated by : *Ambalal Purani and Sundaram*

Published by *The Publication Department*
Sri Aurobindo Ashram
Pondicerry – 605 002

અનુવાદક અંબાલાલ પુરાણી,સુંદરમ્

બીજી આવૃત્તિ પ્રત :

કિંમત :

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ

પ્રકાશક પબ્લિકેશન ડિપાર્ટમેન્ટ
શ્રી અરવિન્દ આશ્રમ
પોંડિચેરી - ૬૦૫ ૦૦૨

મુદ્રક : શ્રી અરવિન્દ આશ્રમ પ્રેસ,
શ્રી અરવિન્દ આશ્રમ,
પોંડિચેરી - ૬૦૫ ૦૦૨

સ્થૂલ ઈન્દ્રિયો જે હકીકતો અને સૂચનો પૂરાં પાડે છે તેટલામાં જ રમવું જોઈએ. અને તે સૂચનો પણ સ્થૂલ ભૂમિકા જોડે સદાને માટે બંધાયેલાં રહેવાં જોઈએ. આપણે એ કરણોથી પર જઈ શકીએ તેમ નથી, તેમ જ સ્થૂલ ઈન્દ્રિયોથી વધારે સમર્થ અને તેમનાથી ઓછી પરિમિત શક્તિઓ જાગ્રત થાય છે અને જ્યાં નવી જ જાતની શોધ શરૂ કરવાની ફરજ પડે છે તેવા પ્રદેશોમાં દોરી લઈ જનાર સેતુ તરીકે આપણે ઈન્દ્રિયોની સામગ્રીને વાપરી શકતા નથી.

જે મુદ્દો આટલો બધો આપખુદ અને સ્વચ્છંદી, તર્કથી અસિદ્ધ હોય તે પોતે જ અધૂરો છે એમ એ આપોઆપ સ્વીકાર કરે છે. સાબિતીઓ અને અનુભવોનું જે વિશાળ ક્ષેત્ર જડવાદનો વિરોધ કરે છે તેને જોવાની ના પાડીએ, અથવા તો તેની ગોળ ગોળ સમજૂતી આપીએ અને માનવની અંદર રહેલી ઉદાત્ત અને ઉપયોગી શક્તિઓનો સ્વીકાર જ ન કરીએ, યા તો તેમને ઉતારી પાડીએ તો જ જડવાદના મુદ્દાને આપણે ટકાવી શકીએ. એ ઉમદા શક્તિઓ જાગ્રત રીતે અથવા તો અસ્પષ્ટ રીતે કામ કરતી હોય છે ; કાંઈ નહિ તો સર્વ માનવમાં અપ્રગટ બીજ રૂપે તો તે આવી રહેલી હોય છે. વળી ઈન્દ્રિયાતીત ઘટનાઓને, તપાસ કરવાનો ઈનકાર કરી, પદાર્થતત્ત્વમાં અને તેની ગતિમાં જ સમાવી દઈએ અને જડશક્તિની ગૌણ ક્રિયા તરીકે જ તેમને ગણી લઈએ તો આપણે જડવાદનો સ્વીકાર કરી શકીએ. પરંતુ દરેક વસ્તુને પદાર્થતત્ત્વના બીબામાં જ બેસાડવી છે એવું પહેલેથી નક્કી કર્યા વિના, જેવા આપણે મનોમય અને વિજ્ઞાનમય શક્તિઓની સ્વતંત્ર તપાસ શરૂ કરીએ છીએ કે તરત જ આપણી સામે એવી ઘટનાઓ આવીને ઊભી રહે છે જે જડવાદીઓના જકડી બાંધેલા બીબામાંથી અને મર્યાદક મતાગ્રહોમાંથી સંપૂર્ણપણે છટકી જાય છે. અને જે પળે સ્થૂલ ઈન્દ્રિયોથી પર જ્ઞેય સત્યો આવી રહેલાં છે એ હકીકતનો તથા માનવની અંદર ઈન્દ્રિયાતીત શક્તિઓ અને કરણો આવી રહેલાં છે એ વાતનો આપણે સ્વીકાર કરીશું–અને આપણો વધતો જતો અનુભવ તેનો સ્વીકાર કરવાની આપણને ફરજ પાડે છે–તે જ ક્ષણે જડવાદી અજ્ઞેયતાનો આખો પાયો ઢળી પડે છે. એ ઈન્દ્રિયાતીત સત્યો અને શક્તિઓ માનવની સ્થૂલ ઈન્દ્રિયો દ્વારા ઈન્દ્રિયગમ્ય જગતની જોડે સંબંધમાં રહે છે, પરંતુ એ શક્તિઓ પોતે જડ ઈન્દ્રિયોથી નિયત થતી નથી. ઊલટી ઈન્દ્રિયોને તે નિયત કરે છે. અર્થાત્ ઈન્દ્રિયગમ્ય જગતનું આપણું સ્થૂલ જીવન માનવના વાસ્તવિક અને સંપૂર્ણ જીવનનું કેવળ બહારનું પડ માત્ર ઠરે છે. આ મુદ્દાઓનો સ્વીકાર કર્યા પછી

આ રીતે, વિશ્વનું સર્જન કરનાર સત્ય વિચાર દ્વારા વિભિન્નીકરણની જે પ્રક્રિયા ચાલી રહેલી છે તે આખીયે પ્રક્રિયામાં, તત્ત્વો, શક્તિઓ, રૂપોને બહાર અભિવ્યક્તિમાં મૂકવાનું કામ થતું રહે છે. આ સર્વ વસ્તુઓને પોતાની અંદર રાખીને જોતી અંતર્દ્રષ્ટા ચેતના માટે આ બધાં વિશ્વની અન્ય સર્વ વસ્તુઓને પોતામાં ધારણ કરી રહેલાં હોય તેમ બની રહે છે, અને આ સર્વથી બહાર રહીને જોતી બહિર્દ્રષ્ટા ચેતના માટે આ બધાં વિશ્વની બીજી સર્વ વસ્તુઓને પોતાની પાછળ છુપાવી રહેલાં હોય એમ બની રહે છે. અને આમ વસ્તુસ્થિતિ હોવાને લીધે વિશ્વમાં પ્રત્યેક પદાર્થમાં સર્વ પદાર્થો આવી રહેલા છે તેમ જ સર્વ પદાર્થોમાં પ્રત્યેક પદાર્થ આવી રહેલો છે. એટલે પછી પદાર્થોના પ્રત્યેક બીજમાં, જગતમાં આવી રહેલી વિધવિધ શક્યતાઓની સારીયે અનંતતા ગૂઢ રૂપે તો આવી જ રહેલી છે, પરંતુ પ્રત્યેક બીજને પ્રક્રિયા અને પરિણામના માત્ર એક જ નિયમને આધીન રાખવામાં આવે છે. અને આ કાર્ય સચિત્ સ્વરૂપ પ્રભુની પરમ સંકલ્પશક્તિ, એટલે કે, જ્ઞાન-શક્તિ કરતી રહે છે. આ પ્રભુ વિશ્વ રૂપે પોતાનો આવિર્ભાવ કરી રહેલા છે, પોતાની અંદર તેમને વિશ્વ વિષેનો જે પરમ વિચાર જન્મેલો હોય છે તે વિચારની સુદૃઢતા તેમને પ્રત્યક્ષ હોય છે, અને એ દૃઢ વિચારને આધારે પ્રભુ પોતાનાં રૂપો અને ક્રિયાઓને પૂર્વથી નિશ્ચિત કરતા રહે છે. સ્વયંભૂ-સત્ રૂપ એવા આ પ્રભુ પોતાના સ્વરૂપના સત્યને પોતાની અંદર જોતા રહે છે અને એમને આ જે સત્ય-દર્શન થયેલું છે તે જ પદાર્થ માત્રનું બીજ છે. આ સત્ય-દર્શનના બીજમાંથી પછી પરિણામ રૂપે પ્રભુ પોતે જે કાંઈ કાર્ય કરે છે તેનું સત્ય જન્મે છે, વિશ્વમાં વસ્તુઓને વિકાસ પામવાનો, વસ્તુઓનું રૂપ બંધાવાનો, તેમની ક્રિયાઓનો સ્વાભાવિક નિયમ રચાય છે. અને પ્રભુનું આ આત્મ-કાર્ય પેલા આત્મ-દર્શન પછી અનિવાર્યપણે આવીને ઊભું રહે છે અને મૂળ સત્યમાં જે જે પ્રક્રિયાઓ ગૂઢ રૂપે આવી રહેલી હતી તે પ્રમાણે જ તે કાર્ય કરે છે. આ રીતે પછી વિશ્વની અખિલ પ્રકૃતિ તે કેવળ સચેતન સ્વરૂપ પ્રભુની પોતાની જ દ્રષ્ટા-સંકલ્પશક્તિ, જ્ઞાન-શક્તિ રૂપે છે. પ્રભુએ પ્રથમ પોતાની જાતને એક પરમ વિચારમાં ઢાળી દીધેલી છે અને એ વિચારમાં રહેલા અફર સત્યને શક્તિ અને રૂપની અંદર ઢાળવાનું કાર્ય તેઓ કરી રહ્યા છે.

પરમ વિચાર વિષેની આ જે કલ્પના છે તે આપણને આપણી મનોમય ચેતના અને ઋત-ચેતના એ બે વચ્ચે જે મૂળગત વિરોધ રહેલો છે તે પ્રત્યક્ષ કરાવી આપે છે.

આપણે એમ ગણીએ છીએ કે વિચાર એ તો જીવનથી એક ભિન્ન એવી વસ્તુ છે, એ તો એક અમૂર્ત, કશા સત્ત્વ વિનાની, વાસ્તવિકતાથી ભિન્ન એવી વસ્તુ છે. આપણને ખબર ન પડે તેવી રીતે ક્યાંકથી તે આવી ચડે છે, બાહ્ય વાસ્તવિકતાથી તે પોતાને અલગ કરી લે છે, અને પછી તેનું તે અવલોકન કરવા લાગે છે, તેને સમજવા લાગે છે અને તે વિષે પોતાનો નિર્ણય બાંધે છે. કેમકે, આપણી મનોમયતાને-વસ્તુમાત્રનું વિભાજન કરી દેતી, વસ્તુ માત્રનું પૃથક્કરણ કરતી આપણી મનઃસ્થિતિને વિચાર આ રીતનો દેખાય છે અને એટલે તે તેને માટે હોય છે પણ એ પ્રમાણેનો જ. મન પહેલું કામ તે વસ્તુને 'અલગ' તારવવાનું કરે છે, વસ્તુને સમજવા કરતાંયે વિશેષે તો તે વસ્તુઓ વચ્ચે ભેદ ઊભા કરે છે, અને એ રીતે તેણે વિચાર અને વાસ્તવિકતા વચ્ચેનો આ પ્રાણહારક ભેદ ઊભો કર્યો છે. પરંતુ અતિમનસમાં તો સારુંયે સત્ તત્ત્વ ચેતના રૂપ હોય છે, સારીયે ચેતના સત્ રૂપની હોય છે, અને આ જે વિચાર છે તે જેટલો ચેતનાના એક સભર આંદોલન રૂપે છે તેટલો જ તે પોતાથી સભર એવા સત્ તત્ત્વના આંદોલન રૂપે છે. પરમાત્માની સર્જન પ્રત્યે વળેલી નહિ એવી આત્મ-સભાનતામાં જે તત્ત્વ એકાગ્ર બનીને ઢળી રહેલું હતું તે જ હવે સર્જનાભિમુખ બનેલા આત્મ-જ્ઞાન રૂપે પ્રથમ વાર બહાર આવે છે. એ તત્ત્વ પરમ વિચાર રૂપે બહાર આવે છે અને એ વિચાર તે એક વાસ્તવિકતા હોય છે. અને આ પરમ વિચાર રૂપ જે વાસ્તવિકતા છે તે જ પછી પોતાને વિકાસ આપતી રહે છે, અને એ કાર્ય તે હંમેશાં પોતાની શક્તિ દ્વારા અને પોતાને વિષેની સભાનતા દ્વારા કરતી રહે છે, એ પોતાને વિષે હંમેશાં સભાન હોય છે, એ પરમ વિચારમાં અંતર્ગત રહેલા સંકલ્પ દ્વારા તે હંમેશા પોતાનો વિકાસ રચતી રહે છે, એના પ્રત્યેક સ્ફુરણમાં ઓતપ્રોત બની રહેલા જ્ઞાન દ્વારા તે હંમેશાં પોતાને સિદ્ધ કરતી રહે છે. સારાયે વિશ્વસર્જનનું, સારીયે વિકાસક્રિયાનું સત્ય આ છે.

આપણી માનસિક ક્રિયાઓમાં જે રીતે જ્ઞાનની ચેતના અને સંકલ્પની ચેતના વહેંચાઈ ગયેલાં દેખાય છે તેવું અતિમનસમાં હોતું નથી. અતિમનસમાં તે એક ત્રિપુટિ રૂપે હોય છે, ત્રણ કાર્ય સમર્થ સ્વરૂપોવાળી તે એક જ ક્રિયા હોય છે. આ દરેક સ્વરૂપને તેનું પોતાનું પરિણામ હોય છે. સત્ તત્ત્વ તે પદાર્થ રૂપે બનતું હોય છે, ચિત્ત તત્ત્વ તે જ્ઞાન રૂપે બનતું હોય છે, સ્વતઃ માર્ગદર્શક અને આકારક વિચાર રૂપે, અંતર્ગ્રહણ અને બહિર્ગ્રહણ રૂપે બનતું હોય છે; સંકલ્પશક્તિ તે પોતાને સિદ્ધ કરતી શક્તિ રૂપે બનતી

હોય છે. પરંતુ આ જે વિચાર છે તે તો પોતે પોતાની જાતને પ્રકાશિત કરતી વાસ્તવિકતાનો જ કેવલ પ્રકાશ હોય છે. એ મનોમય વિચાર કે કલ્પના નહિ, પણ કાર્યસાધક એવી આત્મ-સભાનતા હોય છે. એ સત્ય-વિચાર હોય છે.

અતિમનસમાં વિચારમાં રહેલું જ્ઞાન તે વિચારમાં રહેલા સંકલ્પથી છૂટું પડી ગયેલું નથી હોતું, એ જ્ઞાન સંકલ્પની સાથે એકરૂપ જ હોય છે-એ જેવી રીતે સત્ તત્ત્વ કિંવા પદાર્થથી ભિન્ન હોતું નથી, પણ સત્ તત્ત્વની સાથે એકરૂપ હોય છે, પદાર્થતત્ત્વની તેજોમય શક્તિ રૂપ હોય છે તેવું જ સંકલ્પ સાથે એકરૂપ હોય છે. જેવી રીતે સળગતા પ્રકાશની શક્તિ અગ્નિના પદાર્થરૂપથી ભિન્ન હોતી નથી તેવી જ રીતે પરમ વિચારની શક્તિ સત્ તત્ત્વના સત્ત્વથી ભિન્ન હોતી નથી. એ સત્ તત્ત્વ પરમ વિચારનું રૂપ લેતું હોય છે અને એ વિચારનો વિકાસ રચતું હોય છે. આપણી મનોમયતામાં બધી જ વસ્તુઓ ભિન્ન ભિન્ન હોય છે. આપણી પાસે એક વિચાર હોય છે અને એ વિચાર પ્રમાણેનો એક સંકલ્પ હોય છે અથવા તો એ સંકલ્પની એક પ્રેરણા અને એ પ્રેરણામાંથી પોતાને અલગ કરી લેતો વિચાર હોય છે. પરંતુ આપણે વિચાર અને સંકલ્પ વચ્ચે બરાબર ભેદ કરી લેતા હોઈએ છીએ, તેમજ એ બંને આપણાથી ભિન્ન છે એમ પણ ગણીએ છીએ. આ હું પોતે છું; વિચાર એ મારી અંદર પ્રગટ થતું કોઈ અગમ્ય અમૂર્ત તત્ત્વ છે, સંકલ્પ એ વળી બીજું અગમ્ય તત્ત્વ છે. એ પોતે સઘન મૂર્ત વસ્તુ નથી, છતાં મૂર્તતાની નજીકની એક શક્તિ છે, પણ એ હંમેશા એવી કોઈ વસ્તુ છે જે હું પોતે નથી. એ જાણે કે મારી પાસે હોય, અથવા તો મારો કબજો લેતી હોય તેવી કોઈ વસ્તુ છે, પણ હું પોતે તે નથી. વળી, હું મારો સંકલ્પ, એનાં સાધનો અને પરિણામ એ બધાં વચ્ચે પણ એક ખાડો ઊભો કરું છું. કેમકે એ બધાંને હું મારાથી બહાર આવેલી અને મારાથી ભિન્ન એવી સઘન વાસ્તવિકતાઓ ગણું છું. એટલે પછી હું પોતે કે મારામાં રહેલો વિચાર કે સંકલ્પ એમાંથી એકે સ્વયં કાર્યસાધક બનતાં નથી હોતાં. વિચાર મારામાંથી ખરી જઈ શકે છે, સંકલ્પ નિષ્ફળ નીવડી શકે છે, સાધનોનો અભાવ હોઈ શકે છે, અને આ બધામાંથી કોઈપણ એકના અભાવને લીધે કે બધાંના અભાવને લીધે હું પોતે અ-સિદ્ધ, અકૃતાર્થ રહી જાઉં છું.

પરંતુ અતિમનસમાં આવો કોઈ પ્રાણહારક ભેદ હોતો નથી. કેમકે ત્યાં, મનમાં હોય છે તેમ, જ્ઞાન પોતે પોતામાં વિભક્ત હોતું નથી, શક્તિ પોતે પોતામાં

વિભક્ત નથી હોતી, સત્ તત્ત્વ પોતે પોતામાં વિભક્ત નથી હોતું. એ બધાં પોતે પોતાની અંદર વિભક્ત નથી હોતાં તેમ જ એકમેકથી છૂટાં થઈ ગયેલાં પણ હોતાં નથી. કેમકે અતિમનસ એ તો પરમ વિરાટ છે; એનો આરંભ ભેદમાંથી નહિ પણ એકતામાંથી થતો હોય છે. એ પ્રથમ તો સર્વગ્રાહક રીતનું જ હોય છે, વિભાજન એ તો માત્ર એની એક ગૌણ ક્રિયા છે. એટલે એમાં સત્ તત્ત્વનું ભલે ગમે તે સત્ય વ્યક્ત થઈ રહ્યું હોય તોપણ વિચાર એ સત્યની સાથે એકદમ મળતો રહેતો હોય છે, સંકલ્પ તે વિચારની સાથે બરાબર મળતો રહેતો હોય છે-શક્તિ એ તો માત્ર ચેતનાનું જ એક બલ છે-અને પરિણામ તે સંકલ્પની સાથે બરાબર મળતું હોય છે. વળી ત્યાં, માણસમાં તેમ જ માણસના જગતમાં બનતું હોય છે તેમ, વિચાર બીજા વિચારો સાથે અથડાતો નથી હોતો, સંકલ્પ કે શક્તિ બીજા સંકલ્પ કે શક્તિ સાથે અથડાતી નથી હોતી. અહીં તો કેવળ એક જ વિરાટ ચેતના આવી રહેલી હોય છે, અને સર્વ વિચારોને તે તેના પોતાના વિચારો હોય એ રીતે પોતામાં ધારણ કરતી હોય છે તથા તેમને પોતાની અંદર જોડતી રહે છે. અહીં તો કેવળ એક જ વિરાટ સંકલ્પશક્તિ આવેલી હોય છે અને સર્વ શક્તિઓ તે તેની પોતાની હોય એ રીતે તેમને પોતાની અંદર ધારણ કરતી હોય છે અને પોતામાં જોડતી રહે છે. એ વિરાટ ચેતના કોઈક તત્ત્વને પાછળ ખેંચી રાખતું હોય છે, તો કોઈક તત્ત્વને આગળ ધકેલતું હોય છે, પરંતુ બધું તે તેના પોતાના પૂર્વદ્રષ્ટા પરમ વિચાર-સંકલ્પ પ્રમાણે કરતું હોય છે.

આ રીતે જોતાં પરમાત્માની સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા અને સર્વશક્તિમત્તા વિષે ધર્મોના જે પ્રચલિત વિચારો છે તે બધા સાચા ઠરે છે. આ વિચારો તે કોઈ બુદ્ધિરહિત કલ્પના નહિ પણ સંપૂર્ણ બુદ્ધિયુક્ત વિચારો છે અને એક સર્વગ્રાહક તત્ત્વજ્ઞાનની દૃષ્ટિથી જોઈએ કે પછી જગતના અવલોકન અને અનુભવમાંથી મળતાં સૂચનોની રીતે જોઈએ તોપણ એ ખોટા ઠરતા નથી. આમાં ભૂલ એ થાય છે કે આપણે પ્રભુ અને માણસ વચ્ચે, બ્રહ્મ અને જગત વચ્ચે એક પુરાય નહિ તેવો ખાડો ઊભો કરી દઈએ છીએ. એ ભૂલને લીધે પછી, સત્ તત્ત્વમાં, ચિત્ તત્ત્વમાં અને શક્તિમાં વાસ્તવિક અને વ્યાવહારિક ભૂમિકા પર જે ભેદો બનેલા છે તેને આપણે છેક મૂળના ભેદ બનાવી દઈએ છીએ. પરંતુ પ્રશ્નની આ બાજુનો વિચાર આપણે હવે પછીથી કરીશું. અત્યારે તો આપણે આ દિવ્ય અને વિશ્વસર્જક અતિમનસની જે વાત કરી છે અને તેનો થોડોક ખ્યાલ નિપજાવ્યો

છે તેમાં જ સ્થિર થઈશું. એમાં આપણે એ જોયું કે અતિમનસમાં બધી જ વસ્તુઓ સત્ તત્ત્વ તરીકે, ચેતના તરીકે, સંકલ્પ અને આનંદ તરીકે એક રૂપે જ રહેલી છે, અને છતાં એમાં ભિન્નતા ધારણ કરવાની એક અનંત શક્તિ રહેલી છે. એ ભિન્નત્વની શક્તિ અતિમનસમાંની એકતાને છૂટી પાડીને ગોઠવે છે ખરી પણ એ એકતાનો નાશ કરી દેતી નથી. આ અતિમનસમાં સત્ય એ જ મૂળ તત્ત્વ છે અને વિચાર રૂપે સત્ય જ ઉપર આવતું રહે છે, રૂપની અંદર સત્ય જ ઉપર આવતું રહે છે. ત્યાં જ્ઞાન અને સંકલ્પનું એક જ સત્ય હોય છે. આત્મસિધ્ધિનું અને એ આત્મસિધ્ધિમાંથી જન્મતા આનંદનું એક જ સત્ય હોય છે. કેમકે હરેક રીતની આત્મસિધ્ધિ તે આત્માને માટે સંતોષપ્રદ વસ્તુ જ હોય છે. એટલે વિશ્વનાં સર્વ પરિવર્તનોમાં તેમ જ સંયોજનોમાં હંમેશા એક સ્વયંભૂ અને અવિચ્છેદ્ય એવી સંવાદિતા આવી રહેલી છે.

પ્રકરણ ૧૫

પરમ ઋત-ચેતના

सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानधन एवानन्दमयो ह्यानन्दभुक्....
एष सर्वेश्वर एव सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य.....

माण्डूक्य उपनिषद ५, ६

પરમ ચેતનાની સુષુપ્તિમાં આસન ધારણ કરીને બેઠેલો તે, પ્રજ્ઞાનું ઘનસ્વરૂપ એવો, આનંદમય અને આનંદનો ભોક્તા..... એ સર્વેશ્વર છે, એ સર્વજ્ઞ છે, એ અંતરમાંથી નિયમન કરતો હોય છે, એ સર્વ પદાર્થોનું મૂલ સ્થાન છે.

માણ્ડૂક્ય ઉપનિષદ ૫, ૬

એટલે આપણે સર્વ-ધારક, સર્વ-સર્જક અને સર્વ-સમાપક એવું અતિમનસ તે પરમાત્માનું સ્વરૂપ છે એમ ગણવાનું છે. પરંતુ એ સ્વરૂપ તે પરમાત્માની પરમ સ્વયંભૂ અવસ્થાનું નથી, પણ પરમાત્મા પોતાની સૃષ્ટિઓના સ્વામી અને સ્રષ્ટા તરીકે કાર્ય કરતા હોય છે એ કાર્યમય અવસ્થાનું આ સ્વરૂપ છે. આપણે જે તત્ત્વને પ્રભુ કહીએ છીએ તેનું સત્ય આ છે. અને આ સ્વરૂપ તે પશ્ચિમમાં પ્રભુ વિષેની જે સામાન્ય કલ્પના છે તેના કરતાં જુદું જ છે એ તો દેખીતી વાત છે. પશ્ચિમની કલ્પના મુજબના ભગવાન તે એક ઘણો જ વ્યક્તિગત રૂપવાળો તથા મર્યાદિત સ્વરૂપનો દેવ છે, મનુષ્યનું જ તે એક ઘણું મોટું કરેલું અને અતિપ્રાકૃતિક રૂપ આપેલું સ્વરૂપ છે. પ્રભુ વિષેની પશ્ચિમની આવી કલ્પના વિશ્વવિધાયક અતિમનસ અને અહંની વચ્ચે જે અમુક સંબંધ છે તેમાંથી માનવની છાયાવાળો એક ઘણો મોટો છાયાસુર બનાવી લે છે. બેશક, પ્રભુનું જે વ્યક્તિગત રૂપવાળું સ્વરૂપ છે તેને આપણે વિસ્મરી જવાનું તો નથી જ, પ્રભુનું આ જે અ-વ્યક્તિમય સ્વરૂપ છે એ તો પ્રભુના સત્ રૂપનું માત્ર એક જ મુખ છે. પ્રભુ સર્વ-રૂપ છે એ ખરૂં- પરંતુ તેઓ જ વિશ્વમાં એકમાત્ર સત્ત તત્વ છે એમ પણ છે,-પ્રભુ જ વિશ્વમાં એકમાત્ર સચિત્-સત્ છે, પણ છતાં તે એક વ્યક્તિ છે. આમ છતાં પ્રભુના આ વ્યક્તિમય સ્વરૂપનો વિચાર આપણે અત્યારે હાથ લેતા નથી. દિવ્ય ચેતનાનું જે વ્યક્તિત્વથી પર એવું, ચૈતસિક સત્ય છે તેનો જ તાગ લેવાનો પ્રયત્ન આપણે

અત્યારે આદરીએ છીએ. પ્રભુના આ વ્યક્તિત્વથી પર, ચૈતસિક સ્વરૂપને વિષે જ આપણે એક વિશાળ અને વિશદ સમજણ મેળવી લેવાની છે.

અદ્વૈતરૂપ પરમાત્મામાં બહુરૂપ બનવાનું અનંત સામર્થ્ય રહેલું છે. એ બહુરૂપતાની સંવાદિતતાઓને પ્રભુ એક સુયોજક આત્મ-જ્ઞાન દ્વારા આવિર્ભાવમાં લાવતા રહે છે. ઋત-ચેતના તે એવા સુયોજક આત્મ-જ્ઞાન રૂપે વિશ્વમાં સર્વત્ર આવી રહેલી છે. પ્રભુ પાસે આવું સુયોજક આત્મ-જ્ઞાન ના હોય તો વિશ્વનો આવિર્ભાવ તે ફકત એક પલટાતી જતી અતંત્ર અંધાધૂંધી જેવો જ બની રહે, કેમકે એમાં તો પછી ગમે તે વસ્તુઓ ગમે તે રૂપે બને એવી અનંત શક્યતા રહેલી હોય છે. અને વિશ્વમાં માત્ર અનંત રીતની સંભાવ્યતાઓ જ ભરેલી છે એમ નથી. એની પાછળ એક સંચાલક સત્ય અને સંવાદમય આત્મ-દર્શનનો નિયમ કામ કરી રહેલો છે. વિશ્વમાં વસ્તુઓને વિકાસ માટે વહેતી મૂકવામાં આવે છે ત્યારે એ વસ્તુઓની બીજાવસ્થામાં જ એક પરમ વિચાર તેના પૂર્વનિર્ણાયક તરીકે કામ કરતો હોય છે. વિશ્વની પાછળ જો કોઈ આવો માર્ગદર્શક સત્યનો તથા સંવાદમય આત્મ-દર્શનનો નિયમ ન હોય, એમાં વસ્તુઓના સર્જન પાછળ એક પૂર્ણનિર્ણાયક પરમ વિચાર કામ કરતો ન હોય તો પછી જગત તે માત્ર એક અનેક વસ્તુઓથી ખદબદતો, કશા નિશ્ચિત આકાર વિનાનો, એક ગોટાળામય અનિશ્ચિત પદાર્થ જ બની રહે. પરંતુ જે પરમ જ્ઞાન આ વિશ્વનું સર્જન કરી રહ્યું છે તે પોતે જે જે કાંઈ સર્જે છે યા તો જેને બહાર વહેતું મૂકે છે તે બધું તેના પોતાનાં જ રૂપો અને શક્તિઓ હોય છે, એ તેનાથી કોઈ ભિન્ન વસ્તુઓ હોતી નથી. એટલે આ જ્ઞાન પાસે વિશ્વમાં સર્જનની જે જે સંભાવ્યતાઓ હોય છે તે પ્રત્યેક સંભાવ્યતાનું નિયમન કરતા સત્ય અને નિયમનું દર્શન તેના પોતામાં જ રહેલું હોય છે, તેમ જ આ પ્રત્યેક સંભાવ્યતાને બીજી સંભાવ્યતાઓ સાથે જે સંબંધ હોય છે અને એ બધી વચ્ચે જે સંવાદમયતાઓ શક્ય હોય છે તે સર્વ વિષેની એક સહજરૂપ આંતરિક સજ્ઞતા હોય છે. આ પરમ જ્ઞાન આ દર્શન તથા સજ્ઞતાને વિશ્વનું વિધાન કરનારી વ્યાપક સંવાદમયતામાં પહેલેથી જ ધારણ કરી રહેલું હોય છે. વિશ્વને વિષેનો એક લયપૂર્ણ વિચાર જ્યારે પ્રગટ થાય છે ત્યારે એ વિચારના જન્મની ક્ષણે જ, એ વિચારનું ભીતરમાં બીજ નંખાતું હોય તે ક્ષણે જ તેનામાં આ સંવાદમયતા રહેલી હોય છે અને એટલે જ પછીથી વિશ્વમાં આવેલાં તત્ત્વોની આંતર

લીલા દ્વારા એ સંવાદમયતા અનિવાર્ય રીતે જગતમાં સાકાર બનતી રહે છે. વિશ્વમાં જે મહાનિયમ પ્રવર્તતો હોય છે તેનું મૂળ આ પરમ જ્ઞાનમાં જ રહેલું હોય છે, અને એ જ્ઞાન જ એ નિયમનું રક્ષણ કરતું હોય છે. કેમકે આપણે જોઈએ છીએ કે વિશ્વમાંનો આ નિયમ એ લેશ પણ સ્વચ્છંદી વસ્તુ નથી- એ નિયમ તો પદાર્થમાત્રની જે સ્વ-પ્રકૃતિ છે તેનું જ એક પ્રગટ રૂપ છે. જગતમાં પ્રત્યેક પદાર્થ એનું પ્રથમ બીજ નખાતું હોય છે ત્યારે તે સત્ય-વિચાર પોતેજ હોય છે. અને એ વિચારમાં રહેલા પ્રબળ સત્યને આધારે જ પ્રત્યેક પદાર્થની સ્વ-પ્રકૃતિ બંધાતી હોય છે. એટલે વિશ્વની આ જે આખીયે વિકાસગતિ ચાલી રહી છે તે પ્રારંભથી જ એ ગતિને પોતાના વિષે જે સ્વાત્મ-જ્ઞાન હોય છે તેમાં પૂર્વનિર્ણીત થયેલી હોય છે, એ વિકાસ ગતિમાં પ્રત્યેક પળે જે બની રહેલું હોય છે તે પણ પૂર્વનિર્ણીત હોય છે. વિશ્વ-વિકાસની આ ગતિ એના પોતાના મૂળ અંતર્ગત સત્ય મુજબ આવતી ક્ષણે એ જે પ્રમાણે બનવી જોઈએ એ પ્રમાણે બનવા માટે તે ગતિ કરતી રહે છે; એની પોતાની બીજાવસ્થામાં એ વિકાસગતિ જે તત્ત્વોને ધારણ કરી રહી હતી, જે હેતુ માટે એ બીજ નખાયું હતું તે રૂપે જ તે છેવટે જતાં બની રહેવાની છે.

આમ જગત પોતાના સ્વરૂપના એક મૂળ સત્ય મુજબ આ વિકાસ અને પ્રગતિ સાધી રહેલું છે. અને એ વિકાસની પાછળ કાળનો એક ક્રમ આવી રહેલો છે, સ્થલમાં સંબંધ રહેલો છે, સ્થલમાં સંબંધ પામેલી વસ્તુઓ વચ્ચે એક નિયમનપૂર્વકની ક્રિયાપ્રતિક્રિયા થતી રહે છે, અને કાળની ક્રમિક ગતિ એ ક્રિયાપ્રતિક્રિયાને કાર્યકારણનું રૂપ આપે છે. તત્ત્વજ્ઞાનીઓના કહેવા મુજબ કાળ અને સ્થળ એ તો કલ્પનાની વસ્તુઓ છે, એમને પોતાનું કોઈ સાચું અસ્તિત્વ છે જ નહિ. પરંતુ માત્ર આ કાળ અને સ્થળ જ નહિ, પણ જગતની બધી જ વસ્તુઓ તે એકૈવ સચિત્ સત્ પરમાત્માએ પોતાની જ ચેતનામાં ધારણ કરેલાં સ્વરૂપો છે, એટલે સ્થળ કાળ વિષે આવો ભેદ કરવો એનું કોઈ મોટું મહત્ત્વ નથી. અદ્વૈતરૂપ સચિત્-સત્ પરમ તત્ત્વ વિશ્વના વિસ્તારમાં પોતાની જાતનું નિરીક્ષણ કરે છે તેમાં જ્યારે તે અંતર્મુખ બનીને આ નિરીક્ષણની ક્રિયા કરે છે ત્યારે તે કાળનું રૂપ બને છે, અને બહિર્મુખ બનીને નિરીક્ષણ કરે છે ત્યારે તે સ્થલનું રૂપ લે છે. આપણે મન દ્વારા આ બે કોટિઓનો જે ખ્યાલ બાંધીએ છીએ તે માપના વિચારમાંથી બંધાતો હોય છે,

અને મનની ગતિ પૃથક્કરણની અને વિભાજનની રીતે થતી હોય છે એટલે એ ક્રિયામાં આવા માપનો વિચાર કુદરતી રીતે જ આવી જતો હોય છે.મનને માટે કાળ એક પ્રવાહિત વિસ્તારની ક્રિયા છે, અને એ વિસ્તારનું માપ તે એક પછી એક આવ્યે જતા ભૂત, વર્તમાન અને ભાવિ દ્વારા કરતું રહે છે, એ પ્રવાહમાં તે પોતાને અમુક દૃષ્ટિબિંદુ આગળ ગોઠવી લે છે અને ત્યાંથી તે આગળ તથા પાછળ નજર રાખતું રહે છે. અવકાશ એ એક સ્થિર વિસ્તારની ક્રિયા છે અને પદાર્થતત્ત્વની વિભાજ્યતા દ્વારા તેનું માપ નીકળે છે. આ રીતના વિભાગી શકાય તેવા વિસ્તરણમાં મન પોતાને અમુક બિંદુએ ગોઠવે છે અને ત્યાંથી તે પોતાની આસપાસ આવેલા પદાર્થોની સ્થિતિનું અવલોકન કરે છે.

વાસ્તવિક હકીકતમાં એમ બનતું હોય છે કે મન સમયનું માપ ઘટનાને આધારે કરે છે અને સ્થળનું માપ જડતત્ત્વને આધારે કરે છે. પણ આપણે શુદ્ધ મનની રીતે વિચારીએ તો પછી ઘટનાની ગતિ તથા પદાર્થોની સ્થિતિના વિચારને બાજુએ મૂકી દઈ શકીએ છીએ અને આ અવકાશ અને કાળ રૂપે જે સચિત્-શક્તિ મૂર્ત બને છે તે શક્તિની શુદ્ધ ગતિને પ્રત્યક્ષ કરી શકીએ છીએ. એવી રીતે જોતાં આ કાળ અને અવકાશ પછી પરમ ચેતનાની વિશ્વરૂપ શક્તિનાં માત્ર બે પાસાં જ બની જાય છે અને એ બેનું જે પરસ્પર કાર્ય પ્રતિકાર્ય થતું રહે છે તે જ આ પરમ ચેતના પોતાના ઉપર પોતે જે કાર્ય કરતી રહે છે તેના તાણાવાણા રૂપ બની રહે છે. અને જો કોઈ મનથી ઊર્ધ્વ એવી ચેતના આપણા ભૂત, વર્તમાન અને ભાવિને એક જ દૃષ્ટિમાં જોવા લાગશે, એ પોતે આ ત્રણેમાં રહેલી નહિ પણ એ ત્રણેને પોતામાં ધારણ કરતી હશે, તેમ જ પોતાને માટે નિરીક્ષણનું એક બિંદુ મેળવવાને તે કાળની કોઈ અમુક ક્ષણમાં બેઠેલી નહિ હોય તો એને પછી કાળ તે પોતે એક શાશ્વત વર્તમાન છે એવું પોતાનું સ્વરૂપ પણ બતાવી આપશે. અને તે જ ચેતના પોતે અવકાશના કોઈ ખાસ બિંદુ ઉપર બેઠેલી નહિ હશે, પણ બધાંઓ અને બધા પ્રદેશોને તેણે પોતાની અંદર ધારણ કરી લીધાં હશે તો તે તેને અવકાશ પણ એક આંતર્ગતિક અને અવિચ્છેદ્ય એવા વિસ્તાર રૂપે દેખાશે-એ પણ કાળ કરતાં ઓછો આંતરિક પદાર્થ નહિ લાગે. અમુક ક્ષણોમાં આપણને એવું ભાન થઈ આવે છે કે આવી કોઈ અવિભાજ્ય એવી દૃષ્ટિ જગતમાં આવી રહેલી છે અને તે પોતાની અવિકારી એવી આત્મ-સભાન એકતા દ્વારા વિશ્વની વિવિધતાઓને ટકાવી રહેલી છે. પરંતુ એવી અવસ્થામાં પછી

કાળ અને અવકાશમાં આવી રહેલી બધી વસ્તુઓ તેમના પરાત્પર વિશ્વાતીત સત્ય રૂપે આપણને કેવી રીતે પ્રત્યક્ષ થશે એનો પ્રશ્ન આપણે કરવા જેવો નથી. કેમકે આપણું મન આવી વિશ્વાતીત વસ્તુઓની કલ્પના કરવાને સમર્થ નથી, અને એ મન તો વળી આ પરમ અવિભાજ્ય તત્ત્વ જગતને આપણું મન તથા ઇન્દ્રિયો જે રીતે જોતાં હોય છે તે કરતાં કોઈ બીજી રીતે જોઈ શકતું હશે એ વાતનો ઇનકાર કરવાને પણ તૈયાર હોય છે.

અતિમનસ કાળની ક્રમિક ગતિઓને તથા સ્થળના ભેદોને એક જ દૃષ્ટિમાં અને સર્વગ્રાહક ભાવે પોતાની અંદર સમાવી લે છે તથા તેમને એક કરી આપે છે. આ વસ્તુને આપણે પ્રત્યક્ષ કરી લેવાની છે અને અમુક હદ સુધી આપણે તેની કલ્પના પણ કરી શકીએ છીએ. આમાં પહેલી વસ્તુ એ છે કે આ કાળની ક્રમિક ગતિઓનું તત્ત્વ જો ન હોત તો પછી જગતમાં કોઈ ફેરફાર કે પ્રગતિ બનવા પામત નહિ, વિશ્વમાં એક સંપૂર્ણ સંવાદમયતા, બીજી સંવાદમયતાઓની સાથે સાથે એક પ્રકારની સનાતન ક્ષણની અંદર સદાય આવિર્ભાવમાં આવી રહેલી હોત. આ સંવાદમયતા, ભૂતમાંથી ભવિષ્ય પ્રતિ ગતિ કરતી કરતી, બીજી સંવાદમયતાઓ પછી આવતી હોય એમ બનત નહિ. પણ આવું ન થતાં, આપણે જોઈએ છીએ કે જગતમાં એક વિકસતી જતી સંવાદમયતા સતતપણે એક પછી એક આવતી રહે છે. એમાં એક સૂર એની પહેલાંના બીજા સૂરમાંથી પ્રગટતો રહે છે, અને પોતે જે સૂરનું સ્થાન લીધું હોય છે તેને તે પોતામાં છુપાવી રાખે છે. અથવા તો વિશ્વમાં જો વિભાજિત કરી શકાય એવું અવકાશનું તત્ત્વ ન હોત, એવા અવકાશ વિના જ જો પ્રભુના આ વિશ્વરૂપ સ્વ-આવિર્ભાવે અસ્તિત્વમાં રહેવાનું હોત તો પછી રૂપોની વચ્ચેનો પલટાતો જતો સંબંધ અસ્તિત્વમાં આવત નહિ અથવા તો શક્તિઓનું પરસ્પર સંઘટ્ટન થાત નહિ. એવી સ્થિતિમાં પણ બધી જ વસ્તુઓ માત્ર હસ્તીમાં રહેત, કોઈ પણ વસ્તુ વિકાસ પામીને બનતે નહિ. એમાં પછી, કોઈ વિશ્વકવિના કે સ્વપ્ન જોનારના મનમાં બનતું હોય તેવી રીતે એક નરી અંતર્મુખ એવી અવકાશરહિત આત્મ-ચેતના સર્વ પદાર્થોને એક અનંત આંતરિક પકડમાં ધારણ કરીને બેસી રહી ગઈ હોત, પોતાની જાતને તે એક અનિશ્ચિત પ્રકારના વસ્તુરૂપ લીધેલા આત્મ-વિસ્તારમાં વહેંચી દેત નહિ. અથવા તો વળી, જો કેવળ કાળ એ જ એકમાત્ર વાસ્તવિક તત્ત્વ હોત તો તેમાં એક પછી એક આવ્યે જતી વસ્તુઓ કેવળ વિકાસની રીતે જ બનતી રહેત, એમાં પછી, સંગીતના સ્વરોની હારમાળામાં થતું હોય છે તેમ અથવા કાવ્યમાં એક પછી એક

વધારે વિશાળ અગર વ્યાપક વિધાન કરવા માટે અને હમેશાં આગળ ને આગળ વધતી શોધ કરવા માટે આપણે સજ્જ થવું પડશે.

પરંતુ તર્કપ્રેરિત જડવાદની અવસ્થામાંથી માનવજાતિ પસાર થઈ રહી છે તે અલ્પ સમયની જે જબરદસ્ત અને અનિવાર્ય ઉપયોગિતા રહેલી છે તેનો આપણે પહેલાં સ્વીકાર કરવો જરૂરી છે. કારણ કે સાબિતી અને અનુભૂતિનું જે વિશાળ ક્ષેત્ર આપણી સમક્ષ પોતાનાં દ્વાર ખોલી રહ્યું છે તેમાં બુદ્ધિની વિશદ તપસ્યાની કઠણ શિસ્ત પ્રાપ્ત કરવામાં આવે ત્યાર પછી જ પ્રવેશ કરવો સલામત છે. અપક્વ બુદ્ધિવાળા માણસો એ વસ્તુને ઝડપી લે છે ત્યારે એમાંથી બહુ જ જોખમી વિકૃતિઓ અને ખોટા માર્ગે લઈ જનારી કામનાઓ જન્મે છે. ભૂતકાળમાં સત્યના સાચા કેન્દ્રની આજુબાજુ વિકૃત વહેમોના અને બુદ્ધિથી વિરુદ્ધ માન્યતાઓનાં એવાં તો કઠણ પડ ચડાવી દેવાયાં હતાં કે સાચા જ્ઞાનમાં પ્રગતિ કરવી અસંભવિત થઈ પડી હતી. એટલે થોડા સમય માટે સત્ય અને એને ઢાંકનાર કોચલાં એ બધાંને એક વાર તો તળિયાઝાટક કરી નાખવા જરૂરી છે, જેથી એક નવીન પ્રસ્થાન અને વધારે ખાતરીભરી પ્રગતિ માટે રસ્તો ખુલ્લો થાય. જડવાદમાં તર્કબુદ્ધિને પ્રાધાન્ય આપવાનું જે વલણ રહેલું છે તેણે માનવજાતિની આ મહાન સેવા કરી છે.

ઈન્દ્રિયાતીત શક્તિઓ પદાર્થતત્ત્વમાં જકડાયેલી હોવાને કારણે એમને હાથે ધર્મસંકર થવાનો ભય રહેલો છે, કારણ કે સ્થૂલ શરીરની મર્યાદાઓમાં રહીને તેમને કામ કરવાનું હોય છે, અને લાગણીપ્રધાન કામનાઓ તથા ઈન્દ્રિયોની વાસનાઓની દિશાઓમાં થઈને પણ તેમને પોતાનો રથ ખેંચવાનો હોય છે. આમ હોવાથી સત્યનો પરિસ્ફોટ કરવાને બદલે એ શક્તિઓની ક્રિયા અવ્યવસ્થાને જ વધારે સ્પષ્ટ કરે છે. ખાસ કરીને જ્યારે અશુદ્ધ અને અસંયત મનવાળા માણસો આધ્યાત્મિક અનુભવોના ઉચ્ચ ક્ષેત્રમાં જવાનો પ્રયત્ન કરે છે ત્યારે આ શક્તિઓનો ઉપર કહેલો ધર્મસંકર વધારે જોખમકારક બને છે. એવા અવિચારી અને અપક્વ સાહસથી પ્રેરાયેલા માણસો પોતાનો રસ્તો ગુમાવીને કેટકેટલે આડે રસ્તે દોરાઈ જાય છે? કોઈક વાર અવાસ્તવિક વાદળાંઓમાં અને અર્ધપ્રકાશિત ધુમ્મસમાં, અથવા તો પ્રકાશ આપવા કરતાં આંખને ઝંખવી નાંખે એવા ચમકારાઓવાળા અંધકારમાં તેઓ જઈ નથી પડતા? કુદરત જે રીતે પ્રગતિ સાધવા માગે છે તેને માટે અલબત્ત આ જાતનું સાહસ આવશ્યક ગણાય કારણ કે

ચિત્રાવલીઓ આવતી જાય છે તે મુજબ એક સૂર બીજા સૂરમાંથી, એક અંતર્મુખ મુક્ત સાહજિકતાપૂર્વક ઉત્પન્ન થતો રહેત. આને બદલે આપણે જોઈએ છીએ કે કાળ એક સંવાદમયતાને રૂપો અને શક્તિઓના સ્વરૂપમાં તૈયાર કરતો રહે છે, અને એ રૂપો અને શક્તિઓ એક સર્વ-સંગ્રાહક અવકાશના વિસ્તારમાં એકબીજાની સાથે સંબંધમાં જોડાયેલા રહે છે. શક્તિઓ, વસ્તુઓના આકારો, ઘટનાઓ એ બધાંની એક અખંડિત ક્રમિક પરંપરા, એ પ્રમાણે જગત આપણને દેખાય છે.

કાળ અને અવકાશના આ ક્ષેત્રમાં જુદી જુદી સંભાવ્યતાઓ સાકાર બનતી રહે છે, ગોઠવાતી રહે છે, એકબીજા સાથે સંબંધમાં મુકાતી રહે છે. આમાં દરેક સંભાવ્યતા પોતાની શક્તિઓ અને શક્યતાઓને લઈને બીજી શક્તિઓ અને શક્યતાઓની સામે ખડી થતી રહે છે અને એના પરિણામે કાળની અંદર બનતા ક્રમિક બનાવો આઘાત અને સંઘર્ષની રીતે બની આવતા હોય એમ મનને દેખાય છે, એ બધું એક સહજ સ્વાભાવિક ક્રમે બની આવે છે એમ તેને લાગતું નથી. વાસ્તવિક રીતે તો, જગતમાં બધી જ વસ્તુઓ પોતાની ભીતરમાંથી જ આપોઆપ તૈયાર થતી રહે છે, અને બાહ્ય રીતે જે આઘાત અને સંઘર્ષ દેખાય છે એ તો આ ક્રમિક આવિર્ભાવનું માત્ર ઉપરછલ્લું જ રૂપ છે. આ સમગ્ર વિશ્વનો જે આંતરિક અને અંતર્ગત નિયમ છે તે તો સંવાદમયતાનો જ નિયમ છે, અને જગતમાં પરસ્પર અથડાતાં દેખાતાં વસ્તુઅંશો તથા રૂપોના જે બાહ્ય અને પ્રક્રિયાગત નિયમો હોય છે તે તો પેલા સંવાદમયતાના નિયમ પ્રમાણે જ, એ નિયમ દ્વારા જ નિયંત્રિત બનતા હોય છે. અતિમનસની દૃષ્ટિ સમક્ષ તો સંવાદમયતાનું આ બૃહત અને ગંભીરતર સત્ય હંમેશા પ્રત્યક્ષ રહેતું હોય છે. મન દરેક વસ્તુ તે એક સ્વતંત્ર ચીજ છે એમ અલગ અલગ જોતું રહે છે, એટલે તેને વસ્તુઓ વિસંવાદ રૂપે દેખાતી રહે છે. પરંતુ મનને દેખાતો આ વિસંવાદ અતિમનસને તો એક નિત્ય-વર્તમાન નિત્ય-વિકાસશીલ સંવાદમયતાના એક તત્ત્વ રૂપે જ લાગતો હોય છે, કેમકે અતિમનસ તો સર્વ પદાર્થોને એક બહુરૂપ એકતાની રીતે જોતું હોય છે વળી મન કાળ અને અવકાશનો એક અમુક જ ભાગ જોતું હોય છે અને કાળ તથા અવકાશની અંદર ઓછાવત્તા પ્રમાણમાં ઘણીએક શક્યતાઓ સાકાર બનવાની હોય એમ આડીઅવળી રીતે જોતું રહે છે. દિવ્ય અતિમનસ તો કાળ અને અવકાશના આખાયે વિસ્તારને જોઈ લેતું હોય છે અને મનને જે જે શક્યતાઓ દેખાતી હોય છે તે બધીને,

તેમ જ મનને નથી દેખાતી એવી શક્યતાઓને પણ તે પોતામાં ધારણ કરી શકતું હોય છે, અને એ કાર્ય તે વિના ભૂલ કર્યે, કશાં ફાંફાં માર્યા વિના કે ગોટાળા કર્યા વિના કરતું રહે છે. અતિમનસ દરેક સંભાવ્યતામાં જે શક્તિ રહેલી હોય છે, એની જે મૂળ આવશ્યકતા હોય છે, બીજી સંભાવ્યતાઓ સાથે તેનો જે સાચો સંબંધ હોય છે તથા એ સંભાવ્યતા ક્રમે ક્રમે તેમ જ છેવટે જતાં જે સમયે જે સ્થળે અને જે પરિસ્થિતિમાં સાકાર થવાની હોય છે તે મુજબ તે સંભાવ્યતાને જોતું રહે છે. વસ્તુઓને સ્થિર ભાવે જોવી તથા સમગ્રપણે જોવી એ મનને માટે શક્ય નથી, પરંતુ આ વિશ્વાતીત અતિમનસને માટે તો આવું દર્શન અત્યંત સ્વાભાવિક હોય છે.

આ અતિમનસ પોતાની સચિત્ શક્તિ દ્વારા પોતાનાં રૂપોનું સર્જન કરતું રહે છે અને એ સર્વ રૂપોને તે પોતાના સજ્ઞાન દર્શનમાં સ્થિત રહીને પોતામાં ધારણ કરી રાખે છે, એટલું જ નહિ, પરંતુ એ સર્વ રૂપોમાં તે એક અંતર્નિવાસી પરમ સાંનિધ્ય રૂપે તથા એક સ્વ-પ્રકાશક પ્રકાશ રૂપે વ્યાપક બનીને પણ રહે છે. વિશ્વના પ્રત્યેક રૂપ અને શક્તિની અંદર આ અતિમનસ હાજર રહેલું છે, જો કે એની એ હાજરી ગુપ્ત રીતની છે. વિશ્વમાં રૂપ, શક્તિ અને ક્રિયાનું વિધાન એ જ એકમાત્ર કરતું હોય છે. અને વળી એ કાર્ય તે સાવ સહજ ભાવે કરતું હોય છે. એ જે જે વિવિધતાઓને આજ્ઞાની રીતે ઊભી કરે છે તે બધીની મર્યાદા પણ તે બાંધી લે છે, એ પોતે જે શક્તિ વાપરતું હોય છે તેને તે એકત્રિત કરતું રહે છે, વિખેરતું રહે છે, હળવી ભારે કરતું રહે છે. અને આ બધું તે, તેના પોતાના સ્વાત્મ-જ્ઞાને જે ક્ષણે રૂપનો જન્મ થયેલો, જે બિંદુએથી શક્તિએ પ્રસ્થાન આદર્યું તે ક્ષણે તે બિંદુએ જે પ્રથમ નિયમો સ્થાપિત કરેલા છે તે નિયમો પ્રમાણે જ બનતું રહે છે.* એ અતિમનસ સર્વ ભૂતમાત્રના હૃદયમાં રહેલા પ્રભુ તરીકે પ્રત્યેક વસ્તુની અંદર બેઠેલું છે અને એ પ્રભુ પોતાની માયા શક્તિ વડે** એ ભૂતમાત્રને કોઈ યંત્રની ઉપર ચડાવીને ફેરવતા હોય તેમ ફેરવતા રહે છે. એ અતિમનસ સર્વ પદાર્થોની ભીતરમાં એક દિવ્ય દ્રષ્ટા રૂપે આવી રહેલું છે અને તેમને પોતાની અંદર ધારણ કરી રહેલું

***ऋतस्य देवा अनुव्रता गु.... व्रता देवानां प्रथमा ध्रुवाणि।** ऋग्वेद १.६५.३; ३.५६.१.
(દેવો પ્રથમના નિયમો પ્રમાણે કાર્ય કરે છે, એ આદિના નિયમો પ્રમાણે હોય છે અને તેથી સર્વશ્રેષ્ઠ નિયમો હોય છે, એ નિયમો-વ્રતો-વસ્તુઓના સત્યના નિયમો હોય છે.
****ईश्वरः सर्वभूतानां हृदेशे.... तिष्ठति।**
भ्रामयन् सर्वभूतानि यन्त्रारुढानि मायया ।। गीता १८.६१

છે, એ દિવ્ય દ્રષ્ટાએ પ્રત્યેક પદાર્થ પોતે જે જે રૂપે છે તે પ્રમાણે સર્વ પદાર્થને યથાર્થ રીતે, શાશ્વત કાળથી વિવિધ રીતે ગોઠવેલા તથા નિર્માણ કરેલા છે.#

એટલે વિશ્વ પ્રકૃતિમાં રહેલા પ્રત્યેક પદાર્થ, પછી તે સજીવ હો કે નિર્જીવ, મનોમય રીતે તે આત્મ-સભાન હો કે આત્મ-સભાન ન હો, તેના સ્વરૂપમાં તથા તેની ક્રિયાઓમાં એક અંતર્નિવાસી દર્શન અને શક્તિ દ્વારા નિયંત્રિત થતો રહે છે. આ દર્શન તથા શક્તિ વિષે આપણે સભાન નથી હોતા એટલે તે આપણને અવચેતન યા તો અચિત્ લાગે છે. પરંતુ એ દર્શન તથા શક્તિ અચિત્ નથી હોતાં, ઊલટું, એ ખૂબ જ ગંભીર ભાવે તથા સાર્વત્રિક રીતે સચિત્ હોય છે. માટે જ જગતમાંની પ્રત્યેક ચીજ, તેનામાં બુદ્ધિ નથી હોતી તોપણ, બુદ્ધિનાં કાર્ય કરતી દેખાય છે. કારણ કે, જગતમાંની પ્રત્યેક વસ્તુ તેનામાં આવી રહેલા અતિમનસના સત્ય-વિચારને જ આધીન બનીને વર્તતી હોય છે, પછી ભલે આ ક્રિયા વનસ્પતિ તથા પ્રાણીઓમાં બને છે એમ અવચેતન રીતે થતી હોય અથવા તો માણસમાં બને છે તે રીતે અર્ધ-સભાન રીતે થતી હો. પરંતુ આ જે વસ્તુ સર્વ પદાર્થોમાં આવી રહેલી છે તથા તેમનું નિયમન કરી રહેલી છે તે કોઈ મનોમય બુદ્ધિ નથી. એ વસ્તુ તે સત્ તત્ત્વનું એક આત્મ-સભાન એવું સત્ય છે. એ સત્યમાં સત્નું પોતાને વિષેનું જ્ઞાન તે તેના પોતાના અસ્તિત્વથી છૂટું પાડી શકાય તેમ નથી હોતું. આ ઋત-ચેતના છે, અને એ ઋત-ચેતનાને વસ્તુઓ રચવા માટે વિચાર કરવો પડતો નથી, એ તો વિશ્વમાં જે એકમાત્ર અને સ્વતઃસિદ્ધિસર્જક પરમ સત્ આવી રહેલું છે તેની પાસે જે અફર એવું આત્મ-દર્શન હોય છે, અપરિહાર્ય એવી શક્તિ હોય છે તે મુજબના જ્ઞાન મુજબ વસ્તુઓની રચના કરતું રહે છે. મનોમય બુદ્ધિ વસ્તુઓ કરવા માટે વિચારનું સાધન લે છે, કેમકે એ માત્ર ચેતનાની એક પ્રતિબિંબક શક્તિ છે, એ શક્તિને પોતાને કશું જ્ઞાન નથી હોતું પણ એ જ્ઞાન માટે તે પ્રયત્ન કરતી હોય છે. એ મનોમય બુદ્ધિ એનાથી ઊર્ધ્વ એવા એક જ્ઞાનની ક્રિયાને પગલે પગલે કાળની અંદર ચાલતી રહે છે. આ ઊર્ધ્વ જ્ઞાન સદાયનું વિદ્યમાન છે, એ એક અને સમગ્ર છે, કાળને એણે પોતાની પકડમાં રાખેલો છે, ભૂત, વર્તમાન અને ભાવિને તે એક જ નજરમાં જોઈ લેતું હોય છે.

તો દિવ્ય અતિમનસનું પ્રથમ સક્રિય તત્ત્વ આ છે. અતિમનસ પાસે એક

#कविर्मनीषी परिभूः स्वयंभूः याथातथ्यतोऽर्थान् व्यदधात् शाश्वतीभ्यः समाभ्यः।

ईशोपनिषद ८

વિશ્વરૂપ દૃષ્ટિ છે, એ દૃષ્ટિ સર્વગ્રાહક છે, સર્વ-વ્યાપક છે સર્વ-નિવાસક છે. અતિમનસ સર્વ વસ્તુઓને તેમના મૂળ સત્ રૂપમાં, અંતર્મુખ, કાલાતીત, સ્થલાતીત એવી સ્થિર સ્વાત્મ-જ્ઞાતામાં નિહાળતું હોય છે, એટલે તે સર્વ વસ્તુઓને એક સક્રિય જ્ઞાન દ્વારા પણ નિહાળતું રહે છે, તેમ જ એ સર્વ વસ્તુઓએ સ્થળ અને કાળમાં જે વસ્તુ તરીકેનો આકાર ગ્રહણ કર્યો છે તેનું નિયમન કરતું રહે છે.

આ ચેતનામાં જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞાત બનતી વસ્તુ એ ત્રણ જુદી જુદી વસ્તુઓ હોતી નથી, પણ મૂળ રૂપે બધાં એક જ હોય છે. આપણું માનસ પોતે ભેદો વિના કામ કરી શકતું નથી એટલે આ ત્રણ વચ્ચે તે ભેદ કરે છે. એ માનસ પાસે કર્મ માટેનાં જે યોગ્ય સાધનો અને કર્મ માટેનો મૂળ નિયમ હોય છે તે જો જતો રહે તો તે ગતિ વિનાનું અને નિષ્ક્રિય બની જાય છે. એટલે, હું જ્યારે મારી પોતાની જાતને મનોમય રીતે જોઉં છું ત્યારે પણ મારે આ રીતનો ભેદ કરવાનો રહે છે. હું પોતે એક જ્ઞાતા છું, હું મારી અંદર જે વસ્તુ નિહાળું છું તેને હું મારા જ્ઞાનનો વિષય ગણું છું, હું પોતે હજી હું પોતે નથી; જ્ઞાન એક એવી ક્રિયા છે કે જે વડે હું જ્ઞાતાને જ્ઞાત વસ્તુ સાથે જોડી આપું છું. પરંતુ આ રીતની ક્રિયામાં કૃત્રિમતા છે, એ એક નરી વ્યવહારપ્રધાન અને ઉપયોગિતાલક્ષી ક્રિયા છે એ વાત તો દેખીતી જ છે; વસ્તુઓનું જે મૂળ સત્ય છે એ આમાં રજૂ થતું નથી એ વાત અહીં દેખીતી છે. વાસ્તવિક રીતે તો, જ્ઞાતા એવો હું, આ જે ચેતના જ્ઞાન મેળવે છે તે જ છું; આ જે જ્ઞાન છે તે જે ચેતના કામ કરેલી છે, એટલે કે હું પોતે, તે જ છે; અને જ્ઞાન વસ્તુ પોતે પણ હું પોતે છું, એ જ ચેતનાનું તે એક રૂપ કિંવા ગતિ છે. આ ત્રણેય સ્પષ્ટ રીતે એક જ તત્ત્વ છે, એક જ ક્રિયા છે, એ તત્ત્વ વહેંચાયેલું દેખાય છે છતાં અવિભાજ્ય છે. પોતાનાં રૂપોમાં તે પોતાની જાતને વહેંચી નાખતું દેખાય છે તેમ જ દરેક રૂપમાં તે અલગ અલગ ખડું રહેતું દેખાય છે તોપણ તે એ રૂપોમાં વહેંચાયેલું નથી. પરંતુ આ જ્ઞાન એવું છે કે મન તેમાં પહોંચી શકે છે, તેને તર્કથી રજૂ કરી શકે છે, અનુભવી શકે છે, પરંતુ તેને પોતાની બુદ્ધિપ્રધાન ક્રિયાઓના પાયા તરીકે એકદમ બનાવી લઈ શકતું નથી. અને ચેતનાના જે રૂપને હું મારી જાત તરીકે ઓળખાવું એ રૂપથી બહારના પદાર્થો માટે તો આ મુશ્કેલી લગભગ અનુલ્લંઘ્ય બની જાય છે. બીજાઓ સાથે એકતા અનુભવવા માટે પણ આપણે એક અસ્વાભાવિક પ્રયત્ન કરવો પડે છે. અને એ એકતાને ટકાવી

રાખવી, એ એકતાના પાયા ઉપર કાર્ય કરવું એ તો મનને માટે એક નવીન અને વિજાતીય ક્રિયા થઈ જાય છે, એ મનનું પોતાનું કાર્ય જ હોય નહિ એમ બની રહે છે. આ એકતાને મન, વધુમાં વધુ તો, એક ગૃહીત સત્ય તરીકે ધારણ કરી શકે છે અને એ રીતે પોતાની સ્વાભાવિક ક્રિયાઓ, કે જે હજી ભેદ ઉપર જ મંડાયેલી હોય છે, તેમને તે સુધારતું રહે, તેમાં ફેરફાર કરતું રહે એટલું જ કરી શકે છે. જેમકે આપણે બૌદ્ધિક રીતે એમ જાણીએ છીએ કે પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે અને એ જ્ઞાન દ્વારા, આપણે ઊભી કરેલી કૃત્રિમ અને સ્થૂલ રીતે વ્યવહારુ એવી વ્યવસ્થાને સુધારી શકીએ છીએ, પરંતુ એ વ્યવસ્થાને મટાડી દઈ શકતા તો નથી જ, આપણી ઇન્દ્રિયો તો એમ જ માનતી રહે છે કે સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે. એના જેવું અહીં બને છે.

પરંતુ અતિમનસ પાસે તો એકતાનું આ સત્ય હંમેશાં આવેલું હોય છે અને એ સત્યના પાયા ઉપર જ તે કાર્ય કરતું રહે છે. મનને માટે આવી એકતા એ એક ગૌણ અથવા સાધિત કરેલી હોય એવી વસ્તુ છે, એ એકતા એના જ્ઞાનમાં પૂરેપૂરી રસાઈ ગયેલી હોય એવું નથી હોતું. અતિમનસ આ વિશ્વને તથા તેમાંની સામગ્રીને તે જાણે તે પોતે જ છે એવી રીતે જુએ છે. અને આ વસ્તુ તે જ્ઞાનની એક જ અવિભાજ્ય ક્રિયા દ્વારા કરી લે છે, એ ક્રિયા એ અતિમનસનું પોતાનું જ જીવન હોય છે, અને પોતાના અસ્તિત્વની જ એક ગતિ હોય છે. એટલે પછી એ સર્વગ્રાહક દિવ્ય ચેતના સંકલ્પની રીતે જ્યારે કામ કરે છે ત્યારે તે વિશ્વ જીવનની વિકાસગતિને દોરતી હોય કે તેનું નિયમન કરતી હોય એમ કરતી નથી પરંતુ શક્તિની એક ક્રિયા દ્વારા એ વિકાસગતિને પોતાની અંદર જ સિદ્ધ કરી લે છે. આ શક્તિની ક્રિયા જ્ઞાનની ક્રિયાથી છૂટી પાડી શકાય તેવી નથી હોતી, તેમ જ એના અસ્તિત્વની ક્રિયાથી પણ છૂટી પાડી શકાય તેવી નથી. એ બધું ખરેખર એક જ ક્રિયા હોય છે. આપણે જોઈ ગયા છીએ કે વિશ્વરૂપ શક્તિ અને વિશ્વરૂપ ચેતના એ બંને એકજ છે–વિશ્વરૂપ શક્તિ તે વિશ્વરૂપ ચેતનાની જ ક્રિયા છે. તો એવી જ રીતે દિવ્ય જ્ઞાન અને દિવ્ય સંકલ્પશક્તિ એ પણ એક જ વસ્તુ છે; એ બંને સત્ તત્ત્વની એક જ મૂળ ગતિ કિંવા ક્રિયા છે.

આમ આ સર્વગ્રાહક અતિમનસમાં ક્યાંય પણ ભેદ પાડી શકાય તેમ નથી. એ વિશ્વની સર્વ બહુરૂપતાને પોતાની અંદર ધારણ કરે છે અને છતાં એ પોતાની એકતામાં

તેથી કશી ઊણપ આવવા દેતું નથી. આપણે જો વિશ્વને સમજવું હશે અને આપણા પૃથક્કરણખોર માનસની પહેલપ્રથમની ભૂલને દૂર કરી દેવી હશે તો આપણે હંમેશા આ સત્ય ઉપર ભાર મૂકવો પડશે. વૃક્ષ બીજમાંથી વિકાસ પામે છે, એ બીજમાં તે પહેલેથી આવી રહેલું હોય છે, અને એ વૃક્ષમાંથી બીજ વિકાસ પામે છે. વિશ્વમાંના આવિર્ભાવનું આ જે એક રૂપ છે, કે જેને આપણે વૃક્ષ કહીએ છીએ, એ રૂપના સ્થાયી રહેવામાં આવો એક સ્થિર નિયમ, એક કદી ન બદલાતી પ્રક્રિયા કામ કરતી હોય છે. મન આ ઘટનાને, વૃક્ષના આ જન્મ, જીવન અને પુનરુત્પત્તિની ક્રિયાને તે એક સ્વતંત્ર વસ્તુ હોય તેમ જુએ છે અને એ પાયા ઉપર તે વૃક્ષનો અભ્યાસ આદરે છે, વૃક્ષનું વર્ગીકરણ કરે છે તેમ જ ખુલાસો આપે છે. વૃક્ષનો ખુલાસો તે બીજ દ્વારા આપે છે અને બીજનો ખુલાસો વૃક્ષ દ્વારા આપે છે. અને આમ તે પ્રકૃતિના એક નિયમની ઘોષણા કરે છે. પરંતુ આ રીતે મને કશો જ ખુલાસો આપ્યો નથી, એણે માત્ર એક અગમ્ય વસ્તુની પ્રક્રિયાનું પૃથક્કરણ કરી આપ્યું છે અને તેની નોંધ લીધેલી છે. આપણે એમ પણ ધારી લઈએ કે મનને એવું દર્શન પણ થઈ શકે છે કે આ રૂપના આત્મા તરીકે, એના સાચા સત્ત્વ તરીકે તો એક ગુપ્ત સભાન શક્તિ આવી રહેલી છે અને એ સિવાયની બીજી બધી વસ્તુઓ તે એ ગુપ્ત શક્તિની જ એક સ્થિર બની ગયેલી ક્રિયા છે તથા તેનો આવિર્ભાવ છે; તોપણ આપણે જોઈશું કે રૂપ તે એક સ્વતંત્ર વસ્તુ છે અને તેનો આગવો સ્વધર્મ છે, તેની અલગ વિકાસક્રિયા છે એમ માનવા તરફ મન વધુ ઝૂકે છે. પ્રાણીમાં તથા સભાન માનસવાળા મનુષ્યમાં મનનું આ ભેદરૂપ વલણ રહેલું છે. અને એને લીધે પ્રાણી તથા મનુષ્ય એમ માનવા લાગે છે કે પોતે એક ભિન્ન હસ્તીવાળો વ્યક્તિ છે, પોતે સભાન તો છે, અને બીજાં રૂપો તે તેના માનસ માટેના અલગ વિષયો છે. આ ઉપયોગી વ્યવસ્થા જીવન માટે જરૂરની છે, તેમ જ જીવનના સર્વ વ્યવહારનો એ પહેલો આધાર છે. પણ એ વ્યવસ્થાને મને એક ખરી વાસ્તવિક હકીકત તરીકે સ્વીકારી લીધી છે અને એમાંથી જ પછી અહંની બધી ભૂલો ઊભી થયેલી છે.

પરંતુ અતિમનસ જુદી રીતે કામ કરે છે. વૃક્ષ એ જો વિશ્વથી એક અલગ અસ્તિત્વવાળી વસ્તુ હોત તો એ તથા એની પ્રક્રિયા જે રીતનાં છે તેવાં હોઈ શકત નહિ, એ ખરેખર હસ્તીમાં જ રહી શકત નહિ. રૂપોનું જે પ્રમાણેનું અસ્તિત્વ છે તે વિશ્વના અસ્તિત્વને કારણે છે. રૂપો જે રીતે વિકાસ પામી રહ્યાં છે તે એ રૂપોને વિશ્વની

સાથે જે સંબંધ છે તેમ જ વિશ્વના બીજા બધા આવિર્ભાવોની સાથે તેમને જે સંબંધ છે તેના પરિણામે જ તે બની રહ્યો છે. રૂપોનો પોતાના ધર્મનો જે અલગ નિયમ છે તે સારીયે પ્રકૃતિનો વિશ્વવ્યાપક નિયમ તથા સત્ય તેમને જે રીતે લાગુ પડતાં હોય છે તેના જ પરિણામે બની આવેલો હોય છે; રૂપોનો જે વિશિષ્ટ વિકાસ થતો હોય છે તે વિશ્વના સર્વસામાન્ય વિકાસમાં એ રૂપોનું જે સ્થાન હોય છે તેને લીધે જ થતો હોય છે. વૃક્ષ બીજનો ખુલાસો આપતું નથી, અને બીજ વૃક્ષનો ખુલાસો આપતું નથી, બંનેનો ખુલાસો વિશ્વ આપે છે અને વિશ્વનો ખુલાસો પ્રભુ આપે છે. અતિમનસ એ એકી સાથે બીજમાં અને વૃક્ષમાં અને સર્વ પદાર્થોમાં વ્યાપી રહેલું છે તેમ જ તેમાં વસી રહેલું છે અને આ બૃહદ્ જ્ઞાનમાં રહેતું હોય છે. આ બૃહદ્ જ્ઞાન અવિભાજ્ય છે, એક અને અખંડ છે, જો કે એની એ અવિભાજ્યતા અને એકતા એકદમ સંપૂર્ણ કોટિની નહિ પણ હળવી હોય છે. આ સર્વગ્રાહક જ્ઞાન એવું છે કે તેમાં અસ્તિત્વનું કોઈ સ્વતંત્ર કેન્દ્ર હોતું નથી, આપણે આપણા પોતામાં જોઈએ છીએ તેવો કોઈ વ્યકિતરૂપ અલગ બનેલો અહં તેમાં હોતો નથી. આ આખુંયે વિશ્વ તેની પોતાની આત્મ-સંવિદ સમક્ષ એક એકસમાન વિસ્તરણ જેવું હોય છે, એકત્વમાં તે એકરૂપ હોય છે, બહુત્વમાં તે એકરૂપ હોય છે, સર્વ સંયોગોમાં અને સર્વત્ર તે એકરૂપ જ હોય છે. અહીં સર્વ અને એક તે એક જ અસ્તિત્વ હોય છે; વ્યકિતને પોતાને જગતની અન્ય સર્વ વ્યકિતઓ તેમ જ અદ્વૈતરૂપ પરમાત્મા સાથે જે તાદાત્મ્ય હોય છે તેની સભાનતા અહીં વ્યકિત કદી ગુમાવી બેસતી નથી, તેમ જ ગુમાવી શકતી નથી. આ તાદાત્મ્ય તો અતિમનસના જ્ઞાનમાં પ્રથમથી જ અંતર્ગત રહેલું હોય છે, અતિમનસના સ્વ-પ્રામાણ્યનો તે અંશ હોય છે.

આમ વિશ્વમાં એકત્વની એક અતિ વિશાળ સમતા આવી રહેલી છે, એ સમતામાં પ્રભુનું પરમ સત્ વિચ્છેદ પામેલું નથી હોતું તેમ જ વહેંચાયેલું નથી હોતું. એ સત્ તત્ત્વે સમાન ભાવે પોતાનો આત્મ-વિસ્તાર સાધેલો છે, પોતાના એ વિસ્તારમાં તે પરમ એક તત્ત્વ રૂપે વ્યાપીને બેઠેલું છે, રૂપોની બહુતામાં તે પરમ એક તત્ત્વ રૂપે નિવાસ કરી રહેલું છે, અને એ રીતે તે સર્વત્ર અને એકી સાથે એકમાત્ર અને સમાન બ્રહ્મ બનીને રહેલું છે. કેમકે કાળ અને અવકાશમાં થયેલું સત્ તત્ત્વનું આ વિસ્તરણ, સર્વ પદાર્થોમાં તેનું પરિવ્યાપન અને અંતર્નિવાસન એ પરમ તત્ત્વની અદ્વૈતરૂપ સ્થિતિમાંથી બહાર આવેલું છે અને એ અદ્વૈતની સાથે તે ગાઢ સંબંધમાં

જોડાઈ રહેલું છે. અને પ્રભુની મૂળ પરમ અવિચ્છેદ્યતા સાથે, કે જેમાં કોઈ કેન્દ્ર કે પરિધ જેવું કશું હોતું નથી પણ કેવળ કાલાતીત અને સ્થલાતીત એવું જે પરમૈક અદ્વૈત વિદ્યમાન હોય છે એની સાથે ગાઢ સંબંધ રહેલો છે. વિસ્તરણમાં નહિ ઊતરેલા બ્રહ્મમાં અદ્વૈતની જે પરમ એકાગ્રતા હોય છે તે જ એકાગ્રતા પછી વિસ્તરણમાં ઊતરે છે અને આ સમરૂપ વ્યાપક એકાગ્રતા બની રહે છે, સર્વ પદાર્થોને તે અવિચ્છેદ્ય રૂપે પોતામાં ધારણ કરે છે, આ વિશ્વવ્યાપક અવિભક્ત પરિવ્યાપન બને છે, આ વિશ્વમાંની એકતા બની રહે છે અને એ એકતાને બહુતાની કોઈ પણ લીલા ખંડિત કરી શકતી નથી યા તો ક્ષીણ કરી શકતી નથી. ''બ્રહ્મ સર્વ પદાર્થોમાં છે, સર્વ પદાર્થો બ્રહ્મમાં છે, સર્વ પદાર્થો બ્રહ્મ છે' સર્વગ્રાહક અતિમનસની આ ત્રિપુટ વ્યાખ્યા છે. પ્રભુના સ્વ-આવિર્ભાવના એક જ સત્યનાં આ ત્રણ સ્વરૂપો છે, અને એ ત્રણેને અતિમનસ પોતાના આત્મ-વિલોકનની અંદર મૂળ જ્ઞાન તરીકે એકી સાથે અને અવિચ્છેદ્ય રીતે ધારણ કરી રાખે છે અને જ્ઞાનમાંથી પછી તે વિશ્વની લીલા આદરે છે.

પણ તો હવે આપણને એ પ્રશ્ન થશે કે આ જે મનોમયતા છે અને મન, પ્રાણ અને જડતત્ત્વના ત્રિવિધ સ્વરૂપે નિમ્ન ચેતનાનું આ જે નિબંધન થયું છે કે જે રૂપે આપણે વિશ્વને સમજીએ છીએ તેની ઉત્પત્તિ ક્યાં રહેલી હશે. કારણ કે, જગતમાં જે જે વસ્તુઓ આવી રહેલી છે તે બધી સર્વશક્તિસંપન્ન અતિમનસના કાર્યમાંથી જ ઉત્પન્ન થયેલી છે, એ અતિમનસ સત્ તત્ત્વ, સચિત્-શક્તિ અને આનંદ એ ત્રણ મૂળતત્ત્વોની રીતે જે કાર્ય કરતું હોય છે તેમાંથી જ બધું પ્રગટ થયેલું છે, એટલે પછી આ વિશ્વસર્જક ઋત-ચેતના પાસે કોઈ શક્તિ હોવી જોઈએ કે જે પોતાના કાર્ય દ્વારા આ સત્ ચિત્ આનંદનાં ઊર્ધ્વ તત્ત્વોને આ નવાં તત્ત્વોનું રૂપ આપતી હશે-મનોમયતા, પ્રાણમયતા અને સ્થૂલ પદાર્થતત્ત્વની આ નિમ્ન ત્રિપુટિમાં ઢાળી આપતી હશે. આ શક્તિ આપણને વિશ્વસ્રષ્ટા જ્ઞાનની એક ગૌણ શક્તિમાં રહેલી જોવા મળે છે. આ ગૌણ શક્તિ તે અતિમનસ પાસે પોતાનો પ્રક્ષેપ કરનારી, વસ્તુઓ સામે ખડી રહેનારી, વસ્તુઓને બહારથી જોનારી ચેતનાની જે શક્તિ છે તે છે. એ ચેતનામાં જ્ઞાન પોતાને એક એકાગ્રતામાં મૂકી લે છે અને પોતાનાં કાર્યોનું અવલોકન કરવા માટે એ કાર્યોમાંથી તે પોતે પાછું હઠી જાય છે. આપણે અત્યાર સુધી ચેતનાની એક સમરૂપ એકાગ્રતાની જે વાત કરી ગયા છીએ તેનાથી આ એકાગ્રતા જુદી રીતની એકાગ્રતા છે. આ એક વિષમ રીતની

એકાગ્રતા છે, એ વિષમ એકાગ્રતામાં આત્મ-વિચ્છેદનો-અથવા તો એના બાહ્ય આભાસના આરંભ થાય છે.

આ ક્રિયામાં પ્રથમ તો, જ્ઞાતા પોતે કર્તા છે એ રીતની જ્ઞાનાવસ્થામાં પોતાની જાતને એકાગ્ર કરી લે છે, અને પોતાની ચૈતન્ય-શક્તિ જાણે કે સતત પોતામાંથી બહાર નીકળીને પોતાના જ રૂપમાં પહોંચતી હોય, એ રૂપમાં સતત કામ કરતી હોય, એમાંથી સતત પોતામાં પાછી ફરતી હોય અને વળી પાછી સતત બહાર નીકળતી હોય એ પ્રમાણે નિહાળતો રહે છે. અતિમનસની આ આત્મ-સંકોચનની ક્રિયા છે, અને એ જ એકમાત્ર ક્રિયામાંથી વ્યવહારના બધી રીતના ભેદો ઉત્પન્ન થાય છે, અને એ ભેદો ઉપર જ વિશ્વ વિષેની સાપેક્ષ દૃષ્ટિ અને સાપેક્ષ ક્રિયાનું મંડાણ થાય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞાત એ ત્રણની વચ્ચે, પ્રભુ એમની શક્તિ અને એ શક્તિનાં સંતાનો અને કાર્યો એ ત્રણની વચ્ચે, ભોક્તા, ભોગ અને ભોજ્ય, આત્મા, માયા, અને આત્માના આવિર્ભાવોની વચ્ચે એક વ્યવહારુ ભેદ હવે સર્જાઈ ગયો હોય છે.

આ પછી હવે બીજું એ બને છે કે જ્ઞાનમાં એકાગ્ર બની રહેલો આ સજ્ઞાન આત્મા, પોતામાંથી બહાર નીકળેલી શક્તિનું કિંવા પ્રકૃતિનું અવલોકન તેમ જ નિયંત્રણ કરતો આ પુરુષ પોતાના પ્રત્યેક રૂપમાં પોતાની જાતનું પુનરાવર્તન કરતો રહે છે. એ જાણે કે એની ચૈતન્ય-શક્તિ જે જે કાર્યો કરતી હોય છે તે કાર્યોમાં તેની સાથે સાથે જતો રહે છે અને ત્યાં પાછો ફરીથી આત્મ-વિભાજનની ક્રિયા કરતો રહે છે. એ આત્મ-વિભાજનની ક્રિયામાંથી જ આ બહિર્ગ્રાહક ચેતના જન્મ પામતી હોય છે. આ આત્મા પ્રત્યેક રૂપમાં પોતાની પ્રકૃતિની સાથે રહેતો હોય છે, અને ચેતનાના એ કૃત્રિમ અને વ્યવહાર પૂરતા કેન્દ્રમાં રહ્યો રહ્યો તે બીજાં રૂપોમાં પોતાની જાતનું અવલોકન કરતો રહે છે. સર્વ કોઈની અંદર એક જ આત્મા રહેલો હોય છે, એક જ દિવ્ય પુરુષ રહેલો હોય છે. આ બધાં જે અનેક કેન્દ્રો રચાય છે એ તો ચેતનાની એક વ્યવહારની ભૂમિકા પરની ક્રિયા છે. એ ક્રિયા દ્વારા પ્રભુ ભેદની લીલા સ્થાપિત કરવા માગતા હોય છે, એ દ્વારા તેઓ પરસ્પરતાની, પરસ્પર જ્ઞાનની, શક્તિના પરસ્પર આઘાતની, પરસ્પર આનંદાનુભવની લીલા રચવા માગતા હોય છે. અને આ જે ભેદ છે તે એક મૂલગત એકતાના ઉપર મંડાયેલો હોય છે, અને આ જે એકતા છે તે ભેદના વ્યવહારુ પાયા ઉપર સિદ્ધ કરાયેલી હોય છે.

વિશ્વવ્યાપનશીલ અતિમનસની આ એક નવી અવસ્થા છે, અને આપણે એમ કહી શકીએ છીએ કે એ અવસ્થા વસ્તુઓનું જે ઐક્યસ્વરૂપી સત્ય છે અને વિશ્વના અસ્તિત્વ માટે અત્યંત જરૂરી એવી આ એકતા જેમાંથી અપરિહાર્ય રીતે જન્મતી હોય છે તેવી જે અવિભાજ્ય ચેતના છે એ બંનેથી આ એક વધુ દૂર જતું પગલું બની રહે છે. આપણે જોઈ શકીએ છીએ કે આ ક્રિયાને જો થોડી વધુ આગળ લંબાવવામાં આવે તો તે સાચેસાચ અવિદ્યા-પરમ અજ્ઞાન બની જઈ શકે છે. આ અજ્ઞાન તે બહુરૂપતા એ જ મૂળ વાસ્તવિકતા છે એમ માનીને ચાલતું હોય છે અને સાચી એકતામાં પહોંચવા માટે તેણે અહંકારની મિથ્યા એકતા દ્વારા આરંભ કરવાનો રહે છે. વળી આપણે એ પણ જોઈ શકીએ છીએ કે જગતમાં વ્યક્તિરૂપી જે કેન્દ્ર છે તેને જ જો બધી વસ્તુઓનો નિર્ણય કરનાર દૃષ્ટિબિંદુ તરીકે, જ્ઞાતા તરીકે, સ્વીકારવામાં આવે તો પછી તેમાંથી માનસિક સંવેદનો, માનસિક બુદ્ધિ, સંકલ્પનું માનસિક કાર્ય અને આ બધામાંથી આવનારાં સર્વ પરિણામો પણ અસ્તિત્વમાં આવ્યા વિના રહેશે નહિ, પરંતુ આપણે એ પણ ધ્યાન રાખવાનું છે કે જ્યાં સુધી આત્મા અતિમનસમાં રહીને કાર્ય કરતો હોય છે ત્યાં સુધી અવિદ્યાનો આરંભ થયેલો હોતો નથી. જ્ઞાન તથા કર્મનું ક્ષેત્ર હજી પણ ઋત-ચેતના જ હોય છે, હજી પણ બધું એકતાના પાયા ઉપર જ થતું હોય છે.

આત્મા હજી પણ એમ જ સમજતો હોય છે કે પોતે જ એક સર્વ કોઈમાં આવી રહેલો છે તેમ જ સર્વે પદાર્થો તે તેની પોતાની અંદર બની રહેલા તેના પોતાના જ આવિર્ભાવો છે. પ્રભુ હજી એમ જ જાણતા હોય છે કે એમની પોતાની જે શક્તિ છે તે તેઓ પોતે જ છે અને એ રૂપે પોતે કર્મમાં ઊતરેલા છે, અને જગતમાંની પ્રત્યેક વ્યક્તિ તે પોતે જ આત્મા રૂપે બનેલા છે, પોતે જ રૂપ તરીકે બનેલા છે. અને આ વિશ્વનો જે પરમ ભોક્તા છે તે જોકે વિશ્વની બહુરૂપતામાં રહ્યો રહ્યો આનંદ માણતો હોય છે તોપણ તે પોતાના જ સ્વરૂપનો આનંદ માણતો હોય છે. અહીં હવે જે એક ખરેખરો ફેરફાર થઈ આવ્યો છે તે એ છે કે ચેતનાની એકાગ્રતા અ-સમાન બની ગઈ છે અને શક્તિ અનેક રૂપે વહેંચાઈ ગયેલી છે. હવે ચેતનામાં વ્યવહારની ભૂમિકા ઉપર ભેદ પડી ગયેલો છે, પરંતુ ચેતનાની અંદર કોઈ મૂળનો ભેદ પડ્યો નથી અથવા તો ચેતના પોતાને જે રીતે જોતી રહી હોય છે તે દર્શનમાં કોઈ સાચો ભેદ પડેલો હોતો નથી. ઋત-ચેતના હવે એક એવી અવસ્થામાં પહોંચેલી હોય છે કે

આવા કાર્યથી પ્રકૃતિ પોતાનું મનોરંજન કરે છે, પણ બુદ્ધિને માટે તે વિચારહીન અને અપક્વ ગણાય છે.

જ્ઞાનમાં પ્રગતિ સાધવી હોય તો આપણા વધતા જતા જ્ઞાનનો પાયો પારદર્શક, શુદ્ધ અને કેળવાયેલી બુદ્ધિ ઉપર રચાય એ જરૂરી છે. ઈન્દ્રિયગમ્ય ઘટનાઓનો આશ્રય લઈને, અર્થાત્ સ્થૂલ જગતની નક્કર વાસ્તવિકતાઓ વડે, બુદ્ધિ પોતાની ભૂલો કોઈક વાર સુધારે એ પણ જરૂરનું છે જ. ઈન્દ્રિયાતીત જ્ઞાનની શોધમાં પૃથ્વીનો પુત્ર માનવ લાગ્યો હોય ત્યારે પણ પાર્થિવ જગતનો સ્પર્શ તેને હમેશાં તાજગી બક્ષે છે. સ્થૂલ જગત જોડેનો સંબંધ મક્કમપણે જાળવી રાખવાથી, નક્કર ધરતી ઉપર પગ સલામતપણે ટેકવીને, ઈન્દ્રિયાતીત જગત ઉપર પૂરેપૂરો અને સાચેસાચો વિજય મેળવી શકાય તેમ છે. ઈન્દ્રિયાતીત જગતનાં શિખરોને તો આપણે ગમે ત્યારે પણ પહોંચી શકીએ. ઉપનિષદમાં જ્યારે જ્યારે પૃથ્વી ઉપર આવિર્ભાવ પામતા આત્મતત્ત્વ વિષે કહે છે ત્યારે 'પૃથ્વી તેને માટે ઊભા રહેવાનું સ્થાન છે,'* એમ કહેવાયું છે. જેટલા વધુ પ્રમાણમાં પાર્થિવ જગતનું જ્ઞાન વિશાળ થાય છે અને વધારે ખાતરીભર્યું બને છે તેટલા જ પ્રમાણમાં આપણો આત્મજ્ઞાનનો અર્થાત્ બ્રહ્મ વિદ્યાનો પાયો વધારે મજબૂત થતો જાય છે એ તદ્દન સાચી વાત છે.

એટલે માનવના જ્ઞાનના ઈતિહાસમાં જડવાદનો જમાનો છોડી બહાર આવતાં આપણે એટલું તો ધ્યાનમાં રાખવું જોઈએ કે, જડવાદની જગ્યા લે એવાં જ્ઞાન અને શક્તિઓને આપણે હાંસલ કરીએ નહિ ત્યાં સુધી જે વસ્તુને પાછળ મૂકીએ છીએ તેને સદંતર દોષ દેવાની અગર તો તેમાંથી મેળવેલ સહેજ પણ લાભ જતો કરવાની જરૂર નથી. ઊલટું નાસ્તિકવાદે ભગવાનની સેવાનું કાર્ય કર્યું છે તેને આપણે માન અને આશ્ચર્યની લાગણીથી જોતાં શીખીશું. અને જ્ઞાનની જે અમર્યાદ વૃદ્ધિ થઈ રહી છે તેનો આરંભ કરવામાં સંશયવાદે જે ફાળો આપ્યો છે તેને આપણે વખાણીશું. આપણા જગતમાં સ્ખલનો અથવા તો ભૂલો એ સત્યનો માર્ગ શોધનારી અને તેની સેવામાં સતત હાજર દાસી તરીકે રહેલી છે. ખરું જોતાં, ભૂલ એટલે મર્યાદાઓને લીધે ઠોકર ખાતું અર્ધસત્ય. ઘણી વાર તો સત્યે જ પોતાના ધ્યેયને ચૂપકીથી પહોંચવાને માટે ભૂલનો વેશ લીધો હોય છે. એટલે કે ભૂલો, આપણે જે મહાન

* **'पद्भ्याम् पृथिवी'** મુણ્ડક ઉપનિષદ ૨.૧.૪
'पृथिवी पाजस्यम्' બૃહદારણ્યક ઉપનિષદ ૧.૧.૧.

જ્યાં આગળ આપણી મનોમયતા તૈયાર થવા લાગતી હોય છે પરંતુ એ અવસ્થામાં હજી આપણી મનોમયતાની અવસ્થા નથી હોતી. અને આપણે જો મનને તેના મૂળ ઉદ્‌ભવસ્થાન આગળ પકડવું હશે, જે બિંદુ આગળથી મન ઋત-ચેતનાની ઊર્ધ્વ અને વિરાટ વિશાળતામાંથી ભેદ અને અવિદ્યાની અંદર પોતાનો પ્રચંડ ભૂસકો મારે છે તે બિંદુ આગળ મનને જો ઝડપવું હશે તો આ વસ્તુનો આપણે અભ્યાસ કરવાનો રહે છે. સદ્‌ભાગ્યે આ બહિર્ગ્રાહક ઋત-ચેતના-આ પ્રજ્ઞાન આપણી વધુ નિકટ રહેલું છે અને આપણી માનસિક ક્રિયાઓની પૂર્વછાયા તેમાં મળી આવતી હોય છે એટલે અત્યાર સુધી આપણે પેલા સુદૂરના સાક્ષાત્કારને બુદ્ધિની અપર્યાપ્ત ભાષામાં વ્યક્ત કરવાની જ મથામણ કરી રહ્યા છીએ તેના કરતાં આ પ્રજ્ઞાનને સમજવું, બહિર્ગ્રાહક ઋત-ચેતનાને સમજવી વધુ સરળ થઈ પડે તેમ છે. આ પ્રજ્ઞાનમાં પહોંચવાને આપણે જે અંતરાય પાર કરવાનો છે તે પેલા કરતાં ઓછો ભીષણ છે.

પ્રકરણ ૧૬

અતિમનસની ત્રિવિધ અવસ્થા

भूतभृत्..... ममात्मा भूतभावनः ।.....

अहमात्मा..... सर्वभूताशयस्थितः ।.....

गीता ९.५; १०.२०

त्र्यर्यमा मनुषो देवताता त्री रोचना दिव्या धारयन्त ।

ऋग्वेद ५.२९.१

જે તત્ત્વ સર્વ પ્રાણીઓને ધારણ કરી રહેલું છે, જેમાંથી એ સર્વ પ્રકારનું અસ્તિત્વ રચાયેલું છે તે હું છું.... સર્વ પ્રાણીઓમાં આવી રહેલો આત્મા તે હું છું.

ગીતા ૯.૫; ૧૦.૨૦

પ્રકાશની ત્રણ શક્તિઓ ત્રણ તેજોમય દિવ્ય જગતોને ધારણ કરી રહેલી છે.

ઋગ્વેદ ૫.૨૯.૧

આપણે હવે આપણા નિવાસ રૂપ બનેલા આ જગતને એક બાહ્યદર્શી ઋત-ચેતનાના દૃષ્ટિબિંદુમાંથી સમજવાનો પ્રયત્ન કરીશું. આ ઋત-ચેતના એક વ્યક્તિરૂપ બનેલો આત્મા મનોમયતાની મર્યાદામાંથી મુક્ત બન્યો હોય અને દિવ્ય અતિમનસની ક્રિયામાં ભાગ લેવા માટે તેને અનુમતિ મળી હોય અને તે જગતને જે રીતે જુએ તેવી રીતે બધું જોતી હોય છે. અને એ રીતે આ જગતને જોવું વધુ સહેલું પણ બનશે. પરંતુ એ કાર્ય શરૂ કરતાં પહેલાં આપણે જરા થંભી જઈશું અને પ્રભુની ચેતના વિષે, એટલે કે પોતાના સ્વરૂપની આદિમ એકાગ્રતાપૂર્ણ અદ્વૈતમય અવસ્થામાંથી પોતાની માયા દ્વારા જગતને વિકસાવી રહેલા ઈશ્વરની ચેતના વિષે આપણે જે કાંઈ જાણ્યું છે યા તો જાણી શકીએ છીએ તેને ફરીથી ટૂંકમાં જોઈ લઈશું.

આપણે આરંભમાં એવી રીતે વાત મૂકેલી છે કે સારીયે સૃષ્ટિ તે એક જ પરમ તત્ત્વની બનેલી છે. એ પરમ તત્ત્વનું મૂળ સ્વરૂપ છે ચેતના, અદ્વૈત રૂપ ચેતના, અને એ ચેતનાનું સક્રિય સ્વરૂપ તે શક્તિ કિંવા સંકલ્પ છે. આ પરમ તત્ત્વ તે આનંદ રૂપ છે, આ ચેતના તે આનંદ રૂપ છે, આ શક્તિ અથવા સંકલ્પ તે આનંદ રૂપ છે. અસ્તિત્વનો શાશ્વત અને અવિચ્છેદ્ય આનંદ, ચેતનાનો આનંદ, શક્તિ અથવા તો સંકલ્પનો આનંદ, આ શક્તિ પછી ભલે પોતાની અંદર એકાગ્ર રહેલી હોય અને વિશ્રાંતિની સ્થિતિમાં હોય અથવા તો સક્રિય હોય અને સર્જનમાં પ્રવૃત્ત હોય,-પ્રભુ તે આ રીતના છે, અને આપણે પોતે આપણા મૂળ સ્વરૂપમાં, આપણા અપ્રગટ સ્વરૂપમાં આ રીતના છીએ. આ પરમ તત્ત્વ પોતાની અંદર એકાગ્રિત રહેલું હોય છે ત્યારે એની પાસે મૂળગત એવો, શાશ્વત, અવિચ્છેદ્ય આનંદ આવી રહેલો હોય છે અથવા કહો કે પોતે આવા આનંદ રૂપે હોય છે. એ પરમ તત્ત્વ જ્યારે સક્રિય બને છે અને સર્જનમાં પ્રવૃત્ત બને છે ત્યારે તેને અસ્તિત્વની લીલાનો, ચેતનાની લીલાનો, શક્તિ અને સંકલ્પની લીલાનો આનંદ પ્રાપ્ત થતો રહે છે, અથવા કહો કે એવા આનંદરૂપે તે બની રહે છે. એ જે લીલા છે તે વિશ્વ છે અને એ જે આનંદ છે તે જ અસ્તિત્વમાં આવેલા વિશ્વનું એકમાત્ર કારણ છે, એ જ એ પાછળનો એકમાત્ર હેતુ અને લક્ષ્ય છે. દિવ્ય ચેતના આ લીલાને અને આનંદને શાશ્વત રીતે અને અવિચ્છેદ્ય રીતે ધારણ કરી રહેલી છે; આપણું જે મૂલ રૂપ છે, આપણો જે સાચો આત્મા છે કે જે એક ખોટા આત્મા કિંવા મનોમય અહંકારને કારણે આપણી આગળથી ઢંકાયેલી સ્થિતિમાં રહે છે, એ આત્મા પણ આ લીલા અને આનંદને શાશ્વત રીતે અને અવિચ્છેદ્ય રીતે માણતો હોય છે, અને એ પોતે તેના મૂળ રૂપમાં દિવ્ય ચેતના સાથે એકરૂપ જ છે એટલે તે આ સ્થિતિથી બીજી કોઈ સ્થિતિમાં ખરેખર હોઈ શકતો પણ નથી. એટલે આપણે જો એક દિવ્ય કોટિના જીવનની અભીપ્સા રાખતા હોઈએ તો એ જીવન પ્રાપ્ત કરવા માટે માત્ર એક જ રસ્તો છે અને તે એ કે આપણે આપણી અંદર આ આવરિત બની રહેલા આત્મા પરથી આવરણને હઠાવી લઈએ, આપણે ખોટા આત્મામાં કિંવા મનોમય અહંકારમાં અત્યારે રહેલા છીએ એ અવસ્થામાંથી ઉપર ચડીને સાચા આત્મામાં રહેલી એક ઊર્ધ્વ અવસ્થામાં પહોંચીએ અને દિવ્ય ચેતના સાથે એક અદ્વૈતમાં પ્રવેશ કરીએ. આપણી અંદર જે કંઈક અતિચેતન તત્ત્વ આવી રહેલું છે તે તો આ અદ્વૈતને હંમેશાં માણતું જ હોય છે,-એમ ન હોય તો આપણે અસ્તિત્વમાં રહી શકીએ

જ નહિ,–પરંતુ આપણી જે સભાન મનોમયતા છે તે એ અદ્વૈતને ગુમાવી બેઠેલી છે.

આપણે આ રીતે એક બાજુ આ પરમ સચ્ચિદાનંદ તત્ત્વની અદ્વૈત રૂપ અવસ્થાની વાત કરી અને બીજી બાજુ આ વિભક્ત મનોમયતાની દ્વૈતબદ્ધતાની વાત કરી, પરંતુ આમ કરવા જતાં આપણે એવી બે વસ્તુઓ રજૂ કરીએ છીએ કે જે એકબીજાથી ઊલટા પ્રકારની બની રહે છે. એ બેમાંથી જો એક તત્ત્વ સાચું હોય તો પછી બીજું તત્ત્વ ખોટું જ ઠરવું જોઈએ, એ બેમાંથી જો એકનો આનંદ માણવો હોય તો બીજા તત્ત્વને આપણે નાબૂદ જ કરવાનું રહે છે. પરંતુ આપણે તો પૃથ્વી ઉપર મનની અંદર અને એ મને લીધેલા પ્રાણ અને શરીરના રૂપની અંદર નિવાસ કરીએ છીએ અને પેલા અદ્વૈત રૂપ સત્, ચિત્ અને આનંદમાં પહોંચવા માટે જો આપણે મન, પ્રાણ અને શરીરની ચેતનાને અશેષ કરી નાખવાની હોય તો પછી અહીં એક દિવ્ય જીવન અશક્ય બની રહે છે. આપણે પરાત્પર સચ્ચિદાનંદનો આનંદ માણવા માટે યા તો ફરીથી તે રૂપે બની રહેવા માટે વિશ્વનું જીવન તે એક ભ્રાંતિ રૂપ છે એમ ગણી તેને સર્વથા ત્યજી દેવાનું રહે છે. આ રીતના ઉકેલ સિવાય બીજો કોઈ રસ્તો આપણી પાસે રહેતો નથી. પણ જો વસ્તુસ્થિતિ આવી ન હોય અને આ અદ્વૈતરૂપ સચ્ચિદાનંદ અને દ્વૈતબદ્ધ મનોમયતા એ બેની વચ્ચે સંધાન રૂપ એવી એક વચલી કડી હોય અને એ કડી એ બંને તત્ત્વોને એકબીજાના સ્વરૂપનો ખુલાસો આપી શકતી હોય અને તેમની વચ્ચે એક સંબંધ સ્થાપી આપી શકતી હોય તો આપણા માટે મન, પ્રાણ અને શરીરના ઢાળની અંદર પેલા અદ્વૈતરૂપ સત્, ચિત્, આનંદનો સાક્ષાત્કાર કરવો શક્ય બને છે.

આ વચલી કડી છે. એને આપણે અતિમનસ કિંવા ઋત–ચેતનાનું નામ આપીએ છીએ, અને તે એટલા માટે કે મનોમયતા કરતાં એક ઉચ્ચતર તત્ત્વ છે, મનની માફક તે વસ્તુઓના આભાસો અને દૃષ્ટિગોચર ભેદોની અંદર પુરાઈ નથી રહેતું પરંતુ વસ્તુઓનું જે મૂલભૂત સત્ય અને અદ્વૈત છે તેમાં રહેતું હોય છે, તેમાં રહીને કાર્ય કરતું હોય છે અને આગળ વધતું હોય છે. આપણે જે રીતની વસ્તુસ્થિતિનો સ્વીકાર કરીને આગળ ચાલ્યા છીએ તેમાંથી તર્કને રસ્તે આગળ વધતાં અતિમનસનો આપણે સ્વીકાર કરવાનો જ રહે છે. વસ્તુસ્થિતિ પ્રમાણે સચ્ચિદાનંદ પોતે તો આનંદરૂપ એવા સચેતન સત્ તત્ત્વની એક અવકાશરહિત અને કાલરહિત પરમ અવસ્થા જ હોઈ શકે છે, પણ જગત તો, એથી ઊલટું, કાળ અને અવકાશની અંદર

બનેલો એક વિસ્તાર છે, એમાં થતી એક ગતિ છે, એક રચાઈ રહેલી વસ્તુ છે, કાળ અને અવકાશમાં કાર્યકારણની રીતે-અથવા આપણને જે વસ્તુ કાર્યકારણ રૂપે ભાસે છે તે રીતે-બનતા સંબંધો અને શક્યતાઓનો એક વિકાસ છે. આ કાર્યકારણતાનું સાચું નામ તો છે દિવ્ય નિયમ. અને એ દિવ્ય નિયમનું મૂળ તત્ત્વ એ છે કે જે મૂળ વસ્તુ વિચાર રૂપે વિદ્યમાન હોય છે તે અનિવાર્ય રૂપે પોતાનો આત્મ-વિકાસ સાધતી સાધતી જે વસ્તુ જગતમાં વિકાસ લેતી હોય છે તેના મૂળ તત્ત્વ તરીકે બની રહે છે. આમાં અનંતવિધ રહેલી શક્યતાઓની સામગ્રીમાંથી જે સાપેક્ષ ગતિઓ રચાતી રહે છે તેનું પહેલેથી જ ચોક્કસ રીતે નિર્માણ થઈ જતું હોય છે. આ રીતે જે તત્ત્વ સર્વ વસ્તુઓનો વિકાસ સાધી આપતું રહે છે તે પોતે એક જ્ઞાનરૂપ સંકલ્પ કિંવા સચેતનશક્તિ હોવી જોઈએ. વિશ્વમાં જે અખિલ આવિર્ભાવ થઈ રહેલો છે એ સચેતન-શક્તિની લીલા છે, અને આ સચેતન-શક્તિ એ જ સત્ તત્ત્વનું મૂળભૂત સ્વરૂપ છે. પરંતુ વસ્તુઓનો વિકાસ સર્જતો આ જ્ઞાનરૂપ-સંકલ્પ તે મનોમય રીતનો હોઈ શકતો નથી, કેમકે મન આ મહાનિયમને કંઈ જાણતું હોતું નથી, એ નિયમ એના કાબૂની વસ્તુ નથી, કે એ નિયમનું તે સંચાલન કરતું નથી. ઊલટું એ નિયમ મનનું સંચાલન કરતો હોય છે, એ નિયમનાં અનેક પરિણામોનું મન એક પરિણામ છે, પેલા પરમ તત્ત્વના આત્મ-વિકાસની ઘટનાના પ્રવાહમાં તેની ગતિ થતી રહે છે, એ આત્મ-વિકાસના મૂળ તરીકે એ રહેલું નથી. મન પરમ તત્ત્વના બનેલા આત્મ-વિકાસનાં પરિણામોને વિભક્ત વસ્તુઓ રૂપે જોતું રહે છે અને એ વસ્તુઓના મૂળમાં તથા વાસ્તવિકતામાં પહોંચવા માટે તે વ્યર્થ પ્રયત્ન કરતું રહે છે. વળી આ અખિલ વિશ્વનો વિકાસ કરતા જ્ઞાનરૂપ-સંકલ્પ પાસે સર્વ વસ્તુઓનું અદ્વૈત સિદ્ધ રૂપે હોવું જોઈએ અને એ અદ્વૈતમાંથી તે વસ્તુઓની બહુરૂપતાને આવિર્ભાવ આપતો હોવો જોઈએ, પરંતુ મન પાસે આવું અદ્વૈત સિદ્ધ નથી, એ તો વિશ્વની આ બહુરૂપતાના એક ભાગ ઉપર જ અધૂરોપધૂરો કાબૂ ધરાવતું હોય છે.

એટલે જે શરતોને પૂરી પાડવામાં મન નિષ્ફળ નીવડતું હોય છે તે શરતોને પૂરી પાડે એવું મન કરતાં એક ઉચ્ચતર તત્ત્વ વિશ્વમાં હોવું જ જોઈએ. અને આ તત્ત્વ તે, બેશક, સચ્ચિદાનંદ પોતે જ છે. પરંતુ એ સચ્ચિદાનંદ તે પોતાની કેવલ અનંત અવિકારી ચેતનામાં વિશ્રામ કરી રહેલું તત્ત્વ નથી. એ સચ્ચિદાનંદ આ

પોતાની આ આદિમ અવસ્થામાંથી બહાર આવીને, અથવા કહો કે, એ અવસ્થાને પાયા તરીકે રાખીને અને એ અવસ્થાની અંદરના એક તત્ત્વ તરીકે રહીને ગતિમાં પ્રવેશ કરતું હોય છે. અને એ ગતિ તે તેનું શક્તિનું સ્વરૂપ છે તથા વિશ્વના સર્જન માટેનું કરણ છે. ચેતના અને શક્તિ તે સત્ તત્ત્વની શુદ્ધ શક્તિનાં મૂળભૂત યુગલ સ્વરૂપો છે. એટલે એ શક્તિ કાળ અને અવકાશના વિસ્તારમાં જગતનું જે સર્જન કરે છે તે સર્જનક્રિયામાં તે જ્ઞાન તથા સંકલ્પનું જ રૂપ લેતી હોવી જોઈએ. આ જ્ઞાન તથા સંકલ્પ એકરૂપ અને અનંત જ હોવાં જોઈએ, સર્વને પોતાના આશ્લેષમાં લેનાર, સર્વને ધારણ કરનાર, સર્વને રચનાર હોવાં જોઈએ, પોતે જેને જેને ગતિમાં અને રૂપમાં ઢાળે છે તેને તે પોતાની અંદર શાશ્વત રીતે ધારણ કરી રાખતાં હોવાં જોઈએ. એટલે સત્ તત્ત્વ પોતે ગતિમાં આવીને એક વિશ્વ-નિર્માણક સ્વાત્મ-જ્ઞાનમાં જે પહોંચતું હોય છે તે જ અતિમનસ છે. એ સ્વાત્મ-જ્ઞાનને તેનાં પોતાનાં અમુક સત્યો પ્રત્યક્ષ થતાં હોય છે અને એ સત્યોને તે પોતાના કાલરહિત અને અવકાશરહિત સત્ તત્ત્વના કાળ રૂપી અને અવકાશ રૂપી વિસ્તારની અંદર સિદ્ધ કરવાનો સંકલ્પ આદરે છે. એ સત્ તત્ત્વના પોતાના સ્વરૂપમાં જે કાંઈ રહેલું હોય છે તે સ્વાત્મ-જ્ઞાનનું રૂપ લે છે, ઋત-ચેતનાનું, સત્યરૂપ-વિચારનું રૂપ લે છે, અને એ સ્વાત્મ-જ્ઞાન તે સ્વાત્મ-શક્તિ પણ હોય છે એટલે તે અનિવાર્ય રીતે પોતાને કાળ અને અવકાશની અંદર સાકાર કરે છે કિંવા સિદ્ધ કરે છે.

તો દિવ્ય ચેતનાનું સ્વરૂપ આ છે. એ ચેતના પોતાની સચેતન-શક્તિની એક ક્રિયા વડે સર્વ વસ્તુઓને પોતાની અંદર જ સર્જતી રહે છે, અને એ વસ્તુઓની વિકાસ-ગતિને તે, આ વસ્તુઓની રચના કરનાર સત્ તત્ત્વ કિંવા સત્યરૂપ-વિચારના સત્યમાં અંતર્ગત રહેલા જ્ઞાનરૂપ-સંકલ્પ દ્વારા પોતાનો એક આત્મ-વિકાસ સાધતી સાધતી નિયંત્રિત કરતી રહે છે. જે પરમ સત્ તત્ત્વ આ રીતે સચેતન હોય છે તેને આપણે પ્રભુ કહીએ છીએ. અને દેખીતી રીતે જ, આ પ્રભુ તે સર્વવ્યાપક, સર્વજ્ઞાતા અને સર્વશક્તિમાન હોવા જોઈએ. પ્રભુ સર્વવ્યાપક એટલા માટે છે કે વિશ્વમાંનાં સર્વ રૂપો તે તેમના પોતાના સચેતન સત્ તત્ત્વના રૂપો છે અને એ સત્ તત્ત્વે સ્થળ અને કાળ તરીકે પોતાની જાતનો જે વિસ્તાર સાધેલો છે તેમાં પોતાની ગતિ-શક્તિ દ્વારા એ રૂપોને સર્જેલાં છે. પ્રભુ સર્વજ્ઞાતા એટલા માટે છે કે સર્વ વસ્તુઓ તેમના પોતાના

સચેતન-સ્વરૂપમાં આવી રહેલી છે, એ સચેતન સ્વરૂપે જ તેમને રચેલી છે અને ધારણ કરેલી છે. પ્રભુ સર્વશક્તિમાન એટલા માટે છે કે આ સર્વને ધારણ કરતી ચેતના એક સર્વ-ધારક શક્તિ પણ છે તેમ જ સર્વ-નિવાસક સંકલ્પશક્તિ પણ છે. અને આ સંકલ્પશક્તિ અને જ્ઞાન તે, આપણી સંકલ્પશક્તિ અને જ્ઞાન એકમેક સાથે લડી શકે તેવાં હોય છે તેવાં, એકમેક સામે તે જંગ બાંધીને બેઠેલાં હોતાં નથી. કેમકે, એ બંને એક જ તત્ત્વની, ભિન્ન ભિન્ન નહિ પણ, એક જ ક્રિયા છે. વળી કોઈ બહારની કે અંદરની સંકલ્પશક્તિ, બળ કે ચેતના આ સંકલ્પશક્તિ કે જ્ઞાનનો વિરોધ કરી શકે તેમ હોતું નથી. કેમ કે આ પરમ એકરૂપ પરમાત્માથી બહારની હોય એવી કોઈ ચેતના કે બળ હોતું જ નથી, પરમાત્માની ભીતરમાં જે જે શક્તિઓ અને જ્ઞાનની રચનાઓ છે તે પરમાત્માથી કોઈ ભિન્ન વસ્તુઓ નથી, એ શક્તિઓ અને જ્ઞાન તે પરમાત્મામાં જે એકમાત્ર સર્વ-નિર્માણક સંકલ્પશક્તિ તથા એકમાત્ર સર્વ-સંવાદક જ્ઞાન રહેલાં હોય છે તેની જ માત્ર લીલા હોય છે. આપણે પોતે વિશિષ્ટ અને ભેદરૂપ વસ્તુઓમાં રહેતા હોઈએ છીએ અને આખી સમગ્રતાને જોઈ શકતા નથી એટલે આપણને જે જે કાંઈ સંકલ્પશક્તિઓ અને બળોના સંઘર્ષ રૂપે દેખાય છે તેને અતિમનસ તો એક પૂર્વ-નિર્ણીત સંવાદિતતાનાં પ્રપંચક તત્ત્વો રૂપે જોતું હોય છે. આ સંવાદિતતા અતિમનસ સમક્ષ હંમેશાં વિદ્યમાન હોય છે, કેમકે વિશ્વના સર્વ પદાર્થો શાશ્વત રીતે એની દૃષ્ટિને આધીન હોય છે.

દિવ્ય ચેતનાનું કાર્ય ભલે ગમે તે અવસ્થા કે રૂપ ધારણ કરે, પરંતુ એ ચેતનાનું સ્વરૂપ તો હંમેશાં આ પ્રમાણે જ રહેતું હોય છે. એ ચેતના પોતે સત્ રૂપે પૂર્ણ કોટિની છે એટલે એ ચેતનાની સત્ તત્ત્વ તરીકેની શક્તિ પણ તેના વિસ્તરણમાં પૂર્ણ કોટિની રહે છે, અને તેથી તે ચેતના કાર્યની કોઈ એક જ અવસ્થામાં કે એક જ રૂપમાં મર્યાદિત બની રહેતી નથી. આપણે માનવ પ્રાણીઓ દૃશ્ય રૂપે ચેતનાનું એક વિશિષ્ટ રૂપ છીએ, આપણે કાળ અને સ્થળને આધીન છીએ. આપણી જાતને આપણે કેવળ એક સપાટી પરની ચેતના રૂપે જ જાણતા હોઈએ છીએ અને એ સપાટી પરની ચેતનામાં આપણે એકી સાથે એક જ વસ્તુ હોઈ શકીએ છીએ, સત્ત તત્વની એક જ અવસ્થા, અનુભૂતિનો એક જ પુદ્ગલ બની શકીએ છીએ. અને આ એક જ વસ્તુ આપણા માટે આપણી જાતનું સત્ય બની રહે છે, આપણે એટલા સત્યનો જ સ્વીકાર કરીએ છીએ, એ સિવાયનું

બીજું બધું આપણા માટે સત્ય હોતું નથી અથવા તો હવે સત્ય મટી ગયું હોય છે, કેમકે એ વસ્તુ આપણી દૃષ્ટિમર્યાદાની બહાર ભૂતકાળમાં અદૃશ્ય થઈ ગઈ હોય છે અથવા તો તે ભવિષ્યમાં રાહ જોઈને બેઠેલી હોય છે અને આપણી દૃષ્ટિમર્યાદામાં આવેલી હોતી નથી અને તેથી તે સાચી બનેલી નથી હોતી. પરંતુ દિવ્ય ચેતના આવી વિશિષ્ટ રૂપની બનેલી નથી હોતી. તે આવી રીતે મર્યાદિત બનેલી નથી હોતી. તે એકી સાથે અનેક વસ્તુઓ હોઈ શકે છે અને એક કરતાં વધુ સ્થાયી અવસ્થાઓ હંમેશને માટે પણ ધારણ કરી શકે છે. આપણે જોઈએ છીએ કે અતિમનસના પોતાના તત્ત્વની અંદર જ એની વિશ્વ-વ્યાપક ચેતનાની આવી ત્રણ વ્યાપક અવસ્થાઓ કિંવા આસનબદ્ધતાઓ આવી રહેલી છે. એમાંની પહેલી અવસ્થા તે વસ્તુઓની અવિચ્છેદ્ય એવી એકતાની સ્થાપના કરતી રહે છે. બીજી અવસ્થા તે એકતાને હળવી કરતી રહે છે અને એ રીતે તે એકમાં અનેક અને અનેકમાં એક એ પ્રમાણેના આવિર્ભાવને ટેકો આપતી રહે છે. ત્રીજી અવસ્થા આ એકતાને હજી વધુ હળવી કરી આપે છે અને એ રીતે તે વિભિન્ન બનેલી વ્યક્તિતાના વિકાસને ટેકો આપે છે, અને આ વ્યક્તિતા, અવિદ્યાની ક્રિયાને લીધે, આપણી અંદર એક નીચલી ભૂમિકા ઉપર અલગ એવા અહંકારના આભાસ રૂપ બની રહે છે.

વસ્તુઓની અવિચ્છેદ્ય એકતાનું સ્થાપન કરતી અતિમનસની આ જે પ્રથમ અને આદિમ અવસ્થા છે તેનું સ્વરૂપ કેવું છે તે આપણે જોઈ ગયા છીએ. એ અવસ્થા તે કેવલ અદ્વૈત રૂપ ચેતના નથી, કેમકે આ અદ્વૈત રૂપ ચેતના તો સચ્ચિદાનંદ એક કાલાતીત અને અવકાશરહિત રીતે પોતાની જાતની અંદર જે એકાગ્ર બનીને રહેલા છે તે છે. એ એકાગ્રતામાં સચેતન શક્તિ પોતાની જાતને કોઈ પણ રીતના વિસ્તરણમાં મૂકતી નથી હોતી અને, એ સચેતન શક્તિ વિશ્વને જો કદી પોતામાં ધારણ કરતી હોય તોપણ તે એક શાશ્વત શક્યતા તરીકે ધારણ કરતી હોય છે, કાળની અંદરની એક વાસ્તવિકતા તરીકે નહિ. પરંતુ અતિમનસની આ પ્રથમ અવસ્થા તો આથી ઊલટી વસ્તુ છે. એમાં તો સચ્ચિદાનંદનું એક સમાનરૂપ એવું આત્મવિસ્તરણ થયેલું હોય છે, અને એ આત્મ-વિસ્તરણ સર્વને દૃષ્ટિમાં લેનારું, સર્વને ધારણ કરનારું, સર્વનું ઘટન કરનારું હોય છે. પરંતુ આ બધું એક રૂપે જ હોય છે, બહુ રૂપે નહિ; એમાં વ્યક્તિત્વનું નિર્માણ થયેલું હોતું નથી. આ અતિમનસનું જ્યારે આપણા પ્રશાંત અને વિશુદ્ધ બનેલા સ્વરૂપ ઉપર

પ્રતિબિંબ પડે છે ત્યારે પછી આપણામાંથી વ્યક્તિત્વનું બધું ભાન ચાલ્યું જાય છે. એ અવસ્થામાં પછી વ્યક્તિગત રીતના વિકાસને ટેકો આપે એવી કોઈ એકાગ્રતા રહેતી નથી હોતી. ત્યાં બધું જ એકતાની અંદર અને એક જ વસ્તુ તરીકે વિકાસ પામતું હોય છે, ત્યાં દિવ્ય ચેતના પોતાના સત્ તત્ત્વનાં રૂપો તરીકે જ બધું ધારણ કરતી હોય છે, એ બધું કોઈ પણ રીતે ભિન્ન ભિન્ન અસ્તિત્વવાળી વસ્તુઓ રૂપે નથી હોતું. આપણા મનમાં ઊભા થતા વિચારો અને ચિત્રો જેવી રીતે આપણે માટે ભિન્ન અસ્તિત્વવાળી વસ્તુઓ હોતી નથી, પણ આપણી ચેતનાએ લીધેલાં રૂપો હોય છે, કંઈક એવી જ રીતે આ પ્રથમાવસ્થાના અતિમનસ માટે બધાં નામો અને રૂપો હોય છે. એ બધું પરમ અનંતની અંદર કેવળ દિવ્ય વિચારગતિ રૂપે તથા રચના રૂપે હોય છે–માત્ર વિચારગતિ અને રચના રૂપે, અને તે મનોમય વિચારની એક અવાસ્તવિક લીલા રૂપે નહિ પણ સચેતન સત્ તત્ત્વની એક વાસ્તવિક લીલા રૂપે હોય છે. આ અવસ્થામાં દિવ્ય આત્મા સચિત્રૂપ-આત્મા અને શક્તિ-રૂપ આત્મા એ બેની વચ્ચે કશો ભેદ કરશે નહિ, કેમકે ત્યાં જે કાંઈ શક્તિ હશે તે ચેતનાની જ ક્રિયા રહેલી હશે, તેમ જ તે જડતત્ત્વ અને આત્મા એ બેની વચ્ચે પણ કશો ભેદ કરશે નહિ, કેમકે જે જે ઘાટ બનતા હશે તે માત્ર આત્માએ લીધેલું જ રૂપ હશે.

અતિમનસની બીજી અવસ્થામાં દિવ્ય ચેતના વિચારમાં જે ક્રિયા રહેલી હોય છે તે ક્રિયામાંથી પાછી હઠી જઈને વિચારમાં સ્થિત રહે છે. એક રીતની બાહ્યદર્શી ચેતના દ્વારા દિવ્ય ચેતના એ વિચારની પાછળ પાછળ જતી રહે છે, એ વિચારના કાર્યોનો કબજો લે છે અને એ કાર્યોમાં નિવાસ કરે છે, પોતાની જાતને જાણે પોતાના રૂપોમાં વહેંચી નાખતી દેખાય છે, અને એ રીતે તે એ વિચારને સાકાર કરે છે. પ્રત્યેક નામ અને રૂપની અંદર તે પોતે સ્થાયી સચેતન-આત્મા રૂપે, સર્વમાં એક જ રૂપે રહેલી છે એવું એ પ્રત્યક્ષ કરે છે, પરંતુ તે પોતે વિશ્વમાં ગતિની જે લીલા છે તેની પાછળ પાછળ જતી તથા તેને ટેકો આપતી, તેમ જ ગતિની બીજી લીલાથી તેની જે ભિન્નતા છે તેને ટકાવી રાખતી સચેતન-આત્માની એક એકાગ્રતા છે એવું પણ તે અનુભવે છે, મૂલ આત્મ-તત્ત્વ રૂપે સર્વત્ર એક જ રીતની, પરંતુ આત્માના રૂપમાં જુદી જુદી એમ તે અનુભવે છે. આત્માના રૂપને ટેકો આપતી આ એકાગ્રતા તે વ્યક્તિરૂપ બનેલા પરમાત્મા કિંવા જીવાત્મા છે, વિશ્વરૂપ પરમાત્માથી કિંવા સર્વ-

ઘટક એવા એકમેવ આત્મ તત્ત્વથી તે ભિન્ન છે. આ બેની વચ્ચે કોઈ મૂળ તાત્ત્વિક ભેદ હોતો નથી, પણ લીલાને માટેનો માત્ર એક વ્યવહારુ ભેદ રહે છે, અને એ ભેદને લીધે જે સાચી એકતા છે તેનો લોપ થઈ જતો નથી. વિશ્વરૂપ પરમાત્મા આત્માએ લીધેલાં સર્વ રૂપો તે પોતે જ છે એમ જાણે છે, અને છતાં દરેક આત્મારૂપ સાથે તે જુદો જુદો સંબંધ બાંધે છે, તેમ જ દરેકની અંદર રહીને તે બીજા બધાઓ સાથે સંબંધ સ્થાપે છે. વ્યક્તિરૂપ બનેલા પરમાત્મા પોતે પરમ અદ્વૈતરૂપ પરમાત્માનું એક આત્મા-રૂપ છે તથા આત્મા-ગતિ છે એમ સમજશે. ચેતનાની આંતર્દર્શી ક્રિયા દ્વારા તે અદ્વૈતરૂપ પરમાત્મા સાથેની તથા સર્વ આત્મા-રૂપો સાથેની પોતાની એકતાનો આનંદ માણશે અને વળી, એક વધુ આગળની અથવા તો અગ્રભાગમાં રહેતી બાહ્યદર્શી ક્રિયા દ્વારા તે પોતાની વ્યક્તિગત ગતિને ટેકો આપશે તથા તે ગતિનો આનંદ માણશે તેમ જ અદ્વૈતરૂપ પરમાત્મા તથા તેમનાં અન્ય સર્વ રૂપો એ બંને સાથે તેને એકતાની અંદર મુક્ત રીતના ભેદનો રહેલો સંબંધ છે તેનો પણ તે આનંદ માણશે. આપણું વિશુદ્ધ બનેલું મન જો અતિમનસની આ બીજી અવસ્થાનું પ્રતિબિંબ ઝીલતું બને તો આપણો આત્મા પોતાના વ્યક્તિરૂપ અસ્તિત્વને ટેકો આપી શકે છે, એ અસ્તિત્વમાં નિવાસ કરી શકે છે અને છતાં એ અવસ્થામાં રહીને એવો સાક્ષાત્કાર પામી શકે છે કે પોતે પેલા અદ્વૈતરૂપ પરમાત્મા કે જે આ સર્વરૂપ બનેલા છે, સર્વની અંદર રહેલા છે, સર્વને પોતામાં ધારણ કરતા છે તે જ છે, અને પોતાના આ ખાસ વિશિષ્ટ રૂપમાં રહીને પણ તે પ્રભુની સાથેની તથા પોતાના સાથીઓ સાથેની એકતાનો આનંદ માણતો રહે છે. આમાં હવે અતિમનસના સ્વરૂપની બીજી કોઈ પણ પરિસ્થિતિમાં કોઈ ખાસ લાક્ષણિક ફેરફાર બનતો નથી, ફેરફાર માત્ર એટલો જ બને છે કે પોતાની બહુરૂપતાને આવિર્ભાવ આપનાર અદ્વૈતરૂપ પરમાત્મા અને બહુ બનવા છતાં હજી એક રહેલી બહુરૂપતા એ બેની આ લીલા શરૂ થઈ ચૂકી છે અને એ લીલાને ટકાવી રાખવા માટે તથા ચલાવવાને માટે જે કાંઈ જરૂરનું છે તે કરવામાં આવેલું છે.

અતિમનસની એક ત્રીજી અવસ્થા એવી બને છે એમાં પછી આ બહુરૂપતાને ટેકો આપતી એકાગ્રતા ગતિની, જાણે કે, પાછળના ભાગમાં ઊભી રહેતી નથી, પોતે તેનાથી અમુક રીતની ઉચ્ચ સ્થિતિમાં રહીને તેની અંદર નિવાસ કરતી હોય અને એ રીતે તેની પાછળ પાછળ જતી હોય અને તેનો આનંદ માણતી હોય તેમ કરતી નથી, પરંતુ એ

જમાનો પાછળ મૂકીએ છીએ તેમાં બન્યું છે તે પ્રમાણે, કડક પરીક્ષક, સાચા દિલની, પ્રામાણિક અને પોતાની મર્યાદામાં પ્રકાશિત અર્ધ સત્ય રૂપે રહે અને અવિચારી અને ધૃષ્ટતાભરેલા માર્ગસ્ખલન રૂપ ન બને તો કેવું સારું કહેવાય?

જ્ઞાનમાત્રને અંતે, એક પ્રકારનો અજ્ઞેયવાદ અંતિમ સત્ય તરીકે આવી રહેલો હોય છે. કારણ કે જ્યારે આપણે કોઈ પણ જ્ઞાનમાર્ગના છેડાને પ્રાપ્ત કરીએ છીએ ત્યારે વિશ્વ આપણને કોઈ અજ્ઞેય સત્ય (વાસ્તવિકતા)ના પ્રતીક તરીકે યા તો બાહ્ય સ્વરૂપ તરીકે જ દેખાય છે. એ અજ્ઞેય વાસ્તવિકતા જ આપણા જગતમાં સ્થૂલ અન્નમય, પ્રાણમય, આદર્શમય અને આધ્યાત્મિક એમ જુદાં જુદાં મૂલ્યોની શ્રેણીઓ રૂપે અહીં રજૂ થાય છે. અજ્ઞેય જેમ જેમ આપણે માટે વધારે અને વધારે વાસ્તવિક થતું જાય છે તેમ તેમ તે વધુ અને વધુ વિચારાતીત અને અવર્ણનીય બનતું જાય છે. 'મન અગર તો વાચા તેને પહોંચી શકતાં નથી.'* છતાં પણ માયાવાદીઓ જેમ નામરૂપના મિથ્યાતત્ત્વની અતિશયોક્તિ કરે છે તે પ્રમાણે અજ્ઞેયની અજ્ઞેયતાની પણ અતિશયોક્તિ કરી શકે તેમ છે. જ્યારે આપણે તેને 'અજ્ઞેય' કહીએ છીએ ત્યારે વસ્તુતઃ તો આપણે કહેતા હોઈએ છીએ કે તે વિચાર અને વાણીની પકડમાંથી છટકી જાય છે; એ કરણો તો ભેદના અનુભવ ઉપર જ કાર્ય કરી શકે છે અને પ્રત્યેક વસ્તુની વ્યાખ્યા કરીને તેનો ઉલ્લેખ કરી શકે છે. પરંતુ તે અજ્ઞેય જો કે વિચારથી સમજી શકાય તેવું નથી છતાં પણ ચેતનાના પ્રયાસથી તે જરૂર જાણી શકાય છે. તાદાત્મ્ય વડે મળતા જ્ઞાનથી એ વાસ્તવિકતા જ્ઞેય છે એમ પણ આપણે કહી શકીએ. અલબત્ત એ જ્ઞાન વિચાર અગર તો વાચામાં સફળતાપૂર્વક મૂકી શકાય તેવું નથી હોતું. પરંતુ જ્યારે આપણે તે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ ત્યારે, આપણી વિરાટ ચેતનાનાં પ્રતીકોમાં પણ તે અજ્ઞેયના મૂલ્યનું પરિવર્તન થઈ જાય છે. એ પરિવર્તન એક જ પ્રતીકમાં નહિ પરંતુ તેમની આખી શ્રેણીમાં થાય છે. પરિણામે આપણા આંતર જીવનમાં સમૂળગી ક્રાન્તિ થઈ જાય છે અને તે દ્વારા બાહ્ય જીવનમાં પણ મૌલિક ગણાય એવા ફેરફારો થઈ જાય છે. વળી, એ પ્રકારનું જ્ઞાન પણ શક્ય છે જેમાં દૃશ્ય જીવનનાં, આ બધાં નામ અને રૂપો કે જે સામાન્ય બુદ્ધિને માટે પરમ સત્યને માત્ર ઢાંકી દેનારાં જ બને

---

* **च तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो ।।** કેન ઉપનિષદ ૧.૩

એકાગ્રતા હવે પોતાની જાતને પ્રક્ષિપ્ત કરીને એ ગતિની અંદર મૂકી આપે છે, અને એક રીતે એ ગતિની અંદર અંતર્ભૂત થઈ જાય છે. અહીં, લીલાનું સ્વરૂપ બદલાય છે, પણ તે એટલા પૂરતું કે વ્યક્તિરૂપ બનેલા પરમાત્મા વિશ્વરૂપ પરમાત્મા સાથેના તેમ જ એ પરમાત્માનાં બીજાં રૂપોની સાથેના સંબંધોની લીલાને જ પોતાની સભાન અનુભૂતિ માટેનું વ્યવહારું ક્ષેત્ર પ્રધાનપણે બનાવી લે છે. એમાં પછી આ બધા સાથે પૂર્ણ અદ્વૈતનો અનુભવ કરતા રહેવું એ વ્યક્તિને થતી સર્વઅનુભૂતિ સાથેની એક પરમ સહચરી ક્રિયા જેવી, એ અનુભૂતિની એક સતત સંધાયે જતી ઉચ્ચ અવસ્થા જેવી વસ્તુ બની રહે છે. પરંતુ આ વ્યક્તિરૂપ પરમાત્મા પોતાની ઉચ્ચ અવસ્થામાં હોય ત્યારે તો સર્વ સાથે પરમ અદ્વૈતનો અનુભવ એ જ તેને માટે પ્રધાન અને પાયાની અનુભૂતિ બની રહે છે અને વિવિધતા એ તો પેલા અદ્વૈતની માત્ર એક લીલા બની રહે છે. એટલે આ તૃતીય અવસ્થા તે વ્યક્તિરૂપ પરમાત્મા અને એનું જે વિશ્વરૂપ મૂલસ્થાન એ બેની વચ્ચે અદ્વૈતમાં રહેલા એક રીતના પાયાના આનંદમય દ્વૈત જેવી અવસ્થા બની રહે છે–એમાં હવે અદ્વૈતની અંદર એક ગૌણરૂપ દ્વૈત રહ્યું હોય એમ રહેતું નથી.–અને આવા દ્વૈતને ટકાવી રાખવા જતાં તથા એ દ્વૈતની ક્રિયા ચાલુ રાખવા જતાં જે જે પરિણામો આવવાનાં હોય તે બધાં આવતાં રહે છે.

આમાં એમ કહી શકાય કે આ સ્થિતિનું પહેલું પરિણામ એ આવે કે આત્મા હવે અવિદ્યાના અજ્ઞાનની અંદર સરકી પડે અને એ અજ્ઞાન આ જે અનેક છે તેને જ જગતની વાસ્તવિક હકીકત રૂપે ગણી લે અને જે અદ્વૈતરૂપ એકતત્ત્વ છે તે આ અનેકોનો એક વિશ્વરૂપ સરવાળો છે એમ જોવા લાગે. પરંતુ આવી રીતનું સ્ખલન અનિવાર્ય રીતે થવું જ જોઈએ એમ નથી. વ્યક્તિરૂપ બનેલ પરમાત્માને હજી પણ એ ભાન ચાલુ રહેશે કે પોતે તો પેલા અદ્વૈતરૂપ પરમાત્મા અને તેમની સભાન રીતે આત્મસર્જન કરવાની શક્તિ એ બેના પરિણામ રૂપે સર્જાયેલ છે, અર્થાત્, અદ્વૈતરૂપ પરમાત્માએ પોતાનું બહુરૂપ આત્મ–સર્જન એ રીતે કલ્પેલું છે કે એમાં પછી, કાળ અને અવકાશના વિસ્તારની અંદર એનું પોતાનું જે બહુવિધ અસ્તિત્વ બની આવેલું છે તેનું તે શાસન કરી શકે છે અને એનો બહુવિધ રીતે આનંદ માણી શકે છે. અહીં વ્યક્તિરૂપ પરમાત્મા પોતે એક સ્વતંત્ર અથવા તો અલગ અસ્તિત્વ છે એવો કોઈ ઘમંડી ભાવ ધારણ કરતા નથી. એ વ્યક્તિરૂપ પરમાત્મા માત્ર એટલું જ કરે છે કે સ્થિર અદ્વૈત જેવી

રીતે સત્ય વસ્તુ છે તેવી જ રીતે ભેદસર્જક ગતિ એ પણ સત્ય વસ્તુ છે એ વાતને તે દૃઢ કરી આપે છે, એ બંનેને, સ્થિર અદ્વૈત અને ભેદસર્જક ગતિને તે એક જ સત્યના ઉપરના તથા નીચેના ધ્રુવ છેડા તરીકે નિહાળે છે, એક જ દિવ્ય લીલાના પાયા રૂપે તેમ જ શિખર રૂપે જુએ છે. અને અદ્વૈતના આનંદની પૂર્ણતા અનુભવવા માટે ભેદનો આનંદ અનુભવવો પણ જરૂરનો છે એમ તે આગ્રહ સેવે છે.

એ વાત તો દેખીતી જ છે કે આ ત્રણ અવસ્થાઓ તે એક જ પરમ સત્ય સાથે કામ લેવાની જુદી જુદી રીતો છે. આમાં સત્ તત્ત્વના જે સત્યનો આનંદ લેવાય છે તે સત્ય તો એકનું એક જ રહે છે, પરંતુ એ આનંદ લેવાની રીત, અથવા કહો કે, એ આનંદ લેવામાં આત્માની જે અવસ્થા બને છે તે જુદી જુદી રહે છે. આમાં અનુભવાતો આનંદ જુદો જુદો રહેશે, પરંતુ તે ઋત-ચેતનાની અવસ્થામાં જ અનુભવાતો રહેશે, એમાં અસત્ય અને અવિદ્યાની અંદર કશું પતન બનશે નહિ. કેમકે આમાં દ્વિતીય તથા તૃતિય રીતનું અતિમનસ તે, પ્રથમ રીતના અતિમનસે દિવ્ય અદ્વૈતની સ્થિતિમાં જે જે વસ્તુઓ ધારણ કરી રાખી હતી તેને જ દિવ્ય બહુરૂપતાની અંદર વિકસાવતું રહે છે તથા સક્રિયપણે લાગુ પાડતું રહે છે. આમાંની એકે અવસ્થા ઉપર આપણે અસત્ય તથા ભ્રાંતિની મુદ્રા લગાડી શકતા નથી. આ બધાં એક ઊર્ધ્વ અનુભૂતિનાં સત્યો છે અને ઉપનિષદોમાં એનું આપણને એક પરમ પ્રાચીન પ્રામાણ્ય મળી આવે છે. એ ઉપનિષદો જ્યારે એમ કહે છે કે વિશ્વમાં પરમ દિવ્ય સત્ તત્ત્વ પોતાનો આવિર્ભાવ કરી રહ્યું છે ત્યારે એનો અર્થ થતો હોય છે કે આ બધી અનુભૂતિઓ સાચી છે. આમાં આપણે માત્ર એટલી વસ્તુ ઉમેરી શકીએ છીએ કે બહુતા કરતાં એકતાનું સ્થાન, દ્વૈત કરતાં અદ્વૈતનું સ્થાન પહેલું છે. પણ આ પ્રથમ સ્થાન તે કાળની અંદરનું નહિ પણ ચેતનાના સંબંધની અંદરનું છે. અને અદ્વૈતનું આ જે પ્રથમ સ્થાન છે અથવા તો અદ્વૈત ઉપર દ્વૈતનું આ જે શાશ્વત આલંબન છે તેનો ઇનકાર કોઈ પણ પરમ આધ્યાત્મિક અનુભૂતિના ઉદ્ગારમાં, કોઈ પણ વેદાન્તના દર્શનમાં જોવામાં આવતો નથી. જગતમાંના આ બહુ તત્ત્વો કાળની અંદર શાશ્વત જેવાં જણાતાં નથી, પેલા પરમ અદ્વૈત તત્ત્વમાંથી તે આવિર્ભાવ પામતાં, અને એ અદ્વૈત તેમનું મૂળ તત્ત્વ હોય એ રીતે તેમાં પાછાં ચાલ્યાં જતાં દેખાય છે, એટલા માટે જ તેમની વાસ્તવિકતાને નકારવામાં આવે છે. પણ તો આની સામે એ જ રીતે દલીલ કરી શકાય કે કાળની અંદર થઈ રહેલો

આ વિશ્વરૂપી આવિર્ભાવ એ શાશ્વત રીતે ટકી રહેલી ઘટના છે, અથવા તમારે કહેવું હોય તો એમ કહી શકો છો કે તે શાશ્વત રીતે ફરી ફરીને થતી રહેતી ઘટના છે, અને તેથી એ વાત સાબિત થાય છે કે જેવી રીતે દિવ્ય એકતા એ કાળથી પર રહેલા પરમાત્માની એક શાશ્વત હકીકત છે એવી જ રીતે દિવ્ય બહુરૂપતા એ પણ કાલાતીત પરમાત્માની એક શાશ્વત હકીકત છે, એમ ન હોત તો પછી કાળની અંદર અનિવાર્ય રીતે શાશ્વત પુનરાવર્તન પામતાં રહેવું એવું બહુરૂપતાનું આ વિશિષ્ટ લક્ષણ ન હોત.

તત્ત્વજ્ઞાનમાં આપણે પરસ્પરનો ઉચ્છેદ કરતી શાખાઓ જોઈએ છીએ. એ શાખાઓ ઊભી થવાનું કારણ ખરેખર માત્ર એટલું જ છે કે આપણી માનવ મનોમયતા આધ્યાત્મિક અનુભૂતિની એક જ બાજુ ઉપર બધો ભાર મૂકી દે છે, એ જ એકમાત્ર શાશ્વત સત્ય છે એમ જોરપૂર્વક કહેતી રહે છે, અને એ વસ્તુ તે આપણા સર્વ-વિભેદક માનસિક તર્કશાસ્ત્રની ભાષામાં રજૂ કરે છે. આ રીતે, આપણે અદ્વૈત રૂપ ચેતનાના એકમાત્ર સત્ય ઉપર ભાર મૂકતા રહીને એ દિવ્ય એકતાની લીલાનો સ્વીકાર કરીએ છીએ, અને આપણી મનોમયતા એ લીલાને ભૂલથી એક સાચા ભેદ તરીકે ઘટાવી લે છે. પરંતુ મનની આ ભૂલને આપણે એક વધુ ઉચ્ચ તત્ત્વના સત્ય દ્વારા સુધારી લઈને સંતુષ્ટ થવાને બદલે આપણે એમ ભારપૂર્વક કહીએ છીએ કે આ લીલા પોતે જ એક ભ્રાંતિ છે. અથવા તો, બહુરૂપતામાં પરમ અદ્વૈતરૂપ તત્ત્વની લીલા ઉપર ભાર મૂકીને આપણે એક મર્યાદિત એકતાનો એકરાર કરીએ છીએ અને વ્યક્તિરૂપ આત્મા તે પરમાત્માનું એક આત્મા-રૂપ છે એમ ગણીએ છીએ, પણ એમાં પછી આપણે એમ ભાર મૂકીએ છીએ કે આ રીતનું મર્યાદિત સત્ તત્ત્વ એ જ શાશ્વત વસ્તુ છે, અને આપણને એક મર્યાદિત અદ્વૈતમાં રહેતી એક વિશુદ્ધ ચેતનાની જે અનુભૂતિ થાય છે તેનો સાવ ઇનકાર કરી દઈએ છીએ. અથવા તો વળી, આપણે ભેદની લીલા ઉપર ભાર મૂકીએ છીએ અને એમ કહીએ છીએ કે પરમાત્મા અને માનવ આત્મા શાશ્વત કાળથી જુદા જ છે અને આ ભેદથી ઉપર ચાલી જતી તથા એ ભેદનો નાશ કરી આપતી હોય તેવી દેખાતી જે અનુભૂતિ થાય છે તેની સત્યતાનો ઇનકાર કરીએ છીએ. પરંતુ આપણે હવે સુદૃઢ રીતે એક દૃષ્ટિમાં પહોંચ્યા છીએ અને એ દૃષ્ટિ આપણને આ નકારો અને એકાંગી વિધાનોની આવશ્યકતામાંથી મુક્ત કરી આપે છેઃ આપણે જોઈએ છીએ કે આ બધાં વિધાનોની પાછળ એક સત્ય રહેલું તો છે જ, પણ સાથે સાથે તેમાં એક અતિશયોક્તિ રહેલી છે

અને એમાંથી આપણે એક બેહૂદા પાયાવાળો નકાર કરવા લાગીએ છીએ. તો આપણે હવે, આ પૂર્વે કહી ગયા તે મજુબ, એમ કહીશું કે પેલું પરમ તત્ત્વ तत् એ જ એક માત્ર પરમ અનન્ય તત્ત્વ છે, એ પરમ તત્ એકતા વિષેના આપણા ખ્યાલોથી મર્યાદિત નથી, તેમ જ બહુતા વિષેના આપણા ખ્યાલોથી મર્યાદિત નથી. વળી આપણે કહીશું કે આ એકતા-આ અદ્વૈત તે બહુતાના-દ્વૈતના આવિર્ભાવ માટે એક પાયા તરીકે આવી રહેલી વસ્તુ છે અને આ જે બહુતા છે તે એકતામાં પાછા પહોંચવા માટેનો પાયો છે, તથા પ્રભુના દિવ્ય આવિર્ભાવમાં રહેલી એકતાને માણવા માટેનો પાયો છે. આપણા આ કથન ઉપર હવે આ બધી ચર્ચાઓ આપણે લાદીશું નહિ, અથવા તો પ્રભુની દિવ્ય અનંતતાને જે પરમ સ્વતંત્રતા રહેલી છે તેને આપણા મનોમય ભેદો અને વ્યાખ્યાઓને આધીન કરવાની વ્યર્થ મહેનત આદરીશું નહિ.

પ્રકરણ ૧૭

દિવ્ય આત્મા

यस्मिन सर्वाणि भूतान्यात्मैवाभूद् विजानतः।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ।।

ईश उपनिषद् ७

જેનો આત્મા સર્વ ભૂત રૂપ બની ગયો છે, કેમકે એને જ્ઞાન પ્રાપ્ત થયું છે, એવા પુરુષને, જેને સર્વત્ર એકત્વ દેખાય છે તેને, કેવી રીતે મોહ (ભ્રાંતિ) થશે, કેવી રીતે શોક થશે?

ઈશ ઉપનિષદ ૭

આપણે હવે અતિમનસ વિષેનો ખ્યાલ સાકાર કરી લીધો છે, આપણને એ દેખાયું છે કે એ અતિમનસ આપણું માનવ જીવન જે મનોમયતા ઉપર બંધાયેલું છે તે મનોમયતાથી એક ઊલટી જ વસ્તુ છે, એટલે એમાંથી આપણે હવે દિવ્યતા તથા દિવ્ય જીવન વિષે, કોઈ અસ્પષ્ટ નહિ પણ સુસ્પષ્ટ ખ્યાલ મેળવી શકીએ છીએ,- આ શબ્દો, 'દિવ્યતા', 'દિવ્ય જીવન', તો એવા છે કે આવા કોઈ જ્ઞાન વિના આપણે તેમને શિથિલ રીતે તેમ જ એક લગભગ અગ્રાહ્ય એવી અભીપ્સાના એક અસ્પષ્ટ શબ્દાકાર તરીકે વાપરવાની દુર્દશા ભોગવવી પડે છે,- એટલું જ નહિ, પણ આ વિચારોને આપણે દાર્શનિક વિચારણાનો એક સુદૃઢ પાયો આપી શકીએ છીએ, એ વિચારોને માનવતા અને માનવ જીવન સાથે,-અને અત્યારે તો આપણે માટે માત્ર આ જ સ્થિતિનો અનુભવ સુલભ રહેલો છે,-એક સ્પષ્ટ સંબંધમાં મૂકી શકીએ છીએ, અને આપણી જે આશા અને અભીપ્સા છે તે સાચી છે એમ પણ, જગત જે રીતનું બનેલું છે તેના જ આધારે, અને આ વિશ્વ ઘટનામાં આપણે ભૂતકાળમાં જે અવસ્થામાં રહ્યા છીએ, અને આપણી વિકાસગતિનું જે અનિવાર્ય ભાવિ આવવાનું છે તેના પરથી, ઠેરવી શકીએ છીએ, હવે આપણે બુદ્ધિની રીતે એ વસ્તુ ગ્રહણ કરવા લાગીએ છીએ કે પ્રભુ તે શું છે, શાશ્વત વાસ્તવિકતા તે શું છે, અને આપણે એ સમજવા લાગીએ છીએ કે એમાંથી જગત કેવી રીતે બની આવ્યું છે. વળી આપણે એ પણ જોવા લાગીએ છીએ કે જે વસ્તુ પ્રભુમાંથી બહાર આવી છે તેણે કેવી અનિવાર્ય રીતે પાછા પ્રભુમાં પહોંચવાનું રહે છે. તો આપણે

હવે એ પ્રશ્ન કરી શકીએ છીએ, અને એ પ્રશ્ન લાભકારક પણ બનશે તથા તેનો વધારે સ્પષ્ટ જવાબ મળવાની તક પણ આમાં રહેશે, કે આપણે પ્રભુમાં પહોંચીએ, અને તે માત્ર આપણા પોતાના સ્વરૂપની ગહનતાઓમાં એક એકલવાયા અને આનંદમય સાક્ષાત્કાર દ્વારા જ નહિ પરંતુ આપણી પ્રકૃતિમાં તથા આપણા જીવનમાં તેમ જ બીજાઓ સાથેના આપણા સંબંધોમાં પણ આપણે પ્રભુને પામી શકીએ એ માટે આપણે કઈ રીતે પરિવર્તન પામવું જોઈએ તથા કયા સ્વરૂપે બની રહેવું જોઈએ. બેશક, આપણી વિચારભૂમિકામાં હજી એક ખામી રહેલી છે; કેમકે અત્યાર સુધી આપણે પ્રભુએ મર્યાદિત પ્રકૃતિ પ્રતિ જે અવતરણ સાધ્યું છે તે અવતરણમાં તે કેવા રહેલા છે તેની વ્યાખ્યા આપણા માટે બાંધવાનો પ્રયત્ન કરતા રહ્યા છીએ, પરંતુ આપણે પોતે ખરેખર જે અવસ્થામાં છીએ એ તો વ્યક્તિની અંદર રહેલા પ્રભુ મર્યાદિત પ્રકૃતિમાંથી બહાર નીકળી પોતાની મૂળ દિવ્યતા પ્રત્યે જે આરોહણ કરી રહેલા છે તે આરોહણની અવસ્થા છે. આમ આ જે ગતિનો ભેદ છે તેમાંથી દેવોનું જીવન અને માનવનું જીવન એ બેની વચ્ચેનો ભેદ બની આવવો જોઈએ. દેવોનું જીવન એવું છે કે જેમાં એમણે પતન એ શું છે એ કદી પણ જાણ્યું નથી. અને માનવનું જીવન એવું છે કે જેમાં તે એક મુક્ત વ્યક્તિ બની રહે છે, પોતે ગુમાવેલા દેવત્વનો વિજેતા બને છે, તેણે છેલ્લામાં છેલ્લી હદ સુધીના અવતરણનો જે સ્વીકાર કર્યો છે તેમાંથી તેને જે અનુભવ પ્રાપ્ત થયો છે તેમ જ સંભવ છે કે તેણે જે નવી સમૃદ્ધિઓ પ્રાપ્ત કરી હશે તે પણ તે પોતાની ભીતરમાં ધારણ કરી રહેલો છે. આમ છતાં, આ બંનેનાં, દેવ અને માનવનાં મૂળ લાક્ષણિક તત્ત્વોમાં ભેદ હોઈ શકતો નથી, એમની વચ્ચે માત્ર બાહ્ય ઢાળ અને રંગછાયામાં જ ભેદ રહે છે. તો હવે આપણે જે નિર્ણયો ઉપર પહોંચ્યા છીએ તેના પાયા ઉપર એમ કહી શકીએ છીએ કે જે દિવ્ય જીવન પ્રત્યે આપણી અભીપ્સા વહી રહી છે તેનું ખરેખરું મૂળ સ્વરૂપ કેવું હશે.

તો દિવ્ય આત્માનું સ્વરૂપ કેવું હશે, દિવ્ય આત્મા એટલે કે આત્મતત્ત્વનું જડતત્ત્વમાં પતન થાય અને સ્થૂલ પ્રકૃતિ આત્મા ઉપર પોતાનું ગ્રહણ નાખે અને એને લીધે આત્મા અવિદ્યામાં ઊતરી આવે એવું જેને બન્યું નથી હોતું એવો આત્મા, એ દિવ્ય આત્માનું સ્વરૂપ કેવું હશે? એ આત્મા વસ્તુઓના મૂળ સત્યમાં રહેતો હોય, અવિચ્છેદ્ય એવી એકતામાં રહેતો હોય, પ્રભુનું પરમ સત્ તત્ત્વ પોતે જેમ રહેતું હોય છે તેમ જે પોતાના જ અનંત સ્વરૂપના જગતમાં રહેતો હોય, પરંતુ દિવ્ય માયાની લીલાને લીધે તેમ જ આંતર્ગ્રાહક તથા બહિર્ગ્રાહક એવી ઋત-ચેતનાની સ્પષ્ટ ક્રિયાને

લીધે તે પ્રભુથી ભિન્નતાનો તેમ જ સાથે સાથે પ્રભુ સાથે એકતાનો આનંદ માણી શકતો હોય તથા પોતાને અનેક રૂપોમાં પ્રગટ કરનાર પરમ અદ્વૈત તત્ત્વની અનંત લીલામાં આવી રહેલ બીજા દિવ્ય આત્માઓ સાથે ભેદને ભેટી શકતો હોય અને છતાં એકત્વને પણ અનુભવતો હોય એવા આત્માની ચેતના કેવી હશે?

એ વાત દેખીતી જ છે કે સચ્ચિદાનંદની ચાલી રહેલી સભાન લીલામાં આવા આત્માનું અસ્તિત્વ હમેશાં એક સ્વતઃ-પરિપૂર્ણ પ્રકારનું હશે. એ આત્મા તેની પોતાની સત્ રૂપની અવસ્થામાં એક વિશુદ્ધ અને અનંતરૂપ સ્વયંભૂ તત્ત્વ તરીકે રહેતો હશે, એ આત્મા એના આવિર્ભવનની ગતિમાં અમર જીવનની એક મુક્ત લીલા રૂપે રહેતો હશે. એ જીવન ઉપર શરીરનું મૃત્યુ અને જન્મ અને પરિવર્તનના હુમલા નહિ થતા હશે, કેમકે તેના ઉપર અવિદ્યાનાં વાદળ ચડેલાં હશે નહિ તથા આપણા સ્થૂલ સ્વરૂપના અંધકારમાં તે અટવાઈ ગયેલો નહિ હશે. એ આત્મા પોતાની શક્તિમાં એક વિશુદ્ધ અને અમર્યાદિત ચેતના રૂપે હશે, એના પાયામાં તે એક શાશ્વત અને તેજોમય પ્રશાંતિમાં ગોઠવાયેલો હશે, છતાં તે જ્ઞાનનાં રૂપો સાથે તેમ જ સચિત્ શક્તિનાં રૂપો સાથે મુક્તપણે રમી શકતો હશે. એ પ્રશાંત હશે, મનની ભૂલોના સ્ખલનથી તેમ જ આપણી માથાકૂટ કરી રહેલી સંકલ્પશક્તિની ચ્યુતિઓથી તેના પર કશી અસર થતી નહિ હશે, કેમકે એ સત્ય અને એકત્વમાંથી કદી દૂર હટી જતો હોતો નથી, એ પોતાના દિવ્ય અસ્તિત્વમાં રહેલા નૈસર્ગિક પ્રકાશમાંથી અને સ્વાભાવિક સુસંવાદમાંથી કદી પતન પામેલો હોતો નથી. અને છેવટે, એ દિવ્ય આત્મા પોતાની શાશ્વત સ્વાનુભૂતિમાં એક શુદ્ધ અને અચ્છેદ્ય આનંદ રૂપ હશે અને કાળની અંદર તે આનંદની એક મુક્ત વિવિધ ગતિ રૂપે હશે, આપણામાં અણગમાને લીધે, તિરસ્કાર, અસંતોષ તથા વેદનાને લીધે જે વિકૃતિઓ જન્મતી હોય છે એ એનામાં થતી નહિ હશે, કેમકે એ પોતે પોતાના સત્ રૂપમાં અવિભક્ત હોય છે, ભૂલો કરતી સંકલ્પશક્તિથી તે મૂંઝાયેલો હોતો નથી, કામનાના અજ્ઞાનમય ઉશ્કેરાટથી તે વિકૃત બનેલો હોતો નથી.

એની ચેતના અનંત સત્યના કોઈ પણ ભાગમાંથી પરાઙ્મુખ બનેલી નહિ હોય, અથવા તો તે બીજાઓની સાથેના પોતાના સંબંધોમાં જે કોઈ ભાવ કે અવસ્થા ધારણ કરે તેથી તે મર્યાદિત બનેલો નહિ હોય, અથવા તો તેણે એક કેવલ દૃશ્યરૂપ વ્યક્તિત્વ ધારણ કર્યું હશે તેમ જ વ્યવહાર પૂરતો ભેદની લીલાનો સ્વીકાર કર્યો હશે

તેને લીધે તેના સ્વાત્મ-જ્ઞાનનો લોપ થઈ જશે એવું નહિ બને. એ પોતાને વિષેની જે અનુભૂતિ પામતો હશે તેમાં તે શાશ્વત રીતે પરમ તત્ત્વના સાંનિધ્યમાં જ રહેતો હશે. આપણા માટે તો પરમ તત્ત્વ એક અનિર્વચનીય સત્ તત્ત્વના એક બૌદ્ધિક ખ્યાલ જેવું જ માત્ર હોય છે. બુદ્ધિ આપણને માત્ર એટલું જ કહે છે કે જગતની ઊંચામાં ઊંચી વસ્તુથી પણ પર, **परात्पर** એવું એક બ્રહ્મ છે, એક અજ્ઞેય તત્ત્વ છે અને તે પોતાની જાતને આપણી જ્ઞાનની રીત કરતાં એક બીજી રીતે જ જાણતું હોય છે. પરંતુ આ બુદ્ધિ આપણને આ પરાત્પરના સાંનિધ્યમાં લઈ જઈ શકતી નથી. આથી ઊલટું, દિવ્ય આત્મા તો વસ્તુઓના સત્યમાં જ રહેતો હોય છે અને તેને પોતે પરમ તત્ત્વનો એક આવિર્ભાવ છે એવું સભાન જ્ઞાન હંમેશા રહેતું હોય છે. એનું પોતાનું જે અવિકારી સત્ સ્વરૂપ છે તે તેને પેલા પરાત્પરનુ,-સચ્ચિદાનંદનુ મૂળ 'સ્વ-રૂપ' છે એમ જણાતું રહેશે, એના સચિત્ એવા સત્ સ્વરૂપની જે લીલા છે તે પેલા પરમ **तत्** તત્ત્વે સચ્ચિદાનંદનાં રૂપોમાં જે આવિર્ભાવ સાધેલો છે તે છે એમ તે જાણશે. એને પોતાની જ્ઞાનની હરેક અવસ્થા કે ક્રિયામાં એવી સભાનતા રહેશે કે પેલું જે પરમ અજ્ઞેય તત્ત્વ છે તે પોતે જ આ રીતે વિવિધ રૂપ બની શકતા સ્વવિષયક જ્ઞાનના એક રૂપ દ્વારા પોતાની જાતને ઓળખી રહ્યું છે. એની પોતાની બલની, સંકલ્પની કે શક્તિની હરેક અવસ્થા કે ક્રિયામાં એવી સભાનતા રહેશે કે પેલું પરાત્પર તત્ત્વ પોતે જ આ રીતે સત્ તત્ત્વની તથા જ્ઞાનની એક સભાન શક્તિના રૂપ દ્વારા પોતાની જાતને જ ધારણ કરી રહ્યું છે. એને પોતાની હર્ષ, આનંદ કે પ્રેમની હરેક અવસ્થા કે ક્રિયામાં એવી સભાનતા રહેશે કે પેલું પરાત્પર તત્ત્વ પોતે જ સભાન એવા સ્વાનંદાનુભવના એક રૂપ દ્વારા પોતાની જાતને આલિંગી રહ્યું છે. એ દિવ્ય આત્માને પરમ તત્ત્વનું આ જે સાંનિધ્ય અનુભવાય છે તે તેને અવાર-નવાર થતી રહેતી એક અનુભૂતિ રૂપે જ નહિ હોય, અથવા તો તેના સ્વરૂપની સામાન્ય અવસ્થા ઉપર ઉપરની દિશાએથી મુકાયેલા એક ઉમેરા રૂપે કે પ્રાપ્તિ રૂપે કે અંતિમ સ્થિતિ રૂપે નહિ હોયઃ એ સાંનિધ્ય તો આ આત્માને માટે તેના સ્વરૂપના, અદ્વૈત તેમ જ દ્વૈત બંને અવસ્થાઓમાં રહેલા છેક પાયા રૂપે જ હશે; એ સાંનિધ્ય તેના જ્ઞાનની સર્વ ક્રિયામાં, સંકલ્પની સર્વ ક્રિયામાં, તેની સર્વ પ્રવૃત્તિમાં તથા આનંદોપભોગમાં હાજર રહેશે. એ સાંનિધ્ય એ આત્માના કાલાતીત સ્વરૂપમાં કે કાળની કોઈ પણ ક્ષણમાં ગેરહાજર નહિ હશે, એના સ્થલાતીત સત્ સ્વરૂપમાં કે તેના વિસ્તારીત સત્ સ્વરૂપના

કોઈ પણ નિર્માણમાં તે ગેરહાજર નહિ હશે, સર્વ કારણોથી અને પરિસ્થિતિથી પર એવી આ અનિયંત્રિત વિશુદ્ધિમાં કે પછી પરિસ્થિતિ, અવસ્થા અને કાર્યકારણતાના કોઈ પણ સંબંધમાં તે ગેરહાજર નહિ હશે, પરમ તત્ત્વનું આ સતત વિદ્યમાન એવું સાંનિધ્ય આ આત્માનું અનંત સ્વાતંત્ર્ય અને આનંદના પાયા રૂપ બની રહેશે, એ સાંનિધ્ય તેને લીલાની અંદર તેનું સુમિશ્રિત સ્થાન મેળવી આપશે તથા તેના દિવ્ય સ્વરૂપનાં જે મૂળ છે, તેના રસ અને તેનું જે સારતત્ત્વ છે તે તેને એમાંથી જ મળી રહેશે.

વળી આવો દિવ્ય આત્મા સચ્ચિદાનંદના શાશ્વત અસ્તિત્વનાં બે રૂપોમાં, એટલે કે, પરમ તત્ત્વ પોતાની જાતને પ્રગટ કરવાની ક્રિયામાં જે બે અવિચ્છેદ્ય એવા છેડાઓમાં, કે જેને આપણે 'એક' અને 'બહુ' કહીએ છીએ, તેમાં પહોંચે છે તે બંને રૂપોમાં એકી સાથે રહેતો હશે. ખરી રીતે વિશ્વમાં આવી રહેલું સર્વ સત્ તત્ત્વ આ પ્રમાણે જ રહેતું હોય છે; પરંતુ આપણી ભેદમાં પડેલી આત્મ-સભાનતાને આ બેની વચ્ચે એક અસંગતતા, એક અખાત દેખાય છે અને તેમાંથી આપણે બેમાંથી એકની પસંદગી કરવાની ફરજ પડે છે, કાં તો આપણે પરમ અદ્વૈતની પ્રત્યક્ષ અને સમગ્ર ચેતનામાંથી દેશનિકાલ થઈને બહુતામાં રહેવું પડે છે અથવા તો બહુની સચેતનતાનો ઈનકાર કરતા અદ્વૈતમાં રહેવું પડે છે. પરંતુ દિવ્ય આત્મા આ રીતના વિચ્છેદ અને દ્વૈતનો દાસ બનશે નહિ. એ પોતાની અંદર એકી સાથે અનંત આત્મ-એકાગ્રતા તથા અનંત આત્મ-વિસ્તારણા અને વિસ્ફુરણાનું ભાન અનુભવતો રહેશે. એ એકી સાથે એમ જોશે કે પેલું પરમ અદ્વૈતરૂપ તત્ત્વ પોતાની એકસ્વરૂપી ચેતનામાં રહ્યું રહ્યું અગણિત બહુતાને જાણે કે એક શક્યતા રૂપે, અપ્રગટ રૂપે ધારણ કરી રહ્યું છે,-અને એ તત્ત્વ અપ્રગટ છે એટલા કારણે એ અવસ્થાની આપણને થતી મનોમય અનુભૂતિને એ બહુતા અસ્તિત્વ વિનાની બની રહેતી હોય છે,- અને વળી એ એમ પણ જોશે કે પેલું પરમ અદ્વૈત રૂપ તત્ત્વ પોતાની વિસ્તારિત ચેતનામાં બહુતાને પોતાના સભાન એવા સત્ રૂપની, પોતાના સંકલ્પ અને આનંદની લીલા તરીકે તે બહાર ફેંકાયેલી હોય અને સક્રિય બનેલી હોય એવી રીતે ધારણ કરી રહ્યું છે. વળી એને એવી જ રીતે એ વાત પણ દેખાશે કે જગતનાં આ બહુ તત્ત્વો પેલા પરમ એક તત્ત્વને, કે જે તેમના અસ્તિત્વનું શાશ્વત મૂલ તેમ જ વાસ્તવિકતા છે તેને, સદાય પોતાની તરફ ખેંચી રહ્યાં છે તેમ જ એ બહુ તત્ત્વો પેલા પરમ એક તત્ત્વ પ્રત્યે, કે જે તેમની ભેદની સકળ લીલાની એક શાશ્વત અંતિમ ગતિ છે

તથા તે લીલાની આનંદમય આધારભૂમિ છે એ પ્રત્યે, આકર્ષાઈને સતત ઊંચે ચડી રહ્યાં છે. વસ્તુઓને જોવાની આ જે વિશાળ દૃષ્ટિ છે એ જ ઢાળમાં પેલી ઋત-ચેતના ઢળાયેલી છે, વેદના ઋષિઓએ ગાયેલા પેલા બૃહત્ સત્ય અને ઋતનો એ જ પાયો છે; આ બધી વિરોધોથી ભરેલી વસ્તુઓની આ જે એકતા છે એ જ સાચું અદ્વૈત છે, પરમ અજ્ઞેય તત્ત્વના જ્ઞાનનો જ્ઞાતા એવો એ પરમ શબ્દ છે.

દિવ્ય આત્મા એમ જાણતો હશે કે સત્ તત્ત્વનાં, ચેતનાનાં, સંકલ્પશક્તિ તથા આનંદનાં જે જે કાંઈ વિધવિધ રૂપો છે તે સર્વે પેલી પોતામાં એકાગ્ર રહેલી અદ્વૈતરૂપ ચેતનાની જ એક બહાર છલકાઈ આવતી ક્રિયા છે, એના વિસ્તારની, એના વિસ્ફુરણની ગતિ છે. એ ચેતના પોતાની જાતને વિકાસની ગતિમાં મૂકી રહી છે, પણ તેમાં તે ભેદ અને વિચ્છેદમાં પહોંચતી નથી, પરંતુ એક બીજા અદ્વૈતમાં, એના અનંત અદ્વૈતના એક વિસ્તારિત રૂપમાં પહોંચતી હોય છે. એ દિવ્ય આત્મા તેના પોતાના સ્વરૂપના મૂળતત્ત્વમાં હંમેશાં અદ્વૈતમાં એકાગ્ર બનેલો હશે, તેમ જ એના સ્વરૂપના વિસ્તરણમાં તે હંમેશા વિવિધતામાં આવિર્ભાવ પામેલો હશે. એ આત્માની પોતાની અંદર જે જે વસ્તુ સાકાર બનતી હોય છે તે પેલા પરમ એકરૂપ તત્ત્વની આવિર્ભાવ પામેલી સંભાવ્યતાઓ હશે, અનામી મૌનમાંથી રણઝણતો બહાર આવતો શબ્દ કે નામ હશે, રૂપરહિત મૂળતત્ત્વને સાક્ષાત્ કરતું રૂપ હશે, શાંતિમય શક્તિમાંથી બહાર વહી આવતો સક્રિય સંકલ્પ અથવા સક્રિય શક્તિ હશે, કાલાતીત સ્વાત્મ-સંવિદના સૂર્યમાંથી ચમકી આવતું આત્મ-પરિચયનું કિરણ હશે, શાશ્વત રીતે આત્મ-સભાન એવા પરમ સત્ તત્ત્વમાંથી આત્મ-સભાન અસ્તિત્વના આકારમાં ઉપર ઊઠી આવતા આવિર્ભાવનું મોજું હશે, શાશ્વત સ્થિર પરમ આનંદમાંથી સદાયે છલકાતો રહેતો આનંદ અને પ્રેમ હશે. એ દિવ્ય આત્મા પેલું દ્વિરૂપ પરમ તત્ત્વ પોતાના સ્વાત્મ-પ્રકટીભવનમાં જે બને છે તે હશે, અને તેમાં જે જે સાપેક્ષતા રહી હશે તે પ્રત્યેક સાપેક્ષતા તે તે સાપેક્ષતાને માટે તો એક પરમ અનન્ય વસ્તુ જ હશે, કેમકે એ સાપેક્ષતાને એ જ્ઞાન રહેલું હોય છે કે પોતે પેલું જે પરમ તત્ત્વ આવિર્ભાવ પામેલું છે તે જ છે, પરંતુ એનામાં એવું કોઈ અજ્ઞાન નહિ હોય કે જે બીજી સાપેક્ષ વસ્તુઓને પોતા કરતાં કોઈ અજાણી વિજાતીય વસ્તુઓ સમજીને કે પોતાના કરતાં ઓછી સંપૂર્ણ વસ્તુઓ સમજીને તેમને બાકાત રાખતું હશે.

છે તેમની દ્વારા પણ એ પરમ વાસ્તવિકતા પોતાની જાતને પ્રગટ કરે છે. જડવાદીઓના સિદ્ધાંતોની મર્યાદાઓ ઓળંગ્યા પછી જ, તથા પ્રાણ, મન અને અતિમનસની લાક્ષણિક ઘટનાઓનો સૂક્ષ્મતાથી અભ્યાસ કર્યા પછી જ આપણે એ ઉચ્ચતમ તો નહિ પણ વધારે ઉચ્ચ જ્ઞાન-પ્રાપ્તિના અધિકારી થઈએ છીએ. નહિ કે એ ઉચ્ચ તત્ત્વો જડ પદાર્થ જોડે જે ગૌણ ક્રિયાઓ દ્વારા જોડાય છે તેમાં જ માત્ર બંધાઈ રહેવાથી.

જે અજ્ઞાત છે તે અજ્ઞેય નથી અને તે આપણે માટે અજ્ઞાત રહે એવું પણ આવશ્યક નથી. અલબત્ત, આપણે પોતે અજ્ઞાન રહેવા માગીએ, અગર તો સ્થૂલ જીવનના બંધનથી પર ન જ જવા ઈચ્છીએ તો જુદી વાત છે. જે જે વસ્તુઓ આપણે જાણી શકીએ તેમ છીએ તે દરેક વસ્તુને જાણવાને પર્યાપ્ત શક્તિઓ પણ આપણા બ્રહ્માંડમાં આવી રહેલી છે. વળી માણસનો પિંડ પણ એવી રીતે બંધાયેલો છે કે તેમાં એ જ્ઞાન મેળવવાની શક્તિઓ વાસ કરી રહેલી હોય છે પણ વિકાસની ચોક્કસ અવસ્થામાં જ એ શક્તિઓ પ્રગટ થઈ શકે છે. આપણે તેનો વિકાસ કરવાનું નાપસંદ કરીએ અને જ્યાં તેનો કંઈક અંશે વિકાસ થયો હોય તેને ઉત્તેજન ન આપીએ અને ઉપયોગ કર્યા વગર તેમને કુંઠિત કરી નાખીએ યા તો સૂકવી નાખીએ એ શક્ય છે. પરંતુ વસ્તુતઃ દરેક જાતનું શક્ય જ્ઞાન માનવજાતને માટે સાધ્ય છે. અને જ્યારે કુદરતે માનવ પ્રકૃતિમાં આત્મ સાક્ષાત્કાર માટેની અભીપ્સા અવિભાજ્ય રીતે મૂકેલી જણાય છે, ત્યારે આપણી શક્તિઓને અમુક જ હદની અંદર જકડી રાખવાના બુદ્ધિના ધમપછાડા સદાને માટે ફળીભૂત થઈ શકશે નહિ એ નિર્વિવાદ છે. વળી આપણે પદાર્થતત્ત્વને પુરવાર કરીને તેની છૂપી શક્તિઓનું જ્ઞાન મેળવીશું, ત્યારે જે જ્ઞાને અલ્પ કાળ માટે તે બંધનમાં રહેવાનું પસંદ કર્યું છે તે જ જ્ઞાન આપણને વેદના તપસ્વીઓની માફક ઉચ્ચ સ્વરે કહેશે 'અગાડી વધો અને નવાં ક્ષેત્રોમાં પણ આગળ ધપો.'*

આધુનિક જડવાદ કેવળ સ્થૂલ જીવનને બુદ્ધિ વગરની અનુમતિ આપતો હોત તો પ્રગતિ ઘણા લાંબા કાળ માટે અટકી જાત. પરંતુ જડવાદના અંતરમાં જ જ્ઞાનની શોધ

---

* **उत ब्रुवन्तु नो निदो ''निरन्यतश्चिदारत''।**
दधाना इन्द्र इद्दुवः ।।ઋગ્વેદ ૧.૪.૫

વિસ્તરણની ક્રિયામાં દિવ્ય આત્માને અતિમાનસ સત્ તત્ત્વની ત્રણ કક્ષાઓનું ભાન રહેલું હશે, પણ તે આપણને અતિમનસ સત્‌ને જે રીતે જોવાની મનોમય રીતની ફરજ પડે છે તે પ્રકારનું દર્શન નહિ હોય, એ કક્ષાઓ દિવ્ય આત્માને કક્ષાઓ રૂપે નહિ દેખાય, પણ સચ્ચિદાનંદના સ્વાત્મ-આવિર્ભાવની એક ત્રિપુટ હકીકત તરીકે દેખાશે. એ આત્મા આ ત્રણે કક્ષાઓને એક જ રીતના સર્વગ્રાહી આત્મ-સાક્ષાત્કારમાં પોતામાં લઈ શકશે,-કેમકે એક વિશાળ સર્વગ્રાહિતા એ ઋત-ચિત્ એવા અતિમનસનો પાયો છે. એ આત્મા સર્વ પદાર્થો તે પરમ આત્મ રૂપે છે, તેના પોતાના આત્મા રૂપે છે, સર્વના એક જ આત્મા રૂપે છે, પરમ આત્માનું સત્ રૂપ છે, પરમ આત્માનું આવિર્ભવન છે એમ દિવ્ય રીતે તે કલ્પી શકશે, જોઈ શકશે અને સમજી શકશે. પરંતુ આ આત્મતત્ત્વ પોતાનાં આવિર્ભવનોની ક્રિયામાં વિચ્છેદ પામી ગયેલું નહિ હોય. એ આવિર્ભવનોને એની પોતાની જે આત્મ-સભાનતા છે તેથી અન્ય એવું કોઈ અસ્તિત્વ હોતું નથી. એ આત્મા અસ્તિત્વમાં આવેલાં સર્વ તત્ત્વો તે પેલા પરમ એકરૂપ તત્ત્વનાં આત્મા-રૂપો છે એમ દિવ્ય રીતે કલ્પી શકશે, જોઈ શકશે અને અનુભવી શકશે. એ આત્મા-રૂપને પેલા પરમ એકરૂપ તત્ત્વમાં તેનું પોતાનું સ્વરૂપ હોય છે, પેલા પરમ એકમાં એનું પોતાનું દૃષ્ટિબિંદુ હોય છે, અનંત એકતામાં વસી રહેલાં બીજાં સર્વ અસ્તિત્વો સાથે તેના પોતાના સંબંધો હોય છે, પરંતુ એ બધાં અસ્તિત્વો પેલા પરમ એકના આધારે જ આવી રહેલાં હોય છે, પોતાની અનંતતામાં વિરાજતા પરમાત્માનું પોતાનું જ સભાન રૂપ હોય છે. એ દિવ્ય આત્મા સર્વ અસ્તિત્વોનું જે વ્યક્તિગત રૂપ છે, વ્યક્તિરૂપ બનેલા પ્રભુ તરીકે જીવતાં તેમનું પોતાનું જે આગવું દૃષ્ટિબિંદુ હોય છે તે દિવ્ય રીતે કલ્પી શકશે, જોઈ શકશે અને અનુભવી શકશે. એ દરેક વ્યક્તિ રૂપમાં એકરૂપ ને પરમ એવા પ્રભુ નિવાસ કરી રહેલા હોય છે, અને તેથી એ પ્રત્યેક તે માત્ર એક રૂપ હોય કે છાયા હોય એવું હોતું નથી, એક વાસ્તવિક એવા સમગ્ર તત્ત્વનો ખરેખર એક ભ્રાંતિરૂપ અંશ હોય, એક ગતિરહિત સ્થિર સમુદ્રની સપાટી ઉપર ઊઠતો એક ફીણવાળો તરંગ હોય એમ હોતું નથી,-કેમકે આ બધી તો છેવટે અપર્યાપ્ત એવી મનોમય છબીઓ જ છે,- પરંતુ એ પ્રત્યેક વ્યક્તિરૂપ તે સમગ્રની અંદર આવેલું એક સમગ્ર તત્ત્વ છે, અનંત સત્યની પુનરાવૃત્તિ કરતું એક સત્ય છે, આખાયે સમુદ્રરૂપ હોય એવું મોજું છે. એ એક સાપેક્ષ તત્ત્વ છે એ ખરું પરંતુ આપણે જ્યારે રૂપની પાછળ

નજર નાખીએ છીએ અને તેને તેની સમગ્રતામાં નિહાળીએ છીએ ત્યારે તે પોતે પેલું પરમ અનન્ય નિરપેક્ષ તત્ત્વ જ છે એમ સાબિત થઈને રહે છે.

કેમકે આ ત્રણ કક્ષાઓ તે પેલા એકમેવ સત્ તત્ત્વનાં પાસાંઓ છે. એમાંની પ્રથમ કક્ષા, આપણને માનવને થતા પ્રભુના સાક્ષાત્કારમાં જે આત્મ-જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને ઉપનિષદ જેને આપણામાં રહેલો આત્મા સર્વ અસ્તિત્વ રૂપે-ભૂતો રૂપે બનતો વર્ણવે છે, એ સ્વાત્મ-જ્ઞાનના ઉપર મંડાયેલી છે. બીજી કક્ષા તે જેને સર્વ અસ્તિત્વોને પરમ આત્મતત્ત્વમાં રહેલાં જોવાં એ રીતે વર્ણવવામાં આવેલું છે તેના ઉપર મંડાયેલી છે, ત્રીજી કક્ષા તે સર્વ અસ્તિત્વોની અંદર પરમ આત્મતત્ત્વને જોવું એ રીતે જે વર્ણવવામાં આવેલું છે તેના ઉપર મંડાયેલી છે. પરમ આત્મતત્ત્વ સર્વ પદાર્થો રૂપ બની રહે છે એ વસ્તુ સર્વની સાથે આપણી એકતાનો પાયો છે; એ આત્મતત્ત્વ સર્વ અસ્તિત્વમાં આવેલાં તત્ત્વોને પોતામાં ધારણ કરી રહ્યું છે એ ભેદમાં રહેલી આપણી એકતાનો પાયો છે; એ આત્મ તત્ત્વ સર્વની અંદર વસી રહેલું છે તે વિશ્વની અંદર આવી રહેલા આપણા વ્યક્તિત્વનો પાયો છે. આપણા માનસમાં જે એક ખામી રહેલી છે તેને લીધે, એ મનને માત્ર એક જ વસ્તુમાં એકાગ્ર બનવું પડે છે તેને લીધે તેને સ્વાત્મ-જ્ઞાનનાં આ પાસાંઓમાંથી બીજાં પાસાંઓને બાજુએ મૂકીને માત્ર એક જ પાસા ઉપર પોતાનું ધ્યાન જોડવાની ફરજ પડે છે. વળી આપણને જે અપૂર્ણ તેમ જ એકાંગી સાક્ષાત્કાર થાય છે તેને લીધે આપણે પરમ સત્યની પોતાની અંદર જ હંમેશાં ભૂલનું એક માનવ તત્ત્વ લઈ આવીએ છીએ, સર્વગ્રાહક એકતામાં આપણે સંઘર્ષ અને પરસ્પર ઈનકારનું તત્ત્વ લઈ આવીએ છીએ. પરંતુ જે દિવ્ય રીતની અતિમાનસ વ્યક્તિ છે તેને તો, અતિમનસ મૂળે તો એક સર્વગ્રાહી એકતા છે તેમ જ અનંત એવી સમગ્રતા છે તેને લીધે, આ બધી કક્ષાઓ એક ત્રિવિધ રીતના તેમ જ ખરેખર એક ત્રિપુટ રીતના સાક્ષાત્કાર રૂપે જ પ્રત્યક્ષ થતાં હોવાં જોઈએ.

આપણે જો એમ ધારીએ કે આ આત્મા વ્યક્તિરૂપ બનેલા પરમાત્માની ચેતનામાં પોતાનું અવસ્થાન લેતો હોય છે, ત્યાં પોતાનું કેન્દ્ર બનાવતો હોય છે, અને 'બીજાઓ' સાથે તે એક બરાબર સ્પષ્ટ સંબંધમાં રહેતો હોય છે તથા કર્મ કરતો હોય છે, તોપણ એ આત્મા પાસે તેની ચેતનાના પાયામાં, જેમાંથી સર્વ કાંઈ ઉત્થાન પામતું રહ્યું છે તેવી સંપૂર્ણ એકતા આવી રહેલી હશે, અને પોતાની એ ચેતનાની પૃષ્ઠભૂમિમાં એ

એકતાને તે વિસ્તારિત તથા હળવા બનેલા રૂપમાં ધારણ કરતો હશે, તેમ જ આમાંની કોઈ પણ અવસ્થામાં તે પાછો ફરી શકતો હશે તથા તેમાં રહીને પોતાના વ્યક્તિ રૂપનું ચિંતન કરી શકતો હશે. વેદમાં આ બધી અવસ્થાઓ દેવોને છે એમ કહેવામાં આવેલું છે. દેવો મૂળે તો એક જ સત્ તત્ત્વ છે કે જેને જ્ઞાનીઓ જુદાં જુદાં નામોથી ઓળખે છે. પરંતુ એ દેવોનો વ્યવહાર પેલા વિશાળ સત્ય અને ઋતના પાયા પર મંડાયેલો હોય છે, તેમ જ તેમાંથી તે બનતો રહેતો હોય છે. અને એ વ્યવહારમાં અગ્નિ અથવા બીજો કોઈ દેવ તે બીજા સર્વ દેવો રૂપે છે, એ દેવ જ પોતે પરમ અદ્વૈતરૂપ પરમાત્મા છે કે જે સર્વ દેવો રૂપે બને છે એમ કહેવામાં આવ્યું છે. વળી સાથે સાથે એમ પણ કહ્યું છે કે આ અગ્નિ સર્વ દેવોને પોતામાં ધારણ કરે છે, ચક્રની નાભિ આરાઓને પોતામાં ધારણ કરતી હોય છે તેવી રીતે, એ અગ્નિ સર્વને પોતામાં ધારણ કરનાર પરમ અદ્વૈતરૂપ પરમાત્મા જ છે. અને છતાં અગ્નિ તરીકે તે એક અલગ દેવતા છે એમ વર્ણવાયું છે, એ અગ્નિ બીજા સર્વ દેવોનો મદદ કરનાર છે, શક્તિ અને જ્ઞાનમાં તે સર્વ કરતાં વિશેષ છે છતાં વિશ્વની પરિસ્થિતિમાં તે બીજા દેવો કરતાં ઊતરતી કક્ષાએ છે, બીજા દેવો તેને દૂત તરીકે, પુરોહિત અને કામ કરનાર તરીકે પ્રયોજતા રહે છે,–જગતનો તે સ્રષ્ટા છે, એ પિતા છે, અને છતાં તે આપણાં કર્મોમાંથી જન્મતો પુત્ર છે, અર્થાત્, આ અગ્નિ તે સૌથી આદિમ અને આવિર્ભાવ પામેલો અંતર્નિવાસી આત્મા કિંવા પ્રભુ છે, સર્વમાં નિવાસ કરતા પરમ અદ્વૈતરૂપ પરમાત્મા છે.

આ દિવ્ય આત્માને પ્રભુ કિંવા તેના પોતાના પરમ આત્મસ્વરૂપ સાથે તેમ જ બીજાં રૂપોમાં રહેલાં તેનાં પોતાનાં અન્ય સ્વરૂપો સાથે જે કાંઈ સંબંધો હોય છે તે આ સર્વગ્રાહી સ્વાત્મ–જ્ઞાન દ્વારા જ નક્કી થતા હોય છે, આ સંબંધો તે સત્ તત્ત્વના હશે, ચેતના અને જ્ઞાનના હશે, સંકલ્પના અને શક્તિના, પ્રેમ અને આનંદના સંબંધો હશે. એ સંબંધોનું વૈવિધ્ય તો અનંત રીતનું હોઈ શકે છે, એટલે એ સંબંધોમાંથી આત્માનો આત્મા સાથેનો સંબંધ, એ સંબંધમાં ભેદાત્મકતાનો હરેક રીતનો દેખાવ હોવા છતાં તે એકતાનું એક અવિચ્છેદ્ય ભાન સચવાઈ રહે તેવી સ્થિતિવાળો હોય તો તેને, બાકાત રાખવાની જરૂર રહેતી નથી. આમ આ આત્માને આનંદની ભૂમિકાના જે સંબંધો હશે તેમાં તેને પોતાને થતા સર્વ અનુભવોનો આનંદ પોતાની જાતમાં અનુભવવાનો મળશે, વળી તેને બીજાઓ સાથેના જે સંબંધો છે તેનો આનંદ, વિશ્વની અંદરની વિવિધ

લીલાને ખાતર સરજાયેલાં અન્ય રૂપોમાં રહેલા અન્ય આત્માઓ સાથેના વ્યવહાર તરીકે અનુભવવાનો મળશે; તેમ જ એનાં પોતાનાં જે બીજા સ્વરૂપો છે તેના અનુભવો તે જાણે તેના પોતાના જ અનુભવો હોય-અને ખરેખર એ એમ જ હોય છે-એવી રીતે એ અનુભવોનો આનંદ માણવાનો મળશે. અને આ આત્મામાં આ બધી જે શક્તિ છે તેનું કારણ એ છે કે તેને એ ભાન રહેશે કે તેના પોતાના જે અનુભવો છે, બીજાઓ સાથે તેના જે સંબંધો છે અને બીજાઓને થતા જે અનુભવો છે તથા એ અનુભવોના તેની પોતાની સાથે જે સંબંધો છે તે સર્વ પેલા પરમ અદ્વૈત રૂપ તત્ત્વનો, અતિપરમ આત્મતત્ત્વનો, તેનો પોતાનો જ અખિલ આનંદ છે. આ આનંદ, આત્માએ આ બધાં જે રૂપોને પોતાના સ્વરૂપમાં ધારણ કરેલાં છે તે રૂપોમાં અલગ અલગ વાસ કરવાને લીધે, જુદો જુદો થઈ ગયેલો છે, છતાં ભેદની અંદર તે એક જ પ્રકારનો આનંદ છે. આ દિવ્ય આત્માને થતા સર્વ અનુભવોનો પાયો તે આ એકતા છે અને તેથી એ આત્મા આપણી અજ્ઞાન અને ભેદકારક અહંકારને લીધે વિભક્ત બનેલી ચેતનાના વિસંવાદોમાંથી મુક્ત રહેશે. આ બધાં આત્મ-સ્વરૂપો અને તેમના સંબંધો સભાન રીતે એકબીજાના હાથમાં લીલા કરતાં રહેશે. એ બધાં સ્વરૂપો એક શાશ્વત સંવાદમયતાના સંખ્યાતીત સૂરો હોય તેમ છૂટાં પડતાં રહેશે તેમ જ એક બીજામાં ઓગળી જતાં રહેશે.

આ જ નિયમ આ આત્માના સત્ રૂપને, જ્ઞાનને તથા સંકલ્પશક્તિને બીજા આત્માઓના સત્ રૂપ સાથે, જ્ઞાન તથા સંકલ્પશક્તિ સાથે જે સંબંધો છે તેને લાગુ પડશે. કેમકે એને જે જે કાંઈ અનુભવ તથા આનંદ પ્રાપ્ત થતાં રહેશે તે સત્ તત્ત્વની સ્વતઃ-આનંદમય એવી જે સભાન શક્તિ છે તેની એક લીલા જેવાં હશે, અને એ લીલામાં સંકલ્પશક્તિ તે એકતાના આ સત્યને આજ્ઞાધીન હોવાને લીધે જ્ઞાનની સાથે તે લડતી રહેશે નહિ, તેમ જ એ બંનેમાંથી એકે આનંદની સાથે લડતું રહેશે નહિ. તેમ જ વળી એક આત્માનું જ્ઞાન, સંકલ્પશક્તિ તથા આનંદ તે બીજા આત્માના જ્ઞાન, સંકલ્પ અને આનંદ સાથે ઝઘડતાં નહિ હશે, કારણ કે એ આત્માઓ પોતાની એકતાને વિષે સભાન હોવાને લીધે, જે વસ્તુ આપણા વિભક્ત સ્વરૂપમાં અથડામણ અને સંઘર્ષ અને વિસંવાદ રૂપ હોય છે તે ત્યાં એકમાત્ર અનંત સંવાદિતતાના ભિન્ન ભિન્ન સૂરોનું મિલન બની રહે છે, એકમેકની ગૂંથણી અને પરસ્પરની આંતર લીલા બની રહે છે.

આ આત્માને તેના પરમ આત્મ-સ્વરૂપ સાથે, પ્રભુ સાથે, જે સંબંધો છે તેમાં

તેને વિશ્વાતીત તથા વિશ્વરૂપ પ્રભુની તેના પોતાના સ્વરૂપ સાથેની આ એકતાનું ભાન રહેશે. એ આત્મા તેની પોતાની સાથે પ્રભુની જે એકતા છે તેને તે પોતાના વ્યક્તિગત સ્વરૂપમાં માણતો રહેશે તેમ જ વિશ્વરૂપતામાં આવી રહેલાં પોતાનાં બીજાં રૂપોમાં માણતો રહેશે. એના જે જ્ઞાનના સંબંધો છે તે પ્રભુની દિવ્ય સર્વજ્ઞતાની લીલા રૂપ હશે, કેમકે પ્રભુ તો જ્ઞાન રૂપ છે, અને જે વસ્તુ આપણા માટે અજ્ઞાન રૂપ છે તે પ્રભુની સભાન એવી સ્વાત્મ-જ્ઞપ્તિની વિશ્રામભરી અવસ્થામાં એ જ્ઞાનને પાછું ખેંચી રાખવાની જ એક ક્રિયા હોય છે, કેમકે એ ક્રિયાને લીધે પેલી સ્વાત્મ-જ્ઞપ્તિનાં અમુક રૂપોને પ્રકાશની ક્રિયામાં આગળ પડતાં લાવી શકાય છે. આ આત્માને જે સંકલ્પશક્તિના સંબંધો છે તે પ્રભુની દિવ્ય સર્વશક્તિમત્તાની લીલા રૂપ હશે, કેમકે પ્રભુ તો શક્તિ રૂપ છે, સંકલ્પ અને સામર્થ્ય રૂપ છે, અને જે વસ્તુ આપણા માટે દુર્બળતા અને અશક્તિ રૂપ હોય છે તે પ્રશાંત એકાગ્રિત શક્તિની અંદર સંકલ્પને પાછો ખેંચી રાખવાની એક ક્રિયા હોય છે, કેમકે એ ક્રિયાને લીધે દિવ્ય સચિત્-શક્તિનાં અમુક રૂપોને સામર્થ્યના રૂપની અંદર બહાર લાવવામાં આવતાં તે પોતાની જાતને સિદ્ધ કરી શકે છે. એ દિવ્ય આત્માના પ્રેમ અને આનંદના જે સંબંધો છે તે પ્રભુના દિવ્ય તીવ્રાનંદની લીલારૂપ હશે, કેમકે પ્રભુ તો પ્રેમ અને આનંદ રૂપ છે, અને જે વસ્તુ આપણા માટે પ્રેમ અને આનંદના ઇનકાર રૂપ હોય છે તે પરમાનંદના પ્રશાંત સમુદ્રમાં આનંદને પાછો ખેંચી રાખવાની એક ક્રિયા હોય છે, કેમકે એ ક્રિયાને લીધે દિવ્ય અદ્વૈત અને રસાસ્વાદનાં અમુક રૂપોને પરમાનંદના તરંગોના એક વેગીલા ઉછાળની અંદર આગળના ભાગમાં લાવવામાં આવે છે. આ પ્રમાણે દિવ્ય આત્મા જે કાંઈ આવિર્ભવન ધારણ કરતો હશે તે બધાં, આ બધી પ્રવૃત્તિઓના પ્રત્યુત્તર રૂપે પ્રભુ જે જે રૂપ ધારણ કરે છે તે રૂપ જ હશે, અને જે વસ્તુ આપણે માટે વિરામ, મૃત્યુ, વિનાશ રૂપે હોય છે તે સચ્ચિદાનંદના શાશ્વત સ્વરૂપમાં રહેલી આનંદમયી વિશ્વસર્જક માયાનો પોતાનો જ વિશ્રામ હશે, એનું જ અન્ય રૂપ હશે અથવા તો પોતાની જાતને પાછી ખેંચી રાખવાની ક્રિયા હશે. તો સાથે સાથે એવું પણ બનશે નહિ કે દિવ્ય આત્માને પ્રભુ સાથે આ જે એકરૂપતા છે તેને લીધે તેના પ્રભુ સાથેના, તેના પોતાના પરમ આત્મ-સ્વરૂપ સાથેના સંબંધો બંધ થઈ જશે. એ સંબંધો ભેદના આનંદના પાયા ઉપર બંધાયેલા હશે અને પ્રભુ સાથેની એકરૂપતાને જુદી રીતે માણવાને માટે આત્માએ એ એકતામાંથી પોતાની જાતને છૂટી પાડી લીધેલી હોય છે. વળી એમ

પણ થશે કે આ એકરૂપતાને લીધે, પ્રભુને માણવાનાં આ જે બધાં સુમનોહર રૂપો છે તે રૂપો રચાવાની શક્યતા પણ નાબૂદ થઈ જશે નહિ. એ રૂપો તો પ્રભુ-પ્રણયી આત્મા પ્રભુને પોતાના આશ્લેષમાં લેતાં જે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ રસાર્દ્રતા અનુભવે છે તે જ હોય છે.

પણ તો દિવ્ય આત્માનું આ પ્રકારનું જીવન જે પરિસ્થિતિઓમાં તથા જે પરિસ્થિતિઓ દ્વારા સાકાર બનવાનું હશે તે કઈ હશે? આપણને સંબંધનો જે કાંઈ અનુભવ થાય છે તે સત્ તત્ત્વની અમુક શક્તિઓ દ્વારા થતો હોય છે. એ શક્તિઓ આપણે જેને ગુણો, લક્ષણો, ક્રિયાઓ, કાર્યશક્તિઓ એવાં નામ આપીએ છીએ એવા કોઈ કારણ રૂપે પોતાને સાકાર કરતી હોય છે. દાખલા તરીકે, મન પોતાની જાતને, તેના પોતાના સ્વરૂપને લગતાં હોય એવાં મનઃશક્તિનાં રૂપો, જેવાં કે નિર્ણયશક્તિ, અવલોકન, સ્મૃતિ, સહાનુભૂતિ, તેની અંદર ઢાળી દેતું રહે છે. એવી જ રીતે ઋત-ચેતના કિંવા અતિમનસ, અતિમાનસ સ્વરૂપને લગતાં હોય તેવાં બળો, શક્તિઓ, ક્રિયાઓ દ્વારા આત્માના આત્માની સાથેના સંબંધોની રચના કરતું હોવું જોઈએ. એમ ન થતું હોય તો પછી ભેદસર્જનની કઈ લીલા જ સંભવે નહિ. અતિમાનસની આ ક્રિયાઓ કઈ છે તેનો વિચાર આપણે દિવ્ય જીવનની માનસિક પરિસ્થિતિઓનો વિચાર હાથમાં લઈશું ત્યારે કરીશું. અત્યારે તો આપણે દિવ્ય જીવનના માત્ર તાત્ત્વિક પાયાઓનો, તેના મૂળભૂત સ્વરૂપ ને સિદ્ધાંતોનો જ વિચાર હાથ લઈએ છીએ. એટલે અત્યારે તો માત્ર એટલું જ કહીશું કે ભેદકારક અહંકાર તેમ જ ચેતનામાં આવી બનેલો પાકો વિચ્છેદ એ બેનો અભાવ અથવા તો વિલોપ હોવો એ જ દિવ્ય જીવનની એકમાત્ર મૂળ આવશ્યક પરિસ્થિતિ છે, અંતે તેથી જ આપણામાં આ બે તત્ત્વોની-અહંકાર અને વિચ્છેદની જે હાજરી રહેલી છે એમાંથી જ આપણી મર્ત્યતા રચાયેલી છે તથા પ્રભુમાંથી આપણું પતન થયેલું છે. આ આપણું 'આદિમ પાપ' છે, અથવા તો વધારે દાર્શનિકી ભાષામાં એમ કહીએ કે, આ આપણું આત્માના સત્ય અને ઋતમાંથી, આત્માના અદ્વૈતમાંથી, સમગ્રતા અને સુસંવાદમાંથી વિચલન છે. આપણે અવિદ્યામાં જે પ્રચંડ ભૂસકો મારેલો છે તેને માટે જરૂરી પરિસ્થિતિ આ હતી. અવિદ્યામાંનો આપણો આ ભૂસકો એ આત્માની જગતની અંદર થયેલી સાહસયાત્રા છે અને એમાંથી આપણી દુઃખપીડિત અને અભીપ્સા સેવતી માનવતાનો જન્મ થયો છે.

પ્રકરણ ૧૮

મન અને અતિમનસ

मनो ब्रह्मेति व्यजनात् ।

तैत्तिरीय उपनिषद् ३.४

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम्

गीता १३.१६

એણે જાણ્યું કે મન બ્રહ્મ છે.

તૈત્તિરીય ઉપનિષદ ૩.૪

વહેંચાયેલું નહિ, પરંતુ પ્રાણીઓમાં વહેંચાયેલા જેવું રહેલું.

ગીતા ૧૩.૧૬

આપણે અત્યાર સુધી જે વિચારની રચના કરવાનો પ્રયત્ન કરતા રહ્યા છીએ તે વિચાર કેવળ અતિમાનસ જીવનના મૂળ તત્ત્વ પૂરતો જ છે. દિવ્ય આત્માને તો આ અતિમાનસ જીવન પરમ સચ્ચિદાનંદના સ્વરૂપમાં સુદૃઢ રીતે પ્રાપ્ત થયેલું જ હોય છે, પરંતુ માનવ આત્માએ એ જીવનને એક મનોમય અને શારીરિક જીવનના ઢાળમાં સચ્ચિદાનંદનું આ જે શરીર રચાયું છે તે શરીરમાં આવિર્ભાવ આપવાનું છે. પરંતુ આપણે આ અતિમનસ અસ્તિત્વનો જે કાંઈ ખ્યાલ મેળવી શક્યા છીએ તે મુજબ તો જીવનને આપણે જે રીતનું જાણીએ છીએ; આપણું આ જે સક્રિય જીવન આપણા સ્વાભાવિક અસ્તિત્વનાં બે તત્ત્વોની વચ્ચે- મન અને શરીરનાં બે વ્યોમની વચ્ચે આવી રહેલું છે તેવા જીવન સાથે અતિમાનસ જીવનનો કાંઈ સંબંધ હોય કે મળતાપણું હોય તેમ દેખાતું નથી. એ અતિમાનસ જીવન તો એક સ્થૂલ રૂપો વિનાના જગતમાં રહેતા, જે જગતમાં આત્માઓની ભિન્નતા તો સિદ્ધ થયેલી હોય પરંતુ શરીરની ભિન્નતા હજી બનેલી ન હોય, જે જગત સક્રિય અને આનંદમય અનંતતાઓનું બનેલું હોય, રૂપમાં પુરાઈ ગયેલા આત્માઓનું નહિ, એવા જગતમાં રહેતા દેમુહકત આત્માઓ સ્વરૂપની કોઈ એક અવસ્થા, ચેતનાની કોઈ એક અવસ્થા, સક્રિય સંબંધ અને

પરસ્પર આનંદાનુભવની કોઈ એક અવસ્થા ધારણ કરતા હોય તથા અનુભવતા હોય તેના જેવું લાગે છે. એટલે આપણને એવી શંકા સકારણ રીતે થઈ શકે છે કે આપણે અત્યારે જીવનને જે રીતે શારીરિક રૂપની મર્યાદામાં, રૂપમાં બંધાઈ ગયેલા મનની તથા રૂપથી વ્યથિત થતી શક્તિની મર્યાદામાં પુરાયેલું જાણીએ છીએ એ રીતની બધી મર્યાદિતતામાં આવું દિવ્ય જીવન સંભવી શકે ખરું કે નહિ.

ખરી રીતે તો આપણે આપણું આ જગત જેનું એક સર્જન છે અને આપણું માનસ જેની એક વિકૃતિ છે તેવા પેલા પરમ અનંત સત્ તત્ત્વ વિષે, પેલી સચિત્-શક્તિ અને પરમ આત્મ-આનંદ વિષે કોઈ ખ્યાલમાં પહોંચવાની મથામણ કરી છે; વિશ્વાતીત અને વિશ્વરૂપ પરમ સત્ તત્ત્વ જે દિવ્ય માયા દ્વારા, જે ઋત-ચેતના દ્વારા, જે સત્ય-વિચાર દ્વારા પોતાના સત્ રૂપના આવિર્ભાવ પામેલા આનંદના વિશ્વની, સૃષ્ટિક્રમની, બ્રહ્માંડની કલ્પના કરે છે, રચના કરે છે તથા તેનું શાસન કરે છે તે આ દિવ્ય માયા, આ ઋત-ચેતના, આ સત્ય-વિચાર કેવાં હશે તેનો આપણને એક ખ્યાલ મળી રહે તે માટે આપણો પ્રયત્ન રહેલો છે. પરંતુ આપણે હજી આ ચાર મહાન અને દિવ્ય તત્ત્વોને બીજાં ત્રણ તત્ત્વો-આપણા માનવ અનુભવને માત્ર જેમનો એકલાનો જ પરિચય છે તે મન, પ્રાણ અને શરીર સાથે જે સંબંધો છે તેનો અભ્યાસ કર્યો નથી. આપણે આ જે બીજી અને દેખીતી રીતે અદિવ્ય એવી માયા છે, કે જે આપણી સર્વ મથામણો અને વેદનાનું મૂળ રહેલી છે તેની ચકાસણી કરેલી નથી અથવા તો તે પેલી દિવ્ય વાસ્તવિકતામાંથી યા તો દિવ્ય માયામાંથી કેવી ચોક્કસ રીતે વિકાસ પામે છે તે આપણે જોયું નથી. અને જ્યાં સુધી આપણે આ કર્યું નથી, એ બે વચ્ચેના સંબંધની ખૂટતી દોરીઓ વણી લીધી નથી, ત્યાં સુધી આપણું જગત આપણા માટે હજી ખુલાસો પામ્યા વિનાનું જ રહે છે, તેમ જ પેલું ઊર્ધ્વ અસ્તિત્વ અને આ નીચેનું જીવન એ બેની વચ્ચે એક એકતા શક્ય છે કે કેમ તે વિષેની શંકાને હજી પાયો રહે છે. આપણે જાણીએ છીએ કે આપણું જગત પરમ સચ્ચિદાનંદમાંથી બહાર વહી આવેલું છે અને એ પ્રભુના સ્વરૂપમાં તે ટકી રહેલું છે; આપણે એમ કલ્પના કરીએ છીએ કે એ પ્રભુ આ જગતમાં ભોકતા અને જ્ઞાતા તરીકે, સ્વામી અને આત્મા તરીકે નિવાસ કરી રહેલા છે; આપણે એ જોયું છે કે આપણને થતાં સંવેદન, મન, શક્તિ, અને સ્વરૂપનાં જે દ્વંદ્વાત્મક તત્ત્વો છે તે માત્ર પ્રભુના આનંદનાં, પ્રભુની સચિત્ શક્તિનાં, પ્રભુના દિવ્ય સત્ તત્ત્વનાં જ

પ્રતિનિધિ રૂપ તત્ત્વો હોઈ શકે છે. પરંતુ એમ લાગશે કે એ દ્વંદ્વાત્મક તત્ત્વો પ્રભુ વાસ્તવિક રીતે તેમ જ પરમ રીતે જેવા છે તેથી હકીકત રૂપે એટલાં બધાં તો ઊલટાં છે કે આપણે આ ઊલટાં તત્ત્વોના કારણ પ્રદેશમાં રહેલા હોઈએ છીએ ત્યારે, અસ્તિત્વના આ નિમ્ન ત્રિપુટ તત્ત્વમાં પુરાયેલા હોઈએ છીએ ત્યારે, દિવ્ય જીવનને પ્રાપ્ત કરી શકીએ તેમ નથી. આપણે કાં તો આ નિમ્ન સ્વરૂપને ઊંચકીને પેલી ઊર્ધ્વ અવસ્થામાં પહોંચાડવાનું રહે છે અથવા તો શરીરને બદલે પેલા શુદ્ધ અસ્તિત્વને મેળવી લેવાનું રહે છે, પ્રાણને બદલે સચિત્ શક્તિની પેલી શુદ્ધ અવસ્થાને મેળવી લેવાની રહે છે, સંવેદન અને મનોમયતાને બદલે આધ્યાત્મિક વાસ્તવિકતાના સત્યમાં નિવાસ કરનારાં પેલાં આનંદ અને જ્ઞાનને મેળવી લેવાનાં રહે છે. અને આનો અર્થ શું એમ જ ન થાય કે આપણે પૃથ્વી પરનું અથવા તો મર્યાદિત એવું જે મનોમય અસ્તિત્વ છે તે આખુંયે તેનાથી ઊલટી એવી કોઈ વસ્તુને ખાતર તજી દઈએ છીએ? – એ ઊલટી વસ્તુ તે પછી આત્માની કોઈ વિશુદ્ધ અવસ્થા હશે, અથવા તો વસ્તુઓનાં સત્યનું કોઈ જગત હશે, જો આવું કોઈ જગત અસ્તિત્વમાં હોય તો, અથવા તો દિવ્ય આનંદ, દિવ્ય શક્તિ, દિવ્ય સત્ તત્ત્વનાં બીજાં જગતો હશે, જો એવાં કોઈ જગતો અસ્તિત્વમાં હોય તો. આવી સ્થિતિ હોય તો પછી માનવજાતિની પૂર્ણતા માનવજાતિની પોતાની અંદર નહિ પણ ક્યાંક બીજે રહેલી છે; માનવજાતિના પૃથ્વી ઉપરના વિકાસનું શિખર તે મનોમયતા ઓગળતી જતી જતી એક સૂક્ષ્મ અંતિમ બિંદુમાં પહોંચે એટલું જ માત્ર બની શકે છે; અને એ અંતિમ બિંદુ પરથી માનવજાતિ કાં તો નિરાકાર સત્ તત્ત્વમાં અથવા તો દેહધારી બનેલા મનની પહોંચથી પર એવા જગતમાં પેલો મહાન કૂદકો લઈ લે છે.

પણ વાસ્તવિક રીતે તો આપણે જેને અદિવ્ય વસ્તુઓ કહીએ છીએ તે બધું પેલાં ચાર દિવ્યતત્ત્વોનું જ, રૂપોના આ વિશ્વનું સર્જન કરવા માટે જરૂરનું હતું તેવું એ તત્ત્વોનું જ એક કાર્ય હોઈ શકે છે. એ બધાં રૂપોને દિવ્ય એવાં સત્ તત્ત્વ, સચિત્-શક્તિ અને આનંદથી બહાર નહિ પણ તેમની અંદર સર્જન કરવામાં આવેલાં છે, દિવ્ય સત્ય-વિચારના કાર્યની અંદર તથા તે કાર્યના એક ભાગ તરીકે સર્જવામાં આવેલાં છે; એટલે આપણે એમ ધારવાને કોઈ કારણ નથી, કે રૂપોના બનેલા જગતમાં ઊર્ધ્વ દિવ્ય ચેતનાની કોઈ પણ સાચી લીલા હોઈ શકતી નથી, અથવા તો રૂપો તેમ જ તેમના નિકટના ટેકાઓ રૂપે આવી રહેલાં તત્ત્વો, મનોમય ચેતના, પ્રાણ શક્તિનું બળ તથા

આકારવાળું પદાર્થતત્ત્વ તે બધાં પોતે જે વસ્તુનાં પ્રતિનિધિ રૂપે રહેલાં છે તે વસ્તુને અવશ્યપણે વિકૃત જ કરી આપતાં હોય છે. એ વાત શક્ય છે, સંભાવ્ય પણ છે કે મન, શરીર અને પ્રાણ તેમના શુદ્ધ રૂપે દિવ્ય સત્યની પોતાની અંદર જ આવી રહેલાં જોવાને મળે, અને હકીકત તરીકે તો એ બધાં એ સત્યની ચેતનાની ગૌણ પ્રવૃત્તિઓ તરીકે આવી રહેલાં છે, પરમ શક્તિ જે સંપૂર્ણ કરણતંત્ર દ્વારા હંમેશાં કામ કરતી રહે છે એ તંત્રના ભાગ રૂપે રહેલાં છે. એટલે પછી મન, પ્રાણ અને શરીરમાં દિવ્યતા પ્રાપ્ત કરવાની શક્તિ હોવી જ જોઈએ, એમનું જે રૂપ અને કાર્ય છે તે, વિજ્ઞાન આપણને પૃથ્વી પરના વિકાસક્રમની જે ગતિ બતાવે છે તે ગતિના માત્ર એક જ ચક્ર પૂરતી હોવાનો સંભવ છે અને એટલા ટૂંકા ગાળામાં, જીવતા શરીરમાં ત્રણ તત્ત્વોને માટે જે જે ક્રિયાઓ શક્ય છે તે બધી જ એમના રૂપ અને કાર્યમાં ઝિલાઈ ગઈ હોય એવું બનવાની જરૂર નથી. અત્યારે આ ત્રણ તત્ત્વો જે રીતે કામ કરે છે તેનું કારણ એ છે કે તેઓ પોતે જે દિવ્ય સત્યમાંથી બહાર આવે છે તે સત્યમાંથી કોઈક રીતે ચેતનામાં છૂટાં પડી ગયાં છે. આ ભેદને જો માનવજાતિમાં આવી રહેલા પરમાત્માની વિસ્તાર પામતી શક્તિ દ્વારા એક વાર નાબૂદ કરી દેવામાં આવે તો એ તત્ત્વોનું અત્યારે ચાલી રહેલું કાર્ય, એ તત્ત્વોની પરમ ઋત-ચેતનામાં જે વધારે વિશુદ્ધ ક્રિયા હોય છે તે ક્રિયામાં એક પરમ વિકાસ ગતિ દ્વારા તથા ક્રમિક ગતિ દ્વારા પલટાઈ જઈ શકે છે, અને સ્વાભાવિક રીતે ખરેખર પલટાઈ જશે પણ ખરું.

આ વસ્તુ જો બની શકે તો માનવના મન અને શરીરમાં દિવ્ય ચેતનાનો આવિર્ભાવ કરવો તથા તેને ત્યાં ટકાવી રાખવી એ શક્ય બનશે એટલું જ નહિ પણ છેવટે જતાં, એમ પણ થશે કે, એ દિવ્ય ચેતના પોતાના વિજયોની વૃદ્ધિ કરતી કરતી, મન, પ્રાણ અને શરીરને પોતાને જ તેના પોતાના શાશ્વત સત્યની એક વધુ સંપૂર્ણ આકૃતિમાં ઢાળી આપશે અને માત્ર આત્મામાં જ નહિ પરંતુ પદાર્થતત્ત્વમાં પણ તે પૃથ્વી ઉપર પોતાનું સ્વર્ગનું સામ્રાજ્ય સિદ્ધ કરી આપશે. આ વિજયોમાંનો પહેલો વિજય, આંતરિક રીતનો, તો ખરેખર પૃથ્વી ઉપર વધુ ઓછા પ્રમાણમાં કેટલાક લોકોએ, કદાચ ઘણા લોકોએ, સિદ્ધ કરેલો છે; બીજો વિજય, બાહ્યનો, એ જો ભૂતકાળના યુગોમાં ભાવિનાં યુગચક્રો માટેના એક પ્રથમના નમૂના રૂપે વધુ કે ઓછા પ્રમાણમાં કદી સિદ્ધ થયેલો નથી, અને એને જો હજી પૃથ્વીની પ્રકૃતિની

રહેલી હોવાથી તે જ્ઞાન પ્રાપ્ત નહિ કરે ત્યાં સુધી અટકી શકશે નહિ. ઈન્દ્રિયોથી મળતા જ્ઞાન અને તેમના ઉપર રચાયેલા તર્કની હદે જેવો જડવાદ પહોંચશે કે તરત જ તેને પોતાનામાં રહેલી જ્ઞાનપિપાસા વધારે વેગથી આગળ ખેંચી જશે જ, અને જે ઝડપ અને મક્કમતાથી તેણે દૃશ્ય જગતનો સ્વીકાર કર્યો છે તે જ ઝડપ અને મક્કમતા, એક વાર જો જડવાદની વાડ ઓળંગાય એવો કૂદકો લઈ શકાય તો, ઈન્દ્રિયાતીત ક્ષેત્રોમાં પણ એ અવશ્ય આણવાનો એવી આશા આપણે રાખી શકીએ. અત્યારે પણ આપણે તે પ્રકારની પ્રગતિના આરંભની ઝાંખી કરી શકીએ છીએ.

ગમે તે માર્ગનું અનુસરણ કરતાં સર્વ પ્રકારના જ્ઞાનનું સ્વરૂપ, અંતિમ એક આદર્શમાં જ નહિ પરંતુ સામાન્ય પરિણામોની દિશામાં પણ, એક થતું જણાય છે. આધુનિક ભૌતિક શાસ્ત્રોના કરતાં તદ્દન જુદી જ પદ્ધતિનો આશ્રય લઈને વેદાંતમાં પદાર્થતત્ત્વ યાને અન્ન વિશેના જે વિચારો અને જે રીતની ભાષામાં રજૂ થયેલા છે તેમની સાથે પદાર્થના ક્ષેત્રમાં આજકાલની ભૌતિક વિદ્યાઓની જે હદ સુધી એકવાક્યતા પ્રગટ થાય છે તે સૂચક અને ધ્યાન ખેંચે તેવી છે. આ વેદાંત એટલે ઉપનિષદોમાં રજૂ થયેલું વેદાંત સમજવાનું છે, નહિ કે તર્કપ્રધાન મીમાંસાનાં દર્શનો. વળી બીજી બાજુએ આ વેદાંતને જ્યારે આપણે આધુનિક ભૌતિક વિદ્યાઓની દૃષ્ટિએ જોઈએ છીએ ત્યારે જ તેનું પૂર્ણ રહસ્ય અને ઉત્તમ તત્ત્વ આપણી નજરે ચડે છે. ઉ. ત. વેદાંતમાં વિશ્વમાં જે પદાર્થો છે તેમને વિરાટ શક્તિએ અનેક રૂપોમાં રજૂ કરેલ એક બીજ રૂપે વર્ણવવામાં આવેલ છે* એનું સત્ય આજકાલનાં ભૌતિક શાસ્ત્રોની શોધખોળોની દૃષ્ટિએ જોતાં વધારે અર્થવાળું અને સાર્થક બને છે. ખાસ કરીને ભૌતિક શાસ્ત્રો વિવિધતાની અંદર જે અદ્વૈત તરફ ગતિ કરી રહેલ છે તે બહુ સૂચક છે. ભૌતિકવિદ્યાની એ ગતિ વેદમાં એક તત્ત્વ અનેક રૂપો લે છે એ સૂત્રની સમીપ જાય છે. જો આપણે પદાર્થ અને શક્તિ એ બેના દેખીતા દ્વૈતના ઉપર ભાર મૂકીએ તોપણ અદ્વૈતવાદને તેથી બાધ આવી શકતો નથી. કારણ કે એ તો દેખીતું છે કે પદાર્થતત્ત્વનું મૂળ સ્વરૂપ ઈન્દ્રિયોને સમજી શકાય તેવું નથી. પરંતુ, સાંખ્યના પ્રધાન તત્ત્વની માફક, વિચારે ઉત્પન્ન કરેલું

---

* **एको वशी निष्क्रियाणां बहूनामेकं बीजं**
बहुधा यः करोति ।શ્વેતાશ્વતર ઉપનિષદ ૬.૧૨

અવચેતન સ્મૃતિમાં રાખી મૂકવામાં આવેલો છે, તોપણ એ વિજય માનવતાની અંદર પ્રભુની એક ભાવિ વિજયવંત સિદ્ધિ રૂપે બની રહે એવો હેતુ પણ હોઈ શકે છે. પૃથ્વી પરનું આ જે જીવન છે તે હંમેશા એક અર્ધ-આનંદ અને અર્ધ-વેદનાના બનેલા પુરુષાર્થનું જ એક ચક્ર બની રહેવાનું હોય એવું કાંઈ જ નથી. માનવને સિદ્ધિ પ્રાપ્ત થાય એવા હેતુ પણ વિશ્વમાં હોઈ શકે છે અને પૃથ્વી ઉપર પ્રભુના પ્રકાશ અને આનંદને પણ આવિર્ભાવ આપવામાં આવી શકે છે.

તો આપણે હવે એ પ્રશ્ન વિચારવાનો રહે છે કે, મન, પ્રાણ અને શરીર તેમનાં પરમ મૂલ સ્થાનોમાં કેવાં હશે અને તેને લીધે, તેમના ઉપર સત્યનો પ્રકાશ રેલાય અને આપણે અત્યારે જે વિચ્છેદ અને અજ્ઞાનમાં રહીએ છીએ તેને કારણે એ સત્યમાંથી તે કપાઈ ગયેલી સ્થિતિમાં ન હોય ત્યારે પ્રભુના દિવ્ય આવિર્ભાવની સમગ્ર પૂર્ણતામાં તે કેવાં હોવાં જોઈએ. કેમકે એ મૂલ સ્થાનોમાં તો મન, પ્રાણ અને શરીરને તેમની પૂર્ણતા પહેલેથી મળી રહેલી હોવી જોઈએ કે જે પૂર્ણતા પ્રત્યે આપણે, આપણે કે જેઓ જડતત્ત્વમાં વિકાસ પામી રહેલા મનની માત્ર પહેલી જ ગતિ રૂપ છીએ અને, આત્માએ રૂપની અંદર પેલું જે તિરોભવન કરેલું, પ્રકાશે તેના પોતાના પડછાયામાં પેલો જે ભૂસકો મારેલો અને એ ભૂસકાને લીધે સ્થૂલ પ્રકૃતિની અંધારમય ભૌતિક ચેતના સર્જાઈ હતી તે તિરોભવન અને ભૂસકાને લીધે ઊભી થયેલી પરિસ્થિતિઓ તથા અસરોમાંથી હજી મુક્ત બનેલા નથી એવા આપણે વૃદ્ધિ પામી રહેલા છીએ. આપણે જે પૂર્ણતા પ્રત્યે વૃદ્ધિ પામીએ છીએ તે સર્વ રીતની પૂર્ણતાનું સ્વરૂપ, આપણા ઉચ્ચમાં ઉચ્ચ વિકાસનાં તત્ત્વો તો પહેલેથી જ દિવ્ય સત્ય-વિચારની અંદર આવી રહેલાં હોવાં જોઈએ. એ તત્ત્વો તો આપણે તેમના પ્રત્યે અને તેમની અંદર વિકાસ પામીએ તે માટે ત્યાં આકાર લીધેલાં હોવાં જોઈએ. તેમ જ સભાન રીતનાં હોવાં જોઈએઃ કેમકે દિવ્ય જ્ઞાનની અંદર આ જે પહેલેથી આવી રહેલું તત્ત્વ છે તેને જ આપણી માનવ મનોમયતા આદર્શનું નામ આપે છે અને તેને મેળવવા મથે છે. આદર્શ તે એક એવી શાશ્વત વાસ્તવિકતા છે કે જેને આપણે હજી આપણા પોતાના સ્વરૂપની અવસ્થાઓમાં સિદ્ધ કરેલી નથી, આદર્શ એ કોઈ એવું અસ્તિત્વ વિનાનું તત્ત્વ નથી કે જે હજી શાશ્વત અને દિવ્ય પરમાત્માની સમજમાં જ આવ્યું ન હોય અને જેની ઝાંખી માત્ર આપણા અપૂર્ણ મનુષ્યોને જ થયેલી છે અને જેનું સર્જન કરવા આપણે માગીએ છીએ.

તો મન, આ ત્રણમાંની પ્રથમ વસ્તુ, એ છે આપણા માનવ જીવનનો જંજીરમાં જકડાયેલો અને અવરુદ્ધ ગતિવાળો રાજા. મન તેના મૂળ રૂપમાં તો એક એવી ચેતના છે કે જે અવિભાજ્ય એવા સમગ્ર તત્ત્વમાંથી વસ્તુઓનાં રૂપોને માપવાનું કામ કરે છે, એ રૂપોની મર્યાદા બાંધે છે, રૂપોને કાપીને બહાર કાઢે છે અને એ રૂપોને દરેક રૂપ એક અલગ એકમ હોય તેમ ધારણ કરી રાખે છે. જે વસ્તુઓ સ્પષ્ટ રીતે માત્ર ભાગો અને ખંડો રૂપે આવી રહેલી છે તેમને વિષે પણ મન તેના સામાન્ય વ્યવહારમાં રહેલો આ બનાવટી તરંગ ગોઠવી કાઢે છે કે એ વસ્તુઓની સાથે પોતે અલગ અલગ રીતે વ્યવહાર કરી શકે છે, એક સમગ્ર તત્ત્વનાં પાસાંઓ છે એ રીતે જ માત્ર નહિ. કેમકે, મનને જ્યારે ખબર પડે છે કે વસ્તુઓ પોતે સ્વતંત્ર વસ્તુ તરીકે નથી ત્યારે પણ તે જાણે સ્વતંત્ર વસ્તુઓ હોય એ રીતે તેમની સાથે વ્યવહાર કરવાની તેને ફરજ પડતી હોય છે; નહિ તો પછી તે વસ્તુઓને તેની પોતાની લાક્ષણિક પ્રવૃત્તિના કાબૂમાં લઈ શકતું નથી. મનની આ જે મૂળ લાક્ષણિકતા છે તેમાંથી જ તેની સર્વ ક્રિયાત્મક શક્તિઓનાં કાર્યો રચાય છે, પછી તે કાર્ય ભલે કલ્પના બાંધવાનું હોય, વસ્તુઓને જોવાનું હોય કે સર્જનશીલ વિચારની રીતે વ્યવહાર કરવાનું હોય. વસ્તુઓ તે જાણે એક પૃષ્ઠભૂમિમાંથી કે જથામાંથી કડક રીતે કાપી કઢાયેલી વસ્તુ હોય એ રીતે મન તેમને વિષે કલ્પના બાંધે છે, એ રીતે તેમને નિહાળે છે અને સંવેદે છે, અને સર્જન કરવા માટે કે પ્રાપ્ત કરી લેવા માટેની તેને આપવામાં આવેલી સામગ્રીના ચોક્કસ કરી લીધેલા એકમો તરીકે વસ્તુઓને તે વાપરતું રહે છે. મનનું આખુંયે કાર્ય તેમ જ તેનો સર્વ આનંદવ્યાપાર આવી રીતે આખાં આખાં તત્ત્વો સાથે થતાં રહે છે કે જે તત્ત્વો એક વધારે મોટા આખા તત્ત્વના ભાગ રૂપે હોય છે, અને આ ગૌણ સમગ્રોને વળી પાછા તોડી નાખીને ભાગો બનાવવામાં આવે છે અને એ ભાગોને પણ તે જે ખાસ હેતુઓ માટે કામમાં આવતા હોય છે તે હેતુ પૂરતા સમગ્ર તત્ત્વો તરીકે ગણવામાં આવે છે. મન ભાગ કરી શકે છે, ગુણી શકે છે, સરવાળો કરી શકે છે, બાદબાકી કરી શકે છે, પણ તે આ ગણિતની મર્યાદાઓથી પર જઈ શકતું નથી. એ જો આથી પર જાય છે અને એ એક સાચા સમગ્ર તત્ત્વનો ખ્યાલ બાંધવાનો પ્રયત્ન કરે છે તો તે એક અજાણ્યા તત્ત્વમાં ખોવાઈ જાય છે, એ પોતાની સુદૃઢ ભૂમિકા પરથી નીકળીને અગ્રાહ્યના સાગરમાં ઢળી પડે છે, અનંતની ગર્તાઓમાં ગબડી પડે છે, કે જ્યાં તે સર્જનના કાર્યને માટે કે આનંદાનુભવને માટે પોતાના વિષયને

નથી જોઈ શકતું, નથી કલ્પી શકતું, નથી સમજી શકતું કે નથી તેની સાથે વ્યવહાર કરી શકતું. કારણ કે મન જો અનંતની કલ્પના કરતું હોય, તેનું દર્શન કરતું હોય, તેને સમજતું હોય અથવા તો તેને પ્રાપ્ત કરીને તેનો આનંદ માણતું હોય એમ કોઈક વાર લાગતું હોય છે તો તે માત્ર દેખાવ પૂરતું જ હોય છે અને તેની એ ક્રિયાઓ હંમેશાં અનંતની એક આકૃતિની અંદર જ બનતી હોય છે. આ રીતે મન જે તત્ત્વને અસ્પષ્ટ રીતે પ્રાપ્ત કરતું હોય છે તે માત્ર એક નિરાકાર વિશાળ તત્ત્વ જ હોય છે, પેલું જે સાચું અવકાશરહિત અનંત તત્ત્વ છે તે નહિ. જે ક્ષણે મન આ અનંતની સાથે વ્યવહાર કરવાનો પ્રયત્ન કરે છે, તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે તેજ ક્ષણે વસ્તુને મર્યાદિત કરવાની અનિવાર્ય વૃત્તિ એકદમ બહાર આવી જાય છે અને મન જુએ છે કે વળી પોતે આકૃતિઓ, રૂપો અને શબ્દોની સાથે જ કામ કરવા લાગી ગયું છે. મન અનંતને પોતાની વસ્તુ કરી શકતું નથી, અનંતને એ માત્ર નભાવી લઈ શકે છે યા તો પોતે તેના હાથમાં ચાલ્યું જઈ શકે છે; એની પહોંચથી પર એવી અસ્તિત્વની ભૂમિકાઓ પરથી પરમ વાસ્તવ તત્ત્વ તેના ઉપર પોતાની જે તેજોમય છાયાઓ નાખે છે તે છાયા હેઠળ એક આનંદસભર અસહાય અવસ્થામાં માત્ર પોઢી રહી શકે છે. અનંતની પ્રાપ્તિ તો પેલી અતિમાનસ ભૂમિકાઓમાં આરોહણ સાધ્યા વિના બીજી કોઈ રીતે થઈ શકતી નથી, તેમ જ એ અનંતનું જ્ઞાન મન પોતે ઋત-ચિત્ એવી પરમ વાસ્તવિકતામાંથી અવતરતા સંદેશાઓને નિષ્ક્રિય ભાવે આધીન થાય તે વિના બીજી કોઈ રીતે આવી શકતું નથી.

મનની આ જે મૂળ શક્તિ છે તેમ જ એ શક્તિની સાથે જે મૂળ મર્યાદિતતા જોડાયેલી એ છે મનનું સત્ય, અને એમાંથી મનની સાચી પ્રકૃતિ અને કાર્ય, મનનો સ્વભાવ અને સ્વધર્મ નક્કી થાય છે; પ્રભુના દિવ્ય આદેશ મુજબ પરમ માયાના સંપૂર્ણ કરણતંત્રમાં મનને તેનું જે કાર્ય સોંપવામાં આવેલું છે તેની મુદ્રા આ રીતની છે,-સ્વયંભૂ પરમાત્માના પોતાને વિષેના શાશ્વત સંકલ્પમાંથી મનને જન્મ મળ્યો તે જ વખતે તે પોતે જે તત્ત્વ હતું તે જ તત્ત્વે તેનું કાર્ય નક્કી કરેલું છે. એ કાર્ય મુજબ મન હંમેશાં અનંતતાને સાન્તનાં તત્ત્વોમાં ફેરવતું રહે છે, અનંતતાને તે માપી આપતું રહે છે, મર્યાદિત કરતું રહે છે, ખંડ કરતું રહે છે. આપણી ચેતનામાં મન જ્યારે આ કાર્ય કરતું હોય છે ત્યારે હકીકતમાં એમ થતું હોય છે કે તે કાર્યમાં અનંતતાનો આખોયે સાચો ભાવ બહાર રહી જતો હોય છે; એટલે જ મન તે જગતની મહાન અવિદ્યાનો કૂટ પ્રશ્ન રહેલું

છે, કારણ કે આ મન જ સૌથી મૂળે ભાગ કરવાનું અને વહેંચણી કરવાનું કાર્ય કરે છે, અને એમ પણ ભૂલથી માની લેવાયું છે કે વિશ્વનું કારણ તે મન છે, તેમ જ આખીયે દિવ્ય માયા તે તે છે. પરંતુ દિવ્ય માયા તો વિદ્યા અને અવિદ્યા, જ્ઞાન તેમ જ અજ્ઞાન બંનેને જાણતી હોય છે. કેમકે એ વાત દેખીતી છે કે સાન્ત તત્ત્વ એ તો અનંતનો માત્ર એક આભાસ છે, અનંતના કાર્યનું એક પરિણામ છે, અનંતની કલ્પનાની એક લીલા છે તેમ જ એ માત્ર અનંતની દ્વારા, અનંતની અંદર, અનંતને એક ભૂમિકા તરીકે રાખીને જ અસ્તિત્વમાં રહી શકે છે, એ પોતે અનંતની સામગ્રીનું જ રૂપ છે અને એ શક્તિનું કાર્ય છે, એટલે એક એવી મૂળ ચેતના હોવી જોઈએ કે જે એકી સાથે સાન્ત અને અનંતને પોતામાં ધારણ કરતી હોય તથા બંનેને નિહાળતી રહેતી હોય તેમ જ સાંતને અનંત સાથેના જે જે સંબંધો છે તે સર્વ વિષે નિકટપણે સભાન હોય. એ ચેતનામાં કોઈ અજ્ઞાન હોતું નથી, કારણ કે ત્યાં અનંતનું જ્ઞાન હોય છે, અને સાન્ત તે એક સ્વતંત્ર વાસ્તવિકતા તરીકે અનંતમાંથી છૂટું પડી ગયેલું હોતું નથી; પણ છતાં ત્યાં મર્યાદનની એક ગૌણ પ્રક્રિયા થતી રહેતી હોય છે,-નહિ તો પછી કોઈ જગત અસ્તિત્વમાં રહી જ ન શકે,- અને એ પ્રક્રિયા દ્વારા મનની સદાયે વિભાજન કરનારી તથા ફરી પાછું જોડનારી ચેતના, પ્રાણતત્ત્વનું સદાયે બહિર્વિસ્તારી અને અંતર્ગામી કાર્ય, તથા જડતત્ત્વનું અનંત રીતે વહેંચાયેલું અને પોતાને પાછું એકત્રિત કરતું કાર્ય, એક જ સિદ્ધાંત તથા આદિમ ક્રિયા દ્વારા, દૃશ્ય તત્ત્વ રૂપે સાકાર બનતાં રહે છે. શાશ્વત દ્રષ્ટા અને ચિંતક એવા પ્રભુની-પૂર્ણ રીતે તેજોમય, પોતાને વિષે તથા સર્વને વિષે પૂર્ણ રીતે સભાન, પોતે શું કરે છે તેને સારી રીતે જાણનાર, પોતે જે સાન્તને સરજી રહ્યા છે તેમાં રહેલા અનંત વિષે સભાન એવા પ્રભુની આ જે પ્રક્રિયા છે તેને દિવ્ય મન કહી શકાય. અને એ વાત તો દેખીતી છે કે આ દિવ્ય મન સત્ય વિચારની, અતિમનસની, એક ગૌણ ક્રિયા જ હોવું જોઈએ, કોઈ સાચેસાચી અલગ ક્રિયા નહિ, અને એ ક્રિયા આપણે જેને ઋત-ચેતનાની એક બહિર્જ્ઞાતા ગતિ તરીકે વર્ણવી છે તેની દ્વારા થતી રહેતી હોવી જોઈએ.

એ બહિર્જ્ઞાતા ચેતના, પ્રજ્ઞાન, આપણે જોઈ ગયા છીએ તે મુજબ, પેલું અવિભાજ્ય એવું સર્વરૂપ તત્ત્વ છે, સક્રિય તથા રચનાત્મક, તે તત્ત્વના કાર્યને, એ જ સર્વરૂપ તત્ત્વની ચેતના સમક્ષ સર્જનકારક જ્ઞાનની એક પ્રક્રિયા તરીકે તથા તે જ્ઞાનના એક વિષય તરીકે રજૂ કરે છે. એ સર્વરૂપ તત્ત્વ પોતે જ પોતાના કાર્યનો

આરંભ કરનારું હોય છે, તેમ જ એ કાર્યના સ્વામી તથા સાક્ષી તરીકે તેને જાણનારું હોય છે,-જેવી રીતે એક કવિ તેની પોતાની જે ચેતનાનાં સર્જનોને પોતાની સમક્ષ પોતાની ચેતનામાં મુકાયેલાં નિહાળી રહે છે, એ જાણે કે એ સર્જકથી તથા તેની સર્જક શક્તિથી જુદી વસ્તુઓ હોય તેની માફક, છતાં એ સર્જનો આખોય વખત તેનું પોતાનું સ્વરૂપ પોતાનાં જે રૂપો પોતાની અંદર રચાતું હોય છે તે રૂપોની લીલા સિવાય સાચી રીતે વિશેષ કાંઈ જ હોતાં નથી, અને તેમનાં સર્જકથી તે અવિભાજ્ય હોય છે, તેનાં જેવું કાંઈ અહીં બનતું હોય છે. આ પ્રમાણે પ્રજ્ઞાન સૌથી પ્રથમના ભેદની રચના કરે છે અને એમાંથી પછી બીજું બધું બને છે. પ્રજ્ઞાને કરેલો એ પ્રથમ ભેદ તે પુરુષ અને પ્રકૃતિનો ભેદ છે, પુરુષ એટલે કે સભાન એવો આત્મા કે જે જાણતો હોય છે અને જોતો હોય છે અને પોતાના દર્શન દ્વારા સર્જન કરતો હોય છે અને સ્થાપન કરતો હોય છે અને પ્રકૃતિ એટલે કે શક્તિરૂપ આત્મા કિંવા પ્રકૃતિરૂપ આત્મા કે જે પુરુષનું પોતાનું જ્ઞાન અને પોતાનું દર્શન હોય છે, પુરુષનું સર્જન તથા તેની સર્વ-સંસ્થાપક શક્તિ હોય છે. આ બંને એક જ સત્ તત્ત્વ હોય છે, એક જ અસ્તિત્વ હોય છે અને જે રૂપો દર્શનમાં દેખાયાં તથા સર્જાયાં હોય છે તે પેલા સત્ તત્ત્વનાં પ્રભુનાં બહુવિધ રૂપો હોય છે, એ રૂપોને જ્ઞાતા તરીકે પ્રભુએ પોતાની સમક્ષ જ્ઞાન રૂપે મૂકેલાં હોય છે, શક્તિ તરીકે પ્રભુએ સ્રષ્ટા તરીકેના પોતાના રૂપની સમક્ષ મૂકેલાં હોય છે. આ બહિર્જ્ઞાતા ચેતનાનું છેલ્લું કાર્ય બનતું હોય છે તેમાં પુરુષ પોતાના સ્વરૂપના સભાન મૂકેલાં વિસ્તરણમાં વ્યાપક રહ્યો હતો, પોતાની જાતના પ્રત્યેક બિંદુમાં તેમ જ પોતાના સમગ્ર રૂપમાં રહ્યો રહ્યો, પ્રત્યેક રૂપમાં નિવાસ કરતો રહ્યો રહ્યો, આ સમગ્ર વસ્તુને જાણે કે અલગ અલગ રીતે પોતે લીધેલા એક એક દૃષ્ટિકોણમાંથી નિહાળતો રહે છે; એ પોતાના પ્રત્યેક આત્મા-રૂપના અન્ય આત્મરૂપો સાથેના સંબંધોને તે તે પ્રત્યેક વિશિષ્ટ રૂપને માટે સમુચિત હોય તેવા સંકલ્પના તથા જ્ઞાનના દૃષ્ટિકોણમાંથી નિહાળતો રહે છે અને તે સંબંધોનું નિયમન કરતો રહે છે.

આ રીતે ભેદનાં તત્ત્વો અસ્તિત્વમાં આવેલાં છે. પ્રથમ તો, અદ્વૈતરૂપ પરમાત્માની અનંતતાએ પોતાની જાતને વિચારરૂપ કાળ અને સ્થળની અંદર બનતા એક વિસ્તરણમાં ફેરવી નાખેલી છે; એ પછી બીજું, એ આત્મ-સભાન એવા વિસ્તરણમાં રહેલી પરમાત્માની સર્વવ્યાપિતા પોતાને સભાન આત્માની અનેક સંખ્યામાં, સાંખ્યના અનેક પુરુષોમાં ફેરવી નાખે છે; ત્રીજું, આત્મ-રૂપોની આ

બહુસંખ્યતાએ પેલી વિસ્તારિત એકતામાં થતા વિભાજિત નિવાસનું રૂપ ધારણ કર્યું છે. આવું વિભાજિત નિવાસન, આ બધા બહુસંખ્ય પુરુષો જો પોતપોતાની એક અલગ સૃષ્ટિમાં નિવાસ કરતા ન હોય, તેઓ જો એક અલગ વિશ્વને બાંધીને એક અલગ પ્રકૃતિ ધારણ કરતા ન હોય, પરંતુ કહો કે બધા એક જ પ્રકૃતિને માણતા રહેતા હોય તો પછી અનિવાર્ય બની રહે છે. આ પુરુષો તે પોતાની શકિતનાં બહુવિધ સર્જનો ઉપર અધ્યક્ષ સ્થાને રહેતા અદ્વૈતરૂપ પરમાત્માનાં જ કેવળ આત્મ-રૂપો છે એટલે એમણે આ પ્રમાણે એક જ પ્રકૃતિનો ઉપયોગ કરવાનો રહે છે, અને છતાં તે એકૈવ પ્રકૃતિએ સર્જેલા એકૈવ જગતમાં એ પુરુષોને એકબીજાની સાથે સંબંધો રહે છે. પ્રત્યેક રૂપમાં રહેલો પરમ પુરુષ પોતાની જાતને પ્રત્યેક પુરુષ સાથે એકરૂપ કરી લે છે; એ રૂપમાં તે પોતાની જાતને મર્યાદિત કરી લે છે અને પોતાની ચેતનામાં એ રૂપની સામે પોતાનાં બીજાં રૂપોને, એ ચેતના પોતાનાં બીજાં આત્મ-સ્વરૂપોને ધારણ કરી રહી હોય તે પ્રમાણે રમતાં મૂકે છે. એ બીજાં આત્મ-સ્વરૂપો એ પુરુષની સાથે સત્ તત્ત્વમાં એકરૂપ હોય છે પરંતુ સંબંધમાં ભિન્ન હોય છે, ગતિના જુદા જુદા વિસ્તરણમાં, ગતિની જુદી જુદી કક્ષામાં ભિન્ન હોય છે, અને પ્રત્યેક પુરુષ કાળની કોઈ અમુક ક્ષણે અથવા અવકાશના કોઈ અમુક ક્ષેત્રમાં પેલા એકૈવ એવાં જડતત્ત્વ, શકિત, ચેતના અને આનંદનું જે ખરેખર વિસ્ફુરણ કરી રહેલો છે, એ જડતત્ત્વ આદિ પ્રત્યેની જુદી જુદી દૃષ્ટિઓમાં ભિન્ન હોય છે. આપણે એ વાત સ્વીકારી લઈશું કે પ્રભુના દિવ્ય સત્ સ્વરૂપમાં તે પોતાને વિષે પૂર્ણ સભાન હોઈને, આ વસ્તુ આપણી બાબતમાં થાય છે તેમ એક બંધનકારક મર્યાદિતતા બનતી નથી, એ એવું તાદાત્મ્ય નથી હોતું કે જેનો, આપણી બાબતમાં બને છે તેમ, આત્મા દાસ બની જતો હોય અને જેનાથી તે પર ન થઈ શકતો હોય. આપણે તો શરીર સાથેના આપણા તાદાત્મ્યના દાસ બની રહેલા છીએ અને આપણા સભાન અહંકારની મર્યાદિતાથી પર થઈ શકતા નથી. સ્થળમાં આપણું અમુક ક્ષેત્ર નક્કી કરી આપતા કાળની અંદર આપણી ચેતનાની કોઈ ખાસ ગતિમાંથી છૂટા થઈ શકતા નથી. પરંતુ પ્રભુના દિવ્ય સત્ તત્ત્વમાં પુરુષ પળે પળે એક મુક્ત રીતનું તાદાત્મ્ય તો કરતો જ રહે છે, અને એ તાદાત્મ્ય દિવ્ય આત્મા પાસે જે અવિચ્છેદ્ય એવું આત્મજ્ઞાન હોય છે તેને લીધે જ, આપણી ચેતના વિચ્છેદની કાળની ક્રમિક ગતિની એક દેખીતી રીતે જડ એવી શૃંખલામાં જડાઈ ગયેલી અને જકડાઈ ગયેલી દેખાય છે તેની માફક, કોઈ જડ શૃંખલા રૂપે બની

જતું અટકી જાય છે.

આવી રીતે વિભાજનનું કાર્ય પહેલેથી બની રહેલું છે; આવી રીતે રૂપનો રૂપ સાથેનો સંબંધ, જાણે કે તે છૂટાં છૂટાં તત્ત્વો હોય તેમ, સત્ તત્ત્વમાં રહેતી સંકલ્પશક્તિનો સત્ તત્ત્વમાં રહેતી સંકલ્પશક્તિ સાથેનો સંબંધ, એ જાણે છૂટી છૂટી શક્તિઓ હોય તેમ, સત્ તત્ત્વમાં રહેતા જ્ઞાનનો સત્તતત્વમાં રહેતા જ્ઞાન સાથેનો સંબંધ, એ જાણે ભિન્ન ભિન્ન ચેતનાઓ હોય તેમ પહેલેથી જ સ્થાપાઈ ગયેલો છે. આ બધું હજી માત્ર 'જાણે કે' ની રીતે છે. કેમકે દિવ્ય આત્મા ભ્રમમાં પડી ગયેલો નથી હોતો, સર્વ વસ્તુઓ તે સત્ તત્ત્વનો પ્રગટ આવિર્ભાવ છે એમ તે જાણતો હોય છે અને સત્ તત્ત્વની વાસ્તવિકતામાં રહેતા પોતાના અસ્તિત્વ ઉપર તે કાબૂ જાળવી રાખતો રહે છે; એ પોતાની એકતાને ગુમાવી બેસતો નથીઃ મનને તે અનંત જ્ઞાનની એક ગૌણ ક્રિયા રૂપે વાપરતો રહે છે, મન તે એની પોતાની અનંતતાની સભાનતા આગળ ગૌણ રૂપે રહેલી વસ્તુઓની વ્યાખ્યા રૂપ હોય છે, મૂળરૂપ સમગ્રતા વિષેની તેને રહેતી સભાનતા ઉપર આધાર રાખતી એક મર્યાદા રૂપે હોય છે, ત્યાં મન તે વસ્તુઓના સરવાળાની તથા એકત્રિત રૂપના જથાની પેલી દેખાતી રીતની અને બહુત્વપ્રધાન સમગ્રતા રૂપે નથી હોતું, આવી સમગ્રતા તો મનનું જ એક બીજું પ્રગટ રૂપ છે. આ રીતે અહીં કોઈ વાસ્તવિક મર્યાદિતતા હોતી નથી; આત્મા તો પોતાની વૈવિધ્યસર્જક શક્તિને બરાબર છૂટાં પાડી આપેલાં રૂપો અને શક્તિઓની લીલા માટે વાપરતો રહે છે, એ શક્તિ તેનો ઉપયોગ કરી જાય તેમ નથી બનતું.

એટલે હવે, એક મુક્ત રીતે મર્યાદાનું સર્જન કરતા મનથી ઊલટા એવા એક અસહાય રીતે મર્યાદિત બની રહેલા મનની ક્રિયાનું સર્જન કરવા માટે – એટલે કે, પોતાની લીલાના સ્વામી અને એ લીલાને પોતાના સત્યમાંથી નિહાળતા મનથી ઊલટા એવા પોતાની લીલાને આધીન તથા એ લીલાથી છેતરાતા રહેતા એવા મનની, દિવ્ય મનથી ઊલટા એવા પ્રાણીના મનની ક્રિયાનું સર્જન કરવા માટે સચેતન શક્તિના એક નવા તત્ત્વની, નવા કાર્યની જરૂર પડે છે. આ નવું તત્ત્વ તે અવિદ્યા છે, એ પોતાની જાતની ઉપેક્ષા કરતી શક્તિ છે. એ શક્તિ મનને જેણે ઉત્પન્ન કર્યું છે તથા હજી પણ જે પરદા પાછળથી મનનું નિયમન કરી રહેલ છે તે અતિમનસના કાર્યમાંથી મનના કાર્યને અલગ પાડી આપે છે. આવી રીતે અલગ પાડી દેવાયેલું મન, વિશિષ્ટ

વસ્તુને જ માત્ર જુએ છે અને વિશ્વરૂપ તત્ત્વને નહિ, અથવા તો પોતાના કાબૂની બહાર રહેલા વિશ્વતત્ત્વની અંદર તે માત્ર વિશિષ્ટ વસ્તુની જ કલ્પના કરે છે અને વિશિષ્ટ તથા વિશ્વરૂપ બંને તત્ત્વ અનંતતાનાં જ પ્રગટ રૂપો છે એમ તે હવે જોતું નથી. આ રીતે આપણને આ મર્યાદિત મન મળી આવે છે, એ મન દરેક પ્રગટ વસ્તુને તે પોતે જ એક સ્વતંત્ર વસ્તુ હોય, એક સમગ્ર તત્ત્વનો અલગ ભાગ હોય એવી રીતે નિહાળે છે, અને એ સમગ્ર તત્ત્વ વળી એનાથી એક વધુ મોટી એવી સમગ્રતામાં અલગ રીતે આવી રહેલું હોય છે અને એમ આગળ ને આગળ થતું રહે છે, અને એમ મન સાચી અનંતતાના ભાનમાં પાછું પહોંચ્યા વિના પોતાના સમૂહોને હંમેશાં વધારતું રહે છે.

મન એ અનંતનું એક કાર્ય છે, એટલે ટુકડા કરવાની તેમ જ ભેગું કરવાની ક્રિયા પણ તે અનંતપણે કર્યા કરે છે. સત્ તત્ત્વને કાપી કાઢીને તેમાંથી તે આખા આખા ભાગ બનાવે છે, એ ભાગોને વળી હંમેશાં વધુ ને વધુ નાના ભાગોમાં, અણુઓમાં કાપતું રહે છે, અને એ અણુઓને વળી પ્રાથમિક અણુઓમાં કાપે છે, અને એ પ્રાથમિક અણુને પણ તે, તેનાથી બની શકે તો, શૂન્યતામાં ઓગાળી નાખવા તે તૈયાર થાય તેમ છે. પરંતુ તે એમ કરી શકતું નથી, કેમકે આ વિભાજનની ક્રિયા પાછળ તો અતિમનસનું રક્ષણહાર જ્ઞાન આવી રહેલું છે, અને એ જ્ઞાન જાણતું હોય છે કે દરેક સમગ્ર તત્ત્વ, દરેક અણુ તે સર્વરૂપ શક્તિની, સર્વરૂપ ચેતનાની, સર્વરૂપ સત્તત્ત્વની તેનાં દૃશ્યરૂપ બનતાં રૂપોની અંદર થતી માત્ર એક એકાગ્રતા જ છે. મન પોતે આ સમૂહ રૂપ તત્ત્વને એક અનંત શૂન્યતામાં ઓગાળી નાખવાની સ્થિતિમાં જે પહોંચતું દેખાય છે તે અતિમનસને માટે તો પોતાના પર એકાગ્ર બનતું સચેતન સત્ તત્ત્વ પોતાના દૃશ્યરૂપ સ્વરૂપમાંથી નીકળી પોતાના અનંત અસ્તિત્વમાં પાછું ફરવાની જ એક ક્રિયા હોય છે. અતિમનસની ચેતના ભલે ગમે તે રસ્તે ગતિ કરે, અનંત વિભાજનની રીતે કે અનંત વિસ્તારણની રીતે, પણ એ ગતિમાં તે માત્ર પોતામાં જ પહોંચતું હોય છે, એની પોતાની જ અનંત એકતામાં અને પોતાના શાશ્વત સ્વરૂપમાં પહોંચતું હોય છે. અને મનની ક્રિયા જ્યારે અતિમનસના આ જ્ઞાનને સભાન રીતે આધીન બની રહે છે ત્યારે તેને પોતાને પણ એ પ્રક્રિયાનું સત્ય જણાય છે અને એ સત્યની લેશ પણ ઉપેક્ષા થતી નથી. અહીં કોઈ સાચો ભેદ હોતો નથી પરંતુ સત તત્ત્વનાં રૂપોમાં તથા સત્ તત્ત્વનાં એ રૂપોના એકબીજા સાથેના સંબંધની વ્યવસ્થાઓમાં એક અનંત રીતે

બહુવિધ એવી એકાગ્રતા બનેલી હોય છે અને ભેદ તે આ રૂપોની સ્થળ અને કાળમાં થતી લીલાને માટે જરૂરની એવી આખીયે પ્રક્રિયાનો એક ગૌણ દેખાવ હોય છે. કેમકે તમે ભલે ગમે તે રીતે ભાગ કરો, કે અત્યંત બારીકમાં બારીક અણુ સુધી પહોંચી જાઓ કે પછી જગતોનો અને સૃષ્ટિઓનો શક્ય તેટલો પ્રચંડમાં પ્રચંડ સમૂહ ભેગો કરો, પણ એ બેમાંથી એકે પ્રક્રિયા દ્વારા તમે વસ્તુના મૂળ રૂપમાં પહોંચી શકવાના નથી. આ બધાં તો એક પરમ શક્તિનાં રૂપો છે અને કેવળ એ શક્તિ જ પોતે પોતાની મેળે વાસ્તવિક છે, એ સિવાયનાં બીજાં તત્ત્વો તે એ શાશ્વત શક્તિ-ચેતનાની પોતાની સ્વ-પ્રતિમાઓ તરીકે અથવા તો તેનાં આવિર્ભાવકારક આત્મ-રૂપો તરીકે જ વાસ્તવિક રહેલાં છે.

તો પછી આ મર્યાદિત કરનારી અવિદ્યા, અતિમનસમાંથી મનનું પતન અને એના પરિણામે ઊભો થતો સાચા ભેદનો ખ્યાલ એ સૌથી પ્રથમ ક્યાંથી ઉત્પન્ન થતાં હશે? અતિમનસની ક્રિયાની કઈ વિકૃતિમાંથી એ ચોક્કસપણે બની આવતાં હશે? એ બની આવે છે વ્યક્તિરૂપ થયેલા આત્મામાંથી; એ આત્મા દરેક વસ્તુને તેના પોતાના દૃષ્ટિબિંદુમાંથી જોતો હોય છે અને બીજાં બધાં દૃષ્ટિબિંદુઓને તે બાકાત રાખતો હોય છે; અર્થાત્ આ વ્યક્તિરૂપ આત્મા ચેતનાની એક સંપૂર્ણ એકાગ્રતા કરી લેતો હોય છે, કાળ તથા સ્થળની અંદરના એક અમુક કાર્ય સાથે એ આત્માનું એક સંપૂર્ણ તાદાત્મ્ય થઈ જતું હોય છે કે જે તેના સ્વરૂપની લીલાનો માત્ર એક ભાગ જ હોય છે. આ અવિદ્યાનો પ્રારંભ આત્મા એ હકીકતની ઉપેક્ષા કરતો હોય છે તેમાંથી થતો હોય છે કે બીજા બધા આત્માઓ પણ તે પોતે જ છે, બીજું બધું જે કાર્ય છે તે તેનું પોતાનું જ કાર્ય છે-અને સત્ તત્ત્વની તથા ચેતનાની બીજી બધી અવસ્થાઓ તે તેની જેટલી પોતાની છે તેટલી જ તે પોતે અત્યારે કાળની અંદર જે એક ક્ષણમાં ઊભેલો છે અને સ્થળની અંદર તે જે એક સ્થાનમાં ઊભેલો છે અને જે અમુક રૂપમાં તે રહેલો છે તે ક્ષણનું, તે સ્થાનનું તથા તે રૂપનું કાર્ય છે. આ આત્મા ક્ષણ ઉપર, ક્ષેત્ર ઉપર, રૂપ ઉપર, ગતિ ઉપર એવી રીતે એકાગ્રતા કરે છે કે તે બાકીનું બધું ગુમાવી બેસે છે, એટલે પછી તેણે એ બાકીનું બધું ક્ષણોની પરંપરાને ભેગી જોડી લઈને, સ્થળનાં બિંદુઓની પરંપરાને કાળ ને સ્થળમાં રહેલાં રૂપોની પરંપરાને, કાળ અને સ્થળમાં થતી રહેતી ગતિઓની પરંપરાને ભેગી જોડી લઈને પાછું મેળવી લેવાનું રહે છે. આમ આત્માએ કાળની અવિભાજ્યતાનું સત્ય ગુમાવી દીધું છે, શક્તિ અને પદાર્થતત્ત્વની અવિભાજ્યતાનું

સત્ય ગુમાવી દીધું છે. એણે વળી એ સાવ દેખાઈ આવે એવી હકીકત પણ દૃષ્ટિમાંથી ગુમાવી દીધી છે કે સર્વ મનો તે એક જ મન છે કે જે અનેક દૃષ્ટિબિંદુઓ ધારણ કરી રહેલું છે, સર્વ જીવનો તે એક જ જીવન છે કે જે પ્રવૃત્તિના અનેક પ્રવાહોને વિકસાવી રહ્યું છે, સર્વ શરીર અને રૂપ તે શક્તિ અને ચૈતન્યનું એક જ પદાર્થતત્ત્વ છે કે જે શક્તિ અને ચૈતન્યની અનેક દેખાતી એવી સ્થિરતાઓની અંદર એકાગ્ર બની રહેલું છે. પરંતુ સાચી રીતે તો આ બધી સ્થિરતાઓ ગતિનો એક ખરેખર સતત ચાલી રહેલો વમળ જ છે, અને એમાં ગતિ રૂપને હળવું કરતી કરતી ફરી ફરીને રચ્યા કરતી હોય છે; આ સ્થિરતાઓ આથી વિશેષ કાંઈ જ નથી. કેમકે મન તો દરેક વસ્તુને જડ રીતે નક્કી કરી દીધેલાં રૂપોમાં તથા દેખીતી રીતે અવિકારી અથવા તો અગતિક એવાં બાહ્ય તત્ત્વોમાં જકડી લેવાને પ્રયત્ન કરતું રહે છે, કારણ કે નહિ તો પછી તે પોતે કાંઈ કાર્ય કરી શકતું નથી, અને તે એમ માને છે કે એને પોતાને જે જોઈએ છે તે મળી આવ્યું છે. ખરી સ્થિતિ તો એ છે કે જગતમાં બધી જ વસ્તુઓ પરિવર્તનનો અને નવરચનાનો એક વહેતો પ્રવાહ છે અને કોઈ રૂપ પોતાની મેળે આગવું રૂપ હોય તેમ નથી તેમ જ કોઈ અવિકારી એવું બાહ્ય તત્ત્વ નથી. કેવળ પેલો શાશ્વત સત્ય-વિચાર એ જ એક દૃઢ વસ્તુ છે, અને વસ્તુઓના વહનમાં તે આકૃતિઓ અને સંબંધોની અમુક વ્યવસ્થિત સ્થિરતા ટકાવી રાખે છે, અને મન જે વસ્તુ હંમેશા અસ્થિર છે તેના પર સ્થિરતાનું આરોપણ કરીને પેલી સ્થિરતાનું અનુકરણ કરવાનો પ્રયત્ન વ્યર્થ રીતે કરતું રહે છે. આ સત્યોને મને પાછાં મેળવી લેવાનાં છે; મનને આ સત્યોનું જ્ઞાન તો બધો વખત રહેલું જ છે, પરંતુ તે જ્ઞાન તેની ચેતનાના ગુપ્ત એવા પાછલા ભાગમાં, તેના આત્મ-સ્વરૂપના ગુપ્ત પ્રકાશમાં રહેલું હોય છે; અને પ્રકાશ મનને માટે તો એક અંધકાર જેવો હોય છે, કારણ કે એ મને પોતે અજ્ઞાનને સરજેલું છે, કારણ કે એ પોતે ભેદસર્જક માનસમાંથી ભેદબદ્ધ માનસમાં સરી પડેલું છે, કારણ કે તે તેની પોતાની ક્રિયાઓમાં તથા તેના પોતાનાં સર્જનોમાં તિરોભાવ પામી ગયું છે.

આ અજ્ઞાન વળી માણસ પોતાને શરીર સાથે એકરૂપ ગણી લેતો હોય છે તેને લીધે તેને માટે વધારે ઊંડું અજ્ઞાન બની રહે છે. આપણને મન શરીર દ્વારા રચાતું હોય એમ લાગે છે. કારણ કે એ મન શરીર અંગે જ રોકાયેલું રહેતું હોય છે તેમ જ આ સ્થૂલ ભૌતિક જગતમાં થતા રહેતા તેના સભાન રીતના ઉપરછલ્લા કાર્યને માટે

પદાર્થનું રૂપ છે. અને આખરે આપણે એ હદે પહોંચીએ છીએ જ્યાં માનવનું મન પદાર્થનાં રૂપ અને શક્તિના રૂપ એ બેની વચ્ચે માત્ર આપખુદી રીતે જ ભેદ પાડે છે.

પદાર્થતત્ત્વ છેવટે તો કોઈ અજ્ઞાત શક્તિના ઘાટ તરીકે પોતાનો આવિર્ભાવ કરે છે. જેનો હજી પાર પામી શકાયો નથી એવું બીજું રહસ્ય જીવન પણ, તે પોતાના પાર્થિવ ઘડતરમાં પુરાઈ રહેલ, સંવેદન અનુભવનાર કોઈ પ્રચ્છન્ન શક્તિરૂપે પ્રગટ થાય છે. અને જ્યારે આ ભેદાત્મક અજ્ઞાન, કે જે આપણને પ્રાણ અને પદાર્થતત્ત્વ વચ્ચે મોટું અંતર છે એવું ભાન કરાવે છે તે મટી જાય છે ત્યારે, મન, પ્રાણ અને પદાર્થ એ ત્રણે વેદના ઋષિઓના ત્રિલોકની માફક, ત્રણ રૂપે પ્રગટ થતી એક જ શક્તિનાં રૂપો છે એમ માલમ પડે છે. પછીથી મન નર્યા જડ પદાર્થની શક્તિમાંથી ઉત્પન્ન થયેલું છે એ વિચાર પણ ટકી શકતો નથી. જે શક્તિ સૃષ્ટિ રચે છે તે તપઃશક્તિ જ હોવી જોઈએ અને તપઃશક્તિ એટલે કાર્ય અને પરિણામ પ્રત્યે વળેલી ચિત્‌શક્તિ યાને ચેતના.

તપઃશક્તિનું એ કાર્ય અને પરિણામ એટલે બીજના રૂપમાં ચેતનાનું તિરોભાવ પામવું અને તેમાંથી વિધવિધ વાસ્તવિક રૂપોમાં પોતાની ઉત્ક્રાન્તિ કરવી, જેથી કરીને ચેતનાએ ઉત્પન્ન કરેલ વિશ્વમાં કોઈ મહાન શક્યતા સિદ્ધ થાય. અને એ તપઃશક્તિ જ્યારે માનવમાં કાર્ય કરે છે ત્યારે તે અંતહીન જીવન, અમર્યાદ જ્ઞાન, અકુંઠિત શક્તિનું સ્વરૂપ નહિ તો બીજું કયું સ્વરૂપ લે? ખુદ ભૌતિકશાસ્ત્રે શારીરિક મરણના ઉપર વિજય મેળવવાનું સ્વપ્નું સેવવા માંડ્યું છે અને ન છિપાવી શકાય તેવી જ્ઞાનની તૃષા તેણે જાગ્રત કરી છે, તથા માનવજાતને માટે એક પ્રકારની સર્વશક્તિમત્તા તે પ્રગટ કરી રહ્યું છે. ભૌતિક શાસ્ત્રના કાર્યને પરિણામે કાલ અને દિશા લગભગ અલોપ થઈ જવા લાગ્યાં છે અને એ રીતે તે માણસને સંજોગો ઉપર પ્રભુત્વ અપાવી કાર્યકારણના નિયમનું બંધન ઓછું કરતું જાય છે. હદનો ખ્યાલ, અશકયતાની ભાવના ઝાંખી થતી જાય છે અને તેને બદલે એમ લાગે છે કે માણસ જેને માટે સતત તપઃશક્તિ વાપરે છે તે અંતે તેને માટે શક્ય બને છે. કારણ કે માનવજાતિની ચેતના આખરે સફળતાનાં સાધનો મેળવે છે. આ સર્વશક્તિમાનપણું વ્યક્તિમાં પોતાનો આવિર્ભાવ કરે છે એવું નથી, પરંતુ માણસજાતની સામુદાયિક તપઃશક્તિ વ્યક્તિને સાધન તરીકે વાપરીને પોતાનું કાર્ય સાધે છે. છતાં જ્યારે આપણે વધારે ઝીણવટથી જોઈએ છીએ ત્યારે આપણને

તે જે સ્થૂલ શારીરિક ક્રિયાઓનો ઉપયોગ કરતું રહે છે તે ક્રિયાઓમાં જ તે લીન રહેતું હોય છે. આ મને શરીરની અંદર પોતાનો જે વિકાસ સાધ્યો છે તે વિકાસની પ્રક્રિયામાં તેણે મગજ અને જ્ઞાનની ક્રિયા વિકસાવી છે અને એ ક્રિયાનો સતત ઉપયોગ કરતું કરતું તે આ સ્થૂલ યંત્રસામગ્રી તેને જે વસ્તુઓ આપે છે તેનું અવલોકન કરવામાં જ તે ખૂબ ખૂબ ડૂબેલું રહે છે અને એ અવલોકનમાંથી પાછું હઠીને તેની પોતાની જે શુદ્ધ ક્રિયાઓ છે તેમાં તે પહોંચી શકતું નથી; મનને માટે તેની આ શુદ્ધ ક્રિયાઓ મોટે ભાગે અવચેતન રીતની જ રહે છે. આમ છતાં આપણે એક એવા પ્રાણમય મનની અથવા પ્રાણમય સ્વરૂપની કલ્પના કરી શકીએ છીએ કે જે વિકાસક્રમની ગતિમાં ઊભી થતી આ શારીરિક પ્રવૃત્તિમાં ડૂબી જવાની જરૂરમાંથી પર થઈ ગયું હોય અને પોતે એમ જોઈ શકતું હોય અને અનુભવી પણ શકતું હોય કે પોતે તો શરીર પછી શરીર ધારણ કરતું રહ્યું છે અને પ્રત્યેક શરીરમાં પોતે અલગ અલગ સર્જાયું નથી તેમ જ તે તે શરીરના અંત સાથે પોતે અંત પામી જતું નથી; કેમકે આમાં તો જડતત્ત્વ ઉપર મનની જે સ્થૂલ અસર પડતી હોય છે, આ જે માત્ર શારીરિક માનસ છે તે જ આ રીતે શરીરની સાથે સર્જાતું હોય છે, આખુંયે મનોમય સ્વરૂપ નહિ. આ જે શરીરગત માનસ છે તે તો માત્ર મનની આપણી સપાટી છે, સ્થૂલના અનુભવ સમક્ષ મન પોતાનો જે આગળનો ભાગ રજૂ કરે છે તે છે. આ સપાટીની પાછળ, આપણા પૃથ્વી પરના સ્વરૂપમાં પણ, આપણું એક બીજું મન, આપણે માટે અવચેતન કિંવા પૃષ્ઠસ્થ રીતનું મન આવી રહેલું છે, અને એ જાણતું હોય છે કે પોતે શરીર કરતાં કાંઈ વિશેષ તત્ત્વ છે, અને પોતામાં એક ઓછી એવી સ્થૂલ રીતનું કાર્ય કરવાની શક્તિ રહેલી છે. આપણા સપાટી પરના મનનું જે વધુ વિશાળ, વધુ ગહન અને વધારે સમર્થ એવું કાર્ય થતું રહે છે તેમાંનું મોટા ભાગનું કાર્ય આ અવચેતન કિંવા પૃષ્ઠસ્થ મનને આભારી હોય છે; આપણે જ્યારે આ મન વિષે અથવા તો તેની આપણા ઉપર પડતી અસર વિષે સભાન બનીએ છીએ ત્યારે આપણને આત્મા વિષેનો કિંવા આંતર સ્વરૂપ, પુરુષ* વિષેનો આપણો પ્રથમ ખ્યાલ અથવા તો પ્રથમ સાક્ષાત્કાર મળી આવે છે.

પરંતુ આ પ્રાણમય માનસ પણ, એ પોતે શરીરને અંગેની ભૂલમાંથી મુક્ત થઈ શકે છે છતાં, આપણને મનની આખીયે ભૂલમાંથી મુક્ત કરી આપતું નથી. એ માનસ

* એનું દર્શન પ્રાણમય સ્વરૂપ કિંવા પ્રાણમય પુરુષ તરીકે થાય છે.

અવિદ્યાની જે આદિમ ક્રિયા છે તેને હજી પણ આધીન રહેતું હોય છે, કે જે ક્રિયાને લીધે વ્યક્તિરૂપ બનેલો આત્મા હરેક વસ્તુને તેના પોતાના જ દૃષ્ટિબિંદુમાંથી જોતો રહે છે, તથા વસ્તુઓ બહારની બાજુએથી જે રીતે તેની સમક્ષ પોતાને રજૂ કરતી હોય તે પ્રમાણે જ, અથવા તો કાળમાં અને સ્થળમાં રહેલી તેની અલગ ચેતનામાંથી જન્મતી તેની દૃષ્ટિ સમક્ષ તે જે રીતે ઊભી થતી રહે છે, ભૂતકાળના તથા વર્તમાનના અનુભવનાં રૂપો તથા પરિણામો તરીકે, તે પ્રમાણે જ માત્ર વસ્તુઓનું સત્ય જોઈ શકે છે. આ આત્મા તેનાં પોતાનાં જે બીજાં રૂપો છે તેને વિષે સભાન નથી, એ રૂપો પોતાના અસ્તિત્વનાં બાહ્ય સૂચનો આપે તે દ્વારા જ તેમને વિષે તે સભાન બને છે; આ સૂચનો તે તેમણે કોઈ વિચાર સંક્રાન્ત કર્યો હોય તેનાં સૂચનો હોય છે, વાણીના કે કર્મનાં સૂચનો હોય છે, કર્મોના પરિણામમાંથી મળતાં સૂચનો હોય છે અથવા તો શારીરિક સ્વરૂપને સીધી રીતે અનુભવતાં નહિ તેવાં, પ્રાણમય સંપર્ક અને સંબંધનાં સૂક્ષ્મ સૂચનો હોય છે. વળી એ આત્મા તેને પોતાને વિષે પણ એટલો જ અજ્ઞાન હોય છે, કેમકે એને પોતાની જાતને વિષે જે જ્ઞાન થાય છે તે માત્ર કાળમાં થતી ગતિ દ્વારા તથા એક પછી એક થતા રહેતા જન્મો દ્વારા, કે જે જન્મોમાં તેણે પોતાની વિવિધ રીતની સદેહ બનેલી શક્તિઓને વાપરી હોય છે તે દ્વારા જ તેને પોતાનું જ્ઞાન થતું હોય છે. આપણા સ્થૂલ કરણરૂપ મનને જેવી રીતે શરીરનો આભાસ રહેલો છે તેવી જ રીતે આ અવચેતન સક્રિય મનને પ્રાણનો આભાસ રહેલો છે. એ પ્રાણમાં તે લીન અને એકાગ્રિત બનેલું હોય છે, એ પ્રાણ દ્વારા તે મર્યાદિત બનેલું હોય છે, એ પ્રાણની સાથે તે પોતાના સ્વરૂપને એકરૂપ કરી લે છે. અહીં આ અવચેતનમાં હજી આપણે મન અને અતિમનસની મિલનભૂમિમાં તથા તે બંને જે બિંદુએ સૌથી પ્રથમ છૂટાં પડ્યાં ત્યાં પાછા પહોંચતા નથી.

પરંતુ આ સક્રિય અને પ્રાણમય માનસની પાછળ હજી એક બીજું વધારે સ્પષ્ટ દૃષ્ટિવાળું ચિંતનાત્મક માનસ રહેલું છે. એ માનસ પ્રાણમાં થતા આ નિમજ્જનમાંથી છૂટી શકવાને સમર્થ હોય છે, અને પોતે સંકલ્પ અને વિચારની અંદર જે કાંઈ જોતું હોય છે તેને શક્તિના સક્રિય સંબંધોની અંદર સાકાર કરવા માટે પોતે પ્રાણ અને શરીરને ધારણ કરે છે એમ તે પોતાને નિહાળતું રહે છે. આપણામાં રહેલા શુદ્ધ ચિંતકનું ઉદ્ભવસ્થાન એ છે. મનોમયતા પોતે શું છે એ તે જાણે છે અને જગતને તે પ્રાણ અને શરીરની રીતે નહિ પણ મનની રીતે નિહાળે છે આપણે જ્યારે તેમાં* પાછા પહોંચીએ

* મનોમય પુરુષ

છીએ ત્યારે, જેવી રીતે સક્રિય મનને આપણે આત્મા રૂપે ભૂલથી સમજી લઈએ છીએ તેવી રીતે, કેટલીક વાર તેને શુદ્ધ આત્મતત્ત્વ રૂપે ભૂલથી સમજી લઈએ છીએ. આ ઊર્ધ્વ મન બીજા આત્માઓ તે તેના પોતાના શુદ્ધ આત્માનાં અન્ય રૂપો છે એમ જોઈ શકે છે અને એ રીતે તેમની સાથે વ્યવહાર કરી શકે છે. એ મન કેવળ માનસિક સંપર્ક અને વ્યવહાર દ્વારા તેમને ઓળખી શકે તેમ હોય છે, એ માત્ર પ્રાણના અને જ્ઞાનતંતુઓના સંપર્ક દ્વારા તથા સ્થૂલ સૂચન દ્વારા જ તેમને ઓળખી શકે તેમ હવે રહેતું નથી. વળી તે એકતાની એક મનોમય આકૃતિ પણ કલ્પે છે, અને તે પોતાની પ્રવૃત્તિમાં તથા સંકલ્પમાં સામાન્ય-શારીરિક જીવનમાં બનતું હોય છે તેમ માત્ર અપ્રત્યક્ષ રીતે જ નહિ-પણ સીધેસીધી રીતે વસ્તુઓને સર્જી શકે છે તથા પ્રાપ્ત કરી શકે છે, અને તે બીજાં મનમાં તથા જીવનમાં તથા તેના પોતાના મનમાં તથા જીવનમાં આ કરતું રહે છે. પરંતુ હજી આ શુદ્ધ માનસ પણ મનની મૂળ ભૂલમાંથી છૂટી જતું નથી. કેમકે હજી તે પોતાના અલગ મનોમય સ્વરૂપે જ રહેલું છે અને એ મનોમય સ્વરૂપને જ તે વિશ્વનો ન્યાયાધીશ, સાક્ષી અને કેન્દ્ર બનાવતું રહે છે અને માત્ર એ મનોમય સ્વરૂપ દ્વારા જ તે તેના પોતાના ઊર્ધ્વ સ્વરૂપમાં અને વાસ્તવિકતામાં પહોંચવાનો પ્રયત્ન કરતું રહે છે; એના સિવાયના જે બીજા આત્માઓ છે તે તેની પોતાની આસપાસ ગોઠવાયેલા 'બીજા' હોય છેઃ એ પોતે જ્યારે મુક્ત થવાનો સંકલ્પ કરે છે ત્યારે તેણે સાચી વાસ્તવિકતામાં અદૃશ્ય થઈ જવા માટે પ્રાણ અને મનમાંથી પાછા હઠી જવાનું રહે છે. કેમકે અવિદ્યાએ મનના તથા અતિમનસના કાર્યની વચ્ચે સર્જેલો પરદો હજી પણ ટકી રહેલો હોય છે; એમાં થઈને સત્યની એક આકૃતિ ચાલી આવે છે ખરી, પણ સત્ય પોતે નહિ.

આ પરદો જ્યારે ચિરાઈ જાય છે અને ભેદબદ્ધ એવું મન જિતાઈ જઈને, અતિમાનસના કાર્યની સમક્ષ નીરવ અને નિષ્ક્રિય બની રહે છે ત્યારે જ મન પોતે વસ્તુઓના સત્યમાં પાછું પહોંચે છે. ત્યાં આપણને એક તેજોમય માનસ જોવા મળે છે, ચિંતનરૂપ, પ્રભુના દિવ્ય સત્ય-વિચારને આજ્ઞાધીન અને કરણરૂપ બની રહેલું, ત્યાં આપણે જગત વાસ્તવિક રૂપે શું છે તેનું દર્શન કરીએ છીએ; આપણે અન્યમાં રહેલા છીએ તથા અન્ય રૂપે છીએ, અન્ય તે આપણે પોતે છીએ અને સર્વ તે વિશ્વરૂપ અને સ્વયં-બહુરૂપ બનેલા અદ્વૈતરૂપ પરમાત્મા છે એ વાત આપણે સર્વ

રીતે જાણતા થઈએ છીએ. આપણે સર્વ મર્યાદા અને ભૂલના કારણરૂપ એવું જે જડ રીતે અલગ એવું વ્યક્તિગત દૃષ્ટિબિંદુ ધરાવતા હોઈએ છીએ તે ચાલ્યું જાય છે. છતાં, આપણે એ વસ્તુ પણ જોઈએ છીએ કે મનના અજ્ઞાને જ જે વસ્તુને સત્ય તરીકે માની લીધી હતી તે પણ હકીકતે તો સત્ય હતું જ, પણ એ સત્ય તે ફંટાઈ ગયેલું, ખોટું સમજાયેલું અને ખોટી રીતે કલ્પાયેલું સત્ય હતું. આપણને હજી પણ ભેદનું દર્શન તો થતું રહે છે, વ્યક્તિરૂપ બનવાની ક્રિયાનું, અણુ-આત્મક સર્જનનું દર્શન તો થતું રહે છે, પરંતુ એ બધી વસ્તુઓ અને આપણે પોતે વાસ્તવિક રીતે જે છીએ તે રીતે આપણે એ વસ્તુઓને તથા આપણને પોતાને જાણતા રહીએ છીએ. અને એ રીતે આપણે સમજીએ છીએ કે મન તે ખરી રીતે તો ઋતચેતનાનું એક ગૌણ કાર્ય અને કરણરૂપ તત્ત્વ હતું. જ્યાં સુધી એ મન તેને વીંટળાઈ રહેલી પ્રભુ-ચેતનામાંથી પોતાની સ્વાનુભૂતિમાં અલગ થઈ ગયેલું હોતું નથી, તથા પોતાને માટે ઘર બાંધવાનો પ્રયત્ન કરતું હોતું નથી, જ્યાં સુધી તે નિષ્ક્રિય ભાવે એક કરણ રૂપ બની રહેવાનું કામ કરે છે અને પોતાના લાભને ખાતર કશું મેળવવા માગતું નથી ત્યાં સુધી તે પોતાનું કાર્ય તેજોમય રીતે કરતું રહે છે. મનનું એ કાર્ય સત્યની અંદર એ છે કે તેણે રૂપોની પ્રવૃત્તિને એક કેવળ દેખાવ પૂરતી, કેવળ આકાર પૂરતી મર્યાદિતતામાં મૂકી આપીને રૂપોને એક બીજાથી અલગ રાખવાનાં રહે છે, અને એ પ્રવૃત્તિની પાછળ વિશ્વનું શાસન કરતી સત્ તત્ત્વની વિશ્વરૂપતા સભાન રીતે અને અસ્પૃષ્ટ રૂપે ટકી રહેતી હોય છે. મને વસ્તુઓના સત્યને ઝીલી લેવાનું રહે છે અને એ સત્યને એક પરમ અને વિશ્વરૂપ ચક્ષુ અને સંકલ્પશક્તિના સ્ખલનરહિત દર્શન મુજબ વહેંચી આપવાનું રહે છે. મને સક્રિય ચેતના, આનંદ, શક્તિ અને પદાર્થતત્ત્વને વ્યક્તિરૂપ આપવાની ક્રિયાને ટકાવી રાખવાની છે, અને એ વ્યક્તિરૂપતાની ક્રિયામાં જે કાંઈ શક્તિ, વાસ્તવિકતા અને આનંદ હોય છે તે પાછળમાં રહેલી એક અવિચ્છેદ્ય એવી વિશ્વરૂપતામાંથી આવતાં હોય છે. આ મને અદ્વૈતરૂપ પરમાત્માની બહુરૂપતાને એક દેખીતી રીતના ભેદમાં પલટી આપવાની રહે છે, અને એ દેખીતા ભેદ દ્વારા સંબંધોનું રૂપ સ્પષ્ટ બને છે અને એ સંબંધોને એકબીજાની સામે ગોઠવી રાખવામાં આવે છે કે જેમાંથી તે પાછા એકબીજાને મળતા અને જોડાતા થાય છે. આ મને એક શાશ્વત અદ્વૈત અને પરસ્પરની સંશ્લેષક્રિયાની વચ્ચે ભેદ અને સંપર્કમાં રહેલા આનંદને સ્થાપિત કરી આપવાનો છે. એણે પેલા અદ્વૈતરૂપ પરમાત્માને

એવી રીતના વ્યવહાર કરવામાં મદદ કરવાની છે કે એ પરમાત્મા પોતે જાણે કે બીજી વ્યક્તિઓ સાથે વ્યવહાર કરતી એક વ્યક્તિ છે, પરંતુ એ વ્યવહાર હંમેશાં તેમની પોતાની એકતામાંથી થઈ રહેલો છે, અને જગત વાસ્તવિક રીતે આ જ છે. મન તે બહિર્જ્ઞાતા ઋત-ચેતનાની છેલ્લી ક્રિયા છે, એ ક્રિયા આ બધી વસ્તુઓને શક્ય બનાવે છે, અને આપણે જેને અવિદ્યા કહીએ છીએ તે કોઈ નવી વસ્તુનું તથા નર્યા અસત્યનું સર્જન કરતી હોતી નથી પણ સત્યને માત્ર ખોટી રીતે રજૂ કરતી હોય છે. મન જ્ઞાનની ક્રિયામાં પોતાના જ્ઞાનના મૂળમાંથી છૂટું પડી ગયેલું છે, અને પરમ સત્યની તેના વિશ્વરૂપ આવિર્ભાવમાં જે સુસંવાદમય લીલા થઈ રહેલી છે તે લીલાને તે વિરોધ અને સંઘર્ષની એક ખોટી જડતા અને એક ભૂલભરેલો આભાસ આપે છે, આ જ અવિદ્યા છે.

એટલે મનની સૌથી મૂળ ભૂલ એ છે કે તે તેનાં પોતાને વિષેના જ્ઞાનમાંથી આ રીતે પતન પામેલું છે. એ પતનને લીધે, વ્યક્તિરૂપ બનેલો આત્મા પોતાનું વ્યક્તિત્વ તે પરમ અદ્વૈતનું એક રૂપ છે એમ ન સમજતાં તે અલગ એક હકીકત છે એમ કલ્પે છે અને પોતે વિશ્વરૂપ તત્ત્વની એક એકાગ્રતા છે એમ જાણવાને બદલે પોતાની જાતને તેના પોતાના જ વિશ્વનું કેન્દ્ર બનાવી લે છે. એ મૂળની ભૂલમાંથી મનનાં સર્વ વિશિષ્ટ અજ્ઞાનો અને મર્યાદિતતાઓ આનુષંગી પરિણામો તરીકે બની આવેલાં છે. કેમકે, મન વસ્તુઓનો પ્રવાહ જે રીતે તેના ઉપર તથા તેની અંદર વહેતો રહે છે તે રીતે જ તે પ્રવાહને જોતું રહી સત્ તત્ત્વની એક મર્યાદિતતા બનાવી લે છે કે જેમાંથી ચેતનાની એક મર્યાદિતતા અને તેને લીધે જ્ઞાનની એક મર્યાદિતતા ઊભી થાય છે, સચેતન શક્તિ અને સંકલ્પની એક મર્યાદિતતા અને તેને લીધે સામર્થ્યની મર્યાદિતતા ઊભી થાય છે, પોતાની જાતના રસાનુભવની મર્યાદિતતા અને તેને લીધે આનંદની મર્યાદિતતા ઊભી થાય છે. મન વસ્તુઓ જે રીતે તેના વ્યક્તિત્વની સમક્ષ પોતાને રજૂ કરતી રહે છે તે રીતે જ માત્ર તેમને વિષે સભાન બને છે અને તેમને જાણે છે, અને તેથી તે બાકીની વસ્તુઓ વિષેના અજ્ઞાનમાં સરી પડે છે અને એને લીધે પછી પોતે જે વસ્તુને જાણતું દેખાય છે તે વિષેનો પણ તેને એક ભૂલભરેલો ખ્યાલ બની રહે છે: કેમકે આખુંયે સત્ તત્ત્વ પરસ્પર અવલંબનવાળું છે, એટલે ખંડનું સાચું જ્ઞાન મેળવવા માટે સમગ્રનું યા તો મૂળ તત્ત્વનું જ્ઞાન હોવું જરૂરનું છે. એટલે માનવના આખાયે જ્ઞાનમાં ભૂલનું એક તત્ત્વ આવી રહેલું છે. આ જ પ્રમાણે, આપણી સંકલ્પશક્તિ, વિશ્વરૂપ સંકલ્પશક્તિનાં

બાકીનાં તત્ત્વો વિષે અજ્ઞાનમાં હોવાથી કાર્યની ભૂલમાં, તથા અશક્તિ અને દુર્બળતાની વત્તીઓછી કક્ષામાં સરી પડવી જોઈએ; આ જ પ્રમાણે આત્માને પોતાને વિષેનો તથા વસ્તુઓ વિષેનો જે આનંદ છે તે આનંદ, વિશ્વ-રૂપ આનંદની ઉપેક્ષામાં રહીને તથા સંકલ્પશક્તિ અને જ્ઞાનની ખામીને કારણે તે પોતાના જગતનો સ્વામી બનવાને અશક્ત હોઈને વસ્તુ સિદ્ધિના આનંદની અશક્તિમાં અને એમાંથી પછી દુઃખમાં સરી પડવો જોઈએ. એટલે પોતાને વિષેનું અજ્ઞાન એ આપણા અસ્તિત્વની સારીયે વિકૃતિનું મૂળ છે, અને વિકૃતિ આ આત્મ-અજ્ઞાને સ્વ-મર્યાદિતતાનું, અહંકારનું જે રૂપ લીધું છે તેમાં બરાબર જામીને ઊભેલી છે.

આમ છતાં અજ્ઞાનમાત્ર તથા વિકૃતિમાત્ર તે વસ્તુઓના સત્યની તથા સાચા તત્ત્વની કેવળ એક વિરૂપતા જ છે, એ કોઈ નર્યા અસત્યની લીલા નથી. અને આ વસ્તુ તે મન પોતાને તથા પોતે પ્રગટ કરેલા ભેદોને પરમ સચ્ચિદાનંદના સત્યની લીલાના કરણ રૂપે તથા પ્રગટ રૂપે ન જોતાં, પોતે જે ભેદ કરે છે તેમાં રહીને, **अविद्यायाम् अन्तरे** રહીને જુએ છે તેનું પરિણામ છે. મન જો પોતે જે સત્યમાંથી પતન પામ્યું હતું તેમાં પાછું પહોંચી જાય તો તે ઋત-ચેતનાનું, તેની બહિર્જ્ઞાતા ક્રિયાના વ્યાપારમાં, અંતિમ કોટિનું કાર્ય પાછું બની શકે છે, અને એ પ્રકાશ અને સામર્થ્યમાં રહીને તે જે સંબંધોને ઊભા થવામાં મદદ કરે છે તે સત્યના સંબંધો બની રહેશે, વિકૃતિના નહિ. એ બધું, વેદના ઋષિઓએ દ્યોતક ભેદ કરી આપ્યો છે તે મુજબ, સીધી વસ્તુઓ હશે, વાંકીચૂંકી નહિ,-એટલે કે તે, પોતાની અંદર સંવાદમયરીતે હરતાં ફરતાં રહેનારાં આત્મ-સિદ્ધ ચેતના, સંકલ્પશક્તિ અને આનંદના બનેલા દિવ્ય સત્ તત્ત્વનાં સત્યો હશે. અત્યારે તો આપણી પાસે મન અને પ્રાણની પરસ્પર વણાઈ ગયેલી અને આડીઅવળી ગતિ જ માત્ર રહેલી છે, પોતાના સાચા સ્વરૂપ વિષે એક વાર વિસ્મૃત બની ગયેલો આત્મા જે મંથનમાં પડી ગયો છે તેમાંથી જન્મતી વિકૃતિઓ જ માત્ર રહેલી છે. અને આત્માનું આ જે મંથન છે તેમાં તે પોતાની જાતને પાછી શોધવા માટે મથી રહ્યો છે, ભૂલમાત્રને તે જે સત્યને આપણું સત્ય અને આપણી ભૂલ, આપણું સાચું અને આપણું ખોટું મર્યાદિત કરી આપે છે યા તો વિકૃત કરી આપે છે તે સત્યમાં પાછી ઓગાળી નાખવાને મથી રહ્યો છે, અશક્તિ માત્રને તે જે શક્તિને પકડવા માટે આપણું બળ તથા આપણી શક્તિ મથી રહ્યાં છે તે શક્તિમાં

પાછી ઓગાળી નાખવાને મથી રહ્યો છે, દુઃખમાત્રને તે જે આનંદનો સાક્ષાત્કાર કરવા માટે આપણો આનંદ તેમ જ વેદના બંને સંવેદનના એક વ્યગ્ર પ્રયત્ન રૂપે બની રહેલાં છે તે આનંદમાં પાછી ઓગાળી નાખવાને મથી રહ્યો છે, મૃત્યુમાત્રને તે જે અમૃતત્વમાં પાછા પહોંચવા માટે આપણું જીવન તથા આપણું મૃત્યુ આપણા સ્વરૂપના એક સતત પ્રયત્ન રૂપે બની રહેલાં છે તે અમૃતત્વમાં ઓગાળી નાખવાને મથી રહ્યો છે.

પ્રકરણ ૧૯

જીવન

प्राणो हि भूतानामायुः । तस्मात्सर्वायुषमुच्यते ।।

तैत्तिरीय उपनिषद् २.३

પ્રાણ એ જ પ્રાણીઓનું જીવન છે; કારણ કે એને જીવનનું વિશ્વરૂપ તત્ત્વ કહેવામાં આવે છે.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૩

આપણે ત્યારે જોઈએ છીએ કે મન-આપણું માનવ અસ્તિત્વ જે ત્રણ નિમ્ન તત્ત્વોનું બનેલું છે તેમાંનું પહેલું તત્ત્વ એના દિવ્ય મૂલ ઉદ્‌ગમમાં કઈ વસ્તુ છે અને તે કેવી રીતે ઋત-ચેતના સાથે સંબંધમાં રહેલું છે. મન એ દિવ્ય ચેતનાનું એક ખાસ કાર્ય છે, અથવા કહો કે દિવ્ય ચેતનાનું સૃષ્ટિસર્જનનું જે આખુંયે કાર્ય ચાલી રહ્યું છે તેમાં છેવટનો તંતુ છે. પરમ પુરુષને પોતાનાં જુદાં જુદાં રૂપો અને શક્તિઓના એકબીજા સાથેના જે સંબંધો રહેલા છે તે સંબંધોને અલગ અલગ ટકાવી રાખવામાં મન મદદ કરે છે; એ મન જે માત્ર દૃષ્ટિને દેખાતા એવા ભેદો ઉત્પન્ન કરે છે તે ઋત-ચેતનામાંથી પતન પામેલા વ્યક્તિરૂપ આત્માને માટે મૂળભૂત ભેદોનો દેખાવ ધારણ કરે છે અને પેલી જે છેક મૂળમાં રહેલી વિકૃતિ છે તેના પરિણામ રૂપે જન્મતી સર્વ વિકૃતિઓનું તે જન્મદાતા બને છે, આ પરિણામરૂપ વિકૃતિઓ આપણને અવિદ્યામાં આવેલા આત્માના જીવનને માટે સ્વાભાવિક એવા અન્યોન્યથી ઊલટાં દ્વંદ્વો અને વિરોધો રૂપે નજરે પડે છે. પરંતુ મન જ્યાં લગી અતિમનસમાંથી છૂટું પડી ગયું નથી ત્યાં સુધી તે વિકૃતિઓ તથા અસત્યને ટેકો આપતું નથી, એ વિશ્વરૂપ સત્યના વિવિધ પ્રકારના કાર્યને ટેકો આપતું રહે છે.

આવી રીતે મન એક સર્જનકારક વિશ્વરૂપ માધ્યમ હોય તેવું દેખાય છે. આપણી મનોમયતા વિષે આપણને સામાન્ય રીતે જે છાપ છે તે આ પ્રમાણેની નથી. આપણે તો મનને પ્રથમ તો એક જોનારી ઈન્દ્રિય તરીકે, જડતત્ત્વમાં કામ કરતી શક્તિએ પહેલાં સર્જી રાખેલી વસ્તુઓને જોનારી ઈન્દ્રિય તરીકે ગણીએ છીએ અને તેનામાં જો કોઈ સર્જનશક્તિ હોય તો તે જડતત્ત્વમાં શક્તિએ જે રૂપો પહેલાંથી વિકસાવી

રાખેલાં છે તે રૂપોમાંથી નવ મિશ્રિત રૂપોનું એક ગૌણ સર્જન કરવા પૂરતી જ છે એમ સ્વીકારીએ છીએ. પરંતુ આપણને હવે, વિજ્ઞાનની છેલ્લી શોધખોળની સહાય વડે, જે જ્ઞાન પાછું મળી રહ્યું છે તે આપણને એ બતાવવા લાગ્યું છે કે આ શક્તિમાં અને આ જડતત્ત્વમાં એક અવચેતન મન કામ કરી રહેલું છે અને તેણે પોતે પ્રથમ પ્રાણના રૂપોમાં અને પછી મનનાં પોતાનાં રૂપોમાં પોતાનો જે ઉદ્‌ગમ સાધ્યો છે તેને માટે ખરેખર તે જ જવાબદાર છે. એ ઉદ્‌ગમ પ્રથમ વનસ્પતિ જીવનની તથા પ્રાથમિક અવસ્થાનાં પશુઓની જ્ઞાનતંતુગત ચેતનામાં થયો છે અને પછીથી વિકસિત બનેલા પશુની અને મનુષ્યની સદાયે વિકસતી રહેતી મનોમયતામાં સધાયો છે. અને આપણને આ પૂર્વે જેવી રીતે એમ જણાઈ આવ્યું છે કે જડતત્ત્વ તે શક્તિનું જ એક પદાર્થગત બનેલું રૂપ છે તેવી જ રીતે આપણને એમ જણાઈ આવશે કે જડરૂપ શક્તિ તે માત્ર મનનું જ શક્તિ-રૂપ છે તે, હકીકતે તો, સંકલ્પશક્તિની એક અવચેતન ક્રિયા છે; જે સંકલ્પશક્તિ જડરૂપ શક્તિ તે, આપણામાં પ્રકાશરૂપે જે તત્ત્વ દેખાય છે તેમાં કામ કરતી દેખાય છે, જો કે સાચી રીતે તો તે તત્ત્વ એક અર્ધ-પ્રકાશ કરતાં કાંઈ વિશેષ હોતું નથી, અને જે જડરૂપ શક્તિ આપણને જે અ-બુદ્ધિના અંધકાર રૂપ દેખાય છે તેમાં કામ કરતી હોય છે એ બંને, સંકલ્પશક્તિ અને જડરૂપ શક્તિ, આમ ભિન્ન દેખાતી હોવા છતાં, વાસ્તવિક રીતે અને તેમના મૂળતત્ત્વમાં તો એક જ વસ્તુ રહેલી છે. આ વાત જડવાદી વિચારકોને વસ્તુઓના ખોટા છેડેથી અથવા તો નીચેના છેડેથી કામ કરતાં કરતાં હંમેશાં સહજ રીતે જ અનુભવાતી રહી છે. અને આધ્યાત્મિક જ્ઞાને તેને શિખર પરથી કામ કરતાં કરતાં કેટલાયે વખત પૂર્વે શોધી લીધેલી છે. એટલે આપણે એમ કહી શકીએ છીએ કે એક અવચેતન રીતના મને અથવા તો બુદ્ધિએ, પોતાના પ્રેરક બળ તરીકે, પોતાની કાર્યસાધક પ્રકૃતિ તરીકે શક્તિને આવિર્ભાવ આપીને આ જડરૂપ જગતનું સર્જન કરેલું છે.

પરંતુ, આપણે હમણાં જોઈ ગયા તે પ્રમાણે, મન એ કાંઈ સ્વતંત્ર અને મૂળ રૂપ તત્ત્વ નથી, એ તો ઋતુ-ચેતના કિંવા અતિમનસની માત્ર એક છેવટની ક્રિયા છે, એટલે જ્યાં જ્યાં મન હોય છે ત્યાં ત્યાં અતિમનસ હોવું જ જોઈએ એવી સ્થિતિ છે. અતિમનસ કિંવા ઋત-ચેતના એ જ આ વિશ્વરૂપી અસ્તિત્વની સાચી સરજનહાર ચેતના છે. મન એની પોતાની અંધકારમય બનેલી ચેતનામાં એના મૂળમાંથી છૂટું પડી ગયું હોય છે ત્યારે પણ મનની ક્રિયાઓમાં પેલી અધિક વિશાળ ક્રિયા હંમેશાં રહેલી હોય

છે. એ વિશાળ ક્રિયા મનની ક્રિયાઓને તેમના સાચા સંબંધો જાળવી રાખવાની ફરજ પાડે છે, એ ક્રિયાઓ પોતામાં જે અનિવાર્ય પરિણામો ધારણ કરતી હોય છે તે પરિણામોને તે તેમાંથી વિકસાવતી રહે છે, સાચા બીજમાંથી સાચું વૃક્ષ નિપજાવતી રહીને, એ જડરૂપ શક્તિ જેવી એક સ્થૂલ, નિષ્ક્રિય અને અંધકારમય બનેલી વસ્તુની ક્રિયાઓને એક નિયમ, સુવ્યવસ્થા અને સાચા સંબંધના બનેલા જગત રૂપે બનવાની ફરજ પાડે છે, અને આમ જો ન હોત તો આ જગત એક ઘસમસાટ બન્યે જતા અકસ્માતો અને અંધાધૂંધીની જ સૃષ્ટિ બની રહેત. હા, એ તો દેખીતું છે કે, આ સુવ્યવસ્થા અને સાચો સંબંધ તે માત્ર સાપેક્ષ રીતનાં જ હોઈ શકે છે, મન જો પોતાની ચેતનામાં અતિમનસમાંથી છૂટું પડી ગયું ન હોત તો જગતમાં જે પરમ સુવ્યવસ્થા અને પરમ સત્યતાનું સર્વત્ર શાસન રહેત તેવી સ્થિતિ તો આ નથી જ. અત્યારનું જગત તો મનનું સર્જન છે, એ વિચ્છેદકારક મનની જે ક્રિયા છે. મને જે ભેદાત્મક વિરોધી તત્ત્વો સર્જ્યાં છે, એક જ સત્યની દ્વંદ્વ રૂપ ઊલટાસુલટી બાજુઓ બનાવી છે તેમાંથી સાચી અને યોગ્ય રીતે જે પરિણામો આવે તે પ્રમાણેની બનેલી એક ગોઠવણી, એક સુવ્યવસ્થા છે. દિવ્ય ચેતનાએ પોતાની જાતને આ દ્વંદ્વ કિંવા ભેદની રીતે રજૂ કરવાનો વિચાર સરજીને એ વિચારને ક્રિયામાં વહેતો મૂક્યો છે અને એ વિચારમાંથી પછી તે પોતાનું નિમ્ન સત્ય કિંવા વિવિધ સંબંધનું બનેલું અનિવાર્ય પરિણામ નિપજાવે છે. આ કાર્ય એ દિવ્ય ચેતના એ વિચારની પાછળ રહેલી સારીયે ઋત-ચેતનાની નિયામક ક્રિયા દ્વારા કરે છે, અને એ નિમ્ન સત્ય કિંવા વિવિધ સંબંધને તે પ્રથમ સત્ય-વિચારની અંદર સાકાર કરે છે અને વ્યવહારની ભૂમિકા ઉપર તેને જીવનની પદાર્થ-સામગ્રીમાં મૂર્ત કરે છે. જગતમાં ચાલી રહેલા મહાનિયમનું કિંવા સત્યનું સ્વરૂપ આ જ પ્રમાણેનું છેઃ મૂળ સત્ તત્ત્વમાં જે વસ્તુ રહેલી હોય છે, વસ્તુના પોતાના મૂળતત્ત્વમાં અને સ્વભાવમાં જે તત્ત્વ મૂકવામાં આવેલું હોય છે, દિવ્ય જ્ઞાને જોયા મુજબ સત્ તત્ત્વના સ્વ-ભાવ અને સ્વ-ધર્મમાં જે ગુપ્ત રીતે રહેલું હોય છે તે જ તત્ત્વ જગતમાં સુયોગ્ય રીતે કાર્ય કરતું રહે છે અને તેને જ બહાર લાવવામાં આવતું રહે છે. ઉપનિષદના પેલા એક અદ્‌ભુત મંત્રના શબ્દોની રીતે કહીએ તો, *થોડાએક દ્યોતક શબ્દોની અંદર જ્ઞાનની એક આખી સૃષ્ટિ ભરી આપતા એ

---

* **कविर्मनीषी परिभूः स्वयंभूर्याथातथ्यतोऽर्थान् व्यदधात् शाश्वतीभ्यः समाभ्यः ।**

ईश उपनिषद् ८

જણાય છે કે તે તપઃશક્તિ સામુદાયિક નથી પરંતુ તે કોઈ અતિમનસ ચેતનાની મહાશક્તિ છે. એ પરાશક્તિ વ્યક્તિનો કેન્દ્ર અને સાધન તરીકે, અને સમુદાયનો યાને જાતિનો ક્ષેત્ર અને પરિસ્થિતિ તરીકે ઉપયોગ કરતી હોય છે. એવી પરાશક્તિ એટલે માનવમાં રહેલ પ્રભુ, અનંત તાદાત્મ્ય, બહુમાં રહેલ એકતા, સર્વ-શક્તિમાન, સર્વજ્ઞ ભગવાન પોતે. એણે જ માનવને પોતાના પ્રતિબિંબ તરીકે ઉત્પન્ન કર્યો છે, અને વ્યક્તિની અહંતાનો પોતાના કેન્દ્ર તરીકે તે જ ઉપયોગ કરે છે તથા સમુદાયને યાને જાતિને એટલે કે નારાયણને, વિશ્વમાનવને, વર્તુલ તરીકે અને પરિસ્થિતિ તરીકે વાપરે છે, વ્યક્તિ અને સમુદાય, બન્ને દ્વારા, પોતાના દિવ્ય સ્વરૂપનાં સ્વકલ્પિત ગુણો, જેવા કે એકતા-અદ્વૈત, સર્વજ્ઞતા, સર્વશક્તિમાનપણું એમના કોઈક અંશને, એટલે કે એની કોઈક પ્રકૃતિને, જીવનમાં પ્રગટ કરવા માગે છે. 'મર્ત્યમાં જે અમર છે તે પ્રભુ પોતે છે. અને મર્ત્યની અંદર ચેતનશક્તિ તરીકે સ્થાપન થયેલો હોઈ, આપણામાં પ્રગટ થતા દિવ્ય ગુણોમાં તે પોતાનો વિકાસ સાધે છે.' વિરાટના આ અસીમ હેતુને આધુનિક જગત પોતાનો હેતુ સમજ્યા વગર સર્વ પ્રકૃતિ દ્વારા સેવે છે અને અજાણ્યે તેને જ બર લાવવા પ્રયત્ન કરી રહ્યું છે.

પરંતુ આવા કામમાં હમેશાં કાર્યક્ષેત્રની સીમા અને અગવડો આવી રહેલી છે. જ્ઞાનપ્રાપ્તિમાં પાર્થિવ ક્ષેત્રની મર્યાદા છે અને શક્તિના આવિર્ભાવમાં પાર્થિવ યોજનાની અગવડ નડે છે. આ દિશામાં સૌથી છેવટની વૃત્તિ વધુ મુક્ત ભાવિનું સૂચન કરે છે. એક બાજુથી ભૌતિક જ્ઞાનની સરહદ જેમ પાર્થિવ અને અપાર્થિવ વચ્ચેની વાડની વધારે ને વધારે નજીક આવે છે, તેમ બીજી બાજુએ જે શોધખોળો સરળતા તરફ ઢળતી હોય છે અને ઓછામાં ઓછી યાંત્રિક મદદથી વધારેમાં વધારે અસર ઉત્પન્ન કરે છે તે શોધખોળો ભૌતિકશાસ્ત્રની મોટામાં મોટી સિદ્ધિઓ ગણાય છે. તાર વગર સંદેશા મોકલવાની શોધ એ પ્રકૃતિના નવા ક્ષેત્રની સ્થાપના સૂચવે છે. એ શોધમાં સ્થૂલ શક્તિનું વહન કરનાર સ્થૂલ દૃશ્ય સાધન દૂર કરવામાં આવે છે અને શક્તિને મોકલનાર અને ઝીલનાર એ બે બિંદુઓએ જ સ્થૂલ સાધનને રાખવામાં આવે છે. આખરે તો એ બિંદુઓ પણ દૂર થઈ જવાં જોઈએ. કારણ કે જ્યારે શરીરથી પર આવી રહેલી શક્તિઓના નિયમોનો, જ્યાંથી શરૂ થવો જોઈએ ત્યાંથી, સાચી દિશામાં અભ્યાસ શરૂ કરવામાં આવશે ત્યારે માનવનું

મંત્ર મુજબ, પેલા જે સ્વયંભૂ પરમાત્મા છે તેમણે જ દ્રષ્ટા અને ચિંતક રૂપે સર્વત્ર પોતે જ બની રહીને પોતાની અંદર સર્વ વસ્તુઓને, વસ્તુઓ જે પ્રમાણે છે તે રીતના સત્ય મુજબ, શાશ્વત વર્ષોથી સાચી રીતે ગોઠવેલી છે.

પરિણામે આપણે આ જે ત્રિપુટ જગતમાં, મન-પ્રાણ-શરીરના જગતમાં રહીએ છીએ તે તેના સિદ્ધ થયેલા પ્રત્યક્ષ વિકાસક્રમમાં જ માત્ર ત્રિપુટ પ્રકારનું છે. જડતત્ત્વમાં તિરોભૂત બનેલું પ્રાણતત્ત્વ વિચાર કરનાર તથા મનોમય રીતે સભાન એવા પ્રાણતત્ત્વ રૂપે બહાર આવ્યું છે. પરંતુ મનની સાથે તો અતિમનસ આવી રહેલું છે અને તે મનની અંદર તિરોભૂત બનેલું છે અને તેથી તે પ્રાણતત્ત્વમાં અને જડતત્ત્વમાં તિરોભૂત છે. એ અતિમનસ આ અન્ય ત્રણે તત્ત્વનું મૂળ છે તથા તેમનું શાસક છે ને આ પણ બહાર આવવાનું જ છે. આપણે જગતના મૂળમાં બુદ્ધિ રહી છે કે નહિ તેની શોધ કરીએ છીએ તેનું કારણ એ છે કે આપણે જગતમાં જે ઊંચામાં ઊંચુ તત્વ જાણીએ છીએ તે બુદ્ધિ છે અને એ બુદ્ધિ જ આપણને આપણાં સર્વ કર્મો અને સર્જનોનું શાસન કરનારું અને ખુલાસો આપનારું તત્ત્વ દેખાય છે અને, એટલે, જો વિશ્વમાં ચેતના જેવી કોઈ વસ્તુ ખરેખર આવી રહી હોય તો તે આપણે માનીએ છીએ કે એક બુદ્ધિ જ હોવી જોઈએ, એક મનોમય ચેતના જ હોવી જોઈએ પરંતુ બુદ્ધિ તો તેના પોતાના કરતાં એક અધિક શ્રેષ્ઠ એવું સત્ તત્ત્વનું જે સત્ય છે તેના કાર્યને, તેની પોતાની શક્તિના પ્રમાણમાં જોતી હોય છે, એ કાર્ય ઉપર ચિંતન કરતી હોય છે અને તેનો ઉપયોગ કરતી હોય છે; એટલે જે શક્તિ પાછળના ભાગમાં રહીને કાર્ય કરતી હોય છે તે પેલા સત્ તત્ત્વના સત્યને અનુરૂપ એવી જ ચેતના છે તેનું એક અન્ય અને અધિક શ્રેષ્ઠ રૂપ હોવું જોઈએ. તો પછી આપણે આપણા વિચારને આ પ્રમાણે સુધારી લેવાનો રહે છે અને એમ કહેવાનું રહે છે કે આ જડરૂપ વિશ્વનું સર્જન એક અવચેતન મને અથવા તો બુદ્ધિએ કરેલું નથી પરંતુ એક તિરોભૂત બનેલા અતિમનસે કરેલું છે. એ અતિમનસ મનને શક્તિની અંદર અવચેતન રૂપે રહેલા જ્ઞાન-સંકલ્પના એક તત્કાલ સક્રિય એવા ખાસ રૂપ તરીકે પોતાના આગળના ભાગમાં મૂકે છે અને સત્ તત્ત્વના પદાર્થ તરીકેના રૂપમાં અવચેતન રૂપે રહેતી જડાત્મક શક્તિ કિંવા સંકલ્પને પોતાની કાર્યકારક પ્રકૃતિ તરીકે ઉપયોગમાં લે છે.

પરંતુ આપણે જોઈએ છીએ કે મન તો અહીં શક્તિના એક ખાસ રૂપમાં આવિર્ભાવ પામેલું છે કે જેને આપણે પ્રાણતત્ત્વ-જીવન એવું નામ આપેલું છે. તો પછી

જીવન એ શું છે? અને તેને અતિમનસ સાથે, સત્ય-વિચાર કિંવા ઋત-ચેતના દ્વારા સર્જનમાં સક્રિય બનતા સચ્ચિદાનંદની આ પરમ ત્રિપુટિ સાથે શો સંબંધ છે? એ ત્રિપુટીમાં રહેલા કયા તત્ત્વમાંથી તે પોતાનો જન્મ લે છે? દિવ્ય કે અદિવ્ય એવી, સત્યની કે ભ્રાંતિની કઈ અવશ્યકતામાંથી એ અસ્તિત્વમાં આવે છે? જીવન તો એક અશુભ તત્ત્વ છે, હજારો વર્ષોથી આ પ્રાચીન પુકાર સંભળાતો રહ્યો છે, જીવન એ તો એક ભ્રાંતિ છે, એક સંનિપાત છે, એક ગાંડપણ છે, એમાંથી આપણે ભાગી નીકળીને શાશ્વત સત્ તત્ત્વની વિશ્રાંતિમાં પહોંચવાનું છે. ખરેખર એમ જ છે? અને તો પછી એ શા માટે એમ છે? શાશ્વત પરમાત્માએ શા માટે પોતાના ઉપર અથવા તો પછી પોતાની ભીષણ, સર્વ-ભ્રામક માયા દ્વારા અસ્તિત્વમાં આણેલાં પ્રાણીઓ ઉપર આ અશુભ તત્ત્વ સ્વચ્છંદપણે લાદ્યું છે, શા માટે આ સંનિપાત અથવા તો ગાંડપણ લઈ આવ્યા છે? અથવા તો પછી શું કોઈ દિવ્ય તત્ત્વ આ રીતે પોતાની જાતને વ્યક્ત કરી રહ્યું છે, શાશ્વત સત્ તત્ત્વના આનંદની કોઈ શક્તિને શું પોતાની જાતને વ્યક્ત કરવાની જરૂર પડી હતી અને શું તેણે પોતાની જાતને આ રીતે વિશ્વનાં અગણ્ય જગતોમાં વસી રહેલાં, જીવનનાં કરોડો કરોડો રૂપોના આ સતત રીતે થઈ રહેલા ધસારા રૂપે કાળ અને અવકાશમાં ફેંકી દીધી છે?

પૃથ્વી ઉપર જડતત્ત્વને પોતાના પાયા તરીકે રાખીને પોતાનો આવિર્ભાવ કરી રહેલા આ જીવનનો આપણે અભ્યાસ કરીએ છીએ ત્યારે આપણે જોઈએ છીએ કે એ મૂળે તો પેલી એકમાત્ર વિશ્વરૂપા શક્તિનું જ એક રૂપ છે, એની એક સક્રિય ગતિ કિંવા તેનો ઋણ અને ધન રૂપ એવો પ્રવાહ છે, એ શક્તિનું એક સતત થઈ રહેલું કાર્ય કિંવા લીલા છે. એ શક્તિ રૂપોને બાંધતી રહે છે, તેમનામાં ઉત્તેજનાના એક સતત વહેતા રહેતા પ્રવાહ દ્વારા શક્તિ પૂરતી રહે છે અને એ રૂપોના પદાર્થતત્ત્વનું વિસર્જન તેમજ પુનઃસર્જન કરવાની એક અથંભ પ્રક્રિયા દ્વારા તેમને ટકાવી રાખે છે. આમાંથી એ વસ્તુ દેખાઈ આવશે કે આપણે મૃત્યુ અને જીવન વચ્ચે એક સ્વાભાવિક એવો વિરોધ કરી લઈએ છીએ તે આપણા માનસની એક ભૂલ છે, એક ખોટો વિરોધ છે, એ વિરોધ સપાટી પરના વ્યવહારુ અનુભવમાં સાચો પરંતુ આંતરિક સત્ય માટે ખોટો છે અને આપણું માનસ બહારના દેખાવોથી છેતરાતું રહીને વિશ્વની એકતામાં આ વિરોધને સતત લઈ આવતું રહે છે. મૃત્યુ એ જીવનની

જ એક પ્રક્રિયા છે. એ સિવાય તેને બીજી કોઈ વાસ્તવિકતા નથી. પદાર્થતત્ત્વનું વિસર્જન થવું અને પદાર્થતત્ત્વનું પુનઃસર્જન થવું, રૂપનું ટકી રહેવું અને રૂપનું બદલાતા રહેવું એ જીવનની સતત ચાલી રહેલી પ્રક્રિયા છે. જીવનને રૂપોના થતા રહેતા અનુભવમાં પરિવર્તનની અને વિવિધતાની જરૂર રહે છે અને એ જરૂરને પૂરી પાડવા માટે વિસર્જનની જે એક ઝડપી ક્રિયા બને છે તે જ મૃત્યુ છે. શરીરનું જે મૃત્યુ થાય છે તેમાં પણ જીવન અટકી પડતું નથી, એમાં માત્ર જીવનના એક રૂપની સામગ્રીને જીવનનાં બીજાં રૂપો માટેની સામગ્રી તરીકે કામમાં લેવા માટે ભાંગી નાખવામાં આવે છે. આ જ રીતે પ્રકૃતિના સર્વસમાન નિયમમાં આપણે એ વાતની ખાતરી રાખી શકીએ છીએ કે શરીરના રૂપમાં જો કોઈ માનસિક કે ચૈતસિક શક્તિ રહેલી હશે તો તેનો પણ નાશ થતો નથી પરંતુ તે આત્માના જન્માન્તરની યા તો આત્માને માટેના નવા દેહધારણની થતી કોઈક પ્રક્રિયા દ્વારા બીજાં રૂપો ધારણ કરવાને માટે એક રૂપને ભાંગીને તેમાંથી બહાર નીકળી જતી હોય છે. જગતમાં બધું જ પોતાનું પુનઃસર્જન કરતું રહે છે, કશું જ નાશ પામતું નથી.

તો આના પરિણામ રૂપે એમ કહી શકાય કે વિશ્વમાં એક જ સર્વવ્યાપી એવું જીવનતત્ત્વ અથવા સક્રિય શક્તિ આવી રહેલી છે–એનું જે જડાત્મક સ્વરૂપ છે તે તો તેની માત્ર બાહ્યમાં બાહ્ય એવી ક્રિયા છે– અને એ શક્તિ સ્થૂલ વિશ્વનાં આ બધાં રૂપોને સરજે છે, એ જીવનતત્ત્વ અવિનાશી અને શાશ્વત છે, અને વિશ્વની આખીયે આકૃતિનો સાવ લોપ કરી દેવામાં આવે તોપણ તે પોતે તો અસ્તિત્વમાં ચાલુ રહેવાનું જ છે, પેલા વિશ્વને બદલે એક નવું વિશ્વ ઉત્પન્ન કરવાની શક્તિ તેમાં હોવાની છે, અને જો કોઈ ઊર્ધ્વ શક્તિ વિશ્રાંતિની અવસ્થામાં પાછી ખેંચી ન રાખે અથવા તો તે પોતે પોતાની જાતને પાછી ખેંચી ન રાખે તો તે અનિવાર્ય રીતે સર્જન કર્યે જ જવાનું છે. આમ હોય તો પછી જીવનતત્ત્વ એટલે જગતમાં રૂપોને બાંધનારી અને ટકાવી રાખનારી અને તેમનો નાશ કરનારી જે શક્તિ છે તે જ બની રહે છે. આ જીવનતત્ત્વ જ પૃથ્વીના રૂપે પોતાનો જેટલો આવિર્ભાવ કરે છે તેટલો જ પૃથ્વી ઉપર જે વનસ્પતિ ઊગે છે તેમાં તથા એ વનસ્પતિની જીવન–શક્તિને ખાઈ જઈને અથવા તો અન્યોન્યનું ભક્ષણ કરીને પોતાનું અસ્તિત્વ રાખતાં પ્રાણીઓમાં પોતાનો આવિર્ભાવ કરે છે. અહીંનું આખુંયે અસ્તિત્વ એક વિશ્વરૂપ એવું જીવનતત્ત્વ છે કે જે જડતત્ત્વનું રૂપ લે છે. આ કાર્ય સાધવા માટે તે પોતે અવમનસ રીતની સંવેદકતા તરીકે તથા મનોમય

બનેલા પ્રાણતત્ત્વ તરીકે બહાર આવે તે પૂર્વે પ્રથમ તે સ્થૂલ પ્રક્રિયામાં જીવન તત્ત્વની પ્રક્રિયાને છુપાવી રાખી શકે છે, પણ છતાંય તે આખોય વખત એનું એ જ સર્જનાત્મક રીતનું જીવનતત્ત્વ રહે છે.

પરંતુ એમ કહેવામાં આવશે કે આપણે જેને જીવન કહીએ છીએ તે આ નથી; આપણે તો વિશ્વરૂપ શક્તિના જે એક ખાસ પરિણામથી પરિચિત છીએ તે જીવન છે એમ કહીએ છીએ, એ જીવનમાત્ર પ્રાણીઓમાં અને વનસ્પતિમાં જ પોતાનો આવિર્ભાવ કરે છે, ધાતુમાં, પથ્થરમાં, ગેસમાં નહિ; એ જીવન પ્રાણીના કોષોમાં કામ કરે છે પરંતુ સ્થૂલ અણુમાં નહિ. એટલે આપણે આપણી ભૂમિકા પાકી કરવાને માટે, જેને આપણે જીવન કહીએ છીએ તે રૂપે બનેલું શક્તિની લીલાનું આ ખાસ પરિણામ ચોક્કસ રીતે શી વસ્તુ છે અને એ પરિણામ, નિર્જીવ પદાર્થો, કે જે જીવન નથી એમ આપણે કહીએ છીએ, તે રૂપે બની આવેલા શક્તિની લીલાના પેલા બીજા પરિણામથી કેવી રીતે જુદું પડે છે તેની તપાસ કરવી જોઈએ. આમાં આપણને એકદમ એ વસ્તુ જણાઈ આવે છે કે પૃથ્વી ઉપર શક્તિની લીલાના ત્રણ પ્રદેશો રહેલા છે. જૂના વર્ગીકરણ પ્રમાણેનો પ્રાણી જીવનનો પ્રદેશ કે જેમાં આપણે આવેલા છીએ, વનસ્પતિનો પ્રદેશ અને છેલ્લે જડતત્ત્વનો પ્રદેશ કે જેને આપણે જીવનથી શૂન્ય એવો ગણવાની ભૂલ કરીએ છીએ. તો આપણામાં રહેલું જીવન વનસ્પતિના જીવનથી કઈ રીતે જુદું પડે છે અને વનસ્પતિનું જીવન ધાતુના, એટલે કે જૂની પરિભાષા મુજબ ખનિજ પ્રદેશના, અથવા તો વિજ્ઞાને શોધી કાઢેલા નવા રાસાયણિક પ્રદેશના, કહો કે, અ-જીવનથી કઈ રીતે જુદું પડે છે?

આપણે જીવન વિષે વાત કરતા હોઈએ છીએ ત્યારે સામાન્ય રીતે આપણા મનમાં પ્રાણીના જીવનનો ખ્યાલ હોય છે, હરતા ફરતા, શ્વાસ લેતા, ખાતા પીતા, સંવેદન અનુભવતા, ઈચ્છા કરતા એવા જીવનનો ખ્યાલ હોય છે. આપણે જો વનસ્પતિનું જીવન એમ કહીએ છીએ તો તે એક વાસ્તવિકતા તરીકે નહિ પણ લગભગ એક રૂપક તરીકે જ હોય છે, કેમકે વનસ્પતિનું જીવન તે એક સજીવાત્મક ઘટના નહિ પણ શુદ્ધ જડતત્ત્વની જ એક પ્રક્રિયા છે એમ માનવામાં આવતું હતું. આપણે જીવનને ખાસ તો શ્વાસોચ્છ્વાસની સાથે જોડેલું છે; શ્વાસ એ જીવન છે એમ દરેક ભાષામાં કહેવાયું છે, અને જીવનનો ઉચ્છ્વાસ એ શબ્દો દ્વારા આપણે જે કહેવા માગીએ છીએ તે કલ્પનામાં આપણે જો ફેરફાર કરીએ તો આ સૂત્ર સાચું ઠરે છે. પરંતુ એ વાત તો દેખીતી

છે કે આપોઆપ થતી રહેતી ગતિ કિંવા હલનચલન, શ્વાસોચ્છ્વાસ, ખોરાક લેવો એ તો માત્ર જીવનની પ્રક્રિયાઓ છે, જીવન પોતે નથી. આ બધાં તો આપણી પ્રાણશક્તિ રૂપે કામ કરતી પેલી સતતપણે ઉત્તેજના આપતી રહેતી શક્તિને ઉત્પન્ન કરવા માટેનાં અથવા તો મુક્ત કરવા માટેનાં સાધનો છે, તેમ જ વિસર્જન અને પુનઃસર્જનની જે પ્રક્રિયા દ્વારા એ પ્રાણશક્તિ આપણા પદાર્થરૂપ અસ્તિત્વને ટેકો આપતી રહે છે તે પ્રક્રિયા માટેના એ સાધનો છે. પરંતુ આપણી પ્રાણશક્તિની આ પ્રક્રિયાઓને આપણા શ્વાસોચ્છવાસની ક્રિયા તેમ જ જીવનધારણ માટેનાં સાધનોથી જુદી રીતે પણ ટકાવી રાખી શકાય છે. એ તો એક સાબિત થયેલી હકીકત છે કે જ્યારે શરીરને માટે પહેલાં જરૂરી ગણાતી રહેલી એવી શ્વાસોચ્છવાસની ક્રિયા તથા હૃદયના ધબકારા અને બીજી સ્થિતિઓને કામચલાઉ બંધ કરી દેવામાં આવે છે ત્યારે માનવનું જીવન પણ શરીરમાં ટકી રહી શકે છે. અને વળી ઘટનાઓના નવા પુરાવા ભેગા કરીને હવે એ વાત સ્થાપિત કરવામાં આવી છે કે વનસ્પતિ, કે જેમાં સભાન રીતે પ્રતિક્રિયા થતી હોવાનો આપણે હજી પણ ઈનકાર કરી શકીએ છીએ, તેમાં કાંઈ નહિ તો આપણા જીવનને મળતું આવતું અને તેની બહારની દેખાતી ગોઠવણીમાં આપણાથી જોકે જુદું પરંતુ તાત્ત્વિક રીતે તો આપણા જીવનની જ રીતે ગોઠવાયેલું એવું જીવન પણ છે. આ વસ્તુ જો સાચી સાબિત થાય તો પણ, આપણે આપણા જે પુરાણા સીધા સાદા અને ખોટા વિચારો છે તેમની એકદમ સફાઈ કરી નાખવાની રહે છે અને ચિહ્નો તથા બાહ્ય વસ્તુઓથી પર થઈને વસ્તુના છેક મૂળમાં પહોંચવાનું રહે છે.

કેટલીક હમણાંની તાજી શોધખોળોનાં* પરિણામોને જો સ્વીકારવામાં આવે

* વિજ્ઞાનની થયેલી તાજેતરની શોધખોળોમાંથી તારવેલા આ વિચારોને જડતત્ત્વમાં રહેલા જીવનનું સ્વરૂપ અને પ્રક્રિયાનો વિષય અહીં જે રીતે વિચારાયો છે તેમાં દૃષ્ટાંતો રૂપે લેવામાં આવ્યા છે, પુરાવાઓ રૂપે નહિ. વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન (એ પછી ભલે શુદ્ધ બૌદ્ધિક તર્કસરણી ઉપર મંડાયેલું હોય કે પછી, ભારતમાં છે તે મુજબ, આખરે વસ્તુઓના આધ્યાત્મિક દર્શન ઉપર તથા આધ્યાત્મિક અનુભૂતિ ઉપર મંડાયેલું હોય) એ દરેકને પોતાનું આગવું ક્ષેત્ર અને આગવી સંશોધન પદ્ધતિ છે. વિજ્ઞાન તત્ત્વજ્ઞાનને પોતાના નિર્ણયો સ્વીકારવાની ફરજ પાડી શકે તેમ નથી. તેમ જ તત્ત્વજ્ઞાન પણ વિજ્ઞાન ઉપર પોતાના નિર્ણયો લાદી શકે તેમ નથી. છતાં આપણે એ બુદ્ધિગ્રાહ્ય બને એવી માન્યતા સ્વીકારીએ કે પરમ સત્ તત્ત્વ અને પ્રકૃતિ પોતાની સર્વ અવસ્થાઓમાં, તેમની પાછળ આવી રહેલા એક સમાન તત્ત્વને વ્યક્ત કરી આપે તેવાં અન્યોન્યને મળતાં આવતાં તત્ત્વોની એક વ્યવસ્થા ધરાવતાં હોય છે, તો પછી આપણે એમ ધારી શકીએ છીએ કે સ્થૂલ વિશ્વનાં સત્યો વિશ્વમાં કામ કરી રહેલી શક્તિના સ્વરૂપ વિષે તેમ જ પ્રક્રિયા વિષે કાંઈક પ્રકાશ નાખી શકે જ છે– પૂર્ણ પ્રકાશ તો નહિ જ, કેમકે સ્થૂલ વિજ્ઞાનની શોધખોળનો પ્રદેશ સ્વાભાવિક રીતે જ અપૂર્ણ રહેલો છે ને તેની પાસે શક્તિની ગુહ્ય ક્રિયાઓ માટે કોઈ ચાવી રહેલી નથી.

તો તે જડતત્ત્વમાં રહેલા જીવનના પ્રશ્ન ઉપર તીવ્ર પ્રકાશ નાખી શકે તેમ છે. એ વિષયમાં એક મહાન ભારતીય ભૌતિકશાસ્ત્રીએ એ વસ્તુ તરફ ધ્યાન દોરી આપ્યું છે કે વસ્તુઓ તેમને મળતી ઉત્તેજનાને જે પ્રત્યુત્તર વાળે છે તે ત્યાં જીવનનું અસ્તિત્વ હોવાની એક અચૂક નિશાની રૂપ બની રહે છે. એમણે ખાસ તો પોતે મેળવેલી માહિતી દ્વારા વનસ્પતિજીવનની ઘટના ઉપર પ્રકાશ નાખ્યો છે અને એ ઘટનાને તેની સર્વ સૂક્ષ્મ ક્રિયાઓમાં થતી બતાવી આપી છે. પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે આ ભૌતિકશાસ્ત્રીએ મૂળ મુદ્દાની એ વસ્તુ બતાવી આપી છે કે વનસ્પતિની માફક ધાતુઓમાં પણ પ્રાણતત્ત્વની એવી જ સાબિતી મળી આવે છે, ધાતુઓ પણ ઉત્તેજનાને પ્રત્યુત્તર આપે છે, તેમનામાં જીવનની ભાવાત્મક અવસ્થા અને જેને આપણે મૃત્યુ કહીએ છીએ તે જીવનની નકારાત્મક અવસ્થા પણ રહેલી છે. બેશક, એમાં ધાતુઓ અંગે એ ભૌતિકશાસ્ત્રીએ વનસ્પતિ અંગેના જેટલી બહોળા પ્રમાણમાં સાબિતી મેળવી આપી નથી, તેમ જ તેમણે ખરેખર એમ બતાવી આપ્યું નથી કે બંનેમાં જીવનતત્ત્વની ગોઠવણી મૂળ રૂપે એકસરખી જ રહેલી છે. પરંતુ એ વાત શક્ય છે કે, જો સાચા પ્રકારની પૂરતી નાજુકતાવાળાં સાધનો શોધી શકાય તો ધાતુ અને વનસ્પતિના જીવન વચ્ચેની સમાનતાના વધુ મુદ્દાઓ શોધી શકાય તેમ છે; અને જો એમ સાબિત થાય કે એ બે વચ્ચે આવી સમાનતા નથી તોપણ એનો અર્થ એમ થાય કે એ બંનેમાં એક જ સરખી જીવનની ગોઠવણી નથી અથવા તો તેમાં કોઈ રીતનું જીવન જ છે નહિ તોપણ ત્યાં પ્રાણતત્ત્વનો આરંભ તો થઈ શકે છે. પરંતુ જો ધાતુમાં જીવનનું અસ્તિત્વ હોય, પછી ભલે તે ગમે તેટલા પ્રાથમિક રૂપમાં હોય, તો પછી એટલી વાત તો સ્વીકારવી જ પડશે કે પૃથ્વીમાં અથવા તો ધાતુને મળતી આવતી બીજી જડરૂપ વસ્તુઓમાં જીવન હાજર હોવું જોઈએ, પછી તે કદાચ તિરોભૂત બનીને રહેલું હોય કે પ્રાથમિક તત્ત્વની કક્ષાનું હોય કે પ્રાથમિક તત્ત્વ રૂપે હોય. આપણું સંશોધન જો આપણે આગળ વધારી શકીએ, અને આપણી પાસે સંશોધનમાં અત્યારે જે સાધનો છે ત્યાં આગળ આપણને અટકી જવાની ફરજ ન પડે, તો આપણને પ્રકૃતિને અંગે જે એકસરખો અનુભવ થતો રહે છે તેમાંથી આપણે એ વાતની ખાતરી રાખી શકીએ છીએ કે આ રીતે કરાયેલા સંશોધનો છેવટે જતાં આપણને એ વસ્તુ સાબિત કરી આપશે કે પૃથ્વી અને તેની અંદર રચાયેલી ધાતુ વચ્ચે અથવા તો ધાતુ અને વનસ્પતિ વચ્ચે કોઈ

છેદ પડી જતો નથી, તેમની વચ્ચે ભેદની કોઈ દૃઢ રેખા નથી, અને, આ સમન્વયને આગળ વધારતાં આપણને એમ જણાશે કે પૃથ્વી અને ધાતુને બનાવતાં તત્ત્વો તથા અણુઓ અને એ તત્ત્વો અને અણુઓએ બનાવેલી ધાતુ કે પૃથ્વી વચ્ચે પણ કોઈ છેદ કે ભેદની રેખા નથી. આ ક્રમબદ્ધ આવી રહેલા અસ્તિત્વનું દરેક પગથિયું તેની પછીના પગથિયાની તૈયારી કરતું રહે છે, એના પછી આવનારી વસ્તુમાં જે કાંઈ તત્ત્વ દેખા દે છે તેને તે પોતામાં ધારણ કરતું રહે છે. જીવન સર્વત્ર આવેલું છે, ગુપ્ત કે પ્રગટ રીતનું, વ્યવસ્થિત કે પ્રાથમિક દશામાં, તિરોભૂત કે આવિર્ભૂત રૂપે, પરંતુ તે વિશ્વરૂપ છે, સર્વ-વ્યાપી છે, અવિનાશી છે; માત્ર એનાં રૂપો અને ગોઠવણીઓ જુદી જુદી હોય છે.

આપણે યાદ રાખવું જોઈએ કે ઉત્તેજનાને જે પ્રત્યુત્તર મળે છે એ તો જીવનનું માત્ર એક બાહ્ય ચિહ્ન છે, જેવી રીતે કે આપણામાં શ્વાસોચ્છવાસ કે હલનચલન થાય છે તે જીવનનું એક બાહ્ય ચિહ્ન છે. પ્રયોગકાર એક અસાધારણ રીતનું ઉત્તેજન લાગુ કરે છે અને તેમાંથી તાદૃશ રણઝણતા પ્રત્યુત્તરો ઊભા થાય છે અને આપણે એકદમ ઓળખી શકીએ છીએ કે આ પ્રત્યુત્તરો પ્રયોગના વિષયમાં રહેલા પ્રાણતત્ત્વનાં જ સૂચનો છે. પરંતુ વનસ્પતિ તો તેના આખાય અસ્તિત્વ દરમિયાન તેની આસપાસની પરિસ્થિતિમાંથી એક સતત આવતા રહેતા ઉત્તેજનાના સમૂહને સતત રીતે પ્રત્યુત્તર આપતી રહેતી હોય છે; એટલે કે, વનસ્પતિમાં એક એવી સતત રીતે ટકી રહેલી શક્તિ છે કે જે તેની પરિસ્થિતિમાંથી તેના ઉપર લાગુ પડતી શક્તિને પ્રત્યુત્તર આપી શકે તેવી હોય છે. એમ કહેવાય છે કે આ પ્રયોગને લીધે વનસ્પતિમાં અથવા તો બીજા સજીવન તત્ત્વમાં એક પ્રાણમય શક્તિ હોવાનો વિચાર નાશ પામી ગયો છે. પરંતુ આપણે જ્યારે એમ કહીએ છીએ કે વનસ્પતિને ઉત્તેજના આપવામાં આવી છે ત્યારે આપણે એમ કહેવું હોય છે કે એ પદાર્થ ઉપર એક વધારે શક્તિ પૂરેલા બળને, એક સક્રિય ગતિવાળા બળને મૂકવામાં આવેલું છે અને આપણે જ્યારે એમ કહીએ છીએ કે એક પ્રત્યુત્તર વાળવામાં આવ્યો છે ત્યારે આપણે એમ કહેવું હોય છે કે એક સક્રિય ગતિ કરી શકે તેવું તથા સંવેદનશીલ આંદોલનો આપી શકે તેવું શક્તિપૂરિત બળ એ આઘાતને જવાબ આપતું હોય છે. પદાર્થમાં એક રણઝણતો સ્વીકાર અને પ્રત્યુત્તર થતાં રહે છે, તેમ જ તેમાં વૃદ્ધિ પામવાની તથા અસ્તિત્વમાં રહેવાની સંકલ્પશક્તિ આવી રહેલી છે, અને તે એમ સૂચવે છે કે સત્ તત્ત્વના રૂપમાં ગુપ્ત રહેલી

ચિત્શક્તિનું એક અવમનસ રીતનું, એક પ્રાણમય-સ્થૂલની રીતનું સંયોજન પદાર્થમાં રહેલું છે. તો પછી હકીકત એ દેખાશે કે જેવી રીતે વિશ્વમાં એક સતત સક્રિય એવી શક્તિ ગતિ કરી રહેલી છે અને તે વધુ કે ઓછા પ્રમાણમાં સૂક્ષ્મ કે સ્થૂલ એવાં જુદાં જુદાં જડતત્ત્વનાં રૂપો લે છે, તેવી જ રીતે દરેક સ્થૂલ શરીર યા પદાર્થમાં વનસ્પતિ કે પ્રાણી કે ધાતુમાં, એક જ સતત સક્રિય શક્તિસંચિત બનેલી છે તેમ જ સક્રિય બનેલી છે, અને આ બે શક્તિઓ વચ્ચે જે અમુક વિનિમય થાય છે તેમાંથી આપણને જે ઘટના બનતી જોવા મળે છે તેને આપણે જીવન વિષેના વિચારની સાથે જોડીએ છીએ. આ જે કાર્ય ચાલી રહેલું છે તેને આપણે જીવન-શક્તિ (Life-Energy) ના કાર્ય તરીકે ઓળખીએ છીએ અને આ રીતે જે પોતાને શક્તિમય કરી લે છે તે જીવન-બલ (Life-Force) છે. મનઃશક્તિ, પ્રાણ-શક્તિ, સ્થૂલ શક્તિ એ એક જ વિશ્વ-બલની જુદી જુદી સક્રિયતાઓ છે.

આપણને કોઈ રૂપ મૃત્યુ પામેલું દેખાય છે ત્યારે પણ આ બલ તેનામાં સંભાવ્યતા રૂપે તો ટકી રહેલું જ હોય છે, જોકે તેની પ્રાણતત્ત્વની જે પરિચિત ક્રિયાઓ છે તે સ્થગિત થઈ ગયેલી હોય છે અને કાયમની બંધ થવાની તૈયારીમાં હોય છે. જેનું મૃત્યુ થયેલું હોય તેને અમુક હદ સુધીમાં તો પાછું જીવતું કરી શકાય છે; તેમાંથી સ્વાભાવિક ક્રિયાઓ, પ્રત્યુત્તર, સક્રિય શક્તિનું પરિભ્રમણ પાછું લાવી શકાય છે; અને આ વસ્તુ સાબિત કરી આપે છે કે આપણે જેને જીવન કહીએ છીએ તે શરીરમાં હજુ પણ હાજર રહેલું હતું, પણ ગુપ્ત રૂપે, એટલે કે, તેની જે સામાન્ય અભ્યાસ રૂપ ક્રિયાઓ હતી, તેને જે સામાન્ય શારીરિક ક્રિયાઓની ટેવો પડેલી હતી, જ્ઞાનતંતુઓની લીલા અને પ્રત્યુત્તરની જે ટેવો હતી, પ્રાણીની અંદર તેને સભાન રીતનો મનોમય પ્રત્યુત્તર આપવાની જે ટેવો હતી તે બધી ટેવોમાં તે સક્રિય ન હતું. આપણને એમ ધારવું મુશ્કેલ પડે છે કે અહીં જીવન નામનું એક અલગ તત્ત્વ આવી રહેલું છે કે જે શરીરમાંથી પૂરેપૂરું બહાર ચાલ્યું ગયું છે, અને એને જ્યારે એમ લાગે છે કોઈક આવીને રૂપને ઉત્તેજન આપી રહ્યું છે ત્યારે-પણ કેવી રીતે એ પ્રશ્ન છે, કેમકે તેને શરીર સાથે જોડનારી કોઈ વસ્તુ તો છે નહિ-તે શરીરમાં પાછું આવી જાય છે. અમુક દાખલાઓમાં, જેમકે મૂર્છાના, આપણે જોઈએ છીએ કે જીવનનાં બાહ્ય શારીરિક લક્ષણો અને ક્રિયાઓ સ્થગિત થઈ ગયેલાં હોય છે, પણ મન સ્વસ્થ હોય છે અને

સભાન હોય છે, જોકે તે હંમેશ મુજબના શારીરિક પ્રત્યુત્તરો બળ કરીને ઊભા કરાવી શકે તેમ હોતું નથી. તો આવા દાખલાઓમાં એવી હકીકત તો નથી જ હોતી કે માણસ શારીરિક રીતે મૃત્યુ પામેલો છે પણ માનસિક રીતે જીવતો છે, અથવા તો શરીરમાંથી પ્રાણતત્ત્વ ચાલ્યું ગયું છે અને મન હજી તેમાં ટકી રહ્યું છે, પણ આમાં માત્ર એટલું જ હોય છે કે સામાન્ય રીતની શારીરિક ક્રિયાઓ સ્થગિત બનેલી છે અને મન હજી સક્રિય છે.

એ જ પ્રમાણે મૂર્છાનાં અમુક રૂપોમાં, શારીરિક ક્રિયાઓ તેમ જ બાહ્ય માનસિક ક્રિયાઓ બંને સ્થગિત બની ગયેલી હોય છે પણ પછી તે પોતાનું કાર્ય શરૂ કરતી હોય છે; અમુક દાખલાઓમાં એ બાહ્ય ઉત્તેજનાને લીધે બનતું હોય છે, પરંતુ વધારે સ્વાભાવિક રીતે તો અંદરમાંથી જ તે ક્રિયાઓ આપોઆપ પાછી સક્રિયતામાં આવી જતી હોય છે. આવા પ્રસંગમાં ખરેખર એમ બન્યું હોય છે કે સપાટી પરની મનઃશક્તિ અવચેતન મનમાં પાછી ખેંચી લેવાઈ હોય છે અને સપાટી પરની પ્રાણશક્તિ અવ-સક્રિય પ્રાણમાં પાછી ખેંચી લેવાઈ હોય છે અને કાં તો આખોય માણસ અવચેતન અસ્તિત્વમાં ઊતરી પડ્યો હોય છે અથવા તો તેણે બાહ્ય પ્રાણને અવચેતનમાં ખેંચી લીધો હોય છે અને એ દરમિયાન એનું આંતર સ્વરૂપ ઉપરિચેતનમાં ઊંચે ઉઠાવી લેવામાં આવ્યું હોય છે. પરંતુ આપણે માટે અત્યારે મુખ્ય મુદ્દો એ છે કે જે શક્તિતત્ત્વ, પછી તે ગમે તે હો, શરીરની અંદરની પ્રાણની સક્રિય શક્તિને ટકાવી રાખતું હોય છે તેણે ખરેખર પોતાની બાહ્ય ક્રિયાઓને સ્થગિત કરી દીધેલી છે, પણ છતાં તે આ સંગઠિત બનેલા પદાર્થ તત્ત્વમાં આવી રહેલું છે. પરંતુ આમાં એક સ્થિતિ એવી આવે છે કે જ્યારે પછી આ સ્થગિત થઈ ગયેલી ક્રિયાઓને પાછી ચાલુ રાખવાનું શક્ય રહેતું નથી; અને આવું ત્યારે બનતું હોય છે કે જ્યારે શરીર ઉપર કોઈ એવું નુકસાન પહોંચાડવામાં આવ્યું હોય છે કે જેથી તે નકામું બની ગયું હોય છે અથવા તો તેની સ્વાભાવિક ક્રિયાઓ કરવા તે અશક્ત બની ગયું હોય છે અથવા તો, આવું નુકસાન ન થયું હોય તો પછી, તેમાં વિસર્જનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ હોય છે, એટલે કે, જે બલે પ્રાણની ક્રિયાને પાછી શરૂ કરવી જોઈએ તે, તેની આસપાસમાં જે બલોની ઉત્તેજનાના સમૂહ સાથે પોતે એક સતત વિનિમયમાં રહેતું હતું તે બલોના દબાણ પ્રત્યે પૂરેપૂરું નિષ્ક્રિય બની ગયું હોય છે. આમ હોય તોપણ શરીરમાં જીવનતત્ત્વ તો

રહેલું હોય છે, પણ એ જીવનતત્ત્વ આકાર રૂપે બંધાયેલા પદાર્થતત્ત્વને છૂટું પાડવાની પ્રક્રિયા જ માત્ર કરી રહ્યું હોય છે, અને એ રીતે તે પોતાનાં તત્ત્વોમાં પાછું પહોંચી જવા માગતું હોય છે ને તે તત્ત્વો વડે નવાં રૂપો રચવા માગતું હોય છે. વિશ્વરૂપ બલમાં રહેલી જે સંકલ્પશક્તિ આ રૂપને ભેગું બાંધી રાખતી હતી તે હવે બાંધવાની ક્રિયામાંથી નિવૃત્ત થાય છે અને એક વિસર્જનની પ્રક્રિયાને ટેકો આપવા લાગે છે. આ વસ્તુ બનવા ન પામે ત્યાં સુધી શરીરનું સાચું મૃત્યુ થતું નથી.

તો આમ જીવન એ એક વિશ્વરૂપ શક્તિની સક્રિય લીલા છે, એ શક્તિમાં મનોમય ચેતના અને જ્ઞાનતંતુગત પ્રાણતત્ત્વ કોઈક રૂપમાં અથવા કાંઈ નહિ તો તેમના તાત્ત્વિક રૂપમાં હમેશાં અંતર્ગત રહેલાં હોય છે અને તેથી તે આપણા જગતમાં જડતત્ત્વનાં રૂપોમાં દેખા દે છે અને પોતાને વ્યવસ્થિત કરે છે. આ શકિતની જીવન-લીલા એણે જે જુદાં જુદાં રૂપો બાંધેલાં છે અને એ રૂપોમાં તે પોતાના સતત ચાલુ રહેતા સક્રિય ધબકારા ટકાવી રાખતી હોય છે તે જુદાં જુદાં રૂપો વચ્ચે થતો ઉત્તેજનાનો વિનિમય અને ઉત્તેજનાને મળતો પ્રત્યુત્તર એ રીતે પ્રગટ થતી રહે છે; દરેક રૂપ પેલી સર્વસમાન શક્તિના ઉચ્છવાસ અને બલને પોતામાં સતત લેતું રહે છે અને પાછું બહાર કાઢતું રહે છે; દરેક રૂપ વિવિધ સાધનો દ્વારા એ ઉચ્છ્વાસ અને બલનો આહાર કરતું રહે છે અને તે વડે પોતાને પુષ્ટ કરતું રહે છે; અને તેમ કરવામાં કાં તો તે જે રૂપોમાં બલ સંચિત થયેલું હોય છે તેમને તે પરોક્ષ રૂપે પોતામાં લેતું રહે છે અથવા તો બહારની બાજુએથી શક્તિના જે સક્રિય પ્રસ્ફોટો તેને આવી મળતા હોય છે તેમને તે સીધેસીધું પોતામાં પચાવી લેતું હોય છે. આ બધું જીવનની લીલા છે, પરંતુ એ લીલા મુખ્યત્વે તો આપણને જ્યાં આગળ એ જીવન-તત્ત્વની ગોઠવણી આપણે તેની વધારે બાહ્ય રીતની અને સંકુલ ક્રિયાઓને જોઈ શકીએ તેટલા પ્રમાણમાં થયેલી હોય છે ત્યાં આગળ અને ખાસ કરીને તો જ્યાં આગળ એ ગોઠવણીએ આપણા પોતાના બંધારણમાં આવી રહેલી જ્ઞાનતંતુ રૂપ પ્રાણમય શક્તિનું રૂપ લીધું હોય છે ત્યાં જ ઓળખી શકાય તેવી હોય છે. આટલા જ માટે આપણે વનસ્પતિમાં રહેલા જીવનતત્ત્વનો સ્વીકાર કરવાને પૂરતા તત્પર હોઈએ છીએ કેમકે ત્યાં એ તત્ત્વની નજરે પડી શકે તેવી સામગ્રી આવી રહેલી છે અને વળી જો એમ બતાવી શકાય કે વનસ્પતિ તો જ્ઞાનતંતુતાનાં લક્ષણો બતાવી રહી છે અને

મન સીધેસીધું સ્થૂલ શક્તિના ઉપર પકડ લઈને તેને પોતાનું કાર્ય કરવા માટે બરાબર મોકલી શકે એવા અસ્ખલિત ઉપાયો શોધી કાઢી શકશે. આ શક્યતા સ્વીકારીએ છીએ ત્યારે ભવિષ્યનાં મહાન ક્ષેત્રો આપણે માટે ખુલ્લાં થાય છે.

આપણે પાર્થિવ દુનિયાની તુર્ત જ ઉપરની દુનિયાનું સંપૂર્ણ જ્ઞાન અને પ્રભુત્વ મેળવી શકીએ, છતાં ત્યાં પણ અપૂર્ણતા રહેશે અને તેની પણ ઉપર જઈ શકાય તેમ હશે. જ્યાં બાહ્ય જગત અને આંતર ચેતના એક થાય છે તે બિંદુએ આપણા બંધનની છેલ્લી ગાંઠ આવી રહેલી છે. ત્યાં અહંકાર પોતે તદ્દન અલોપ થવા જેટલો સૂક્ષ્મ બને છે અને આપણા કર્મનો નિયામક ધર્મ અત્યારે જેમ એકતા પ્રાપ્ત કરવા મથતી અનેકતાનો છે તેમ તેને ઠેકાણે આખરે અનેકનો સ્વીકાર કરતી અને અનેકને પોતાનામાં ધારણ કરતી ચૈતન્યની એકતાનો ધર્મ સ્થાપિત થાય છે. એ મહાન ધર્મની સ્થાપનામાં વિરાટ જ્ઞાનની પ્રાપ્તિ રૂપી ઉચ્ચ સિંહાસન, તેના સર્વે વિશાળ પ્રદેશોને નિહાળી શકે તેટલું ઉચ્ચ સિંહાસન આવી રહેલું છે. એમાં જ સ્વરાજ્ય ને સામ્રાજ્ય એક થાય છે. અને એના નિયમમાં જ સનાતન પૂર્ણ પ્રભુની પ્રાપ્તિ અને તેના દિવ્ય ધર્મનો માનવ જીવનમાં સાક્ષાત્કાર શક્ય બને છે.

તેનામાં આપણા પોતાના પ્રાણતંત્રથી અતિશય ભિન્ન નહિ એવું પ્રાણતંત્ર રહેલું છે તો એ વાત સ્વીકારવી આપણને એથી પણ વધુ સહેલી બને છે, પરંતુ આપણે ધાતુમાં અને માટીમાં અને રાસાયણિક અણુમાં, કે જ્યાં આ દૃશ્યરૂપ બનતી ઘટનાઓ મુશ્કેલીથી ઓળખી શકાય તેવી હોય છે અથવા તો દેખીતી રીતે ત્યાં બિલકુલ હોતી જ નથી ત્યાં તેનું અસ્તિત્વ સ્વીકારવાને ઇચ્છુક હોતા નથી.

તો આ જે વિભિન્નતા છે તેને એક મૂલગત ભેદની કક્ષા ઉપર ચડાવવામાં આવે તે શું બરાબર છે? દાખલા તરીકે, આપણામાં રહેલું જીવન અને વનસ્પતિમાં રહેલું જીવન એ બે વચ્ચે શો ફેર છે? આપણે જોઈએ છીએ કે આ બે વચ્ચેનો તફાવત, પ્રથમ તો, આપણામાં હલનચલન કરવાની શક્તિ રહેલી છે તેમાં છે, પરંતુ એ હલનચલનને પ્રાણના મૂળતત્ત્વ સાથે કશો જ સંબંધ નથી એ તો દેખીતી વાત છે, અને બીજું એ કે, આપણામાં જે સભાન સંવેદન છે તે, આપણને ખબર છે ત્યાં સુધી, વનસ્પતિમાં હજી વિકાસ પામેલું નથી. આપણા જ્ઞાનતંતુના પ્રત્યુત્તરો સાથે મોટે ભાગે, જોકે હંમેશા તથા સંપૂર્ણ રીતે તો નહિ જ, સભાન સંવેદનનો મનોમય પ્રત્યુત્તર જોડાયેલો હોય છે; એ પ્રત્યુત્તરોનો મનને માટે અર્થ હોય છે, તેમ જ જ્ઞાનતંતુ તંત્રને માટે તથા જ્ઞાનતંતુની ક્રિયાથી ઉત્તેજિત થતા શરીરને માટે પણ તેનો અર્થ રહેલો છે. વનસ્પતિમાં એમ દેખાશે કે ત્યાં જ્ઞાનતંતુગત સંવેદનનાં લક્ષણો રહેલાં છે અને એ લક્ષણોમાં, આપણામાં જેને હર્ષ અને વેદના, જાગૃતિ અને નિદ્રા, ઉત્સાહ, મંદતા અને થાક તરીકે ઘટાવી શકાય એ બધું આવતું હોય છે, અને વનસ્પતિનું શરીર જ્ઞાનતંતુના કાર્યથી આંતરિક રીતે ઉત્તેજિત થતું હોય છે, પણ ત્યાં મનોમય રીતે સભાન હોય એવા સંવેદનની ખરેખરી હાજરી હોય એવું કોઈ ચિહ્ન દેખાતું નથી. પરંતુ સંવેદન તે મનોમય રીતે સભાન હોય કે પ્રાણની રીતે સંવેદનશીલ હોય પણ સંવેદન તે સંવેદન જ રહે છે, અને સંવેદન તે ચેતનાનું જ એક રૂપ છે. સંવેદનશીલ છોડ એને સ્પર્શ થતાં સંકોચ પામે છે ત્યારે એમ દેખાય છે કે એના જ્ઞાનતંતુઓ પર અસર થઈ છે, એનામાં રહેલી કોઈક વસ્તુને એ સંપર્ક ગમતો નથી અને એમાંથી તે દૂર હઠી જવા પ્રયત્ન કરે છે, એક શબ્દમાં કહીએ તો, વનસ્પતિમાં અવચેતન સંવેદન છે, જેવી રીતે, આપણે જોઈ ગયા તે મુજબ, આપણામાં એ જ પ્રકારની અવચેતન ક્રિયાઓ છે તેવી રીતે. માણસની રચનામાં આ અવચેતન દર્શનો અને સંવેદનોને, તે બની ગયાં હોય અને જ્ઞાનતંતુના તંત્ર ઉપર અસર કરતાં અટકી ગયાં હોય

તે પછી લાંબા વખતે સપાટી પર લાવી શકાય છે; અને હવે તો એવા પુરાવાઓ વધુ ને વધુ ભેગા થવા માંડ્યા છે કે જે નિર્વિવાદ રીતે એમ સાબિત કરી આપે છે કે આપણામાં સચેતન મન કરતાં એક ઘણું ઘણું વિશાળ એવું અવચેતન મન આવી રહેલું છે. વનસ્પતિની પાસે તેનાં અવચેતન સંવેદનોનો અર્થ ઘટાવવા માટે જાગ્રત કરી શકાય એવું કોઈ સપાટી ઉપર જાગ્રત રહેતું એવું મન નથી, પણ માત્ર એ હકીકત પરથી આ સર્વ ઘટનાઓ તેમના મૂળતત્ત્વમાં એકરૂપની છે એ બાબતમાં કશો ફરક પડતો નથી. આ ઘટનાઓ એકસરખી છે એટલે પછી તે જે વસ્તુનો આવિર્ભાવ કરે છે તે એકસરખી હોવી જોઈએ અને એ વસ્તુ તે અવચેતન મન છે. અને એ વાત તદ્દન શક્ય છે કે ધાતુમાં જો કે જ્ઞાનતંતુના પ્રત્યુત્તરને મળતું આવે તેવું કોઈ શારીરિક ઉત્તેજન હોતું નથી તોપણ ત્યાં એક અવચેતન રીતના ઈન્દ્રિયગત મનની એક વધુ પ્રાથમિક કક્ષાના જીવનતત્ત્વ રૂપે થતી ક્રિયા રહેલી હોય, પરંતુ ધાતુમાં શારીરિક ઉત્તેજનાની ગેરહાજરી હોય તો તેથી, જેવી રીતે વનસ્પતિમાં શારીરિક હલનચલનની ગેરહાજરી હોવાને લીધે ત્યાં પ્રાણતત્ત્વની હાજરી હોવા અંગે કશો મૂલગત ફેર પડતો નથી તેવી જ રીતે, ધાતુમાં પ્રાણતત્ત્વની હાજરી હોવા અંગે કોઈ મૂલગત ફેર પડતો નથી.

સચેતન તત્ત્વ જ્યારે શરીરમાં અવચેતન બનતું હોય છે અથવા તો અવચેતન સચેતન થતું હોય છે ત્યારે શું બનતું હોય છે? એમાં ખરો તફાવત તો સચેતન તત્ત્વ પોતાના કાર્યના થોડા ભાગમાં સચેતન શક્તિને જે પચાવતું હોય છે, પોતાની જે વધુ કે ઓછી અનન્ય એકાગ્રતા કરતું હોય છે તેમાં બની આવતો હોય છે. એકાગ્રતાનાં અમુક રૂપોમાં, કે જેને આપણે મનોમયતા કહીએ છીએ, એટલે કે જે પ્રજ્ઞાન કિંવા બહિર્જ્ઞાતા ચેતના છે તે સભાન રીતે કામ કરતી લગભગ અથવા તો પૂરેપૂરી અટકી જાય છે, છતાં શરીરનું અને જ્ઞાનતંતુઓનું તથા ઈન્દ્રિયગત મનનું કામ આપણા ધ્યાનથી બહાર પણ સતત અને સંપૂર્ણપણે ચાલતું રહે છે; એ આખી ક્રિયા અવચેતન બની ગઈ હોય છે અને માત્ર એક જ પ્રવૃત્તિમાં અથવા તો પ્રવૃત્તિઓની એક જ સાંકળમાં મન પ્રકાશપૂર્ણ રીતે સક્રિય હોય છે. હું જ્યારે લખતો હોઉં છું ત્યારે લખવાની શારીરિક ક્રિયા મોટે ભાગે અથવા તો કદીક આખી ને આખી અવચેતન મન દ્વારા થતી રહેતી હોય છે; શરીર, આપણે કહીએ છીએ તે મુજબ અવચેતન રીતે જ્ઞાનતંતુઓની અમુક ક્રિયાઓ કરતું રહે છે; મન જે વિચારમાં પ્રવૃત્ત થયેલું હોય છે તેના પ્રત્યે જ માત્ર જાગતું રહેતું હોય

છે. આખો માણસ પણ ખરેખર અવચેતનામાં ડૂબી જઈ શકે છે, અને છતાં અભ્યાસરૂપ બની ગયેલી ક્રિયાઓ, જેમાં મનની ક્રિયા પણ આવી જાય, ચાલુ રહી શકે છે, જેમકે ઊંઘની ઘણી ઘટનાઓમાં આવું બનતું હોય છે; અથવા તો માણસ ઉપરિચેતનામાં ઊંચે જઈ શકે છે અને છતાં શરીરમાં રહેલા પૃષ્ઠસ્થ મન દ્વારા સક્રિય રહી શકે છે, જેમકે યોગની સમાધિની અમુક ઘટનાઓમાં આવું બનતું હોય છે. તો એ વસ્તુ દેખીતી છે કે વનસ્પતિનું સંવેદન અને આપણામાં રહેલું સંવેદન એ બે વચ્ચે માત્ર એટલો જ તફાવત છે કે પોતાનો વિશ્વમાં આવિર્ભાવ કરી રહેલી સચેતન શક્તિ વનસ્પતિમાં હજી જડતત્ત્વની નિદ્રામાંથી, ત્યાં થયેલા નિમક્જ્જનમાંથી પૂરેપૂરી બહાર આવેલી નથી. એ નિમજ્જનને લીધે જ, કાર્ય કરનારી શક્તિ તેના કાર્યનું ઉપરિચેતન જ્ઞાનમાં જે મૂળ રહેલું છે તે મૂળમાંથી પૂરેપૂરી છૂટી પડી જાય છે, અને તેથી, એ શક્તિ પોતે જ્યારે માણસમાં પોતાના નિમજ્જનમાંથી બહાર આવે છે અને પોતાના જ્ઞાન-સ્વરૂપ વિષે જાગ્રત થવા લાગે છે, જોકે હજી આડકતરી રીતે, ત્યારે તે જે વસ્તુ કરતી થવાની છે તે હમણાં અવચેતન રીતે કરતી રહે છે. એ સચેતન શક્તિ એની એ જ વસ્તુ કરે છે, પરંતુ એ જુદી જુદી રીતે અને ચેતનાની ભાષામાં તે એક જુદા અર્થપૂર્વક કરે છે.

એ વસ્તુ હવે કલ્પી શકાય તેવી બની છે કે ખુદ અણુમાં પણ એવું કંઈક આવી રહેલું છે કે જે આપણામાં એક સંકલ્પશક્તિનું અને ઈચ્છાનું રૂપ લે છે, અણુમાં એક એવું આકર્ષણ અને પ્રત્યાકર્ષણ છે, જે દેખાવમાં જોકે જુદી રીતનું છે, પણ મૂળતત્ત્વની રીતે તે આપણા ગમા અને અણગમા જેવી જ વસ્તુ છે, પણ, આપણે કહીએ છીએ તે મુજબ, તે અચિત્ કિંવા અવચેતન છે. સંકલ્પશક્તિ અને ઈચ્છાનું આ મૂળતત્ત્વ પ્રકૃતિમાં હરેક ઠેકાણે નજરે પડે છે અને, જોકે આ વસ્તુ હજી પૂરતા પ્રમાણમાં જોવામાં આવેલી નથી છતાં, એ સંકલ્પશક્તિ અને ઈચ્છા એક અવચેતન રીતની અથવા તો, તમારે જો એમ કહેવું હોય તો, અચિત્ અથવા તો તદ્દન તિરોભૂત બની ગયેલી સંવેદકતા અને બુદ્ધિની સાથે-અને એ પણ સંકલ્પશક્તિ અને ઈચ્છા જેટલાં જ વ્યાપક છે-સંકળાયેલાં છે અને ખરેખર તેમની જ એક અભિવ્યક્તિ રૂપે છે. આ બધું જડતત્ત્વના પ્રત્યેક અણુમાં વિદ્યમાન રહેલું હોઈ, એ અણુઓના સંયોજનમાંથી જે જે વસ્તુઓ બનેલી છે તે પ્રત્યેક વસ્તુમાં અવશ્ય વિદ્યમાન છે; અને આ વસ્તુઓ અણુમાં વિદ્યમાન

છે તે એટલા માટે કે જે શક્તિ અણુઓને બાંધે છે અને તેમના તત્ત્વરૂપે બની રહે છે તે શક્તિમાં તે આવી રહેલી છે. એ શક્તિ તેના મૂળ રૂપે વેદાન્ત જેને ચિત્-તપસ કિંવા ચિત્-શક્તિ કહે છે તે છે, એ ચૈતન્ય શક્તિ છે, સચેતન સત્ તત્ત્વની તેમાં મૂળેથી અંતર્ગત એવી સભાન શક્તિ છે. એ ચિત્-શક્તિ પોતાનો આવિર્ભાવ વનસ્પતિમાં અવ-માનસ સંવેદનથી ભરપૂર એવી જ્ઞાનતંતુગત શક્તિ રૂપે કરે છે, પ્રાથમિક દશાનાં પશુ રૂપોમાં ઈચ્છા-સંવેદન અને ઈચ્છા-સંકલ્પ રૂપે કરે છે, વિકસતા જતા પ્રાણીમાં આત્મ-સભાન એવા સંવેદન અને શક્તિ રૂપે કરે છે; માણસમાં આ સર્વને ટપી જતી એવી મનોમય સંકલ્પશક્તિ અને જ્ઞાન રૂપે કરે છે; જીવન એ વિશ્વરૂપ શક્તિની એક કક્ષા છે કે જેમાં અચિત્માંથી સચેતનતા પ્રત્યેની સંક્રાન્તિ ઘટાવાયેલી છે; વિશ્વરૂપ શક્તિની એ એક મધ્યવર્તી શક્તિ છે કે જે જડતત્ત્વમાં ગુપ્ત અથવા તો નિમજ્જિત રૂપે રહેલી છે, એ શક્તિ તેના પોતાના જ બલ દ્વારા અવમાનસ સ્વરૂપમાં મુક્તિ સાધે છે અને મનનો ઉદય થતાં તે આખરે પોતાની સક્રિયતાની પૂર્ણ શક્યતામાં મુક્તિ પામે છે.

બીજી કોઈ રીતે ન વિચારતાં, આપણે જો ઉન્મજ્જનની આ જે સપાટી પરની પ્રક્રિયા છે તેનું પણ વિકાસક્રમના સિદ્ધાન્તના પ્રકાશ મુજબ અવલોકન કરીશું તો આપણે તર્કની રીતે આ રીતના નિર્ણય પર જ આવવું પડશે. એ વાત તો આપોઆપ દેખાઈ આવે તેવી છે કે વનસ્પતિમાં રહેલું જીવન, પ્રાણીમાં ગોઠવાયેલા જીવન કરતાં જુદી રીતે ગોઠવાયેલું છે, છતાં તે એની એ જ શક્તિ છે, એમાં જન્મ અને વિકાસ અને મૃત્યુનાં લક્ષણો છે, બીજ દ્વારા એ પોતાનો વિસ્તાર કરે છે, ક્ષય અથવા તો રોગ કે હિંસા દ્વારા તે મૃત્યુ પામે છે, બહારની બાજુએથી પોષક તત્ત્વોને પોતામાં લઈને તે પોતાની જાતને ટકાવી રાખે છે, પ્રકાશ અને તાપ ઉપર તેનો આધાર રહેલો છે; એનામાં પ્રજનન શક્તિ છે તથા વંધ્યત્વ છે, નિદ્રા અને જાગૃતિની અવસ્થાઓ પણ છે, શક્તિ છે અને પ્રાણની સક્રિયતાનો અવસાદ છે, બાલ્યમાંથી તે પ્રૌઢાવસ્થા અને વૃદ્ધત્વ તરફ ગતિ કરે છે. વળી વનસ્પતિમાં જીવનતત્ત્વની શક્તિનાં મૂળતત્ત્વો આવી રહેલાં છે અને તેથી તે પ્રાણીઓ માટેનો કુદરતી ખોરાક બનેલી છે. એ વાત જો મંજૂર કરવામાં આવે કે વનસ્પતિમાં જ્ઞાનતંતુ-તંત્ર છે અને તે ઉત્તેજનાઓ સામે પ્રતિક્રિયા કરે છે, તેનામાં અવમનસ રીતનાં અથવા તો શુદ્ધ પ્રાણમય રીતનાં સંવેદનોનો એક આરંભ અથવા તો

નિગૂઢ પ્રવાહ છે તો પછી વનસ્પતિ અને પ્રાણી વચ્ચેનું તાદાત્મ્ય વધારે નિકટનું બને છે; આમ છતાં વનસ્પતિ તે દેખીતી રીતે જ, પ્રાણીનું જીવન અને 'નિર્જીવ' જડતત્ત્વ એ બે વચ્ચે જીવનના વિકાસક્રમની એક અવસ્થા છે. જીવન એ જો જડતત્ત્વમાંથી વિકાસ પામતી અને અંતે જતાં મનમાં પહોંચતી શક્તિ છે તો પછી આ જ વસ્તુસ્થિતિની અપેક્ષા રખાવી જોઈએ, તે આ જ વસ્તુ હોય તો આપણે એમ જ ધારવું પડે કે જીવન ખુદ જડતત્ત્વની અંદર જ પહેલેથી આવી રહેલું છે, જડતત્ત્વની અવચેતનામાં કિંવા અચિત્‌માં નિમજ્જિત થઈ ગયેલું અથવા તો ગુપ્ત રીતે રહેલું છે. કારણ કે નહિ તો પછી એ બીજે ક્યાંથી આવી શકે તેમ છે? જડતત્ત્વમાં થતો જીવનતત્ત્વનો વિકાસ એમ સૂચવે છે કે જીવનતત્ત્વ આ પહેલાં જડતત્ત્વમાં તિરોભૂત રહેલું હતું, સિવાય કે આપણે એમ ધારીએ કે એ એક નવું જ સર્જન છે અને તેને જાદુઈ રીતે તેમ જ ન સમજાય તેવી રીતે પ્રકૃતિમાં દાખલ કરવી દેવામાં આવેલું છે. જીવનતત્ત્વ જો આ રીતનું હોય તો પછી તે એક શૂન્યમાંથી થયેલું સર્જન હોવું જોઈએ અથવા તો જડતત્ત્વની ક્રિયાઓનું એક પરિણામ હોવું જોઈએ, પણ એ પરિણામનો ખુલાસો એ ક્રિયાઓમાં પોતામાં રહેલી કોઈ પણ વસ્તુમાંથી મળી આવતો નથી, અથવા તો એ ક્રિયાઓમાં રહેલા એને મળતા સ્વરૂપના બીજા કોઈ તત્ત્વમાંથી મળી આવતો નથી; અથવા તો, એમ કલ્પી શકાય કે, જીવનતત્ત્વ ઉપરની દિશામાંથી જડરૂપ વિશ્વથી ઉપર આવેલા કોઈ અતિભૌતિક પ્રદેશમાંથી થયેલું એક અવતરણ હોઈ શકે છે. આમાંની પહેલી બે ધારણાઓને તો નિરાધાર કલ્પનાઓ તરીકે બાજુએ મૂકી દઈ શકાય છે, છેલ્લો ખુલાસો એ સંભવે તેવો છે અને તે તદ્દન કલ્પી શકાય તેવો છે અને વસ્તુઓનું જે ગુહ્ય દર્શન છે તે મુજબ તો એ સાચું છે કે સ્થૂલ વિશ્વથી ઉપર આવેલી જીવનતત્ત્વની કોઈક ભૂમિકામાંથી આવેલા દબાણે અહીં જીવનને બહાર આવવામાં સહાય કરેલી છે, પરંતુ આમ હોય તોપણ જીવન તે જડતત્ત્વમાંથી જ એક પ્રાથમિક અને જરૂરી એવી ક્રિયા રૂપે ઉત્પન્ન થયેલું છે એ વાત આ વસ્તુસ્થિતિમાંથી બહાર રહી જતી નથી; કારણ કે જડતત્ત્વની ભૂમિકાથી પર એક પ્રાણમય જગત કિંવા પ્રાણમય ભૂમિકાનું અસ્તિત્વ રહેલું હોય તો પણ તેટલા માત્રથી જ જડતત્ત્વમાં જીવનનો ઉદ્‌ભવ થાય એમ નથી. એ તો પરમ સત્ તત્ત્વ પોતાની કેટલીક કક્ષાઓમાં અથવા શક્તિઓમાં થઈને પસાર થતું થતું અચિત્‌ની અંદર અવતરણ પામેલું છે અને એના પરિણામે તે આ બધી શક્તિઓ સાથે, ભવિષ્યમાં પોતાનો વિકાસ અને ઉન્મજ્જન સાધવા માટે,

જડતત્ત્વમાં તિરોભૂત બની રહેલું છે, અને આવી રીતના અવતરણની ક્રિયામાં જીવનતત્ત્વ એક રચનાકારી અવસ્થા તરીકે આવેલું છે. આ વસ્તુ હોય તો જ જડતત્ત્વમાં જીવનનો ઉદ્‌ભવ થઈ શકે છે. આવી રીતના નિમજ્જિત થયેલા જીવનતત્ત્વની, હજી સુધી વ્યવસ્થિત ન થયેલા અથવા તો પ્રાથમિક કક્ષાના જીવનતત્ત્વની, નિશાનીઓ જડરૂપ વસ્તુઓમાં મળી આવે તેમ છે કે નહિ કે પછી કોઈ નિશાનીઓ છે જ નહિ, કેમકે આ તિરોભૂત બનેલું જીવનતત્ત્વ પૂરેપૂરું નિદ્રામાં પડી ગયેલું છે, એ પ્રશ્ન બહુ મુખ્ય મહત્ત્વનો નથી. જે જડરૂપ શક્તિ પોતે સંગઠિત બને છે, રૂપ ધારણ કરે છે અને વિસર્જિત બને છે* તે જન્મ, વૃદ્ધિ અને મૃત્યુની અંદર પોતાને વ્યક્ત કરતી પેલી જીવન-શક્તિ તરીકેની પોતાની એક બીજી કક્ષામાં આવી રહેલી એની એ જ શક્તિ છે; એવી જ રીતે એ શક્તિ એક નિદ્રાચારિણી અવચેતનામાં બુદ્ધિનાં કાર્યો કરી બતાવીને વળી પાછી એક બીજી કક્ષામાં મનની અવસ્થા પ્રાપ્ત કરનારી એની એ જ શક્તિ તરીકે પોતાની જાતને ખુલ્લી કરી આપે છે; આ જડાત્મક શક્તિનું સ્વરૂપ જ એમ બતાવી આપે છે કે એ શક્તિ પોતામાં હજી મુક્ત ન થયેલી એવી મન તથા પ્રાણની શક્તિઓને ધારણ કરી રહેલી છે, જો કે હજી તેમના લાક્ષણિક એવા સંગઠિત રૂપમાં કે પ્રક્રિયામાં નહિ.

તો જીવનતત્ત્વ અણુથી માંડી તે મનુષ્ય સુધી સર્વત્ર મૂળે એક જ વસ્તુ છે એ રીતે પોતાને પ્રગટ કરે છે, અણુમાં સત્ તત્ત્વની અવચેતન રીતની સામગ્રી અને ક્રિયા આવી રહેલી છે કે જેને પ્રાણીમાં સચેતનતા રૂપે મુક્ત કરવામાં આવે છે અને વનસ્પતિનું જીવન તે આ વિકાસક્રમમાં આવતી એક વચલી અવસ્થા છે. જીવન એ ખરી રીતે તો જડતત્ત્વ ઉપર અને તેની અંદર અવચેતન રીતે કામ કરી રહેલી સચિત્-શક્તિનું એક વિશ્વરૂપકાર્ય છે; એ કાર્ય જ રૂપો અથવા શરીરોનું સર્જન કરે છે, તેમને ટકાવી રાખે છે, તેમનો વિનાશ કરે છે અને તેમનું પુનઃસર્જન કરે છે અને જ્ઞાનતંતુની શક્તિની લીલા

---

* જીવનનો જન્મ, વૃદ્ધિ અને મૃત્યુ એ તેમના બાહ્ય સ્વરૂપમાં સંગઠન, રૂપધારણ અને વિગઠનની એની એ જ પ્રક્રિયા છે, જોકે તેમની આંતરિક પ્રક્રિયામાં તે આ સંગઠન ઈત્યાદિ કરતાં કાંઈક વિશેષ છે. ચૈત્ય તત્ત્વ શરીરમાં જે રીતે આત્મા રૂપે આવે છે તે પણ, આ વસ્તુઓનું ગુહ્ય દર્શન જો સાચું હોય તો, આને જ મળતી એક બાહ્ય પ્રક્રિયા છે, કારણ કે આત્મા પોતે કેન્દ્રબીજ તરીકે રહીને જન્મ માટે મનોમય, પ્રાણમય અને સ્થૂલ કોષોને તથા તેમની સામગ્રીને પોતાની પાસે ખેંચે છે ને તેમને સંગઠિત કરે છે. આ રચનાઓને જીવનમાં વૃદ્ધિ પમાડે છે, અને પોતાની વિદાય લેવાની ક્રિયામાં આ સંગઠિત બનેલાં તત્ત્વોને પાછાં પડતાં મૂકે છે અને વિગઠિત કરે છે, પોતાની આંતરિક શક્તિઓને પોતામાં પાછી ખેંચી લે છે અને ત્યાંથી પછી નવા જન્મમાં આવીને એ જ મૂળની પ્રક્રિયા પાછી ફરીથી આદરે છે.

દ્વારા, એટલે કે ઉત્તેજન આપતી શક્તિના વિનિમયના પ્રવાહો દ્વારા, એ શરીરોમાં તે સંવેદન જગાડવાનો પ્રયત્ન કરે છે. આ કાર્યમાં ત્રણ અવસ્થાઓ રહેલી છે, એમાંની સૌથી નીચેની અવસ્થામાં આંદોલન હજી જડતત્ત્વમાં નિદ્રામાં જ ઢળેલું હોય છે. પૂરેપૂરું અવચેતન હોય છે અને એટલે તે આખુંયે યંત્રવત્ થતું દેખાય છે, વચલી અવસ્થામાં એ આંદોલન પ્રત્યુત્તર આપી શકે તેવું થાય છે, એ પ્રત્યુત્તર અવમનસ રીતનો હોય છે પણ આપણે જેને ચેતના તરીકે જાણીએ છીએ તેની કિનાર ઉપર તે આવી પહોંચેલો હોય છે, અને આમાંની ઊંચામાં ઊંચી અવસ્થામાં જીવન મનોમય રીતે જોઈ શકાય તેવા સંવેદનના રૂપમાં સભાન મનોમયતાને વિકસાવે છે, અને એ સંવેદન સંક્રાન્તિની ક્રિયામાં ઈન્દ્રયગત મન અને બુદ્ધિના વિકાસ માટેનો પાયો બની રહે છે. આમાંની વચલી અવસ્થામાં આપણને જડતત્ત્વ અને મનથી ભિન્ન એવા જીવનતત્ત્વનો ખ્યાલ મળી આવે છે, પણ વાસ્તવિકતામાં તો, એ જીવનતત્ત્વ સર્વ અવસ્થાઓમાં એક જ પ્રકારનું તત્ત્વ છે અને હંમેશાં તે મન અને જડતત્ત્વની વચ્ચેનું તત્ત્વ રહે છે, એ જડતત્ત્વની રચના કરનાર રહે છે અને મન વડે પોતે સભર રહે છે. આ જીવન તે સચિત્ શક્તિનું એક કાર્ય છે, અને તે કાર્ય માત્ર પદાર્થ તત્વની રચના રૂપે જ નથી હોતું અથવા તો પદાર્થ તત્વ અને રૂપને પોતાના જ્ઞાનના વિષયો બનાવતા મનની પણ ક્રિયા નથી હોતું. એ તો કહો કે સચેતન સત્-તત્ત્વની શક્તિરૂપ બનવાની એક ક્રિયા છે અને એ શક્તિરૂપ બનેલું સચેતન સત્-તત્ત્વ પદાર્થતત્ત્વની રચના માટેનું કારણ અને ટેકો બની રહે છે, તેમ જ સભાન રીતના મનોમય બાહ્ય દર્શન માટે એક વચલી કક્ષાનું મૂળ અને ટેકો બની રહે છે. આવી રીતે જીવન સચેતન સત્ તત્ત્વની વચલી કક્ષાની શક્તિસંપન્ન બનેલી અવસ્થા રૂપે રહીને, અસ્તિત્વની એક સર્જનાત્મક શક્તિ કે જે તેના પોતાના જ પદાર્થતત્ત્વમાં લીન રહીને કામ કરતી હતી તે શક્તિના એક રૂપને સંવેદનાત્મક ક્રિયા અને પ્રતિક્રિયાના રૂપમાં મુક્ત કરે છે; વળી એ મન તરીકે ઓળખાતી અસ્તિત્વની બહિર્જ્ઞાતા ચેતનાને ટેકો આપે છે અને તેને ક્રિયામાં મુક્ત કરે છે અને તેને સક્રિય એવી કરણરૂપતા મેળવી આપે છે કે જેથી મન માત્ર પોતાનાં જ રૂપો ઉપર નહિ, પણ જીવન અને જડતત્ત્વનાં રૂપો ઉપર પણ કાર્ય કરી શકે છે; અને વળી તે મન અને જડતત્ત્વની વચ્ચેના એક વચલા તત્ત્વ તરીકે રહીને એ બંનેની વચ્ચેના વ્યવહારને જોડી આપે છે તથા ટેકો આપે છે. વ્યવહાર માટેનું આ સાધન જીવન પોતાની

ધબકતી જ્ઞાનતંતુ શક્તિના સતત ચાલુ રહેતા પ્રવાહો રૂપે પૂરું પાડે છે. એ પ્રવાહો રૂપમાં રહેલા બળને સંવેદન તરીકે લઈને મનને ઘડવાનું કામ કરે છે અને ત્યાંથી સંકલ્પશક્તિને મનના બળ તરીકે લઈ આવીને જડતત્ત્વને ઘડવાનું કામ કરે છે. એટલે આપણે જીવન વિષે વાત કરતા હોઈએ છીએ ત્યારે સામાન્ય રીતે આપણા મનમાં આ જ્ઞાનતંતુ-શક્તિનો જ ખ્યાલ હોય છે. ભારતીય તત્ત્વદર્શન જેને પ્રાણ કિંવા જીવન-શક્તિ કહે છે તે આ છે. પરંતુ જ્ઞાનતંતુશક્તિ એ તો આ પ્રાણ પ્રાણીમાં જે રૂપ લે છે તે જ માત્ર છે; એ જ પ્રાણશક્તિ છેક અણુ સુધીનાં બધાં રૂપોમાં વિદ્યમાન રહેલી છે, અને તે હરેક સ્થળે તેના મૂળ રૂપમાં એકની એક જ છે એટલે તે હરેક સ્થળે સચિત્ શક્તિનું એનું એ જ કાર્ય હોય છે,- શક્તિ તેનાં પોતાનાં રૂપોના પદાર્થરૂપ અસ્તિત્વને ટેકો આપતી રહેતી હોય છે અને તેમને ઘડતી રહેતી હોય છે, એ શક્તિમાં ઈન્દ્રિય અને મન ગુપ્ત રીતે સક્રિય હોય છે પણ પ્રથમ તો તે રૂપમાં તિરોભૂત થઈ ગયેલાં હોય છે અને બહાર આવવાની તૈયારી કરતાં હોય છે, પછી આખરે પોતાના તિરોભવનમાંથી બહાર આવતાં હોય છે. જડાત્મક વિશ્વમાં આવિર્ભાવ પામેલા અને તેમાં વાસ કરી રહેલા સર્વવ્યાપક જીવનતત્ત્વનું રહસ્ય આ છે.

પ્રકરણ ૨૦

મૃત્યુ, ઈચ્છા અને અશક્તિ

नैवेह किंचनाग्र आसौन्मृत्युनैवेदमावृतमासीत् ।
अशनायया अशनाया हि मृत्युः
तन्मनोऽकुरुत आत्मन्वी स्यामिति ।।

बृहदारण्यक उपनिषद् १.२.१

य मर्त्यः पुरुस्पृहं विदद्विश्वस्य धायसे।
प्रस्वादनं पितृनामस्ततातिं चिदायवे ।।

ऋग्वेद ५.७.६

પ્રારંભમાં સર્વ કાંઈ ક્ષુધા વડે છવાયેલું હતું, ક્ષુધા કે જે મૃત્યુ પોતે જ છે; તેણે પોતાને માટે મન બનાવ્યું કે જેથી પોતે આત્મન્વી-આત્મવાન થાય.

બૃહદારણ્યક ઉપનિષદ ૧.૨.૧

મર્ત્ય માનવે આ શક્તિને શોધી કાઢેલી છે, એ શક્તિને અનેક ઈચ્છાઓ રહેલી છે અને તેથી કરીને તે સર્વ વસ્તુઓને ધારણ કરી શકે છે; સર્વ ખોરાકનો તે સ્વાદ લે છે અને પોતાને માટે એક નિવાસસ્થાન બનાવે છે.

ઋગ્વેદ ૫.૭.૬

આપણા છેલ્લા પ્રકરણમાં આપણે સ્થૂલ અસ્તિત્વના દૃષ્ટિબિંદુમાંથી તથા જડતત્ત્વમાં રહેલા પ્રાણતત્ત્વનો જે ઉદ્‌ભવ થયો છે અને તેનું જે કાર્ય થઈ રહ્યું છે તે રીતે જીવનતત્ત્વનો વિચાર કર્યો છે અને પૃથ્વી ઉપરના વિકાસગતિવાળા અસ્તિત્વમાંથી જે સામગ્રી મળી રહી છે તેમાંથી આપણે તર્કની રીતે ચિંતન કરેલું છે. પરંતુ એ વાત તો દેખીતી છે કે આ જીવનતત્ત્વ ભલે ગમે ત્યાં દેખા દેતું હોય અને ગમે તે રીતે, ગમે તે સંયોગ હેઠળ કામ કરતું હોય પણ તે હર સ્થળે એક જ પ્રકારનું હોવું જોઈએ.

જીવન એ વિશ્વરૂપ શક્તિ છે અને પ્રગટ યા ગુપ્ત રીતે સભાન એવી શક્તિ તેનું મૂળભૂત લક્ષણ છે. આ વિશ્વરૂપ શક્તિ પદાર્થતત્ત્વનાં રૂપોનું સર્જન કરે છે, તેમાં શક્તિ મૂકે છે, તે રૂપોને ટકાવી રાખે છે, તથા તેમાં ફેરફાર કરે છે અને એટલે સુધી કે એ રૂપોનું વિસર્જન થઈ જાય છે અને નવી રચના થાય છે અને આ રીતનાં રૂપોમાં પેલી ગુપ્ત શક્તિની પરસ્પર લીલા તથા વિનિમય થતાં રહે છે. આપણે જે સ્થૂલ જગતમાં નિવાસ કરી રહ્યા છીએ એમાં મન પ્રાણતત્ત્વમાં તિરોભૂત બનેલું છે તથા અવચેતન રીતે રહેલું છે, જેવી રીતે કે મનની અંદર અતિમનસ તિરોભૂત બનેલું છે અને અવચેતન રીતે રહેલું છે, અને આ તિરોભૂત બનેલા અવચેતન મનને ધારણ કરતું જીવનતત્ત્વ પોતે પણ પાછું જડતત્ત્વમાં તિરોભૂત બનેલું છે. એટલે અહીં પાયા રૂપે રહેલી વસ્તુ તે જડતત્ત્વ છે અને દેખીતી રીતે બધો આરંભ એનાથી થયેલો છે; ઉપનિષદની ભાષામાં કહીએ તો, પૃથ્વી એ આપણો પાયો છે. સ્થૂલ વિશ્વનો આરંભ રૂપને પ્રાપ્ત થયેલા અણુથી થાય છે, એ અણુ શક્તિથી સભર હોય છે, તેમ જ એક અવચેતન એવી ઈચ્છા, સંકલ્પશક્તિ અને બુદ્ધિની રૂપ ન પામેલી એવી સામગ્રીથી વ્યાપ્ત હોય છે. આ જડતત્ત્વમાંથી દૃષ્ટિગોચર થતા જીવનતત્ત્વનો આવિર્ભાવ થાય છે અને એ જીવન તેણે પોતામાં કેદ કરી રાખેલા મનને જીવતા શરીરના સાધન દ્વારા મુક્ત કરે છે; મને પણ પોતાની ક્રિયાઓમાં છુપાઈ રહેલા અતિમનસને પોતામાંથી હજી મુક્ત કરવાનું રહે છે. પરંતુ આપણે એવા જગતની કલ્પના કરી શકીએ છીએ કે જે આથી અન્ય રીતે રચાયેલું હોય, એ જગત એવું હોઈ શકે કે જેમાં મન આરંભથી તિરોભૂત બનેલું ન હોય, પરંતુ પદાર્થતત્ત્વમાં મૌલિક રૂપોનું સર્જન કરવા માટે તે પોતાની અંતર્ગત શક્તિને સભાનપણે વાપરતું હોય, અને અહીં છે તેવું આરંભમાં અવચેતન રીતનું ન હોય. આવું જગત આપણા જગતથી તદ્દન જુદી રીતે કાર્ય કરતું હશે તોપણ, એ શક્તિની ક્રિયા માટેનું માધ્યમ રૂપ વાહન તો હંમેશાં જીવનતત્ત્વ જ હશે. એમાં પ્રક્રિયા પૂરેપૂરી ઊલટી થઈ ગઈ હશે તોપણ વસ્તુ પોતે તો એની એ જ હશે.

પણ તો પછી એ વસ્તુ તરત જ દેખાઈ આવે તેમ છે કે મન જે રીતે અતિમનસની માત્ર એક છેલ્લી ક્રિયા જ છે, તેવી રીતે પ્રાણ તે ચૈતન્ય-શક્તિની માત્ર એક છેલ્લી ક્રિયા છે. એ ચૈતન્ય-શક્તિનું નિર્ણયકારી રૂપ તથા તેનું સર્જનકારી માધ્યમ તે સત્ય-વિચાર છે. પરમ સત્ તત્ત્વ તે શક્તિરૂપ એવી ચેતના છે અને આ

પ્રકરણ ૩

બે નકાર

(૨)

ત્યાગીનો નકાર

सर्वं ह्येतद् ब्रह्म अयमात्मा ब्रह्म सोऽयमात्मा चतुष्पात् ।।
अव्यवहार्यम्.... अलक्षणम् अचिन्त्यम्... प्रपञ्चोपशमम् ।।

मांडूक्य उपनिषद् २.७

આ સર્વ બ્રહ્મ છે, આત્મા પોતે બ્રહ્મ છે અને એ આત્મા ચાર પદવાળો છે. તે નિરંજન, નિર્લેપ, અનિર્દેશ્ય, અચિંત્ય હોઈ તેમાં સઘળું શાંત છે.

માંડૂક્ય ઉપનિષદ ૨.૭

અને છતાં પરથી પણ પર કાંઈક છે.

કારણ કે વિરાટ ચેતનાની પણ પેલે પાર, આપણાથી મેળવી શકાય તેવી પરાત્પર ચેતના આવેલી છે. અને તે માત્ર વ્યક્તિના અહંથી પર છે એટલું જ નહિ પણ વિશ્વથી પણ પર છે. એ પરાત્પર ચેતનાની પાસે, અતિ મહાન પશ્ચાત્ ભૂમિકાની પાસે જેમ એક નિર્જીવ ચિત્ર રાખ્યું હોય તેમ આપણું વિશ્વ નજીવું દેખાય છે. તે પરાત્પર વિશ્વની ક્રિયાઓને ટેકો આપે છે અથવા તો કહો કે કદાચ તેને સહી લે છે, જીવનના અપરિમેય વિસ્તારને સ્વીકારે છે, અથવા તો પોતે અનંત તરીકે તેનો સ્વીકાર કરે છે.

પદાર્થતત્ત્વ એ જ વાસ્તવિક છે, અને આ સાપેક્ષ ઈન્દ્રિયગ્રાહ્ય જગત એ જ ફક્ત એક એવી વસ્તુ છે જેના વિષે આપણે કંઈક અંશે નિઃસંશય થઈને ખાતરી રાખી શકીએ તેમ છીએ તથા પદાર્થથી પર, ઈન્દ્રિયાતીત કોઈ પણ તત્ત્વ હોય તો તે છેક અસત્ નહિ તોપણ સંપૂર્ણપણે અજ્ઞેય છે, વાસ્તવિકતાથી તદ્દન વિખૂટું પડી ગયેલું, વિચારે ઉત્પન્ન કરેલું સૂક્ષ્મ સ્વરૂપ માત્ર છે એમ માનવામાં જડવાદી પોતાની રીતે સતર્ક અને સપ્રમાણ છે એમ ગણીએ તો, ઈન્દ્રિયાતીત આધ્યાત્મિક સત્-તા પાછળ ગાંડો થયેલ સંન્યાસી પણ આત્મા જ કેવળ સત્ય છે, એ આત્મા જ કેવળ જન્મ મૃત્યુ વિકાર વગેરેથી મુક્ત એવી એક જ વસ્તુ છે અને આ ઈન્દ્રિયગ્રાહ્ય સાપેક્ષ જગત તો ઈન્દ્રિયો અને મનની ઉત્પન્ન કરેલી એક સૃષ્ટિ છે, એક સ્વપ્ન છે, શુદ્ધ સનાતન આત્મજ્ઞાનમાંથી મન

સચેતન એવું પરમ સત્ જ્ઞાનરૂપ-સંકલ્પરૂપ શક્તિ તરીકે જે આવિર્ભાવ પામે છે તે સત્ય-વિચાર કિંવા અતિમનસ. અતિમનસની જ્ઞાન-સંકલ્પશક્તિ એ ચૈતન્ય-શક્તિ છે ને એ ચૈતન્ય-શક્તિને એક સુવ્યવસ્થિત સંવાદમયતામાં અદ્વૈતરૂપ સત્ તત્ત્વનાં રૂપોના સર્જન માટે સક્રિય કરવામાં આવેલી છે, એ સંવાદમયતાને આપણે જગત કિંવા વિશ્વનું નામ આપીએ છીએ. આ જ પ્રમાણે મન તથા પ્રાણ પણ એ જ ચૈતન્ય-શક્તિ છે, એ જ જ્ઞાન-સંકલ્પશક્તિ છે. પરંતુ તે એક રીતની રેખાદોરીની વચ્ચે, વિરોધ અને આંતર વિનિમયની અંદર રહીને, સ્પષ્ટ રીતનાં ભિન્ન એવાં વ્યક્તિરૂપ રૂપોને ટકાવી રાખવાનું કામ કરતી રહે છે. એ ક્રિયામાં સત્ તત્ત્વના પ્રત્યેક રૂપમાં રહેલો આત્મા પોતાનું મન તથા પ્રાણ તે જાણે બીજાઓથી જુદાં હોય તેવી રીતે પોતાનો વિકાસ રચે છે, જોકે હકીકતમાં તો આ મન પ્રાણ કદી પણ જુદાં નથી હોતાં, પણ તેઓ આત્મા પોતાની એકમાત્ર વાસ્તવિકતાનાં જુદાં જુદાં રૂપોમાં રહીને આત્મા, મન અને પ્રાણની જે લીલા રચે છે તે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જેવી રીતે મન તે સર્વ-દર્શી એ સર્વ-ગ્રાહી અતિમનસની વ્યક્તિરૂપતાનું સર્જન કરતી છેલ્લી ક્રિયા છે, અને એ પ્રક્રિયા દ્વારા અતિમનસની ચેતના પ્રત્યેક રૂપમાં વ્યક્તિતા પામીને એ રૂપને માટેનું હોય તેવા દૃષ્ટિબિંદુથી અને એ દૃષ્ટિબિંદુમાંથી નિષ્પન્ન થતા વૈશ્વિક સંબંધો વડે કામ કરતી રહે છે, તેવી જ રીતે જીવન એક અંતિમ ક્રિયા છે અને તે વડે સચેતન-સત્ તત્ત્વની શક્તિ વિશ્વરૂપ એવા અતિમનસની સર્વ-ધારક અને સર્વ-સર્જક સંકલ્પશક્તિ દ્વારા કામ કરતી રહે છે અને એ રીતે વ્યક્તિગત રૂપોને તે ટકાવી રાખે છે, શક્તિથી પૂરિત કરે છે, તેમની ઘટના કરે છે અને પુનર્ઘટના કરે છે અને આવી રીતે દેહમાં આવેલા આત્માની સર્વ પ્રવૃત્તિઓના પાયા તરીકે તેમની અંદર કામ કરે છે. જીવન એ પરમાત્માની શક્તિ છે અને ડાયનેમોમાં કામ કરતી હોય એવી રીતે પોતાની જાતને તે રૂપોમાં સતત સર્જન કરતી રહે છે અને તેની ફરતે આવી રહેલાં વસ્તુઓનાં રૂપો ઉપર પોતાના આઘાતોની બહિર્ગામી પ્રહાર-પરંપરા દ્વારા ક્રીડા કરતી રહે છે એટલું જ નહિ પણ તે પોતે પણ આસપાસ આવી રહેલા સર્વ જીવનના આઘાતો બહારની બાજુએથી, આસપાસના વિશ્વમાંથી રૂપના ઉપર જેમ જેમ રેડાતા જાય છે તથા રૂપની અંદર દાખલ થતા રહે છે તેમ તેમ તે આઘાતોને ઝીલતી રહે છે.

આ દૃષ્ટિબિંદુથી જોતાં જીવન એ મન તથા જડતત્ત્વના કાર્યને માટે વચલા ગાળાની તથા સમુચિત એવી શક્તિનું એક રૂપ દેખાય છે. એક રીતે કહીએ તો, મન જ્યારે પદાર્થતત્ત્વનાં રૂપોનું સર્જન કરે છે અને એ રૂપો સાથે પોતાને જોડે છે ત્યારે જીવન તે મનનું શક્તિ તરીકેનું પાસું બની રહેતું હોય છે. પરંતુ આમાં આપણે આ વાત તરત જ ઉમેરવી જોઈએ કે જેવી રીતે મન એ કોઈ કેવળ સાવ જુદો પદાર્થ નથી પણ તેની પાછળ આખુંયે અતિમનસ આવી રહેલું છે અને એ અતિમનસ જ મનને માત્ર વ્યક્તિરૂપ બનવાની છેલ્લી ક્રિયા તરીકે વાપરીને સર્જન કરે છે, તેવી જ રીતે જીવન એ પણ કોઈ સાવ જુદું તત્ત્વ કે ક્રિયા નથી, પરંતુ તેની સર્વ ક્રિયાઓમાં આખીયે સચેતન-શક્તિ તેની પાછળ આવી રહેલી છે અને જગતની સરજાયેલી વસ્તુઓમાં કેવળ આ સચેતન-શક્તિ જ માત્ર આવી રહેલી છે અને કાર્ય કરી રહેલી છે. જીવન એ આ શક્તિની મન અને શરીરની વચ્ચેની માત્ર અંતિમ ક્રિયા છે. એટલે જીવન વિષે આપણે જે કાંઈ કહીએ તે બધું આ પરાવલંબનમાંથી જે જે વસ્તુઓ ઊભી થાય છે તેને આધીન રાખીને જ કહેવું જોઈએ. જીવન એ આ સચેતન-શક્તિનું માત્ર બાહ્ય પાસું અને કરણ રૂપ તત્ત્વ છે. અને એ જીવનમાં કાર્ય કરતી આ સચેતન-શક્તિ વિષે આપણે સજ્ઞાન અને સભાન બનવાનું છે. એમ થાય નહિ ત્યાં સુધી, અથવા એમ જો ન થાય તો આપણે જીવનનું સ્વરૂપ શું છે અથવા તો તેની પ્રક્રિયા શી છે તે વિષે ખરેખર કશું જ જાણતા હોતા નથી. આ જ્ઞાન બની આવે ત્યારે જ આપણે, પરમાત્માનાં વ્યક્તિરૂપ બનેલાં આત્મ-રૂપો તરીકે તથા તેમનાં મનોમય અને શારીરિક કારણો તરીકે, જીવનમાં રહેલી પ્રભુની ઈચ્છાને જોઈ શકીએ છીએ અને તેનો જ્ઞાનપૂર્વક અમલ કરી શકીએ છીએ; આમ થાય ત્યારે જ જીવન અને મન અવિદ્યાની કુટિલ વિકૃતિઓને સતત ઘટાડતાં રહીને, આપણામાં અને વસ્તુઓમાં રહેલા સત્યની એક સદા વધતી જતી ઋજુતાના બનેલા પંથો અને ક્રિયાઓમાં આગળ વધી શકે છે. જેવી રીતે મને અતિમનસ કે જેમાંથી તે અવિદ્યાની ક્રિયા દ્વારા છૂટું પડી ગયેલું છે, તે સાથે પોતાની જાતને સભાનપણે જોડવાની છે, તેવી જ રીતે જીવને તેનામાં કામ કરી રહેલી સચેતન-શક્તિ વિષે સભાન બનવાનું છે. જેવી રીતે આપણું મન જીવન અને જડતત્ત્વને મનોમય રૂપ આપવાની ક્રિયામાં ડૂબેલું રહે છે તેવી જ રીતે આપણામાં રહેલું જીવન માત્ર જીવવાની પ્રક્રિયામાં ડૂબેલું રહે છે અને તેથી તે પેલી સચેતન-શક્તિ તેનામાં જે હેતુઓ ખાતર અને જે અર્થપૂર્વક કામ

કરતી હોય છે તે વિષે તેની અજ્ઞાનમય ક્રિયાઓમાં તે અભાન રહે છે અને તેથી એ હેતુઓ અને અર્થને સિદ્ધ કરવાનું કાર્ય તે આંધળી અને અજ્ઞ રીતે જ કરે છે. એ જ્યારે મુક્ત બનશે અને પોતાનું પૂર્ણ સાર્થક્ય પ્રાપ્ત કરશે ત્યારે તેણે તેજોમય રીતે અથવા તો આત્મ-સિદ્ધિ મેળવી આપે તેવાં જ્ઞાન, શક્તિ અને આનંદ દ્વારા કાર્ય કરવું જોઈશે અને તે એમ કરશે પણ ખરું જ, પરંતુ અત્યારે તે પ્રમાણે કરતું નથી.

ખરી રીતે તો, આપણું જીવન મનની અંધારમય અને ભેદકારક ક્રિયાને આધીન રહીને કામ કરતું હોય છે એટલે એ પોતે જ અંધારમય અને ભેદયુક્ત બની ગયેલું છે અને મૃત્યુ, મર્યાદિતતા, દુર્બળતા, વેદના, અજ્ઞાનમય ક્રિયા એ સર્વની પરવશતા ભોગવે છે, અને આ બધાનું જનક અને મૂળ કારણ તે બંધનગ્રસ્ત અને મર્યાદિત એવું પ્રાણી-મન જ છે. આપણે જોયું કે આ વિકૃતિનું આદિ કારણ તો પોતાને વિષેના અજ્ઞાનમાં બંધાઈ રહેલા વ્યક્તિરૂપ આત્માની સ્વ-મર્યાદિતતામાં રહેલું છે, કારણ કે આ આત્મા એક એવી રીતની સંપૂર્ણ એકાગ્રતામાં પહોંચી ગયો છે કે જેથી તે પોતે એક અલગ એવી આપમેળે હસ્તીમાં રહેતી વ્યક્તિ છે એમ પોતાને સમજતો રહે છે અને જે વિશ્વરૂપ કાર્ય ચાલી રહેલું છે તે સર્વને તે, એ કાર્ય જે રીતે તેની પોતાની વ્યક્તિગત ચેતના, જ્ઞાન, સંકલ્પશક્તિ, બળ, આનંદગ્રહણ અને મર્યાદિત સ્વરૂપ સમક્ષ રજૂ થાય છે તે મુજબ જ નિહાળતો રહે છે, પોતે અદ્વૈતરૂપ પરમાત્માનું એક સચેતન એવું રૂપ છે, અને વિશ્વમાંનું સર્વ ચૈતન્ય, સર્વ જ્ઞાન, સર્વ સંકલ્પશક્તિ, સર્વ બળ, સર્વ આનંદગ્રહણ અને સર્વ સત્ તત્ત્વ તે તેના પોતાના ચૈતન્ય, જ્ઞાન, સંકલ્પશક્તિ, બળ, આનંદગ્રહણ અને સત્ રૂપ સાથે એકરૂપ છે એમ સમજી તેમને પોતાના આશ્લેષમાં લઈ રહ્યો છે એમ તે જોતો નથી. આપણા પોતામાં રહેલું વિશ્વરૂપ જીવન, મનમાં કેદ બનેલા આત્માના આ દિશાસૂચનને તાબેદાર રહેવાથી, તે પોતે જ એક વ્યક્તિગત રીતના કાર્યમાં કેદ બની જાય છે. એ પોતે એક મર્યાદિત અપર્યાપ્ત શક્તિવાળા અલગ જીવન તરીકે હસ્તીમાં રહે છે અને કાર્ય કરે છે અને તેની આસપાસ આવેલા વિશ્વરૂપ જીવનના આઘાત અને દબાણને તે મુક્તપણે પોતાના પર ગુજરવા દે છે. તેને તે મુક્તપણે આશ્લેષમાં લેતું નથી. વિશ્વમાં ચાલી રહેલા શક્તિના વિશ્વરૂપ વિનિમયમાં આ જીવન એક દરિદ્ર, મર્યાદિત, વ્યક્તિરૂપ અસ્તિત્વ તરીકે ફેંકાયેલું હોઈ પ્રથમ તો તે આ વિરાટ પારસ્પરિક લીલાને નિરાધાર રીતે સહન કરી લે છે અને તાબે થાય

છે, અને તેના ઉપર જે જે વસ્તુઓ હુમલો કરતી હોય છે, તેને ભક્ષી જતી હોય છે, તેને આનંદનું સાધન બનાવી લેતી હોય છે, તેનો ઉપયોગ કરતી હોય છે, તેને હાંકતી રહેતી હોય છે તે સર્વ પ્રત્યે તે માત્ર એક યાંત્રિક પ્રતિક્રિયા જ કરતું રહે છે. પરંતુ જેમ જેમ ચેતના વિકાસ પામતી જાય છે, તેના પોતાના સ્વરૂપનો પ્રકાશ તિરોભવન રૂપી નિદ્રાના નિષ્ક્રિય અંધકારમાંથી જેમ જેમ બહાર નીકળતો થાય છે, તેમ તેમ આ વ્યક્તિરૂપ એવું અસ્તિત્વ તેના પોતાનામાં રહેલી શક્તિ વિષે ઝાંખું ઝાંખું સભાન બનતું જાય છે અને તે પ્રથમ તો જ્ઞાનતંતુની રીતે અને પછીથી મનોમય રીતે આ લીલા ઉપર પ્રભુત્વ મેળવવાને, તેનો ઉપયોગ કરવાને તથા આનંદ માણવાને પ્રયત્ન કરે છે. માણસને પોતામાં રહેલી શક્તિ વિષે આ જે જાગૃતિ આવે છે તે જ આત્માની ક્રમે ક્રમે થતી જાગૃતિ છે. કેમકે જીવન એ શક્તિ છે અને શક્તિ એ બળ છે ને બળ એ સંકલ્પશક્તિ છે અને સંકલ્પશક્તિ એ પ્રભુ-ચેતનાનું કાર્ય છે. વ્યક્તિમાં રહેલું જીવન પોતાનાં ઊંડાણોમાં એવી સચેતનતા વધુ ને વધુ મેળવતું જાય છે કે તે પોતે પણ સચ્ચિદાનંદની, કે જે આ વિશ્વના સ્વામી છે તેમની સંકલ્પશક્તિ છે અને એ પોતે તેના પોતાના જગતનું વ્યક્તિગત રીતે સ્વામી બનવાની અભીપ્સા કરે છે. આમાંથી માણસે પોતાની શક્તિનો સાક્ષાત્કાર કરવો તેમ જ પોતાના જગતના સ્વામી બનવું તેમ જ તેને જાણવું એ સારાયે વ્યક્તિરૂપ જીવનની એક વધતી જતી વૃત્તિ રહેલી છે; અને આ વૃત્તિ વિશ્વરૂપી અસ્તિત્વમાં પરમાત્માનો જે વૃદ્ધિ પામતો જતો સ્વ-આવિર્ભાવ થઈ રહ્યો છે તેનું એક મૂળ લક્ષણ છે.

પરંતુ આમ જીવન જો કે શક્તિ રૂપ વસ્તુ છે અને વ્યક્તિરૂપ જીવનનો વિકાસ એટલે કે વ્યક્તિરૂપ બનેલી શક્તિનો વિકાસ થવો એમ છે, છતાં જીવન તે એક ભેદબદ્ધ બનેલું વ્યક્તિરૂપ જીવન અને શક્તિ છે એ હકીકત જ તેને તેના જગતનું ખરેખર સ્વામી બનતાં અટકાવે છે. કેમકે આમ સ્વામી બનવું એટલે અખિલ-શક્તિના સ્વામી બનવું, અને એક ભેદબદ્ધ અને વ્યક્તિરૂપ બનેલી ચેતના એક ભેદયુક્ત અને વ્યક્તિરૂપ બનેલા અને તેથી મર્યાદિત બનેલા બળ અને સંકલ્પ વડે અખિલ-શક્તિનું સ્વામી બને એ અશક્ય છે. એ તો જે અખિલ-સંકલ્પશક્તિ છે તે જ માત્ર આવી રીતે સ્વામી બની શકે છે અને વ્યક્તિ જો પાછી, કદી પણ, અખિલ-સંકલ્પની સાથે અને તેને લીધે અખિલ-શક્તિની સાથે એકરૂપ થઈ શકે તો જ આમ સ્વામી થઈ શકે છે. આમ જો ન બને તો પછી, વ્યક્તિગત રૂપમાં રહેલા વ્યક્તિરૂપ જીવને એની મર્યાદિતતાના જે ત્રણ પટ્ટા છે,

મૃત્યુ, ઈચ્છા અને અશક્તિ, તેને હમેશાં આધીન રહેવાનું રહે છે.

વ્યક્તિરૂપ જીવન ઉપર મૃત્યુ મૂકવામાં આવેલું છે તેનાં બે કારણો છે, તેના પોતાના અસ્તિત્વની પરિસ્થિતિઓ અને વિશ્વમાં પોતાનો આવિર્ભાવ કરી રહેલી અખિલ-શક્તિ સાથેના તેનાં સંબંધો. આ વ્યક્તિરૂપ જીવન શક્તિની એક ખાસ લીલા રૂપે છે, એ શક્તિનાં કરોડો રૂપોમાંના એક રૂપને રચવું, તેને શક્તિપૂરિત કરવું અને તેની ઉપયોગિતા પૂરી થાય ત્યારે તેનું વિસર્જન કરવું એ રીતે આ લીલા ચાલી રહેલી છે. આ સર્વ રૂપોમાંનું પ્રત્યેક રૂપ તેના પોતાના સ્થાનમાં, સમય અને અવકાશમાં રહીને વિશ્વની અખિલ લીલામાં પોતાનો ભાગ ભજવતું રહે છે. શરીરમાં રહેલા જીવનની શક્તિએ તેનાથી બહાર વિશ્વમાં રહેલી શક્તિઓના આક્રમણને ટેકો આપવાનો રહે છે; એણે એ શક્તિઓને પોતામાં લેવાની રહે છે અને તેમના ઉપર પોતાનો નિર્વાહ કરવાનો રહે છે તેમ જ એ શક્તિ પોતે જ એ અન્ય શક્તિઓ દ્વારા સતત ભરખાતી જતી રહે છે. ઉપનિષદના કથન મુજબ, આખુંયે જડતત્ત્વ અન્ન છે, અને સ્થૂલ જગતની વ્યાખ્યા તે આ આપે છે કે 'ખાનાર પોતે જ ખવાતો રહે છે', શરીરમાં સંગઠિત થયેલું જીવન તેનાથી બહાર આવેલા જીવનના આક્રમણ દ્વારા ભાંગી જવાની શક્યતા પ્રત્યે સતત ખુલ્લું રહેતું હોય છે, એની પોતાની ભક્ષણની શકિત પૂરતા પ્રમાણમાં જ હોવાથી અથવા તો એ શક્તિને યોગ્ય રીતે પુષ્ટ ન કરેલી હોવાથી અથવા તો ભક્ષણની શક્તિ અને બહારના જીવન માટે ખોરાક પૂરો પાડવાની શક્તિ કે જરૂરિયાતની વચ્ચે સાચી સમતુલા ન હોવાને લીધે જીવન પોતે પોતાનું રક્ષણ કરવાને અસમર્થ હોય છે અને તે ભરખાઈ જતું હોય છે અથવા તો તે પોતાની જાતને પુનર્જીવન આપી શકતું નથી એટલે તે ક્ષીણ થઈ જાય છે અથવા તો ભાંગી જાય છે; એક નવી રચના યા તો પુનર્જીવન મેળવવા માટે તેણે મૃત્યુની પ્રક્રિયામાંથી પસાર થવાનું રહે છે.

અને વસ્તુ માત્ર આવી જ નથી, ઉપનિષદની ભાષામાં વળી કહીએ તો, જીવન-શક્તિ એ શરીરનો ખોરાક છે અને શરીર એ જીવન-શક્તિનો ખોરાક છે; બીજા શબ્દોમાં કહીએ તો, આપણામાં રહેલી જીવન-શક્તિ જે સામગ્રી દ્વારા શરીરને બાંધવામાં આવે છે અને તેને સતત ટકાવી રાખવામાં આવે છે તથા પુનઃસર્જિત કરવામાં આવે છે તે સામગ્રી પૂરી પાડે છે તથા સાથે સાથે, તે આ રીતે પોતાના પદાર્થતત્ત્વનું

બનેલું આ જે રૂપ સર્જે છે તથા તેને અસ્તિત્વમાં રાખે છે તે રૂપને સતત વાપરી નાખતું રહે છે. આ બે ક્રિયાઓ વચ્ચેનું સમતોલપણું જો અપૂર્ણ હોય છે અથવા તો ડહોળાઈ જતું હોય છે, અથવા તો જીવન-શક્તિના જુદા જુદા પ્રવાહોની વ્યવસ્થિત લીલા અવ્યવસ્થિત થઈ જાય છે, ત્યારે પછી રોગ અને ક્ષીણતા આવવા લાગે છે અને વિશીર્ણનની પ્રક્રિયા શરૂ થાય છે. અને મન ઉપર સભાન રીતે પ્રભુત્વ મેળવવા માટે તથા તેની વૃદ્ધિ સાધવા માટે પણ જે પ્રયત્ન થતો હોય છે એ પ્રયત્નને લીધે જ જીવનને ટકાવી રાખવાનું કામ વધુ મુશ્કેલ બને છે. કેમકે એમાં જીવન-શક્તિ શરીર ઉપર વધુ ને વધુ માગણી કરતી રહે છે અને એ માગણી, સામગ્રી પૂરી પાડવાની જે મૂળ વ્યવસ્થા હોય છે તેના કરતાં વધારે પડતી હોય છે અને માગણી અને છતની મૂળ સમતુલાને અવ્યવસ્થિત કરી નાખે છે અને એક નવી સમતુલા સ્થાપિત થાય તે પહેલાં એવી ઘણી અવ્યવસ્થાઓ દાખલ થઈ જાય છે કે જે સંવાદિતતાને પ્રતિકૂળ હોય છે તેમ જ જીવનને દીર્ઘ કાળ સુધી ટકાવી રાખવાને પ્રતિકૂળ હોય છે. વળી પરિસ્થિતિ ઉપર પ્રભુત્વ મેળવવા માટેનો જે પ્રયત્ન થતો હોય છે તેને લીધે પરિસ્થિતિમાં એ પ્રયત્નના જેવો જ સામો પ્રત્યાઘાત હંમેશા ઊભો થતો રહે છે. પરિસ્થિતિમાં અનેક બળો રહેલાં હોય છે અને તે પણ પોતાની તૃપ્તિ માટે તલસતાં હોય છે અને તેથી જે તત્ત્વ તેમના ઉપર પ્રભુત્વ મેળવવા માટે પ્રયત્ન કરે છે તેને તે સહન કરી લેતાં નથી, તેની સામે તે બંડ કરે છે, તેના ઉપર હુમલો કરે છે. એ પરિસ્થિતિમાં પણ સમતુલા ડહોળાઈ જાય છે, એક વધુ તીવ્ર પ્રકારનો સંઘર્ષ ઉત્પન્ન થાય છે; પ્રભુત્વ મેળવનારું જીવન ભલે ગમે તેટલું બળવાન હોય, પણ એ જો નિઃસીમ કોટિનું ન હોય અથવા તો પોતાની પરિસ્થિતિ સાથે નવી સંવાદિતા સ્થાપવામાં તે સફળ ન નીવડે તો પછી તે હંમેશા વિરોધ કરી શકતું નથી અને વિજય પામી શકતું નથી પણ એક દિવસે તેણે પરાજિત થવું પડે છે અને વિશીર્ણ થઈ જવું પડે છે.

પરંતુ, આ બધી વસ્તુઓ જરૂરની હોવા ઉપરાંત, પ્રકૃતિની પોતાની એક સૌથી મૂળભૂત આવશ્યકતા રહેલી છે અને દેહધારી બનેલા જીવનને તેનું પોતાનું એક લક્ષ્ય છે. એ આવશ્યકતા, એ લક્ષ્ય તે સાન્તના પાયા ઉપર અનંત એવા અનુભવની ખોજ. અને આ રૂપ, આ પાયો ગોઠવાયો છે જ એવી રીતે કે તેમાં અનુભવની શક્યતા મર્યાદિત બની જાય છે, એટલે અનંત સુધીનો અનુભવ

મેળવવાની વાત રૂપને ઓગાળી નાખવામાં આવે અને નવાં રૂપોની ખોજ કરવામાં આવે તો જ બની શકે તેમ છે. કેમકે આત્માએ પોતાની જાતને ક્ષણ ઉપર અને ક્ષેત્ર ઉપર એકાગ્ર કરી લઈને પોતાની જાતને એક વાર મર્યાદિત કરી લીધેલી છે, એટલે તેને પોતાની અનંતતાને વળી પાછી મેળવવા માટે ધકેલવામાં આવી રહ્યો છે, અને આ કાર્ય તે અનુક્રમિકતાના સિદ્ધાંતની રીતે કરતો રહે છે, ક્ષણમાં બીજી ક્ષણ ઉમેરીને કરતો રહે છે, અને આ રીતે કાળની થતી અનુભૂતિને ભેગો કરતો રહે છે કે જેને તે પોતાનો ભૂતકાળ કહે છે. એ કાળમાં આત્મા એક પછી એક અનેક ક્ષેત્રોમાં જતો રહે છે, એક પછી એક અનેક અનુભવોમાં અથવા તો જીવનોમાં પહોંચતો રહે છે, એક પછી એક જ્ઞાનના, શક્તિના, આનંદાનુભવના સંચયો કરતો રહે છે અને આ બધાને તે પોતાને કાળમાં થયેલી ભૂતકાલીન પ્રાપ્તિના ભંડોળ તરીકે અવચેતન અથવા તો ઉપરિચેતન સ્મૃતિમાં ધારણ કરી રાખે છે. આ પ્રક્રિયાને માટે રૂપના પરિવર્તનની જરૂર રહે છે, અને વ્યક્તિગત શરીરમાં તિરોભૂત થયેલા આત્માને માટે રૂપને બદલવું એટલે કે સ્થૂલ વિશ્વમાં આવી રહેલા અખિલ-જીવનનો જે નિયમ અને દબાણ છે તેને વશ રહીને શરીરનું વિસર્જન કરવું. એ અખિલ જીવનમાં રૂપની સામગ્રી પૂરી પડાતી રહે છે અને એ સામગ્રી માટે માગણી થતી રહે છે, એમાં પરસ્પર આઘાત પ્રત્યાઘાતની ક્રિયા થતી રહે છે, દેહધારી બનેલા જીવનને અન્યોન્યના ભક્ષણના બનેલા જગતમાં હસ્તીમાં રહેવા માટે મહા પ્રયત્ન કરવો પડે છે અને તેમાં શરીર છોડી દેવાનું બને છે. મૃત્યુનો નિયમ તે આ છે.

મૃત્યુની આવશ્યકતા અને સત્યતા આ પ્રમાણેની છે. મૃત્યુ એ જીવનનો ઇનકાર નથી, પણ જીવનની એક પ્રક્રિયા છે. સાન્ત એવું સજીવન પદાર્થતત્ત્વ પોતાને રૂપનું સદાયે શાશ્વત પરિવર્તન મળતું રહે એટલી જ માત્ર અમરતાની અભીપ્સા કરી શકે છે, તથા સજીવન શરીરમાં તિરોભૂત થયેલું સાન્ત મન પોતાને અનુભૂતિમાં શાશ્વત કાળ સુધી પરિવર્તન મળતું રહે એટલી જ અનંતતા પ્રાપ્ત કરી શકે છે અને આ માટે મૃત્યુ આવશ્યક રહે છે. અને રૂપનું આ પરિવર્તન તે, જન્મ અને મૃત્યુની વચ્ચેની આપણા શરીર રૂપી જીવનની જે રૂપ-કોટિ રચાયેલી છે તે રૂપ-કોટિનું જ માત્ર સતત પુનઃ પુનઃ સર્જન થતું રહે એ પ્રમાણે તેને થવા દઈ ન શકાય. રૂપની કોટિમાં જો ફેરફાર ન થાય અને અનુભવ મેળવતા રહેતા મનને સમય, સ્થળ અને પરિસ્થિતિના નવા સંયોગોમાં જો

ઢાળવામાં ન આવે તો પછી, સમય અને અવકાશમાં આવેલા અસ્તિત્વને માટે કુદરતી રીતે જ અનુભૂતિની જે વિવિધતા આવશ્યક રહે છે તે વિવિધતા સાધી શકાતી નથી. અને આ આવશ્યક અને ઈષ્ટ એવો ફેરફાર આપણા મનને ભયંકર અને અનિષ્ટ એટલા માટે લાગે છે કે મૃત્યુની આ પ્રક્રિયા વિસર્જનને માર્ગે થતી હોય છે, તેમાં જીવન દ્વારા જીવનનું ભક્ષણ થતું હોય છે, તેમાં સ્વતંત્રતાનો અભાવ હોય છે, દબાણ હોય છે, સંઘર્ષ અને વેદના હોય છે. આત્મા નથી એવી રીતના દેખાતા કોઈ અનાત્મ-તત્ત્વને તાબે થવાનું હોય છે. આ પ્રક્રિયામાં આપણે એવો જે ભાવ અનુભવીએ છીએ કે આ તો આપણે ભરખાઈ જઈએ છીએ, ભાંગી જઈએ છીએ, નાશ પામીએ છીએ અથવા તો બળાત્કારે બહાર ધકેલાઈ જઈએ છીએ એમાં મૃત્યુનો ડંખ લાગે છે અને એ ડંખ મૃત્યુ બાદ આપણે વ્યક્તિ તરીકે ટકી રહીશું એવી માન્યતા સેવવાથી પણ પૂરેપૂરો નિર્મૂળ થઈ શકતો નથી.

પરંતુ જડતત્ત્વમાં આવેલા જીવનના પ્રાથમિક નિયમ તરીકે આપણને પરસ્પરના ભક્ષણની જે ક્રિયા થઈ રહેલી દેખાય છે તેમાં આ મૃત્યુની પ્રક્રિયા એક જરૂરની વસ્તુ છે. ઉપનિષદ કહે છે કે, ક્ષુધા એ મૃત્યુ છે અને મૃત્યુ રૂપી આ ક્ષુધાથી- **अशनाया मृत्युः** થી સ્થૂલ જગત સરજાયેલું છે. કેમકે અહીં જીવન પોતાને માટેના ઢાળ તરીકે સ્થૂલ પદાર્થતત્ત્વને ધારણ કરે છે, અને સ્થૂલ પદાર્થતત્ત્વ એ તો અનંત રીતે વહેંચાઈ ગયેલું પરમ સત્ તત્ત્વ છે અને તે પોતાની જાતને ભેગું કરવાનો અનંત રીતે પ્રયત્ન કરતું રહે છે; આ અનંત ભેદકરણ અને અનંત એકીકરણની બે વૃત્તિઓની વચ્ચે વિશ્વનું સ્થૂલ અસ્તિત્વ રચાયેલું છે. વ્યક્તિ, એટલે કે જીવનનો અણુ, પોતાની જાતને ટકાવી રાખવા તથા વિવૃધ્ધ કરવાને જે પ્રયત્ન કરે છે એ જ ઈચ્છાનો પૂરો ભાવાર્થ છે. અસ્તિત્વ એક વાર ભેદમાં આવી જાય છે અને વ્યક્તિરૂપ બની જાય છે છતાં તે પોતાની સર્વ આશ્લેષક, સર્વ-ધારક અનંતતાને વિષે ગુપ્ત રીતે સભાન હોય છે, અને એમાં પછી એક વધુ ને વધુ સર્વ-આશ્લેષક અનુભૂતિ મેળવીને, એક વધુ ને વધુ સર્વ-આશ્લેષક પ્રાપ્તિ મેળવીને, વસ્તુઓને પોતામાં લઈને, પોતામાં પચાવીને, તેનો આનંદ માણીને સ્થૂલ શરીરની, પ્રાણની, નૈતિક ભાવની, મનની વૃદ્ધિ સાધવી એ તેની અનિવાર્ય, મૂળભૂત, અવિચ્છેદ્ય એવી વૃત્તિ બની રહે છે. એ ગુપ્ત ચેતનાને સિદ્ધ કરવાની આ જે વૃત્તિ છે તે વિશ્વરૂપ પરમાત્માની પ્રેરણા છે, પ્રત્યેક વ્યક્તિરૂપ

પ્રાણીમાં રહેલા દેહધારી આત્માની એ લાલસા છે; અને એ આત્મા આ વસ્તુને એક વધતી જતી વૃદ્ધિ અને વિસ્તાર દ્વારા પ્રથમ તેને જીવનનાં રૂપોમાં સાધવાનો પ્રયત્ન કરે છે તે એક અનિવાર્ય, સાચી અને ઈષ્ટ વસ્તુ બની રહે છે. સ્થૂલ જગતમાં આ વસ્તુ પરિસ્થિતિમાંથી પોતાનો આહાર મેળવીને જ માત્ર થઈ શકે છે, બીજાઓને અથવા તો બીજાઓ પાસે જે કાંઈ હોય તેને પોતામાં પચાવી લઈને પોતાની જાતને સમૃદ્ધ કરવાથી જ માત્ર થઈ શકે છે; અને આ આવશ્યકતાને લીધે જ ક્ષુધા તેનાં સર્વ રૂપોમાં વિશ્વમાં સાચી ઠરે છે. આમ છતાં જે વસ્તુ ભક્ષણ કરે છે તેનું પણ ભક્ષણ થવાની જરૂર રહે છે, કેમકે સ્થૂલ જગતમાં આવેલું આખુંયે જીવન જે નિયમ હેઠળ ચાલી રહ્યું છે તે નિયમ પરસ્પર વિનિમયતાનો બનેલો છે, કાર્ય અને પ્રતિકાર્યનો, મર્યાદિત શક્તિનો અને તેને લીધે આખરે જતાં કલાન્તિ અને મરણશરણનો નિયમ છે.

અવચેતન જીવનમાં જે વસ્તુ હજી માત્ર એક પ્રાણમય ક્ષુધા રૂપે હતી તે સભાન મનમાં પોતાને વધુ ઉચ્ચ રૂપોમાં ફેરવી નાખે છે; પ્રાણના ભાગોમાં રહેલી ક્ષુધા મનોમય બનેલા જીવનમાં ઈચ્છાના તલસાટ રૂપે બની રહે છે અને બૌદ્ધિક યાને ચિંતનશીલ જીવનમાં તે સંકલ્પનું તપસ બની રહે છે. વ્યક્તિનો વિકાસ જ્યાં સુધી પૂરતા પ્રમાણમાં થયો નથી ત્યાં સુધી ઈચ્છાની આ ગતિ ચાલુ રહેવી જોઈએ અને તે અવશ્યપણે ચાલુ રહેવી જોઈએ, કેમકે એ રીતે પછીથી માણસ આખરે જતાં પોતાની જાતનો સ્વામી બની શકશે અને અનંતની સાથેના વધતા જતા અદ્વૈત દ્વારા વિશ્વનો માલિક બની શકશે. ઈચ્છા રૂપી ઉચ્ચાલન દ્વારા જ દિવ્ય જીવન-તત્ત્વ વિશ્વમાં પોતાની જાતને સ્થાપિત કરવાના લક્ષ્યને સિદ્ધ કરતું રહે છે અને તમસને ખાતર એ ઈચ્છાને બુઝાવી નાખવાનો પ્રયત્ન કરવો એ આ દિવ્ય જીવન-તત્ત્વનો ઈનકાર બને છે, એ નથી-જીવવું રીતનો સંકલ્પ બને છે, અને એવો સંકલ્પ એ તો ખરેખર અજ્ઞાન જ છે; કેમકે આપણે જો વ્યક્તિ રૂપે મટી જવું હશે તો તે આપણે અનંત રૂપે બન્યા સિવાય બીજી કોઈ રીતે બની શકવાનું નથી. ઈચ્છા પોતે પણ જો અનંતની ઈચ્છા બની રહે અને એ અનંતના સર્વ-ગ્રાહક આનંદમાં પોતાની એક પરમ ચરિતાર્થતા અને અનંત પરિતૃપ્તિ પ્રાપ્ત કરે તો જ તે પોતાનો સાચી રીતે લય સાધી શકે છે. એ ન થાય ત્યાં સુધી તેને પરસ્પરની

ભક્ષણકારક કોટિની ક્ષુધામાંથી પરસ્પરને થતા પ્રદાનની કોટિમાં, આંતર વિનિમયના એક વધતા જતા બલિદાનની કોટિમાં ક્રમે ક્રમે પહોંચવાનું રહે છે;-આ વિકાસમાં વ્યક્તિ પોતાની જાત અન્ય વ્યક્તિઓને અર્પણ કરે છે અને બદલામાં તેમને પોતામાં પાછી મેળવે છે; નિમ્ન કોટિનું તત્ત્વ પોતાની જાત ઊર્ધ્વ કોટિના તત્ત્વને અર્પણ કરે છે અને એ રીતે બંને અન્યોન્યમાં પોતાની ચરિતાર્થતા સાધે છે; માનવ પોતાની જાત પ્રભુને અર્પણ કરે છે અને પ્રભુ માનવને પોતાની જાત અર્પણ કરે છે; વ્યક્તિમાં રહેલા સર્વ રૂપ પ્રભુ વિશ્વમાં રહેલા સર્વ રૂપ પ્રભુને પોતાની જાત અર્પણ કરે છે અને તેના દિવ્ય વળતર તરીકે પોતાની સિદ્ધ બનેલી વિશ્વરૂપતાને પ્રાપ્ત કરે છે. આ રીતે ક્ષુધાના નિયમે ક્રમેક્રમે પ્રેમના નિયમને સ્થાન આપવાનું રહે છે, ભેદના નિયમે એકતાના નિયમને, મૃત્યુના નિયમે અમૃતત્વના નિયમને સ્થાન આપવાનું રહે છે. વિશ્વમાં કાર્ય કરી રહેલી ઈચ્છાની આવશ્યકતા આ પ્રમાણે છે આ પ્રમાણે તેની સત્યતા છે, આ પ્રમાણે તેની અંતિમ ગતિ અને પરિપૂર્ણતા છે.

જીવન આ મૃત્યુનો બુરખો ધારણ કરે છે તે સાન્ત તત્ત્વ પોતાના અમૃતત્વને સ્થાપિત કરવાના પ્રયત્નને પરિણામે બનતું હોય છે, તેવી જ રીતે ઈચ્છા એ જીવનમાં વ્યક્તિરૂપ બનેલા પરમ સત્ તત્ત્વની શક્તિની કાર્ય કરી રહેલી વૃત્તિ છે, અને એ વૃત્તિ કાળમાં અનુક્રમે આવતી જતી વસ્તુઓની રીતે અને અવકાશમાં પોતાના આત્મ-વિસ્તારની રીતે, સાન્તના ચોકઠામાં પોતાના અનંત આનંદને, સચ્ચિદાનંદના આનંદને સ્થાપિત કરવાનું કાર્ય કરે છે. આ વૃત્તિ જે ઈચ્છા રૂપી બુરખો ધારણ કરે છે તે જીવનના ત્રીજા પ્રગટ તત્ત્વમાંથી, તેના અશક્તિના નિયમમાંથી જ સીધેસીધું બની આવે છે. જીવન એ સાન્તની રીતે કામ કરી રહેલી એક અનંત શક્તિ છે; આમાંથી પછી અનિવાર્યપણે એમ જ બને કે તેના સાન્તમાં થતા રહેતા બાહ્ય રીતના વ્યક્તિરૂપ બનેલા કાર્યમાં તેની સર્વશક્તિમત્તા એક મર્યાદિત શક્તિ રૂપે તથા એક આંશિક દુર્બળતા રૂપે દેખાય અને કાર્ય કરે, જોકે વ્યક્તિનું કાર્ય ભલે ગમે તેટલું દુર્બળ હોય, ગમે તેટલું નિષ્ફળ હોય, ગમે તેટલું સ્ખલનશીલ હોય તોપણ તે પ્રત્યેક કાર્યની પાછળ અનંત સર્વશક્તિમાન શક્તિની આખીયે ઉપરિચેતન તેમજ અવચેતન પ્રકારની હાજરી રહેલી જ હોય છે; એ કાર્યની પાછળ આવી હાજરી ન હોય તો વિશ્વમાં એકેય પણ ક્રિયા બની શકતી નથી; એ શક્તિના વિશ્વરૂપ

અનુક્રમ

ગ્રંથ ૧

સર્વવ્યાપક વાસ્તવિકતા
અને
વિશ્વ

પ્રકરણ		પૃષ્ઠ
૧.	માનવની અભીપ્સા	૧
૨.	બે નકાર : (૧) જડવાદનો નકાર	૮
૩.	બે નકાર : (૨) ત્યાગીનો નકાર	૨૩
૪.	સર્વવ્યાપી વાસ્તવિકતા	૩૩
૫.	વ્યક્તિનું ભાવિ નિર્માણ	૪૬
૬.	વિશ્વમાં માનવ	૫૮
૭.	અહં અને દ્વંદ્વો	૭૦
૮.	વેદાન્તની સાધનારીતિ	૮૩
૯.	કેવલ સત્	૯૯
૧૦.	સચિત્ શક્તિ	૧૧૪
૧૧.	વિશ્વનું આનંદરૂપ : પ્રશ્ન	૧૩૨
૧૨.	વિશ્વનું આનંદરૂપ : પ્રશ્નનો ઉકેલ	૧૪૭
૧૩.	દિવ્ય માયા	૧૬૬
૧૪.	અતિમનસ સ્રષ્ટા તરીકે	૧૮૨
૧૫.	પરમ ઋત-ચેતના	૧૯૯
૧૬.	અતિમનસની ત્રિવિધ અવસ્થા	૨૧૫

પોતાની જાતને પાછું લઈ લે ત્યાર પછી રહેલ અવાસ્તવિક નામરૂપ માત્ર છે, એવો આગ્રહ રાખે છે તે પણ એટલો જ સકારણ અને સપ્રમાણ છે એમ કહેવું જોઈએ. જડવાદ અને આધ્યાત્મિકવાદ એ બેમાંથી કોઈ પણ એકના સમર્થનમાં જે કોઈ દલીલ યા તો અનુભવ ટાંકવામાં આવે છે તેમાંનું એક પણ એવું નહિ હોય કે જેનો રદિયો તેના જ જેવા ખાતરીદાયક તર્ક વડે અને એટલા જ સપ્રમાણ અનુભવ વડે સામી બાજુએથી ન આપી શકાય. સ્થૂલ ઈન્દ્રિયોના અનુભવ વડે પાર્થિવ જગત સત્ય છે એવું પ્રતિપાદન થાય છે. એ સ્થૂલ ઈન્દ્રિયો કાં તો અપાર્થિવ એવા કોઈ પણ તત્ત્વને પોતે જાણવાને અશક્ત છે તેથી, યા તો જડ પાર્થિવ રૂપે જે વ્યવસ્થિત થયેલું હોતું નથી તેથી ઈન્દ્રિયાતીત તત્ત્વ અવાસ્તવિક છે એમ તે આપણને મનાવવાને મથે છે. અને તેથી એટલું તો સ્પષ્ટ છે કે તે જે દાવા કરે છે તે બિનપાયાદાર છે. પાર્થિવ દુનિયામાં પણ એવી વસ્તુઓ રહેલી છે જેને સ્થૂલ ઈન્દ્રિયો જાણી શકતી નથી. છતાં પણ ઈન્દ્રિયાતીત સત્ય તો માયા યા તો ભ્રમણા જ હોવું જોઈએ એવો જડવાદીનો ઈનકાર પાર્થિવ ઈન્દ્રિયો વડે જે ગમ્ય છે તે જ કેવળ વાસ્તવિક છે એવી રીતે વાસ્તવિકને ઈન્દ્રિયો સાથે સતત જોડવાના ઉપર આધાર રાખે છે. અને આ જોડાણ પોતે જ એક ભ્રમણા છે. એ વાદ પોતે જે સિદ્ધ કરવા માગે છે તેને જ શરૂઆતથી સ્વીકારી લે છે. અને તેથી એની એ દલીલ એના એ ગોળ ગોળ ચકરાવામાં ફર્યા કરે છે. નિષ્પક્ષપાત બુદ્ધિ તેને સત્ય તરીકે સ્વીકારી શકે નહિ.

કેટલીક સ્થૂલ વાસ્તવિકતાઓ ઈન્દ્રિયાતીત છે એટલું જ નહિ, પરંતુ પુરાવા અને અનુભવોને સત્યની કસોટી તરીકે સ્વીકારીએ તો એમ કહી શકાય કે સ્થૂલ ઈન્દ્રિયોથી પર બીજી કેટલીક સૂક્ષ્મ ઈન્દ્રિયો પણ હોય છે જે સ્થૂલ ઈન્દ્રિયોની મદદ વિના પાર્થિવ દુનિયાની ઘટનાઓ જાણી શકે છે એટલું જ નહિ, પરંતુ આપણને બીજી વાસ્તવિકતાઓ જોડે સંબંધમાં લાવી શકે છે. એ વાસ્તવિકતાઓ સ્થૂલથી પર હોઈ બીજા જ લોકની હોય છે, અને એ લોકોમાં ચેતનાનું બંધારણ જ એવું હોય છે કે ત્યાંના અનુભવો આપણી સૂર્યમાળા અને પૃથ્વી જે જાતના પદાર્થતત્ત્વના અનુભવ કરાવે છે તેનાથી તદ્દન જુદા જ પ્રકારના હોય છે.

જ્યારથી માણસજાતમાં વિચારનું મંડાણ થયું ત્યારથી સૂક્ષ્મ ભૂમિકાનું આ સત્ય માણસ જાતની માન્યતા અને અનુભવથી હરહંમેશ અનુમોદિત થયા કર્યું છે. હવે જ્યારે માણસને પોતાની બધી જ શક્તિ સ્થૂલ જગતનાં ગુહ્ય તત્ત્વો અંગે વાપરવાની જરૂર રહી નથી ત્યારે ભૌતિકશાસ્ત્રની નવી શોધખોળોથી એ સત્ય વાસ્તવિક છે એમ નક્કી કરવાના

કાર્યના સરવાળામાં પ્રત્યેક અલગ અલગ ક્રિયા અને ગતિ વસ્તુઓમાં અંતર્ગત રહેલા અતિમનસ તરીકે કામ કરતી સર્વશક્તિમાન સર્વજ્ઞતાના આદેશ મુજબ જ બની આવતી રહે છે. પરંતુ વ્યક્તિરૂપ બનેલી જીવન-શક્તિ તેની પોતાની ચેતનાને માટે તો મર્યાદિત અને અશક્તિથી ભરેલી હોય છે; કેમકે એણે એની આસપાસ આવી રહેલી અન્ય વ્યક્તિરૂપ બનેલી જીવન-શક્તિઓના સમૂહની સામે થઈને કામ કરવાનું રહે છે એટલું જ નહિ પરંતુ અનંત એવા જીવન-તત્ત્વના કાબૂ અને ઈનકારને આધીન રહીને કામ કરવાનું રહે છે, કે જે જીવન-તત્ત્વના સમગ્ર સંકલ્પ અને વલણની સાથે તેનો પોતાનો સંકલ્પ અને વલણ તત્કાલ પૂરતાં એકમત થતાં ન રહે એ બનવા જોગ છે. એટલે શક્તિની આ જે મર્યાદિતતા છે, અશક્તિની આ જે ઘટના છે તે વ્યક્તિરૂપ બનેલા જીવન-તત્ત્વોનાં ત્રણ લક્ષણોમાંનું ત્રીજું લક્ષણ છે. તો બીજી બાજુએ, વ્યક્તિરૂપ જીવનમાં આત્મવિવૃદ્ધિની તથા સર્વ-પ્રાપ્તિની વૃત્તિ તો ટકી રહેતી જ હોય છે અને એ જીવન તેની વર્તમાન શક્તિ કિંવા સામર્થ્યની મર્યાદા દ્વારા પોતાની જાતનું માપ કે મર્યાદા બાંધતું નથી તથા તેણે તે પ્રમાણે કરવાનું પણ નથી. આમાંથી પછી પ્રાપ્ત કરવાની વૃત્તિ અને પ્રાપ્તિની શક્તિ એ બેની વચ્ચે જે અંતર ઊભું થાય છે તેમાંથી ઈચ્છાનો ઉદય થાય છે; કેમકે આવી કોઈ વિસંગતિ જો ન હોય, શક્તિ જો પોતાને જોઈતી વસ્તુને હંમેશા મેળવી શકતી હોય, પોતાના લક્ષ્યને હંમેશા પાકે પાયે સિદ્ધ કરી શકતી હોય તો પછી ઈચ્છા અસ્તિત્વમાં આવે જ નહિ પરંતુ પ્રભુની સંકલ્પશક્તિ હોય છે તેના જેવી ઝંખના વિનાની એક શાંત અને આત્મ-સ્વસ્થ સંકલ્પશક્તિ જ કામ કરતી રહે.

વ્યક્તિરૂપ બનેલી શક્તિ જો અવિદ્યામાંથી મુક્ત એવા મનની શક્તિ હોત તો આવી કોઈ મર્યાદિતતા, ઈચ્છા થવાની આવી કોઈ આવશ્યકતા ઊભી થવા પામત નહિ. કેમકે જે મન અતિમનસથી છૂટું પડેલું ન હોય, જે મન દિવ્ય જ્ઞાનવાળું મન હોય તેને પોતાના પ્રત્યેક કાર્યની પાછળનો ઈરાદો, એ કાર્યનો અવકાશ અને અનિવાર્ય પરિણામ એ બધાનું જ્ઞાન રહેતું જ હોય, અને તેનામાં ઝંખના કે ઈચ્છાનું તત્ત્વ ન હોય પણ તેની સમક્ષ તત્કાલ પૂરતું જે લક્ષ્ય હોય તેના પ્રમાણમાં આપમેળે મર્યાદિત બનેલી એવી ચોક્કસ શક્તિને તે પોતામાંથી બહાર વહેતી મૂકતું રહે એમ બને. આવું મન, અતિમનસ સાથે જોડાયેલું, વર્તમાનથી પર જવાનો પ્રયત્ન કરતું હોય, તથા જેની તાત્કાલિક રીતે સફળતા મેળવવાનો તેને ઈરાદો ન હોય તેવી ક્રિયાઓને તે હાથ ધરતું હોય ત્યારે પણ તે ઈચ્છા કે મર્યાદિતતાને આધીન રહેશે નહિ.

કેમકે પ્રભુની જે નિષ્ફળતાઓ છે તે પણ તેમની સર્વજ્ઞ એવી સર્વશક્તિમત્તાની ક્રિયાઓ હોય છે અને એ ક્રિયાઓને પ્રભુનાં તમામ વૈશ્વિક કાર્યોનો આરંભ થવા માટેનો સાચો સમય અને પરિસ્થિતિ શાં છે, તેમાં કેવા ફેરફારો થતા રહેશે, તેનાં તાત્કાલિક અને છેવટનાં પરિણામો કેવાં હશે એ બધાંનું જ્ઞાન હોય છે. જ્ઞાનનું બનેલું મન, તે દિવ્ય અતિમનસ સાથે એકતામાં રહેતું હોય છે એટલે, આ વિજ્ઞાનમાં તથા આ સર્વ-નિર્ણાયક શક્તિમાં ભાગ લેતું રહેશે. પરંતુ આપણે જોઈ ગયા તે મુજબ, વ્યક્તિરૂપ બનેલી શક્તિ તે અહીં જગતમાં વ્યક્તિરૂપ બનતા અને અજ્ઞાન એવા મનની શક્તિ છે અને એ મન તેના પોતાના અતિમનસ વિષેના જ્ઞાનમાંથી ચ્યુત બનેલું છે. એટલે જીવન સાથે તેને રહેતા સંબંધોને માટે અશક્તિ એ જરૂરની વસ્તુ રહે છે, વસ્તુઓના સ્વભાવમાં તે અનિવાર્ય રહે છે; કેમકે એક અજ્ઞાનમય શક્તિને એક મર્યાદિત ક્ષેત્રમાં પણ વ્યવહારુ રીતની સર્વશક્તિમત્તા મળી શકે એ વાત વિચારમાં આવી શકે તેવી નથી. કારણ કે આમ જો બની શકે તો પછી આવી એક અજ્ઞાનમય શક્તિ પોતાના એ ક્ષેત્રમાં પ્રભુની દિવ્ય અને સર્વજ્ઞ શક્તિમત્તાના કાર્યની સામે પોતાને ગોઠવી દે અને વસ્તુઓના નિશ્ચિત બનેલા હેતુને વિચલિત કરી નાખે એમ બને- અને આ તો વિશ્વની એક અશક્ય એવી પરિસ્થિતિ બની જાય. એટલે મર્યાદિત એવી શક્તિઓ સહજવૃત્તિના અથવા તો સભાન ઈચ્છાના ધક્કાથી પ્રેરાઈને સંઘર્ષમાં ઊતરે અને એ સંઘર્ષ દ્વારા પોતાની શક્તિમાં વધારો કરે એ જીવનનો પ્રથમ નિયમ બને છે. જેવું ઈચ્છાની બાબતમાં છે તેવું જ આ સંઘર્ષની બાબતમાં પણ છે; એ સંઘર્ષે, પરસ્પરને સહાય રૂપ બને તેવી શક્તિની કસોટીની અવસ્થામાં પહોંચવું જોઈએ, ભ્રાતૃ-શક્તિઓની એક સભાન કુસ્તી રૂપે બની રહેવું જોઈએ કે જેમાં જીતનાર અને હારનાર અથવા એમ કહો કે જે તત્ત્વ ઉપરની દિશાએથી કાર્ય દ્વારા પોતાનો પ્રભાવ ઢાળતું હોય છે અને જે તત્ત્વ નીચેની દિશાએથી સામે પ્રતિકાર્ય કરીને પોતાનો પ્રભાવ ઢાળતું હોય છે એ બંનેને એક સરખો લાભ થવો જોઈએ અને તેમની એકસરખી વૃદ્ધિ થવી જોઈએ. અને આ સંઘર્ષે પણ છેવટે જતાં પાછું દિવ્ય આંતર વિનિમયના એક સુખદ આઘાત રૂપ બની જવાનું રહે છે. સંઘર્ષની વેદનામય પકડને બદલે પ્રેમનો પ્રબળ આશ્લેષ સ્થપાઈ જવો જોઈએ. આમ છતાં, સંઘર્ષ એ આરંભમાં તો એક જરૂરની અને ઈષ્ટ એવી વસ્તુ છે જ. મૃત્યુ, ઈચ્છા અને સંઘર્ષ એ ભેદ યુક્ત બનેલા જીવનની ત્રિપુટી છે, દિવ્ય જીવન-તત્ત્વ પોતાને વિશ્વરૂપે સ્થાપિત કરવા માટે જે પ્રથમ પ્રસ્થાન આદરે છે તેમાં તેણે ધારણ કરેલો ત્રિવિધ બુરખો છે.

પ્રકરણ ૨૧

જીવનનો આરોહ

प्र देवत्रा ब्रह्मणे गातुरेतु अपो अच्छा मनसो न प्रयुक्ति ....

ऋग्वेद १०.३०.१

अग्ने दिवो अर्णमच्छा जिगास्यच्छा देवां ऊचिषे धिष्ण्या ये ।
या रोचने परस्तात्सूर्यस्य याश्चावस्तादुपतिष्ठन्त आपः ।।

ऋग्वेद ३.२२.३

तृतीयं धाम महिषः सिषासन् त्सोमो विराजमनुः राजति ष्टुप् ।।
चमूषच्छ्येनः शकुनो विभृत्वा गोविन्दु र्द्रप्स आयुधानि बिभ्रत् ।
अपाभूर्मि सचमानः सुमद्रं तुरीयं धाम महिषो विवक्ति ।।

ऋग्वेद ९.९६.१८,१९

इदं विष्णुर्वि चक्रमे त्रेधा नि दधे पदम् । समूह्लमस्य पांसुरे ।।
त्रीणि पदा वि चक्रमे विष्णुर्गोपा अदाभ्यः । अतो धर्माणि धारयन् ।।
विष्णोः कर्माणि पश्यत यतो व्रतानि पस्पशे । इन्द्रस्य युज्यः सखा ।।
तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः । दिवीव चक्षुराततम् ।।
तद्विप्रासो विपन्यवो जागृवांसः समिन्धते । विष्णोर्यत् परमं पदम् ।।

ऋग्वेद १.२२.१७–२१

શબ્દનો પથ (ગાતુ) મનસની ક્રિયા દ્વારા દેવો પ્રતિ, જલો પ્રતિ લઈ જાઓ.

ऋग्वेद १०.३०.१

.....હે અગ્નિ, તું સ્વર્ગના અર્ણવ પ્રતિ જાય છે, દેવોના પ્રતિ જાય છે; તું ભિન્ન ભિન્ન લોકોના દેવોને, સૂર્યથી ઉપરના પ્રકાશના પ્રદેશમાં રહેલાં જલોને અને નીચેના પ્રદેશમાં રહેલાં જલોને ભેગાં કરે છે.

ऋग्वेद ३.२२.३

આનંદનો દેવ સોમ તૃતીય ધામને જીતે છે, વિરાજ (વિશ્વરૂપતા)ના આત્મા પ્રમાણે તે બધું ટકાવી રાખે છે અને શાસન કરે છે; બાજની માફક, સમડીની માફક તે ચમૂ (પાત્ર) ઉપર આવી બેસે છે અને તેને ઉપર ઉઠાવે છે (બિભૃત્વન્), પ્રકાશનો પ્રાપ્ત કરનાર

(ગોવિન્દુ) તે ચતુર્થ (તુરીય) ધામને પ્રગટ કરે છે અને પેલાં જલોના ગર્જના રૂપ સમુદ્રને તે વળગી રહે છે.

ઋગ્વેદ ૯.૯૬.૧૮,૧૯

ત્રણ વાર વિષ્ણુએ પગલાં ભર્યા અને આદિ ધૂલિ (પાંસુર)માંથી ઉપાડેલું પગલું તેણે મૂક્યું. એ રક્ષક (ગોપા) અને અદમ્ય (અદાભ્ય) વિષ્ણુએ ત્રણ પગલાં ભર્યાં છે, અને ઊર્ધ્વમાંથી તે એ પગલાંના નિયમોને ધારણ કરી રહ્યો છે. વિષ્ણુનાં કર્મોનું અવલોકન કરો અને એ કર્મોના નિયમો તેણે ક્યાંથી પ્રગટ કર્યા છે તે નિહાળો. વિષ્ણુનું એ ઉત્તમોત્તમ (પરમ) પગલું છે કે જેને દ્રષ્ટાઓ (સૂરિઓ) આકાશમાં વિસ્તારેલા ચક્ષુ જેવું સદા જોતા રહે છે. એને જ્ઞાનીઓ (વિપ્રાસો) અને જાગ્રત બનેલાઓ (જાગૃવાંસઃ) જ્વાલા રૂપે પેટાવે છે, એ વિષ્ણુના પરમ પદને પણ

ઋગ્વેદ ૧.૨૨.૧૭-૨૧

આપણે જોયું કે મર્યાદિતતા અને અજ્ઞાન અને દ્વંદ્વોનું જન્મદાતા એવું ભેદબદ્ધ માનવ મન એ જઅતિમનસની, તે સ્વતઃ જ્યોતિર્મય દિવ્ય ચેતનાની માત્ર એક શ્યામ આકૃતિ છે, અને તેણે એ આકૃતિને તેના પોતાના દેખાવ પૂરતા ઈનકાર જેવું જે અચિત્ તત્ત્વ છે અને જેમાંથી આપણું વિશ્વ આરંભ પામે છે તે અચિત્ સાથેના પ્રથમવારના વ્યવહારમાં ધારણ કરેલી છે. એવી જ રીતે જીવન જ્યારે આપણા સ્થૂલ વિશ્વમાં પ્રગટ થાય છે ત્યારે તે દિવ્ય પરાચેતન પરમ શક્તિની માત્ર એક શ્યામ આકૃતિ રૂપે રહેલું છે. એ પરાચેતન મહા શક્તિનાં ઉત્તમોત્તમ તત્ત્વો તે અમૃતત્વ છે, સુતૃપ્ત આનંદ અને સર્વશક્તિમત્તા છે. આવું આ જીવન તે ભેદસર્જક મનની શક્તિ છે, જડતત્ત્વમાં તે અવચેતન રૂપે રહેલું છે, નિમજ્જિત રૂપે, કેદ થયેલું હોય તે રૂપે આવી રહેલું છે. એ મૃત્યુનું, ક્ષુધા અને અશક્તિનું જન્મદાતા છે. મન તથા જીવનનો અતિમનસ અને પરાચેતન શક્તિ સાથે જે સંબંધ છે તેમાંથી, આ જે મહાન વિશ્વરૂપ વ્યવહાર ચાલી રહેલો છે, અને જેના આપણે એક ભાગરૂપ છીએ, એ વિશ્વવ્યાપારનું સ્વરૂપ નક્કી થાય છે. એ સંબંધને લીધે આપણા વિકાસક્રમનાં પ્રથમ, મધ્યમ અને અંતિમ તત્ત્વોનો નિર્ણય થાય છે. જીવનનાં પ્રથમ તત્ત્વો છે ભેદ, શક્તિ-પ્રેરિત એવી એક અવચેતન સંકલ્પ-શક્તિ, કે જે સંકલ્પ-શક્તિ તરીકે નહિ પણ સ્થૂલ શક્તિની મૂંગી પ્રેરણા રૂપે નજરે પડે છે, અને શરીર અને તેની પરિસ્થિતિની વચ્ચેના વ્યવહારનું નિયમન કરતી યાંત્રિક શક્તિઓને નિષ્ક્રિય ભાવે વિવશ બની રહેવા

રૂપી અશક્તિ. ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રી સ્થૂલ વિશ્વ તે આ અચેતનતાનું અને શક્તિના અંધ પણ સમર્થ કાર્યનું બનેલું છે એ રીતે જુએ છે અને જગત વિષેની તેની આ દૃષ્ટિ આખાયે મૂળ અસ્તિત્વને એ જ પ્રમાણે નિહાળે છે અને એ રૂપે જ બની રહે છે. આપણને જડતત્ત્વ વિષે જે સભાનતા આવેલી છે અને સ્થૂલ જીવનનું જે સ્વરૂપ અત્યારે સિદ્ધ બનેલું છે તે જ આ ભૌતિક વિજ્ઞાનશાસ્ત્રીની દૃષ્ટિ છે. પરંતુ આ સ્થૂલ જીવનની રચના બન્યા પછી એક નવી સમતુલા અસ્તિત્વમાં આવે છે, તત્ત્વોનો એક નવો સમૂહ જગતમાં ઊતરી આવે છે, અને આ સ્થૂલ રૂપમાંથી જીવન પોતાને જેટલા પ્રમાણમાં મુક્ત કરતું જાય છે અને સભાન મન પ્રત્યે વિકાસ પામતું જાય છે તેટલા પ્રમાણમાં એ તત્ત્વોનો સમૂહ વધતો જાય છે. કેમકે જીવનનાં વચલાં તત્ત્વો તે મૃત્યુ અને પરસ્પર ભક્ષણ છે, ક્ષુધા અને સભાન એવી ઈચ્છા છે, પોતાને મળેલું ક્ષેત્ર અને શક્તિ મર્યાદિત હોવાનું ભાન અને વૃદ્ધિ પામવા માટે, વિસ્તાર સાધવા માટે, વિજય માટે અને વસ્તુઓને પ્રાપ્ત કરવા માટેનો સંગ્રામ એ છે. ડાર્વિનના સિદ્ધાન્તે માનવ જ્ઞાન સમક્ષ વિકાસક્રમની જે અવસ્થા સ્પષ્ટ કરી આપી છે તેના પાયા રૂપે આ ત્રણ તત્ત્વો રહેલાં છે. કારણ કે જે મૃત્યુની ઘટના છે તેના પોતામાં જ જીવતા રહેવા માટેનો સંઘર્ષ આવી રહેલો છે, કેમકે મૃત્યુ એ માત્ર એક નકારાત્મક તત્ત્વ છે કે જેમાં જીવન પોતે પોતાની જાત પાસેથી છુપાઈ જતું રહે છે અને પોતાના હકારાત્મક સ્વરૂપને અમૃતત્ત્વની શોધ કરવા માટે લલચાવતું રહે છે. વળી ક્ષુધા અને ઈચ્છાની ઘટનામાં તૃપ્તિ અને સુરક્ષિતતાની એક અવસ્થામાં પહોંચવા માટેનો સંઘર્ષ રહેલો હોય છે, કેમકે ઈચ્છા એ માત્ર એક ઉત્તેજક તત્ત્વ છે કે જે દ્વારા જીવન તેના પોતાના હકારાત્મક સ્વરૂપને અતૃપ્ત ક્ષુધાના નકારમાંથી ઉપર નીકળી આવીને અસ્તિત્વના આનંદની પૂર્ણ પ્રાપ્તિ પ્રત્યે જવાને લલચાવતું રહે છે. મર્યાદિત શક્તિની ઘટનાની ભીતરમાં વિસ્તાર માટેના, પ્રભુત્વ અને પ્રાપ્તિ માટેના, પોતાના આત્માને પ્રાપ્ત કરે એ માટેનો અને પરિસ્થિતિ ઉપર વિજય મેળવવા માટેનો સંઘર્ષ રહેલો હોય છે, કેમકે મર્યાદિતતા અને ખામી હોવી એ માત્ર એક નકારાત્મક તત્ત્વ છે અને તે દ્વારા જીવન પોતાના હકારાત્મક સ્વરૂપને તે પોતે જે પૂર્ણતાને માટે સદાકાળ સમર્થ રહેલું હોય છે તે પૂર્ણતાને મેળવવા માટે લલચાવતું રહે છે. જીવન માટેનો સંઘર્ષ એ માત્ર જીવતા રહેવા માટેનો સંઘર્ષ નથી, જીવન એ વસ્તુઓને પ્રાપ્ત કરવી, પૂર્ણતામાં પહોંચવું એ માટેનો સંઘર્ષ પણ છે, કેમકે જીવનમાં ટકી રહેવું એ તમે પરિસ્થિતિ ઉપર

વધુ કે ઓછા પ્રમાણમાં કાબૂ મેળવી લો, અથવા તો પરિસ્થિતિનો સ્વીકાર કરી લઈને તથા તેની સાથે સમાધાન કરી લઈને તમે તમારી જાતને તેને અનુકૂળ કરી લો અથવા તો પરિસ્થિતિને જીતી લઈને તથા તેને બદલી લઈને તેને તમારી સાથે અનુકૂળ કરી લો એ જ રીતે બરાબર પાકે પાયે સિદ્ધ કરી શકાય છે. અને એ વાત પણ એટલી જ સાચી છે કે તમે વધુ ને વધુ મોટા પ્રમાણમાં પૂર્ણતા પ્રાપ્ત કરતા જાઓ તો જ ખાતરીપૂર્વક એક સતત ટકી રહે તેવું સ્થાયિત્વ મેળવી શકાય છે. એક દીર્ઘજીવી જીવિતતા મેળવી શકાય છે. 'યોગ્યતમની જીવિતતા' (survival of the fittest) એ સૂત્રમાં ડાર્વિનવાદે આ સત્યને વ્યક્ત કરવાનો પ્રયત્ન કરેલો છે.

પરંતુ આ જે યંત્રમય સિદ્ધાન્ત જડતત્ત્વમાં આવેલા અસ્તિત્વને તથા ત્યાં રહેલી ગુપ્ત યંત્રમય ચેતનાને લાગુ પડે છે તે સિદ્ધાન્તને વૈજ્ઞાનિક મને જીવનને પોતાને લાગુ પાડવાનો પ્રયત્ન કર્યો છે અને એમ કરવા જતાં એના જોવામાં એ વસ્તુ આવી નથી કે અહીં જીવનમાં એક નવું તત્ત્વ દાખલ થયેલું છે અને એ તત્ત્વ તો પેલા યંત્રમય તત્ત્વને પોતાને વશ લેવા માટે જ નિર્માયેલું છે. આનું પરિણામ એ આવ્યું કે ડાર્વિનના સૂત્રનો ઉપયોગ જીવનમાં રહેલા આક્રમક તત્ત્વનો બેહદ વિસ્તાર કરવા માટે થવા લાગ્યો, વ્યક્તિના પ્રાણમાં જે સ્વાર્થીપણું રહેલું છે, માણસમાં આત્મ-રક્ષણ આત્મ-સ્થાપના અને આક્રમક જીવન જીવવા માટેની જે વૃત્તિ રહેલી છે તેના નિઃસીમ વિસ્તાર માટે થવા લાગ્યો. કેમકે જીવનની આ બે જે પ્રથમ અવસ્થાઓ છે, આત્મ-રક્ષણ અને આમ-સ્થાપના, તેમાં જ એક નવા તત્ત્વનાં અને એક બીજી અવસ્થાનાં બીજ રહેલાં છે અને જેટલા પ્રમાણમાં મન પ્રાણના તત્ત્વ દ્વારા જડતત્ત્વમાંથી નીકળીને તેના પોતાના નિયમમાં વિકાસ પામે છે તેટલા પ્રમાણમાં આ બીજે વિકાસ પામતા રહેવાનું છે, અને જીવન જેવી રીતે મન પ્રત્યે ઊર્ધ્વ વિકાસ પામે છે, તેવી રીતે મન જ્યારે અતિમનસ અને આત્મા પ્રત્યે ઊર્ધ્વ વિકાસ પામવા માંડે ત્યારે તો બધી જ વસ્તુઓએ આથીયે વધુ બદલાતા રહેવાનું છે. જગતમાં જીવતા રહેવા માટેના સંઘર્ષ સામે તથા સ્થાયિત્વ માટેની વૃત્તિની સામે મૃત્યુનો નિયમ કામ કરી રહેલો છે એટલા માટે જ પછી વ્યક્તિગત રીતના જીવને પોતાને માટે તો નહિ પણ પોતાની જાતિને માટે પાકું સ્થાયિત્વ મેળવવા માટે ફરજિયાત રીતે કામ કરવું પડે છે અને જાતિને માટેનું આ સ્થાયિત્વ વ્યક્તિગત જીવન બીજાઓના સહકાર વિના કરી શકે તેમ નથી. આમ

માનવના જીવનમાં સહકાર અને પરસ્પર સહાયનું તત્ત્વ કામ કરી રહે છે, માણસમાં અન્યને માટે ઈચ્છા જન્મે છે, માણસને પત્ની માટે, બાળક માટે, મિત્ર અને સહાયક મેળવવા માટે ઈચ્છા જાગે છે, જીવનમાં સમૂહો રચાતા જાય છે, સહજીવનનો વ્યવહાર રચાય છે, માણસો સભાન રીતે જોડાય છે અને પરસ્પર વિનિમયમાં ઉતરે છે, આ બધાં બીજોમાંથી પ્રેમનું તત્ત્વ ખીલી ઊઠે છે. હા, આપણે એ વાત મંજૂર રાખીએ કે પ્રેમ એની પ્રથમ દશામાં માત્ર એક વિસ્તાર પામેલો સ્વાર્થ ભાવ જ હોઈ શકે છે અને પ્રેમનું આ વિસ્તાર પામેલા સ્વાર્થ તરીકેનું સ્વરૂપ વિકાસક્રમની ઊંચી અવસ્થાઓમાં પણ ટકી રહી શકે છે અને પોતાનો પ્રભાવ જમાવી રાખી શકે છે, અને અત્યારે પણ એ સ્વરૂપ હજી ટકી રહેલું છે અને પોતાનો પ્રભાવ જમાવી રહેલું છેઃ આમ છતાં મન જેમ જેમ વિકાસ પામતું જાય છે અને પોતાની જાતને વધુ ને વધુ ઓળખતું થાય છે તેમ તેમ તેને જીવનનો અને પ્રેમનો તથા પરસ્પરની સહાયનો અનુભવ થતાં એ વસ્તુ જોવા મળે છે કે પ્રકૃતિએ સરજેલી વ્યક્તિ એ તો જીવનનું એક ગૌણ સ્વરૂપ છે અને તે વિશ્વરૂપ તત્ત્વને આધારે જ ટકી રહેલું છે. મનોમય એવા માનવને આ વસ્તુ એક વાર જણાઈ આવે, અને તેને તે અનિવાર્યપણે જણાઈ આવેલી જ છે, તે પછી તેનું ભાવિ નિશ્ચિત થઈ જાય છે. કેમકે માનવ હવે એ બિંદુએ પહોંચ્યો છે કે જ્યાંથી તે એ સત્ય પ્રત્યે ખુલ્લો થવા લાગી શકે છે કે તેનાથી પર કોઈક વસ્તુ આવેલી છે. આ ક્ષણ પછી માનવનો પેલી કોક ઉર્ધ્વ વસ્તુ પ્રત્યેનો વિકાસ, આત્મા પ્રત્યેનો, અતિમનસ પ્રત્યેનો, અતિમાનવતા પ્રત્યેનો વિકાસ, ભલે પછી એ અજ્ઞાનમય અને મંદ રીતે થતો હોય તોપણ તે, અનિવાર્ય રીતે પૂર્વનિશ્ચિત થઈ ચૂકેલો બને છે.

એટલે જીવનનું પોતાનું સ્વરૂપ જ એવું છે કે તેને માટે એક ત્રીજી અવસ્થામાં પહોંચવું, તેની આત્મ-અભિવ્યક્તિનાં તત્ત્વોના ત્રીજા સંપુટમાં પહોંચવું એ પૂર્વનિર્ણીત જ છે. જીવનના આ આરોહણનું આપણે પરીક્ષણ કરીશું તો આપણને જણાશે કે જીવનના પ્રત્યક્ષ બનેલા વિકાસ-રૂપે જે છેલ્લાં તત્ત્વો છે, જેને આપણે જીવનની તૃતીય અવસ્થા કહી છે તેનાં જે તત્ત્વો છે તે તેની પ્રથમ અવસ્થાનાં તત્ત્વો કરતાં દેખાવમાં સાવ ઊલટાં અને વિરુદ્ધ પ્રકારનાં જ હોવાં જોઈએ, પણ હકીકતમાં તો તે જીવનની પ્રથમ અવસ્થાઓની જ ખુદ પરિપૂર્ણતા રૂપે અને રૂપાંતર રૂપે હોય છે. જીવનનો આરંભ જડતત્ત્વના છેલ્લામાં છેલ્લી

કોટિના ભેદોથી અને દૃઢ રૂપોથી થતો હોય છે, અને આ દૃઢ ભેદોનું ખરું મૂળ સ્વરૂપ તે અણુ છે, સર્વ ભૌતિક રૂપોનો પાયો તે આ અણુ જ છે. આ અણુ બીજા અણુઓ સાથે જોડાયેલો હોય છે, ત્યારે પણ તે તેમનાથી સાવ અલગ રહેતો હોય છે, તે કોઈ પણ સામાન્ય શક્તિના દબાણ હેઠળ મૃત્યુનો અને વિસર્જનનો ઈનકાર કરતો રહે છે, અને પ્રકૃતિમાં રહેલા સંમિશ્રણના તત્ત્વની સામે અલગ એવો જે અહંકાર પોતાના અસ્તિત્વનો આકાર આંકતો રહે છે એ અહંકારનું તે સ્થૂલમાં મૂર્ત બનેલું સ્વરૂપ છે. પરંતુ પ્રકૃતિમાં ભેદનું તત્ત્વ જેટલું પ્રબળ છે તેટલું જ એકતાનું તત્ત્વ પણ પ્રબળ છે. ખરી રીતે તો એકતા એ જ મુખ્ય મહા તત્ત્વ છે અને ભેદ એ તો તેનું એક ગૌણ તત્ત્વ છે, અને તેથી જગતમાં પ્રત્યેક ભેદબદ્ધ સ્વરૂપે એક કે બીજી રીતે, યાંત્રિક આવશ્યકતાને કારણે, ફરજિયાત દબાણ દ્વારા, કે પછી, સંમત થઈને યા તો લાલચને વશ થઈને પોતાની જાતને આ એકતાના તત્ત્વને આધીન કરવાની જ રહે છે. આમ હોવાથી પ્રકૃતિ તેના પોતાના હેતુઓને ખાતર, તેનાં પોતાનાં સંયોજનો માટે એક દૃઢ પાયો મેળવવા માટે તથા રૂપોનું એક નિશ્ચિત બીજ મેળવવા માટે અણુને વિસર્જન દ્વારા અન્યમાં મિશ્રત થઈ જવાની પ્રક્રિયાનો જો સામાન્ય રીતે વિરોધ કરવા દે છે તો બીજી બાજુએ તે અણુને સંમિલન દ્વારા રચાતી મિશ્રિત થવાની પ્રક્રિયાને વશ થવાની ફરજ પાડે છે. આમ અણુ તે સૌથી પ્રથમ સમૂહિત થયેલો એક (aggregate) છે તો તે સમૂહિત એકમોની અન્ય રચાતી એકતાઓનો પાયો પણ છે.

જીવન જ્યારે એની બીજી અવસ્થામાં પહોંચે છે, કે જેને આપણે પ્રાણશક્તિ તરીકે ઓળખીએ છીએ, ત્યારે વિરુદ્ધ રૂપોનું તત્ત્વ આગળ પડતું થાય છે અને પ્રાણમય અહંકારનો જે સ્થૂલ આધાર હોય છે તેને વિસર્જન પામવા માટે સંમત થવાની ફરજ પડે છે. એ સ્થૂલ આધારનાં ઘટક તત્ત્વોને ભાંગી નાખવામાં આવે છે અને એમાંથી પછી એક જીવનનાં તત્ત્વોને અન્ય જીવનોનાં તત્ત્વોની પંચભૂતાત્મક રચનામાં દાખલ કરવા માટે ઉપયોગમાં લઈ શકાય છે. પ્રકૃતિમાં આ નિયમનું જે પ્રમાણમાં શાસન ચાલી રહ્યું છે તેનો હજી પૂરેપૂરો સ્વીકાર થયેલો નથી, અને જ્યાં સુધી આપણને મનોમય જીવનનું તથા આધ્યાત્મિક અસ્તિત્વનું વિજ્ઞાન, સ્થૂલ જીવન અને જડતત્ત્વના અસ્તિત્વને લગતા અત્યારના આપણા વિજ્ઞાન જેટલું જ સઘન રૂપે મળી ન આવે ત્યાં સુધી એ નિયમનું શાસન ખરેખર સ્વીકારી શકાય તેમ પણ નથી. આમ છતાં આપણે વિશાળ રીતે એમ કહી શકીએ છીએ કે આપણા સ્થૂલ શરીરનાં તત્ત્વો જ માત્ર નહિ, પરંતુ આપણા

સૂક્ષ્મતર પ્રાણમય સ્વરૂપનાં તત્ત્વો, આપણી જીવન-શક્તિ, આપણી કામના-શક્તિ, આપણી શક્તિઓ, મંથનો, આવેશો એ બધું આપણા જીવન દરમિયાન તેમ જ આપણા મૃત્યુ પછી અન્યના જીવન-અસ્તિત્વમાં પ્રવેશ પામતું રહે છે. એક પ્રાચીન ગુહ્ય વિદ્યા આપણને કહે છે કે આપણને એક સ્થૂલ શરીર છે તેવું પ્રાણમય શરીર પણ છે અને મૃત્યુ પછી એ શરીર પણ વિસર્જન પામે છે અને પોતામાંથી અન્ય પ્રાણમય શરીરોની રચના થવા દે છે. આપણી જીવન-શક્તિઓ આપણે જીવતા હોઈએ છીએ તે દરમિયાન અન્ય વ્યક્તિઓની શક્તિઓ સાથે સતત મિશ્રણ પામતી રહે છે. આને જ મળતો નિયમ આપણા મનોમય જીવનને અન્ય ચિંતનશીલ પ્રાણીઓના મનોમય જીવન સાથેના પરસ્પર સંબંધોને લાગુ પડતો રહે છે. મન ઉપર મનનો આઘાત થતાં તત્ત્વોનો એક સતત વિનિમય અને સંમિશ્રણ બનતાં રહે છે, અને એ દ્વારા વિસર્જનની અને વિતરણ તથા પુનર્ઘટનની એક સતત ક્રિયા બનતી રહે છે. વ્યક્તિનો વ્યક્તિ સાથે વિનિમય થવો, આંતર મિશ્રણ થવું અને વિગલન થવું એ જ જીવનની પ્રક્રિયા છે, જીવનના અસ્તિત્વનો એ એક નિયમ છે.

તો આપણને જીવનમાં બે તત્ત્વો હાથ આવે છે, એક તો અલગ એવો અહંકાર પોતાની ભિન્નતામાં ટકી રહેવા માટેની તેમ જ પોતાના વ્યક્તિત્વનું રક્ષણ કરવા માટેની જરૂર અનુભવતો રહે છે અથવા તો તેનામાં આ માટેનો સંકલ્પ કામ કરતો રહે છે, અને બીજું તે પ્રકૃતિ આ અહંકાર ઉપર તે બીજાઓમાં ઓગળી જાય તે રીતનું દબાણ મૂકતી રહે છે. સ્થૂલ જગતમાં પ્રકૃતિ આમાંની પ્રથમ વૃત્તિ ઉપર ઘણો જ ભાર મૂકતી રહે છે, કેમકે એને સુસ્થિર એવાં ભિન્ન રૂપોનું સર્જન કરવાની જરૂર રહેલી છે.શક્તિના અસ્ખલિત વહેતા રહેતા પ્રવાહમાં અને ગતિમાં તેમ જ અનંત તત્ત્વની એકતામાં વ્યક્તિતાનું એક અલગ અસ્તિત્વ ટકી રહે અને એ વ્યક્તિતાને એક સ્થાયી રૂપ મળી રહે એવું કંઈક સર્જન કરવું અને તેને ટકાવી રાખવું એ પ્રકૃતિનો સૌથી પ્રથમ અને ખરેખર અત્યંત વિકટ પ્રશ્ન રહેલો છે. એટલા માટે અણુમાંથી રચાયેલા જીવનમાં વ્યક્તિગત રીતનું રૂપ પાયા તરીકે ટકી રહે છે અને તે અન્ય રૂપો સાથે પોતાનું જોડાણ સાધીને સમૂહિત બનેલાં રૂપોનું એક વધુ ઓછું દીર્ઘજીવી એવું અસ્તિત્વ ઊભું કરી લે છે અને એ રૂપો પછી પ્રાણમય અને મનોમય વ્યક્તિત્વોની રચનાના પાયા તરીકે બની રહે છે. પરંતુ પ્રકૃતિ આ રીતે પોતાના બાહ્ય વ્યાપારોને સુરક્ષિતપણે ચલાવવા માટે એક પૂરતી સુદૃઢતા

મેળવી લે છે તે પછી તે પોતાની પ્રક્રિયાને ઊલટાવી નાખે છે; એમાં પછી વ્યક્તિગત રૂપનો નાશ થઈ જાય છે અને આ રીતે વિસર્જિત થયેલા રૂપનાં તત્ત્વોને સમૂહિત રીતનું જીવન પોતાના કામમાં લઈ લે છે. પરંતુ આ પણ કાંઈ છેલ્લી અવસ્થા હોઈ શકતી નથી. એ છેલ્લી અવસ્થામાં પહોંચવાનું તો આ બંને તત્ત્વો જ્યારે સંવાદમાં આવી જાય ત્યારે જ માત્ર બની શકે છે. એ સંવાદ સધાતાં વ્યક્તિ પોતાના વ્યક્તિત્વની સભાનતામાં ટકી રહી શકે છે અને છતાં બીજાઓની સાથે પોતની જાતને એક કરી દઈ શકે છે અને છતાં એ એકતામાં સંરક્ષક એવી સમતુલાનો કશો ભંગ થતો નથી તેમ જ જીવિત રહેવાની ક્રિયામાં કશી અટકાયત થવા પામતી નથી.

આ બે તત્ત્વોની સંવાદિતતા સાધવાનો પ્રશ્ન ઊભો થાય તે પહેલાં મનનો ઉદય પૂરેપૂરો થઈ ગયેલો હોય એ જરૂરનું રહે છે; કારણ કે સભાન એવા મન વિનાના પ્રાણતત્ત્વમાં પ્રાણ અને મનનું કોઈ સમીકરણ હોઈ શકતું નથી, પણ ત્યાં માત્ર એક કામચલાઉ અસ્થિર રીતની સમતુલા હોય છે જેમાં અંતે જતાં શરીરનું મૃત્યુ બની આવે છે, વ્યક્તિનું વિસર્જન થાય છે અને તેનાં તત્ત્વો વિશ્વરૂપ તત્ત્વોમાં વેરાઈ જાય છે, સ્થૂલ શારીરિક જીવનનું સ્વરૂપ એવું છે કે એમાં વ્યક્તિગત રીતનું રૂપ જે અણુઓમાંથી તે બનેલું હોય તે અણુઓના જેવી જ ટકી રહેવાની શક્તિ ધરાવતું હોઈ શકે અને તેથી તે વ્યક્તિ તરીકેનું અસ્તિત્વ ચાલુ રાખી શકે એવા કોઈ વિચારને સ્થાન રહેતું નથી. એ તો વ્યક્તિમાં જો મનોમય સ્વરૂપ બંધાયું હોય, અને એને ભીતરમાં રહેલી ચૈત્ય ગ્રંથિનો ટેકો હોય અને એ ચૈત્ય ગ્રંથિ ગુપ્ત એવા આત્માને વ્યક્ત કરતી હોય અથવા તો વ્યક્ત કરવાનું શરૂ કરતી હોય તો જ એ વ્યક્તિ ભૂતકાળને પકડીને ભવિષ્ય સાથે તેને જોડવાની તેની શક્તિ દ્વારા સાતત્યના એક પ્રવાહમાં ટકી રહેવાની આશા રાખી શકે છે. એ સાતત્યનો પ્રવાહ તો રૂપનો ભંગ થવાની સાથે સ્થૂલ સ્મૃતિમાં તૂટી જઈ શકે છે. પણ મનોમય સ્વરૂપની પોતાની અંદર એ પ્રવાહને નાશ થવાની જરૂર રહેતી નથી અને એ મનોમય સ્વરૂપ આગળ ઉપર વધુ વિકાસ પામતાં, શરીરના મૃત્યુ અને જન્મ દ્વારા સ્થૂલ સ્મૃતિમાં રચાયેલા ખાડાને પાછો સાંધી દઈ શકે છે. અત્યારે જે સ્થિતિ છે તેમાં પણ, દેહધારી બનેલા મનના અત્યારના અપૂર્ણ વિકાસમાં પણ, મનોમય માનવ શરીરના જીવનથી ઉપર જઈને વિસ્તારના ભૂત અને ભવિષ્ય વિષે સમૂહ તરીકે સભાન રહેલો છે. મનુષ્યને એવી સભાનતા જાગે છે કે તેને પોતાને એક વ્યક્તિ તરીકેનો

પ્રયાસ શરૂ થયા છે. આ સત્યના પુરાવાઓ દિન પર દિન વધતા જાય છે, અને વિચાર વિનિમય તથા એના જેવી બીજી ગુહ્ય વિદ્યાની ક્રિયાઓને તો એની તદ્દન બહારની અને દેખીતી સાબિતી ગણી શકાય છે. ભૂતકાળના કોચલામાં પુરાઈ રહેલી બુદ્ધિ જ એવા પુરાવાનો ઈનકાર કરી શકે, અથવા તો, ઝીણવટવાળી છતાં મર્યાદિત બુદ્ધિ પોતાના અનુભવનું અને ગવેષણાનું ક્ષેત્ર મર્યાદિત કરે તો તે, યા તો ભૂતકાળની સદીઓએ જે સિદ્ધાંતોનો વારસો મૂક્યો હોય તેના પુનરાવર્તનને અને મરી પરવારેલ કે મરવા પડેલ માન્યતાઓ અને મતોને કાળજીપૂર્વક સંભાળી રાખવાની ક્રિયાને જે લોકો 'વિકાસ', 'સંસ્કારિતા' અને 'તર્કસંગતિ' ગણવાની ભ્રમણા સેવતા હોય છે તેઓ જ એ સત્યનો ઈનકાર કરી શકે.

એ ખરું છે કે વ્યવસ્થિત શોધખોળથી ઈન્દ્રિયાતીત સત્યની જે ઝાંખી થઈ છે તે હજી અપૂર્ણ હોઈ ભરોંસાપાત્ર નથી. કારણ કે હકીકતો જાણવાને જે પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે તે ગ્રામ્ય છે અને ખામીવાળી છે. પરંતુ આ ફરીને શોધાયેલી સૂક્ષ્મ ઈન્દ્રિયો સ્થૂલ ઈન્દ્રિયોથી અગમ્ય છે તે છતાં સ્થૂલ ઈન્દ્રિયોથી સ્વતંત્ર રીતે સ્થૂલનું જ્ઞાન તે મેળવી શકે છે. એટલે એ સૂક્ષ્મ ઈન્દ્રિયો પાર્થિવ ચેતનાના પ્રદેશથી પર આવી રહેલા સત્યની સાબિતી આપે છે ત્યારે આપણે તેને એ ઘટનાઓના ખોટા સાક્ષી તરીકે ગણી શકતા નથી. અન્ય પુરાવાઓની પેઠે બલ્કે સ્થૂલ ઈન્દ્રિયોના પોતાના પુરાવાઓની માફક, એ સૂક્ષ્મ ઈન્દ્રિયોના પુરાવાઓ ઉપર કાબૂ રાખવો જોઈએ, એમને યથાર્થ રૂપે સમજી યથાર્થ રૂપે રજૂ કરવા જોઈએ અને એમના નિયમો અને પ્રક્રિયાઓ નક્કી કરવાં જોઈએ. પરંતુ અનુભવના વિશાળ ક્ષેત્રનું સત્ય જે પોતે વધુ સૂક્ષ્મ પદાર્થતત્ત્વોમાં આવી રહેલું છે, અને જે પાર્થિવ પદાર્થના કરતાં વધારે સૂક્ષ્મ સાધનથી જાણી શકાય છે, તે આખરે તો સ્થૂલ વિચારના જેટલી જ વાસ્તવિકતાનો દાવો કરી શકે છે. સ્થૂલથી પર લોકો હયાતીમાં છેઃ તેમને તેમની પોતાની વિરાટ એકસૂરતા, કાર્યના મહાન નિયમો અને બંધારણો, સ્વયંભૂ નિયમો અને પ્રબળ શક્તિઓ અને તેજોમય જ્ઞાન મેળવવાની રીતો પણ છે, અને તે સૂક્ષ્મ લોકો આપણી પૃથ્વી ઉપર, આપણા સ્થૂલ જીવનમાં પોતાની અસરો ઉત્પન્ન કરે છે. પાર્થિવ દુનિયામાં પણ તેઓ પોતાનો આવિર્ભાવ કરવા માટેનાં કરણો વ્યવસ્થિત કરે છે અને પોતાના સાક્ષી અને સંદેશવાહકોને અહીં મોકલે છે.

ભૂતકાળ હતો, તેને વ્યક્તિ તરીકેના જન્મો રહેલા છે કે જે જન્મોએ તેનો અત્યારનો જન્મ સર્જેલો છે અને પોતે એ જન્મોના વિકાસ રૂપે તથા તેમના એક હળવા પુનઃસર્જન રૂપે રહેલો છે તેમ જ પોતાનો આ જન્મ પોતામાંથી ભવિષ્યના વ્યક્તિ તરીકેના જન્મોનું સર્જન કરી રહેલો છે. વળી તેને એવી સભાનતા પણ જાગે છે કે જગતમાં ભૂત અને ભવિષ્યમાં એક સામૂહિક જીવન રહેલું છે અને તેમાં થઈને તેનું પોતાનું સાતત્ય તેના એક તંતુ રૂપે વહી રહેલું છે. ભૌતિક વિજ્ઞાનને આ વસ્તુ આનુવંશિકતાના તત્ત્વ રૂપે જે દેખાય છે તે મનોમય વ્યક્તિની પાછળ રહેતા વિકાસમાન આત્માને એક કાયમ ટકી રહેતા વ્યક્તિત્વ રૂપે પ્રત્યક્ષ થાય છે. એટલે આ આત્મા વિષેની સભાનતાને વ્યક્ત કરતો મનોમય માનવ એ કાયમ માટે ટકી રહેતી વ્યક્તિનું તથા કાયમ ટકી રહેતા સામૂહિક જીવનનું એક કેન્દ્ર-બીજ બની રહે છે. એ માનવમાં વ્યક્તિ અને સમૂહનું મિલન અને સંવાદિતતા શક્ય બને છે.

આ નવો સંબંધ જે રૂપ લે છે અને તેની જે શક્તિ રહેલી છે તેમાં પ્રેમ દ્વારા રચાતું સહજીવન તેના ગુપ્ત તત્ત્વ તરીકે કામ કરતું હોય છે અને એ જ એ સંબંધના એક શિખર તરીકે બહાર આવતું રહે છે, અને એટલે પ્રેમ તે જીવનની તૃતીય અવસ્થામાં થતા વિકાસનું નિયામક તત્ત્વ બની રહે છે. જીવનમાં પ્રેમનું તત્ત્વ કામ કરતું થાય એટલા માટે એ વસ્તુ જરૂરની છે કે વ્યકિતતાનું સભાનપણે રક્ષણ થવું જોઈએ. બીજી વ્યક્તિઓ સાથે વ્યક્તિનો આંતરવિનિમય થાય, તેમને વ્યક્તિ પોતાનું અર્પણ કરે, તેમની સાથે એકરૂપ થઈ રહે આ વસ્તુની આવશ્યકતાનો સભાન રીતે સ્વીકાર થવો જોઈએ અને તે માટેની ઈચ્છા જાગવી જોઈએ. કારણ કે, આ બેમાંથી, વ્યક્તિ કે સમૂહમાંથી, એકનો જો વિનાશ કરવામાં આવે તો પ્રેમની ક્રિયા અટકી પડે છે, પછી એને સ્થાને ભલે બીજી ગમે તે વસ્તુ આવે. પોતાનું પૂર્ણ આત્મ-વિલોપન કરી દઈ પ્રેમની પૂર્તિ સાધવી એ વિચાર અને વૃત્તિ ખરેખર મનોમય માનવમાં રહેલાં હોય છે, એમાં આત્મ-વિનાશન સધાતું હોય એવી ભ્રાંતિ પણ રહેતી હોય છે. પણ એ વિચાર અને વૃત્તિ જીવનની આ તૃતીય અવસ્થાથી ઉપરની કોટિના એક વિકાસનું સૂચન કરે છે. આપણે પરસ્પરના ભક્ષણ દ્વારા ચાલી રહેલા જીવન માટેના સંઘર્ષમાંથી નીકળી જઈને ક્રમે ક્રમે જીવનની આ તૃતીય અવસ્થાની સ્થિતિમાં પહોંચીએ છીએ; કારણ કે હવે જીવનની હસ્તી પરસ્પરની સહાય દ્વારા વધુ ને વધુ સધાતી જાય છે અને પરસ્પરને

અનુકૂલન સાધીને, આંતર વિનિમય અને સંમિશ્રણ દ્વારા એક આત્મ-પૂર્ણતા રચાતી જાય છે. જીવન એ વ્યક્તિની આત્મ-સંસ્થાપના છે, એમાં અહંકારનો વિકાસ અને તેની હસ્તીની રચના પણ બને છે, પરંતુ આ વ્યક્તિ એવી છે કે જેને બીજી વ્યક્તિઓની જરૂર રહેતી હોય છે, આ અહંકાર એવો છે કે જે બીજા અહંકારોને મળવા માગતો હોય છે અને પોતામાં સમાવી લેવા માગતો હોય છે અને પોતે એ અહંકારોના જીવનમાં સમાઈ જવા માગતો હોય છે. તો જે વ્યક્તિઓ અને સમૂહો સહજીવનનો નિયમ અને પ્રેમનો નિયમ વિકસાવશે, સર્વને માટેની સહાયતા, માયાળુતા, સ્નેહ, બિરાદરી, એકતાનો નિયમ વિકસાવશે, જેઓ જીવનની હસ્તી-ધારણા અને પરસ્પર આત્મ-પ્રદાનની ક્રિયાઓનો અત્યંત સફળતાપૂર્વક મેળ રચશે, પરસ્પર વિનિમય દ્વારા જે સમૂહ વ્યક્તિનું સંવર્ધન કરશે જે વ્યક્તિ વ્યક્તિનું અને સમૂહ સમૂહનું સંવર્ધન કરશે તે વિકાસક્રમની આ તૃતીય અવસ્થામાં હસ્તી-ધારણ માટે સૌથી વધુ યોગ્યતમ બની રહેશે.

આ રીતનો વિકાસ સધાવો તે જગતમાં મનનું* વધતું જતું આધિપત્ય સૂચવે છે, એ વિકાસમાં મન સ્થૂલ અસ્તિત્વ ઉપર પોતાનો નિયમ ક્રમે ક્રમે વધુ ને વધુ સ્થાપિત કરતું જાય છે. કેમકે મનમાં એક વધુ મોટી સૂક્ષ્મતા રહેલી છે અને તેથી અન્ય વસ્તુને પોતામાં એકરસ કરવા માટે, તેને પ્રાપ્ત કરવા માટે અને પોતે વૃદ્ધિ પામવા માટે તેણે તે વસ્તુનું ભક્ષણ કરવાની જરૂર રહેતી નથી. ઊલટું મન જેમ જેમ વધુ આપતું જાય છે તેમ તેમ તે વધુ મેળવતું જાય છે અને વધુ વૃદ્ધિ પામતું જાય છે. એ પોતાની જાતને બીજાઓમાં જેમ જેમ વધુ ઓગાળતું જાય છે તેમ તેમ બીજાઓને તે પોતામાં વધુ ઓગાળતું જાય છે અને પોતાના સ્વરૂપના પ્રદેશને વિસ્તારતું જાય છે. સ્થૂલ જીવન પોતાની વસ્તુ વધારે પડતી આપી દઈને પોતે ખલાસ થઈ જાય છે તેમ જ વધારે પડતું ભક્ષણ કરીને પોતાને બરબાદ કરી દે છે. પણ મન, એ જોકે જેટલા પ્રમાણમાં જડતત્ત્વના નિયમ ઉપર આલંબન લે છે તેટલા પ્રમાણમાં તે જડતત્ત્વના જેવી જ

---

* અહીં મન જે રીતે જીવનમાં, પ્રાણમય સ્વરૂપમાં, હૃદય દ્વારા સીધેસીધું કામ કરે છે તે રીતના મનની વાત કરી છે. પ્રેમ-એનું સાપેક્ષ સ્વરૂપ, પરમ સ્વરૂપ નહિ-એ જીવનનું એક તત્ત્વ છે, મનનું નહિ, પરંતુ મન જ્યારે તેને પોતાના પ્રકાશમાં લઈ લે છે ત્યારે જ તે પોતાને પૂર્ણ રીતે પામી શકે છે અને સ્થાયિત્વ પ્રત્યે ગતિ કરી શકે છે. શરીરમાં અને પ્રાણના ભાગોમાં રહેલી જે વસ્તુને પ્રેમ કહેવામાં આવે છે એ તો મોટે ભાગે કશા સ્થાયિત્વ વિનાની ક્ષુધાનું એક રૂપ છે.

મર્યાદિતતામાં આવી જાય છે તોપણ, જેટલા પ્રમાણમાં તે તેના પોતાના નિયમમાં વૃદ્ધિ પામે છે તેટલા પ્રમાણમાં તે આ મર્યાદિતતાને જીતી લેતું થાય છે, અને જેટલા પ્રમાણમાં તે સ્થૂલ મર્યાદિતતાને જીતી લે છે તેટલા પ્રમાણમાં આપવું અને લેવું એ બંને ક્રિયાઓ એક જ બની રહે છે. કેમકે મન તેના ઊર્ધ્વ આરોહણની ગતિમાં આગળ વધતાં વધતાં ભેદમાં રહેલી સભાન એકતાના નિયમમાં પહોંચતું જાય છે, અને ભેદમાં રહેલી સભાન એકતા તે તો આવિર્ભાવ પામેલા સચ્ચિદાનંદનો દિવ્ય નિયમ છે.

જીવનની આદિ અવસ્થાનું બીજું તત્ત્વ તે અવચેતન રીતની સંકલ્પશક્તિ છે અને જીવનની દ્વિતીય અવસ્થામાં તે ક્ષુધા અને સભાન એવી ઈચ્છા રૂપે બને છે,- ક્ષુધા અને ઈચ્છા, કે જે સભાન મનનું પ્રથમ બીજ છે. એ પછી સહજીવનના તત્ત્વ દ્વારા, પ્રેમની વૃદ્ધિ દ્વારા જીવન તૃતીય અવસ્થામાં પહોંચે છે ત્યારે તેમાં ઈચ્છાનો નિયમ નાશ પામી જતો નથી, પરંતુ કહો કે એનું રૂપાંતર થાય છે અને તેની પૂર્ણતા સધાય છે. પ્રેમનું સ્વરૂપ જ એવું છે કે એમાં પોતાની જાત બીજાઓને આપવાની અને તેના બદલામાં બીજાઓને મેળવવાની ઈચ્છા રહેતી હોય છે. પ્રેમ એ વ્યક્તિ વ્યક્તિ વચ્ચેનો એક વ્યાપાર છે. સ્થૂલ જીવન પોતાની જાતને આપી દેવાને ઈચ્છતું નથી, એ માત્ર મેળવવાની જ ઈચ્છા કરતું રહે છે. હા, એ સાચું છે કે એ જીવનને પોતાની જાતને આપી દેવાની ફરજ પડે છે, કેમકે જે જીવન કેવળ મેળવવાની જ ક્રિયા કરતું રહે છે અને આપવાની ક્રિયા કરતું નથી તેણે તો વંધ્ય જ બની જવાનું રહે છે, ચીમળાઈ જવાનું અને નાશ પામવાનું જ રહે છે,-ખરેખર આવું કોઈ જીવન પૂર્ણ પ્રમાણમાં અહીં શક્ય હોય કે પછી કોઈ પણ દુનિયામાં શક્ય હોય તો. પરંતુ જીવનને આ પ્રમાણે વર્તવા માટે ફરજ પડતી હોય છે, એ રીતનું વર્તન કરવાની તેને ઈચ્છા થતી હોતી નથી, એ તો પ્રકૃતિની અવચેતન વૃત્તિને તાબે થતું હોય છે, એ વૃત્તિમાં તે સભાન રીતે ભાગ લેતું નથી હોતું. આવા જીવનમાં પ્રેમ જ્યારે પ્રવેશ કરે છે ત્યારે પણ એમાં જાગતી આત્મ-સમર્પણની ક્રિયા પ્રથમ તો અણુમાં રહેલી અવચેતન સંકલ્પશક્તિનું યંત્રવત્ સ્વરૂપ જ મોટે ભાગે જાળવી રાખે છે. પ્રેમ પોતે પણ પ્રથમ તો ક્ષુધાના નિયમને તાબે થતો રહે છે અને બીજાઓને આપવાની તથા અર્પણ સમર્પણ કરવાની ક્રિયા કરતાં વિશેષ તો તેને બીજાઓ પાસેથી લેવાની ક્રિયામાં તથા તેમની પાસેથી બળજબરીથી મેળવવામાં વધુ આનંદ મળતો રહે છે. બીજાઓને આપવું, સમર્પણ કરવું એ વસ્તુને તો

તે પોતાને જોઈતી વસ્તુ મેળવવા માટે આપવાની જરૂરી કિંમત તરીકે જ સ્વીકારે છે. પરંતુ આ અવસ્થામાં પ્રેમ પોતાના સાચા સ્વરૂપમાં પહોંચ્યો હોતો નથી. પ્રેમનો સાચો નિયમ તો એ છે કે એમાં સમાન વ્યવહારની સ્થાપના થતી હોય છે. એમાં આપવાનો આનંદ લેવાના આનંદ જેટલો જ હોય છે અને અંતે જતાં તો એ આપવાનો આનંદ વધુ મોટો પણ થતો જાય છે. પરંતુ આ વસ્તુ પ્રેમ જ્યારે ચૈત્ય જ્વાલાના દબાણ હેઠળ પૂર્ણ અદ્વૈતની પ્રાપ્તિ માટે પોતાની જાતમાંથી સાવ બહાર નીકળી જતો હોય છે ત્યારે જ બનવા પામે છે. અને એમાંથી પછી તેણે એ જાણવાનું રહે છે કે જે વસ્તુ તેને અન્-આત્મા પોતાથી પરાઈ તરીકે લાગતી હતી તે તેની પોતાની વ્યક્તિતા કરતાંયે એક વધારે મહાન અને વધારે પ્રિય એવા નિજ-સ્વરૂપે રહેલી છે. તો પ્રેમ જ્યારે જીવનમાંથી ઉદય પામતો હોય છે ત્યારે એનો નિયમ એવો હોય છે કે તે અન્યમાં અને અન્ય દ્વારા પોતાની જાતનો સાક્ષાત્કાર અને પોતાનું સાફલ્ય મેળવવા માગતો હોય છે, અન્યને સમૃદ્ધ કરીને પોતે સમૃદ્ધ બનવા માગતો હોય છે, અન્યને પોતાનું કરવા માગતો હોય છે અને પોતે અન્યનો થઈ રહેવા માગતો હોય છે, કેમકે જ્યાં સુધી કોઈ બીજું આવીને આપણો કબજો લેતું નથી ત્યાં સુધી આપણે આપણી જાતને પૂર્ણપણે પામી શકતા નથી.

અણુમાં રહેલું અસ્તિત્વ પોતે પોતાની જાતને પ્રાપ્ત કરવા માટે સક્રિય બનીને કાંઈ પણ કરી શકે તેમ હોતું નથી. આ સ્થૂલ રૂપનું વ્યક્તિત્વ પોતાથી ભિન્ન એવા અનાત્માને આધીન હોય છે અને એ છે જીવનની પ્રથમ અવસ્થા. એ પછીની જીવનની બીજી અવસ્થામાં મર્યાદિતતાનું ભાન જાગે છે અને વસ્તુઓને મેળવવા માટેનો, પોતાની જાતને તથા અન્યને-અનાત્મને મેળવવા માટેનો સંઘર્ષ જાગે છે. અહીં પણ તૃતીય અવસ્થામાં પહોંચવા જતાં જે વિકાસ થાય છે તેમાં મૂળ અવસ્થાનાં તત્ત્વોનું રૂપાંતર સધાય છે અને તેમની એક પૂર્ણતા અને સંવાદિતતા રચાય છે, અને એ નવાં તત્ત્વો મૂળ તત્ત્વોનાં વિરોધી દેખાય છે ત્યારે પણ તેમાં એ તત્ત્વોની પુનરાવૃત્તિ થતી રહે છે. અન્ય સાથેના સહયોગ અને પ્રેમ દ્વારા એક એવું જ્ઞાન પ્રગટે છે કે, આ જે અનાત્મ છે, આપણાથી ભિન્ન એવું તત્ત્વ છે તે આપણું પોતાનું એક બૃહત્ રૂપ છે અને તેથી પછી તેના નિયમને તથા તેની આવશ્યકતાને વશ થવાનું સભાન રીતે સ્વીકારવામાં આવે છે અને એમ થતાં સમૂહ જીવનમાં વ્યક્તિને પોતામાં સમાવી લેવાની વૃત્તિ વધતી જતી હોય છે, તે વૃત્તિની સફળતા સધાય છે. તો વળી વ્યક્તિમાં

આથી ઊલટી વૃત્તિ કામ કરતી હોય છે, અને એ વૃત્તિ પણ તૃપ્ત થાય છે, અને એમાં વ્યક્તિ અન્યનું જીવન તે તેનું પોતાનું જીવન હોય એ રીતે એ જીવનને પ્રાપ્ત કરી લે છે, અન્યના જીવનને જે કાંઈ આપવાનું હોય છે તે તેનું પોતાનું જ છે એ રીતે એ વસ્તુઓને પ્રાપ્ત કરી લે છે. વળી વ્યક્તિ અને જે જગતમાં વ્યક્તિ રહે છે તે જગત વચ્ચેનો પરસ્પરતાનો જે સંબંધ છે તે સંબંધ પણ, જ્યાં સુધી વ્યક્તિ અને વ્યક્તિ વચ્ચે તથા સમૂહ અને સમૂહ વચ્ચે એ જ રીતનો પરસ્પરતાનો સંબંધ સ્થાપિત નથી થતો ત્યાં સુધી વ્યક્ત થઈ શકતો નથી કે સંપૂર્ણ કે સુદૃઢ બની શકતો નથી. જડતત્ત્વમાં આવી રહેલા જીવનના પાયામાં જ આપણને બે વિરોધી તત્ત્વો પ્રત્યક્ષ થાય છે, એ છે આત્મ સંસ્થાપના અને સ્વતંત્રતા માટેની વૃત્તિ. મનુષ્યે આ બે વૃત્તિઓની વચ્ચે સંવાદિતતા સાધવાને માટે, તેમની એક સંવાદમય સમતુલા માટે, ન્યાય અને સમાનતા માટે જે જે ઘણા વિકટ પ્રયત્નો કરેલા છે તે ખરેખરી રીતે તો પ્રકૃતિનો જે મૂળ પ્રશ્ન છે, જીવનનો પોતાનો જ જે ખુદ પ્રશ્ન છે તે પ્રશ્નનો એ બે વૃત્તિઓ વચ્ચેના સંઘર્ષને ઓગાળીને ઉકેલ લાવવા માટેનો પ્રયત્ન છે. અને એ પ્રયત્નની દિશા અનિવાર્યપણે પહેલેથી નક્કી થઈ ચૂકેલી છે. આ બે વિરોધી તત્ત્વો વચ્ચેની સંવાદિતતા સધાતા માણસ સહયોગ દ્વારા, અને પ્રેમ કિંવા બંધુતા, બિરાદરી, કે જેમાં માણસ અન્યને પોતાની જાત આપતો રહે છે તે દ્વારા પોતાની જાતને પ્રાપ્ત કરી લે છે, એ તત્વોની સંવાદમય સમતુલા મેળવીને ન્યાય અને સમાનતાની સ્થાપના કરીને માણસ એ બે વિરોધી તત્ત્વોનું સમતોલપણું રચે છે. આ ઉકેલ માટેનો પ્રયત્ન મન રૂપી ઉર્ધ્વ તત્વ દ્વારા થતો રહે છે. મનનું આ ઉર્ધ્વ તત્વ જ પેલી નિર્ધારેલી સંવાદિતતા પ્રત્યેનો માર્ગ શોધી કાઢી શકે છે, જોકે એ સંવાદિતતા પોતે તો આપણાથી હજી પર રહેલી એક મહાશક્તિમાં જ માત્ર મળી શકે તેમ છે.

કારણ કે, આપણે જે હકીકતો લઈને વિચારનો આરંભ કર્યો છે તે જો સાચી હોય તો, આ રસ્તાને અંતે પહોંચવાનું કાર્ય, લક્ષ્યની પોતાની સિદ્ધિ મન પોતે પોતાથી પર થઈને, મનથી પર એવી જે વસ્તુ આવી રહેલી છે તેમાં પહોંચે તો જ સિદ્ધ થઈ શકે તેમ છે. કેમકે મન પોતે એ પેલા तत् નું એક માત્ર નીચેની કોટિનું તત્ત્વ છે તેમ જ પ્રથમ તો તે રૂપ અને વ્યક્તિમાં ઊતરવા માટેનું કરણ છે અને બીજું તે આ રૂપ જે વાસ્તવિકતાને પોતામાં દેહબદ્ધ કરે છે તથા આ વ્યક્તિતા જે વાસ્તવિકતાની પ્રતિનિધિ રૂપે રહેલી છે તે વાસ્તવિકતામાં પાછું આરોહણ કરવા માટેનું

કરણ છે. એટલે પછી જીવનના પ્રશ્નનો સંપૂર્ણ ઉકેલ પ્રેમ દ્વારા રચાતા સહયોગ, આંતર વિનિમય અને અનુકૂલનો દ્વારા જ માત્ર થવાનો નથી કે પછી માત્ર મનના તથા હૃદયના નિયમ દ્વારા જ થવાનો નથી. એ ઉકેલ જીવનની એક ચતુર્થ અવસ્થા દ્વારા બની આવવો જોઈશે. એ ચતુર્થ અવસ્થામાં જગતના બહુતત્વોની શાશ્વત એકતા આત્મા દ્વારા સિદ્ધ થાય છે. અને જીવનની સર્વ ક્રિયાઓનો સભાન રીતે રચાતો પાયો પછી શરીરના ભેદોની અંદર નંખાતો નથી, યા તો પ્રાણતત્ત્વના આવેગો અને ક્ષુધાઓમાં મંડાતો નથી, કે પછી મને રચેલાં જૂથોમાં અને અપૂર્ણ સંવાદિતતાઓમાં મંડાતો નથી અથવા તો આ સર્વને ભેગાં કરીને તેમાં મંડાતો નથી, એ પાયો આત્માની એકતા અને સ્વતંત્રતામાં મંડાય છે.

પ્રકરણ ૨૨

જીવનનો પ્રશ્ન

तस्मात् सर्वायुषमुच्यते इति ।

तैत्तिरीय उपनिषद् २.३

ईश्वरः सर्वभूतानां हृद्देशे..... तिष्ठति
भ्रामयन् सर्वभूतानि यन्त्रारुढानि मायया ।

गीता १८.६१

सत्यं ज्ञानमनन्तं ब्रह्म। यो वेद
सोऽश्नुते सर्वान् कामान् सह ब्रह्मणा विपश्चिता ।

तैत्तिरीय उपनिषद २.१

જેને વિશ્વરૂપ જીવન કહેવામાં આવે છે તે આ છે.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૩

ઈશ્વર પ્રાણીમાત્રનાં હૃદયમાં બેઠેલા છે, અને સર્વ પ્રાણીઓને પોતાની માયા દ્વારા યંત્ર ઉપર આરૂઢ કરીને ભમાવી રહ્યા છે.

ગીતા ૧૮.૬૧

સત્ય,જ્ઞાન અને અનંત કે જે બ્રહ્મ છે તેને જે જાણે છે તે સર્વજ્ઞાનરૂપ એવા બ્રહ્મની સાથે રહીને કામનાના સર્વ પદાર્થોનો આનંદ પ્રાપ્ત કરે છે.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૧

આપણે જોઈ ગયા કે જીવન એ તો વિશ્વના અમુક સંયોગો હેઠળ બની આવેલો એક સચેતન શક્તિનો પ્રાદુર્ભાવ છે. આ સચેતન શક્તિનું પોતાનું સ્વરૂપ અનંત છે, અનન્ય નિરપેક્ષ, અક્ષુબ્ધ છે, તે પોતાના એકત્વ અને આનંદથી અવિચ્છેદ્ય રીતે સુસંપન્ન છે, એ સચ્ચિદાનંદની સચિત્ શક્તિ છે. વિશ્વરૂપે ચાલી રહેલી આ પ્રક્રિયાના કેન્દ્ર તરીકે રહેલી પરિસ્થિતિ તે અવિદ્યાથી ઢંકાયેલા એવા મનની ભેદકારક શક્તિ છે. આ

મન તેના આભાસોમાં અનંત સત્ તત્ત્વના વિશુદ્ધ રૂપથી તથા અવિભક્ત એવી શક્તિના આત્મ-પ્રભુત્વથી અમુક પ્રમાણમાં જુદું પડે છે, અને એ જેટલા પ્રમાણમાં જુદું પડે છે તેટલા પ્રમાણમાં તે વિશ્વ માટેની પરિસ્થિતિ બની રહે છે. આમ આ વિશ્વ તે એક અવિભક્ત શક્તિનું ભેદરૂપ કર્મ બનેલું છે અને એ કર્મમાંથી પછી દ્વંદ્વો અને વિરોધોનો આભાસ જન્મે છે, સચ્ચિદાનંદના સ્વરૂપના દેખીતા ઈનકારો જન્મે છે. મનને માટે તો આ આભાસો અને ઈનકારો એક કાયમની વાસ્તવિકતા જેવા છે, પરંતુ મનની જવનિકા પાછળ ગુપ્ત રીતે બેઠેલી દિવ્ય વિશ્વરૂપ ચેતનાને માટે તો એ આભાસો એક બહુવિધ વાસ્તવિકતાને ખોટી રીતે રજૂ કરતી ઘટના જેવા છે. આને લીધે પછી જગત એ પરસ્પર વિરોધી એવાં સત્યોના સંઘર્ષનો દેખાવ ધારણ કરે છે, એ દરેક વિરોધી સત્ય પોતાની જાતને સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતું રહે છે, એ દરેક સત્યને સિદ્ધ બનવા માટેનો હક્ક પણ રહેલો છે અને એમાંથી પછી પ્રશ્નો અને અગમ્યતાઓનો એક મોટો થોક ઊભો થાય છે, અને એ બધાંનો ઉકેલ લાવવાનો રહે છે, કેમકે આ બધા ગોટાળા પાછળ તો પેલું ગુપ્ત સત્ય અને એકત્વ આવી રહેલાં છે અને તે ઉકેલ માટે અને એ ઉકેલ દ્વારા પોતાનો ખુલ્લો અનાવરિત આવિર્ભાવ સાધવા માટે દબાણ કરી રહેલાં છે.

આ ઉકેલ મને પોતે શોધવાનો રહે છે, પણ તે એકલા મને જ નહિ; એ ઉકેલ જીવનમાં પણ બનવો જોઈએ, જીવનની જે ક્રિયા ચાલી રહી છે તેમાં તેમ જ જીવનની જે ચેતના રહેલી છે તેમાં પણ બનવો જોઈએ. ચેતનાએ શક્તિ તરીકે પ્રવર્તીને આ જગત-પ્રવાહ અને તેના પ્રશ્નો સર્જેલા છે; તો એ શક્તિરૂપ ચેતનાએ જ પોતે સર્જેલા પ્રશ્નોનો ઉકેલ શોધવાનો રહે છે અને જગત-પ્રવાહને એ પ્રવાહમાં જે ગુપ્ત અર્થ તથા જે વિકાસ પામતું સત્ય રહેલાં છે તેની અનિવાર્ય સિદ્ધિ પ્રત્યે લઈ જવાનો રહે છે. પરંતુ આ જીવને એક પછી એક ત્રણ આભાસો ધારણ કરેલા છેઃ એમાં પ્રથમ આભાસ તે જડતત્ત્વનો છે, -એક નિમજ્જિત બનેલી ચેતના સપાટી ઉપરની તેની પોતાની જ અભિવ્યક્તિકારક ક્રિયામાં તથા તેનાં શક્તિનાં પ્રતિનિધિ રૂપોમાં છુપાઈ ગયેલી છે, કેમકે ક્રિયાની અંદર ચેતના દૃષ્ટિથી બહાર ચાલી જાય છે તેમ જ રૂપની અંદર તો તે લુપ્ત જ થઈ જાય છે. બીજો આભાસ તે પ્રાણનો છે,-એક ઉત્થાન પામી રહેલી ચેતના જીવનની શક્તિ તરીકે અને વૃદ્ધિની પ્રક્રિયા તરીકે, પ્રવૃત્તિ તરીકે તથા રૂપના ક્ષય તરીકે અર્ધ-દૃશ્ય બનેલી છે. એ તેના મૂળ કારાવાસમાંથી અર્ધ-મુક્ત બનેલી છે, પ્રાણની ઝંખના રૂપે

તથા પ્રાણની તૃપ્તિ કે ઘૃણા રૂપે તે શક્તિમાં રણઝણતી બની છે, પરંતુ તેના પોતાના સ્વ-અસ્તિત્વના અને તેની પરિસ્થિતિના જ્ઞાન રૂપે તે પ્રકાશમાં પ્રથમ તો જરા પણ રણઝણી નથી, પણ પછીથી માત્ર અપૂર્ણ રીતે જ રણઝણેલી છે. ત્રીજો આભાસ તે મનનો છે,-એક ઉન્મજ્જન સાધેલી ચેતના જીવનરૂપી જે હકીકત છે તેનું મનોમય અર્થ તરીકે તથા પ્રત્યુત્તર આપતી દૃષ્ટિ રૂપે તથા વિચાર રૂપે પ્રતિબિંબ રજૂ કરે છે, અને સાથે સાથે નવા વિચારનું રૂપ લઈ તે જીવનની હકીકત બનવાનો પ્રયત્ન કરે છે, જીવનનું જે આંતરિક તત્ત્વ છે તેને તે હળવો ઘાટ આપે છે અને જે બાહ્ય તત્ત્વ છે તેને સાનુકૂળ રીતે હળવું કરવાનો પ્રયત્ન કરે છે. અહીં મનમાં, ચેતના તેની પોતાની શક્તિની ક્રિયા અને રૂપમાં જે બદ્ધ થઈ ગઈ હતી તે બદ્ધતામાંથી મુક્ત બને છે, પરંતુ તે ક્રિયા અને રૂપ ઉપર તેને હજી પ્રભુત્વ મળેલું નથી હોતું; કારણ કે એ એક વ્યક્તિરૂપ ચેતના તરીકે ઉન્મજ્જન પામેલી છે, અને તેથી, એની પોતાની સર્વ પ્રવૃત્તિઓના માત્ર અમુક અંશ રૂપ એવી ક્રિયા વિષે જ સભાન બનેલી છે.

માનવ જીવનના કોયડાનું સારુંયે મૂળ અને મુશ્કેલી અહીં રહેલાં છે. માણસ તે આ મનોમય સ્વરૂપે બનેલો છે, આ મનોમય ચેતના મનોમય શક્તિ તરીકે કામ કરી રહેલી છે, માણસ પોતે જે વિશ્વરૂપ શક્તિ અને જીવનનો એક ભાગ છે તેને વિષે અમુક રીતે સભાન છે, પરંતુ તેને જીવનની વિશ્વરૂપતાનું જ્ઞાન છે નહિ, અથવા તો તેના પોતાના સ્વરૂપની સમગ્રતાનું પણ ભાન છે નહિ, એટલે તે આખાયે જીવન સાથે અથવા તો તેના પોતાના જીવન સાથે પ્રભુત્વની એક સાચેસાચ અસરકારક અને વિજયશીલ ક્રિયા રૂપે કામ લઈ શકતો નથી. તે સ્થૂલ જડતત્ત્વની પરિસ્થિતિનો સ્વામી બનવા માટે જડતત્ત્વનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે, પ્રાણમય જીવનના સ્વામી બનવા માટે તે જીવનને જાણવાનો પ્રયત્ન કરે છે, મનોમયતાની એ મહાન અંધકારમય ક્રિયાનો સ્વામી બનવાને માટે તે મનને જાણવાનો પ્રયત્ન કરે છે, અને આ મનોમયતામાં તે, પ્રાણીની માફક, આત્મ-સભાનતાના પ્રકાશની એક ધારા રૂપે જ માત્ર રહેલો નથી, પરંતુ તે વધતા જતા જ્ઞાનની એક જ્વાલા રૂપે પણ વધુ ને વધુ બનતો રહેલો છે. આ રીતે માણસ પોતાનો સ્વામી બનવા માટે પોતાને જાણવાનો પ્રયત્ન કરે છે, જગતનો સ્વામી બનવા માટે તે જગતને જાણવાનો પ્રયત્ન કરે છે. તેનામાં રહેલા પરમ સત્ તત્ત્વની પ્રેરણા આ પ્રમાણેની છે, એનું જીવન જે પરમ શક્તિ રૂપે છે

તેનો ધક્કો આ પ્રમાણેનો છે, અને આ જગત કે જેમાં સચ્ચિદાનંદ પ્રભુ પોતાને અભિવ્યક્ત કરી રહ્યા છે અને છતાં પોતાનો ઇનકાર કરતા હોય તેમ લાગે છે એ જગતમાં વ્યક્તિ તરીકે દેખા દેતા એ સચ્ચિદાનંદનો ગુપ્ત સંકલ્પ આ પ્રમાણેનો છે. તો આ આંતરિક પ્રેરણા જે પરિસ્થિતિઓ હેઠળ તૃપ્ત થાય તેમ હોય તે પરિસ્થિતિઓ કેવી રીતે મેળવવી એ પ્રશ્નનો ઉકેલ શોધવા માટે માણસે હંમેશા ઝૂઝવાનું રહે છે. માણસનું પોતાનું અસ્તિત્વ જે રીતનું છે તે તેમ જ તેની ભીતરમાં બેઠેલા ઈશ્વર, એ બંને તેને આ ઉકેલ શોધવા માટે ફરજ પાડી રહ્યાં છે. અને જ્યાં સુધી આ પ્રશ્નનો ઉકેલ આવશે નહિ, આ પ્રેરણા તૃપ્ત થશે નહિ, ત્યાં સુધી માનવજાતિ પોતાના પુરુષાર્થમાંથી અટકી જઈ શકે તેમ નથી. માણસે કાં તો તેની ભીતરમાં બેઠેલા પ્રભુને તૃપ્ત કરવાના છે અથવા તો તેણે પોતાની અંદરથી એક નૂતન અને વધુ મહાન સ્વરૂપ ઉત્પન્ન કરવાનું છે કે જે પેલી પ્રેરણાને તૃપ્ત કરવા માટે વધુ સમર્થ હોય. એણે કાં તો પોતે એક દિવ્ય માનવતા બની રહેવાનું છે અથવા તો પરમ માનવને માટે જગા કરી આપવાની છે.

જગત જે રીતે ગોઠવાયેલું છે તેમાંથી જ આ વસ્તુ ફલિત થાય છે, માણસની મનોમય ચેતના તે જડતત્ત્વની અંધકારમય દશામાંથી પૂરેપૂરી બહાર આવી ગયેલી એવી સંપૂર્ણ પ્રકાશમય ચેતના નથી, પણ પેલા મહાન ઉન્મજ્જનની ક્રિયામાં બની આવેલી એક પ્રગતિમય વસ્તુ છે. વિકાસની રીતે ચાલતી આ સૃષ્ટિમાં માનવે જે દેખા દીધી છે તે સૃષ્ટિની વિકાસરેખા માણસ અત્યારે જ્યાં છે ત્યાં આગળ અટકી જઈ શકે તેમ નથી. એ વિકાસની રેખાએ માણસમાં અત્યારે જે સ્વરૂપ લીધું છે તે સ્વરૂપથી પર ચાલ્યા જવાનું રહે છે અથવા તો માણસમાં પોતામાં જો આગળ જવાની શક્તિ ન હોય તો માણસથી આગળ ચાલ્યા જવાનું રહે છે. જીવનની હકીકત રૂપે બની રહેવાનો પ્રયત્ન કરતા રહેલા મનોમય વિચારે આગળ વધ્યે જ જવાનું છે અને એમ વધતાં વધતાં અસ્તિત્વના આખાયે સત્ય રૂપે બની રહેવાનું છે, અને એમ થતાં તેણે તેના ઉપર એક પછી એક વીંટળાયેલાં આવરણોમાંથી પોતાની જાતને મુક્ત કરી લેવાની છે, એ વિચારે પોતાને ચેતનાના પ્રકાશમાં પ્રગટ કરવાનો છે અને ક્રમે ક્રમે સિદ્ધ કરવાનો છે તથા શક્તિની અંદર પોતાને આનંદમય રીતે સિદ્ધ કરવાનો છેઃ કેમકે સત્ તત્ત્વ પોતાનો આવિર્ભાવ શક્તિ અને પ્રકાશનાં આ બે તત્ત્વો રૂપે સાધે છે, કારણ કે સત્ તત્ત્વ પોતે જ ચેતના અને

પરંતુ આ જુદી જુદી દુનિયાઓ આપણા અનુભવને માટે રચાયેલાં ચોકઠાં જ છે અને આપણી ઇન્દ્રિયો તે અનુભવ લેવા અને સગવડ માટેનાં ફક્ત કરણો જ છે. ચેતના જ વિરાટ સાક્ષી હોઈ જગત તેનું ક્ષેત્ર છે ને ઇન્દ્રિયો તેનાં કરણો છે. એ ચેતના રૂપી સાક્ષી વડે જ જગત અને તેના પદાર્થો વાસ્તવિક લાગે છે, પછી તે એક દુનિયા માટે હો કે અનેકને માટે. કારણ કે ચેતના સિવાય બીજું એક પણ એવું સાધન આપણી પાસે નથી કે જે આ બધી વસ્તુઓની હયાતી પુરવાર કરી શકે. કેટલીક વાર એવી દલીલ રજૂ કરવામાં આવે છે કે ચેતનાનો આ જાતનો સંબંધ માનવજાતિ અને પાર્થિવ જગત પ્રત્યે તેના દૃષ્ટિબિંદુને લઈને ખાસ ઉત્પન્ન થયેલો નથી, પરંતુ અસ્તિત્વનો પોતાનો જ એ ગુણ છે. દૃશ્ય જીવન બે ભાગોનું બનેલું હોય છેઃ એક સાક્ષીભૂત ચેતના અને ક્રિયાત્મક વસ્તુતા, અન્ય દૃશ્યજગતની ક્રિયા સાક્ષીભૂત ચેતના વગર ચાલી શકતી નથી, કારણ કે સમસ્ત વિશ્વ દૃશ્યરૂપ ચેતનાની અંદર છે યા તો તેને જ ખાતર જીવન ધારણ કરે છે અને ચેતનાથી સ્વતંત્ર હોય તેવી વિશ્વની વાસ્તવિકતા છે જ નહિ. આના જવાબમાં એવી દલીલ આપવામાં આવે છે કે પાર્થિવ જગત સનાતન કાળથી સ્વયંભૂ જ છે; પ્રાણ અને મને આ પૃથ્વી ઉપર દેખા દીધી તે પહેલાંયે પાર્થિવ જગત હતું. મન અને જીવનના વિલોપ પછી પણ તેનું અસ્તિત્વ રહેશે. અને મન અને પ્રાણ તેમના ક્ષણભંગુર પ્રયત્નો અને મર્યાદિત વિચારો વડે આપણી સૂર્યમાળાના અનંત સૂર્યોની સનાતન અને અચેતન સૂરતામાં ભંગ પાડતાં મટી જશે ત્યારે પણ એ સ્થૂલ, પાર્થિવ જગત તો હશે. આ દેખીતો તાત્ત્વિક તફાવત હકીકતની દૃષ્ટિએ ઘણો જ અગત્યનો છે, કારણ કે તે માણસજાતનું જીવન પ્રત્યેનું આખુંયે દૃષ્ટિબિંદુ નક્કી કરે છે. એ દૃષ્ટિબિંદુના ઉપર તેની શક્તિના કાર્યક્ષેત્રનો અને તેના પ્રયાસની દિશાનો આધાર રહેલો છે. કારણ કે આ રીતે વિશ્વની વાસ્તવિકતાનો આખોયે સવાલ ઊભો થાય છે, અને તેથી વધારે જરૂરનો, માનવ, જીવનના મૂલ્યનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે.

જો આપણે જડવાદીના નિર્ણયને વધુ ને વધુ ચીવટથી તપાસીશું તો આપણને વ્યક્તિના તથા માનવજાતના જીવનની નિર્જીવતા તથા અવાસ્તવિકતા દેખાશે. અને એ રીતે તર્કની દૃષ્ટિએ જોતાં આપણી પાસે નીચે જણાવેલા બે રસ્તાઓમાંથી એકની પસંદગી રહેશે. ચાહે તો વ્યક્તિએ કેવળ વ્યક્તિગત જીવન ગાળવું અને ક્ષણિક જીવનમાંથી બને તે લાભો ઝૂંટવી લેવા માટે સતત અશાંત પ્રયત્નો કર્યા જ કરવા, યા તો વ્યક્તિની તથા માનવજાતની

શક્તિનું બનેલું છે. પરંતુ આ તત્ત્વો, સત્ તત્ત્વનાં આ બે ઘટકો એક ત્રીજા તત્ત્વમાં ભેગાં મળે છે, તેમાં એકરૂપ થઈ જાય છે અને આખરે જતાં તેમાં પોતાની ચરિતાર્થતા સાધે છે, અને એ તત્ત્વ છે અસ્તિત્વનો સંતૃપ્તિમય એવો આનંદ. વિકાસ પામી રહેલા આપણા જીવન જેવા એક જીવન માટે આ અંતિમ અવસ્થા તો અનિવાર્ય રીતે આવવાની જ છે, અને એ અવસ્થાનો અર્થ એટલો જ હશે કે આપણે આપણા આત્માને પ્રાપ્ત કરીશું. આ આત્મા એના પોતાના જન્મનું જે બીજ હતું તે બીજમાં જ આવી રહેલો હતો અને આપણને જ્યારે આ આત્મ-પ્રાપ્તિ થશે ત્યારે જે સચિત્-શક્તિમાંથી આ જીવન ઉદય પામેલું છે તે શક્તિની ગતિમાં જે જે શક્યતાઓ મૂકવામાં આવેલી છે તે બધી શક્યતાઓ પૂરેપૂરી સિદ્ધ બની રહેશે. આ રીતે આપણા માનવ જીવનમાં જે શક્યતા મૂકવામાં આવેલી છે તે પરમ સચ્ચિદાનંદ પોતે જ છે. એ સચ્ચિદાનંદ પ્રભુ વ્યક્તિનું જીવન અને વિશ્વરૂપ જીવન એ બેની વચ્ચે અમુક રીતની સંવાદિતતા અને અદ્વૈતમાં પોતાને સિદ્ધ કરે છે અને એમાંથી પછી માનવજાતિ એક સર્વસામાન્ય ચેતનામાં, શક્તિની એક સર્વસામાન્ય ગતિમાં, સર્વસામાન્ય આનંદમાં પેલા પરાત્પર એવા 'કોઈક'ને, વસ્તુઓના આ ઢાળમાં પોતાની જાતને ઢોળી દેનાર એ તત્ત્વને વ્યક્ત કરી આપશે.

આખુંયે જીવન તેની અંદર જે પ્રકારની ચેતના રહેલી હોય છે તે ચેતનાની મૂળ અવસ્થા મુજબ પોતાનો ઘાટ લેતું રહે છે, કેમકે ચેતના જે પ્રકારની હોય છે તે પ્રમાણે ત્યાં શક્તિ બનતી હોય છે. ચેતના જ્યાં અનંત હોય છે, એકરૂપ હોય છે, પોતાની ક્રિયાઓ અને રૂપોને પોતાની બાથમાં લેતી હોય, તેમની અંદર નિવાસ કરતી હોય, અને સંગઠિત કરતી હોય અને સાકાર કરતી હોય, સચ્ચિદાનંદની ચેતના આવી હોય છે તે પ્રમાણેની તે જો હોય છે, તો ત્યાં આગળ શક્તિ પણ એવી જ હશે, એ શક્તિનું ક્ષેત્ર અનંત હશે, પોતાનાં કાર્યોમાં તે એકરૂપ હશે, પોતાની શક્તિ અને આત્મજ્ઞાનમાં તે પરાત્પર હશે, ચેતના જ્યાં સ્થૂલ જડાત્મક પ્રકૃતિના જેવી હોય છે, નિમજ્જિત થઈ ગયેલી, પોતાની જાતને ભૂલી ગયેલી હોય છે, પોતાની શક્તિના વહેણમાં, એ વહેણને પોતે જાણતી હોય એવું દેખાવા દીધા વિના, ધકેલાયે જતી હોય છે, જોકે આમ તો ચેતના અને શક્તિનાં આ બે તત્ત્વો વચ્ચે રહેલા શાશ્વત સંબંધનું સ્વરૂપ જ એવું છે કે જે પ્રવાહ શક્તિને ધકેલતો હોય છે તે પ્રવાહને શક્તિ પોતે જ ઘડતી હોય છે, તો ત્યાં શક્તિ પણ એ જ પ્રમાણેની હશેઃ એ શક્તિ પેલા પરમ નિષ્ક્રિય અને અચિત્ તત્ત્વની એક

રાક્ષસી ગતિ જેવી બનશે, પોતામાં એ શું ધારણ કરે છે તેનું તેને ભાન નહિ હોય, એક પ્રકારના અનિવાર્ય એવા અકસ્માતની રીતે, એક અનિવાર્ય રીતે સુખપૂર્ણ એવી આકસ્મિક ઘટના દ્વારા તે પોતાને સિદ્ધ કરતી હોય છે, જો કે આ બધા દરમિયાન તે આમ તો તેની પોતાની ક્રિયામાં ગુપ્ત રીતે છુપાઈ રહેલા પરમ સચિત્-સત્ તત્ત્વના સંકલ્પ દ્વારા તેને માટે નક્કી થયેલા ઋત અને સત્યના નિયમને જ સાચેસાચ અણિશુદ્ધ રીતે તાબે થતી હોય છે. જ્યાં આગળ ચેતના, મનમાં હોય છે તેમ, પોતાની અંદર જ વહેંચાયેલી હોય છે, પોતાની જાતને જુદાં જુદાં કેન્દ્રોમાં પરિસીમિત કરતી હોય છે, એ દરેક કેન્દ્રને, તે કેન્દ્ર બીજાં કેન્દ્રોમાં શું રહેલું છે તથા બીજાં કેન્દ્રો સાથે તેને પોતાને શો સંબંધ છે તે જાણતું ન હોય તેવી સ્થિતિમાં, પોતાની જાતને સિદ્ધ કરવાનું કામ સોંપતી રહે છે, વસ્તુઓ અને શક્તિઓને તેમની સાચી એકતામાં નહિ પણ તેના દેખીતા ભેદની અંદર તથા એકબીજા સામેના વિરોધની સ્થિતિમાં જ જાણતી હોય છે, ત્યાં શક્તિ પણ એ પ્રમાણેની રહેશેઃ એ જીવન તે આપણે જે રીતનું જીવન બનેલા છીએ અને આપણી આસપાસ જે જીવન જોઈએ છીએ તેના જેવું જીવન હશે. એમાં વ્યક્તિગત જીવનોની અથડાઅથડી હશે તેમ જ એ જીવનો એકબીજામાં પરોવાઈ જતાં હશે, એ દરેક જીવન બીજાં જીવનો સાથે પોતાનો સંબંધ જાણ્યા વિના પોતાની ચરિતાર્થતા સાધવાનો પ્રયત્ન કરતું હશે, એ જીવન વહેંચાયેલી અને સામસામી રહેલી અથવા તો એકબીજાથી ભિન્ન એવી શક્તિઓની એક અથડાઅથડી રૂપે હશે તથા તેમની વચ્ચે મુશ્કેલીથી અનુકૂળતા મેળવતું હશે. અને એ જીવનના માનસમાં વહેંચાયેલા અને સામસામા ગોઠવાયેલા કે જુદી જુદી દિશામાં જતા વિચારોનું મિશ્રણ બનેલું હશે, એમના આઘાત પ્રત્યાઘાત, કુસ્તી ચાલતાં હશે, તથા તેમનાં અસ્થિર જોડાણો બનેલાં હશે. એ વિચારો એકબીજાને પરસ્પરની આવશ્યકતા કેવી રહેલી છે તેના જ્ઞાનમાં પહોંચી શકતા નથી. અથવા તો તેમની પાછળ જે એકતા રહેલી છે અને જે તેમની દ્વારા વ્યક્ત થઈ રહેલી છે અને જેમાં તેમના વિસંવાદોનો અંત આવવો જરૂરી છે તે એકતાનાં તત્ત્વો તરીકેનું તેમનું સ્થાન તે સમજી શકતા નથી. પરંતુ જ્યાં ચેતના વિવિધતા અને એકતા બંનેને ધારણ કરતી હોય છે અને એકતા વિવિધતાને પોતામાં ધારણ કરતી હોય છે તથા તેનું નિયમન કરતી હોય છે, જ્યાં ચેતના સર્વમાત્રના નિયમ, સત્ય અને ઋત વિષે તથા વ્યક્તિના નિયમ, સત્ય અને ઋત વિષે એકી સાથે સભાન હોય છે અને જ્યાં સર્વ અને વ્યક્તિ પરસ્પરની

એકતામાં સભાન રીતે સંવાદિતતા સાધતાં હોય છે, જ્યાં આગળ ચેતનાનું આખુંયે સ્વરૂપ એવું હોય છે કે જેમાં અદ્વૈતરૂપ પરમ તત્ત્વ પોતાને 'બહુ' તરીકે જાણતું હોય છે અને બહુ પોતાને 'એક' તરીકે જાણતાં હોય છે, ત્યાં આગળ શક્તિ પણ એ જ પ્રકારની બની રહેશેઃ એ જીવન એવું હશે કે તે એકતાના નિયમને સભાન રૂપે તાબે થતું હશે અને છતાં બહુવિધતામાં રહેલી પ્રત્યેક વસ્તુને તેના પોતાના નિયમ અને કાર્ય પ્રમાણે સિદ્ધ કરી આપતું હશે; એ જીવન એવું હશે કે જ્યાં સર્વ વ્યક્તિઓ એકી સાથે પોતાની અંદર તેમ જ એકબીજાની અંદર અનેક આત્માઓમાં રહેલા એક જ સભાન પરમ સત્‌તત્ત્વ તરીકે જીવતી હશે, અનેક મનોમાં રહેલી ચેતનાની એકમાત્ર શક્તિ તરીકે, અનેક જીવનોમાં કામ કરતી શક્તિના એકમાત્ર આનંદ તરીકે, અનેક હૃદયો અને શરીરોમાં પોતાને સિદ્ધ કરતા આનંદની એકમાત્ર વાસ્તવિકતા તરીકે જીવતી હશે.

આ ચાર અવસ્થાઓમાંની પહેલી અવસ્થા, ચેતના અને શક્તિ વચ્ચેના આ બધા ક્રમિક પ્રગતિમાન સંબંધનું આ જ મૂળ, તે એ ચેતના અને શક્તિની સચ્ચિદાનંદના સ્વરૂપમાં રહેલી જે સ્થિતિ છે તે છે, એ સચ્ચિદાનંદમાં ચેતના અને શક્તિ એક જ રૂપનાં છે; કારણ કે ત્યાં શક્તિ તે સત્ તત્ત્વની જ ચેતના છે અને એ ચેતના રૂપે કદી પણ મટી ગયા વિના પોતાનું કાર્ય સાધતી રહે છે અને એ જ રીતે ત્યાં ચેતના તે સત્‌તત્ત્વની જ તેજોમય શક્તિ છે ને તે પોતાને વિશે તથા પોતાના આનંદ વિષે શાશ્વત રીતે સભાન હોય છે અને પૂર્ણ પ્રકાશ અને આત્મ-સ્વામિત્વની આ શક્તિ તરીકે તે કદી બંધ થઈ જતી નથી. બીજો સંબંધ તે સ્થૂલ પ્રકૃતિનો સંબંધ છે, એ સત્ તત્ત્વની સ્થૂલ વિશ્વમાં રહેલી સ્થિતિ છે અને આ સ્થૂલ વિશ્વ તે સચ્ચિદાનંદે પોતે પોતાનો જે મહાન ઈનકાર કરેલો છે તે છેઃ કેમકે અહીં તો શક્તિનું ચેતનાથી દેખીતી રીતે પૂરેપૂરું વિચ્છેદન થઈ ગયેલું છે, અહીં તો સર્વ-શાસક અને અફર એવા અચિત્ તત્ત્વનો મહા ભવ્ય ચમત્કાર બની આવેલો છે, એ અચિત માત્ર એક મહોરું જ છે પરંતુ અર્વાચીન વિદ્યાએ તેને વિશ્વરૂપ પરમાત્માના સાચા ચહેરા તરીકે માની લીધું છે. ત્રીજો સંબંધ તે સત્ તત્ત્વે મનમાં અને જીવનમાં ધારણ કરેલી સ્થિતિ છે. આપણે આ જીવનને પેલા ઈનકારમાંથી ઉપર નીકળી આવતું જોઈએ છીએ, એ ઈનકારને લીધે આ જીવન મહા ગભરાઈ ગયેલું છે, સ્થૂલ વિશ્વના સર્વશક્તિમાન અચિત્ તત્ત્વમાંથી નીકળી આવેલા અર્ધ-શક્તિમાન સભાન સ્વરૂપના બનેલા મનુષ્યનો આ જે મૂંઝવી નાખે તેવો આવિર્ભાવ બની આવ્યો છે એ

આવિર્ભાવમાં અનુસ્યૂત રહેલા એક હજારને એક પ્રશ્નોની સામે તે ઝૂઝી રહેલું છે,- અને એમાં એ જીવન નમતું આપી દે તોપણ એ પ્રશ્નો બંધ થઈ જવાની શક્યતા રહેલી નથી તો વળી તેને એક વિજયી બને તેવો ઉકેલ સાધવા માટેનું કોઈ સ્પષ્ટ જ્ઞાન કે સહજપ્રેરણા પણ મળેલાં નથી. ચોથો સંબંધ તે સત્તત્ત્વની અતિમનસમાં રહેલી સ્થિતિ છેઃ એ સ્થિતિમાં અસ્તિત્વની પૂર્ણ ચરિતાર્થતા સધાય છે અને પેલા સંપૂર્ણ ઈનકારમાંથી અર્ધોપર્ધો હકાર બહાર આવતાં આ જે સંકુલ પ્રશ્ન ઊભો થયો છે તેનો પણ છેવટે ઉકેલ મળી આવશે, અને આ ઉકેલ તે એ માટેનો જે એકમાત્ર શક્ય રસ્તો છે તે રસ્તેથી જ લાવવો પડશે, એટલે કે તે પેલા મહાન ઈનકારના બુરખા પાછળ વિકાસક્રમની હકીકતમાં જે જે કાંઈ ગુપ્ત રીતે આવી રહેલું હતું, તથા ત્યાં જે જે વસ્તુને સિદ્ધ કરવાનો હેતુ રાખવામાં આવેલો હતો તે સર્વને સિદ્ધ કરીને એક સંપૂર્ણ હકાર રચાવો જોઈશે. એ છે સાચા માનવનું સાચું જીવન અને એ જીવન પ્રત્યે પહોંચવાને આ ખંડરૂપ જીવન અને ખંડરૂપ એવું અસિદ્ધ રહેલું જીવન પ્રયત્ન કરી રહેલું છે. એ પ્રયત્નમાં આપણે આપણી ભીતરમાં આવી રહેલા પેલા કહેવાતા અચિત્માં જે એક સંપૂર્ણ જ્ઞાન અને માર્ગદર્શન રહેલું છે તે દ્વારા ગતિ કરતા હોઈએ છીએ, પરંતુ આપણા સભાન અંશોમાં તો આપણને માત્ર એક ઝાંખું અને માથાકૂટ કરી રહેલું પૂર્વજ્ઞાન જ મદદ રૂપે રહે છે, સાક્ષાત્કારના ટુકડાઓ, આદર્શની ઝાંખીઓ, કવિમાં અને પયગંબરમાં, દ્રષ્ટામાં અને પરાત્પરવાદીમાં, ઋષિમાં અને ચિંતકમાં, માનવજાતિના મહાન બુધ્ધિશાળીઓ અને મહાન આત્માઓમાં લાધતા આવિર્ભાવ અને પ્રેરણાના ઝબકારાઓ માત્ર મદદ રૂપે રહે છે.

આપણી પાસે હવે જે સામગ્રી ભેગી થયેલી છે એમાંથી આપણે હવે એ જોઈ શકીએ છીએ કે માણસમાં તેની મન અને જીવનની વર્તમાન અવસ્થામાં ચેતના અને શક્તિની આ જે અપૂર્ણ અવસ્થા રહેલી છે તેમાંથી ઊભી થતી મુશ્કેલીઓ મુખ્યત્વે ત્રણ છે. પ્રથમ તો, માણસ તેના પોતાના સ્વરૂપના માત્ર એક નાનકડા ભાગ વિષે જ સભાન રહેલો છેઃ એનું જે સપાટી પરનું માનસ છે, સપાટી પરનું જીવન છે, સપાટી પરનું શારીરિક સ્વરૂપ છે એટલું જ તે માત્ર જાણતો હોય છે અને એને પણ તે પૂરેપૂરું જાણતો નથી હોતો. આ સપાટીની નીચે તેના અવચેતન અને પૃષ્ઠસ્થ મનનો ગુહ્ય ઉછાળ આવી રહેલો છે, એની અવચેતન અને પૃષ્ઠસ્થ રીતની જીવન-પ્રેરણાઓ, એની અવચેતન

શારીરિકતા, આમ એનો પોતાનો આ બધે જો વિશાળ અંશ છે કે જેને તે જાણતો નથી તથા જેનું તે નિયંત્રણ કરી શકતો નથી, પણ ઊલટું જે અંશ તેનું નિયંત્રણ કરતો હોય છે તે બધાનો ગુહ્ય ઉછાળ આવી રહેલો છે, કેમકે, સત્ તત્ત્વ અને ચેતના અને શક્તિ એ બધાં આમ તો એકરૂપ રહેલાં છે એટલે, આપણે આત્મ-સભાનતા દ્વારા આપણા અસ્તિત્વના જેટલા અંશ સાથે તદ્રૂપતા પામેલા હોઈએ છીએ તેટલા અંશ ઉપર જ આપણે કાંઈ સાચી શક્તિ ચલાવી શકીએ છીએ; આ સિવાયનો બાકીનો અંશ એની પોતાની ચેતનાથી જ નિયંત્રિત થતો રહેતો હોવો જોઈએ, અને તે ચેતના આપણા સપાટી પરના મન અને જીવન અને શરીરને માટે પૃષ્ઠસ્થ રીતની જ હોય છે. અને છતાં, આ બંને, સપાટી પરની અને પૃષ્ઠસ્થ ચેતના બે જુદી જુદી નહિ પણ એક જ ક્રિયા રૂપે રહેલી હોવાને લીધે, આપણાંમાનો જે ભાગ વધારે મોટો અને સમર્થ હોય તે જ બીજા નાના અને ઓછી શક્તિવાળા અંશ ઉપર સર્વથા નિયંત્રણ કરે અને તેનો ઘાટ નક્કી કરે એમ થતું હોવું જોઈએ. આ રીતે આપણે આપણા સભાન અસ્તિત્વમાં પણ અવચેતન અને પૃષ્ઠસ્થ ચેતના દ્વારા નિયંત્રિત થતા હોઈએ છીએ તથા આપણે જે આત્મ-પ્રભુત્વ મેળવ્યું હોય છે તેમ જ આપણે જે આત્મ-સંચાલન કરતા હોઈએ છીએ ખુદ તેમાં પણ આપણે આપણને જે વસ્તુ આપણી ભીતર અચિત્ રૂપે દેખાય છે તેના માત્ર કરણ રૂપ જ બનેલા હોઈએ છીએ.

પ્રાચીન ચિંતકો જે કહી ગયા છે કે માણસ એવી કલ્પના કરે છે કે પોતે પોતાની સ્વતંત્ર ઈચ્છાશક્તિ દ્વારા કર્મ કરી રહ્યો છે પરંતુ વાસ્તવિક રીતે તો પ્રકૃતિ જ તેનાં સર્વ કર્મોનો નિર્ણય કરતી હોય છે અને જ્ઞાની પુરુષો પણ તેમની પોતાની પ્રકૃતિના દોરાયેલા જ દોરાતા હોય છે તેનો અર્થ આ છે. પરંતુ પ્રકૃતિ તો આપણામાં રહેલ પરમ સત્તત્ત્વ-પ્રભુની ચેતનાની સર્જનશીલ શક્તિ છે, તેમ જ એ પ્રભુ એમની પોતાની ઊલટી ક્રિયા દ્વારા તેમ જ તેમણે પોતાની જાતના દેખીતી રીતે કરેલા ઈનકાર દ્વારા ઢંકાઈ ગયેલા છે, એટલે આ વિદ્વાનોએ પ્રભુની ચેતનાની આ વિપરીતમુખી સર્જનકારક ક્રિયાને પ્રભુની માયા કિંવા ભ્રાંતિ-શક્તિ તરીકે ઓળખાવી છે અને કહ્યું છે કે સર્વ પ્રાણીઓને તેમના હૃદયમાં બેઠેલા પ્રભુ પોતાની માયા દ્વારા યંત્ર ઉપર ચડાવીને ઘુમાવતા હોય તેમ ઘુમાવી રહ્યા છે, એટલે એ વાત તો સ્પષ્ટ છે કે માણસ મનથી પર થઈને જેટલા પ્રમાણમાં પ્રભુની સાથે આત્મ-સભાનતામાં એકરૂપ થઈ શકે તેટલા

પ્રમાણમાં તે તે પોતાના સ્વરૂપનો સ્વામી બની શકે છે. અને આ વસ્તુ, પ્રભુ સાથે એક થવાની આ ક્રિયા, અચેતનમાં રહીને કે ખુદ અવચેતનામાં રહીને થઈ શકે તેવી હોતી નથી, તેમ જ આપણાં ઊંડાણોમાં ડૂબકી મારી પાછા અચિત્‌માં જવાથી કશો લાભ થઈ શકે તેમ નથી, એટલે આપણે અંદરની બાજુએ જ્યાં ભગવાન બેઠેલા છે ત્યાં જઈએ તથા જે વસ્તુ આપણા માટે ઉપરિચેતનની વસ્તુ છે તેમાં જઈએ, અતિમનસમાં જઈએ તો જ આ એકતાને પૂરેપૂરી સ્થાપિત કરી શકીએ છીએ; કેમકે જે વસ્તુ અવચેતનમાં નિમ્ન માયા દ્વારા પેલા ઈનકારની પરિસ્થિતિ હેઠળ, કે જે ઈનકાર હકાર બનવાને મથી રહ્યો છે, કામ કરી રહેલી છે તેનું સભાન જ્ઞાન તો, તેના ઋત અને સત્ય મુજબનું, ઊર્ધ્વ અને દિવ્ય માયામાં આવી રહેલું છે. આ નિમ્ન પ્રકૃતિ તો પેલી ઊર્ધ્વ પ્રકૃતિમાં જે વસ્તુનો સંકલ્પ થયેલો હોય છે અને જણાયેલું હોય છે તેને જ સાકાર કરવાનું કામ કરતી હોય છે. જગતમાં રહેલા દિવ્ય જ્ઞાનની આભાસોનું સર્જન કરનારી, ભ્રાન્તિ-શક્તિનું નિયંત્રણ એ જ દિવ્ય જ્ઞાનની સત્ય-શક્તિ દ્વારા થઈ રહેલું છે. એ દિવ્ય જ્ઞાન આભાસો પાછળના સત્યને જાણતું હોય છે અને એ આભાસો જે હકાર પ્રત્યે જવાને માટે કામ કરી રહેલા છે તે હકારને આપણા માટે તૈયાર રાખતું હોય છે. અહીં આ જે ખંડિત રીતનો અને દેખીતી રીતનો માનવ છે તેને પૂર્ણ અને સાચા એવા માનવનો ભેટો ત્યાં દિવ્ય જ્ઞાનમાં થવાનો છે. એ સાચો માનવ જ પેલા સ્વયંભૂ પરમાત્મા, કે જે તેમના પોતાના જ થઈ રહેલા વિશ્વરૂપી વિકાસના અને પ્રક્રિયાના સર્વજ્ઞ એવા સ્વામી છે, તેમની સાથે પૂર્ણ એકતા પામીને પોતાને વિષે સંપૂર્ણ આત્મ-સભાનતામાં પહોંચી શકે તેવી શક્તિ ધરાવે છે.

બીજી મુશ્કેલી એ છે કે માણસ તેના મનમાં, તેના પ્રાણમાં, તેના શરીરમાં વિશ્વરૂપ તત્ત્વોથી જુદો પડી ગયેલો છે અને તેથી, તે જેવી રીતે પોતાની જાતને જાણતો નથી, તેવી જ રીતે તે પોતાના માનવ-ભાંડુઓને જાણી શકતો નથી, અને એ ભાંડુઓને તો તે પોતા કરતાયે વધારે ઓછાં જાણી શકે છે. બીજા લોકોને વિષે તો તે અનુમાનો દ્વારા, સિદ્ધાંતો દ્વારા, અવલોકનો અને સહાનુભૂતિની અમુક અપૂર્ણ શક્તિ દ્વારા એક કાચું મનોમય ચિત્ર રચતો રહે છે; પરંતુ આ કંઈ જ્ઞાન હોતું નથી. જ્ઞાન તો કેવળ સભાન રીતે સાધેલા તાદાત્મ્ય દ્વારા જ આવી શકે છે, કારણ કે એ જ માત્ર સાચું જ્ઞાન છે-સત્ તત્ત્વ પોતાને વિષે સભાન બનતું હોય છે. આપણે આપણા પોતા વિષે સભાન રીતે જેટલું જાણતા હોઈએ છીએ તેટલા જ પ્રમાણમાં આપણને આપણે પોતે જે છીએ તેનું

જ્ઞાન થાય છે, એ સિવાયનું બીજું બધું સંતાયેલું રહે છે. એવી જ રીતે જે વસ્તુ સાથે આપણે આપણી ચેતનામાં એકરૂપ થઈ શકીએ છીએ તેને જ સાચી રીતે જાણી શકીએ છીએ, પણ જેટલા પ્રમાણમાં આપણે તેની સાથે એકરૂપ થઈએ તેટલા પ્રમાણમાં જ તે બને છે. જ્ઞાનનાં સાધનો જો આડકતરાં અને અપૂર્ણ હોય છે તો તે વડે મેળવાયેલું જ્ઞાન પણ આડકતરું અને અપૂર્ણ હોવાનું, એવા જ્ઞાન વડે આપણે અમુક અસ્થિર કઢંગીપણાની રીતે, પણ છતાં આપણા મનોમય દૃષ્ટિબિંદુથી પૂરતી સંપૂર્ણ રીતે, અમુક મર્યાદિત રીતનાં વ્યવહારુ લક્ષ્યો, આવશ્યકતાઓ સિદ્ધ કરી શકીશું, સગવડો ઊભી કરી શકીશું, આપણે જેને જાણતા હોઈશું તેની સાથે આપણા સંબંધોની અમુક અપૂર્ણ અને અસ્થિર સંવાદિતા મેળવી શકીશું; પરંતુ એ જાણેલી વસ્તુ સાથે આપણે જો સભાન રીતે એકતા કેળવી શકીએ તો જ આપણે એક સંપૂર્ણ સંબંધમાં પહોંચી શકીશું. એટલે આપણા માનવ-બંધુઓ સાથે આપણે એક સભાન એકતામાં પહોંચવાનું રહે છે, આપણે તેમની સાથે પ્રેમ દ્વારા સરજાયેલી સહાનુભૂતિમાં અથવા તો માનસિક જ્ઞાને સરજેલી સમજણમાં પહોંચીએ એટલું માત્ર બસ નથી. બીજાઓને વિષેની આપણને થતી માનસિક સમજણ તો તેમના સપાટી પરના અસ્તિત્વને વિષેનું જ્ઞાન જ હંમેશાં હશે અને એટલે એ પોતે અપૂર્ણ જ્ઞાન જ હશે, અને એ બીજા લોકોમાં તથા આપણામાં રહેલા અવચેતનમાંથી કે પૃષ્ઠસ્થ ચેતનામાંથી જે અજ્ઞાત તેમ જ વશ ન બનેલાં તત્ત્વો ઉપર ધસી આવતાં હશે તેને લીધે તેનો ઇનકાર થવાનો અને નિષ્ફળતા મળવાનો સંભવ રહે છે. પરંતુ બીજાઓ સાથેની આ સભાન એકરૂપતા આપણે તેમની સાથે જે વસ્તુમાં, જે વિશ્વરૂપ તત્ત્વમાં એક રહેલા છીએ તેમાં પ્રવેશ કરીને જ સ્થાપી શકાય તેમ છે. અને આ વિશ્વરૂપ તત્ત્વની પૂર્ણ સભરતા તો આપણે માટે જે તત્ત્વ ઉપરિચેતન છે તેમાં, અતિમાનસમાં જ માત્ર સભાનતાપૂર્વક રહેલી છે. કારણ અહીં આપણા સ્વાભાવિક રૂપમાં તો એ વિશ્વરૂપ તત્ત્વનો મોટો ભાગ અવચેતન રીતનો છે અને તેથી તેને મન, પ્રાણ અને શરીરની આ સ્વાભાવિક સ્થિતિમાં પામી શકાય તેમ હોતું નથી. નિમ્ન પ્રકૃતિ તેની સર્વ પ્રવૃત્તિઓમાં અહંકાર સાથે બંધાયેલી છે, વિભિન્ન બનાવાયેલા વ્યક્તિત્વના થાંભલા સાથે ત્રિવિધપણે જકડી દેવાયેલી છે. કેવળ અતિમનસ જ વિવિધતામાં એકતા રાખવાની શક્તિ ધરાવે છે.

ત્રીજી મુશ્કેલી તે વિકાસ પામી રહેલા સત્તત્ત્વમાં શક્તિ અને ચેતના વચ્ચે

રચાઈ ગયેલા વિચ્છેદની છે. પ્રથમ તો વિકાસક્રમે પોતે જ તેનાં એક પછી એક રચાયેલાં ત્રણ સ્વરૂપોમાં, જડતત્ત્વ, પ્રાણ અને મન, કે જે દરેકનો પોતાનો ક્રિયાનો નિયમ રહેલો છે એ ત્રણમાં વિચ્છેદ રચેલો છે. પ્રાણ તે શરીરની સાથે યુદ્ધમાં મચેલો છે; જીવનની ઈચ્છાઓને, શીઘ્રવૃત્તિઓને તૃપ્ત કરવા માટે, તેના સંતોષો મેળવવા માટે પ્રાણ શરીરને બળજબરીથી કામે લગાડવાનો પ્રયત્ન કરતો રહે છે, એક અમર અને દિવ્ય એવું શરીર જ જે વસ્તુ કરી શકે તેમ હોય છે તે કરવાની શરીરની મર્યાદિત શક્તિ પાસેથી માગણી કરતો રહે છે. અને શરીર, આવી રીતે ગુલામી ભોગવતું અને જુલમો વેઠતું રહેતું, આ બધું સહન કરતું રહે છે અને પ્રાણના તરફથી થતી રહેતી માગણીઓ સામે સતત મૂંગું બંડ કરતું રહે છે. મન બંને સાથે, પ્રાણ અને શરીર સાથે યુદ્ધમાં મચેલું છેઃ કોઈક વાર તે શરીરની સામે પ્રાણને મદદ કરે છે, તો કોઈક વાર તે પ્રાણના ધક્કાને કાબૂમાં રાખે છે અને પ્રાણની ઈચ્છાઓ, આવેશો અને વધુ પડતો ધસારો કરતી શક્તિઓમાંથી શરીરના માળખાને રક્ષણ આપવાની કોશિશ કરે છે. વળી તે પોતે પણ પ્રાણને કબજે કરવાનો અને તેની શક્તિને મનના પોતાના હેતુઓને સાધવા માટે, મનની પોતાની પ્રવૃત્તિઓ વધુ ને વધુ આનંદો મેળવવા માટે, માનસિક રીતનાં, તેમજ રસાત્મક અને ભાવાત્મક પ્રકારનાં લક્ષ્યોને તૃપ્ત કરવા માટે તથા માનવ જીવનમાં તેમને સિદ્ધ કરવા માટે વાપરવાનો પ્રયત્ન કરે છે. અને પ્રાણને પણ જણાય છે કે એને ગુલામ બનાવી લેવામાં આવ્યો છે, એનો દુરુપયોગ થઈ રહ્યો છે અને તે તેના ઉપર ચડી બેઠેલા આ મન રૂપી અજ્ઞાન, અર્ધ ડાહ્યા જુલમગાર સામે ઘણી વાર બંડ જગાવતો રહે છે. આપણા અંગોનું આ પ્રમાણે યુદ્ધ ચાલે છે અને મન તેનું નિરાકરણ સંતોષકારક રીતે લાવી શકે તેમ નથી, કારણ કે એની સામે જે પ્રશ્ન ઊભો થયેલો છે, એક મર્ત્ય એવા પ્રાણ અને શરીરમાં આવી વસેલું એક અમર્ત્ય તત્ત્વ જે અભીપ્સા સેવી રહેલું છે, તેનો ઉકેલ તેની પાસે પડેલો નથી. આમાં મન કાં તો સમાધાનોની એક લાંબી પરંપરામાં માત્ર પહોંચી શકે છે અથવા તો જડતત્ત્વવાદીની માફક આપણા દેખીતા સ્વરૂપની મર્ત્યતા આગળ ઝૂકી પડીને કે પછી સંન્યાસી અને ધર્મપરાયણ લોકોની માફક પાર્થિવ જીવનનો ઈનકાર તથા તિરસ્કાર કરીને અને અસ્તિત્વનાં વધારે સુખમય અને વધારે સરળ ક્ષેત્રોમાં નિવૃત્ત થઈને એ પ્રશ્નને પડતો મૂકી દઈ શકે છે. પરંતુ સાચો ઉકેલ તો આપણે મન ઉપર આવી રહેલા તત્ત્વને, કે જેને માટે અમર્ત્યતા એ તેના સ્વાભાવિક ધર્મ રૂપે જ રહેલી છે તેને શોધી

કાઢીએ અને તે દ્વારા આપણા અસ્તિત્વની મર્ત્યતાને જીતી લઈએ તેમાં જ રહેલો છે.

પરંતુ આમાં પણ પેલો શક્તિ અને ચેતના વચ્ચેને મૂળભૂત વિચ્છેદ તો રહેલો જ છે, અને મનની આ અશક્તિનું મૂળ કારણ તે આ વિચ્છેદ જ છે. વળી આમાં માત્ર મનોમય સ્વરૂપ, પ્રાણમય સ્વરૂપ અને શારીરિક સ્વરૂપ વચ્ચે ભેદ છે એટલું જ માત્ર નથી પણ એ દરેક સ્વરૂપ પણ પોતાની અંદર વહેંચાઈ ગયેલું છે. શરીરનું સામર્થ્ય, તેની અંદર રહેલા સહજવૃત્તિ રૂપ આત્માના કિંવા સભાન એવા સત્ તત્ત્વના, શારીરિક પુરુષના સામર્થ્ય કરતાં ઓછું છે; પ્રાણમય બળનું સામર્થ્ય, તેની ભીતરમાં રહેલા શીઘ્રવૃત્તિરૂપ આત્માના, પ્રાણમય સભાન સત્તત્ત્વના કિંવા પુરુષના સામર્થ્ય કરતાં ઓછું છે; મનોમય શક્તિનું સામર્થ્ય તેની ભીતરમાં રહેલા બુદ્ધિરૂપ અને ભાવરૂપ આત્માના, મનોમય આત્માના સામર્થ્ય કરતાં ઓછું છે. કારણ કે આત્મા એ તો એક આંતરિક ચેતના છે અને તે તેના પોતાના સંપૂર્ણ આત્મ-સાક્ષાત્કાર માટે અભીપ્સા કરી રહેલી છે અને તેથી વ્યક્તિનું તત્કાલ પૂરતું જે બંધારણ બનેલું હોય છે તેના કરતાં તે વધારે મોટી હોય છે, અને એ રચનામાં જે શક્તિએ આવીને સ્થિતિ ગ્રહણ કરેલી છે તે શક્તિને તેનો આત્મા એ સ્થિતિ કરતાં એક અસાધારણ સ્થિતિ પ્રત્યે, તેનાથી પરાત્પર રહેલી સ્થિતિ પ્રત્યે હંમેશાં ધકેલતો રહે છે. અને આમ સતત ધકેલાતી રહેતી આ શક્તિને આત્માને જવાબ આપતાં ઘણી મુશ્કેલી પડે છે, અને વર્તમાન સામર્થ્યમાંથી એક વધુ મોટા સામર્થ્ય પ્રત્યે વિકાસ પામવામાં તો એને એથી પણ વધુ મુશ્કેલી પડે છે. એ શક્તિ આ ત્રિવિધ આત્માની માગણીઓને પૂરી કરવાના પ્રયત્નમાં પછી બેબાકળી થઈ જાય છે, અને પછી તેને સહજવૃત્તિની સામે સહજવૃત્તિને મૂકવાની, શીઘ્રભાવ સામે શીઘ્રભાવને, લાગણી સામે લાગણી, વિચાર સામે વિચાર મૂકવાની ફરજ પડે છે. એમાં તે અમુકને સંતોષે છે તો અમુકને તે નકારે છે, વળી પાછી તે અફસોસ કરે છે અને પોતે જે કર્યું હોય છે તેમાં પાછી પહોંચે છે, અનંત લગી આ બધાંની તે તડજોડ કરતી રહે છે, બદલા આપતી રહે છે, વળી પાછી તડજોડ કરતી રહે છે, પણ તે એકતાના કોઈ તત્ત્વમાં પહોંચતી નથી. અને વળી મનમાં પણ જે સચિત્-શક્તિને માથે સંવાદ અને એકતા રચવાનું કાર્ય રહેલું છે તે શક્તિ તેના જ્ઞાનમાં અને સંકલ્પ-શક્તિમાં મર્યાદિત હોય છે. એટલું જ નહિ પણ, એ જ્ઞાન અને સંકલ્પશક્તિ અસમાન હોય છે અને ઘણી વાર કુમેળમાં હોય છે. એકતાનું તત્ત્વ તો ઊર્ધ્વમાં અતિમનસમાં રહેલું છેઃ કેમકે માત્ર ત્યાં જ

સર્વ વિવિધતાઓની સભાન એકતા રહેલી હોય છે; માત્ર ત્યાં જ સંકલ્પશક્તિ અને જ્ઞાન એકસમાન હોય છે અને સંપૂર્ણ સંવાદમાં હોય છે; માત્ર ત્યાં જ ચેતના અને શક્તિ તેમના દિવ્ય સમીકરણમાં પહોંચતાં હોય છે.

માણસ, જેટલા પ્રમાણમાં તે એક આત્મ-સભાન અને સાચેસાચ વિચાર કરનાર વ્યક્તિ તરીકે વિકાસ પામે છે તેટલા પ્રમાણમાં તે તેના ભાગોમાં રહેલા આ બધા વિસંવાદ અને અસમાનતા વિષે તીવ્રપણે સભાન બને છે અને તે પોતાનાં મન, પ્રાણ અને શરીરની સંવાદિતામાં પહોંચવાનો પ્રયત્ન કરે છે, પોતાનાં જ્ઞાન, સંકલ્પશક્તિ અને ભાવની સંવાદિતામાં, પોતાના સર્વ અંશોની સંવાદિતામાં પહોંચવાનો પ્રયત્ન કરે છે. આ ઈચ્છા કેટલીક વાર એક કામચલાઉ સમાધાનમાં પહોંચીને અટકી જાય છે, અન એ સમાધાન પ્રમાણમાં સાપેક્ષ એવી શાંતિ મેળવી આપે છે; પરંતુ સમાધાન એ તો રસ્તામાં આવતો માત્ર એક વિરામ જ હોઈ શકે છે, અંદરમાં બેઠેલા દેવતાને તો આપણી અનેક દિશાની શક્યતાઓનો જેમાં સંપૂર્ણ વિકાસ આવી મળ્યો હોય એવી પૂર્ણ સંવાદિતા કરતાં ઓછી વસ્તુથી છેવટે જતાં લેશ પણ સંતોષ થવાનો નથી. આવી પૂર્ણ સંવાદિતા કરતાં ઓછી હોય તેવી વસ્તુનો સ્વીકાર કરવો એ તો પ્રશ્નને ટાળવા જેવું બનશે, એમાં પ્રશ્નનો ઉકેલ નહિ હોય, અથવા તો તે આત્માને તેના સતત બન્યે જતા આત્મ-વિસ્તાર અને આરોહણમાં એક વિશ્રામ-સ્થાન તરીકે આપવામાં આવેલો એક કામચલાઉ ઉકેલ જ હશે. આવી પૂર્ણ સંવાદિતા પ્રાપ્ત કરવા માટે તો એક પૂર્ણ મનોમયતા, પ્રાણશક્તિની એક પૂર્ણ લીલા, એક પૂર્ણ શારીરિક અસ્તિત્વ એ તત્ત્વો મૂળ સામગ્રી તરીકે હોવાં જોઈશે. પરંતુ આ જે મૂળથી જ અપૂર્ણ વસ્તુ છે એમાં પૂર્ણતાનું તત્ત્વ અને શક્તિ આપણને ક્યાંથી આવી મળવાનાં છે? વિચ્છેદ અને મર્યાદિતતામાં જેનું મૂળ રહેલું છે એવું મન-આપણને આ પૂર્ણતાનું તત્ત્વ અને શક્તિ મેળવી આપી શકે તેમ નથી. તેમજ પ્રાણ અને શરીર કે જે વિચ્છેદ અને મર્યાદાના રચનાર મનની શક્તિઓ રૂપે અને ચોકઠા રૂપે રહેલાં છે તે પણ તે મેળવી આપી શકે તેમ નથી, પૂર્ણતાનું તત્ત્વ અને શક્તિ અવચેતનમાં રહેલાં છે ખરાં, પણ તે ત્યાં નિમ્ન માયાના બાહ્ય આવરણ કે અવગુંઠનમાં વિંટળાઈ રહેલા છે, અને એક અસિદ્ધ આદર્શ રૂપે પૂર્વઝાંખીના સ્વરૂપમાં તે બહાર આવતાં હોય છે; એ વળી ઉપરિચેતનમાં રાહ જોતાં બેઠેલા હોય

તટસ્થ અને હેતુરહિત સેવા કરવી. અને આ બધું એમ સમજીને કે વ્યક્તિ એટલે ઇન્દ્રિયપ્રધાન મને ઊભું કરેલું એક ક્ષણિક ભૂત છે અને માનવજાત એટલે તેનાથી કાંઈક વધારે લાંબુ આયુષ્ય ભોગવનાર એ જ જડતત્ત્વમાં ઉત્પન્ન થયેલા નાડીના આઘાતનું સામુદાયિક સ્વરૂપ માત્ર છે. આપણે ચાહે તો જીવનમાં કામ કરતા હોઈએ કે જીવન માણતા હોઈએ તો તે બન્ને ક્રિયાઓ માત્ર પદાર્થમય શક્તિના આપણા ઉપર થતા દબાણને જ આભારી હોય છે.આપણને એ જડશક્તિ જ જીવનની ક્ષણભંગુરતાની ભ્રમણા, અગર તો, પારમાર્થિક જીવન અને મનોમય જીવનરૂપી વધુ ઉમદા ભ્રમણા ઉત્પન્ન કરીને છેતરે છે. આધ્યાત્મિક અદ્વૈતવાદની જેમ જડવાદ પણ આખરે તો બધું જ માયા છે એ નિર્ણય ઉપર આવતો લાગે છે. માયા એટલે જે વસ્તુ સત્ છે અને છતાં અસત્ છે તે. તે સત્ છે કારણ કે પ્રત્યક્ષ હોઈ આપણા ઉપર દબાણ કરે છે, અને બીજી રીતે અસત્ છે,- એટલે કે નથી,- કારણ કે તેનું કાર્ય વસ્તુલક્ષી અને નાશવંત હોય છે. જો આપણે વાસ્તવિક દેખાતી દુનિયાના અવાસ્તવિકપણા ઉપર જોઈએ તે કરતા વધારે ભાર મૂકીએ તો જુદે રસ્તે થઈને અદ્વૈતવાદના જેવા જ ઉત્કટ નિર્ણય ઉપર આવવું પડશે, એટલે કે વ્યક્તિની અહંતા કેવળ ભ્રમમાત્ર છે, માનવ જીવન અવાસ્તવિક અને હેતુ વગરનું છે અને કેવળ બાહ્ય જીવનની અર્થહીન જાળમાંથી અસત્માં, શૂન્યમાં ફરીથી નિર્વાણ પામવું એ જ મુક્તિનો તર્કસંમત રસ્તો છે એમ આપણે સ્વીકારવું પડશે.

અને છતાં કેવળ શારીરિક જીવનની સામાન્ય સામગ્રી ઉપર આધાર રાખીને જો આપણે તર્કનો આશ્રય લઈશું તો આ પ્રશ્નનો ઉકેલ આવી શકે તેમ નથી; કારણ કે એ સામગ્રીના મૂળમાં અનુભવનો હમેશાં એટલો તો તફાવત રહેલો હોય છે કે કોઈ પણ દલીલનો આખરી નિકાલ આવી શકતો નથી. વ્યક્તિના શારીરિક જીવનથી સ્વતંત્ર એવા વિરાટ મનનો યા તો અતિમનસનો નિશ્ચયાત્મક અનુભવ સામાન્ય રીતે આપણને હોતો નથી. અગર તો બીજી બાજુએ એવા ખાતરીદાયક અનુભવની મર્યાદા આપણે જાણતા નથી ને તેથી એમ સિદ્ધ થાય કે સ્વાનુભવ રસિક સ્વરૂપ, યાને અંતરગત ચેતના, ખરી રીતે સ્થૂલ દેહના ઉપર આધાર રાખે છે અને દેહના નાશ પછી તે વિનાશ પામે છે, એટલે કે સ્થૂલ શરીરની ચેતનાથી વધારે વિશાળ ચેતનામાં તે પોતાનો વિકાસ કરી શકે તેમ નથી. આપણી ચેતનાના ક્ષેત્રને બહોળું કરવાથી જ, અગર તો ન ધારેલ એવા જ્ઞાન મેળવવાના સાધનનો વિકાસ કરીને જ, આ પ્રાચીન ઝઘડાનો અંત આવી શકે તેમ છે.

છે, ખુલ્લેખુલ્લાં, શાશ્વત રીતે સિદ્ધ થયેલાં, પણ છતાં તે આપણા આત્મ-અજ્ઞાનના અવગુંઠનને લીધે આપણાથી હજી અલગ પડી ગયેલાં છે. એટલે સર્વનો મેળ કરી આપનારી એ શક્તિ અને જ્ઞાન મેળવવા માટે આપણે ઊર્ધ્વમાં શોધ કરવાની રહે છે, આપણી વર્તમાન સ્થિતિમાં અથવા તો તેમનાથી નીચેની વસ્તુમાં તેને શોધવાનાં નથી.

વળી, માણસ જેમ જેમ વિકાસ પામતો જાય છે તેમ તેમ જગત સાથેના તેના સંબંધો ઉપર કાબૂ ધરાવતાં વિસંવાદ અને અજ્ઞાન વિષે તે તીવ્ર રીતે સભાન બનતો જાય છે, તેને વિષે તે તીવ્ર રીતે અસહિષ્ણુ બનતો જાય છે, અને સંવાદિતા, શાંતિ, આનંદ અને એકતાનું તત્ત્વ પ્રાપ્ત કરવાને માટે વધુ ને વધુ કૃતનિશ્ચય થતો જાય છે. આ વસ્તુ પણ તેને માત્ર ઊર્ધ્વમાંથી જ મળી આવે તેમ છે. કારણ કે માણસે જો પોતાનું જીવન આધ્યાત્મિક રીતે અને વ્યવહારુ રીતે તેના માનવ-બંધુઓના જીવન સાથે એકરૂપ બનાવવું હશે અને વ્યક્તિએ જો પોતાનું વિશ્વરૂપ સ્વરૂપ પાછું પ્રાપ્ત કરવું હશે તો તે માટે તેણે એક એવું મન વિકસાવવું પડશે કે જેને પોતાને વિષેનું જ્ઞાન હોય છે તેવી રીતે બીજાઓના મન વિષેનું જ્ઞાન હશે, અને એ મન આપણા પરસ્પરના અજ્ઞાન અને ગેરસમજૂતીમાંથી મુક્ત હશે, વળી તેણે એક એવી સંકલ્પશક્તિ વિકસાવવી પડશે કે જે બીજાઓની સંકલ્પશક્તિને અનુભવતી રહેશે અને તેમની સાથે પોતાને એકરૂપ કરતી રહેશે, વળી તેણે એક એવું ભાવનાશીલ હૃદય વિકસાવવું પડશે કે જે બીજાઓની લાગણીઓને પોતાની લાગણીઓ જેમ ધારણ કરતું રહેશે, તેણે વળી એક એવી જીવન-શક્તિ વિકસાવવી પડશે કે જે બીજાઓની શક્તિઓને અનુભવતી રહેશે અને તેમનો પોતાની તરીકે સ્વીકાર કરશે અને તે પોતાની હોય તે રીતે તેમને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરશે, અને વળી તેણે એક એવું શરીર વિકસાવવું પડશે કે જે કેદખાનાની દીવાલ જેવું તેમ જ જગત સામે બચાવ કરવાની ઢાલ જેવું નહિ હોય. પરંતુ આ બધું તેણે પ્રકાશ અને સત્યના નિયમ મુજબ જ કરવાનું રહેશે, અને એ નિયમ આપણાં અને બીજાઓનાં મન, સંકલ્પશક્તિઓ, લાગણીઓ, જીવન-શક્તિઓનાં સ્ખલનો અને ભૂલોથી, તેમનામાં આટલું બધું જે પાપ અને અસત્ય છે તેનાથી પર થઈ ગયેલો નિયમ હશે. અવચેતન તત્ત્વની પાસે અખિલ રૂપ જીવન આવી રહેલું છે, તેમ જ ઉપરિચેતન તત્ત્વ પાસે પણ તે રહેલું છે, પણ ત્યાં તે એવા સંયોગો હેઠળ છે કે જેમાં પહોંચવા માટે

આપણે આપણી ગતિને ઊર્ધ્વ તરફ વાળવાની રહે છે. કારણ કે જે આદિ પ્રેરણાએ વિકાસ પામતા આત્માને આપણી માનવતાની કોટિ સુધી પહોંચાડેલો છે તે પ્રેરણા આપણને 'જ્યાં તમસથી ઢંકાયેલું એવું તમસ રહેલું છે તે અચેતન સાગર'માં* છુપાઈ રહેલા પ્રભુ તરફ લઈ જતી નથી, પરંતુ જે પ્રભુ શાશ્વત પ્રકાશના સાગરમાં# રહેલા છે, આપણા સ્વરૂપના ઊંચામાં ઊંચા આકાશમાં રહેલા છે તે પ્રત્યે લઈ જનારી છે.

એટલે જો માનવજાતિએ રસ્તાને પડખે ઢળી પડવાનું ન હોય અને વિજયની સિદ્ધિ મહા શ્રમમાં મચેલાં આતુર મા ભગવતીનાં અન્ય અને નવાં સર્જનો માટે બાકી રાખવાની ન હોય તો પછી તેણે આ આરોહણ માટે અભીપ્સા કરવી જ પડશે, બેશક એ આરોહણ પ્રેમ દ્વારા જ સાધવાનું રહેશે, મનોમય જ્ઞાનાલોક દ્વારા, સિદ્ધિ તથા આત્મ-સમર્પણ પ્રત્યે લઈ જતી પ્રાણની પ્રેરણા દ્વારા જ સાધવાનું રહેશે. પરંતુ આ આરોહણ આપણને આ પ્રેમ, આ મનોમય પ્રકાશ અને પ્રાણની પ્રેરણાથી પર લઈ જતી તેમ જ તે સર્વને પૂર્ણ કરી આપતી અતિમાનસ એકતા પ્રત્યે લઈ જનારું હશે. માનવજાતિએ પોતાના અંતિમ શુભ અને મુક્તિને માનવજીવનની સ્થાપના આપણા સ્વરૂપમાં તથા આપણા સર્વ અંશોમાં અદ્વૈતરૂપ પ્રભુ સાથે તેમ જ સર્વની સાથે સભાન એકતાનો જે અતિમાનસ સાક્ષાત્કાર છે તેના ઉપર કરવામાં જ શોધવાનાં રહે છે. અને જીવનના પ્રભુ પ્રત્યેના આરોહણમાં આપણે જેને જીવનની ચતુર્થ અવસ્થા તરીકે વર્ણવી છે તે આ છે.

---

* **तम आसीत्तमसा गूह्यमग्रे अप्रकेतं सलिलं सर्वम्....।**

ऋग्वेद (नासदीय सूक्त) १०.१२९.३

या रोचने परस्तात् सूर्यस्य याश्चावस्तादुपतिष्ठन्त आपः ।

જે પાણી સૂર્યથી ઉપરના પ્રકાશના પ્રદેશમાં રહેલાં છે અને જે પાણી નીચે રહેલાં છે.

ऋग्वेद ३.२२.३

પ્રકરણ ૨૩

માનવમાં રહેલો બેવડો આત્મા

अंगुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा.....।

कठ उपनिषद् ४.१२, ६.१७

श्वेताश्वतर उपनिषद् ३.१३

य इमं मध्वदं वेद आत्मानं जीवमन्तिकात् ।

ईशानं भूतभव्यस्य न ततो विजुगुप्सते ।।

कठ उपनिषद् ४.५

तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ।

ईश उपनिषद् ७

आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।

तैत्तिरीय उपनिषद् २.९

પુરુષ, અન્તરાત્મા, મનુષ્યના અંગુષ્ઠ કરતાં વધુ મોટો નહિ.

કઠ ઉપનિષદ ૪.૧૨; ૬.૧૭

શ્વેતાશ્વતર ઉપનિષદ ૩.૧૩

જે આ આત્માને, અસ્તિત્વના મધુના ભોક્તાને, જે છે તથા જે થનાર છે તેના સ્વામીને જાણે છે, તેને પછી કોઈ જુગુપ્સા રહેતી નથી.

કઠ ઉપનિષદ ૪.૫

જે સર્વત્ર એકત્વને જુએ છે તેને ક્યાંથી શોક થશે, કઈ રીતે ભ્રાંતિ થશે?

ઈશ ઉપનિષદ ૭

જેને બ્રહ્મનો-શાશ્વતનો આનંદ જણાઈ આવ્યો છે તેને ક્યાંયથીય કશો પણ ભય નથી.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૯

આપણે જીવનની જે પહેલી અવસ્થા જોઈ તેનું ખાસ લક્ષણ એ છે કે એમાં એક મૂંગી અચેતન પ્રેરણા કે ધક્કો કામ કરતાં હોય છે, એમાં જડતત્ત્વના કે અણુના બનેલા અસ્તિત્વમાં આવી રહેલી કોઈ અંતર્હિત સંકલ્પશક્તિનું બળ કામ કરતું હોય છે, એમાં જીવન મુક્ત હોતું નથી. તેમ જ તે પોતાની જાતનું કે પોતાનાં કર્મો અને તેનાં પરિણામોનું સ્વામી હોતું નથી, તે પોતે જે વિશ્વરૂપ ગતિપ્રવાહમાં વ્યક્તિતાના અંધારમય આકારરહિત બીજ તરીકે ઉત્પન્ન થાય છે તે પ્રવાહ જ તેને પૂરેપૂરો પોતાને આધીન રાખતો હોય છે. જીવનની જે બીજી અવસ્થા છે તેનું મૂળ ઈચ્છા છે, એ ઈચ્છા વસ્તુઓને પોતાની કરવાને ઉત્સુક હોય છે પણ તેની શક્તિ મર્યાદિત હોય છે. જીવનની ત્રીજી, કળી જેવી, અવસ્થા તે પ્રેમ રૂપે રહેલી છે. એ પ્રેમ વસ્તુઓને પોતાની કરવી તથા પોતે અન્યના થઈ રહેવું, પોતે મેળવવું તથા પોતાની જાતને આપવી એમ બંને કરવા માટે પ્રયત્ન કરતો હોય છે. જીવનની ચોથી, સુંદર પુષ્પ જેવી, અવસ્થાની પૂર્ણતાનું ચિહ્ન આપણે એવું કલ્પીએ છીએ કે એમાં વિશ્વની આદિમ સંકલ્પશક્તિનો વિશુદ્ધ અને પૂર્ણ એવો પ્રાદુર્ભાવ બનતો હોય છે, મધ્યમ અવસ્થામાં ઉદય પામતી ઈચ્છાની એમાં તેજોમય પૂર્ણતા સધાતી હોય છે, તથા આત્માઓના દિવ્ય અદ્વૈતમાં-અને અતિમાનસ અસ્તિત્વનો પાયો તે આ અદ્વૈત છે-પ્રેમી અને તેના પ્રેમપાત્રની અવસ્થાનું અદ્વૈત રચાતાં પ્રેમના સભાન રીતે બનતા વિનિમયની એક ઊર્ધ્વ અને ગહન પરિતૃપ્તિ સધાય છે. આ શબ્દોનું જો આપણે કાળજીપૂર્વક ચિંતન કરીશું તો આપણને જણાશે કે આત્મા વસ્તુઓનો વ્યક્તિગત રૂપે અને વિશ્વગત રૂપે જે આનંદ શોધી રહ્યો છે એ શોધના જ આ બધા આકારો છે, અવસ્થાઓ છે. જીવન જે આરોહ પામી રહ્યું છે તે વસ્તુઓમાં રહેલા દિવ્ય આનંદનો જ આરોહ છે, એ આનંદનો જડતત્ત્વની અંદર મૂક રીતે બીજપાત બનેલો છે અને ત્યાંથી તે પરિવર્તનો અને વિરોધી અવસ્થાઓમાંથી પસાર થતો થતો આત્માની અંદર પોતાની તેજોમય અંતિમ સ્થિતિમાં પહોંચે છે.

જગત અત્યારે જે રીતનું છે તેનાથી કોઈ અન્યથા રૂપે તે હોઈ શકત એમ હતું જ નહિ. કેમકે આ જગત જે છે તે તો સચ્ચિદાનંદનું એક આવરણમાં મુકાયેલું રૂપ છે. અને સચ્ચિદાનંદનું સ્વરૂપ તો દિવ્ય આનંદ છે, એક સર્વવ્યાપક સ્વાત્મ-આનંદ છે, અને તેથી એ સચ્ચિદાનંદની શક્તિએ પોતાની જાતને હંમેશાં એ દિવ્ય આનંદમાં પામવાની અને સિદ્ધ કરવાની રહે છે. વળી જીવન પોતે પણ એ સચ્ચિદાનંદની સચિત્-

શક્તિની જ એક શક્તિ છે એટલે જીવનની સર્વ ગતિઓનું રહસ્ય તે સર્વ પદાર્થોમાં અંતર્ગત રીતે રહેલો એક ગુપ્ત આનંદ જ હોઈ શકે છે, અને એ આનંદ જ એક સાથે જીવનની સર્વ પ્રવૃત્તિઓનું કારણ, એનો પ્રેરક હેતુ અને લક્ષ્ય રહેતો હોય છે. પરંતુ આ આનંદ અહંકારે રચેલા ભેદને કારણે હાથમાં આવતો નથી હોતો, એને એક પર્દા પાછળ રોકી રાખવામાં આવતો હોય છે, એને એના પોતાનાથીજ ઊલટા સ્વરૂપે રજૂ કરવામાં આવતો હોય છે. અને તેથી, જેવી રીતે જગતમાં સત્ તત્ત્વે મૃત્યુનો પિછોડો ઓઢી લીધેલો છે, ચેતના તે અચિત્ રૂપે બની રહેલી છે, અને શક્તિ અશક્તિના વેશમાં રજૂ થઈને પોતાની જાતની મશ્કરી કરતી રહેલી છે, તે જ પ્રમાણે, આ જે વસ્તુ જીવન રૂપે બનેલી છે તેણે એક દિવસે આ વિશ્વરૂપ આનંદને પોતાની પકડમાં લેવાનો રહે છે, એમ નહિ થાય ત્યાં સુધી એ તૃપ્ત થઈ શકશે નહિ, યા તો તે પોતાની ગતિમાંથી અટકી જઈ શકશે નહિ કે એ ગતિની પૂર્ણતા પામી શકશે નહિ. આ જે વિશ્વરૂપ આનંદ છે તે જ જીવનના પોતાના સ્વરૂપનો ગુપ્ત સમગ્ર આનંદ છે તેમ જ સાથે સાથે પરાત્પર અને સર્વાન્તર્ગત સચ્ચિદાનંદનો આદિમ, સર્વ આશ્લેષક, સર્વ-નિવાસી અને સર્વ-સંધારક આનંદ છે. એટલે આનંદને શોધવો એ જીવનની સૌથી મૂળભૂત પ્રેરણા છે, એ જ જીવનનો મૂળભૂત અર્થ છે. એ આનંદને શોધવો, મેળવવો અને તેની પૂર્ણતા સિદ્ધ કરવી એ જીવનનો સમગ્ર હેતુ છે.

પરંતુ આપણા પોતામાં આનંદનું આ તત્ત્વ ક્યાં રહેલું છે? જેવી રીતે સચિત્-શક્તિનું તત્ત્વ પોતાના વિશ્વરૂપ સ્વરૂપ તરીકે જીવનનો આવિર્ભાવ કરે છે અને તેને ઉપયોગમાં લે છે, અને અતિમનસનું તત્ત્વ મનનો આવિર્ભાવ કરે છે અને તેને ઉપયોગમાં લે છે, તેવી રીતે આ આનંદનું તત્ત્વ આપણા સ્વરૂપમાંની કઈ વસ્તુ દ્વારા પોતાને વિશ્વના વ્યાપારમાં આવિર્ભાવ આપે છે અને પોતાની પૂર્ણતા સાધે છે? વિશ્વનું સર્જન કરનાર દિવ્ય પરમ તત્ત્વનું આપણે એક ચતુર્વિધ સ્વરૂપ વિચારેલું છે-સત્ તત્ત્વ, સચિત્-શક્તિ, આનંદ અને અતિમનસ. આપણે જોઈ ગયા છીએ કે અતિમનસ સ્થૂલ વિશ્વમાં સર્વત્ર હાજર રહેલું છે પરંતુ તે ઢંકાઈ ગયેલું છે. વસ્તુઓના વાસ્તવિક દેખાવની પાછળ તે આવી રહેલું છે ને ગુહ્ય રીતે ત્યાં તે પોતાને પ્રગટ કરતું રહે છે, પરંતુ કાર્યને સાધવાને માટે તે તેનું પોતાનું જે ગૌણ સ્વરૂપ મન છે તેનો ઉપયોગ કરે છે. દિવ્ય સચિત્-શક્તિ સ્થૂલ વિશ્વમાં સર્વત્ર હાજર રહેલી છે પરંતુ તે ઢંકાયેલી છે,

વસ્તુઓના વાસ્તવિક દેખાવની પાછળ તે ગુપ્ત રીતે કાર્ય કરે છે અને તેનું પોતાનું જે ગૌણ સ્વરૂપ જીવન છે તે દ્વારા તે લાક્ષણિક રીતે પોતાને પ્રગટ કરે છે. અને, આપણે જોકે જડતત્ત્વને વિષે હજી અલગ રીતે તપાસ કરેલી નથી તોપણ આપણે એટલું તો જોઈ શકીએ છીએ જ કે આ દિવ્ય અખિલ-સત્ તત્ત્વ સ્થૂલ વિશ્વમાં સર્વત્ર હાજર રહેલું છે, પરંતુ તે ઢંકાયેલું છે, વસ્તુઓના વાસ્તવિક દેખાવની પાછળ તે સંતાયેલું છે, અને ત્યાં તે તેનું પોતાનું જે ગૌણ સ્વરૂપ પદાર્થતત્ત્વ છે, સત્ તત્ત્વનું જે રૂપ કિંવા જડતત્ત્વ છે, તે દ્વારા પોતાનો આવિર્ભાવ રચે છે. તો પછી, એ જ પ્રમાણે, દિવ્ય આનંદનું તત્ત્વ પણ વિશ્વમાં સર્વત્ર હાજર રહેલું હોવું જોઈએ. એ બેશક ઢંકાયેલું તો હોય જ અને વસ્તુઓના વાસ્તવિક દેખાવની પાછળ રહ્યું રહ્યું પોતાની જાતનું સ્વામી તો હોય જ, છતાં તે તેના પોતાના કોઈ ગૌણ તત્ત્વ દ્વારા આપણામાં આવિર્ભાવ પામેલું હોવું જોઈએ અને એ તત્ત્વ દ્વારા તે વિશ્વના વ્યાપારમાં જડી આવવું જોઈએ અને સિદ્ધ બનવું જોઈએ.

તો એ તત્ત્વ આપણામાં કોઈ એવી વસ્તુ તરીકે રહેલું છે કે જેને આપણે કોઈક વાર ખાસ અર્થમાં આત્મા તરીકે ઓળખીએ છીએ,-એટલે કે એ તત્ત્વ તે ચૈત્ય તત્ત્વ છે, એ પ્રાણ કે મન નથી, તેમ જ શરીર તો નથી જ, પરંતુ તે આ બધાનું જે સારતત્ત્વ છે તેને પોતામાં ધારણ કરીને આ બધાં તેમને પ્રત્યેકને પોતપોતાનો આત્માનો જે વિશિષ્ટ આનંદ છે તે પ્રત્યે, પ્રકાશ પ્રત્યે, પ્રેમ પ્રત્યે, આનંદ અને સૌન્દર્ય પ્રત્યે તથા સ્વરૂપની એક સૂક્ષ્મ વિશુદ્ધિ પ્રત્યે ખુલ્લાં બને અને પ્રફુલ્લિત થતાં રહે તેમ થવા દે છે. પરંતુ ખરી રીતે તો, આપણામાં એક બેવડી રીતનો આત્મા અથવા તો ચૈત્ય તત્ત્વ આવેલું છે, અને એવી રીતે આપણાં બીજી રીતનાં જે બધાં વિશ્વરૂપ તત્ત્વો છે તે પણ બેવડી રીતનાં છે. કેમકે આપણાં બે મન છે, એક મન તે આપણા અભિવ્યક્ત બનેલા વિકાસક્રમવાળા અહંકારનું સપાટી પરનું મન, જડતત્ત્વમાંથી આપણે સાધેલા ઉન્મજ્જનમાં આપણે સરજેલી સપાટી પરની મનોમયતા, અને બીજું તે પૃષ્ઠસ્થ મન, કે જેને આપણા વાસ્તવિક મનોમય જીવન તરફથી તેમ જ તેની કડક મર્યાદિતતાઓથી કશો અવરોધ નડતો નથી. એ મન આપણી મનોમય વ્યક્તિતાનું જે સપાટી ઉપરનું રૂપ છે કે જેને ભૂલથી આપણે પોતાની જાત સમજી લઈએ છીએ, તે રૂપની પાછળ આવી રહેલી કોઈક વિશાળ, શક્તિમાન અને તેજોમય વસ્તુ છે. એવી જ રીતે આપણામાં બે પ્રાણ છે.

એક બહારનો પ્રાણ કે જે સ્થૂલ શરીરમાં અંતર્ભૂત થયેલો છે, જડતત્ત્વમાં થયેલા તેના ભૂતકાળના વિકાસક્રમથી બંધાયેલો છે, એ જીવી રહેલો, જન્મ પામેલો અને મૃત્યુ પામનારો પ્રાણ છે. બીજો પ્રાણ તે જીવનની એક પૃષ્ઠસ્થ શક્તિ છે, એ આપણા સ્થૂલ જન્મ અને મૃત્યુની સાંકડી સીમાઓની વચ્ચે પુરાઈ રહેલી નથી, પરંતુ આપણું જીવનનું જે રૂપ છે કે જેને આપણે અજ્ઞાનની રીતે આપણું વાસ્તવિક જીવન ગણીએ છીએ એ જીવનરૂપની પાછળ રહેલું આપણું સાચું પ્રાણમય સ્વરૂપ છે. આપણા સ્વરૂપનું જે પદાર્થતત્ત્વ છે તેમાં પણ આ રીતની દ્વિગુણતા છે, કેમકે આપણા શરીરની પાછળ આપણું એક વધારે સૂક્ષ્મ જડતત્ત્વનું સ્વરૂપ આવેલું છે, એ આપણા શારીરિક કોષની જ માત્ર નહિ, પણ પ્રાણમય અને મનોમય કોષની સામગ્રી પણ પૂરી પાડે છે અને તેથી તે આપણું સાચું પદાર્થતત્ત્વ છે અને તે આ જે શારીરિક સ્વરૂપ છે કે જેને આપણે ભૂલથી આપણા આત્માનું સારુંયે શરીર કલ્પી લઈએ છીએ તે સ્વરૂપને ટેકો આપી રહેલું છે. આ જ પ્રમાણે આપણામાં એક બેવડું ચૈત્ય તત્ત્વ છે. એમાંનું એક તે સપાટી પરનો કામનામય આત્મા છે, અને તે આપણી પ્રાણની ઝંખનાઓમાં, આપણી લાગણીઓમાં, કલાત્મક શક્તિમાં અને શક્તિ, જ્ઞાન અને સુખની આપણી મનોમય ખોજમાં કામ કરી રહેલો છે. અને બીજું ચૈત્ય તત્ત્વ તે પૃષ્ઠસ્થ રહેલું ચૈત્ય તત્ત્વ છે. એ તત્ત્વ પ્રકાશ, પ્રેમ, આનંદની શુદ્ધ શક્તિ છે અને આપણા સ્વરૂપનું એક સૂક્ષ્મ સારતત્ત્વ છે. એ આપણો સાચો આત્મા છે અને આપણા ચૈત્ય અસ્તિત્વનું બાહ્ય રૂપ કે જેને ઘણી વાર આપણે આ નામનું ગૌરવ આપીએ છીએ તેની પાછળ એ આવી રહેલો છે. આ અધિક વિશાળ અને વિશુદ્ધ ચૈત્ય તત્ત્વનું કોઈ પ્રતિબિંબ જ્યારે સપાટી ઉપર નીકળી આવે છે ત્યારે આપણે માણસને વિષે એમ કહીએ છીએ કે એનામાં આત્મા છે, અને એ એના બાહ્ય ચૈત્ય જીવનમાં ગેરહાજર હોય છે ત્યારે તેને વિષે આપણે એમ કહીએ છીએ કે આ માણસમાં આત્મા નથી.

આપણા સ્વરૂપમાં જે બાહ્ય રૂપો છે તે આપણા નાનકડા અહંકારમય અસ્તિત્વનાં રૂપો છે; આપણાં જે પૃષ્ઠસ્થ રૂપો છે તે આપણા અધિક વિશાળ એવા સાચા વ્યક્તિત્વની રચનાઓ છે. એટલે એ પૃષ્ઠસ્થ રૂપો તે આપણા સ્વરૂપનો પેલો એક એવો ગુપ્ત રખાયેલો અંશ છે કે જેમાં આપણું વ્યક્તિત્વ આપણી વિશ્વરૂપતાની નિકટમાં રહેલું હોય છે, એ વિશ્વરૂપતાને તે સ્પર્શતું હોય છે, એની સાથે સતત સંબંધમાં અને

વ્યવહારમાં હોય છે. આપણામાંનું પૃષ્ઠસ્થ મન તે વૈશ્વિક મનના વિશ્વરૂપ જ્ઞાન પ્રત્યે ખુલ્લું હોય છે, આપણામાં રહેલો પૃષ્ઠસ્થ પ્રાણ તે વૈશ્વિક પ્રાણની વિશ્વરૂપ શક્તિ પ્રત્યે ખુલ્લો હોય છે, આપણામાં રહેલી પૃષ્ઠસ્થ શારીરિકતા તે વૈશ્વિક જડતત્ત્વની જે વિશ્વરૂપ શક્તિ-રચના છે તેના પ્રત્યે ખુલ્લી હોય છે. આપણા સપાટી પરના મન, પ્રાણ અને શરીરને આ બધાથી જુદી પાડતી જે જાડી દીવાલો આવેલી છે, અને જેને ભેદવાનું કાર્ય પ્રકૃતિએ આટલું બધું કષ્ટ લઈને, આટલી બધી અપૂર્ણ રીતે તથા આટલી બધી ચાતુર્યભરી તેમ જ અણઘડ સ્થૂલ યુક્તિપ્રયુક્તિઓ દ્વારા કરવાનું રહે છે એ દીવાલો તે વિચ્છેદ કરવા માટેનું તથા સાથે સાથે વ્યવહાર કરવા માટેનું એક સૂક્ષ્મ માધ્યમ જ છે. એવી જ રીતે આપણામાં રહેલો પૃષ્ઠસ્થ આત્મા પણ વૈશ્વિક આત્મા તેના પોતાના અસ્તિત્વમાં જે વિશ્વરૂપ આનંદ લઈ રહેલો છે તેના પ્રત્યે ખુલ્લો હોય છે. એ વૈશ્વિક આત્મા આ વિશ્વરૂપ આનંદને પોતાના પ્રતિનિધિ રૂપે રહેલા કરોડો આત્માઓમાં પણ અનુભવતો હોય છે તથા મન, પ્રાણ અને જડતત્ત્વની ક્રિયાઓ કે જે દ્વારા પ્રકૃતિ પોતાને એ સર્વની લીલા અને વિકાસ માટે અર્પણ કરતી રહે છે તે સૌ ક્રિયાઓમાં પણ અનુભવતો હોય છે. પરંતુ સપાટી પરનો આત્મા આ વિશ્વરૂપ આનંદમાંથી અહંકારની ખૂબ જ જાડી દીવાલોને કારણે છૂટો પડી ગયેલો છે. બેશક એ દીવાલોને ભેદવા માટેના દરવાજા તો રહેલા જ છે, પરંતુ એમાં થઈને દિવ્ય વિશ્વરૂપ આનંદના સ્પર્શો જ્યારે પ્રવેશે છે ત્યારે તે વામન બની જાય છે, વિકૃત બની જાય છે અથવા તો તેમણે તેમનાં પોતાનાં જ વિરોધી તત્ત્વોના રૂપમાં ઢંકાઈને આવવું પડે છે.

આમાંથી એ સમજાય છે કે આ સપાટી પરના કિંવા કામનામય આત્મામાં કોઈ સાચું આત્મજીવન હોતું નથી, પણ ત્યાં એક ચૈતસિક વિકૃતિ બની આવેલી હોય છે તથા વસ્તુઓનો સ્પર્શ ખોટી રીતે ગ્રહણ કરાતો હોય છે. જગતનો વ્યાધિ એ છે કે એમાં માણસ પોતાના સાચા આત્માનો શોધી શકતો નથી, અને આ વ્યાધિનું મૂળ કારણ વળી એ છે કે માણસ બાહ્ય વસ્તુઓને પોતાના આલિંગનમાં લેવા છતાં, પોતે જે જગતમાં જીવી રહેલો છે તેના સાચા આત્માને પામી શકતો નથી. એ અસ્તિતાના સારતત્ત્વને પામવાનો પ્રયત્ન કરે છે, શક્તિના સારતત્ત્વને, સચેતન-સત્ તત્ત્વના સારતત્ત્વને, આનંદના સારતત્ત્વને પામવાનો પ્રયત્ન કરે છે, પરંતુ તેને બદલે તેને પરસ્પર વિરોધી સંસ્પર્શો અને સંસ્કારોનું ટોળું મળી આવે છે. માણસ જો આ સારતત્ત્વને પામી શકે તો સંસ્પર્શો અને સંસ્કારોના

આ વૃન્દની વચ્ચે રહ્યાં રહ્યાં પણ તે પેલા એકમાત્ર એવા વિશ્વરૂપ સત્તત્ત્વને, શક્તિ, સચેતન અસ્તિત્વ અને આનંદને પામી શકે છે; આ સંપર્કોમાં આપણી પાસે જે સત્ય આવી રહેલું હોય છે તે સત્યની એકતા અને સંવાદિતામાં જગતમાં દેખાઈ રહેલી વસ્તુઓમાં રહેલા વિરોધાભાસોનું સમાધાન થઈ શકે છે. અને સાથે સાથે માણસને તેનો પોતાનો સાચો આત્મા અને તેની દ્વારા પોતાનું સ્વરૂપ મળી આવે છે, કારણ કે એ સાચો આત્મા તે તેના સ્વરૂપનો પ્રતિનિધિ હોય છે અને માણસનું સ્વરૂપ અને વિશ્વનું સ્વરૂપ બંને એક છે. પરંતુ માણસ એના વિચારના બનેલા મનમાં, ઊર્મિના બનેલા હૃદયમાં, ઈન્દ્રિયોમાં રહેલા અહંકારમય અજ્ઞાનને કારણે આ સાચા આત્માને પામી શકતો નથી. માણસની ઈન્દ્રિયો જગતને એક હિંમતભર્યું અને પૂરા હૃદયથી આલિંગન આપીને વસ્તુઓનો સ્પર્શ ઝીલી લેતી નથી, પરંતુ તે વસ્તુઓ તરફ વહેતી રહે છે અને પાછી સંકોચાઈ જાય છે, સાચવી સાચવીને તે વસ્તુઓ પાસે જાય છે અથવા તો આતુરતાપૂર્વક ધસી જાય છે, અથવા તો વસ્તુઓનો સ્પર્શ એમને જે રીતે પ્રસન્ન કરતો હોય કે નાખુશ કરતો હોય, તૃપ્ત કરતો હોય કે અતૃપ્ત કરતો હોય તે પ્રમાણે તે નારાજ કે અસંતુષ્ટ બની રહે છે, ભય પામે છે કે ક્રોધે ભરાઈને પાછી હઠી જાય છે. આ કામનામય આત્મા જીવનને ખોટી રીતે ઝીલતો હોય છે અને એમાંથી તે જગતના રસને, વસ્તુઓમાં રહેલા આનંદને ત્રણ પ્રકારની ખોટી રીતે ઝીલતો રહે છે, અને તેથી જીવનનો આનંદ તેના શુદ્ધ મૂળભૂત રૂપમાં પ્રગટ થવાને બદલે તે હર્ષ, વ્યથા અને ઉપેક્ષાનાં ત્રણ સ્વરૂપોમાં અસમાન રીતે આકાર લે છે.

આપણે જ્યારે જીવનનો આનંદ જગતની સાથેના સંબંધોમાં કેવી રીતે રહેલો છે તેનો વિચાર કરી ગયા ત્યારે જોયું છે કે આપણાં સુખ, દુઃખ અને ઉપેક્ષાનાં જે ધોરણો છે તેમાં કોઈ રીતની અફરતા કે તાત્ત્વિક સત્યતા હોતી નથી, એ સુખ દુઃખ અને ઉપેક્ષા એમને ઝીલનારી ચેતનાની સ્વગત સ્થિતિ દ્વારા જ પૂરેપૂરાં નિર્ણીત થતાં હોય છે, અને સુખ તથા દુઃખની માત્રાને છેલ્લામાં છેલ્લી હદ સુધી ઊંચે લઈ શકાય છે અથવા તો તેને ઓછામાં ઓછી કક્ષાની કરી શકાય છે અથવા તો તેના દેખીતા રૂપમાં એને પૂરેપૂરી ભૂંસી નાખી શકાય છે. આનંદ તે વેદના બની શકે છે અથવા તો વેદના તે આનંદ બની શકે છે, કારણ કે એ બંને તેમની ગુપ્ત વાસ્તવિકતામાં એક જ વસ્તુ છે, અને તે આપણને થતાં સંવેદનો અને લાગણીઓમાં જુદી જુદી રીતે બહાર આવતી હોય છે. ઉપેક્ષા તે કામનામય આત્મા તેના મનમાં, સંવેદનોમાં, લાગણીઓમાં અને ઝંખનાઓમાં વસ્તુઓના રસ પ્રત્યે જે ધ્યાન આપતો નથી હોતો તે હોય

છે, અથવા તો એ રસને ઝીલવાની તથા તેના પ્રતિ જવાબ આપવાની તેનામાં રહેલી અશક્તિ હોય છે, અથવા તો સપાટી પરથી કોઈ જવાબ આપવાનો તેનો ઈનકાર હોય છે, અથવા વળી, તે પોતાના સંકલ્પ દ્વારા આનંદને કે વેદનાને હાંકી કાઢીને કે કચડી નાખીને અસ્વીકારના તટસ્થ રંગમાં મૂકી આપતો હોય છે. આ ત્રણે પરિસ્થિતિમાં જે બનતું હોય છે તે એ હોય છે કે એમાં જે કોઈક વસ્તુ પૃષ્ઠસ્થ રીતે સક્રિય હોય છે તેને સપાટીની ભૂમિકા ઉપર લઈ આવવા માટે અથવા તો કોઈ રીતે હકારાત્મક રીતે રજૂ કરવા માટેનો ચોખ્ખો ઈનકાર હોય છે તે માટેની નકારાત્મક બિનતૈયારી કે પછી અશક્તિ હોય છે.

કારણ કે, આપણે માનસશાસ્ત્રીય અવલોકન તેમ જ પ્રયોગ દ્વારા જાણીએ છીએ કે સપાટી પરનું મન વસ્તુઓના જે જે સ્પર્શોને અવગણતું હોય છે તેને પૃષ્ઠસ્થ મન ઝીલી લેતું હોય છે અને સ્મૃતિમાં રાખતું હોય છે, એ જ રીતે આપણે એ પણ જોઈશું કે સપાટી પરનો કામનામય આત્મા વસ્તુઓના જે રસને, કિંવા અનુભૂતિમાં આવતા સારતત્ત્વને ખોટો સ્વાદ સમજીને તથા ઈનકાર કરીને તરછોડી નાખતો હોય છે યા તો તટસ્થ રીતના અસ્વીકાર દ્વારા ઉવેખતો હોય છે તે રસને, સારતત્ત્વને પૃષ્ઠસ્થ આત્મા ઝીલી લેતો હોય છે, માણતો, આસ્વાદતો હોય છે. જ્યાં સુધી આપણે આપણા સપાટી પરના અસ્તિત્વની પાછળના ભાગમાં જઈશું નહિ ત્યાં સુધી આત્મજ્ઞાન થવું અશક્ય છે. આ સપાટી પરનું અસ્તિત્વ એ તો પસંદ કરાયેલા બાહ્ય અનુભવોનું જ માત્ર એક પરિણામ છે, વસ્તુઓનો ક્યાસ કાઢવાનું એક અપૂર્ણ સાધન છે, અથવા તો આપણે જે ઘણી બધી વસ્તુઓ રૂપે છીએ તેમાંથી થોડીએક વસ્તુઓનું જ એક ઉતાવળિયું, અણઆવડતવાળું અને ત્રુટક ત્રુટક ભાષાંતર છે. આપણે જો આની પાછળના ભાગમાં જઈએ નહિ અને આપણી માપદોરીને અવચેતનમાં નીચે ઉતારીએ નહિ તેમ જ આપણી જાતને ઉપરિચેતના પ્રત્યે ખોલીએ નહિ અને એ રીતે એ અવચેતન અને ઉપરિચેતનનો આપણા સપાટી પરના સ્વરૂપ સાથેનો સંબંધ જાણીએ નહિ ત્યાં સુધી આત્મજ્ઞાનનો સંભવ રહેતો નથી. કેમકે આપણું અસ્તિત્વ આ ત્રણની વચ્ચે-સપાટી, અવચેતન અને ઉપરિચેતનની વચ્ચે હરતું ફરતું રહે છે અને પોતાની સમગ્રતાને એ ત્રણેમાં પ્રાપ્ત કરે છે. આપણામાં રહેલું ઉપરિચેતન તત્ત્વ જગતના આત્મ-તત્ત્વ અને આત્મા સાથે એકરૂપનું છે અને દૃશ્ય રીતની કોઈ પણ બહુવિધતા તેનું સંચાલન કરતી નથી હોતી. એટલે એની પાસે વસ્તુઓનું સત્ય તથા વસ્તુઓનો આનંદ તેના પૂર્ણ સમૃદ્ધ રૂપમાં રહેતાં હોય છે. આથી ઊલટું, જે કહેવાતું અવચેતન છે તે તેના

આપણી ચેતનાનો વિસ્તાર, ખાસ કરીને, વ્યક્તિની અંદરથી શરૂ થઈ વિરાટમય થવો જોઈએ, અને તેમ થાય તો જ તે સંતોષકારક જણાય; કારણ કે સાક્ષીભૂત ચેતના જો હોય તો ખરું જોતાં તે જગતમાં જન્મેલું દેહધારી અંગત મન નથી; પરંતુ પોતાનાં સર્વે કાર્યોની અંદર વ્યાપક બુદ્ધિના તત્ત્વ તરીકે દેખાતી અને આખા વિશ્વને પોતાનામાં સમાવતી ચેતના જ સાક્ષીરૂપ છે. એ વિરાટ સાક્ષીને બાહ્ય અને આંતર બંને જગત તેના પોતાના જ સક્રિય, શાશ્વત, અને વાસ્તવિક જીવન તરીકે દેખાય છે, યા તો પોતાનામાંથી ઉદ્‌ભવેલ અને જ્ઞાનની કે પછી ચિત્‌શક્તિની ક્રિયાવડે પોતાની અંદર વિલય પામનાર, યા તો પોતાનામાંથી જન્મનાર ક્રિયા તરીકે દેખાય છે. પિણ્ડધારી મન નહિ, પરંતુ શાંત અને શાશ્વત એવું જે તત્ત્વ પૃથ્વી અને સચેતન માનવ દેહ આ બન્નેની પાછળ સરખી રીતે આવી રહેલ છે, અને મન અને ઈન્દ્રિયરૂપી કરણો વિના જે ચલાવી લઈ શકે તેમ છે તે જ વિરાટ સત્તાનો સાક્ષી છે અને પ્રભુ છે.

જ્ઞાનપ્રાપ્તિનાં વધુ મુલાયમ રીતનાં કરણોની શક્યતાની પેઠે મનુષ્યજાતિમાં વિશ્વચેતનાના આવિર્ભાવની શક્યતા આધુનિક માનસશાસ્ત્ર ધીરે ધીરે સ્વીકારતું જાય છે, અને છતાં, વિશ્વચેતનાની ઉપયોગિતા અને શક્તિનો સ્વીકાર કરીને પણ તેને હજી ભ્રમ તરીકે ગણવામાં આવે છે. પૂર્વના પ્રદેશોના માનસશાસ્ત્રમાં વિશ્વચેતનાને એક વાસ્તવિકતા તરીકે સ્વીકારવામાં આવે છે, અને તે ચેતના આપણા આત્માની પ્રગતિના મિત્ર તરીકે સ્વીકારાઈ છે. અહંકારે આપણા ઉપર જમાવેલ મર્યાદાઓને ઓળંગવી અને જે આત્મજ્ઞાન ગુપ્ત રીતે દરેક જીવનમાં અને આપણને દેખાતા જડ પદાર્થોમાં પણ અપ્રગટ રૂપે આવી રહેલ છે તેની સાથે એકતા સાધવી, બલ્કે તેમાં ભાગ લેવો, એ જ વિશ્વ ચેતનાને પહોંચવાનો મુખ્ય રસ્તો છે.

આપણે વિરાટ ચેતનામાં પ્રવેશ કરીએ તો તેની પોતાની માફક વિશ્વજીવન વિષે વિચારતા રહી શકીએ. ત્યાર પછી-કારણ કે આપણી ચેતનાની બધી જ વ્યાખ્યાઓ બલ્કે ઈન્દ્રિયગ્રાહ્ય અનુભવો પણ બદલાવા માંડે છે-આપણે પદાર્થમાત્રને એક સત્ તરીકે અનુભવીએ છીએ, સ્થૂલ પદાર્થને દ્રવ્યનાં જુદાં જુદાં રૂપો તરીકે ઓળખીએ છીએ, અર્થાત્ પદાર્થતત્ત્વ પોતે જ પોતામાંથી જુદું પડી જુદે જુદે રૂપે પ્રગટ થાય છે, અને ફરીને પાછું દેહનાં કરણો વડે પોતાનાં એ અસંખ્ય રૂપો જોડે સંબંધ સ્થાપન કરે છે. મન તેમજ પ્રાણને પણ આપણે એક વિરાટ તત્ત્વ તરીકે, પોતામાંથી

તેજોમય મસ્તકમાં, કે જેને આપણે પૃષ્ઠસ્થ તત્ત્વ કહીએ છીએ તેમાં અનુભૂતિનું ખરેખર સ્વામી હોતું નથી પણ તેનું એક કરણ જ હોય છે. એ વ્યવહારુ રીતે જગતના આત્મા તથા આત્મતત્ત્વ સાથે એકરૂપ હોતું નથી પરંતુ એને થતી જગતની અનુભૂતિ દ્વારા તેના પ્રતિ ખુલ્લું હોય છે. પૃષ્ઠસ્થ આત્મા વસ્તુઓના રસ વિષે અંતર્મુખ રીતે સભાન હોય છે અને સર્વ સંપર્કોમાં તે એકસરખો આનંદ અનુભવતો હોય છે. એ વળી સપાટી પરના કામનામય આત્માનાં મૂલ્યો અને ધોરણો વિષે સભાન પણ હોય છે અને તેની પોતાની સપાટી ઉપર, સપાટી પરના આત્માને થાય છે તેને મળતાં સુખ, દુઃખ અને ઉપેક્ષાના સંસ્પર્શોને ઝીલતો રહે છે, પણ એ સર્વમાં એકસરખો આનંદ લેતો રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણી ભીતરમાં રહેલો આપણો સાચો આત્મા પોતાને થતા સર્વ અનુભવોનો આનંદ લેતો રહે છે, એ અનુભવોમાંથી બળ, આનંદ અને જ્ઞાન મેળવતો રહે છે, અને તે દ્વારા પોતાના ભંડારમાં અને સમૃદ્ધિમાં વૃદ્ધિ કરતો રહે છે. આપણામાં આ જે સાચો આત્મા છે તે જ આપણા સંકોચશીલ કામનામય મનને જે વસ્તુ દુઃખદાયક લાગતી હોય છે તેને સહન કરવાની એ મનને ફરજ પાડતો રહે છે, એટલું જ નહિ, એ દુઃખદાયક વસ્તુને ખોજવાની અને તેમાં આનંદ લેવાની ફરજ પાડે છે, અને વળી એવી જ રીતે ફરજ પાડીને જે વસ્તુ એ કામનામય મનનાં મૂલ્યોને આનંદદાયક લાગતી હોય છે તેનો ત્યાગ કરાવે છે, એ કામનામય મનનાં મૂલ્યોને હળવાં કરી આપે છે અથવા તો ઊલટાવી પણ નાખે છે, વસ્તુઓને ઉપેક્ષાભાવમાં એકસમાન કરાવી લે છે અથવા તો આનંદમાં, અસ્તિત્વની વિવિધતાના આનંદમાં એકસમાન કરાવી લે છે. અને આ વસ્તુ તે કરે છે તેનું કારણ એ છે કે વિશ્વરૂપ તત્ત્વ તેને હરેક રીતના અનુભવો દ્વારા વિકાસ પામવા માટે, પ્રકૃતિમાં પોતાની વૃદ્ધિ સાધવા માટે પ્રેરતું હોય છે. આમ જો ન થાય તો પછી, આપણે જો માત્ર સપાટી પરના કામનામય આત્મા દ્વારા જ જીવતા રહીએ તો, આપણે આપણામાં વનસ્પતિ કે પથ્થરના કરતાં વિશેષ ફેરફાર સાધી શકીએ કે આગળ વધી શકીએ એમ બનતું નથી. આ વનસ્પતિ કે પથ્થરની નિષ્ક્રિયતામાં અથવા તો તેના અસ્તિત્વના નિત્ય ક્રમમાં, ત્યાં સપાટી ઉપરની કશી સભાનતા હોતી નથી એટલે, વસ્તુઓમાં રહેલા ગુપ્ત આત્માની પાસે એવું કોઈ સાધન હોતું નથી કે જે દ્વારા તે જીવનને, જે ચોક્કસ થઈ ગયેલા અને સાંકડા ઢાળમાં તે જન્મેલું હોય છે તેમાંથી તેને બચાવીને બહાર લઈ આવી શકે.

કામનામય આત્માને જો તેના પોતાના ઉપર જ છોડી દેવામાં આવે તો તે સદાકાળ એના એ જ ચીલાઓમાં ફર્યા કરે તેમ છે.

પ્રાચીન તત્ત્વદર્શનો મુજબ સુખ અને દુઃખ તે બૌદ્ધિક સત્ય અને અસત્યની માફક, શક્તિ અને અશક્તિ તથા જન્મ અને મૃત્યનુ માફક અવિચ્છેદ્ય જેવાં છે. એટલે એ દર્શનો મુજબ, એમાંથી છૂટી જવા માટે જગત્-સ્વરૂપ તરફથી આવતી ઉત્તેજનાઓ પ્રત્યે સંપૂર્ણ ઉપેક્ષા રાખવી, એમને શૂન્યનો ઉત્તર આપવો એ જ એક શક્ય માર્ગ છે. પરંતુ એક વધુ સૂક્ષ્મ પ્રકારનું માનસ જ્ઞાન આપણને એમ બતાવે છે કે આ દૃષ્ટિ અસ્તિત્વની માત્ર સપાટી પરની હકીકતો ઉપર જ મંડાયેલી છે અને આ પ્રશ્નની જે જે શક્યતાઓ છે તે બધી ખરી રીતે આટલામાં જ સમાપ્ત થઈ જતી નથી. સાચા આત્માને સપાટી પર લાવીને આપણે સુખ અને દુઃખના અહંકારપ્રધાન ધોરણેને બદલે એક સમાનરૂપ, સર્વ-આશ્લેષક, વ્યક્તિગત તેમ જ અવ્યક્તિગત આનંદની સ્થાપના કરી શકીએ છીએ. પ્રકૃતિનો પ્રેમી જ્યારે ઘૃણા કે ભય કે માત્ર ગમા અને અણગમાનો સ્વીકાર કર્યા વિના પ્રકૃતિના સર્વ પદાર્થોમાં વ્યાપક રીતે આનંદ લેતો હોય છે, બીજાઓને જે વસ્તુ હીન અને ક્ષુદ્ર લાગતી હોય, શુષ્ક અને જંગલી, ભયંકર અને જુગુપ્સાપ્રેરક લાગતી હોય તેમાં તે સૌન્દર્ય જોતો હોય છે ત્યારે તે આ જ વસ્તુ કરતો હોય છે. કળાકાર તેમ જ કવિ, સામાન્ય માણસ જે જે વસ્તુઓ તરફથી પાછો ફરી જતો હોય છે તથા જે વસ્તુઓ પ્રત્યે તે આનંદના ભાવથી આસક્ત રહેતો હોય છે તે વસ્તુને રસલક્ષી ભાવથી યા તો સૌન્દર્યની સ્થૂલ રેખાથી કે સૌન્દર્યના મનોમય રૂપથી યા તો આંતરિક ભાવ અને શક્તિથી પ્રેરાઈને સમાન ભાવે તેમનો વિશ્વરૂપ રસ શોધતા હોય છે ત્યારે તેઓ આ જ વસ્તુ કરતા હોય છે. જ્ઞાનનો શોધક, પ્રભુનો પ્રેમી કે જે પોતાના પ્રેમપાત્રને સર્વત્ર જોઈ રહ્યો હોય છે, આધ્યાત્મિક પુરુષ, બૌદ્ધિક માણસ, ઈન્દ્રિયાનુરાગી કે સૌન્દર્યરસિક માણસ આ બધા પોતપોતાની રીતે આ જ વસ્તુ કરતા હોય છે અને એમણે, તેઓ પોતે જે જ્ઞાન, જે સૌન્દર્ય, આનંદ કે પ્રભુને શોધી રહ્યા હોય છે તેને સર્વભાવે મેળવવાં હશે તો, આ જ વસ્તુ કરવાની રહે છે. એ તો આપણા જે ભાગોમાં નાનકડો અહં આપણા કરતાં અતિશય બળવાન હોય છે ત્યાં આગળ આ દિવ્ય સિદ્ધાંતને લાગુ પાડવો, આપણા લાગણીઓના કે સ્થૂલ શરીરના આનંદ અને વેદનામાં, જીવનનાં આપણાં સુખ અને દુઃખમાં, કે જેની આગળ

આપણામાંનો કામનામય આત્મા સાવ દુર્બળ અને કાયર બની જતો હોય છે,ત્યાં આ દિવ્ય સિદ્ધાંતનો પ્રયોગ કરવો એ વસ્તુ અતિ મુશ્કેલ બની જતી હોય છે અને ઘણાઓને એ વસ્તુ અશક્ય અથવા તો રાક્ષસી અને ઘૃણાજનક લાગતી હોય છે. અહીં અહંકારનું અજ્ઞાન અવૈયિક્તિકતાના તત્ત્વનો સ્વીકાર કરતાં પાછું હઠી જતું હોય છે, જો કે વિજ્ઞાનમાં, કળામાં તેમ જ અમુક રીતના અપૂર્ણ આધ્યાત્મિક જીવનમાં એ સિદ્ધાંતનો પ્રયોગ કરવામાં તેને બહુ મુશ્કેલી પડતી નથી, કારણ કે એ ક્ષેત્રોમાં અવૈયક્તિકતાનો નિયમ સપાટી પરના કામનામય આત્માએ સેવેલી ઈચ્છાઓ ઉપર કોઈ હુમલો લઈ જતો નથી તેમ જ સપાટી પરના મને નક્કી કરેલાં ઈચ્છાનાં મૂલ્યો ઉપર, કે જેમાં આપણું બાહ્ય જીવન બહુ જ પ્રબળ રીતે રસ લેતું હોય છે તેના ઉપર પ્રહાર કરતો નથી. આ બધી કૈંક વધુ મુક્ત અને ઊર્ધ્વ પ્રકારની ક્રિયાઓમાં આપણી પાસે માત્ર એક મર્યાદિત અને વિશિષ્ટ રીતની સમતા અને અવૈયક્તિકતા ચેતના અને પ્રવૃત્તિના અમુક ખાસ ક્ષેત્ર પૂરતી જ માગવામાં આવતી હોય છે. અને એમાં આપણા વ્યવહારુ જીવનનો અહંપ્રધાન પાયો આપણી પાસે ટકી જ રહેતો હોય છે. જીવનની નીચલી ક્રિયાઓમાં જો આપણે અવૈયક્તિકતાને સ્થાન કરી આપવું હશે તો તે માટે આપણા જીવનનો આખોયે પાયો બદલી નાખવાનો રહે છે, અને એ બધું કામનાયમય આત્માને અશક્ય લાગે છે.

આપણામાં જે સાચો આત્મા રહેલો છે-આપણે એને માટે પૃષ્ઠસ્થ વિશ્લેષણ વાપર્યું છે, પણ એ શબ્દ ખોટી દિશામાં લઈ જનારો છે, કેમકે આ જે હાજરી છે તે જાગ્રત મનના ઉમરાની હેઠળ આવેલી નથી પરંતુ એ તો અજ્ઞાનમય એવાં મન, પ્રાણ અને શરીરના જાડા પડદાની પાછળ આવેલા અંતરતમ હૃદયના મંદિરમાં જલતી હોય છે,-આ જે આવરણ પામેલું ચૈત્ય તત્ત્વ છે એ તો આપણી ભીતર સદાયે પ્રજ્વલિત એવી પ્રભુની જ્વાલા છે, કે જેને આપણી બાહ્ય પ્રકૃતિને ઢાંકી રહેલા આધ્યાત્મિક સ્વરૂપની ગાઢ અચેતનતા પણ બુઝાવી શકતી નથી. એ જ્વાલા પ્રભુમાંથી જન્મેલી છે, અને અવિદ્યાની અંદર વસતા એક તેજોમય તત્ત્વ તરીકે, ત્યાં વૃદ્ધિ પામી રહેલી છે અને છેવટે જતાં તે અવિદ્યાને જ્ઞાન પ્રત્યે વાળી શકે છે. એ પ્રભુ-જ્વાલા તે આપણામાં રહેલો એવો સાક્ષી અને નિયંત્રક છે, સંતાયેલો એવો ભોમિયો છે. સૉક્રેટીસનો એ દેવતા (Daemon) છે, ગુહ્ય યોગીનો એ આંતર પ્રકાશ કે આંતર અવાજ છે. જે એક વસ્તુ આપણામાં જન્મે જન્મે ટકી રહેનારી છે, આપણામાં જે એક અવિનાશી તત્ત્વ છે, જેને મૃત્યુનો, જરાનો કે વિકારનો સ્પર્શ થતો

નથી, પ્રભુનો જે અવિનાશી એવો સ્ફુલિંગ છે તે એ છે. એ પેલું અજન્મા એવું આત્મતત્ત્વ કે આત્મા નથી, કેમકે એ આત્મા વ્યક્તિના અસ્તિત્વ ઉપર અધ્યક્ષ તરીકે કામ કરતો હોય છે ત્યારે પણ તે પોતાની વિશ્વરૂપતા અને પરાત્પરતા વિષે હંમેશાં સભાન હોય છે. પણ આપણામાં આ જે તત્ત્વ રહેલું છે તે પ્રકૃતિના રૂપોમા આવી રહેલો પેલા અજન્મા આત્માનો પ્રતિનિધિ છે, એ વ્યક્તિરૂપ આત્મા છે, ચૈત્ય પુરુષ છે, મન, પ્રાણ અને શરીરને તે ટેકો આપી રહેલો છે. આપણામાં રહેલા મનોમય, પ્રાણમય અને સૂક્ષ્મ પ્રકારના શારીરિક સ્વરૂપની પાછળ તે ઊભેલો છે, તેમનું અવલોકન કરી રહેલો છે અને તેમના વિકાસ અને અનુભવમાંથી પોતે લાભ પામી રહેલો છે. માણસમાં રહેલી આ બીજી પુરુષ-શક્તિઓ, એના સ્વરૂપનાં આ સ્વરૂપો, એ પણ તેમના સાચા તત્ત્વ રૂપે તો આવરણમાં જ રહેલાં છે, પણ તે પોતામાંથી કામચલાઉ વ્યક્તિત્વોને બહાર લઈ આવતાં રહે છે, અને એ વ્યક્તિત્વોમાંથી આપણું બાહ્ય વ્યક્તિત્વ રચાય છે અને એમનું જે એકત્રિત બનેલું સપાટી પરનું કાર્ય તથા અવસ્થાનો જે દેખાવ છે તેને આપણે આપણી જાત તરીકે ઓળખીએ છીએઃ આ પેલું અંતરતમ તત્ત્વ પણ, કે જે આપણામાં ચૈત્ય પુરુષ તરીકેનું રૂપ ધારણ કરે છે તે પણ એક ચૈત્ય વ્યક્તિત્વને પોતાનામાંથી બહાર લઈ આવે છે અને એ વ્યક્તિત્વ પ્રત્યેક જન્મમાં બદલાતું રહે છે, વૃદ્ધિ પામતું રહે છે, વિકાસ પામતું રહે છે; કેમકે આ ચૈત્ય પુરુષ તે જન્મ અને મૃત્યુની વચ્ચે અને મૃત્યુ અને જન્મની વચ્ચે યાત્રા કરી રહેલો પ્રવાસી છે, અને આપણી પ્રકૃતિના જે ભાગો છે એ તો એનું માત્ર એક બહુવિધ રીતનું અને પલટાતું એવું વસ્ત્ર છે. ચૈત્ય પુરુષ પ્રથમ તો મન, પ્રાણ અને શરીર દ્વારા માત્ર એક ગુપ્ત પ્રકારનું, અને અંશતઃ અને પરોક્ષ એવું જ કાર્ય કરી શકે છે, કેમકે પ્રકૃતિના આ જે ભાગો છે તેમને જ એ ચૈત્ય પુરુષની આત્માભિવ્યક્તિ માટેનાં સાધનો તરીકે વિકસાવવાનાં છે અને એમની વિકાસની ક્રિયામાં જ ચૈત્ય પુરુષ લાંબો વખત બંધાયેલો રહે છે. અવિદ્યામાં રહેલા મનુષ્યને દિવ્ય ચેતનાના પ્રકાશ પ્રત્યે દોરી જવાનું કાર્ય એ ચૈત્ય પુરુષને સોંપવામાં આવેલું છે, અને તેથી તે અવિદ્યામાં રહ્યાં રહ્યાં થતા સર્વ અનુભવોનો સાર લઈને તેમાંથી પ્રકૃતિમાં આત્માના વિકાસનું એક બીજ રચે છે; અને બાકીની વસ્તુઓને આ કરણોના ભાવિ વિકાસ માટેની સામગ્રી તરીકે પલટી નાખે છે, અને આ કરણો પ્રભુની તેજોમય કરણસામગ્રી બની રહે ત્યાં સુધી એ સામગ્રી તેણે વાપરવાની રહે છે. આ જે ગુપ્ત એવું ચૈત્ય તત્ત્વ છે તે જ આપણામાં રહેલી આદિમ ચેતના છે, નીતિવાદીએ રચેલી અને રૂઢ રીતની ચેતના કરતાં એ વધારે

ઊંડી ચેતના છે, કેમકે એ ચેતના જ સત્ય અને ઋત અને સૌન્દર્ય પ્રત્યે, પ્રેમ અને સંવાદિતા અને આપણામાં જે જે દિવ્ય શક્યતા રૂપે રહેલું છે તેના પ્રતિ આંગળી ચીંધતી રહે છે, અને આ બધી વસ્તુઓ આપણી પ્રકૃતિની મુખ્ય આવશ્યકતા ન બની રહે ત્યાં સુધી તે કાર્ય કરતી જ રહે છે. આપણામાં રહેલી આ ચૈત્ય વ્યક્તિતા જ સંત રૂપે, મુનિ રૂપે, દ્રષ્ટા રૂપે ખીલી ઊઠે છે; એ જ્યારે તેની પૂર્ણ શક્તિમાં પહોંચે છે ત્યારે તે આપણા સ્વરૂપને આત્મા અને પ્રભુના જ્ઞાન પ્રત્યે વાળી આપે છે, પરમ સત્ય પ્રત્યે, પરમ શુભ પ્રત્યે, પરમ સૌન્દર્ય, પ્રેમ અને આનંદ પ્રત્યે, દિવ્ય શિખરો અને વિશાળતાઓ પ્રત્યે વાળી આપે છે, અને આપણને આધ્યાત્મિક સહાનુભૂતિ, વિશ્વરૂપતા, એકત્વના સ્પર્શ પ્રત્યે ખુલ્લા કરી આપે છે. આથી ઊલટું જ્યાં આગળ ચૈત્ય વ્યક્તિતા દુર્બળ હોય છે, અણઘડ અથવા તો ખરાબ રીતે વિકાસ પામેલી હોય છે ત્યાં આગળ, આપણું મન ભલે શક્તિશાળી અને તેજસ્વી હોય, પ્રાણમય ઊર્મિઓનું હૃદય ભલે કઠણ અને બળવાન અને સત્તાશીલ હોય, પ્રાણ-શક્તિ ભલે આધિપત્ય ધરાવતી અને સફળ નીવડતી હોય, શરીરનું જીવન સમૃદ્ધ અને ભાગ્યશાળી અને દેખીતી રીતે માલિક અને વિજેતા તરીકેનું હોય ત્યારે પણ આપણામાં રહેલા સૂક્ષ્મ ભાગો અને ક્રિયાઓનો ઉદય થવાનો હજી બાકી હોય છે અથવા તો તેમનું સ્વરૂપ અને શક્તિ દરિદ્ર હોય છે. એવી અવસ્થામાં પછી બાહ્ય રીતનો કામનામય આત્મા, કામચલાઉ ચૈત્ય તત્ત્વ રાજ્ય કરતું હોય છે અને ચૈત્ય પુરુષ તરફથી આવતાં સૂચનો અને અભીપ્સાને તે જે ખોટી રીતે ઘટાવી આપતો હોય છે તેને, એ કામનામય આત્માના વિચારો અને આદર્શોને, તેની ઈચ્છાઓ અને ઝંખનાઓને આપણે આપણા આધ્યાત્મિક અસ્તિત્વની આત્મ-સામગ્રી અને સમૃદ્ધિ તરીકે ભૂલથી ગણી લઈએ છીએ.* આ

---

* આપણી સામાન્ય ભાષામાં 'ચૈત્ય-ચૈતસિક' (psychic) શબ્દનો ઉપયોગ સાચા ચૈત્ય પુરુષ માટે નહિ પણ ઘણી વાર આ કામનામય આત્માના સંબંધમાં થતો હોય છે. એથીયે વધુ શિથિલતાપૂર્વક એ શબ્દ એક અવ-સામાન્ય યા તો સામાન્યાતીત પ્રકારની મનોદેશીય અને બીજી ઘટનાઓ માટે વપરાતો રહે છે, કે જે વસ્તુઓ ખરેખરી રીતે તો આંતર મન અને આંતર પ્રાણની સાથે, આપણામાં પૃષ્ઠસ્થ રહેલા સૂક્ષ્મ પ્રકારના સ્થૂલ સ્વરૂપ સાથે સંકળાયેલી હોય છે અને તે ચૈત્ય તત્ત્વની જરા પણ સીધી ક્રિયાઓ હોતી નથી. સ્થૂલીકરણ તથા સૂક્ષ્મીકરણ જેવી ઘટનાઓનો પણ આ શબ્દના અર્થમાં સમાવેશ કરી લેવાતો હોય છે. એ ઘટનાઓને જોકે સાચી તરીકે સ્થાપિત કરવામાં આવે તોપણ તે દેખીતી રીતે જ આત્માની ક્રિયા હોતી નથી અને ચૈત્ય તત્ત્વના સ્વરૂપ કિંવા અસ્તિત્વ વિષે તે કશો પ્રકાશ નાખી શકતી હોતી નથી. આવી ઘટનાઓ તો વસ્તુઓના સ્થૂલ સ્વરૂપની સામાન્ય અવસ્થામાં પ્રવેશ કરતી અને ગુહ્ય સૂક્ષ્મ-પ્રકારની સ્થૂલ શક્તિનું જ એક અવ-સામાન્ય કાર્ય હોય છે, અને એમાં એ સૂક્ષ્મ-સ્થૂલ શક્તિ વસ્તુઓના સ્થૂલ શરીરને એ શરીરની પોતાની સૂક્ષ્મ અવસ્થામાં ફેરવી નાખતી હોય છે અને પાછી તેને સ્થૂલ જડતત્ત્વના રૂપમાં રચી આપી હોય છે.

ગુપ્ત ચૈત્ય પુરુષ જો આગળના ભાગમાં આવી શકે અને કામનામય આત્માને બદલે તે પોતે મન, પ્રાણ અને શરીરની આ બાહ્ય પ્રકૃતિ ઉપર, માત્ર અંશતઃ અને પડદા પાછળથી નહિ, પણ પ્રગટ રીતે અને સંપૂર્ણપણે શાસન સ્થાપી શકે તો પછી આ મન, પ્રાણ અને શરીરને સત્ય ઋત અને સુંદરનાં તત્ત્વોની આત્મ-પ્રતિકૃતિઓના રૂપમાં ઢાળી શકાશે અને અંતે જતાં આખીયે પ્રકૃતિને જીવનના સાચા લક્ષ્ય પ્રત્યે, અંતિમ વિજય પ્રત્યે, આધ્યાત્મિક અસ્તિત્વમાં પહોંચવાના આરોહ પ્રત્યે વાળી શકાશે.

પરંતુ એમ લાગશે કે આપણે જો આ ચૈત્ય તત્ત્વને, આપણામાંના આ સાચા તત્ત્વને અગ્રભાગમાં લઈ આવીશું અને તેને ત્યાં નેતા અને શાસકનું સ્થાન આપીશું તો પછી આપણા નૈસર્ગિક સ્વરૂપની આપણે જે જે પૂર્ણતા માગી શકીએ છીએ તે બધી આપણને મળી રહેશે અને આપણે આત્માના રાજ્યના દરવાજા પણ ખોલી લઈશું. અને એમ પણ બરાબર વિચાર કરી શકાશે કે આપણને દિવ્ય અવસ્થા યા તો દિવ્ય પૂર્ણતા મેળવવામાં મદદરૂપ થવા માટે આના કરતાં કોઈ વધુ ઉચ્ચ પ્રકારની ઋત-ચેતના કે અતિમનસના તત્ત્વને વચ્ચે લઈ આવવાની જરૂર રહેશે નહિ. આમ છતાં, આપણા અસ્તિત્વના પૂર્ણ રૂપાંતર માટે ચૈત્ય રૂપાંતર થાય એ જરૂરી પરિસ્થિતિ છે તોપણ, પેલા વિશાળમાં વિશાળ આધ્યાત્મિક પરિવર્તન માટે માત્ર આટલી જ વસ્તુ જરૂરની છે એમ નથી. પહેલું તો એ કે, આ ચૈત્ય પુરુષ પ્રકૃતિમાં રહેલા વ્યક્તિરૂપ આત્મા છે, એટલે તે આપણા સ્વરૂપની જે છુપાયેલી અને વધુ દિવ્ય કક્ષાઓ છે તે પ્રત્યે ખુલ્લો થઈ શકે છે અને તેમના પ્રકાશ અને શક્તિ અને અનુભૂતિને તે ઝીલી શકે છે અને તેમનું પ્રતિબિંબ બહાર ફેંકી શકે છે, પરંતુ આપણા સ્વરૂપને આપણે તેની વિશ્વરૂપતામાં અને પરાત્પરતામાં પ્રાપ્ત કરવાને માટે એક બીજા, ઉપરથી બની આવતા આધ્યાત્મિક રૂપાંતરની જરૂર રહે છે. અમુક અવસ્થાએ ચૈત્ય પુરુષ સત્ય, શિવ અને સુંદરની એક રચના કરી લઈને પોતે એકલો એકલો સંતુષ્ટ રહી શકે છે અને તેમાં પોતે બેસી જઈ શકે છે; એ પછીની થોડી વધુ આગળની અવસ્થાએ તે શાંત ભાવે વિશ્વરૂપ-આત્માને આધીન બની રહી શકે છે; એ પછીની થોડી વધુ આગળની અવસ્થાએ તે શાંત ભાવે વિશ્વરૂપ-આત્માને આધીન બની રહી શકે છે, વિશ્વરૂપ એવા અસ્તિત્વનું, વિશ્વરૂપ એવી ચેતના, શક્તિ, આનંદનું દર્પણ બની શકે છે, પરંતુ તે બધામાં તે સંપૂર્ણ ભાગીદાર કે તેનો ધારણ કરનાર બની શકતો નથી. આ ચૈત્ય પુરુષ વિશ્વરૂપ ચેતના સાથે જ્ઞાનની અંદર, ભાવની અંદર, અને ઇન્દ્રિયો દ્વારા થતા

રસાસ્વાદમાં પણ વધારે નિકટ ભાવે અને રોમાંચક રીતે એકરૂપ થઈને રહેતો હોય છે તોપણ તે માત્ર એક નર્યો ગ્રહણ કરનાર અને નિષ્ક્રિય રૂપનો જ રહી શકે છે, પ્રભુત્વથી તથા જગતમાંના કર્મથી તે દૂર દૂર જ રહી શકે છે; અથવા તો તે વિશ્વની પાછળના સ્થિર આત્મા સાથે એકરૂપ બનીને, પરંતુ જગતના પ્રવાહથી આંતરિક રીતે અલગ રહીને, પોતાના વ્યક્તિત્વને તેના આદિ મૂળમાં લય પમાડીને, એ આદિ મૂળમાં પાછો પહોંચી જઈ શકે છે, અને અહીં જગતમાં આવવા માટેનું તેનું જે અંતિમ મહાકાર્ય હતું, પ્રકૃતિને તેના દિવ્ય સાક્ષાત્કાર પ્રત્યે લઈ જવાનું, તે કાર્ય માટે તેનામાં કઈ વિશેષ સંકલ્પ રહે જ નહિ કે તે માટે કોઈ વિશેષ શક્તિ રહે જ નહિ એમ બની શકે છે. કેમકે, ચૈત્ય પુરુષ પ્રકૃતિમાં પરમ આત્મતત્ત્વમાંથી, પરમાત્મામાંથી આવેલો હતો અને એ આત્મતત્ત્વની નીરવતામાં થઈને તથા એક પરમ આધ્યાત્મિક નિષ્ક્રિયતા પ્રાપ્ત કરીને તે પ્રકૃતિમાંથી નીકળીને નીરવ પરમાત્મા પ્રત્યે પાછો વળી શકે છે. વળી, એ ચૈત્ય પુરુષ પ્રભુનો એક શાશ્વત અંશ છે.* એટલે, આ ભાગ અનંતતાના નિયમ મુજબ પ્રભુના સમગ્ર રૂપમાંથી છૂટો ન પાડી શકાય તેવો છે, આ ભાગ ખરેખર પેલા સમગ્ર રૂપ પ્રભુ જ છે, હા, એના બહારના દેખાવમાં ને બાહ્ય સ્વરૂપમાં તેને જે અલગ રીતે અનુભૂતિ થાય છે તેમાં તે એવો નથી હોતો; એટલે તે એ પરમ તત્ત્વની વાસ્તવિકતા પ્રત્યે જાગ્રત થઈ શકે છે અને તેમાં ભૂસકો મારીને દેખીતી રીતનો વિલય પામી શકે છે, કાંઈ નહિ તો તેનું વ્યક્તિરૂપ અસ્તિત્વ તેમાં ઓગળી જઈ શકે છે. આપણી અજ્ઞાનમય પ્રકૃતિના મહાસમૂહમાં તે એક નાનકડા બીજ જેવો છે, એટલે ઉપનિષદમાં તેનું વર્ણન તે મનુષ્યના અંગુષ્ઠ માત્રથી વધુ મોટો નથી એવું કરવામાં આવ્યું છે, અને આવો બીજ રૂપ તે આધ્યાત્મિક પ્રવાહને પોતામાં ઝીલીને પોતાની જાતને વિશાળ કરી શકે છે અને જગત સાથે નિકટ વ્યવહારમાં કે એકત્વમાં રહીને હૃદય અને મન દ્વારા તે આખાયે જગતને ભેટી શકે છે. અથવા તો તે પોતાના શાશ્વત સાથી વિષે સભાન બની શકે છે અને શાશ્વત પ્રેમી પોતાની શાશ્વત પ્રિયતમા સાથે રહેતો હોય તેમ, તેની સાથે એક અવિનાશી મિલનમાં અને અદ્વૈતમાં તેના સાંનિધ્યમાં સદાને માટે રહેવાનું પસંદ કરી શકે છે, અને આ અનુભૂતિ સર્વ આધ્યાત્મિક અનુભૂતિઓમાં સૌન્દર્ય અને આનંદની રીતે સૌથી વધુ તીવ્ર હોય છે. આપણને આપણો આધ્યાત્મિક આત્મ-

* ગીતા

સાક્ષાત્કાર થાય તેની આ બધી મહાન અને ભવ્ય સિદ્ધિઓ છે, પરંતુ આ જ ખરેખર છેવટનો અંત છે અને પૂર્ણ સિદ્ધિ છે એમ નથી, આથીયે વધુ શક્ય રહેલું છે.

કેમકે આ બધું જે છે તે માણસમાં રહેલા આધ્યાત્મિક મનની સિદ્ધિઓ છે. આ મન પોતાથી ઉપર, આત્માની તેજોમય સમૃદ્ધિઓમાં ચાલ્યું જાય, પણ તે તેના પોતાના સ્તર ઉપર રહીને જ, તેની આ બધી ગતિઓ છે. મન, આપણી વર્તમાન મનોમયતાથી ખૂબ દૂર દૂરની ઊંચામાં ઊંચી અવસ્થાઓમાં પણ, હજી તેની પ્રકૃતિમાં ભેદ દ્વારા કામ કરતું રહે છે. તે શાશ્વતનાં જુદાં જુદાં પાસાંઓને લે છે અને એ દરેક પાસું તે શાશ્વત પરમાત્માનું સમગ્ર સત્ય હોય તેમ ગણે છે અને એ પ્રત્યેકની અંદર પોતાની પૂર્ણ સિદ્ધિ પામી શકે છે. મન આ પાસાંઓને સામસામી રીતે પણ ગોઠવી લે છે અને આ વિરોધી તત્ત્વોની એક આખી હારમાળા બનાવી લે છે, પ્રભુની નીરવતા અને દિવ્ય સક્રિયતા, અસ્તિત્વથી અલગ એવું નિષ્ક્રિય બ્રહ્મ, ગુણો વિનાનું, અને ગુણોવાળું સક્રિય બ્રહ્મ, અસ્તિત્વનું સ્વામી, સત્ રૂપ અને સંભવન રૂપ (ભૂતિ અને સંભૂતિ), દિવ્ય પુરુષ અને એક અવૈયક્તિક શુદ્ધ સત્ તત્ત્વ. અને પછીથી તે આમાંથી એક સ્વરૂપમાંથી પોતાને કાપીને અલગ કરી લઈ શકે છે ને બીજાની અંદર, એ જ અસ્તિત્વનું એકમાત્ર શાશ્વત સત્ય હોય તેમ તેમાં, ભૂસકો મારી શકે છે. એ પુરુષને એકમાત્ર વાસ્તવિકતા તરીકે ગણી શકે છે અથવા તો અવૈયક્તિક-અપૌરુષેય એ જ માત્ર સાચું હોય તેમ ગણી શકે છે; પ્રેમીને તે શાશ્વત પ્રેમની અભિવ્યક્તિના માત્ર એક સાધન તરીકે ગણી શકે છે અથવા તો પ્રેમ તે પ્રેમીની માત્ર એક આત્મ-અભિવ્યક્તિ છે એમ ગણી શકે છે; સ્વરૂપો તે એક અવૈયક્તિક અસ્તિત્વની માત્ર વ્યક્તિરૂપ શક્તિઓ હોય અથવા તો અવૈયક્તિક અસ્તિત્વ તે પરમ એકરૂપ સત્ તત્ત્વની, અનંત પુરુષની માત્ર એક અવસ્થા છે એમ તે જોઈ શકે છે. મનની આધ્યાત્મિક સિદ્ધિ, પરમ લક્ષ્ય પ્રત્યેનો તેનો માર્ગ આ ભેદકારક દિશાઓમાં ગતિ કરતો રહેવાનો છે. પરંતુ આધ્યાત્મિક મનની ગતિથી ઉપર અતિમનસ ઋત-ચેતનાની ઊર્ધ્વ અનુભૂતિ રહેલી છે; ત્યાં આ વિરોધી તત્ત્વો અદૃશ્ય થઈ જાય છે અને આ આંશિકતાઓ શાશ્વત પરમાત્માના એક પરમ અને પૂર્ણ સાક્ષાત્કારની સુસમૃદ્ધ સમગ્રતામાં પીગળી જાય છે. આપણે આ પ્રમાણેના લક્ષ્યની કલ્પના બાંધેલી છે, અહીં રહેલું આપણું અસ્તિત્વ અતિમાનસ ઋત-ચેતનામાં આરોહણ પામે અને એ

અતિમાનસ ઋત-ચેતના આપણી પ્રકૃતિમાં અવતરણ પામે એ રીતે આપણા અસ્તિત્વની અંતિમ સિદ્ધિ આપણે કલ્પેલી છે. એટલે આધ્યાત્મિક પરિવર્તનમાં પહોંચ્યા પછી આપણે જે ચૈત્ય રીતનું રૂપાંતર પામીએ છીએ તેને એક અતિમાનસ રૂપાંતર દ્વારા સંપૂર્ણ કરવાનું છે, સમગ્ર કરવાનું છે, તેનાથી પર થઈ જવાનું છે, તેને ઊંચે લેવાનું છે. આ અતિમાનસ રૂપાંતર આ ચૈત્ય રૂપાંતરને આપણી આરોહણ પામતી સાધનાના શિખરે પહોંચાડી આપે છે.

અતિમાનસ ચૈતન્ય શક્તિ જેવી રીતે આવિર્ભાવ પામેલા સત્ તત્ત્વનાં બીજાં વિભાજિત અને વિરુદ્ધ તત્ત્વો વચ્ચે સંપૂર્ણ સંવાદ સ્થાપી શકે છે તેવી જ રીતે આપણા દેહધારી બનેલા અસ્તિત્વમાં આત્માની અવસ્થા અને જગતની સક્રિયતા-અવિદ્યાને કારણે માત્ર દેખીતી રીતે જ વિરોધી જણાતાં એવાં આ બે તત્ત્વો વચ્ચે સંપૂર્ણ સંવાદ તે જ માત્ર સ્થાપી શકે તેમ છે. અવિદ્યાના પ્રદેશમાં પ્રકૃતિ પોતાની ચૈતસિક ક્રિયાઓની વ્યવસ્થા, ગુપ્ત એવા આધ્યાત્મિક સ્વરૂપની આસપાસ નહિ, પરંતુ તેના બદલે મુકાયેલા અહં-તત્ત્વની આસપાસ કરતી રહે છેઃ આપણે આ જે જગતમાં જીવી રહ્યા છીએ તેના સંકુલ સંપર્કો, વિરોધો, દ્વંદ્વો અને અસંગતતાઓની વચ્ચે રહ્યાં રહ્યાં આપણા અનુભવો અને સંબંધોને ભેગા બાંધવાનું કામ આપણે અમુક અહં-કેન્દ્રિતતાના પાયા ઉપર કરતા રહીએ છીએ. આ અહં-કેન્દ્રિતતા તે વિશ્વરૂપ અને અનંત તત્ત્વની સામે આપણો સુરક્ષિતતાનો ખડક છે, એ આપણી રક્ષણની વાડ છે. પરંતુ આપણા આધ્યાત્મિક રૂપાંતરમાં આપણે આ રક્ષણની વાડ જતી કરવાની રહે છે; અહંકારે અદૃશ્ય થઈ જવાનું રહે છે, વ્યક્તિ જુએ છે કે પોતે એક વિશાળ અવૈયક્તિકતામાં ઓગળી ગઈ છે, અને આ અવૈયક્તિકતામાં આપણને પ્રથમ તો કર્મની વ્યવસ્થિત સક્રિયતા માટે કશી ચાવી મળી રહેતી નથી. એમાંથી સામાન્ય રીતે એ પરિણામ આવતું હોય છે કે આપણે સ્વરૂપના બે ભાગમાં વહેંચાઈ જઈએ છીએ, અંદરનો આધ્યાત્મિક ભાગ, બહારનો પ્રકૃતિનો ભાગ. અંદરના આધ્યાત્મિક ભાગમાં આપણને એક પૂર્ણ આંતરિક મુક્તિમાં બેઠેલો દિવ્ય સાક્ષાત્કાર મળી આવે છે, પણ પ્રકૃતિરૂપ ભાગ પ્રકૃતિના જૂના કાર્ય પ્રમાણે ચાલ્યા કરે છે, ભૂતકાળની શક્તિઓની એક યાંત્રિક ક્રિયા દ્વારા પ્રકૃતિએ આ પૂર્વે પહેલેથી આપેલી પ્રેરણા ચાલુ રહે છે. વળી, જો મર્યાદિત વ્યક્તિતાનું અને જૂની અહં-કેન્દ્રિત વ્યવસ્થાનું સંપૂર્ણ વિસર્જન થઈ જાય તોપણ, અંદરની

બાજુએ આત્માના સાન્નિધ્યમાં બધું તેજોમય હોય છે છતાં, બાહ્ય પ્રકૃતિ એક દેખીતી વિસંગતિનું ક્ષેત્ર બની રહે છે. અંદરની બાજુએ ચેતના પ્રકાશમય બનેલી હોય છે તોપણ, આપણે બાહ્ય રીતે જડ અને નિષ્ક્રિય બની જઈએ છીએ, પરિસ્થિતિ કે શક્તિઓથી સંચાલિત થતા રહીએ છીએ, પણ સ્વ-સક્રિય રહેતા નથી,* અથવા અંદરની બાજુએ એક પૂર્ણ આત્મ-જ્ઞાન ભરેલું હોય છે તોપણ આપણે બાળક જેવા બની રહીએ છીએ,** અથવા અંદરની બાજુએ એક નરી સ્વસ્થતા અને ગાંભીર્ય હોય છે તોપણ વિચાર અને વૃત્તિમાં અસંબદ્ધ બની રહીએ છીએ,# અથવા આંતરિક રીતે આપણામાં આત્માની વિશુદ્ધિ અને સ્વસ્થ દશા હોય છે તોપણ આપણે એક જંગલી અને અતંત્ર આત્મા જેવા બની જઈએ છીએ.$ અથવા બાહ્ય પ્રકૃતિમાં વ્યવસ્થિત સક્રિયતા હોય છે તો તેમાં ઉપરછલ્લા અહંકારની ક્રિયા જ ચાલુ રહેતી હોય છે, આંતર પુરુષ તેનો સાક્ષી રહેતો હોય છે પણ સ્વીકાર કરતો હોતો નથી અથવા તો માણસમાં એક એવી મનોમય સક્રિયતા હોય છે કે જે આંતરિક આધ્યાત્મિક સાક્ષાત્કારને પૂરેપૂરી અભિવ્યક્ત કરે તેવી હોઈ શકતી નથી; કેમકે મનની ક્રિયા અને આત્માની અવસ્થા એ બેની વચ્ચે શક્તિની કોઈ સમાનતા હોતી નથી. વળી જ્યાં અંદરની બાજુએથી સહજપ્રેરણા રૂપે પ્રકાશનું માર્ગદર્શન મળતું રહેતું હોય એવી ઉત્તમ અવસ્થામાં પણ કર્મની સક્રિયતામાં એ માર્ગદર્શનની અભિવ્યક્તિનું સ્વરૂપ મન, પ્રાણ અને શરીરની અપૂર્ણતાઓથી અંકિત રહી જતું જ હોય છે, એક રાજાને અસમર્થ પ્રધાનો વડે રાજ્ય કરવું પડે તેની જેમ; જ્ઞાન અહીં અવિદ્યાનાં મૂલ્યોમાં પ્રગટ થતું હોય છે. એ તો જ્યારે અતિમાનસ પોતાની ઋત-જ્ઞાન અને ઋત-સંકલ્પની સંપૂર્ણ એકતા સાથે અવતરણ પામે તો જ, એ અવતરણ જેમ આંતર અસ્તિત્વમાં આત્માની સંવાદિતતા સ્થાપતું હોય છે તેમ બાહ્ય અસ્તિત્વમાં તે સંવાદિતતા સ્થાપી શકે છે; કારણ કે એ અવતરણ જ અવિદ્યાનાં મૂલ્યોને જ્ઞાનનાં મૂલ્યોમાં પૂરેપૂરાં પલટી નાખી શકે છે.

આપણે આપણા ચૈત્ય પુરુષની જે પૂર્ણતા સાધવાની છે તેમાં, તેમ જ આપણા મન અને પ્રાણના ભાગોને તેમની જે પૂર્ણ સ્થિતિમાં લઈ જવાના છે તેમાં આપણે એ બધાંને તેમના દિવ્ય મૂળ સાથે, પરમ વાસ્તવિકતામાં રહેલા તેમની સમકક્ષાના સત્ય સાથે જોડી લેવાનાં રહે છે, આ ક્રિયા અનિવાર્ય રીતે કરવાની જ રહે છે,

---

* જડવત્ **બલવત્ # ઉન્મત્તવત્ $ પિશાચવત્

પોતાનાં અનેક રૂપો પ્રગટ કરી તે દરેકને પોતપોતાના પ્રદેશમાં છૂટાં પાડી ફરીને પાછાં પોતાને અનુકૂળ એવાં સાધનોથી તેમની જોડે સંબંધ સ્થાપન કરતું અનુભવીએ છીએ, અને જો આપણે ધારીએ તો આથી પણ આગળ જઈને વિજ્ઞાનમય સત્‌નો સાક્ષાત્કાર કરી શકીએ છીએ. એ સત્‌ને આધારે જ આખું વિશ્વ ક્રિયમાણ થઈ રહ્યું છે જ. વિશ્વના અસ્તિત્વને વળી આપણે જાણી શકીએ છીએ એટલું જ નહિ પરંતુ જાગ્રત રીતે, ઈન્દ્રિયો દ્વારા, તેમ જ ચેતના દ્વારા તેમાં પ્રવેશ કરી શકીએ છીએ. પહેલાં આપણે અહંકારમાં જેમ રહેતા હતા તે જ પ્રમાણે વિશ્વ ચેતનામાં પણ રહી શકીએ છીએ, અર્થાત્ વધારે સક્રિય બની આપણે જેને આપણી જાત કહીએ છીએ તે સિવાય અન્ય મનોમય સત્, અન્ય પ્રાણમય સત્ અને શારીરિક ચેતનાઓ જોડે આપણે વધારે ને વધારે સંબંધમાં આવી શકીએ છીએ, અને તેની સાથે એકતા પણ સાધી શકીએ છીએ. બીજાંઓના મનોમય તેમ જ નીતિમય બંધારણ, તથા અંતઃકરણ ઉપર અસર પાડી શકીએ છીએ એટલું જ નહિ, પરંતુ આપણી અહંકારમય શક્તિઓથી પર તેવી પ્રભુની દિવ્ય શક્તિની વધારે સમીપ એવા ઉપાયો વડે સ્થૂલ જગત અને તેની ઘટનાઓ ઉપર પણ અસર ઉપજાવી શકીએ છીએ.

જે માનવે આ વિરાટ ચેતનાનો અનુભવ કર્યો છે, અગર તો એમાં જ જે જીવન ધારણ કરી રહ્યો છે તેને એ વિરાટ ચેતના સ્થૂલ વાસ્તવિકતા કરતાં પણ વધારે વાસ્તવિક લાગે છે. તે પોતે વાસ્તવિક છે અને તેની અસરો અને કાર્ય પણ વાસ્તવિક હોય છે. જગત એ વિરાટ ચેતનાનો સમગ્ર આવિર્ભાવ હોવાથી વિરાટ ચેતના જગતને માટે વાસ્તવિક હોય છે, તે જ પ્રમાણે જગત પણ તેને એક વાસ્તવિકતા લાગે છે, પરંતુ એક સ્વતંત્ર સત્ તરીકે નહિ, કારણ કે ઉચ્ચ અને સ્ખલનરહિત અનુભવમાં આપણે જોઈ શકીએ છીએ કે ચેતના અને સત્ એ બન્ને એકમેકથી જુદાં નથી પરંતુ સત્ માત્ર ચેતન રૂપ છે અને ચેતના માત્ર સ્વયંભૂ સત્‌ના રૂપે સનાતન હોઈ તેનાં કાર્યો વાસ્તવિક હોય છે, અર્થાત્ તે મિથ્યા સ્વપ્ન કે ઉત્ક્રાંતિ પામનાર પદાર્થ નથી. જગત ચિન્મય છે તેથી જ વાસ્તવિક ઠરે છે. રૂપો ધારણ કરનાર સ્વયંભૂ પ્રકાશિત શક્તિથી સ્વતંત્ર એવું પાર્થિવ રૂપોનું પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ માનવું એ જ સત્યથી વિરુદ્ધ છે, ભ્રમણા છે, સ્વપ્ન અને અશક્ય જૂઠાણું છે. પરંતુ આ

અને ચૈત્ય પુરુષને અંગે છે તેમ જ અહીં મન પ્રાણમાં પણ, અતિમનસની શક્તિ દ્વારા જ એ વસ્તુ સમગ્ર પૂર્ણતાપૂર્વક થઈ શકે છે, એક નિકટતાપૂર્વક થઈ શકે છે કે જે પછી એક પ્રમાણભૂત તાદાત્મ્ય બની રહે છે; કારણ કે અતિમનસ જ પરમ અદ્વૈત રૂપ સત્ તત્ત્વના જે ઊર્ધ્વ અને નિમ્ન ગોલાર્ધો છે તેમને જોડી આપતું હોય છે. અતિમનસમાં જ પૂર્ણ સમગ્રતાનો સર્જક પ્રકાશ રહેલો છે, એમાં જ સિદ્ધિસર્જક શક્તિ રહેલી છે, પરમ આનંદમાં સધાતો વિશાળ પ્રવેશ રહેલો છેઃ ચૈત્ય પુરુષ એ પેલા પરમ પ્રકાશ અને શક્તિ દ્વારા ઊંચે ઊંચકાઈને પોતે જેમાંથી આવેલો છે તે સત્ તત્ત્વના મૂળ આનંદ સાથે પોતાની જાતને જોડી દઈ શકે છે. એ ચૈત્ય પુરુષ સુખ ને દુઃખનાં દ્વંદ્વોને જીતી લઈને, મન, પ્રાણ અને શરીરને સર્વ પ્રકારના ભય અને સંકુચનમાંથી મુક્ત કરી લઈને, જગતમાં રહેલા અસ્તિત્વના સંપર્કોને દિવ્ય આનંદના ઢાળમાં ફરીથી ઢાળી દઈ શકે છે.

પ્રકરણ ૨૪

જડતત્ત્વ

अन्नं ब्रह्मेति व्यजानात् ।

तैत्तिरीय उपनिषद् ३.२

તેને જ્ઞાન થયું કે અન્ન-જડતત્ત્વ તે બ્રહ્મ છે.

તૈત્તિરીય ઉપનિષદ ૩.૨

આપણને હવે બુદ્ધિગ્રાહ્ય રીતે એ ખાતરી મળી ચૂકી છે કે જીવન એ કોઈ ન સમજાવી શકાય તેવું સ્વપ્ન નથી અથવા તો કોઈ અશક્ય એવું અશુભ નથી કે આમ અશક્ય હોવા છતાં એક વેદનાપૂર્ણ હકીકત રૂપે બની ગયેલું છે, પરંતુ આપણે હવે જાણીએ છીએ કે જીવન એ તો દિવ્ય એવા સર્વ-અસ્તિત્વમય પરમાત્માનો એક પ્રચંડ ધબકાર છે. આપણે આ જીવનના પાયાનો તથા તેના તત્ત્વનો કાંઈક અંશ જોઈએ છીએ, આપણે એમાં રહેલી ઊર્ધ્વ શક્યતા પ્રત્યે તથા તેના અંતિમ દિવ્ય પ્રફુલ્લન પ્રત્યે દૃષ્ટિ ઉઠાવીને નજર માંડી શકીએ છીએ. પરંતુ જગતનાં અન્ય સર્વ તત્ત્વોની નીચે એક બીજું તત્ત્વ આવી રહેલું છે કે જેનો હજી આપણે પૂરતા પ્રમાણમાં વિચાર કર્યો નથી, એ છે જડતત્ત્વ. એના ઉપર જીવન એક પીઠિકા ઉપર ઊભું હોય તેમ ખડું છે અથવા તો એમાંથી, પોતાને ભીતરમાં ધારણ કરનાર બીજમાંથી એક અનેકશાખી વૃક્ષનો આકાર વિકાસ પામે છે તેની માફક, તે વિકાસ પામી રહેલું છે. મનુષ્યનાં મન, પ્રાણ અને શરીર આ સ્થૂલ તત્ત્વને આધારે રહેલાં છે અને આમ તો જીવનનું પ્રફુલ્લિત થવું એ જોકે મનની અંદર બહાર નીકળી આવતી, વિસ્તાર પામતી અને પોતાને ઊંચકીને અતિમાનસ અસ્તિત્વની વિશાળતામાં રહેલા તેના પોતાના સત્યની શોધમાં મૂકી આપતી ચેતનાનું પરિણામ છે તોપણ એ શરીર રૂપી આ કોષ દ્વારા તથા જડતત્ત્વના આ પાયા દ્વારા પરિસીમિત પણ થતું હોય એમ લાગે છે. શરીરનું મહત્ત્વ તો દેખીતું જ છે. માણસે એક ક્રમે ક્રમે વધતા જતા મનોમય જ્ઞાનને ઝીલી શકે તેવું તથા તેના માટે કામ કરી શકે તેવું શરીર અને મગજ વિકસાવ્યાં છે અથવા તેને તે આપવામાં આવેલાં છે એટલે જ તે પશુ કરતાં વધુ ઊંચે ચડી શક્યો છે. એવી જ રીતે તે જો હજી પણ વધુ ઉચ્ચ પ્રકારના પ્રકાશને ઝીલી શકે તેમ જ તે

માટે કામ કરી શકે તેવું એક શરીર વિકસાવી શકશે અથવા કાંઈ નહિ તો શરીરરૂપી કરણની ક્રિયાઓને વિકસાવી શકશે તો જ તે પોતાની જાતથી ઉપર ઊંચે ચડશે અને, માત્ર વિચારમાં અને પોતાના આંતર સ્વરૂપમાં જ નહિ પરંતુ જીવનમાં તે એક સંપૂર્ણ એવું દિવ્ય મનુષ્યત્વ સિદ્ધ કરી શકશે. આમ જો નહિ થાય તો પછી જીવન અંગેની સર્વ આશાઓ પડી ભાંગવાની છે, એના અર્થનો છેદ ઊડી જવાનો છે અને પૃથ્વી ઉપર રહેતા માનવ પ્રાણીએ જો સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર કરવો હશે તો તે માત્ર પોતાની જાતનો વિનાશ કરીને જ કરી શકશે અથવા તો તે માટે તેણે પોતામાંથી મન, પ્રાણ અને શરીરને ખેરવી નાંખવાં પડશે અને શુદ્ધ અનંતમાં પાછા ચાલ્યા જવું પડશે. અથવા તો પછી આપણે એમ સમજવું પડશે કે મનુષ્ય એ પ્રભુ માટે દિવ્ય કરણ છે નહિ, પૃથ્વી ઉપરનાં બીજાં પ્રાણીઓ કરતાં તેને જુદો પાડી આપીને સભાન રીતે પ્રગતિ કર્યે જતી એવી શક્તિને માટે વિધિએ એક મર્યાદા નિર્મેલી છે અને જેવી રીતે આ મનુષ્યે સર્વ વસ્તુઓમાં આગળ આવીને અન્ય પ્રાણીઓનું સ્થાન લીધું છે તેવી રીતે છેવટે જતાં બીજા કોઈ પ્રાણીએ આવીને તેનું સ્થાન લેવું પડશે અને તેનો વારસો હાથ કરવો પડશે.

ખરેખર, આપણને એ વસ્તુ તો દેખાય જ છે કે શરીર આત્માને માટે આરંભથી જ એક મહા મુશ્કેલી રૂપે રહેલું છે. માર્ગમાં આવી ચડતા પથ્થરની માફક તેને સતત ગબડાવી પાડતું રહેલું છે, ખડકની માફક તેની સામે વિરોધ કરતું રહેલું છે. એટલે જ પછી આધ્યાત્મિક સિદ્ધિ માટેના આતુર સાધકે શરીરની સામે પોતાનો મનાઈ હુકમ જાહેર કરી દીધેલો છે અને જગત પ્રત્યે તેને રહેલી ઘૃણા બીજી બધી વસ્તુઓમાં સૌથી વિશેષ તો આ જગત્-તત્ત્વને જ તિરસ્કારના એક ખાસ વિષય તરીકે પસંદ કરે છે. આધ્યાત્મિકતાનો આ સાધક શરીરના અંધકારમય ભારને સહન કરી શકતો નથી, શરીરની જે જિદભરેલી જડ રૂપ સ્થૂલતા છે તે તેને એક ભારણ રૂપ બની ગયેલી છે અને તેણે મુક્તિ મેળવવી હોય તો તે માટે તેને ત્યાગીના જીવન તરફ ધકેલી રહી છે. એ શરીરથી છૂટા થઈ જવા માટે તે એટલે સુધી પહોંચી ગયો છે કે એના અસ્તિત્વનો તેમ જ સ્થૂલ વિશ્વની વાસ્તવિકતાનો જ તે ઈનકાર કરે છે. ઘણાખરા ધર્મોએ જડતત્ત્વ ઉપર પોતાના અભિશાપ વરસાવેલ છે અને શરીરના જીવનનો ત્યાગ કરી દેવો અથવા તો લાચાર બનીને તેનો કામચલાઉ નિર્વાહ કરી લેવો તેને ધાર્મિક સત્યની અને આધ્યાત્મિકતાની કસોટી બનાવેલું છે. આપણાં પ્રાચીન દર્શનો વધુ ધીરજવાળાં હતાં,

તેનામાં ચિંતનની વધુ ગહનતા હતી, લોહયુગના ભાર હેઠળ દબાયેલા આત્માની યંત્રણા અને અધીરાઈના જ્વરનો તેમને સ્પર્શ થયેલો ન હતો, અને તેથી તેમણે આ ભીષણ ભેદ ઊભો કર્યો ન હતો. તેમણે પૃથ્વીને માતા રૂપે અને દ્યૌને પિતા રૂપે સ્વીકાર્યાં હતાં અને બંનેના પ્રતિ એકસરખાં પ્રેમ અને સમ્માન વ્યક્ત કર્યાં હતાં. પરંતુ એ દર્શનોની પ્રાચીન ગુહ્યતાઓ આપણી દૃષ્ટિને માટે અગમ્ય અને અતાગ બની ગયેલી છે. આપણે સૌ, આપણી જગત તરફની દૃષ્ટિ જડવાદની હોય કે આધ્યાત્મિકતાની હોય, પણ આપણા અસ્તિત્વની જે દુર્ભેદ્ય ગૉર્ડિયન ગાંઠ છે તેને સંતોષપૂર્વક એક જ સખત પ્રહારથી કાપી નાખવાને અને એક શાશ્વત પરમાનંદમાં પહોંચી જવા માટે તૈયાર થયેલા છીએ અથવા તો એટલા જ સંતોષપૂર્વક એક શાશ્વત વિલોપનમાં કે એક શાશ્વત પ્રશાંતિમાં અંત પામી જવાને તૈયાર છીએ.

આ તકરાર આપણે આપણી આધ્યાત્મિક શક્યતાઓ વિષે જાગ્રત બનીએ છીએ ત્યારથી જ કાંઈ ખરી રીતે શરૂ થતી નથી. એનો આરંભ તો જીવન પોતે પ્રગટ થયું છે ત્યારથી જ થઈ ચૂકેલો છે. જીવન પોતે પ્રગટ થયું ત્યારથી જ તેને પોતાની પ્રવૃત્તિઓને તથા તેનામાં બની આવેલાં જીવંત શરીરના સ્થાયી સંયોજનોને જડતાની શક્તિ સામે, અચિત્‌ની શક્તિ સામે, અણુઓની વિસર્જિત થઈ જવાની શક્તિ સામે સુસ્થાપિત કરવા માટે સંઘર્ષમાં ઊતરવું પડેલું છે. અને જડતત્ત્વની ભૂમિકા ઉપર આ જડતા, અચિત્‌, વિસર્જન એ જ પેલા મહાન ઇનકારની ગાંઠ રૂપે આવી રહેલાં છે. જીવનને જડતત્ત્વ સાથે સતત સંગ્રામ ચાલતો રહે છે અને એ સંગ્રામ હંમેશાં જીવનના દેખીતા પરાજયમાં અંત પામતો દેખાય છે, આપણે જેને મૃત્યુ કહીએ છીએ તે રીતે જડતત્ત્વની અંદર નીચેની બાજુએ થઈ જતા વિશીર્ણનમાં તેનો અંત આવતો દેખાય છે. આ વિસંવાદ મનનો ઉદય થતાં વધારે ઊંડો બને છે, કારણ કે મનને તો જીવન અને જડતત્ત્વ બંનેની સાથે તેનો પોતાનો ઝઘડો છે. મન આ બંનેની જે મર્યાદિતતાઓ છે તેની સાથે સતત જંગમાં ઊતરેલું છે. જડતત્ત્વની સ્થૂલતા અને જડતા સમક્ષ તથા પ્રાણતત્ત્વની ઉગ્ર વાસનાઓ અને વેદનાઓ સમક્ષ તે સતત વિવશ બની જતું રહે છે તેમ જ તેમની સામે સતત બંડ કરતું રહે છે. અને આખરે જતાં આ લડાઈ મનને માટે એક આંશિક અને મોંઘા વિજય રૂપે પરિણમતી દેખાય છે, જોકે એ વિજય બહુ ખાતરીપૂર્વકનો તો હોતો નથી જ. આ વિજયમાં મન એક વધુ મોટા પ્રકારની

મનોમય પ્રવૃત્તિને ખાતર તથા એક વધુ ઉચ્ચ નૈતિક જીવનને ખાતર પ્રાણની ઝંખનાઓને જીતી લે છે, દબાવી દે છે અથવા તો કતલ પણ કરી નાખે છે, પણ એમ કરવા જતાં તે શારીરિક શક્તિને ક્ષીણ કરી નાખે છે અને શરીરની સમતુલાને ડોલાવી નાખે છે. આ રીતના સંઘર્ષોમાંથી જ પ્રાણ પ્રત્યે અધીરાઈ જન્મે છે, શરીર પ્રત્યે ઘૃણા જન્મે છે અને પ્રાણ અને શરીર બંનેમાંથી પાછા હઠી જઈને એક શુદ્ધ મનોમય અને નૈતિક જીવન પ્રત્યે પહોંચવા માટે ગતિ ઉત્પન્ન થાય છે. માણસ જ્યારે મનથી ઉપરના અસ્તિત્વ પ્રત્યે જાગ્રત થાય છે ત્યારે વિસંવાદના આ તત્ત્વને હજી વધુ આગળ લઈ જાય છે. મન, શરીર અને પ્રાણ તે જગત, માંસમજ્જા અને શેતાનની ત્રિપુટી હોય એમ તેને શાપવામાં આવે છે. મન ઉપર પણ તે આપણા સર્વ વ્યાધિઓનું મૂળ છે એ રીતનો મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે. આત્મા અને તેનાં કરણો વચ્ચે યુદ્ધ જાહેર કરવામાં આવે છે અને આ કરણોમાં રહેતો આધ્યાત્મિક નિવાસી પોતાના સાંકડા નિવાસ સ્થાનમાંથી નીકળી જાય, મનનો, પ્રાણનો અને શરીરનો તે ઇનકાર કરી દે અને પોતાની અનંતતાઓમાં પાછો ચાલ્યો જાય એ રીતે તેને માટે વિજય મેળવવાના પ્રયત્ન થાય છે. જગત એક વિસંવાદ છે અને એમાં ઊભી થતી મૂંઝવણોનો ઉકેલ આપણે વિસંવાદના તત્ત્વને તેની છેલ્લામાં છેલ્લી શક્યતા સુધી લઈ જઈએ, જગત ઉપર એક કાપ મૂકી દઈએ અને છેવટે તેનાથી અળગા થઈ જઈએ એ જ પ્રમાણે સારામાં સારી રીતે આપણને મળવાનો છે.

પરંતુ આ પરાજયો અને વિજયો માત્ર દેખાવ પૂરતા છે, આ ઉકેલ તે ઉકેલ નથી પણ પ્રશ્નમાંથી છટકબારી છે. જીવન ખરી રીતે તો જડતત્ત્વ દ્વારા પરાજય પામતું જ નથી. જીવનને ચાલુ રાખવા માટે તે મૃત્યુનો ઉપયોગ કરી લઈને એક સમાધાન રચી લે છે. મન ખરી રીતે જીવન અને જડતત્ત્વ ઉપર વિજયી બનતું હોતું નથી, પણ તેને બીજી શક્યતાઓના ભોગે પોતાની અમુક શક્યતાઓનો એક અપૂર્ણ વિકાસ જ સાધેલો હોય છે, અને આ બીજી શક્યતાઓ પ્રાણ અને શરીરનો વધુ સારી રીતે ઉપયોગ કરવાની જે શક્યતાઓ રહેલી છે અને જે હજી સિદ્ધ બનેલી હોતી નથી અથવા તો જેને તરછોડી નાખવામાં આવેલી છે તેની સાથે સંકળાયેલી હોય છે. વ્યક્તિરૂપ આત્માએ મન, પ્રાણ તથા શરીરની ત્રિપુટીને જીતી લીધેલી નથી, પણ એ બધાં તેના ઉપર જે હક ધરાવે છે તેને તરછોડવાનું જ કામ માત્ર તેણે

કરેલું છે અને આત્માએ પ્રથમ વાર પોતાની જાતને વિશ્વ રૂપમાં ઢાળેલી તે વખતે તેણે જે કામ માથે લીધેલું તેમાંથી તે નાસી છૂટેલો છે. આ પ્રશ્ન હજી ચાલુ રહેલો છે તેનું કારણ એ છે કે વિશ્વમાં પ્રભુ પોતે જે પુરુષાર્થ ખેડી રહ્યા છે તે હજી ચાલુ છે, પરંતુ પ્રભુના આ પુરુષાર્થમાં પ્રશ્નનો હજી કોઈ સંતોષકારક ઉકેલ બની આવ્યો નથી અથવા તો એ પુરુષાર્થની કોઈ વિજયપૂર્વકની સિદ્ધિ બનેલી નથી. એટલે આપણે હવે જે દૃષ્ટિબિંદુ લીધેલું છે તે એ છે કે સચ્ચિદાનંદ પ્રભુ પોતે જ આદિ મધ્ય અને અંત છે અને સંઘર્ષ અને વિસંવાદ તે પ્રભુના સ્વરૂપમાં સાશ્વત અને પાયાના તત્વો બની શકે તેમ નથી, પરંતુ એ અસ્તિત્વમાં છે તે જ એમ સૂચવે છે કે આપણે એક સંપૂર્ણ ઉકેલ માટે અને એક પૂરા વિજય માટે પુરુષાર્થ કરવાનો છે. આ ઉકેલ આપણે એ રીતે શોધવાનો છે કે એમાં જીવન દ્વારા શરીરનો મુક્ત ભાવે અને સંપૂર્ણ રીતે ઉપયોગ કરીને જડતત્ત્વ ઉપર આપણે જીવનનો સાચો વિજય મેળવીએ, મન દ્વારા જીવન-શક્તિ તથા શરીરનો મુક્તભાવે અને સંપૂર્ણ રીતે ઉપયોગ કરીને આપણે જીવન અને જડતત્ત્વ ઉપર મનનો સાચો વિજય મેળવીએ, અને સભાન આત્મા દ્વારા મન, પ્રાણ અને શરીરનો મુક્તભાવે અને સંપૂર્ણ રીતે કબજો લઈને એ ત્રિપુટી ઉપર આત્મતત્ત્વનો સાચો વિજય મેળવીએ. આપણે જે દૃષ્ટિબિંદુ ઉપજાવેલું છે તેમાં આ છેવટનો જે વિજય છે તે જ માત્ર બીજા વિજયોને સાચી રીતે શક્ય બનાવે છે. તો આ વિજયો કેવી રીતે કદી પણ બની શકે તેમ છે કે નહિ અથવા તો પૂરેપૂરા બની શકે તેમ છે કે નહિ એ આપણે જાણી શકીએ તેટલા માટે આપણે જડતત્ત્વની વાસ્તવિકતા શી છે તે શોધી લેવાનું રહે છે. મૂલતમ જ્ઞાનની શોધમાં નીકળીને આપણે જેવી રીતે મન અને આત્માની અને જીવનની વાસ્તવિકતા શોધી કાઢેલી છે તેવી જ રીતે આપણે જડતત્ત્વની વાસ્તવિકતાને શોધી લઈશું.

અમુક અર્થમાં જોઈએ તો જડતત્ત્વ તે અવાસ્તવિક છે અને અસ્તિત્વ વિનાનું છે; એટલે કે, જડતત્ત્વ વિષે આપણને અત્યારે જે જ્ઞાન રહેલું છે, એને વિષેનો આપણને જે ખ્યાલ અને અનુભૂતિ રહેલાં છે તે એનું સત્ય નથી, પરંતુ આપણી ઇન્દ્રિયો અને જેમાં આપણે હરી ફરી રહ્યા છીએ તે આ સર્વ-અસ્તિત્વરૂપ વિશ્વ એ બેની વચ્ચે રહેલા સંબંધનું એ માત્ર એક દૃષ્ટિગત થયેલું રૂપ છે. વિજ્ઞાન જ્યારે એમ શોધી આપે છે કે જડતત્ત્વ પોતાને શક્તિનાં રૂપોમાં ફેરવી નાખે છે ત્યારે તેણે એક વિશ્વરૂપ અને પાયાનું સત્ય હાથ કર્યું છે; અને તત્ત્વજ્ઞાન જ્યારે એમ શોધ કરી આપે છે કે

જડતત્ત્વ તે ચેતનાના એક પદાર્થરૂપ આભાસ તરીકે જ માત્ર અસ્તિત્વ ધરાવે છે અને એકમાત્ર વાસ્તવિકતા તો આત્મતત્ત્વ (Spirit) કિંવા શુદ્ધ સભાન એવું સત્‌તત્ત્વ જ છે ત્યારે તેના હાથમાં એક વધારે મહાન અને વધારે સંપૂર્ણ સત્ય, પેલાના કરતાં પણ વધારે મૂલતમ સત્ય હાથ આવેલું છે. પરંતુ હજી પણ પ્રશ્ન તો રહે છે જ કે શક્તિએ (energy) શા માટે જડતત્ત્વનું રૂપ લેવું જોઈએ અને તે શા માટે માત્ર બલ-પ્રવાહો (force-currents) તરીકે જ ન રહે, અથવા તો જે ખરેખરું આત્મતત્ત્વ છે તેણે શા માટે જડતત્ત્વની ઘટનાને સ્વીકારવી જોઈએ અને આત્માની અવસ્થાઓ, સહજવૃત્તિઓ અને આનંદોમાં તૃપ્ત ન રહેવું જોઈએ. એમ કહેવામાં આવે છે કે આ બધું તે મનનું જ કાર્ય છે. કેમકે દેખીતી રીતે તો ચિત્ત પોતે વસ્તુઓના સ્થૂલ રૂપને સીધેસીધું સર્જન કરતું નથી અથવા તો તેને જોતું પણ નથી, એટલે આ બધું ઈન્દ્રિયોનું કાર્ય છે. ઈન્દ્રિગત-મન વસ્તુઓનાં રૂપની કલ્પના કરતું હોય એમ લાગે છે ને તે રૂપોનું સર્જન કરતું હોય છે અને વિચારગત-મન ઈન્દ્રિયગત-મન જે રૂપોને તેની સમક્ષ રજૂ કરે છે તેના ઉપર કાર્ય કરતું રહે છે. પરંતુ, દેખીતી રીતે જ, વ્યક્તિરૂપ બનેલું દેહધારી મન એ કંઈ જડતત્ત્વની ઘટનાનું સર્જન કરનાર નથી. પૃથ્વીનું અસ્તિત્વ તે કાંઈ માનવ મનનું પરિણામ નથી, એ મન પોતે જ પૃથ્વીના અસ્તિત્વને લીધે બની આવેલું છે. આપણે જો એમ કહીએ કે જગત માત્ર આપણા મનમાં જ અસ્તિત્વ ધરાવે છે તો એમાં તો આપણે બિન-હકીકતની અને ગોટાળાની વાત કરીએ છીએ; કેમકે સ્થૂલ જગત તો પૃથ્વી ઉપર માણસ અસ્તિત્વમાં આવ્યો તેની પહેલાં અસ્તિત્વમાં હતું અને માનવ પૃથ્વી ઉપરથી અદૃશ્ય થઈ જાય અથવા તો આપણું વ્યક્તિરૂપ મન અનંતની અંદર પોતાનો લય સાધી દે તોપણ તે ચાલુ રહેવાનું છે. એટલે પછી આપણે એવા નિર્ણય ઉપર આવવાનું રહે છે કે એક વિશ્વરૂપ મન* આવી રહેલું છે. એ વિશ્વરૂપ મન વિશ્વના રૂપની અંદર આપણા માટે

* આપણે જે રીતનું જાણીએ છીએ તે માત્ર એક સાપેક્ષ રીતે અને કરણની રીતે જ સર્જન કરતું હોય છે; એનામાં સંયોજનની અસીમ શક્તિ રહેલી છે, પણ એની સર્જનાત્મક પ્રેરણાઓ અને રૂપો એની પાસે ઊર્ધ્વમાંથી આવે છેઃ સર્વ સર્જાયેલાં રૂપોનું મૂળ સ્થાન મન, પ્રાણ અને જડતત્ત્વથી ઉપર આવેલા અનંતમાં રહેલું છે અને એ રૂપો અહીં અનંતના એક અત્યંત અલ્પ અંશના પ્રતિનિધિ તરીકે બની આવેલાં છે, રચાયેલાં છે-અને ઘણે ભાગે ખોટી રીતે રચાયેલાં છે. એમનો પાયો ઉપર છે, એમની શાખાઓ નીચે તરફ ઝૂકેલી છે, એમ ઋગ્વેદ કહે છે. આપણે જે ઉપરિચેતન મનની વાત કરીએ છીએ તેને અધિમનસ કહેવું જરા વધારે ઠીક રહેશે અને એ આત્મતત્ત્વની શક્તિઓની જે ક્રમિક કક્ષાઓ આવેલી છે તેમાં અતિમાનસ ચેતના ઉપર સીધેસીધો આધાર રાખતા પ્રદેશમાં આવી રહેલું છે.

અવચેતન તરીકે રહેલું છે અથવા એના આત્મતત્ત્વમાં તે ઉપરિચેતન તરીકે રહેલું છે અને તેણે પોતાના નિવાસ માટે આ રૂપનું સર્જન કરેલું છે. અને સ્રષ્ટા તો પોતાના સર્જનની પૂર્વે જ હસ્તીમાં હોવો જોઈએ અને પોતાનાં સર્જન કરતાં તે વિશેષ મહાન હોવો જોઈએ એટલે એમાંથી ખરેખરું તો એક ઉપરિચેતન મનનું સૂચન થાય છે, અને તે મન વિશ્વરૂપ ઈન્દ્રિયોના કરણતંત્ર દ્વારા પોતાની અંદર રૂપ અને રૂપ વચ્ચેનો સંબંધ સર્જે છે અને સ્થૂલ વિશ્વના લયની ઘટના કરે છે. પરંતુ આ પણ કંઈ પૂરેપૂરો ઉકેલ છે નહિ; એ આપણને એમ કહે છે કે જડતત્ત્વ એ ચેતનાનું સર્જન છે, પણ એમાંથી એ ખુલાસો મળતો નથી કે ચેતનાએ પોતાનાં વિશ્વરૂપ કાર્યોના પાયા તરીકે જડતત્ત્વનું સર્જન કેવી રીતે કર્યું.

આપણે જો વસ્તુઓના આદિમ તત્ત્વમાં પાછા એકદમ પહોંચી જઈશું તો આ વિષય આપણને વધુ સારી રીતે સમજાશે. અસ્તિત્વ એના પ્રવૃત્તિમય રૂપમાં એક સચિત્-શક્તિ (Conscious-Force) તરીકે રહેલું છે. એ સચિત્-શક્તિ પોતાની શક્તિનાં કાર્યોને પોતાની ચેતના સમક્ષ તેના પોતાના સ્વરૂપનાં રૂપો તરીકે રજૂ કરે છે. હવે શક્તિ (Force) તો અસ્તિત્વમાં રહેલા એકમાત્ર પરમ સચિત્-સત્તત્ત્વનું જ કાર્ય છે, એટલે એનાં જે પરિણામો આવતાં હોય તે પણ સચિત્-સત્તત્ત્વનાં રૂપો સિવાય બીજું કાંઈ જ હોઈ શકે નહિ. એટલે પછી પદાર્થતત્ત્વ કિંવા જડતત્ત્વ તે આત્મતત્ત્વનું જ માત્ર રૂપ છે. આત્મતત્ત્વનું આ રૂપ આપણી ઈન્દ્રિયો સમક્ષ જે ભાસ ધારણ કરે છે તે મનના પેલા ભેદકારક કાર્યને લીધે બનતું હોય છે, અને મનના એ કાર્યમાંથી આપણે વિશ્વનું સારુંયે દૃશ્યમાણ રૂપ સુસંગત રીતે તારવી શકેલા છીએ. આપણે હવે જાણીએ છીએ કે જીવન એ સચિત્-શક્તિનું જ એક કાર્ય છે અને સ્થૂલ જડતત્ત્વનાં રૂપો એ કાર્યના પરિણામે બની આવેલાં છે. આ રૂપોમાં તિરોભૂત બનેલું જીવન એ રૂપોમાં પ્રથમ અચિત્ શક્તિ તરીકે દેખા દે છે, અને એ શક્તિના સાચા સ્વરૂપ તરીકે જે ચેતના રહેલી છે ને એ જ્યારે અવ્યક્ત હતી ત્યારે પણ એ રૂપોમાં કદી મટી ગયેલી ન હતી તે ચેતનાને એ જીવન મન તરીકે વિકસાવે છે ને પાછી આવિર્ભાવમાં લઈ આવે છે. વળી આપણે એ પણ જાણીએ છીએ કે મન તે આદિમ સચિત્ પરમ જ્ઞાન કિંવા અતિમનસની એક નિમ્ન ભૂમિકા પરની શક્તિ છે અને તેને માટે જીવન એક કરણરૂપ શક્તિ તરીકે કામ કરે છે; કારણ કે, ચેતના કિંવા ચિત્ અતિમનસમાં થઈને નીચે ઊતરતાં ઊતરતાં પોતાને મન તરીકે રજૂ કરે છે, ચેતનાની શક્તિ કિંવા તપસ પોતાને જીવન તરીકે રજૂ કરે છે. મન પોતે પોતાની અતિમનસમાં આવેલી ઊર્ધ્વ

વાસ્તવિકતામાંથી છૂટું પડી જઈને જીવનને ભેદનો ભાસ અર્પે છે અને એથી આગળ જઈ તેની પોતાની જ જીવનશક્તિમાં તિરોભૂત બનીને ત્યાં જીવનમાં અવચેતન બની રહે છે અને એ રીતે તેનાં સ્થૂલ કાર્યોને એક અચિત્ શક્તિનો બાહ્ય ભાસ આપે છે. એટલે, જડતત્ત્વમાં આ જે અચિત્, નિષ્ક્રિયતા, અણુરૂપ વિ-સંયોગી કરણ રહેલાં છે તે સર્વનું મૂળ મનનું આ જે સર્વ-ભેદક અને સર્વ-તિરોભાવક કાર્ય છે કે જેની દ્વારા આપણું વિશ્વ અસ્તિત્વમાં આવેલું છે તે કાર્યમાં જ રહેલું હોવું જોઈએ. તો આમ જેવી રીતે, મન તે અતિમનસની સર્જન પ્રત્યે નીચે અવતરણની ક્રિયામાં તેનું માત્ર છેવટનું એક કાર્ય છે તેમ જ જીવન તે મનના આ અવતરણને લીધે સર્જાયેલી અવિદ્યાની પરિસ્થિતિઓમાં કાર્ય કરતી સચિત્-શક્તિનું કાર્ય છે, તેવી જ રીતે આપણે જેને જોઈએ છીએ તે રીતનું જડતત્ત્વ તે સચિત્-સત્તત્ત્વે, સચિત્-શક્તિના કાર્યના પરિણામ રૂપે લીધેલું માત્ર છેવટનું રૂપ છે. આમ જડતત્ત્વ તે અદ્વૈતરૂપ સચિત્-સત્તત્ત્વ એક વિશ્વરૂપ મનના* કાર્ય દ્વારા દૃશ્યરૂપે વિભાજન પામતાં બની આવેલું સચિત્-સત્તત્વ પદાર્થ તરીકેનું રૂપ છે. આ વિભાજનને વ્યક્તિરૂપ મન ફરી ફરીને ચાલુ રાખે છે ને એમાં નિવાસ કરતું રહે છે, પરંતુ એ વિભાજનને લીધે આત્મતત્ત્વની એકતાનો અથવા તો શક્તિની એકતાનો કે પછી જડતત્ત્વની એકતાનો જરા પણ લોપ થતો નથી યા તો એકતામાં કશી ઊણપ આવતી નથી.

પરંતુ આ જે અવિભાજ્ય એવું સત્-તત્ત્વ છે તેમાં આ દૃશ્યરૂપ અને વ્યવહારમાં મૂર્ત થયેલું વિભાજન શા માટે આવ્યું? એ બનવાનું કારણ એ છે કે મને બહુરૂપતાના તત્ત્વને તેની છેલ્લામાં છેલ્લી શક્યતા સુધી પહોંચાડવાનું છે અને તે ભિન્નતા અને ભેદ દ્વારા જ કરી શકાય તેમ છે. આમ જ્યારે મન બહુરૂપને માટે રૂપોનું સર્જન કરવાને જીવનની અંદર ઊતરી પડે છે ત્યારે તેણે સત્-તત્ત્વના વિશ્વરૂપ તત્વને એક શુધ્ધ કિંવા સૂક્ષ્મ રૂપ પદાર્થ તત્વનો નહિ પણ એક સ્થૂલ અને જડરૂપ પદાર્થતત્ત્વનો ભાસ આપવાનો રહે છે,-એટલે કે મને વિશ્વરૂપ તત્ત્વને એવા તો પદાર્થતત્ત્વનો ભાસ આપવો જોઈએ કે જે પદાર્થતત્ત્વ મનની સાથે સંપર્કમાં આવે ત્યારે એવું દેખાય કે તે વસ્તુઓની એક સ્થાયી બહુરૂપતામાં આવી રહેલી એક સ્થિર ચીજ કિંવા વસ્તુ છે, એ કોઈ એવો પદાર્થ નથી કે જે શુદ્ધ ચેતનાને તેનો સંપર્ક થાય ત્યારે તેને તેના પોતાના જ શાશ્વત શુદ્ધ સત્-તત્ત્વની અને વાસ્તવિકતાની જ બનેલી કોઈ વસ્તુ હોય

* મનને અહીં તેના વિશાળમાં વિશાળ અર્થમાં વાપરવામાં આવ્યું છે અને એમા એક અધિમનસ શક્તિના કાર્યનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ અધિમનસ શક્તિ અતિમાનસ ઋત-ચેતનાની વધુમાં વધુ નિકટ રહેલી છે અને અવિદ્યાના સર્જનનું તે પ્રથમ મૂલ છે.

તેમ લાગે અથવા તો સૂક્ષ્મ રીતના સંપર્કમાં તે સચિત્ સત્-તત્ત્વને મુક્ત રીતે વ્યક્ત કરતા એક મુલાયમ તત્ત્વ જેવો લાગે. મનને તેના વિષય સાથે જ્યારે સંપર્ક થાય છે ત્યારે આપણે જેને ઈન્દ્રિયાનુભવ કહીએ છીએ તેનું સર્જન થાય છે, પરંતુ એ અનુભવ અહીં એવો તો અજ્ઞાનમય અને બહિર્મુખતા પામેલો ઈન્દ્રિયાનુભવ હોવો જોઈએ કે એ અનુભવને જે વસ્તુ તેના સંપર્કમાં આવતી હોય તેની વાસ્તવિકતાની ખાતરી થઈ જવી જોઈએ. એટલે શુદ્ધ પદાર્થતત્ત્વ અવતરણ પામી સ્થૂલ પદાર્થતત્ત્વનું જે રૂપ લે છે તે ઘટના, પરમ સચ્ચિદાનંદ અતિમનસમાં થઈને મનની અંદર અને જીવનની અંદર અને સત્-તત્ત્વની બહુરૂપતા રચવાના સંકલ્પની અંદર અને ચેતનાનાં ભિન્ન ભિન્ન કેન્દ્રોમાંથી વસ્તુઓ વિષેની સભાનતાની અંદર અવતરણ પામવાની અસ્તિત્વને થતી આ અનુભૂતિની જે પ્રથમ પદ્ધતિ છે તે પ્રમાણે જ બનતી રહે છે. આપણે જો પાછા વસ્તુઓના આધ્યાત્મિક પાયામાં પાછા જઈશું તો ત્યાં પદાર્થતત્ત્વ તેના અત્યંત શુદ્ધ રૂપમાં પોતાને શુદ્ધ સચેતન સત્-તત્ત્વમાં ઓગાળી નાખતું હોય છે. અને એ સત્-તત્ત્વ સ્વયંભૂ છે, તાદાત્મ્ય દ્વારા સ્વાભાવિક રીતે જ પોતાને વિષે સભાન હોય છે પરંતુ તે પોતાની ચેતનાને તે એક વસ્તુવિષય હોય તે રીતે જોવાને પોતાના ઉપર વાળતું હોતું નથી. અતિમનસ તાદાત્મ્ય દ્વારા સધાતી આ આત્મ-સભાનતાને પોતાને વિષેના જ્ઞાનના સંભાર તરીકે તથા પોતાની જાતનું સર્જન કરવા માટેના પ્રકાશ તરીકે સાચવી રાખે છે પરંતુ આ આત્મ-સર્જન માટે અતિમનસ સત્-તત્ત્વને પોતાની સમક્ષ તે તેની પોતાની જ સક્રિય ચેતનાનું વિષયી અને વિષય હોય એ રીતે, એક પરમ જ્ઞાનના વિષય તરીકે રજૂ કરે છે. એ પરમ જ્ઞાન એક આંતર્દર્શન દ્વારા એવી રીતે જોઈ શકે છે કે વિષય પોતાની અંદર અને પોતાના રૂપે જ આવી રહેલો પદાર્થ છે અને સાથે સાથે જ એક બાહ્યસ્થ દર્શન દ્વારા તે એવી રીતે જોઈ શકે છે કે વિષય તેની ચેતનાના પરિઘની અંદર આવી રહેલો પદાર્થ છે એ પોતાના સ્વરૂપનો જ એક ભાગ છે પરંતુ તેને તેના પોતામાંથી બહાર મૂકવામાં આવેલો છે, એટલે કે આ પરમ જ્ઞાન દર્શનના એક એવા કેન્દ્રમાંથી જોતું હોય છે કે જેમાં સત્-તત્ત્વ પોતાની જાતને જ્ઞાતા, સાક્ષી કિંવા પુરુષ તરીકેની એકાગ્રતામાં મૂકતું હોય છે. આપણે જોઈ ગયા છીએ કે આ રીતની બાહ્યદર્શી ચેતનામાંથી મનની ક્રિયા ઉત્પન્ન થાય છે, અને એ ક્રિયા દ્વારા વ્યક્તિરૂપ જ્ઞાતા તેના પોતાના વિશ્વરૂપ સ્વરૂપના જ એક રૂપને તે તેનાથી જાણે કે અન્ય હોય તે રીતે નિહાળે છે. પરંતુ દિવ્ય મનની અંદર આવું દર્શન થાય કે પછી તરત જ અથવા કહો કે સાથે સાથે

સચેતન સત્-તા એ જ અનંત વિજ્ઞાનનું સત્ હોઈ વિરાટથી પણ અધિક છે અને સર્વેથી વિખૂટું હોઈ પોતાની ન વર્ણવી શકાય તેવી વિરાટની એકસૂરતામાં હયાતી ધરાવે છે. વિશ્વો તેના વડે જ અસ્તિત્વ ધરાવતાં હોય છે, પરંતુ તેને પોતાની હયાતીને માટે વિશ્વોની જરૂર નથી. અને જેમ આપણે વિશ્વચેતનામાં પ્રવેશી સમગ્ર વિરાટ જોડે એકરૂપ થઈ શકીએ છીએ, તેવી જ રીતે આપણે વિશ્વથી પર આવી રહેલ ચેતનામાં પ્રવેશી વિરાટ ચેતનાથી પણ પર થઈ શકીએ, અને ત્યારે જ આપણી સમક્ષ પહેલાં જે સવાલ ઉપસ્થિત થયો હતો તે ફરીને ઉપસ્થિત થાય છે કે આ રીતે વિશ્વથી પર થવું એટલે ખાતરીપૂર્વક વિરાટનો ઈનકાર કરવો એમ કહી શકાય ખરું? આપણા વિશ્વનો પરાત્પર સાથે શો સંબંધ છે?

ઉપનિષદોમાં વર્ણવેલ તેજોમય, વિશુદ્ધ, એકમાત્ર અને પૂર્ણ આત્મા જે પૃથ્વીને ધારણ કરતો છતાં અક્રિય છે, શક્તિની તાંત વગરનો, અદ્વૈત, અવિભાજ્ય, અદ્વિતીય, દરેક જાતની વિવિધતા, તેમજ દેખીતા સંબંધોથી પર, અદ્વૈતવાદીઓ જેને વિશુદ્ધ આત્મા, નિર્ગુણ બ્રહ્મ અથવા પરાત્પર મૌન કહે છે તે જ પરાત્પરની વ્યાખ્યા પૂરી પાડે છે. અને મન જ્યારે આ બધા દરવાજાઓમાંથી એકાએક, વચમાંના સાક્ષાત્કાર પ્રાપ્ત કર્યા વગર, પસાર થાય છે ત્યારે તેને આ દુનિયા અવાસ્તવિક છે અને તે પરાત્પર નિર્ગુણ બ્રહ્મ જ કેવળ સત્ય છે એવું ભાન થાય છે. આ વિશુદ્ધ આત્માના યા તો તેની પાછળ આવી રહેલ અસત્‌ના અનુભવમાં આપણને આ બીજા નકારની શરૂઆત દેખાય છે. એ ઈનકાર જડવાદીઓથી સામે છેડે હોઈ તેને સમાંતર છે, પરંતુ તેનાથી વધારે પૂર્ણ, વધુ છેવટનો અને જે સમુદાય તેનો આ સમર્થ સાદ સાંભળી ત્યાગના અરણ્ય તરફ આકર્ષાય છે તેને માટે તેની અસર બહુ જોખમકારક નીવડે છે. એ ઈનકાર એટલે સંન્યાસીનો જીવનનો ઈનકાર.

જ્યારથી બૌદ્ધ ધર્મે પુરાણી આર્ય દુનિયાના સમતોલપણામાં ભંગ પાડ્યો છે ત્યારથી, એટલે કે લગભગ બે હજાર વર્ષથી, આત્માના પદાર્થતત્ત્વ સામેના, આધ્યાત્મિકતાના આ બળવાએ ભારતીયોના મન ઉપર વધારે ને વધારે પ્રભાવ જમાવ્યો છે. વિશ્વ એક ભ્રમ છે, મિથ્યા છે, એ ભાવનામાં ભારતવાસીઓનું આખુંયે તત્ત્વજ્ઞાન આવી જતું નથી. બીજી કેટલીક તાત્ત્વિક પદ્ધતિઓ અને ધાર્મિક અભીપ્સાઓ પણ ભારતમાં થયેલી છે. એમ પણ નથી કે સામસામે છેડે આવી રહેલી આ મીમાંસાઓએ એ

જ એક બીજી ક્રિયા અથવા તો એ જ ક્રિયાની ઊલટી રીતની ક્રિયા ચાલતી હોય છે, સત્-તત્ત્વની અંદર અદ્વૈત-રચનાની એક ક્રિયા ચાલતી હોય છે અને તે આ દૃષ્ટિગોચર બનેલા ભેદના ઘાને રૂઝાવી લે છે અને એ ભેદ એક ક્ષણ માટે પણ જ્ઞાતાને માટે પૂરેપૂરો વાસ્તવિક ભેદ બની જાય તેમ બનવા દેતી નથી. સભાન અદ્વૈત-રચનાની આ જે ક્રિયા છે તે બીજી રીતે વિચ્છેદક મનની અંદર વિચ્છેદ પામેલી વ્યક્તિઓ અને પદાર્થો વચ્ચે ચેતનામાં રચાતા સંપર્કનું રૂપ લે છે અને વિચ્છેદ પામેલી ચેતનામાં રચાતો આ સંપર્ક આપણી અંદર પ્રથમતઃ ઈન્દ્રિયજ્ઞાનની પદ્ધતિનું રૂપ લે છે. વિચાર-ગત મનનું કાર્ય પોતાની સ્થાપના ઈન્દ્રિયજ્ઞાનના આ પાયા ઉપર, ભેદને આધીન એવા મિલનના આ સંપર્ક ઉપર કરે છે અને જેમાં ભેદના તત્ત્વને વશ કરી લેવામાં અને ગૌણ સ્થાને મૂકવામાં આવ્યું હોય છે તેવા મિલનના એક ઊર્ધ્વ તત્ત્વમાં પાછા પહોંચવા માટે તૈયારી કરે છે. એટલે પદાર્થતત્ત્વ, આપણે તેને જાણીએ છીએ તે મુજબનું, સ્થૂલ પદાર્થતત્ત્વ, એ એવું રૂપ છે કે જેમાં મન ઈન્દ્રિયો દ્વારા કામ કરતું કરતું પરમ સચેતન સત્-તત્ત્વના સંપર્કમાં આવે છે કે જે સત્-તત્ત્વની એ મન પોતે જ જ્ઞાનની એક ક્રિયારૂપે રહેલું છે.

પરંતુ મનનું તો સ્વરૂપ જ એવું છે કે તે સચેતન-સત્-તત્ત્વના પદાર્થરૂપને તેની અદ્વૈત અવસ્થામાં કે સમગ્રતામાં નહિ પણ ભેદના નિયમ દ્વારા જાણવાની ગતિ કરતું રહે છે. સત્-તત્ત્વ તે, જાણે કે, અત્યંત નાનાં નાનાં બિંદુઓ રૂપે હોય એમ તે જુએ છે અને એક સમગ્રતામાં પહોંચવા માટે તે એ બિંદુઓને ભેગાં જોડે છે અને વિશ્વરૂપ મન આ બધાં દૃષ્ટિ-બિંદુઓમાં અને સહસંયોજનોમાં પોતાની જાતને ઢાળી દે છે, પોતે તેમનામાં જઈને નિવાસ કરે છે. આવી રીતે નિવાસ કરતું વિશ્વરૂપ મન, પરમ સત્ય-વિચારના મધ્યગામી તરીકે પોતાની અંતર્ગત શક્તિ વડે સર્જન કરનારું હોય છે, અને તેથી તેની પ્રકૃતિ જ એવી બનેલી છે કે તે પોતાનાં સર્વ દર્શનોને જીવનની શક્તિની અંદર જ ફેરવી નાખે છે, અને જેવી રીતે પરમ અખિલ સત્‌રૂપ પરમાત્મા પોતાનાં સર્વ પાસાંઓની રચનાને ચેતનાની બનેલી પોતાની સર્જક શક્તિ (Force) ની વિવિધ શક્તિ (energy) રૂપે ફેરવી નાખે છે, તેવી રીતે વિશ્વરૂપ મન વિશ્વરૂપ અસ્તિત્વનાં પોતાનાં આ બહુવિધ દૃષ્ટિબિંદુઓને વિશ્વરૂપ જીવનના દૃષ્ટિકોણોમાં ફેરવી નાખે છે; એ દૃષ્ટિબિંદુઓને તે જડતત્ત્વમાં અણુરૂપ સત્-તત્ત્વનાં રૂપોમાં ફેરવી નાખે છે. આ રૂપો એમની રચના કરનાર જીવન-તત્ત્વથી સભર હોય છે

તેમ જ એ રૂપોની રચનાને ક્રિયામાં મૂકનાર મન તથા સંકલ્પશક્તિથી તે નિયંત્રિત થતાં રહે છે. સાથે સાથે એ વિશ્વરૂપ મન આ રીતે જે અણુરૂપ અસ્તિત્વોની રચના કરે છે તે અસ્તિત્વો તેમના પોતાના સત્-તત્ત્વના જ નિયમ પ્રમાણે પોતે એકબીજા સાથે જોડાય, પોતે સમૂહિત થાય તે રીતની ગતિ કરે એમ બનતું જ રહે છે. અને આ સમૂહિત રૂપોમાંનું પ્રત્યેક રૂપ પણ, એ રૂપોની રચના કરનાર ગુપ્ત જીવનતત્ત્વથી તથા તેમને ક્રિયામાં મૂકનાર ગુપ્ત મન અને સંકલ્પશક્તિથી સભર રહેતું હોય છે અને પોતે એક ભિન્ન બનેલા વ્યક્તિરૂપ અસ્તિત્વનો આભાસ ધારણ કરે છે. વળી આ પ્રત્યેક રૂપ, એની અંદર રહેલું મન અંતર્નિહિત હોય કે બહિર્ગત હોય, વ્યક્ત હોય કે અવ્યક્ત હોય તે પ્રમાણે, શક્તિના બનેલા તેના યંત્રવત્ અહં દ્વારા ટેકો પામતું રહે છે, અથવા તો પોતાના આત્મ-સભાન મનોમય અહં દ્વારા ટેકો પામતું રહે છે. આ યંત્રવત્ અહંમાં સંભવન-સંકલ્પ (will-to-be) મૂંગો હોય છે, કેદ બની ગયેલો હોય છે પણ છતાં તે સમર્થ તો હોય છે જ અને મનોમય અહંમાં સંભવન-સંકલ્પ મુક્ત હોય છે, સભાન અને અલગ રીતે સક્રિય હોય છે.

આ રીતે અણુરૂપ અસ્તિત્વનું કારણ તે શાશ્વત અને આદિમ એવા જડતત્ત્વનો કોઈ શાશ્વત ને આદિમ એવો નિયમ નથી પણ વિશ્વરૂપ મન જે રીતે કાર્ય કરે છે તેને લીધે એ અસ્તિત્વ બની આવેલું છે. જડતત્ત્વ એ સર્જન પામેલી વસ્તુ છે, અને તેના સર્જન માટે, પ્રારંભ-બિંદુ તરીકે અથવા તો પાયા તરીકે અનંત તત્ત્વના અલ્પાતિઅલ્પ અંશની, અનંતની છેલ્લામાં છેલ્લી અંશરચનાની જરૂર રહેલી હતી. ઈથર જડતત્ત્વના એક અગ્રાહ્ય, લગભગ આધ્યાત્મિક જેવા ટેકા તરીકે અસ્તિત્વ ધરાવતું હોવાનો સંભવ છે અથવા તો એ રીતે તેનું અસ્તિત્વ અવશ્ય છે જ, પરંતુ તે એક દૃશ્યરૂપ પદાર્થ તરીકે સ્થૂલ રૂપે ગ્રાહ્ય બની શકે એવું દેખાતું નથી. આ જે દૃશ્ય એવું સમૂહિત રૂપ છે, કિંવા રૂપ પામેલો અણુ છે તેના તમે તેના મૂળભૂત અણુઓમાં ભાગ કરી નાખો, તેને તમે સત્તત્ત્વની અત્યંત નાનામાં નાની ધૂલિના રૂપમાં તોડી નાખો તોપણ, તેમની રચના કરનાર મન અને પ્રાણ જે પ્રમાણેનાં છે તેને લીધે, આપણે કોઈ છેલ્લામાં છેલ્લા અલ્પતમ અણુરૂપ અસ્તિત્વમાં પહોંચીશું. એ અંતિમ અણુ કદાચ અસ્થિર પ્રકારનો હશે પણ તે શક્તિના શાશ્વત પ્રવાહની અંદર હંમેશાં પોતાની રચના કરી ફરી પાછો, દૃશ્યમાણ રીતે, કરતો રહેતો હશે અને એ માત્ર, કશું પણ

આંતરિક તત્ત્વ ધારણ કરવાને અસમર્થ એવા અન-અણુરૂપ વિસ્તાર રૂપે જ નહિ રહેશે. પદાર્થતત્ત્વનું અન-અણુરૂપ વિસ્તરણ, એ વિસ્તરણ કે જે એક સમૂહિત પદાર્થ રૂપે નથી હોતું, અવકાશની અંદર વહેંચાઈ ગયું હોય એના કરતાં બીજી રીતનું સહ-અસ્તિત્વ એ શુદ્ધ સત્-તત્ત્વની, શુદ્ધ પદાર્થતત્ત્વની વાસ્તવિકતાઓ છે; એ અતિમનસના એક જ્ઞાન રૂપે છે, એની સક્રિયતાના એક તત્ત્વ રૂપે છે, એ ભેદકારક મનની એક સર્જનાત્મક કલ્પના તરીકે નથી, જો કે મન તેમને વિષે પોતાનાં કાર્યોની પાછળ સભાન બની શકે છે ખરું. આ બધાં જડતત્ત્વની નીચે આવી રહેલી વાસ્તવિકતા છે, પણ જેને જડતત્ત્વ કહીએ છીએ એ દૃશ્યરૂપ તત્ત્વ તે નથી. મન, જીવન, જડતત્ત્વ પોતાની સ્થિર વાસ્તવિકતામાં પેલા શુદ્ધ સત્-તત્ત્વ સાથે અને સભાન વિસ્તરણ સાથે એકરૂપ હોઈ શકે છે, પરંતુ તેમના સક્રિય કાર્યમાં, તેમના સ્વ-દર્શન અને સ્વ-રચનામાં તેઓ એ એકતા દ્વારા કાર્ય કરી શકતાં નથી.

એટલે આપણે જડતત્ત્વના આ સત્યમાં પહોંચીએ છીએ કે સત્-તત્ત્વ પોતાનું વિચાર રૂપે એક આત્મ-વિસ્તરણ કરતું રહેલું છે અને એ વિસ્તરણ વિશ્વની અંદર પદાર્થતત્ત્વ રૂપે યા તો ચેતનાના વિષય રૂપે મૂર્ત થાય છે અને એ પદાર્થતત્ત્વને વિશ્વરૂપ મન અને જીવન પોતાના સર્જનાત્મક કાર્યની અંદર અણુરૂપ વિભેદન અને સંમૂહન દ્વારા આપણે જેને જડતત્ત્વ કહીએ છીએ તે વસ્તુ રૂપે રજૂ કરે છે. પરંતુ આ જડતત્ત્વ આમ છતાં, મન અને પ્રાણની માફક, હજી પણ, પોતાના આત્મ-સર્જનના કાર્યમાં પ્રવૃત્ત બનતા સત્-તત્ત્વ કિંવા બ્રહ્મ રૂપે રહેલું છે. એ જડતત્ત્વ સભાન એવા સત્-તત્ત્વની શક્તિનું રૂપ છે, એ રૂપ મને આપેલું છે અને જીવને તેને સાકાર કરેલું છે, એ જડતત્ત્વ તેની પોતાની વાસ્તવિકતા તરીકે ચેતનાને પોતાની અંદર ધારણ કરે છે, પણ એ ચેતના તેની પોતાની આગળ ગુપ્ત રાખવામાં આવેલી છે, તેના પોતાના આત્મ-રચનાના કાર્યના પરિણામની અંદર તે તિરોભૂત અને લીન બનેલી છે અને તેથી તે આત્મ-વિસ્મૃત બનેલી છે; અને, એ જડતત્ત્વ આપણને ભલે ગમે તેટલું ભાવરહિત અને જ્ઞાનશૂન્ય દેખાતું હોય તોપણ તેની અંદર છુપાયેલી ચેતનાને થતી ગુપ્ત અનુભૂતિ સમક્ષ તો તે સત્-તત્ત્વના આનંદ રૂપે હોય છે અને એ આનંદ રૂપ ગુપ્ત દેવતાને તેની ગુપ્તતામાંથી લલચાવીને બહાર લઈ આવવા માટે તેની સમક્ષ તે પોતાની જાતને સંવેદન માટેના વિષય તરીકે રજૂ કરે છે. તો પદાર્થ તત્વ રૂપે આવિર્ભાવ પામેલું, સત્-તત્ત્વની

શક્તિ રૂપમાં ઢળાયેલી, ગુપ્ત એવી આત્મ-સભાનતાના એક આકૃતિરૂપે તથા આત્મ-નિર્માણમાં ઢળાયેલી, પોતાની જાતને પોતાની જ ચેતના સમક્ષ એક વિષય તરીકે અર્પણ કરતો આનંદ,-આ તે સચ્ચિદાનંદ નહિ તો બીજું શું છે? જડતત્ત્વ તે સચ્ચિદાનંદ છે અને સચ્ચિદાનંદની પોતાની મનોમય અનુભૂતિ સમક્ષ વિષયરૂપ બનતા જ્ઞાનના, ક્રિયાના અને અસ્તિત્વના આનંદના આકારરૂપ પામેલા આધાર તરીકે રજૂ થયેલું છે.

પ્રકરણ ૨૫

જડતત્ત્વની ગાંઠ

नाहं यातुं सहसा न द्वयेन ऋतं सपाम्यरूषस्य वृष्णः।.....
के धासिमग्ने अनृतस्य पान्ति क आसतो वचसः सन्ति गोपा ।।

ऋग्वेद ५.१२.२, ४.

नासदासीन्नो सदासीत् तदानी नासीद्रजो नो व्योमा परो यत्।
किमावरीवः कुह कस्य शर्मन्नम्भः किमासीद्गहनं गभीरम् ।।
न मृत्युरासीदमृतं न तर्हि न रात्र्या अ आसीत् प्रकेतः ।
आनीदवातं स्वधया तदेकं तस्माद्धान्यन्न परः किं चनास ।।
तम आसीत्तमसा गृहळमग्रेऽप्रकेतं सलिलं सर्वमा इदम् ।
तुच्छ्येनाभ्वपिहितं यदासीत् तपसस्तन्महिनाजायतैकम् ।।
कामस्तदग्रे समवर्तताधि मनसो रेतः प्रथमं यदासीत् ।
सतो बन्धुमसति निरविन्दन् हृदि प्रतीष्या कवयो मनीषा ।।
तिरश्चीनो विततो रश्मिरेषामधः स्विदासीदुपरि स्विदासीत् ।
रेतोधा आसन् महिमान आसन् त्स्वधा अवस्तात् प्रयतिः परस्तात् ।।

ऋग्वेद १०.१२९, १–५

હું તેજોમય પરમાત્માના (**अरुषस्य वृष्णः**) ઋત પાસે બળ કરીને (**सहसा**) યા તો દ્વૈતને માર્ગે (**द्वयेन**) જઈ શકતો નથી... અનૃતના પાયાનું રક્ષણ કરનારા એ કોણ છે? અસત્ય વાણીના રક્ષકો કોણ છે?

ઋગ્વેદ ૫.૧૨.૨, ૪

તે સમયે ન હતું સત્, ન હતું અસત્, ન હતું અંતરિક્ષ (**रजस्**) કે ન હતું વ્યોમ કે તેની પારનું કંઈ. કઈ વસ્તુ સર્વને આવરીને આવી રહેલી હતી? ક્યાં હતી એ? કોના આશ્રયમાં(**शर्मन्**)? એ કયો સાગર (**अम्भः**) હતો. ગહન અને ગંભીર? ન હતું મૃત્યુ, ન હતું અમૃત, કે ન હતું દિવસ અને રાત્રિનું જ્ઞાન.તે એક (**तदेकम्**) જીવતું હતું શ્વાસ વિના (**अवातम्**), પોતાના નિયમ દ્વારા (**स्वधया**), તેનાથી અન્ય એવું કાંઈ ન હતું, પર એવું કાંઈ ન હતું. પ્રારંભમાં તમસ તમસથી છવાયેલું હતું. આ સર્વ અચિત્ (**अप्रकेतम्**) નો

સાગર હતું. એ વિશ્વરૂપ તત્ત્વ (**यद्**) જ્યારે ખંડિતતાથી (**तुच्छयेन**) છુપાયેલું હતું ત્યારે તે એક (**तद एकम्**) પોતાની શક્તિના મહા તત્ત્વથી (**महिना**) જન્મ પામ્યું. પ્રથમ એ ભીતરમાં રહેલી કામના રૂપે ગતિમાં આવ્યું, અને એ હતું મનનું પ્રથમ બીજ (**रेतस्**). સત્યના દ્રષ્ટાઓએ (**कवयः**) હૃદયમાં રહેલા સંકલ્પ દ્વારા (**प्रतीष्या**) તથા વિચાર દ્વારા (**मनीषा**) અસત્‌માં થતી સત્‌ની બાંધણી (**बन्धुम्**) શોધી કાઢી. તેમનું કિરણ સમક્ષિતિજ (**तिरश्चीनः**) વિસ્તાર પામેલું હતું. પરંતુ ત્યાં નીચે શું હતું, ઉપર શું હતું? ત્યાં બીજના નાખનારાઓ હતા(**रेतोधाः**), ત્યાં મહત્તાઓ (**महिमानः**) હતી; ત્યાં નીચે સ્વ-નિયમ (**स्वधा**) હતો, ઉપર સંકલ્પ (**प्रयतिः**) હતો.

ઋગ્વેદ ૧૦.૧૨૯.૧-૫

તો પછી આપણે હવે જે નિર્ણય ઉપર આવ્યા છીએ તે સાચો હોય,-અને જે સામગ્રી ઉપર આપણે કામ કરી રહ્યા છીએ તેના આધારે બીજો કોઈ નિર્ણય ઉપજાવવો શક્ય નથી.-તો વ્યવહારુ અનુભવે તથા મનને પડેલા લાંબા અભ્યાસે આત્મતત્ત્વ અને જડતત્ત્વ વચ્ચે જે તીક્ષ્ણ ભેદ પાડી દીધા છે તેની કોઈ મૂળગત વાસ્તવિકતા રહેતી નથી. જગત તે એક સ્વરૂપ અદ્વૈત છે, બહુરૂપ બનેલી એકતા છે, એ કોઈ શાશ્વત રીતનાં વિસંવાદી તત્ત્વો વચ્ચે સમાધાન કરવા માટેનો સતત ચાલુ રહેતો પ્રયત્ન નથી, એ કોઈ કદી મેળ ન ખાઈ શકે તેવાં વિરોધી તત્ત્વો વચ્ચેનો કાયમનો સંઘર્ષ નથી. અનંત વિવિધતાને ઉત્પન્ન કરતી એક અવિચ્છેદ્ય એવી એકતા એ છે જગતનો પાયો અને પ્રારંભ; પછી વચલી અવસ્થામાં જગતનું સાચું સ્વરૂપ એવું દેખાય છે કે તેમાં બહારથી દેખાતા ભેદ અને સંઘર્ષની પાછળ સમાધાનની એક સતત ક્રિયા ચાલતી રહે છે અને આ સમાધાનની ક્રિયા એક હંમેશા એકરૂપી અને પોતાની સર્વ સંકુલ ક્રિયાની સ્વામી એવી ગુપ્ત ચેતના અને સંકલ્પશક્તિમાં રહેલા વિશાળ હેતુઓને માટે શક્ય તેટલાં સર્વ વિરોધી તત્ત્વોને ભેગાં કરી રહેલી છે; અને એટલે પછી આપણે એમ ધારવાનું રહે છે કે આ જે સંકલ્પશક્તિ અને ચેતના ઉત્થાન પામી રહેલાં છે તેમની પૂર્ણ સિદ્ધિ થાય અને એક વિજયી બનતી સંવાદિતા રચાય એ જગતનું અંતિમ સ્વરૂપ હોવું જોઈએ. પદાર્થતત્ત્વ એ આ સંકલ્પશક્તિ ચેતનાનું પોતાનું સ્વરૂપ છે અને એના ઉપર તે કામ કરતી રહે છે, અને એ પદાર્થતત્ત્વનો એક છેડો જો જડતત્ત્વ છે તો આત્મતત્ત્વ એ તેનો

બીજો છેડો છે. એ બંને એક છેઃ આત્મતત્ત્વ તે આપણે જેને જડતત્ત્વ તરીકે સમજીએ છીએ તેનો આત્મા તથા તેની વાસ્તવિકતા છે; જડતત્ત્વ તે આપણે જેને આત્મતત્ત્વ તરીકે સાક્ષાત્ કરીએ છીએ તેનું એક રૂપ અને શરીર છે.

બેશક, વ્યવહારુ ભૂમિકા ઉપર એક મોટો વિશાળ તફાવત છે અને એ તફાવત ઉપર જગદ્અસ્તિત્વની આખી અવિભાજ્ય એવી શ્રેણી તથા સતત-આરોહણશીલ કક્ષાઓ મંડાયેલી છે. આપણે કહી ગયા કે પદાર્થતત્ત્વ તે સભાન એવું સત્-તત્ત્વ છે અને ઇન્દ્રિયો સમક્ષ પોતાને તે વિષય તરીકે રજૂ કરતું રહે છે અને એ રીતે એમાંથી જે કોઈ રીતનો ઇન્દ્રિય-વિષય સંબંધ સ્થાપિત થાય છે તેના પાયા ઉપર જગદ્-રચનાનું તથા વૈશ્વિક પ્રગતિકતાનું કાર્ય આગળ વધી શકે છે. પરંતુ ઇન્દ્રિય અને પદાર્થતત્ત્વ વચ્ચે જે અવિચલ એવો સંબંધ રચાય છે તેનો માત્ર એક જ પાયો હોવો જોઈએ, તેનો એક જ મૂળભૂત સિદ્ધાંત હોવો જોઈએ એવું હોવાની જરૂર નથી; ઊલટું, જગતમાં આમ તો આ સંબંધોની એક ઊર્ધ્વમાં આરોહણ કરતી અને વિકાસ પામતી શ્રેણી આવી રહેલી છે. આપણે એક બીજું પદાર્થતત્ત્વ જાણીએ છીએ કે જેમાં શુદ્ધ મન એ પદાર્થતત્ત્વના સ્વાભાવિક માધ્યમ તરીકે કામ કરતું રહે છે અને એ પદાર્થતત્ત્વ, આપણી સ્થૂલ ઇન્દ્રિયો જડતત્ત્વ વિષે કલ્પના કરી શકે તેના કરતાં ઘણું વધારે સૂક્ષ્મ, વધુ વળી શકે એવું, વધારે મુલાયમ હોય છે. આપણે કહી શકીએ છીએ કે મનરૂપી એક પદાર્થતત્ત્વ છે કારણ કે આપણને એક એવા વધુ સૂક્ષ્મ પ્રકારના માધ્યમ વિષે જ્ઞાન થવા પામે છે કે જેમાં રૂપો ઉદય પામતાં હોય છે અને ક્રિયા અને તેના સ્થૂલ રીતે સમજી શકાય તેવા શક્તિ-પ્રવાહોથી ભિન્ન એવું શુદ્ધ સક્રિય પ્રાણ-શક્તિનું એક પદાર્થતત્ત્વ છે. આત્મતત્ત્વ પોતે પણ સત્-તત્ત્વનું એક પદાર્થતત્ત્વ છે અને તે શારીરિક, પ્રાણિક કે માનસિક ઇન્દ્રિયો સમક્ષ નહિ, પરંતુ એક શુદ્ધ આધ્યાત્મિક રીતના દર્શનાત્મક જ્ઞાનના પ્રકાશ સમક્ષ પોતાને રજૂ કરતું હોય છે. એ જ્ઞાનમાં દ્રષ્ટા પોતે જ પોતાનો વિષય બનતો હોય છે, એટલે કે, એ જ્ઞાનમાં કાલાતીત અને સ્થલાતીત એવું તત્ત્વ પોતે અસ્તિત્વ માત્રના પાયા રૂપે તથા આદિમ સામગ્રી રૂપે આવી રહેલું છે એમ એક શુદ્ધ આધ્યાત્મિક રીતના સ્વ-કલ્પનશીલ સ્વ-વિસ્તરણમાં નિહાળી શકે છે. આ પાયાથી આગળ જતાં પછી દ્રષ્ટા અને વિષય વચ્ચેનો બધો સભાન ભેદભાવ એક પરમ તાદાત્મ્યમાં અદૃશ્ય થઈ જાય છે, અને ત્યાં પછી આપણે પદાર્થ તત્ત્વની વિશેષ વાત કરી શકતા નથી.

એટલે આ જે એક કેવળ વિચારાત્મક તફાવત છે-મનોમય રીતે વિચારાત્મક નહિ પણ આધ્યાત્મિક રીતે વિચારાત્મક એવો જે તફાવત છે તે છેવટે જતાં એક વ્યવહારુ ભેદનું રૂપ લે છે, અને એ આધ્યાત્મિક તફાવત આ જે આત્મતત્ત્વમાંથી શરૂ થઈને મનમાંથી પસાર થઈ જડતત્ત્વ સુધી નીચે જતી શ્રેણી છે અને જડતત્ત્વમાંથી શરૂ થઈને મનમાંથી પસાર થઈ આત્મતત્ત્વ સુધી પાછી આરોહણ કરતી શ્રેણી છે તેનું સર્જન કરે છે, પરંતુ આમાં જે સાચું એકત્વ છે તેનો કદી લોપ થતો હોતો નથી, અને આપણે જ્યારે વસ્તુઓ વિષેની આદિમ અને સમગ્રરૂપ દૃષ્ટિમાં પાછા પહોંચીએ છીએ ત્યારે આપણે જોઈએ છીએ કે આ એકત્વ કદી પણ સાચેસાચ ઓછું થયેલું હોતું નથી કે ખંડિત થયેલું હોતું નથી, જડતત્ત્વની અત્યંત સ્થૂલ ઘનતાઓમાં પણ નહિ. બ્રહ્મ એ વિશ્વનું કારણ છે તથા તેને ટેકો આપી રહેલી શક્તિ છે તેમ જ તેમાં નિવાસ કરતું તત્ત્વ છે એટલું જ નથી, બ્રહ્મ એ વિશ્વની સામગ્રી પણ છે અને એ જ એકમાત્ર સામગ્રી છે. જડતત્ત્વ પણ બ્રહ્મ છે અને તે બ્રહ્મ સિવાય બીજું કાંઈ જ નથી કે તેનાથી ભિન્ન એવું કાંઈ જ નથી. જો જડતત્ત્વ આત્મતત્ત્વથી ખરેખર કપાઈ ગયેલું હોત, તો આવી વસ્તુ ન હોત; પરંતુ, આપણે જોઈ ગયા તે મુજબ, જડતત્ત્વ તે દિવ્ય સત્-તત્ત્વનું એક છેવટનું રૂપ છે, અને એ સત્-તત્ત્વનું એક વસ્તુરૂપ બનેલું પાસું છે, અને એ જડતત્ત્વમાં અને તેની પાછળ આખાયે પ્રભુ હંમેશાં હાજર રહેલા છે. જેવી રીતે આ દેખીતી રીતનું નિષ્પ્રાણ અને નિષ્ક્રિય એવું જડતત્ત્વ સર્વત્ર આવી રહેલું છે અને પ્રાણતત્ત્વની એક પ્રચંડ સક્રિય શક્તિથી સભર વ્યાપ્ત રહેલું છે, જેવી રીતે આ સક્રિય પરંતુ દેખીતી રીતે અભાન એવું પ્રાણતત્ત્વ પોતાની અંદર એક સતત-કાર્યશીલ અને ન દેખાતા એવા મનને ગુપ્ત રીતે રાખે છે અને એ મનની ગુપ્ત ક્રિયાઓની એ પ્રગટ એવી એક પ્રગટ શક્તિ રૂપે રહેલું છે, જે રીતે જીવતા શરીરમાં રહેલું આ અજ્ઞાન, અપ્રકાશિત અને ફાંફાં મારતું મન તેના પોતાના સાચા સ્વરૂપ, અતિમનસ દ્વારા ટેકો પામતું રહે છે અને સર્વભાવે દોરાતું રહે છે, કે જે અતિમનસ મનોમયતા નહિ પામેલા જડતત્ત્વમાં પણ એવી જ સમાન રીતે આવેલું છે, એવી જ રીતે આખુંયે જડતત્ત્વ, તેમ જ આખુંયે પ્રાણતત્ત્વ, મન તેમ જ અતિમનસ એ બધાં બ્રહ્મનાં, શાશ્વત, આત્મતત્ત્વ, સચ્ચિદાનંદનાં માત્ર રૂપો છે, એ બ્રહ્મ આ સર્વમાં નિવાસ કરે છે એટલું જ નહિ, પરંતુ તે આ બધી વસ્તુઓ રૂપે છે જોકે એમાંનું કોઈપણ બ્રહ્મનું પૂર્ણ સ્વરૂપ તો નથી જ.

પરંતુ આમ છતાંય આ રીતનો વિચારાત્મક તફાવત તેમ જ વ્યવહારુ ભેદ તો રહેલ છે જ, અને એ ભેદમાં, જડતત્ત્વ વાસ્તવિક રીતે આત્મતત્ત્વમાંથી છૂટું પડી ગયેલું નથી છતાં, એ વ્યવહારુ રીતે તો એટલું બધું છૂટું પડી ગયેલું લાગે છે, એના નિયમમાં એટલું બધું તો જુદું, અને ઊલટું પણ લાગે છે, સ્થૂલ જીવન સારાયે આધ્યાત્મિક જીવનનું એટલું બધું તો નકારરૂપ લાગે છે કે એનો ત્યાગ કરી દેવો એ જ આ મુશ્કેલીમાંથી નીકળવા માટેનો એકમાત્ર ટૂંકો માર્ગ છે એમ લાગી શકે છે,–અને બેશક એ માર્ગ ટૂંકો તો છે જ, પરંતુ આવો ટૂંકો માર્ગ કે કોઈ પણ રીતનો માર્ગ એ ઉકેલ તો નથી જ. છતાં, ત્યાં, બેશક જડતત્ત્વમાં જ બધી મહા મુશ્કેલીનું કારણ રહેલું છે, એ જ વિઘ્નને ઊભું કરે છેઃ કારણ કે જડતત્ત્વને લીધે જ જીવન સ્થૂલ અને મર્યાદિત બનેલું છે અને મૃત્યુ અને વેદનાથી ઘાયલ થયેલું છે, જડતત્ત્વને લીધે જ મન અર્ધા કરતાં વધારે અંધ છે, એની પાંખો કપાઈ ગયેલી છે, એના પગ એક સાંકડી બેસણી સાથે બાંધી દેવાયેલા છે અને ઊર્ધ્વમાં રહેલી જે વિશાળતા અને સ્વતંત્રતા વિષે તે સભાન છે તેમાંથી તેને પાછું ખેંચી રાખવામાં આવેલ છે. એટલે નરી આધ્યાત્મિકતાનો સાધક જો જડતત્ત્વના કાદવથી ઘૃણા પામી જાય, પ્રાણની પશુ જેવી સ્થૂલતાને લીધે બંડખોર બને અથવા તો મને પોતે કેદ રૂપ સરજેલી સંકુચિતતા અને નિમ્નગામી દૃષ્ટિથી અધીરો બની જાય અને આ બધામાંથી તે ભાગી છૂટવાનો અને અક્રિયતા અને નીરવતાને માર્ગે આત્માની સુસ્થિર મુક્તિમાં પાછા ચાલ્યા જવાનો નિર્ણય કરે તો તેના એ દૃષ્ટિબિંદુ મુજબ તે સાચો ઠરે છે. પરંતુ આ બાબતમાં માત્ર આ જ એક દૃષ્ટિબિંદુ છે એમ નથી, તેમ જ એ દૃષ્ટિબિંદુને દેદીપ્યમાન અને સોનેરી દૃષ્ટાંતો જેવા પુરુષોએ ભવ્ય રીતે સ્વીકારેલું છે યા તો તેનું ગૌરવ કરેલું છે તેથી કાંઈ આપણે તે સંપૂર્ણ અને અંતિમ જ્ઞાન રૂપે છે એમ ગણવાની જરૂર નથી. ઊલટું, આપણે તો, આપણી જાતને સર્વપ્રકારના આવેશ અને બંડખોરીમાંથી મુક્ત કરી લઈને, એ જોઈએ કે વિશ્વની આ જે દિવ્ય વ્યવસ્થા રહેલી છે તેનો અર્થ શો છે, અને આત્માનો ઈનકાર કરતી આ જે જડતત્ત્વની મહાન ગાંઠ અને ગૂંચવાયેલું કોકડું છે તે અંગે, તેના જે તંતુઓ છે તે શોધવાનો અને તેમને છૂટા પાડવાનો આપણે પ્રયત્ન કરીએ અને એ રીતે આપણે એ ગાંઠને એક ઉકેલ દ્વારા ઢીલી કરીએ અને તેને ઉગ્ર રીતે કાપી નાખીએ નહિ. તો આપણે આ અંગે જે મુશ્કેલી રહેલી છે, જે વિરોધીતા રહેલી છે તેને પ્રથમ તો, પૂરેપૂરી રીતે, તીક્ષ્ણ રીતે,

અને જરૂર પડે તો, તેને હળવી કરીને નહિ પણ, મોટું રૂપ આપીને રજૂ કરવાની રહે છે અને તે પછી તેના નિરાકરણની શોધ કરવાની રહે છે.

તો, પ્રથમ તો, આત્મતત્ત્વ સામે જડતત્ત્વ જે એકદમ મૂળનો વિરોધ રજૂ કરે છે તે એ છે કે એ અવિદ્યાના તત્ત્વની પરાકાષ્ઠા જેવું બની રહેલું છે. અહીં જડતત્ત્વમાં ચેતના પોતાના કાર્યોના એક રૂપમાં પોતાની જાતને ખોઈ બેઠેલી છે અને ભૂલી ગયેલી છે. જેવી રીતે માણસ અત્યંત તલ્લીનતાની અવસ્થામાં પોતે કોણ છે તે ભૂલી જઈ શકે છે એટલું જ નહિ પણ પોતે જાતે જ છે કે કેમ તે ભૂલી જઈ શકે છે અને ક્ષણભર તો તે પેલા થઈ રહેલા કાર્ય રૂપે તથા એ કાર્યને કરી રહેલી શક્તિ રૂપ જ બની રહે છે તેવું જ અહીં બને છે. સ્વતઃ જ્યોતિર્મય એવું પરમ આત્મતત્ત્વ, શક્તિનાં સર્વ કાર્યોની પાછળ પોતાને વિષે અનંત રીતે સભાન એવું તથા તે કાર્યોનું સ્વામી એવું, અહીં જડતત્ત્વમાં અદૃશ્ય થઈ ગયેલું લાગે છે અને જાણે તે છે જ નહિ એમ લાગે છે. એ આત્મા ક્યાંક કદાચ રહેલો તો છે પણ અહીં તો તે એક આત્મરહિત અને અચિત્ એવી સ્થૂલ જડાત્મક શક્તિને જ મૂકી ગયેલો દેખાય છે અને એ શક્તિ પોતાની જાતને જાણ્યા વિના જ શાશ્વત રીતે સર્જન કરતી રહે છે તથા વિનાશ કરતી રહે છે અથવા તો પોતે શું સર્જન કરી રહી છે કે પોતે સર્જન કરે છે જ શા માટે કે પોતે જેને એક વાર સર્જ્યું છે તેનો શા માટે વિનાશ કરે છે એનું એને કશું જ્ઞાન હોતું નથીઃ એ જાણતી હોતી નથી, કેમકે એને કોઈ મન નથી; એને કશી પરવા હોતી નથી, કેમકે એને કોઈ હૃદય નથી. અને આ સ્થૂલ વિશ્વ પાછળનું સાચું સત્ય જો આ રીતનું ન હોય, આ બધા મિથ્યા દૃશ્યરૂપ જગતની પાછળ જો એક મન, એક સંકલ્પશક્તિ અને મન કે મનોમય સંકલ્પશક્તિ કરતાં કોઈ વધારે મોટી વસ્તુ આવી રહેલી હોય તોપણ આ સ્થૂલ વિશ્વ તો, પોતાની રાત્રિમાંથી બહાર નીકળીને એ વિશ્વમાં આવી રહેલી ચેતના સમક્ષ પોતાનો આ શ્યામ આભાસ જ રજૂ કરે છે; અને એ આભાસ જો સત્ય નહિ પણ એક જૂઠાણું હોય તોપણ તે એક અત્યંત અસરકારક જૂઠાણું છે, કેમકે એ જ આપણા આ દૃશ્યરૂપ અસ્તિત્વની પરિસ્થિતિઓનો નિર્ણય કરતું હોય છે અને આપણી સર્વ અભીપ્સા અને પુરુષાર્થને ઘેરો ઘાલીને બેઠેલું છે.

કેમકે સ્થૂલ જગતમાં આ જે એક ગજબનાક વસ્તુ આવી રહેલી છે, જે ઘોર અને નિષ્ઠુર એવો ચમત્કાર બની રહેલો છે તે એ છે કે આ 'ના-મન'માંથી એક મન અથવા, કાંઈ નહિ તો, મનો ઊભાં થાય છે અને તે જુએ છે કે પોતે પ્રકાશ મેળવવાને માટે

બે તત્ત્વો વચ્ચે મેળ બેસાડવાના કોઈ પ્રયત્નો નથી કર્યા. પરંતુ બધાયે મહાન ધર્મો આ જગતના ઈનકારની મહાન છાયામાં જ જન્મ્યા છે ને જીવ્યા છે અને સંન્યાસીઓનો ભગવો એ જીવનનું પરમ લક્ષ્ય ગણાતો આવ્યો છે. બૌદ્ધ ધર્મમાં કહેલ કર્મની પરંપરાની સાંકળનો કર્મવાદ અને કર્મવાદને પરિણામે બંધન અને મોક્ષનું પરસ્પર વિરોધી જોડકું,- અર્થાત્, જન્મ ધારણ કરવાથી બંધન અને જન્મમૃત્યુનો ફેરો બંધ થતાં મોક્ષ એ માન્યતા જીવનમાં વ્યાવહારિક માન્યતા તરીકે વ્યાપેલી જણાય છે. અને તેથી કરીને બધા જ પંથો એકે અવાજે સ્વીકારવામાં સંમત છે કે આ આપણી દ્વૈતવાળી દુનિયામાં નહિ પરંતુ તેનાથી પર કોઈ દિવ્ય લોકમાં જ સ્વર્ગનું સામ્રાજ્ય હોઈ શકે. ચહાય તો સનાતન વૃંદાવનના આનંદમાં, બ્રહ્મલોકના પરમાનંદમાં, કે જીવોથી પર આવી રહેલા કોઈક અવર્ણનીય નિર્વાણમાં, અગર તો જ્યાં બધીયે વિધવિધ ચેતનાઓ કોઈ અવર્ણનીય પરમ સત્તાની લક્ષણહીન એકતામાં લય પામે છે એ સ્થિતિમાં સ્વર્ગનું દિવ્ય સામ્રાજ્ય આવી રહેલું છે. અને કેટલીયે શતાબ્દિઓથી જવલંત સાક્ષીઓનો એક મોટો સમુદાય, સાધુઓ અને ઉપદેશકો, જેઓના નામ ભારતમાં પવિત્ર ગણાય છે અને જેઓ હિન્દુ ધર્મની કલ્પનામાં આગળ પડતો ભાગ ભજવે છે, તેઓ પણ સંન્યાસીના ભગવાને જ સંમતિ આપે છે અને તેના ધ્યેયનું સમર્થન કરે છે. એટલે કે જીવનનો સર્વથા ત્યાગ એ જ જ્ઞાનપ્રાપ્તિનો એક માત્ર રસ્તો છે અને સ્થૂલ જીવનનો સ્વીકાર એ અજ્ઞાનનું કાર્ય છે. જીવનથી છુટકારો મેળવવો એ જ જીવનનો સાચો ઉપયોગ છે. આત્માનો સાદ સાંભળવો અને પાર્થિવ જીવનનો તિરસ્કાર કરવો વગેરે માનવ જીવનના પરમ ધ્યેય તરીકે સ્વીકારાતું આવ્યું છે.

જે જમાનાને ત્યાગ ભાવના જોડે સહાનુભૂતિ નથી તેને,-દુનિયાના અન્ય પ્રદેશોમાં પણ જગત-ત્યાગીઓનો સમય જતો રહ્યો છે અગર તો જવામાં છે,-આવું મહાન વલણ પ્રાચીન પ્રજાની પ્રાણશક્તિની ઓટને આભારી છે એમ ગણી કાઢવું સહેલું છે, અર્થાત્, એવી પ્રજા સામાન્ય પ્રગતિમાં પોતાનો મહાન ફાળો આપીને, માનવ સંસ્કૃતિનો ભારે બોજો સહન કરીને અનેક દિશામાં માનવ જ્ઞાન અને માનવ પ્રયત્નમાં પોતાના વિવિધ ફાળા આપીને થાકી ગઈ છે એ માનવું સહેલું છે. પરંતુ આપણે આગળ જોઈ ગયા છીએ કે એ આદર્શ જીવનના એક સત્યને રજૂ કરે છે, એ સ્થિતિ આપણી ઉન્નતિની શક્યતાનું ઊંચામાં ઊંચું શિખર હોઈ બુદ્ધિપૂર્વક પ્રાપ્ત કરેલ સાક્ષાત્કારની

દુર્બળ રીતે મથી રહેલાં છે, વ્યક્તિગત રીતે પોતે નિરાધાર છે, અને જ્યારે તેઓ આત્મ-રક્ષણ માટે, વિશ્વના નિયમ રૂપ એવી વિરાટ અવિદ્યાની મધ્યમાં પોતાની વ્યક્તિગત દુર્બળતાઓને ભેગી કરે છે ત્યારે જ માત્ર એ નિરાધારી કંઈક ઓછી થાય છે. આ હૃદયહીન એવા અચિત્‌માંથી તેમ જ તેના કઠોર શાસન પ્રદેશમાં હૃદયોએ જન્મ લીધેલો છે અને ત્યાં રહીને તે અભીપ્સા કરી રહેલાં છે અને આ લોખંડી અસ્તિત્વની આંધળી અને ભાવશૂન્ય ક્રૂરતાના બોજા હેઠળ ઘોર વેદના વેઠી રહેલાં છે અને લોહીલુહાણ થઈ રહેલાં છે. એ ક્રૂરતા આ હૃદયો ઉપર પોતાનો નિયમ લાદી રહેલી છે, અને તેમની સભાનતામાં પોતે સભાન બની રહેલી છે, નિષ્ઠુર, ઝનૂની, ભયંકર બની રહેલી છે. પરંતુ આ આભાસોની પાછળ આ જે દેખાતી અગમ્યતા છે એ છેવટે છે શું? આપણે જોઈ શકીએ છીએ કે જે ચેતના પોતાની જાતને ખોઈ બેઠેલી હતી તે વળી પોતાની જાતમાં પાછી આવી રહી છે, પોતાની વિરાટ આત્મ-વિસ્મૃતિમાંથી એક જીવન તરીકે ધીરે ધીરે, વેદનાપૂર્વક ઉપર આવી રહી છે, અને એ જીવન સભાન બનવાની ઈચ્છા સેવતું રહે છે, અર્ધ-સભાન, ઝાંખી રીતે સભાન, પૂરેપૂરું સભાન બનતું રહે છે અને આખરે જતાં સભાન હોવા કરતાં પણ વધુ બનવાનો, વળી પાછું દિવ્ય રીતે આત્મ-સભાન, મુક્ત, અનંત, અમર્ત્ય બનવાનો સંઘર્ષ ખેડતું રહે છે. પરંતુ આ સ્થિતિમાં પહોંચવા માટે તે આ બધી વસ્તુઓના નિયમ કરતાં એક ઊલટા નિયમ હેઠળ, જડતત્ત્વની પરિસ્થિતિઓ હેઠળ, એટલે કે અવિદ્યાની પકડની સામે થઈને કામ કરે છે. આ જીવને જે ક્રિયાઓ કરવાની હોય છે, જે કરણોનો ઉપયોગ કરવાનો હોય છે તે આ આત્મરહિત અને ભેદમય જડતત્ત્વે ગોઠવેલાં અને બનાવેલાં હોય છે અને જીવન ઉપર તે પ્રત્યેક કદમે અજ્ઞાન અને મર્યાદિતતાને લાદતાં હોય છે.

કારણ કે આત્મતત્ત્વ સામે જડતત્ત્વ જે બીજો ધરમૂળનો વિરોધ રજૂ કરે છે તે એ છે કે આ જડતત્ત્વ યાંત્રિક નિયમને થતી રહેલી બંધનગ્રસ્તતાની પરાકાષ્ઠા જેવું રહેલું છે, અને જે જે કોઈ પોતાની જાતને મુક્ત કરવાનો પ્રયત્ન કરે છે તેની સામે તે એક પ્રચંડ અક્રિયતાને લઈને ખડું રહે છે. જડતત્ત્વ પોતે અક્રિય છે એમ તો નથી જ; ઊલટું એ તો એક એવી અનંત ગતિ છે, એવી અકલ્પ્ય શક્તિ છે, એવું નિઃસીમ કાર્ય છે કે જેની મહા ભવ્ય ક્રિયાઓ જોઈને આપણે સતત મુગ્ધ બની રહીએ છીએ. પરંતુ જો આત્મતત્ત્વ તો મુક્ત છે, પોતાની જાતનું તથા પોતાનાં કાર્યોનું સ્વામી છે, એ કાર્યોથી બંધાયેલું નથી,

નિયમનું એ સર્જક છે અને તેને એ આધીન રહેનારું નથી, તો આ વિરાટ જડતત્ત્વ તો એક ચોક્કસ અને યાંત્રિક નિયમ દ્વારા સજ્જડ રીતે બંધાયેલું છે, એ નિયમ તેના ઉપર લાદવામાં આવેલો છે, એને તે સમજતું નથી તેમ જ એને તેણે કદી પણ કલ્પેલો નથી પણ એનો તે અચિત્ રીતે અમલ કરતું રહે છે, જેવી રીતે એક યંત્ર કામ કર્યા કરતું હોય છે અને તેને કોણે બનાવ્યું, કઈ પ્રક્રિયાથી અને શા હેતુ માટે બનાવ્યું તે જાણતું હોતું નથી તેવી રીતે આ થતું હોય છે. અને જ્યારે પ્રાણતત્ત્વ જાગ્રત થાય છે અને સ્થૂલ રૂપ ઉપર તથા જડતત્ત્વની શક્તિ ઉપર પોતાને લાદવાનો તથા સર્વ વસ્તુઓને પોતાની ઈચ્છા મુજબ અને પોતાની આવશ્યકતાને માટે વાપરવાનો પ્રયત્ન કરે છે, વળી જ્યારે મન જાગ્રત થાય છે અને પોતે તથા સર્વ વસ્તુઓ કોણ છે, શા માટે અને કેવી રીતે આ બધું આવ્યું છે એ જાણવાનો તથા સૌથી વિશેષ તો પોતાના એ જ્ઞાનનો ઉપયોગ પોતાના વધુ મુક્ત રીતના નિયમને તથા પોતાની સ્વતઃસંચાલિત ક્રિયાને વસ્તુઓ ઉપર મૂકવા માટે કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે સ્થૂલ પ્રકૃતિ વશ થતી દેખાય છે, એમાં સંમત થતી અને મદદ કરતી પણ દેખાય છે, જોકે એ વસ્તુ તે થોડા સંઘર્ષ બાદ, આનાકાની કરતાં કરતાં અને અમુક બિંદુ સુધી જ કરે છે. પરંતુ એ બિંદુ પછી તે પોતાના તરફથી એક જિદ્દી જડતા, વિરોધ, નકાર રજૂ કરે છે અને પ્રાણતત્ત્વ તથા મનને એમ પણ સમજાવે છે કે તેઓ હવે આથી વધુ આગળ જઈ શકવાનાં નથી, તેમના આંશિક વિજયને અંત સુધી લઈ જઈ શકવાનાં નથી. જીવન પોતાની જાતને વિશાળ કરવાનો તથા લંબાવવાનો પ્રયત્ન કરે છે અને સફળ થાય છે; પરંતુ એ જ્યારે પૂર્ણ વિશાળતા અને અમરતાને મેળવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને જડતત્ત્વના પાખંડી અવરોધનો ભેટો થાય છે અને તે જુએ છે કે પોતે સંકુચિતતા અને મૃત્યુ સાથે બંધાઈ પડેલું છે. મન જીવનને મદદ કરવાનો પ્રયત્ન કરતું રહે છે, અને તેનામાં જ્ઞાનમાત્રને પોતાની બાથમાં લેવાની, સર્વપ્રકાશ રૂપ બની રહેવાની, સત્યને પ્રાપ્ત કરવાની અને સત્યરૂપ બની રહેવાની, પ્રેમ અને આનંદનું સામ્રાજ્ય સ્થાપવાની અને પોતે પ્રેમ અને આનંદ રૂપ બની રહેવાની જે વૃત્તિ છે તેને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરે છે; પરંતુ એને પ્રાણતત્ત્વની સ્થૂલ વૃત્તિઓ હંમેશાં આડમાર્ગે ખેંચી જાય છે, એ વૃત્તિઓ તરફથી તેનામાં ભૂલ અને સ્થૂળતાનું તત્ત્વ દાખલ થાય છે, અને સ્થૂલ ઈન્દ્રિયો તથા શારીરિક કરણો તરફથી ઈનકાર અને અવરોધ થતો રહે છે. એના જ્ઞાનની પાછળ પાછળ ભૂલ હંમેશા પીછો લેતી રહે છે, અંધકાર મનના

પ્રકાશનો અવિચ્છેદ્ય રીતે સાથી તરીકે અને ભૂમિકા રૂપે રહે છે; સત્યની શોધ સફળ રીતે થતી તો રહે છે અને છતાં, સત્ય જ્યારે હાથમાં આવે છે ત્યારે તે સત્ય મટી જાય છે અને એની શોધ ચાલુ રાખવી પડે છે; પ્રેમ પણ હોય છે તો ખરો જ, પરંતુ તે પોતાની તૃપ્તિ સાધી શકતો નથી, આનંદ પણ હોય છે તો ખરો જ; પરંતુ તે પોતાનું અસ્તિત્વ સાચું ઠરાવી શકતો નથી, અને આ પ્રેમ અને આનંદ ઉભય પોતાનાં વિરોધી તત્ત્વોને, ક્રોધ અને ધિક્કાર અને ઉદાસીનતાને, અતિતૃપ્તિ અને શોક અને વેદનાને, એ પોતાની જંજીર હોય તેમ ઘસડતાં રહે છે યા તો પોતાનો પડછાયો હોય તેમ પાથરતાં રહે છે. જડતત્ત્વ મન અને પ્રાણની માગણીઓનો અક્રિયતા દ્વારા ઉત્તર આપે છે અને એ અક્રિયતા અવિદ્યાના ઉપર તથા અવિદ્યાની શક્તિ રૂપે જે આત્મરહિત શક્તિ આવી રહેલી છે તેના ઉપર વિજયની સિદ્ધિ થતાં અટકાવી દે છે.

અને આપણે જ્યારે એ જાણવાનો પ્રયત્ન કરીએ છીએ કે આ શા માટે આ પ્રમાણે છે ત્યારે આપણે જોઈએ છીએ કે આ અક્રિયતા અને અવરોધને મળી રહેલી સફળતા જડતત્ત્વની એક ત્રીજી શક્તિને આભારી છે; કેમકે આત્મતત્ત્વ સામે જડતત્ત્વ જે ત્રીજો ધરમૂળનો વિરોધ રજૂ કરે છે તેમાં ભેદ અને સંઘર્ષના તત્ત્વની પરાકાષ્ઠા સધાયેલી હોય છે. વાસ્તવિક રીતે તો જડતત્ત્વ ખરેખર અભેદ્ય જ છે, પરંતુ ભેદકતા એ જ એના કાર્યનો આખો પાયો છે અને એ ભેદકતામાંથી કદી પણ હઠવાની એને મનાઈ કરાયેલી લાગે છે; કેમકે એકતા સાધવાની એની પાસે માત્ર બે જ પદ્ધતિઓ છે, એ કાં તો એકમોને ભેગા કરે છે અથવા તો એકમોને તે પચાવી લેવાનું કામ કરે છે જેમાં એક એકમ બીજા એકમનો વિનાશ કરી લેતો હોય છે; અને એકતા સાધવાની આ બંને પદ્ધતિઓ શાશ્વત ભેદની કબૂલાત રૂપે છે, કેમકે પહેલી પદ્ધતિ પણ એકતા રચતી નથી પણ માત્ર એકમોને ભેગા મૂકી આપે છે અને એ જોડવાનો સિદ્ધાંત જ એવો છે કે તેમાં છૂટા પડી જવાની, વિખેરાઈ જવાની સતત શક્યતાનો અને છેવટે જતાં એમાંથી નિષ્પન્ન થતી આવશ્યકતાનો સ્વીકાર રહે છે. બંને પદ્ધતિઓ મૃત્યુના ઉપર ગોઠવાયેલી છે. પહેલી પદ્ધતિ મૃત્યુને સાધન તરીકે અને બીજી પદ્ધતિ મૃત્યુને જીવનની એક પરિસ્થિતિ તરીકે સ્વીકારે છે. અને આ બંને પદ્ધતિઓ વિશ્વના અસ્તિત્વની પરિસ્થિતિ તરીકે ભેદ પામેલા એકમોનો એકબીજા સાથે સતત સંઘર્ષ પહેલેથી સ્વીકારી લે છે. આ પરિસ્થિતિમાં દરેક એકમ પોતાની જાતને ટકાવી રાખવાનો, પોતાનાં સંયોજનોને ટકાવી

રાખવાનો પ્રયત્ન કરતો રહે છે, એનો જે વિરોધ કરતું હોય તેને વશ કરી લેવાનો યા તો તેનો નાશ કરવાનો, બીજાઓને ખોરાક તરીકે પોતામાં લઈ લેવાનો અને તેમને ભરખી જવાનો પ્રયત્ન કરતો રહે છે, પરંતુ જ્યારે એના ઉપર કોઈ દબાણ મૂકે છે, અથવા તેને ભરખી જઈને તેનો નાશ કરવાનું અને તેને પચાવી જવાનું કરે છે ત્યારે તેની સામે બંડ કરવાની તથા તેમાંથી નાસી જવાની તેને પ્રેરણા થતી રહે છે. પ્રાણનું તત્ત્વ જ્યારે જડતત્ત્વમાં પોતાની પ્રવૃત્તિઓનો આવિર્ભાવ કરે છે ત્યારે તેને પોતાની સર્વ પ્રવૃત્તિઓ માટે પાયા રૂપે માત્ર આ એક જડતત્ત્વ જ રહેલું દેખાય છે અને એ રીતની ધૂંસરી આગળ તેને ઝૂકવાની ફરજ પડે છે, એણે મૃત્યુનો, ઈચ્છાનો અને મર્યાદિતતાનો નિયમ સ્વીકારવો પડે છે અને અન્યને ભરખી જવું, કબજે કરવું, અન્ય પર આધિપત્ય જમાવવું, કે જે વસ્તુઓને આપણે જીવનના પ્રથમ સ્વરૂપ તરીકે જોઈ છે, એ માટેનો સતત સંગ્રામ ખેડવાનું સ્વીકારવું પડે છે. અને જ્યારે જડતત્ત્વમાં મનનું તત્ત્વ આવિર્ભાવ પામે છે ત્યારે તેણે, પોતે જે ઢાળ અને સામગ્રીમાં કામ કરતું હોય છે તેમાંથી એ જ રીતની મર્યાદિતતાનું તત્ત્વ, કશી પાકી પ્રાપ્તિ પામ્યા વિના ખોજ કર્યે જવાનું તત્ત્વ સ્વીકારવાનું રહે છે, પોતાને થયેલી પ્રાપ્તિઓનું તથા પોતાના કાર્યોનાં ઘટક તત્ત્વોનું એ જ રીતનું સંયોજન અને વિયોજન સ્વીકારવાનું રહે છે, અને એ રીતે પછી માણસે, આ મનોમય પુરુષે જે જ્ઞાન મેળવ્યું હોય છે તે કદી છેવટનું કે શંકા અને ઈનકારમાંથી કદી પણ મુક્ત હોય તેવું દેખાતું નથી અને તેની આખીયે જેહમતને એક ક્રિયા અને પ્રતિક્રિયાના લયમાં અને કરવું અને ભાંગવુંના લયમાં જ ચાલ્યા કરવાનો, સર્જન અને અલ્પ સમયનું સંરક્ષણ અને વિનાશના ચક્રોમાં જ ઘૂમ્યા કરવાનો, અને તેમાં કોઈ પણ રીતની ચોક્કસ અને ખાતરીભરી પ્રગતિ ન થવાનો અભિશાપ મળ્યો હોય તેવું દેખાય છે.

ખાસ કરીને તો જડતત્ત્વનું અજ્ઞાન, અક્રિયતા અને ભેદ પ્રાણ અને તેમાંથી ઉન્મજ્જિત થતું મન એ બંનેના અસ્તિત્વ ઉપર દુઃખ અને વેદનાનો નિયમ લાદે છે, તેની ભેદ, અક્રિયતા અને અજ્ઞાનની બનેલી અવસ્થા અસંતોષની બેચેની લાદે છે અને એ વસ્તુ તો અતિશય દારુણ છે. મનોમય ચેતના જો સંપૂર્ણપણે અજ્ઞાન હોત, એ જો રૂઢ પ્રણાલિના કોઈ કોચલામાં સંતુષ્ટ થઈને બેસી રહી શકતી હોત, એ પોતાના અજ્ઞાન વિષે કે એની ફરતે આવી રહેલા ચેતના અને જ્ઞાનના અનંત સાગર પ્રત્યે અભાન હોત તો તેને

અજ્ઞાનને લીધે ખરેખર કશી વેદના થાત નહિ; પરંતુ જડતત્ત્વમાં ઉત્થાન પામી રહેલી ચેતના ખાસ તો આ જ વસ્તુ પ્રત્યે જાગ્રત થઈ જાય છે. એને પ્રથમ તો એ ભાન થઈ આવે છે કે પોતે જે જગતમાં જીવી રહેલી છે તેને વિષે પોતે કશું જ જાણતી નથી, અને તેણે જો સુખી થવું હોય તો એ જગતને વિષે તેણે જ્ઞાન મેળવવાનું રહે છે અને તેના ઉપર પ્રભુત્વ મેળવવાનું રહે છે. એને બીજું ભાન એ થાય છે કે એને મળતું આ જ્ઞાન છેવટે જતાં તો વંધ્ય અને મર્યાદિત રીતનું જ રહે છે, એ જ્ઞાન જે શક્તિ અને સુખ મેળવી આપે છે તે સાવ અલ્પ અને અદૃઢ જ હોય છે, અને પછી એને એ ભાન થાય છે કે વિશ્વમાં એક અનંત એવી ચેતના, જ્ઞાન, સત્ય સ્વરૂપ આવી રહેલાં છે અને કેવળ એની અંદર જ એક વિજયશીલ અને અનંત એવું સુખ મળી આવે તેમ છે. વળી જો જડતત્ત્વમાં ઉત્થાન પામતી પ્રાણમય ચેતના પૂરેપૂરી અક્રિય હોત, એને જો પોતાના અર્ધ-સચેતન મર્યાદિત અસ્તિત્વથી સંતુષ્ટ રાખવામાં આવી હોત, એ પોતે જે અનંત શક્તિ અને અમર અસ્તિત્વમાં તેના એક ભાગ રૂપે અને છતાં તેનાથી અલગ હોય તેવી રીતે જીવી રહી છે તેને વિષે અભાન હોત, અથવા તો એ અનંતતા અને અમરતામાં સાચેસાચ ભાગ લેવાના પ્રયત્ન તરફ તેને ધકેલતી રહે તેવી કોઈ વસ્તુ તેની ભીતરમાં ન હોત તો તેને અક્રિયતાના અવરોધને લીધે બેચેની અને અતૃપ્તિનો અનુભવ ન થાત. પરંતુ આખાયે જીવનને પહેલેથી આ જ વસ્તુનો અનુભવ કરવાને માટે તથા તેને અંગેની ખોજ આદરવા માટે ધકેલવામાં આવે છે કે એ પોતે અસ્થિર છે, તેને પોતાને ટકી રહેવાની, આત્મ-સંરક્ષણની જરૂર છે, અને તે માટે તેણે સંઘર્ષ ખેડવાનો રહે છે. અને આખરે જતાં એ પ્રાણતત્ત્વ પોતાના અસ્તિત્વની મર્યાદિતતા વિષે જાગ્રત બને છે અને વિશાળતા અને સનાતનતા પ્રત્યે અનંત અને શાશ્વત પ્રત્યે જવાની પ્રેરણા અનુભવવા લાગે છે.

અને મનુષ્યમાં જ્યારે જીવન પૂરેપૂરું આત્મ-સભાન બની જાય છે ત્યારે, આ અનિવાર્ય એવો સંઘર્ષ અને પુરુષાર્થ અને અભીપ્સા તેની ઊંચામાં ઊંચી ટોચે પહોંચે છે અને જગતની વેદના અને વિસંવાદ આખરે જતાં એટલાં બધાં તીવ્ર બની રહે છે કે તેને પછી સંતોષપૂર્વક સહન કરી શકાતાં નથી. માણસ પોતાની મર્યાદિતતાઓથી સંતુષ્ટ રહેવાનો પ્રયત્ન કરીને પોતાને લાંબા વખત સુધી શાંત રાખી શકે છે અથવા તો તે આ જે સ્થૂલ જગતમાં નિવાસ કરી રહ્યો છે તેના ઉપર પોતે જેટલું કાંઈ પ્રભુત્વ મેળવી શકે તેમ

હોય, આ જગતની અચેતન નિશ્ચિતતાઓ ઉપર એનું ક્રમે ક્રમે વધતું જતું જ્ઞાન જે કાંઈ મનોમય અને શારીરિક વિજય મેળવી શકે તેમ હોય, જગતનાં અચેતન રીતે પ્રેરાતાં રાક્ષસી બળો ઉપર એની નાનકડી, એકાગ્ર બનેલી સભાન સંકલ્પશક્તિ અને બળ જે કાંઈ વિજય મેળવી શકે તેમ હોય તેટલા પૂરતો જ સંગ્રામ ખેડી લઈને તે પોતાને શાંત રાખી શકે છે. પરંતુ અહીં પણ તે પોતે જે મહાનમાં મહાન પરિણામો સાધી શકે છે તેની મર્યાદિતતા, તેની દરિદ્ર અપરિપૂર્ણતા તેને જણાઈ આવે છે અને તેને આગળ આગળ દૂર નજર નાખવાની ફરજ પડે છે. જ્યાં લગી સાન્ત તત્ત્વને એવું ભાન રહે છે કે તેના કરતાં એક વધુ મોટું સાન્ત તત્ત્વ આવી રહેલું છે અથવા તો તેનાથી પર એવી એક અનંતતા આવી રહેલી છે કે જેના પ્રત્યે તે હજી અભીપ્સા સેવી શકે છે ત્યાં લગી તે કાયમને માટે તૃપ્ત રહી શકતું નથી. અને આ સાન્ત તત્ત્વ જો આ પ્રમાણે સંતુષ્ટ રહી શકે તેમ હોય તોપણ આ જે દેખીતી રીતનો સાન્ત મનુષ્ય છે, કે જે પોતે સાચેસાચ એક અનંત તત્ત્વ છે એમ અનુભવતો હોય છે, અથવા તો પોતાની ભીતરમાં રહેલા અનંત તત્ત્વની માત્ર એક હાજરી કે પ્રેરણા અને સ્ફુરણા અનુભવતો હોય છે, તે આ બેની વચ્ચે સમાધાન ન રચાય, પોતે **तद** પેલા નો કબજો લે. **तद** એ આવીને પોતાનો ગમે તે કક્ષાએ કે ગમે તે રીતે કબજો લે એવું ન બને ત્યાં સુધી, કદી તૃપ્ત થઈ શકે તેમ નથી. મનુષ્ય એ આવી એક સાન્ત-દૃશ્યમાન અનંતતા છે અને તે અનંતની ખોજ માટે નીકળ્યા વિના રહી શકતો નથી. પૃથ્વીનો એ એવો પ્રથમ પુત્ર છે કે જે પોતાની અંદર રહેલા પ્રભુ વિષે, પોતાના અમરત્વ વિષે અથવા તો પોતાને અમરત્વની જરૂર છે તે વિષે સભાન બને છે અને આ જ્ઞાન તેને ચાબુકની માફક હાંકતું રહે છે, એ તેને માટેનો વધ-સ્તંભ બની રહે છે અને આખરે જતાં એ જ્ઞાનને તે અનંત પ્રકાશ અને આનંદ અને શક્તિના મૂળ રૂપે ફેરવી શકે છે.

આ જે ક્રમે ક્રમે થતો જતો વિકાસ છે, દિવ્ય ચેતના અને શક્તિ, જ્ઞાન અને સંકલ્પ કે જે બધાં જડતત્ત્વની અવિદ્યા અને અક્રિયતામાં પોતાની જાતને ખોઈ બેઠાં હતાં તેમનો આ જે વધતો જતો આવિર્ભાવ છે તે, જડતત્ત્વે દૃઢ ભેદકતાના જે તત્ત્વથી પોતાનો આરંભ કર્યો છે તે તત્ત્વ જો જગતમાં ન રહ્યું હોત તો, એક આનંદમાંથી વધુ મોટા આનંદ પ્રત્યે અને આખરે જતાં અનંત આનંદ પ્રત્યે ગતિ કરતું એક આનંદમય પ્રફુલ્લન બની શક્યું હોત. વ્યક્તિને એક અલગ અને મર્યાદિત એવા મન, પ્રાણ અને

શરીરની બનેલી તેની પોતાની અંગત ચેતનામાં જે પુરાઈ રહેવાનું બને છે તેને લીધે, જે વસ્તુ આપણા વિકાસનો એક સ્વાભાવિક જેવો નિયમ બની શકી હોત તે બનતાં અટકી જાય છે. આ અવરુંધનને લીધે શરીરની અંદર આકર્ષણ અને ઘૃણાનો, રક્ષણ અને આક્રમણનો, વિસંવાદ અને વેદનાનો નિયમ ઉત્પન્ન થાય છે. કેમકે દરેક શરીર એક મર્યાદિત એવી સચેતન-શક્તિ છે એટલે તેને એમ લાગે છે કે એના જેવી બીજી મર્યાદિત સચેતન-શક્તિઓ તરફથી કે વિશ્વરૂપ શક્તિઓ તરફથી તેના ઉપર હુમલો થશે, તેના ઉપર એ બધી ધસી આવશે, તેની સાથે બળાત્કારે સંબંધ બાંધશે અને, જ્યાં એમ લાગે છે કે તેના ઉપર આક્રમણ થઈ રહ્યું છે અથવા તો તેની સાથે સંપર્કમાં આવતી તથા તેનું ગ્રહણ કરતી ચેતના સાથે પોતે સંવાદ સાધી શકે તેમ નથી ત્યાં તે બેચેની અને વેદના અનુભવે છે, તે આકર્ષિત થાય છે યા તો ઘૃણા અનુભવે છે, તેણે પોતાનું રક્ષણ કરવું પડે છે કે હુમલો કરવો પડે છે; આ શરીર પોતે જે જે વસ્તુને સહન કરવાને અનિચ્છુક યા તો અશક્ત હોય છે તેનો અનુભવ કરવાની તેની પાસે સતત માગણી કરવામાં આવે છે. ભેદનો આ નિયમ લાગણીઓ તથા ઈન્દ્રિય-મનની અંદર શોક અને આનંદ, પ્રેમ અને ધિક્કાર, દમન અને વિષાદનાં વધુ ઉચ્ચ તત્ત્વો સાથેના એ જ પ્રત્યાઘાતો લઈ આવે છે. આ બધી વસ્તુઓ ઈચ્છાના રૂપમાં ઢળાઈ જતી હોય છે અને ઈચ્છામાંથી આયાસ અને પ્રયત્નનું તત્ત્વ ઊભું થાય છે અને આયાસને લીધે શક્તિની અતિશયતા અને અધૂરપ, દુર્બળતા ઊભી થાય છે, સિદ્ધિ અને નિરાશા, પ્રાપ્તિ અને ઘૃણા, એક સતત સંઘર્ષ અને કષ્ટ અને બેચેનીનો લય ઊભાં થાય છે. મનની અંદર સમગ્ર રીતે, ત્યાંનું એક નાનકડું સાંકડું સત્ય વધુ મોટા સત્યમાં વહી જાય, નાનકડો પ્રકાશ વધુ વિશાળ પ્રકાશમાં ઊંચકાઈ જાય, નિમ્ન સંકલ્પશક્તિ રૂપાંતરકારિણી ઊર્ધ્વ સંકલ્પશક્તિને સમર્પિત થઈ રહે, ક્ષુદ્ર તૃપ્તિ વધુ ઉદાત્ત અને વધુ પૂર્ણ તૃપ્તિ પ્રત્યે ગતિ કરે આ રીતનો દિવ્ય નિયમ કામ કરવાને બદલે, ભેદના નિયમને લીધે પ્રાણમાં ઉત્પન્ન થતાં હોય છે તેના જેવાં જ દ્વંદ્વો, સત્યની પૂંઠે પૂંઠે ચાલી આવતું અસત્ય, પ્રકાશની પાછળ અંધકાર, શક્તિની પાછળ અશક્તિ, ખોજ અને પ્રાપ્તિના આનંદની પાછળ પ્રાપ્ત થયેલી વસ્તુ પ્રત્યે જાગતી ઘૃણા અને અતૃપ્તિની વેદના આ બધું થતું રહે છે. મન પોતાની વેદનાની સાથે સાથે પ્રાણ અને શરીરની વેદનાને અનુભવતું રહે છે અને આપણા નૈસર્ગિક સ્વરૂપમાં રહેલી ત્રિવિધ ક્ષતિ અને અપૂર્ણતા વિષે સભાન બને છે. આ બધાનો અર્થ બને છે આનંદનો ઈનકાર,

સચ્ચિદાનંદની ત્રિપુટીનો નકાર અને એટલે, આ નકાર જો જીતી શકાય તેવો ન હોય તો પછી અસ્તિત્વની નિરર્થકતા; કેમકે અસ્તિત્વ જ્યારે પોતાને ચેતના અને શક્તિની લીલામાં ઝુકાવી દે છે ત્યારે એ લીલાનું અનુશીલન માત્ર લીલાને ખાતર જ નહિ, પરંતુ એ લીલામાં રહેલી તૃપ્તિને ખાતર કરવાનું રહે છે, અને એ લીલામાં જો કોઈ સાચી તૃપ્તિ મળી શકે તેમ ન હોય તો પછી તેને છેવટે એક વ્યર્થ પ્રયત્ન તરીકે, એક પ્રચંડ ભૂલ તરીકે, પોતાને દેહમાં મૂકતા આત્માના એક સંનિપાત તરીકે છોડી દેવી જોઈએ એ દેખીતી વસ્તુ છે.

જગતને વિષેની નિરાશાવાદી દૃષ્ટિનો સારોયે પાયો આ પ્રમાણે છે,-આ દૃષ્ટિ, સંભવ છે કે, ઊર્ધ્વ જગતો અને અવસ્થાઓ વિષે આશાવાદી હોઈ શકે છે, પરંતુ પૃથ્વી પરના જીવન અંગે અને સ્થૂલ વિશ્વ સાથે કામ લઈ રહેલા મનોમય પુરુષના ભાવિ અંગે એ નિરાશાવાદી હોય છે.કેમકે એ દૃઢ રીતે કહે છે કે સ્થૂલ અસ્તિત્વનું સ્વરૂપ જ ભેદનું બનેલું છે અને દેહધારી બનેલા મનના મૂળ બીજમાં જ સ્વ-મર્યાદિતતા, અજ્ઞાન અને અહંભાવ રહેલાં છે, એટલે આત્મા માટેની તૃપ્તિની શોધ પૃથ્વી ઉપર કરવી યા તો વિશ્વલીલામાંથી કોઈ પરિણામ ઉપજાવવા માટે અને તેમાં દિવ્ય હેતુ જોવા માટે અને તેની એક સિદ્ધિ માટે પ્રયત્ન કરવો એ એક મિથ્યાભિમાન અને ભ્રાંતિ છે; જગતની અંદર નહિ પણ કેવળ આત્માના સ્વર્ગમાં જ, અથવા તો આત્માની બાહ્ય પ્રવૃત્તિઓમાં નહિ પરંતુ કેવળ તેની સાચી શાંતિમાં જ આપણે અસ્તિત્વ અને ચેતનાને દિવ્ય આત્મઆનંદ સાથે ફરીથી પાછાં જોડી શકીએ છીએ. અનંતતત્ત્વે જો પોતાની જાતને પાછી પ્રાપ્ત કરવી હોય તો તે, પોતાને સાન્તમાં પામવાનો જે પ્રયત્ન કરી રહ્યું છે તે ભૂલ છે અને ખોટું પગલું છે એ રીતે એ પ્રયત્નનો ત્યાગ કરીને જ મેળવી શકે તેમ છે. વળી સ્થૂલ વિશ્વમાં મનોમય ચેતનાનું ઉત્થાન થયું છે તેથી કાંઈ એમાંથી આગળ જતાં કોઈ દિવ્ય સિદ્ધિ પ્રાપ્ત થશે એવી આશા બાંધી શકાય તેમ નથી. કેમકે ભેદનું જે તત્ત્વ છે તે મૂળે જડતત્ત્વમાં નહિ પણ મનમાં રહેલું છે; જડતત્ત્વ તો મનની એક ભ્રાંતિ છે અને મન પોતાનો ભેદ અને અવિદ્યાનો નિયમ એમાં લઈ આવતું હોય છે. એટલે આ ભ્રાંતિની ભીતરમાં રહીને તો મન કેવળ પોતાની જાતને જ પ્રાપ્ત કરી શકે તેમ છે; એ એણે સર્જેલા ભેદમય અસ્તિત્વનાં ત્રણ તત્ત્વોની વચ્ચે જ હરી ફરી શકે છે; આ અસ્તિત્વમાં તે આત્મતત્ત્વની એકતા યા તો આધ્યાત્મિક અસ્તિત્વનું સત્ય પામી શકે તેમ નથી.

હવે એ વાત તો સાચી છે કે જડતત્ત્વમાં રહેલા ભેદનું તત્ત્વ એ ભેદપ્રાપ્ત મનનું, કે જે પોતાની જાતને સ્થૂલ અસ્તિત્વમાં ઉતારી લાવેલું છે તેનું જ માત્ર સર્જન હોઈ શકે છે; આ સ્થૂલ અસ્તિત્વને સ્વ-સ્વરૂપ જેવું કાંઈ નથી, એ આદિમ ઘટના નથી પરંતુ એક સર્વ-ભેદક પ્રાણતત્ત્વ કે જે એક સર્વ-ભેદક મનના વિચારોને આકાર આપતું રહે છે તેણે સર્જેલું એક રૂપ છે. આ ભેદસર્જક અને મૂળ સત્-તત્ત્વને જડતત્ત્વના અવિદ્યા, અક્રિયતા અને ભેદના બનેલા આભાસોમાં ઢાળીને પોતાની જાતને ખોઈ નાખી છે અને પોતે જ બાંધેલા એક ભોંયરામાં પોતાને પૂરી દીધું છું, પોતે જ ઘડેલી સાંકળો વડે એ બંધાઈ પડેલું છે. અને એ જો સાચું હોય કે ભેદસર્જક મન એ જ વિશ્વસર્જન કરનારું પ્રથમ તત્ત્વ છે તો પછી એ વિશ્વસર્જનમાં મન એ જ છેવટની શક્ય સિદ્ધિ તરીકે બનવું જોઈએ, અને આ જે મનોમય પુરુષ છે, જીવન અને જડતત્ત્વ સાથે વ્યર્થ રીતે ઝૂઝી રહેલો, એમના ઉપર વિજય મેળવનાર તો ખરો પણ તે પાછો એમનાથી પરાજિત થઈ જવા માટે જ વિજયી બનનારો, શાશ્વત કાળ સુધી એક નિરર્થક એવું ચક્ર ફરી ફરીને ચલાવ્યા કરનારો, એવો મનોમય પુરુષ જ વિશ્વરૂપ અસ્તિત્વનો છેવટમાં છેવટનો અને ઉચ્ચમાં ઉચ્ચ શબ્દ હોવો જોઈએ. પરંતુ આથી ઊલટું જો, પેલું જે અમર અને અનંત આત્મતત્ત્વ છે તે જ સ્થૂલ પદાર્થતત્ત્વના ગાઢ વસ્ત્રમાં પોતાની જાતને ઢાંકીને બેસી ગયું હોય, અને ત્યાં અતિમનસની પરમ સર્જક શક્તિ દ્વારા કામ કરી રહ્યું હોય, અને મનના ભેદોને તથા નીચામાં નીચી કક્ષાના કિંવા સ્થૂલ એવા જડતત્ત્વના શાસનને તે અનેકમાં રહેલા એકની અમુક વિકાસાત્મક લીલા માટેની આરંભક પરિસ્થિતિઓ તરીકે જ માત્ર ચાલવા દેતું હોય તો પછી આવું કોઈ પરિણામ ઉત્પન્ન થતું નથી. બીજા શબ્દોમાં કહીએ તો, વિશ્વનાં રૂપોમાં જો માત્ર એક મનોમય સ્વરૂપ જ ગુપ્ત પણે આવી રહેલું નથી, પરંતુ પેલું અનંત એવું સત્-તત્ત્વ, જ્ઞાન, સંકલ્પશક્તિ ત્યાં ગુપ્ત રહેલાં છે અને તે જડતત્ત્વમાંથી પ્રથમ પ્રાણ રૂપે, પછી મન રૂપે બહાર આવતાં રહે છે અને પોતાના બાકીના સ્વરૂપને હજી અપ્રગટ રાખે છે, તો પછી દેખીતી રીતના અચિતમાંથી થઈ રહેલા ચેતનાના ઉત્થાનનું આ કરતાં એક બીજા પ્રકારનું અને વધારે સંપૂર્ણ પરિણામ બની આવવું જોઈએ; એમાં હવે એક અતિમાનસ રીતના આધ્યાત્મિક સ્વરૂપનો ઉદય થાય અને તે પોતાની મનોમય, પ્રાણમય અને શારીરિક ક્રિયાઓ ઉપર ભેદસર્જક મનના નિયમ કરતાં એક વધુ ઊર્ધ્વ કોટિનો નિયમ સ્થાપી આપે એ હવે

અશક્ય રહેશે નહિ. ઊલટું વિશ્વરૂપી અસ્તિત્વનું આ જ સ્વાભાવિક અને અનિવાર્ય એવું પરિણામ છે.

આવો એક અતિમાનસ પુરુષ, આપણે જોઈ ગયા તે મુજબ, મનને તેના ભેદમય અસ્તિત્વની ગાંઠમાંથી મુક્ત કરી આપશે અને મનને અપાયેલી વ્યક્તિરૂપતાને તે સર્વ-આશ્લેષક અતિમનસના એક ઉપયોગી ગૌણ કાર્ય તરીકે માત્ર વાપરશે; અને એ અતિમાનસ પુરુષ પ્રાણને તેના ભેદમય અસ્તિત્વની ગાંઠમાંથી મુક્ત કરી આપશે અને પ્રાણને અપાયેલી વ્યક્તિરૂપતાને અદ્વૈતરૂપ સચેતન શક્તિના એક ઉપયોગી ગૌણ કાર્ય તરીકે માત્ર વાપરશે અને પોતાના સ્વરૂપ અને આનંદની પૂર્ણતા એક વિવિધરૂપ બનેલી એકતામાં પ્રાપ્ત કરશે. આમ જો થઈ શકે તો પછી એ પુરુષ આ જે શરીરરૂપ અસ્તિત્વ છે તેને પણ તેનો અત્યારે મૃત્યુ, ભેદ અને પરસ્પર ભક્ષણનો જે નિયમ છે તેમાંથી મુક્ત ન કરે અને શરીરને અપાયેલી વ્યક્તિરૂપતાને એકમેવ એવા દિવ્ય સચેતન સત્ તત્ત્વના એક ગૌણ ઉપયોગી તત્ત્વ તરીકે માત્ર વાપરે અને તેનો અનંતને સાન્તમાં મળતા આનંદને ખાતર ઉપયોગ ન કરે તે માટે કોઈ કારણ હોય ખરું? અથવા તો આ આત્મતત્ત્વ શરીરમાં આવીને પૂર્ણ સત્તાપૂર્વક ત્યાં નિવાસ કરવાને સ્વતંત્ર હોય, જડતત્ત્વના બનેલા પોતાના પરિધાનને બદલવાની ક્રિયામાં પણ સભાન રીતે અમર હોય, એકતા અને પ્રેમ અને સૌન્દર્યના નિયમને આધીન કરાયેલા એવા જગતમાં પોતાનો સ્વ-આનંદ તેણે સિદ્ધ કર્યો હોય એવું શા માટે ન બને? અને જો પૃથ્વી ઉપરના અસ્તિત્વમાં નિવાસી બનેલા મનુષ્ય દ્વારા મનોમય સ્વરૂપનું અતિમાનસ સ્વરૂપમાં રૂપાંતર આખરે રચાવાનું હોય, તો પછી જેવી રીતે એક દિવ્ય મન અને દિવ્ય પ્રાણ વિકસાવશે તેવી જ રીતે એક દિવ્ય શરીર પણ વિકસાવે એ શું શક્ય નથી? અથવા તો, આ શબ્દો માનવની શક્યતા વિષેની આપણી અત્યારની મર્યાદિત વિચારસરણી માટે બહુ ચોંકાવે એવા હોય તો આપણે એમ કહીએ કે મનુષ્ય પોતાના સાચા સ્વરૂપના વિકાસમાં અને એ સ્વરૂપના પ્રકાશ અને આનંદ અને શક્તિના વિકાસમાં આગળ વધતાં વધતાં મન અને પ્રાણ અને શરીરનો એક દિવ્ય રીતનો ઉપયોગ કરવાની સ્થિતિમાં પહોંચે અને એમ થતાં, આત્મતત્ત્વે શરીરની અંદર સાધેલું અવતરણ માનવની રીતે તેમ જ દિવ્ય રીતે એકી સાથે સાર્થક ઠરે એમ શું ન બને?

પૃથ્વી ઉપર આ પ્રમાણેની અંતિમ શક્યતાને સિદ્ધ કરવાના માર્ગમાં જો કોઈ

સ્થિતિ સૂચવે છે; વળી વ્યવહારની અંદર પણ ત્યાગ ભાવના માનવની પૂર્ણતાનું એક અપરિહાર્ય તત્ત્વ છે અને જ્યાં સુધી માનવજાતિએ પોતાના પ્રાણ અને બુદ્ધિના અભ્યાસોને સતત દુરાગ્રહી પાશવતાથી મુક્ત કરેલ નથી ત્યાં સુધી એ ત્યાગ ભાવનાનો પોતાનો સ્વતંત્ર આગ્રહ આપણે ટાળી શકીશું નહિ.

ખરું જોતાં, આપણે એક વધારે વિશાળ અને એક વધારે પૂર્ણ સમાધાન ખોળીએ છીએ. આપણે જોઈ શકીએ છીએ કે વેદાંતનું મહાન સૂત્ર અને ભારતીય સંન્યાસીનું ધ્યેય '**एकमेवाद्वितीयम्**', 'તે બ્રહ્મ એક અને અદ્વિતીય છે', તે વેદાંતના એના જેટલા જ અગત્યના બીજા મહાન સૂત્ર '**सर्वं खलु इदं ब्रह्म**', 'આ સઘળું બ્રહ્મ છે' ની સાથે મેળ રાખી બરાબર સમજવામાં આવ્યું નથી. માનવની પ્રભુ પ્રત્યેની ઊર્ધ્વગામી અવિરત અભીપ્સા પાર્થિવ રૂપોમાં પ્રભુ અવતરે છે તે ક્રિયા જોડે બરોબર જોડવામાં આવી નથી. એ ગતિનું આધ્યાત્મિક રહસ્ય જેટલું સમજવામાં આવ્યું છે તેટલું પદાર્થતત્ત્વમાં રહેલો તેનો અર્થ સમજાયો નથી. સંન્યાસી જે સત્ય શોધવા મથે છે તે સત્યની ઉન્નતગામી વાસ્તવિકતા આધુનિક વેદાંત બરાબર સમજી શક્યું છે પરંતુ પ્રાચીન વેદાંતીઓની પેઠે તેનો સમગ્ર વિસ્તાર અને સર્વગ્રાહિતા સ્વીકારવામાં આવ્યાં નથી. પરંતુ આપણા વધારે પૂર્ણ સમન્વયમાં આપણે સંન્યાસીના એ શુદ્ધ આધ્યાત્મિક આવેગને અવગણવાનો નથી. આપણે જોઈ ગયા કે જેમ જડવાદે ઘણા પ્રમાણમાં પ્રભુની સેવા બજાવી છે તે જ પ્રમાણે સંન્યસ્ત વૃત્તિએ પણ જીવનની તેથી પણ વધુ સેવા કરેલી છે. ભલેને ભૌતિકશાસ્ત્રનાં ઘણાંખરાં અત્યારે અસ્તિત્વ ધરાવતાં રૂપો ભાંગવા પડે, કે પછી ફેંકી દેવાં પડે છતાં પણ આપણે ભૌતિક શાસ્ત્રનાં સત્યો અને તેની વાસ્તવિક ઉપયોગિતાઓને અંતિમ એકસૂરતા માટે જાળવી રાખીશું. તેમ આર્યોના ભૂતકાળમાંથી આપણને વારસામાં મળેલી, જોકે ઘણી ઘસાઈ ગયેલી, એવી ત્યાગ ભાવનામાં રહેલ સત્યને જાળવવાની તો આપણે એથી પણ વધારે ચીવટ રાખવી જોઈશે.

એક વસ્તુ બાધા રૂપ થઈ શકે એમ હોય તો તે છે કે જડતત્વ અને તેના નિયમો વિષે આપણી જે વર્તમાન દૃષ્ટિ છે તે જ રીતનો ઇન્દ્રિયો અને પદાર્થતત્ત્વ વચ્ચેનો, જ્ઞાતા તરીકેના પ્રભુ અને જ્ઞેય તરીકેના પ્રભુ વચ્ચેનો એકમાત્ર સંબંધ હોઈ શકે છે, અથવા તો જો, બીજા સંબંધો શક્ય હોય તો તે હજી અહીં પૃથ્વી ઉપર કોઈ રીતે શક્ય બનેલો નથી, પણ આપણે તેમને અસ્તિત્વની ઊર્ધ્વ ભૂમિકાઓમાં શોધવાના રહે છે. આમ હોય તો પછી, ધર્મો ભારપૂર્વક કહે છે તે મુજબ આપણે આપણી પૂર્ણ દિવ્ય સિધ્ધી પૃથ્વી પરના સ્વર્ગોમાં શોધવાની રહે છે અને ધર્મો પૃથ્વી ઉપર પ્રભુના રાજ્યની યા તો પૂર્ણ મનુષ્યોના રાજ્યોની જે બીજી વાત ભારપૂર્વક કહે છે તેને એક ભ્રમ તરીકે બાજુએ મૂકી દેવાની રહે છે. અહીં પૃથ્વી ઉપર તો આપણે એક આંતરિક તૈયારી કે વિજય માટે જ પ્રયત્ન કરી શકીએ છીએ કે તેને પામી શકીએ છીએ, અને મન અને પ્રાણ અને આત્માને અંદરમાંથી મુક્ત કરી લઈને આપણે આ અજિત અને અજેય એવા જડતત્ત્વ પ્રત્યેથી, એક અવિકસિત અને વિકાસની શક્યતા વિનાની પૃથ્વી તરફથી મોં ફેરવી લઈને કોઈ બીજા સ્થાનમાં આપણા દિવ્ય તત્ત્વને શોધવાનું રહે છે. પરંતુ આવો મર્યાદિત કરી નાખતો નિર્ણય આપણે સ્વીકારવો જ જોઈએ એવું કોઈ પણ કારણ છે નહિ. એ પણ ખરેખર ચોક્કસ વાત છે કે જડતત્ત્વની પોતાની પણ બીજી અવસ્થાઓ રહેલી છે; પદાર્થતત્ત્વની દિવ્ય કક્ષાઓની એક આરોહણ પામતી શ્રેણી નિઃશંક આવી રહેલી છે; સ્થૂલ સ્વરૂપ તેના પોતાના નિયમ કરતાં એક વધુ ઉચ્ચ નિયમનો સ્વીકાર કરીને પોતાનું રૂપાંતર કરી લે એવી શક્યતા રહેલી છે, અને એ ઊર્ધ્વ નિયમ સ્થૂલ સ્વરૂપનો પોતાનો નિયમ પણ છે કારણ કે એ સ્વરૂપની પોતાની જ ગુહ્યતાઓમાં એ નિયમ હંમેશાં ગુપ્ત રૂપે અને શક્ય રૂપે આવી રહેલો છે.

પ્રકરણ ૨૬

પદાર્થતત્ત્વની ચડતી શ્રેણી

स वा एषः पुरुषोऽन्नरसमयः ।.....

तस्माद्वा एतस्मादन्नरसमयात् अन्योऽन्तर आत्मा प्राणमयः।

तेनैष पूर्णः। ...

अन्योऽन्तर आत्मा मनोमयः । ...

अन्योऽन्तर आत्मा विज्ञानमयः । ...

अन्योऽन्तर आत्मानन्दमयः । तेनैष पूर्णः ।।

तैत्तिरीय उपनिषद् २.१, २,३,४,५

ब्रह्माणस्त्वा शतक्रत उद् वंशमिव येमिरे ।।

यत् सानोः सानुमारुहद् भूर्यस्पष्ट कर्त्वम् ।

तदिन्द्रो अर्थ चेतति .... ।

ऋग्वेद १.१०.१,२

चमूषच्छयेनः शकुनो विभृत्वा गोविन्दुर्द्रप्स आयुधानि बिभ्रत् ।

अपामूर्भि सचमानः समुद्र तुरीयं धाम महिषो विवक्ति ।।

मर्यो न शुभ्रस्तन्वं मृजानोऽत्यो न सृत्वा सनये धनानाम् ।

वृषेव यूथा परि कोशमर्षन् कनिक्रदच्चम्वोरा विवेश ।।

ऋग्वेद ९.९६.१९,२०

એક પુરુષ (આત્મા-self) અન્નરસ (matter) નો બનેલો છે- એનાથી ભિન્ન એવો બીજો પ્રાણનો અંતરાત્મા છે કે જે આ અન્નરસના આત્માને ભરીને રહે છે- એક બીજો મનનો અંતરાત્મા છે- એક બીજો વિજ્ઞાનમય (Truth-Knowledge) અંતરાત્મા છે- એક બીજો આનંદનો અંતરાત્મા છે.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૧,૨,૩,૪,૫

તેઓ ઈન્દ્રને નિસરણીની માફક ચડે છે. જેમ જેમ માણસ શિખર પછી શિખર ચડતો જાય છે તેમ તેમ જે ઘણી વસ્તુ હજી કરવાની રહેલી છે તે સ્પષ્ટ થતું જાય છે. ઈન્દ્ર **तद्** ની લક્ષ્ય તરીકેની સભાનતા લઈ આવે છે.

ऋग्वेद १.१०.१,२

શ્યેન (બાજ) ની માફક, સમડી (શકુન) ની માફક એ પાત્ર ઉપર બેસે છે (**चमूषत्**) અને તેને ઉપાડી જાય છે; ગતિના એના પ્રવાહમાં (**द्रप्सः**) એ કિરણોને શોધે છે. (**गोविन्दुः**), કારણ કે એ પોતાનાં આયુધોને ધારણ કરીને જતો હોય છેઃ એ પાણીઓની સાગર ઊર્મિને (**ऊर्मिम् समुद्रम्**) વળગી રહે છે (**सचमानः**), મહિષ (મહારાજા) એવો એ તુરીય (ચોથા) ધામને પ્રગટ કરે છે. મર્ત્ય (**मर्यः**) ની માફક પોતાનું શરીર શુદ્ધ કરતો (**मृजानः**), યુદ્ધના અશ્વ (**अत्यः**) ની માફક ધનોના વિજય માટે (**सनये**) ધસી જતો (વૃષા) સર્વ કોશોમાં થઈને (**यूथापरिकोशम्**) પોકાર કરતો (**कनिक्रदद्**) તે રડે છે અને આ પાત્રોમાં (**चम्वोः**) પ્રવેશ કરે છે.

ઋગ્વેદ ૯.૯૬.૧૯,૨૦

આપણે જો જડતત્ત્વની સ્થૂલતા કઈ વસ્તુમાં સૌથી વધુ જોવા મળે છે તેનો વિચાર કરીશું તો આપણને જણાશે કે જડતત્ત્વમાં જે ઘનતા, સ્પર્શક્ષમતા રહેલી છે, એના તરફથી જે વધતો જતો વિરોધ તથા ઈન્દ્રિયોના સ્પર્શને દૃઢ રીતે પ્રત્યુત્તર મળતો હોય છે એમાં એની સ્થૂલતા રહેલી છે. પદાર્થતત્ત્વ આપણને જેટલા વધુ પ્રમાણમાં એક સઘન વિરોધ રૂપે જોવા મળે છે એટલા પ્રમાણમાં તે વધારે સાચી રીતે જડરૂપ અને વાસ્તવિક લાગે છે, આ વિરોધને લીધે આપણને ઈન્દ્રિયગમ્ય રૂપનું સ્થાયિત્વ જોવા મળે છે અને એ રૂપ ઉપર આપણી ચેતના ચિંતન કરી શકે છે. એ પદાર્થતત્ત્વ જેટલા પ્રમાણમાં વધુ સૂક્ષ્મ થતું જાય છે, એનો વિરોધ ઓછી સઘન રીતનો બનતો જાય છે અને ઈન્દ્રિયો દ્વારા તેનું ગ્રહણ ઓછું ને ઓછું સ્થાયી બનતું જાય છે, તેટલા પ્રમાણમાં તે આપણને ઓછું જડરૂપ લાગે છે. આપણી સામાન્ય ચેતના જડતત્ત્વ પ્રત્યે આ જે વલણ ધરાવે છે એ, જે મૂળ હેતુ માટે જડતત્ત્વ સર્જાયું છે તેના પ્રતીક જેવું છે. પદાર્થતત્ત્વ જડતત્ત્વની અવસ્થામાં પહોંચતું હોય છે તે એટલા માટે કે એની સાથે કામ લેનારી ચેતનાને એ જડતત્ત્વ દ્વારા તે સ્થાયી રૂપની, દૃઢ રીતે ઈન્દ્રિયગ્રાહ્ય બને તેવી છબીઓ રજૂ કરી શકે છે. એ છબીઓ ઉપર પછી મન ચિંતન કરી શકે છે તેમ જ પોતાની ક્રિયાઓ માંડી શકે છે. અને એ રીતે પદાર્થતત્ત્વના રૂપ ઉપર કામ કરતા જીવનને પણ એ રૂપમાં સ્થાયીપણાની કાંઈ નહિ તો એક થોડી ઘણી ખાતરી તો મળી રહે છે. એટલે જ વેદની પ્રાચીન દૃષ્ટિમાં પૃથ્વીને, પદાર્થતત્ત્વની વધુ સઘન અવસ્થાઓની કોટિ

જેવી એ પૃથ્વીને, સ્થૂલ જડતત્ત્વના પ્રતીકરૂપ નામ તરીકે સ્વીકારવામાં આવી હતી. એટલા માટે જ, વળી, સ્પર્શ કિંવા સંપર્ક એ આપણા માટે ઈન્દ્રિયોનો એક મૂળરૂપ આધાર બની રહેલો છે; એ સિવાયની જે બીજી સ્થૂલ ઈન્દ્રિયો, સ્વાદ, ગંધ, શ્રવણ, દૃષ્ટિ છે તે સર્વ એ દ્રષ્ટા અને દૃશ્ય વચ્ચે વધુને વધુ સૂક્ષ્મ અને અપ્રત્યક્ષ બનતા જતા સંપર્કોની શ્રેણી ઉપર મંડાયેલી છે. આ જ પ્રમાણે, સાંખ્ય દર્શને પદાર્થતત્ત્વની પાંચ મૂળભૂત અવસ્થાઓનું આકાશથી માંડી પૃથ્વી સુધીનું જે વર્ગીકરણ કરેલું છે તેમાં સતત રીતે વધુ સૂક્ષ્મ તત્ત્વમાંથી ઓછા સૂક્ષ્મ તત્ત્વ પ્રત્યે ગતિ થતી જાય છે અને એમાંથી પછી આપણને છેક ટોચ ઉપર આકાશરૂપ તત્ત્વનાં સૂક્ષ્મ આંદોલનો મળે છે અને પાયામાં પૃથ્વીની કિંવા ઘનરૂપ મૂળતત્ત્વની અવસ્થાની વધુ સ્થૂલ ઘનતા મળી આવે છે. એટલે પદાર્થતત્ત્વે વિશ્વરૂપ સંબંધના એક પાયાનું નિર્માણ કરવા તરફ જે ગતિ કરેલી છે તેમાં જડતત્ત્વ તે આપણને જાણીતી એવી છેલ્લી અવસ્થા છે, એ વિશ્વરૂપ સંબંધમાં પ્રથમ શબ્દ તે આત્મા નહિ પણ રૂપ હશે અને એ રૂપે તેના શક્ય તેટલા વધુમાં વધુ વિકાસમાં એકાગ્રતા, વિરોધકતા, સ્થાયી રીતની સ્થૂલ આકૃતિ, પરસ્પર અભેદ્યતા,-વિશિષ્ટતા, અલગતા અને વિચ્છેદનું ઊંચામાં ઊંચુ બિંદુ પ્રાપ્ત કરેલું હશે. સ્થૂલ વિશ્વની પાછળ રહેલો હેતુ તે આ છે અને આ રીતનું તેનું લક્ષણ છે; સ્થૂલ વિશ્વ એ સિદ્ધ બનેલી વિચ્છેદ્યતાની રચના છે.

અને પદાર્થતત્ત્વની નિસરણીમાં જો જડતત્ત્વથી માંડી આત્મતત્ત્વ સુધીની એક આરોહણ પામતી શ્રેણી હોય, અને વસ્તુઓનું સ્વાભાવિક સ્વરૂપ જોતાં એ હોવી જ જોઈએ, તો પછી સ્થૂલ તત્ત્વની આ જે વધુમાં વધુ લાક્ષણિક એવી શક્તિઓ છે તેનું ક્રમે ક્રમે અલ્પત્વ થવું જોઈએ અને એનાં જે ઊલટાં સૂક્ષ્મ તત્ત્વો છે તેની ક્રમે ક્રમે વૃદ્ધિ થવી જોઈએ. એ સૂક્ષ્મ તત્ત્વો આપણને પછી શુદ્ધ આધ્યાત્મિક આત્મ-વિસ્તરણની રચનામાં પહોંચાડી આપશે. એટલે આપણે એમ કહીએ કે આત્મ-વિસ્તરણની જે લાક્ષણિકતાઓ હશે તેમાં રૂપનું બંધન ઓછું ને ઓછું બનશે, પદાર્થતત્ત્વની અને શક્તિની વધુ ને વધુ સૂક્ષ્મતા અને મુલાયમતા બનશે, એમાં વધુ ને વધુ આંતરમિશ્રણ, આંતરભેદન, આત્મસાત કરવાની શક્તિ, આંતર વિનિમય કરવાની શક્તિ, વૈવિધ્ય, રૂપાંતર, એકીભવનની શક્તિ આવશે. એમાં આપણે રૂપના સ્થાયીપણામાંથી હઠી જઈને, મૂળતત્ત્વની શાશ્વતી પ્રત્યે જતા થઈએ છીએ; સ્થૂલ જડતત્ત્વના સતત ચાલુ

રહેતા વિચ્છેદ અને વિરોધમાં ગોઠવાયેલી આપણી અવસ્થામાંથી હઠી જઈને, આપણે આત્માની અનંતતા, અદ્વૈતતા અને અવિચ્છેદ્યતામાં રહેલી ઊંચામાં ઊંચી દિવ્ય અવસ્થાની નિકટમાં પહોંચીએ છીએ. સ્થૂલ પદાર્થતત્ત્વ અને શુદ્ધ આત્મતત્ત્વનું પદાર્થતત્ત્વ એ બે વચ્ચે જે પાયાનો વિરોધ છે તે આ હોવો જોઈએ. જડતત્ત્વમાં ચિત્ કિંવા સચેતન-શક્તિ, એ જ સચેતન શકિતનાં જે અન્ય સઘન રૂપો છે તેમની સામે વિરોધ કરવા માટે તથા પોતે ટકી રહેવા માટે વધુ ને વધુ સઘન રૂપ લે છે, તો આત્મતત્ત્વના પદાર્થતત્ત્વમાં એમ થાય છે કે ત્યાં શુદ્ધ ચેતના પોતાને વિષેના ખ્યાલમાં મુક્તપણે વિચરી શકે છે, અને એના એ વિહારમાં તેની પોતાની શક્તિની જે અત્યંત વૈવિધ્યપૂર્ણ લીલા હોય છે તેમાં પણ પાયા રૂપે તો એક મૂળરૂપ અવિચ્છેદ્યતા તેમ જ એક સતત બનતો રહેતો અદ્વૈતસાંધક વિનિમય હોય છે. આ બે છેડાઓની વચ્ચે એક અનંત કક્ષાની શક્યતા રહેલી છે.

આ વસ્તુઓનો વિચાર આપણે જ્યારે પૂર્ણ બનેલા માનવ આત્માનું દિવ્ય જીવન તથા દિવ્ય મન અને આપણું આ અત્યંત સ્થૂલ અને દેખીતી રીતે અદિવ્ય એવું શરીર કિંવા આપણે જેમાં ખરેખર વસી રહેલા છીએ એ સ્થૂલ સ્વરૂપની રચના એ બે વચ્ચે કયો સંબંધ બની શકે તેમ છે તેનો વિચાર કરીએ ત્યારે બહુ જ મહત્ત્વનો બની રહે છે. આપણું આ સ્થૂલ સ્વરૂપ જેમાંથી સ્થૂલ વિશ્વનો આરંભ થયો છે તે પદાર્થતત્ત્વ અને ઈન્દ્રિયો વચ્ચેના એક અમુક ચોક્કસ સંબંધના પરિણામે બની આવેલું છે. પરંતુ આ જે સંબંધ છે તે જ કાંઈ શક્ય એવો એકમાત્ર સંબંધ નથી, એટલે પેલી જે રચના છે તે જ કાંઈ શક્ય તેવી એકમાત્ર રચના નથી. જીવન તથા મન પોતાનો આવિર્ભાવ પદાર્થતત્ત્વની સાથેના બીજી રીતના સંબંધમાં કરી શકે છે અને જુદી રીતના શારીરિક નિયમો તૈયાર કરી શકે છે, બીજી રીતની અને વધારે વિશાળ ટેવો રચી શકે છે, શરીરનું એક એવું જુદા પ્રકારનું પદાર્થતત્ત્વ પણ નિપજાવી શકે છે કે જેમાં ઈન્દ્રિયો વધારે મુક્તપણે કામ કરતી હોય, જીવનનું વધુ મુક્ત રીતનું કર્મ હોય, મનનું વધુ મુક્ત રીતનું કર્મ હોય. આપણું સ્થૂલ અસ્તિત્વ મૃત્યુ, વિચ્છેદ, સચેતન એવી એક જ જીવન-શક્તિએ ધારણ કરેલાં ઘન રૂપો વચ્ચે પરસ્પર વિરોધ અને એકમેકને દૂર રાખવાની ક્રિયા આ બધાનું બનેલું છે. પશુ શરીરમાં પ્રગટ થયેલી આપણી આ રચનાએ ઊર્ધ્વ તત્ત્વો ઉપર ઈન્દ્રિયોની લીલાની સાંકડી મર્યાદા, જીવન શક્તિનાં કાર્યોના ક્ષેત્રનું, તેમની સમયાવધિ અને શક્તિનું, એક

નાનકડા વર્તુળમાં નિબંધન, મનની અજ્ઞાનરૂપતા, તેની પંગુ ગતિ, તેનું ખંડિત અને સીમિત એવું કાર્ય આ બધાની ધૂંસરી લાદેલી છે. પરંતુ આ જ વસ્તુઓ વિશ્વ પ્રકૃતિનો શક્ય એવો એકમાત્ર લય છે એમ નથી. આના કરતાં વધારે ઉચ્ચ કોટિની અવસ્થાઓ છે, વધારે ઉચ્ચ કોટિનાં જગતો છે, અને આ બધાના નિયમને જો, મનુષ્યની કોઈ પ્રગતિ દ્વારા તથા આપણા પદાર્થતત્ત્વને તેની વર્તમાન અપૂર્ણતાઓમાંથી કોઈ રીતની મુક્તિ દ્વારા, આપણા સ્વરૂપના આ ઇન્દ્રિયગમ્ય રૂપ અને કરણ ઉપર લાદી શકાય તો અહીં પણ દિવ્ય મન અને ઇન્દ્રિયોનું એક સ્થૂલ એવું કાર્ય થઈ શકે છે, માનવની આકૃતિમાં દિવ્ય જીવનનું એક સ્થૂલ કાર્ય થઈ શકે છે અને આપણે જેને દિવ્ય રીતનું માનવ શરીર કહી શકીએ તેવી કોઈ વસ્તુનો પૃથ્વી ઉપર વિકાસ પણ થઈ શકે છે. મનુષ્યનું શરીર પણ કોઈ દિવસ પોતાનું રૂપાંતર પામી શકે છે; પૃથ્વી-મૈયા પણ આપણી અંદર પોતાના દિવ્ય રૂપને પ્રગટ કરી શકે છે.

સ્થૂલ વિશ્વની રચનાની અંદર પણ જડતત્ત્વની નિસરણીમાં એક આરોહણ પામતી શ્રેણી રહેલી છે અને તે આપણને વધુ ઘનતામાંથી ઓછી ઘનતામાં, ઓછી સૂક્ષ્મતામાંથી વધુ સૂક્ષ્મતામાં લઈ જાય છે. આ શ્રેણીની આપણે ઊંચામાં ઊંચી સ્થિતિએ જ્યાં આગળ પહોંચીએ, સ્થૂલ પદાર્થતત્ત્વ કિંવા શક્તિની રચનાએ ધારણ કરેલા આકારની અત્યંત અવકાશ-અતીત સૂક્ષ્મતામાં પહોંચીએ, તે પછી શું આવેલું હશે? એક શૂન્ય તો નહિ જ, એક રિક્તતા તો નહિ જ; કેમકે નરી રિક્તતા કે વાસ્તવિક શૂન્યતા જેવી કોઈ વસ્તુ છે જ નહિ અને આપણે જે વસ્તુને આ નામ આપીએ છીએ એ તો માત્ર આપણી ઇન્દ્રિયોની ગ્રહણશક્તિથી પરની, આપણા મનની અથવા તો આપણી સૂક્ષ્માતિસૂક્ષ્મ ચેતનાની ગ્રહણશક્તિથી ઉપરની જ કોઈ વસ્તુ છે. વળી એ પણ સાચું નથી કે આ બધાથી પર કાંઈ જ આવેલું નથી, કે પછી પેલું જડતત્ત્વનું અતિ વાયવ્ય પદાર્થતત્ત્વ એ જ શાશ્વત આરંભની વસ્તુ છે; કેમકે આપણે જાણીએ છીએ કે જડતત્ત્વ તથા જડાત્મક શક્તિ એ માત્ર એક શુદ્ધ પદાર્થતત્ત્વનું તથા શુદ્ધ શક્તિનું એક છેલ્લું પરિણામ છે. એ શુદ્ધ પદાર્થતત્ત્વમાં, શુદ્ધ શક્તિમાં ચેતના પ્રકાશપૂર્ણ રીતે આત્મ-સભાન તથા આત્મ-પ્રભુત્વવાળી હોય છે અને જડતત્ત્વમાં તે જેમ એક અચિત્‌ની નિદ્રામાં અને એક જડ ગતિમાં પોતાની સમક્ષ પોતે ગુમ થઈ ગયેલી છે તેવી હોતી નથી. તો પછી આ સ્થૂલ પદાર્થતત્ત્વ અને પેલું શુદ્ધ પદાર્થતત્ત્વ એ બેની વચ્ચે શું

આવેલું છે? કેમકે આપણે એકમાંથી ઠેકડો મારીને બીજામાં પહોંચી જતા નથી, આપણે અચિત્માંથી એકદમ પરમ ચેતનામાં પહોંચતા નથી. અચિત્ પદાર્થતત્ત્વ અને અત્યંત આત્મ-સભાન એવા આત્મ-વિસ્તરણની વચ્ચે, જેવી રીતે જડતત્ત્વના તત્ત્વની અને આત્મતત્ત્વના તત્ત્વની વચ્ચે કક્ષાઓ આવેલી છે તે રીતે, કક્ષાઓ હોવી જોઈએ અને છે પણ ખરી જ.

આ કક્ષાઓનો, આ ખીણોનો જરા પણ તાગ લઈ આવનાર સૌ કોઈ એકમતે આ હકીકત જણાવે છે અને સાક્ષી પૂરે છે કે પદાર્થતત્ત્વની વધુ ને વધુ સૂક્ષ્મ બનતી જતી રચનાઓની એક શ્રેણી આવેલી છે અને એ શ્રેણી સ્થૂલ વિશ્વની રચનાના પ્રકારમાંથી છૂટી જતી હોય છે અને તેનાથી પર ચાલી જતી હોય છે. અત્યારે તો આપણે જે રીતે તત્ત્વશોધન કરી રહ્યા છીએ તેમાં આપણા માટે અતિશય ગુહ્ય અને મુશ્કેલ નીવડે તેવી વસ્તુઓમાં આપણે ઊંડે નહિ જઈશું અને જે પદ્ધતિ ઉપર આપણે આપણું મંડાણ કર્યું છે તેને જ વળગી રહીને આપણે એમ કહીશું કે પદાર્થતત્ત્વની આ કક્ષાઓ, તેમણે જે શ્રેણીરૂપ લીધેલું છે તેના એક મહત્ત્વના પાસામાં, જડતત્ત્વ, પ્રાણ, મન, અતિમનસ અને સચ્ચિદાનંદની પેલી બીજી ઊર્ધ્વ દિવ્ય ત્રિપુટિની બનેલી આરોહણ પામતી શ્રેણી છે તેને મળતી આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, આપણે એમ જોઈએ છીએ કે પદાર્થતત્ત્વ પોતાના આરોહણમાં આ તત્ત્વોમાંના દરેક તત્ત્વ ઉપર પોતાનું મંડાણ કરતું જાય છે અને એ દરેક તત્ત્વનું તેની આરોહણ શ્રેણીમાં પ્રધાનપણે જે વિશ્વરૂપ આત્મ-પ્રાકટ્ય હોય છે તેને માટે ક્રમે ક્રમે પોતાને એક લાક્ષણિક વાહનરૂપ બનાવી લે છે.

અહીં આ જડાત્મક જગતમાં દરેક વસ્તુ જડાત્મક પદાર્થતત્ત્વની રચના ઉપર મંડાયેલી છે. ઈન્દ્રિયો, જીવન, વિચાર પોતાની માંડણી પ્રાચીન ચિંતકો જેને પૃથ્વી-શક્તિ કહેતા તેના ઉપર કરે છે, એ શક્તિથી પોતાનો આરંભ કરે છે, એના નિયમોને આધીન રહે છે, પોતાનાં કાર્યોને આ મૂળભૂત તત્ત્વની સાથે અનુકૂળ કરે છે, એ તત્ત્વની શક્યતાઓ મુજબ પોતાને મર્યાદિત કરે છે અને, તેઓ જો બીજી શક્યતાઓનો વિકાસ કરવા માગે તો તે વિકાસમાં પણ તેમણે આ જે મૂળ રચના છે, તેનો જે હેતુ છે અને દિવ્ય વિકાસક્રમ પાસેથી તેની જે માગણી છે તેનો ખ્યાલ રાખવાનો રહે છે. ઈન્દ્રિયો શારીરિક કરણો દ્વારા કામ કરે છે, પ્રાણ શારીરિક જ્ઞાનતંતુના તંત્ર દ્વારા અને પ્રાણના અવયવો દ્વારા કામ કરે છે અને મન પોતાની ક્રિયાઓને એ શારીરિક પાયા ઉપર

બાંધવાની રહે છે તેમ જ એનાં શુદ્ધ મનોમય કાર્યોએ પણ આ રીતે મળેલી હકીકતોને પોતાને કામ કરવાના ક્ષેત્ર તરીકે તથા કામ માટેની સામગ્રી તરીકે લેવાની રહે છે. મન, ઇન્દ્રિયો તથા પ્રાણના મૂળ સ્વરૂપમાં એવી કોઈ આવશ્યકતા રહેલી નથી કે જેથી તેમણે આ રીતે મર્યાદિત બની રહેવું જોઈએઃ કેમકે આ જે સ્થૂલ ઇન્દ્રિય-અવયવો છે તે કાંઈ ઇન્દ્રિય-સંવેદનોનાં સર્જન કરનારા હોતા નથી, પણ એ પોતે જ જે વિશ્વરૂપ ઇન્દ્રિયો છે તેમનું સર્જન છે, તેમનાં કરણો છે અને અહીં તેમને માટેની એક જરૂરી અનુકૂળતા છે; જ્ઞાનતંતુનું તંત્ર અને પ્રાણના અવયવો એ પ્રાણનાં કાર્યો અને પ્રતિકાર્યોનાં સર્જકો હોતાં નથી, પણ તેઓ પોતે જ પ્રાણ-શક્તિનું સર્જન છે, તેનાં કરણો છે, અને અહીં વિશ્વરૂપ પ્રાણ-શક્તિને માટેની એક જરૂરી અનુકૂળતા છે; જે મગજ છે તે કાંઈ વિચારનું સર્જક નથી, પણ તે પોતે જ વિશ્વરૂપ મનનું સર્જન છે, કરણ છે તેમ જ અહીં વિશ્વરૂપ મન માટેની એક જરૂરી અનુકૂળતા છે. એટલે આ જે આવશ્યકતા છે એ કાંઈ અફર આવશ્યકતા નથી, પણ કાર્યકારણની આવશ્યકતા છે. એ આવશ્યકતા સ્થૂલ વિશ્વમાં આવી રહેલી એક દિવ્ય વિશ્વરૂપ સંકલ્પશક્તિનું પરિણામ છે, એ વિશ્વરૂપ સંકલ્પશક્તિ અહીં ઇન્દ્રિયો અને તેના વિષયો વચ્ચે એક સ્થૂલ સંબંધ ગોઠવવા માગે છે, સચેતન શક્તિની એક સ્થૂલ જડાત્મક રચના અને નિયમ સ્થાપિત કરે છે અને તે રચના અને નિયમ દ્વારા સચેતન-સત્ તત્ત્વની સ્થૂલ છબીઓ સર્જે છે અને એ છબીઓ આપણે જે જગતમાં રહેલાં છીએ તેની એક પ્રારંભક, અધિશાસક અને નિર્ણાયક હકીકત બની રહે છે. આ જે છે તે કાંઈ સત્ તત્ત્વનો મૂળભૂત નિયમ નથી, પરંતુ જડતત્ત્વના બનેલા જગતમાં વિકાસ પામવા માટે આત્મતત્ત્વ જે હેતુ ધરાવે છે તેમાંથી જરૂરી બનેલું એક રચનાશીલ તત્ત્વ છે.

પદાર્થતત્ત્વની આ પછીની કક્ષામાં પ્રારંભક, અધિશાસક અને નિર્ણાયક હકીકત તરીકે હવે પદાર્થતત્ત્વનું રૂપ અને શક્તિ નહિ પણ પ્રાણતત્ત્વ અને સભાન એવી ઇચ્છા કામ કરતાં હોય છે. એટલે આ જડાત્મક ભૂમિકાથી ઉપરનું જે જગત છે તે એક સભાન એવી વિશ્વરૂપ પ્રાણશક્તિ ઉપર મંડાયેલું, પ્રાણની ઝંખનાની શક્તિ, ઇચ્છાની શક્તિ અને તેમની આત્મ-અભિવ્યક્તિની ઉપર મંડાયેલું જગત હોવું જોઈએ, એ એક જડાત્મક શક્તિ અને બલનું રૂપ લેતી એક અચિત્ યા તો અવચેતન રીતની સંકલ્પ શક્તિ ઉપર મંડાયેલું નહિ હોય. એ જગતનાં સર્વ રૂપો, શરીરો, બલો, પ્રાણની ક્રિયાઓ,

ઈન્દ્રિયોની ક્રિયાઓ, વિચારની ક્રિયાઓ, વિકાસો, ટોચ-સિદ્ધિઓ, આત્મચરિતાર્થતાઓ આ સચેતન-પ્રાણની પ્રારંભિક હકીકત વડે અનુશાસિત અને સુનિર્ણીત થવાં જોઈએ અને જડતત્ત્વ તથા મને પોતાની જાતને તેને આધીન કરવી જોઈએ, એમાંથી તેમણે પોતાનો આરંભ મેળવવો જોઈએ, એના ઉપર પોતાનું મંડાણ કરવું જોઈએ, એના નિયમો, શક્તિઓ, ક્ષમતાઓ, મર્યાદિતતાઓથી મર્યાદિત થવું જોઈએ, યા તો વૃદ્ધિ પામવી જોઈએ; અને ત્યાં આગળ રહેલું મન જો હજી વિશેષ ઉચ્ચતર શક્યતાઓ ખીલવવા માગે તોપણ તેણે ત્યારે પણ ઈચ્છામય શક્તિની જે મૂળ પ્રાણમય રચના છે, એનો જે હેતુ છે અને દિવ્ય આવિર્ભાવ પાસેથી તેની જે માગણી છે તેનો ખ્યાલ રાખવો જોઈશે.

આ જ રીતે આથી અધિક ઊંચી કક્ષાઓ વિષે બનવું જોઈએ. આ શ્રેણીમાં હવે પછી જે કક્ષા આવે તેણે મનના અધિશાસક અને નિર્ણાયક તત્ત્વ દ્વારા અનુશાસિત થવાનું રહે છે. ત્યાં પદાર્થતત્ત્વ એટલું તો સૂક્ષ્મ અને મુલાયમ રહેવું જોઈએ કે મન તેના ઉપર સીધેસીધા જે આકારો લાદે તેને તે ધારણ કરી શકે એવું બને, મનની ક્રિયાઓને તે આધીન બની રહે, મન પોતાની આત્માભિવ્યક્તિ તથા આત્મ-ચરિતાર્થતા માટે જે માગણી કરે તેને તે વશવર્તી બની રહે. ઈન્દ્રિયો અને પદાર્થતત્ત્વના સંબંધોમાં પણ આને મળતી એક સૂક્ષ્મતા અને ઋજુતા આવવી જોઈએ અને એ સંબંધોનો નિર્ણય સ્થૂલ ઈન્દ્રિયોને સ્થૂલ વિષયો સાથે જે સંબંધો હોય છે તે દ્વારા નહિ પણ મનને તે જે સૂક્ષ્મતર પદાર્થતત્ત્વ ઉપર કામ કરતું હોય છે તેની સાથેના સંબંધો દ્વારા થવો જોઈએ. આવા જગતનું જીવન મનનું સેવક બની રહેશે અને તે એવી રીતનું કે તેનો ખ્યાલ આપણી દુર્બળ મનોમય ક્રિયાઓને તથા આપણી મર્યાદિત, રુક્ષ અને બંડખોર પ્રાણમય શક્તિઓને યોગ્ય પ્રમાણમાં આવી શકે તેમ જ નથી. એ કક્ષામાં મન એ જ આદિમ રચના તરીકે આધિપત્ય ધરાવતું હોય છે, એનો હેતુ જ બધે કામ કરતો હોય છે, દિવ્ય આવિર્ભાવના નિયમમાં એની માગણી જ બીજી બધી માગણીઓ કરતાં સર્વોપરિ બનતી હોય છે. આથી પણ હજી વધુ ઉચ્ચ કક્ષા ઉપર અતિમનસ-અથવા વચલી કક્ષાઓમાં, એનો સ્પર્શ પામેલાં તત્ત્વો-અથવા, એથીયે વધુ ઉચ્ચ કક્ષાએ એક શુદ્ધ આનંદ, એક શુદ્ધ સચેતન શક્તિ કે શુદ્ધ સત્ તત્ત્વ મનને બદલે અધિશાસક તત્ત્વ તરીકેનું સ્થાન લે છે અને ત્યાં આપણે વિશ્વરૂપ અસ્તિત્વના એવા પ્રદેશોમાં પ્રવેશ કરીએ

છીએ કે જે વેદના દ્રષ્ટાઓને માટે આલોકિત બનેલા અસ્તિત્વનાં જગતો તરીકે પ્રત્યક્ષ થયાં હતાં, તેમ જ જેને તેઓ અમૃતત્વ કહેતા હતા તેના પાયા રૂપ દેખાયા હતા. એ પછીના ભારતના ધર્મોએ આ પ્રદેશોને બ્રહ્મલોક કે ગોલોક રૂપે કલ્પ્યા હતા, કે જેમાં પરમ સત્ તત્ત્વે આત્મતત્ત્વ તરીકે પોતાની કોઈ ચરમ અભિવ્યક્તિ સાધેલી હતી, અને એમાં પછી પોતાની ઉત્તમોત્તમ પૂર્ણતામાં મુક્ત બનેલો આત્મા શાશ્વત પરમાત્માની અનંતતા અને પરમ મુદાને ધારણ કરતો હોય છે.

તો આપણને આમ વસ્તુઓની જડાત્મક રચનાથી ઉપર ચાલી જઈને સતત રીતે આરોહણ પામતી જે અનુભૂતિ અને દર્શન મળે છે તેની પાછળ આવી રહેલું તત્ત્વ એ છે કે આખુંયે વિશ્વરૂપ અસ્તિત્વ એ એક સંકુલ સંવાદિતા રૂપે રહેલું છે અને માનવનું સામાન્ય મન અને જીવન ચેતનાની જે મર્યાદિત કક્ષામાં કેદ બની રહેવાને સંતુષ્ટ છે તે કક્ષા આગળ જ વિશ્વનો અંત આવી જતો નથી. સત્ તત્ત્વ, ચેતના, શક્તિ, પદાર્થતત્ત્વ એક અનેક પગથિયાંવાળી સીડી ઉપર ઊતરતાં અને ચડતાં રહે છે અને એ સીડીના દરેક પગથિયા ઉપર સત્ તત્ત્વને એક અધિક વિશાળ આત્મ-વિસ્તરણ મળતું રહે છે, ચેતનાને તેની પોતાની કક્ષા અને વિશાળતા અને આનંદની એક વધુ વિશાળ સમજ મળે છે, શક્તિને એક વધુ મોટી તીવ્રતા અને એક વધુ વેગીલી અને આનંદમય ક્ષમતા મળી રહે છે, પદાર્થતત્ત્વ પોતાની આદિમ વાસ્તવિકતાનો એક વધુ પ્રમાણમાં સૂક્ષ્મ, મુલાયમ, ઉલ્લાસમય અને ઋજુ વ્યવહાર રજૂ કરે છે. કારણ કે વસ્તુ જેમ વધુ સૂક્ષ્મ હોય છે તેમ વધુ શક્તિમય પણ હોય છે,-આપણે કહી શકીએ કે, વધુ સાચી રીતે સઘન હોય છે; સ્થૂલ કરતાં તે ઓછી નિબદ્ધ હોય છે, એના સત્ સ્વરૂપમાં તે એક વધુ મોટી સ્થાયિતા ધરાવતી હોય છે અને સાથે સાથે તેના સંભવનમાં તે એક વધુ મોટી શક્યતા, મુલાયમતા અને ગતિવિસ્તાર ધરાવતી હોય છે. સત્ તત્ત્વનો પ્રત્યેક સમતલ પ્રદેશ આપણી વિશાળ થતી જતી અનુભૂતિને આપણી ચેતનાની એક વધુ ઉચ્ચ ભૂમિકા આપે છે તેમ જ આપણા અસ્તિત્વને માટે એક વધુ સમૃદ્ધ જગત મેળવી આપે છે.

પણ આ આરોહણ પામતી શ્રેણી આપણા સ્થૂલ અસ્તિત્વની શક્યતાઓ ઉપર કેવી રીતે અસર કરે છે? જો ચેતનાની દરેક ભૂમિકા, અસ્તિત્વનું દરેક જગત, પદાર્થતત્ત્વની દરેક કક્ષા, વિશ્વરૂપ શક્તિનો દરેક અંશાંશ, એની પહેલાં તથા પછી જે કાંઈ આવતું હોય તેનાથી પૂરેપૂરાં કપાઈ ગયેલાં હોય તો આ શ્રેણી આ શક્યતાઓ ઉપર કશી

પ્રકરણ ૪

સર્વવ્યાપી વાસ્તવિકતા

असन्नेव स भवति। असद्ब्रह्मेति वेद चेत् ।
अस्ति ब्रह्मेति चेद्वेद। सन्तमेनं ततो विदुः ।।

तैत्तिरीय उपनिषद् २.६

એને અ-સત્ બ્રહ્મ તરીકે, સત્-તાના અભાવ તરીકે જે જાણે છે તે પોતે કેવળ અસત્ બને છે, પરંતુ એને બ્રહ્મ 'છે' એમ સત્ તરીકે જે જાણે છે તે જીવનમાં તેને વાસ્તવિક તરીકે ઓળખે છે.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૬

આગલાં બે પ્રકરણો ઉપરથી એટલું સ્પષ્ટ થયું હશે કે આપણે જડનો અને ચેતનાનો, બંનેનો દાવો કબૂલ રાખીએ છીએ. વિશુદ્ધ ચેતન તત્ત્વ આપણી અંદર તેની સંપૂર્ણ, નિર્બાધ મુક્તિને પ્રગટ કરવાનો, અને વિરાટ જડતત્ત્વ જીવનમાં આપણા આવિર્ભાવનું બીબું બનવાનો, આપણા આવિર્ભાવની પરિસ્થિતિ પૂરી પાડવાનો દાવો કરે છે, એ બંનેનો આપણે સ્વીકાર કરીએ છીએ. એટલે હવે એ બે વિરોધી તત્ત્વોનું સંપૂર્ણપણે સમાધાન કરી શકે એવા કોઈ સત્યની શોધ કરવી એ આપણું કર્તવ્ય ઠરે છે. અર્થાત્ એ સત્ય એવું હોવું જોઈએ કે જે એ બંને તત્ત્વોને જીવનમાં પોતપોતાનો યોગ્ય હિસ્સો આપે, તથા બુદ્ધિના પ્રદેશમાં એ દરેક તત્ત્વને તેની પોતાની સકારણતા અર્પે, બેમાંથી એકેયનો હક્ક છીનવી લે નહિ, તેમ બેમાંથી એકેયમાં રહેલા પરમ સત્યનો ઈનકાર કરે નહિ. એ બંને તત્ત્વોની ભૂલો, એમની અતિશયતાનું એકલવાયાપણું, અતડાપણું પણ એમનામાં રહેલ એ પરમ સત્યમાંથી જ પોતાની શક્તિ મેળવે છે. કારણ કે જ્યારે માણસના મનના ઉપર આટલી બધી અસર કરનારું, તેના મનનું આકર્ષણ કરનારું, એકતરફી અતિશયતાવાળું વિધાન આપણી સામે આવીને ઊભું રહે ત્યારે ખાતરીપૂર્વક જાણવું કે આપણી સામે કેવળ ભ્રમ કે વહેમ કે મિથ્યાભાસ માત્ર નહિ પરંતુ કોઈ વાસ્તવિકતા, કોઈ સત્ય વેશ ધારીને ઊભું છે અને આપણે તેને વફાદાર થવાનું છે. આપણે જો એનો ઈનકાર કરીશું કે એને બાતલ રાખીશું તો તે વેર લીધા વિના રહેશે નહિ. આવું સમાધાન કરનારું સત્ય શોધવામાં એટલે કે એવો સંતોષકારક ઉકેલ શોધવામાં જ ખરેખરી મુશ્કેલી રહેલી છે, તથા ચેતન અને જડ વચ્ચે કેવળ બાંધછોડ કરવાના જે જે પ્રયત્નો થયા છે તે બધામાં

જ અસર નહિ પહોંચાડે. પરંતુ સત્ય આથી ઊલટું જ છે; આત્મતત્ત્વનો આવિર્ભાવ એ એક સંકુલ વાણો છે અને પ્રત્યેક તત્ત્વના સંયોજન અને સ્વરૂપમાં બીજાં બધાં તત્ત્વો એક સમગ્ર આધ્યાત્મિક તત્ત્વનાં તત્ત્વો તરીકે આવી જતાં હોય છે. આપણું જડાત્મક જગત એ બીજાં બધાં તત્ત્વોના પરિણામ રૂપે બનેલું છે, કેમકે એ બધાં તત્ત્વો આ સ્થૂલ વિશ્વનું સર્જન કરવા માટે જડતત્ત્વમાં ઊતરી આવેલાં છે, અને આપણે જેને જડતત્ત્વ કહીએ છીએ તેનો પ્રત્યેક અણુ એ બધાં તત્ત્વોને પોતામાં ગૂઢ રીતે ધારણ કરી રહેલો છે; આપણે જોઈ ગયા તે મુજબ, તેમનું ગૂઢ કાર્ય એ જડતત્ત્વના અસ્તિત્વની દરેક ક્ષણમાં અને તેની પ્રકૃતિની હરેક ક્રિયામાં અંતર્ભૂત રહેલું છે, અને જેવી રીતે જડતત્ત્વ આ અવતરણનો છેલ્લો શબ્દ છે, તેવી જ રીતે એ આરોહણનો પણ પહેલો શબ્દ છે. ભૂમિકાઓ, જગતો, કક્ષાઓ, આ બધી અંશાંશોની શક્તિઓ જડાત્મક અસ્તિત્વમાં જેવી રીતે અંતર્ભૂત રહેલાં છે તેવી જ રીતે તે તેમાંથી બહાર વિકાસ પામવાની શક્તિ ધરાવતાં હોય છે. આટલા જ માટે જડાત્મક સત્ તત્ત્વ વાયુઓ અને રાસાયણિક મિશ્રણો અને સ્થૂલ શક્તિઓ અને ક્રિયાઓથી, નિહારિકાઓ અને સૂર્યો અને પૃથ્વીઓથી આરંભ તેમ જ અંત પામતું નથી, પણ તે જીવનને વિકસાવે છે, મનને વિકસાવે છે, અને આખર જતાં તેણે અતિમનસ તથા આધ્યાત્મિક અસ્તિત્વની ઉચ્ચતર કક્ષાઓને વિકસાવવાનાં રહે છે. અતિ-ભૌતિક ભૂમિકાઓ ભૌતિક ભૂમિકા ઉપર જે અસ્ખલિત દબાણ મૂકતી હોય છે તેને લીધે વિકાસક્રમ બની આવે છે. એ દબાણ તે જડતત્ત્વમાં તેમનાં જે તત્ત્વો અને શક્તિઓ આવી રહેલાં હોય છે તેને બહાર લઈ આવવાની ફરજ પાડે છે, કેમકે એમ ન થતું હોત તો એ બધાં જડતત્ત્વની રચનાની અકડાઈમાં કેદ બનીને ઊંઘી રહ્યાં હોત-જોકે આ બનવું અસંભવિત છે કારણ કે એ તત્ત્વોની જ્યાં જડતત્ત્વમાં આવી રહેલી હાજરી એમ બતાવે છે કે એમાં મુક્તિનો હેતુ પણ આવી રહેલો છે; છતાં નીચેથી આવતી આ આવશ્યકતાને, ખરેખરી રીતે તો, તેને મળતા આવતા ઉપરના તત્ત્વના દબાણ દ્વારા સહાય થતી રહે છે.

વળી આ વિકાસક્રમ જડતત્ત્વની અનિચ્છુક શક્તિએ જીવન, મન, અતિમનસ, આત્મતત્ત્વની ઊર્ધ્વશક્તિઓની જે પ્રથમ નાની સરખી રચના થવા દીધેલી છે ત્યાં આગળ જ અટકી જઈ શકે તેમ નથી. કેમકે આ ઊર્ધ્વ શક્તિઓ, જેમ જેમ વિકાસ પામતી જાય છે, જેમ જેમ જાગ્રત થતી જાય છે, જેમ જેમ વધારે સક્રિય અને

તેમની પોતાની શક્યતાઓ માટે આતુર થતી જાય છે, તેમ તેમ તેમના ઉપર પેલી ઊર્ધ્વ ભૂમિકાઓનું દબાણ, જગતોના અસ્તિત્વની અંદર તેમ જ તેમના ગાઢ સંબંધોમાં અને પરસ્પરાવલંબનમાં અંતર્ગત રહેલું દબાણ પણ તેના આગ્રહમાં, શક્તિમાં અને અસરકારકતામાં વધારે બનતું રહેવું જોઈએ. આ તત્ત્વોએ નીચેની બાજુથી એક હળવા પ્રકારનું અને મર્યાદિત રીતનું ઉન્મજ્જન સાધવું જોઈએ એટલું જ નહિ, પણ ઉપરની દિશામાંથી પણ તેમણે પોતાની લાક્ષણિક શક્તિ સાથે અને શક્ય તેટલા સંપૂર્ણ પ્રફુલ્લન સાથે નીચે અવતરણ સાધવું જોઈએ. સ્થૂલદેહી પ્રાણીએ જડતત્ત્વમાં થઈ રહેલી આ તત્ત્વોની એક વધુ ને વધુ વિશાળ લીલા પ્રત્યે ખુલ્લા બનવું જોઈએ, અને આમાં માત્ર એક સુયોગ્ય પાત્રની, માધ્યમની, કરણની જ જરૂર રહે છે. એની ગોઠવણ માણસના શરીરમાં, જીવનમાં અને ચેતનામાં કરવામાં આવેલી છે.

ખરેખર, આ શરીર, જીવન અને ચેતના સ્થૂલ શરીરની શક્યતાઓ પૂરતાં જ મર્યાદિત રહેલાં હોત, અને આપણી શારીરિક ઈન્દ્રિયો અને શારીરિક મનોદશા માત્ર એટલી જ શક્યતાનો સ્વીકાર કરે છે, તો આ વિકાસક્રમની સીમા બહુ જ સંકુચિત બની રહેત અને માનવ પ્રાણી તેની વર્તમાન સિદ્ધિ કરતાં તત્ત્વતઃ કોઈ પણ વધુ મહાન વસ્તુ સિદ્ધ કરવાની આશા રાખી શકત નહિ. પરંતુ આ શરીર, પ્રાચીન ગુહ્ય વિજ્ઞાને શોધી કાઢ્યું હતું તે મુજબ, તે આપણા સ્થૂલ સ્વરૂપનું પણ સમગ્ર રૂપ નથી; આ જે સ્થૂલ ઘનતા છે તેમાં આપણું આખુંયે પદાર્થતત્ત્વ આવી જતું નથી. પ્રાચીનતમ વેદાન્ત દર્શન આપણને આપણા સ્વરૂપની પાંચ કક્ષાઓની વાત કરે છે, સ્થૂલ, પ્રાણમય, મનોમય, આદર્શમય, આધ્યાત્મિક કિંવા આનંદમય, અને આપણા આત્માની આ પ્રત્યેક કક્ષાને મળતી આવતી આપણા પદાર્થતત્ત્વની એક એક કક્ષા આવેલી છે, જેને પ્રાચીન અલંકારિક ભાષામાં કોષ કહેવામાં આવેલો છે. એ પછીના માનવ વિજ્ઞાનને એ મળી આવ્યું કે આપણા પદાર્થતત્ત્વના આ પાંચ કોષો એ ત્રણ શરીરોમાં સામગ્રી રૂપે હતા, સ્થૂલ શારીરિક, સૂક્ષ્મ અને કારણરૂપ શરીર, અને એ બધાં શરીરોમાં આત્મા ખરેખર તેમ જ એકી સાથે રહેતો હોય છે, જો કે અહીં અને અત્યારે આપણે માત્ર સ્થૂલ વાહન વિષે જ ઉપર ઉપરથી સભાન છીએ. પરંતુ આપણાં બીજાં શરીરોની અંદર પણ આપણે સભાન બની શકીએ છીએ અને હકીકત રૂપે તો આ શરીરો વચ્ચે રહેલા આવરણને ખોલી નાખવાનું જે બને છે, અને તેના પરિણામ રૂપે આપણી શારીરિક, ચૈતસિક અને

આદર્શ વ્યક્તિતાઓ વચ્ચે આવેલું આવરણ જે ખૂલી જાય છે એમાંથી જ પેલી 'ચૈતસિક' અને 'ગુહ્ય' ઘટનાઓ ઉત્પન્ન થાય છે. આ વસ્તુઓનું હવે વધુ ને વધુ પરીક્ષણ થવા લાગ્યું છે અને આ ઉદ્‌ઘાટનનો લાભ તો ખૂબ જ લેવાઈ રહ્યો છે તોપણ એ પરીક્ષણ બહુ જ અલ્પ પ્રમાણમાં અને બહુ જ કઢંગી રીતે થઈ રહ્યું છે. ભારતના પ્રાચીન હઠયોગીઓ અને તાંત્રિકોએ માનવના ઉચ્ચતર જીવન અને શરીરની આ વસ્તુને ક્યારનુંયે શાસ્ત્રનું રૂપ આપેલું હતું. એમણે શોધી કાઢ્યું હતું કે પ્રાણ અને મનની સૂક્ષ્મમાં રહેલી શક્તિનાં જે છ કેન્દ્રો છે તેને મળતાં સ્થૂલ શરીરમાં જ્ઞાનતંતુનાં છ કેન્દ્રો આવેલાં છે અને તેમણે એવી સૂક્ષ્મ શારીરિક કસરતો શોધી કાઢી હતી કે જે દ્વારા આ કેન્દ્રો, અત્યારે બંધ છે તે, ખુલ્લાં કરી શકાય તેમ છે, આપણા સૂક્ષ્મ અસ્તિત્વનું જે ઊર્ધ્વ ચૈતસિક જીવન છે તેમાં માણસ પ્રવેશ કરી શકે છે અને આદર્શમય અને આધ્યાત્મિક સ્વરૂપની અનુભૂતિ થવામાં જે શારીરિક અને પ્રાણમય અવરોધો રહેલા છે તેનો પણ નાશ કરી શકાય છે. એક અગત્યની વસ્તુ એ પણ છે કે હઠયોગીઓ પોતાની પદ્ધતિઓ માટે એક મહત્ત્વના પરિણામનો દાવો કરે છે અને તેની ઘણી રીતે સાબિતી મેળવી શકાય તેમ છે. એ પરિણામ એ છે કે શારીરિક પ્રાણ-શક્તિ ઉપર કાબૂ મેળવી શકાય છે અને એ કાબૂ હઠયોગીઓને કેટલીક સામાન્ય ટેવોમાંથી યા તો, જેને સ્થૂલ વિજ્ઞાન શરીરમાં રહેલા જીવનથી છૂટા ન પાડી શકાય તેવા નિયમો માને છે તે કહેવાતા નિયમોમાંથી મુક્ત કરી આપે છે.

પ્રાચીન માનસવિજ્ઞાનની આ બધી પરિભાષાની પાછળ આપણા સ્વરૂપની એક મહાન હકીકત અને નિયમ આવી રહેલાં છે. તે એ છે કે આ સ્થૂલ વિકાસક્રમમાં આપણા સ્વરૂપના આકારની, ચેતનાની, શક્તિની કામચલાઉ અવસ્થા ભલે ગમે તે રીતની હોય પણ તેની પાછળ એક વધુ સત્ય પ્રકારનું અસ્તિત્વ આવેલું હોવું જોઈએ અને છે પણ ખરું જ, અને આપણી આ કામચલાઉ અવસ્થા તો તેનું માત્ર એક બાહ્ય પરિણામ છે અને સ્થૂલ રીતે ઈન્દ્રિયગ્રાહ્ય બને તેવું પાસું છે. આપણું પદાર્થતત્ત્વ સ્થૂલ શરીર સાથે જ સમાપ્ત થઈ જતું નથી; એ તો માત્ર પાર્થિવ પાદપીઠિકા છે, પૃથ્વી પરનો પાયો છે, જડાત્મક પ્રારંભ-બિંદુ છે. આપણી જાગ્રત મનોદશાની પાછળ જેવી રીતે, એને માટે અવચેતન અને ઉપરિચેતન એવી ચેતનાના વિશાળ પ્રદેશો આવેલા છે, કે જેને વિષે આપણે કોઈ વાર અનૈસર્ગિક રીતે સભાન બનીએ છીએ, એવી જ રીતે આપણા

સ્થૂલ શારીરિક સ્વરૂપની પાછળ પદાર્થતત્ત્વની એક વધુ સૂક્ષ્મ નિયમવાળી તથા વધુ મહાન શક્તિવાળી અન્ય અને વધુ સૂક્ષ્મ કક્ષાઓ આવેલી છે. એ કક્ષાઓ આપણા આ વિશેષ સ્થૂલ શરીરને ટેકો આપતી હોય છે અને આપણે એમની જે ચેતના રહેલી હોય છે તેના પ્રદેશમાં પ્રવેશ કરીને એ કક્ષાઓ આપણા સ્થૂલ જડતત્ત્વ ઉપર તેમનો નિયમ અને શક્તિ સ્થાપી આપે અને આપણા અત્યારના શારીરિક જીવનની તથા વૃત્તિઓ અને ટેવોની સ્થૂલતા અને મર્યાદિતતાને સ્થાને તેઓ પોતાની વધુ વિશુદ્ધ, વધુ ઉચ્ચ, વધુ તીવ્ર અવસ્થાઓ મૂકી આપે તેમ કરી શકીએ છીએ. વસ્તુસ્થિતિ જો એમ હોય તો પછી, આપણા પશુ કોટિના જન્મ અને જીવન અને મૃત્યુની જે સામાન્ય અવસ્થાઓ રહેલી છે, એમાં પોષણની જે મુશ્કેલી રહેલી છે, અને અવ્યવસ્થા તથા રોગ માટે જે સરળતા રહેલી છે અને પ્રાણની દરિદ્ર અને અસંતુષ્ટ ઝંખનાઓની જે આધીનતા છે એ સર્વની મર્યાદાથી મુક્ત એવા એક વધુ ઉમદા પ્રકારના શારીરિક અસ્તિત્વનો વિકાસ થવો એ માત્ર એક સ્વપ્ન અને તરંગ હોવાનો આભાસ મૂકી દે છે અને એવું અસ્તિત્વ આપણા અસ્તિત્વના પ્રગટ અને ગુહ્ય સત્ય વિષે આપણે જે કાંઈ જાણ્યું હોય છે, અનુભવ્યું હોય છે યા તો વિચારી શક્યા હોઈએ છીએ તે સર્વની સાથે મેળમાં રહેતા એક તર્કપ્રતિષ્ઠિત અને તત્ત્વજ્ઞાનાત્મક સત્યના પાયા ઉપર મંડાયેલી શક્યતા બની રહે છે.

અને તર્કની રીતે એ પ્રમાણે જ થવું જોઈએ; કેમકે આપણા સ્વરૂપનાં તત્ત્વોની જે અસ્ખલિત શ્રેણી છે અને એ તત્ત્વોની વચ્ચે જે પરસ્પરનો ગાઢ સંબંધ છે એ એટલી બધી સ્પષ્ટ વસ્તુ છે કે એમાંનું એક તત્ત્વ શાપિત બની રહે અને કપાઈને છૂટું પડી રહે અને બીજાં તત્ત્વો એક દિવ્ય મુક્તિ પામી શકે એવાં રહે એ બની શકે તેમ નથી. માણસનું સ્થૂલથી માંડી અતિમનસ સુધીનું જે આરોહણ છે તેણે પદાર્થતત્ત્વની એ આરોહણને મળતી કક્ષાઓમાં પહોંચવાના આરોહણની શક્યતા ખોલી આપવી જોઈએ. એ આરોહણ આપણા સ્વરૂપનું જે મૂળ શરીર છે તે આદર્શ કે કારણરૂપ શરીર સુધી પહોંચવું જોઈએ, અને અતિમનસ નીચલાં તત્ત્વો ઉપર વિજય મેળવે અને તેમને મુક્ત કરીને એક દિવ્ય જીવનમાં અને દિવ્ય માનસમાં લઈ જાય તેને લીધે પછી અતિમાનસ પદાર્થતત્ત્વની શક્તિ અને તત્ત્વ દ્વારા આપણી શારીરિક મર્યાદિતતાઓનો વિજય પણ શક્ય બનવો જ જોઈએ. અને આનો અર્થ એ છે કે આ એક એવો વિકાસ બનશે કે જેમાં ચેતનાને તો કોઈ રીતની બાધા રહેલી નહિ હોય, મન અને ઈન્દ્રિયો તો શારીરિક અહંની

દીવાલોમાં પુરાઈ રહેલાં નહિ હોય અથવા તો ઈન્દ્રિયોનાં શારીરિક અંગો દ્વારા અપાતા જ્ઞાનના દરિદ્ર પાયા ઉપર જ મર્યાદિત નહિ રહેલાં હોય, પણ એમાં જીવન-શક્તિ તેની મર્ત્ય મર્યાદિતતાઓમાંથી વધુ ને વધુ મુક્ત બનેલી હશે, એક શારીરિક જીવન દિવ્ય રીતના નિવાસન માટે સુયોગ્ય બનેલું હશે,-એ અર્થમાં કે તેમાં આપણા અત્યારના શારીરિક માળખાને વળગી રહેવામાં યા તો તેમાં જ બંધાઈ રહેવામાં આવશે એમ નહિ પણ સ્થૂલ શરીરના જે નિયમો છે તેમને ઓળંગી જવામાં આવશે,-મૃત્યુ ઉપર વિજય થશે, પૃથ્વી પરનું અમૃતત્વ સિદ્ધ થશે. કેમકે અમૃતત્વનો સ્વામી દિવ્ય આનંદમાંથી, અસ્તિત્વના મૂળ આનંદમાંથી એ પરમાનંદની સુરાને, ગુહ્ય સોમને મનોમય બનેલા જીવંત જડતત્ત્વના આ કુંભોમાં રેડવા લાગે છે, સત્ તત્ત્વના અને પ્રકૃતિના પૂર્ણ રૂપાંતર માટે તે પદાર્થતત્ત્વના આ કોષોમાં પ્રવેશ કરે છે.

પ્રકરણ ૨૭

સત્ તત્ત્વનો સપ્તવિધ તંતુ

पाकः पृच्छामि मनसाविजानन् देवानामेना निहिता पदानि।
वत्से बष्कयेऽधि सप्त तन्तून् वि तत्निरे कवय ओतवा उ ।।

ऋग्वेद १.१६४.५

મનથી અજ્ઞાન (**अविजानन्**) એવો અપક્વ (**पाकः**) હું દેવોનાં આ ભીતરમાં મૂકેલાં પગલાં વિષે પૃચ્છા કરું છું. સર્વજ્ઞ એવા દેવોએ (**कवयः**) એક વર્ષના (**बष्कय**) બાળકને લીધું છે અને આ વાણો બનાવવાને સપ્ત તંતુઓને વણ્યા છે.

ઋગ્વેદ ૧.૧૬૪.૫

આપણે હવે, પ્રાચીન દ્રષ્ટાઓએ અસ્તિત્વના જે સાત મહાન તત્ત્વોને સારાયે વિશ્વરૂપ અસ્તિત્વના પાયા તરીકે તેમ જ સપ્તવિધ રૂપ તરીકે નિશ્ચિત કરી આપેલાં છે તેનું નિરીક્ષણ કરી ગયા અને એ દ્વારા વિકસન અને અંતર્ભવનની કક્ષાઓ સ્પષ્ટ કરી છે અને જે જ્ઞાનની દિશામાં જવા આપણે પ્રયત્ન કરતા હતા તેના પાયામાં પહોંચ્યા છીએ. આપણે એમ નિરૂપિત કર્યું છે કે વિશ્વમાં આવેલા સર્વ પદાર્થોનું મૂલ, તેમને ધારણ કરનારું તત્ત્વ, તે પદાર્થોની આદિમ તેમ જ અંતિમ વાસ્તવિકતા તે પરાત્પર અને અનંત એવા સત્, ચિત્ અને આનંદનું ત્રિવિધ તત્ત્વ છે અને આ સત્ ચિત્ આનંદ તે દિવ્ય પુરુષનું સ્વરૂપ છે. ચેતનાનાં બે પાસાં છે દ્યોતનશીલ અને કાર્યસાધક, આત્મ-સભાનતાની અવસ્થા અને શક્તિ અને આત્મ-બલની અવસ્થા અને શક્તિ. આ બે દ્વારા પરમ સત્ તત્ત્વ પોતાની જાતને પોતાની સ્થિર અવસ્થામાં અથવા તો પોતાની સક્રિય ગતિમાં ધારણ કરતું રહે છે; કારણ કે એ સત્ તત્ત્વ પોતાના સર્જનાત્મક કાર્યની અંદર, તેની પોતાની અંદર જે કાંઈ ગુપ્ત રહેલું હોય છે તેને સર્વસમર્થ એવી આત્મ-સભાનતા દ્વારા જાણે છે અને એક સર્વજ્ઞાતા આત્મ-શક્તિ દ્વારા પોતાની સંભાવ્યતાઓના વિશ્વને ઉત્પન્ન કરે છે તેમ જ તેનું શાસન કરે છે. અખિલ-અસ્તિત્વ રૂપ પરમ તત્ત્વનું આ જે સર્જક કાર્ય છે તેનું મિલનબિંદુ એક ચોથી વસ્તુમાં આવેલું છે, એ છે અતિમનસ કિંવા સત્ય-વિચારનું એક મધ્યવર્તી તત્ત્વ. એ અતિમનસમાં સ્વ-અસ્તિત્વ અને આત્મ-સભાનતા સાથે એકરૂપ એવું દિવ્ય જ્ઞાન અને એ જ્ઞાન સાથે

સંપૂર્ણ ઐક્યમાં રહેતી એવી એક મૂલગત સંકલ્પશક્તિ,-કેમકે એ સંકલ્પશક્તિ તેના તત્ત્વમાં તેમ જ સ્વભાવમાં પેલા આલોકિત કાર્યમાં સક્રિય બનેલા એવા આત્મ-સભાન સ્વ-અસ્તિત્વ રૂપે જ હોય છે-એ દિવ્ય જ્ઞાન અને સંકલ્પશક્તિ બંને મળીને વસ્તુઓની ગતિ અને રૂપ અને નિયમને અચૂક રીતે વિકસાવતાં રહે છે અને એ ગતિ, રૂપ અને નિયમને તેમના પોતાના સ્વયંભૂ સત્યની સાથે સાચા મેળમાં રાખતાં રહે છે તથા એ સત્યના આવિર્ભાવનાં ગૂઢ રહસ્યોની સાથે સંવાદિતામાં રાખતાં રહે છે.

વિશ્વનું સર્જન એકતા ને બહુરૂપતાના દ્વિરૂપ તત્વ ઉપર આધાર રાખે છે અને એ બેની વચ્ચે તેની ગતિ થતી રહે છે. સૃષ્ટિ એ વિચાર અને શક્તિ અને રૂપની બહુવિધતા છે, અને એ બહુવિધતા તે એક આદિમ એકતાનું જ પ્રગટ થયેલું રૂપ છે. અને એક શાશ્વત એકતા જ અનેકાનેક જગતોના પાયા રૂપે તેમ જ વાસ્તવિકતા રૂપે રહેલી છે તથા એ જગતોની લીલાને શક્ય બનાવે છે. એટલે અતિમનસ અંતર્જ્ઞાપક તેમ જ બહિર્જ્ઞાપક જ્ઞાનની બેવડી શક્તિ દ્વારા કામ કરે છે; મૂલગત એકતામાંથી નીકળીને તેના પરિણામે નીપજતી બહુરૂપતા પ્રત્યે ગતિ કરતાં કરતાં, સર્વ પદાર્થોને પોતાની અંદર એમ અનુભવે છે કે એ પદાર્થો રૂપે તે પોતે જ પેલા પરમ એકરૂપ તત્ત્વ તરીકે તેનાં બહુવિધ પાસાંઓમાં આવી રહેલું છે તેમ જ એ સર્વ પદાર્થોને અલગ અલગ એમ અનુભવે છે કે તે પોતાની અંદર પોતાની સંકલ્પશક્તિ અને જ્ઞાનના વિષયો તરીકે આવી રહેલા છે. એની પોતાની આદિમ આત્મ-સભાનતા સમક્ષ તો સર્વ પદાર્થો એક જ સત્ તત્ત્વ રૂપે રહેલા છે, એક જ ચેતના, એક જ સંકલ્પશક્તિ, એક જ સ્વ-આનંદ રૂપે રહેલા છે તથા પદાર્થોની સારીયે ગતિ ઐકેવ અને અવિભાજ્ય એવી ગતિ રૂપ હોય છે, પરંતુ એ અતિમનસ તેના પોતાના કાર્યોમાં એકતામાંથી બહુરૂપતા પ્રત્યે અને બહુરૂપતામાંથી એકતા પ્રત્યે ગતિ કરતું રહે છે અને એ રીતે સર્વ પદાર્થોની વચ્ચે એક વ્યવસ્થિત સંબંધનું સર્જન કરે છે, એક ભેદનો આભાસ, પણ તે ભેદની કોઈ બંધનકારક વાસ્તવિકતા નહિ, ઊભો કરે છે, એક સૂક્ષ્મ અભેદકારક ભેદ, અથવા કહો કે પેલા અવિભાજ્ય તત્ત્વની અંદર એક રેખાઆંકણી અને વસ્તુનિર્માણ જેવું રચે છે. અતિમનસ એ દિવ્ય જ્ઞાન છે કે જે જગતોનું સર્જન કરે છે, તેમનું શાસન કરે છે અને તેમને ટકાવી રાખે છેઃ આપણા જ્ઞાનને તેમ જ આપણા અજ્ઞાનને ટકાવી રાખતું એ ગુહ્ય પરમ જ્ઞાન છે.

આપણે એ પણ જોયું કે મન, પ્રાણ અને જડતત્ત્વ તે આ ઊર્ધ્વ તત્ત્વોનું એક ત્રિવિધ સ્વરૂપ છે અને, આપણા વિશ્વને લાગુ પડે છે ત્યાં સુધી, તે અવિદ્યાના તત્ત્વને વશ રહીને કામ કરે છે, પરમ અદ્વૈતરૂપ તત્ત્વ ભેદ અને બહુરૂપતાની પોતાની લીલામાં ઉપર ઉપરથી અને દેખાવ પૂરતી જે આત્મ-વિસ્મૃતિ નીપજાવે છે તેને વશ બનીને કામ કરે છે. ખરી રીતે તો આ ત્રણ તે પેલા દિવ્ય ચતુષ્ટયની માત્ર ગૌણ શક્તિઓ જ છેઃ મન તે અતિમનસની એક ગૌણ શક્તિ છે અને તે વિભેદના દૃષ્ટિબિંદુમાં પોતાનું સ્થાન લે છે, અહીં વ્યવહારમાં તે પાછળ રહેલી એકતા વિષે વિસ્મૃત બની ગયેલું હોય છે પણ અતિમનસમાંથી આવતા પુનઃપ્રકાશન દ્વારા તે પાછી એ એકતામાં જવાને સમર્થ હોય છે; એ જ પ્રમાણે પ્રાણ એ સચ્ચિદાનંદના શક્તિ-સ્વરૂપની એક ગૌણ શક્તિ છે, અને એ રૂપે શક્તિ મને સરજેલા વિભેદના દૃષ્ટિબિંદુમાંથી સભાન શક્તિના રૂપ અને લીલાને આકાર આપવાનું કામ કરે છે; જડતત્ત્વ તે સત્તત્ત્વના પદાર્થતત્ત્વનું રૂપ છે, સચ્ચિદાનંદ જ્યારે તેની પોતાની ચેતના અને શક્તિના આ દૃશ્યરૂપ કાર્યસમક્ષ પોતાની જાતને આધીન કરી દે છે ત્યારે સચ્ચિદાનંદનું અસ્તિત્વ આ રૂપ ધારણ કરે છે.

આ ઉપરાંત એક ચોથું તત્ત્વ છે કે જે મન, પ્રાણ અને શરીરના મિલનબિંદુ આગળ આવિર્ભાવમાં આવે છે, અને જેને આપણે આત્મા કહીએ છીએ. પણ આ તત્ત્વનું બેવડું સ્વરૂપ છે. આગળના ભાગમાં તે કામનામય આત્મા રૂપે રહે છે અને તે વસ્તુઓને કબજે લેવા માટે તથા તેમનો આનંદ મેળવવાને મથતો રહે છે, અને પાછળના ભાગમાં તે સાચા ચૈત્ય તત્ત્વ રૂપે રહે છે, ત્યાં તે કામનામય આત્મા દ્વારા મોટે ભાગે યા તો સંપૂર્ણ રીતે ઢંકાઈ ગયેલું રહેતું હોય છે, એ આત્માને થતા અનુભવોનું સાચું સંગ્રહ સ્થાન હોય છે. અને આપણે એ વિચાર ઉપર આવ્યા છીએ કે આ ચોથું માનવ તત્ત્વ તે અનંત પરમાનંદના ત્રીજા દિવ્ય તત્ત્વનો પ્રક્ષેપ છે તથા તેનું કાર્ય છે, પણ એ કાર્ય આપણી ચેતનાની ભાષામાં તેમ જ આ જગતમાં થઈ રહેલા આત્માના વિકાસની પરિસ્થિતિઓ હેઠળ થઈ રહેલું છે. પરમાત્માના અસ્તિત્વનું સ્વરૂપ જેવી રીતે એક અનંત ચેતનાનું અને એ ચેતનાની આત્મ-શક્તિનું બનેલું છે, તેવી જ રીતે પરમાત્માની અનંત ચેતનાનું સ્વરૂપ વિશુદ્ધ અને અનંત આનંદનું બનેલું છે; અને આત્મ-સ્વાધીનતા અને આત્મ-સભાનતા એ તેના સ્વ-આનંદનું મૂળ તત્ત્વ છે. વિશ્વ એ પણ આ દિવ્ય સ્વ-આનંદની લીલા છે અને એ લીલાના આનંદને વિશ્વરૂપ તત્ત્વ સંપૂર્ણપણે

ધારણ કરતું રહે છે. પણ વ્યક્તિની અંદર, અવિદ્યા અને વિભેદના કાર્યને પરિણામે એ આનંદને પૃષ્ઠસ્થ ચેતનાના તથા ઉપરિચેતનના સ્વરૂપમાં પાછો ખેંચી રાખવામાં આવેલો હોય છે અને આપણે તેને વ્યક્તિગત ચેતનાનો વિશ્વરૂપતા અને પરાત્પરતા પ્રતિ વિકાસ સાધીને ખોજવાનો રહે છે, શોધી લેવાનો રહે છે અને પ્રાપ્ત કરવાનો રહે છે.

એટલે, આપણે ઈચ્છીએ તો, સાતને બદલે આઠ તત્ત્વોની* વાત કરી શકીએ છીએ અને પછી આપણે જોઈએ છીએ કે આપણું અસ્તિત્વ તે દિવ્ય અસ્તિત્વનાં એક પ્રકારના પરાવર્તન જેવું છે, આરોહણ અને અવરોહણના ઊલટા ક્રમમાં, અને આ રીતે ગોઠવાયેલું છે,-

સત્	જડતત્ત્વ
ચિત્-શક્તિ	પ્રાણ
આનંદ	ચૈત્ય
અતિમનસ	મન

પરમાત્મા કેવલ સત્ સ્વરૂપમાંથી વિશ્વરૂપ સ્વરૂપમાં ચિત્-શક્તિ અને આનંદની લીલા દ્વારા તેમ જ અતિમનસના સર્જક માધ્યમ દ્વારા અવતરણ પામે છે. આપણે એક વિકાસ પામતા પ્રાણ, આત્મા અને મન દ્વારા તેમ જ અતિમનસના પ્રકાશદાયક માધ્યમ દ્વારા જડતત્ત્વમાંથી દિવ્ય સ્વરૂપ પ્રત્યે આરોહણ સાધીએ છીએ. આ પરાર્ધ અને અપરાર્ધના અર્ધગોલોની ગાંઠ જ્યાં મન અને અતિમનસ મળતાં હોય છે ત્યાં આવેલી છે અને એ બેની વચ્ચે એક આવરણ હોય છે. આ આવરણનું ભેદન થાય છે એ છે માનવતામાં દિવ્ય જીવનની સ્થાપના માટેની શરત. કારણ કે એ ભેદન થવાથી, ઊર્ધ્વ તત્ત્વનું નિમ્ન સ્વરૂપની પ્રકૃતિમાં એક પ્રકાશદાયક અવતરણ થાય તેમ જ નિમ્ન સ્વરૂપ ઊર્ધ્વ તત્ત્વના સ્વરૂપમાં બળ કરીને આરોહણ સાધે એમાંથી મન સર્વ-સંજ્ઞાતા અતિમનસની અંદર પોતાના દિવ્ય પ્રકાશને પાછો મેળવી શકે છે, આત્મા સર્વ-સંધારક, સર્વાનંદમય આનંદની અંદર પોતાના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર પામી શકે છે, પ્રાણ સર્વશક્તિમાન ચિત્-શક્તિની લીલામાં પોતાની દિવ્ય શક્તિને પાછી મેળવી શકે છે અને જડતત્ત્વ દિવ્ય સત્ તત્ત્વના એક રૂપ તરીકે પોતાની દિવ્ય મુક્તિ પ્રત્યે ખુલ્લું બની શકે

---

*વેદના ઋષિઓ સપ્ત કિરણોની વાત કરે છે, પણ આઠ, નવ, દસ કે બાર તત્ત્વોનું પણ તેઓ કહે છે.

છે. અને વિશ્વમાં આ જે વિકાસક્રમ ચાલી રહેલો છે કે જેનો મુકુટ અને મસ્તક માનવ પ્રાણીમાં જોવામાં આવે છે, તે વિકાસક્રમનું લક્ષ્ય તે, એક નિરુદ્દેશ ચક્રગતિ સિવાય અને એ ચક્રગતિમાંથી વ્યક્તિગત રીતે છૂટી નીકળવું એ સિવાય જો કાંઈ બીજું હોય, આ માનવપ્રાણી કે જે એકલો જ મધ્યસ્થી કરવાની શક્તિ સાથે આત્મા અને જડતત્ત્વની વચ્ચે ઊભો રહેલો છે, એ માનવપ્રાણીની અનંત શક્યતાનો અર્થ આ વિશ્વરૂપ ચાલી રહેલા મહાપુરુષાર્થની પ્રત્યે નિરાશા અને ઘૃણા અનુભવીને આખરે જીવનની ભ્રાંતિમાંથી જાગ્રત થઈ જવું અને તેનો સંપૂર્ણ ત્યાગ કરી દેવો એ સિવાય જો કોઈ બીજી રીતનો હોય તો તે અતિ-ઊર્ધ્વ લક્ષ્ય અને એ પરમ રહસ્ય એ હોવું જોઈએ કે આ માનવપ્રાણીનું આવું કોઈ તેજોમય અને સમર્થ રૂપાંતર પણ થાય અને પરમાત્મા તેનામાં બહાર પ્રગટ થાય.

પરંતુ આવું રૂપાંતર જે માનસીય તેમ જ વ્યવહારુ પરિસ્થિતિઓ હેઠળ એક મૂળ તાત્ત્વિક શક્યતામાંથી એક સક્રિય સંભાવ્યતા રૂપે બની આવે તેનો વિચાર આપણે હાથ લઈએ તે પહેલાં આપણે ઘણુંએ વિચારવાનું રહે છે; કારણ કે આપણે સચ્ચિદાનંદ પરમ તત્ત્વ વિશ્વરૂપ અસ્તિત્વમાં જે અવતરણ પામે છે તે અવતરણના મૂળભૂત સિદ્ધાંતો તારવવાના રહે છે, કે જે આપણે આ પૂર્વે કરી ગયા છીએ, એટલું જ નહિ પરંતુ એ અવતરણના તંત્રની જે વિશાળ યોજના અહીં ગોઠવાયેલી છે, આપણે જે પરિસ્થિતિઓ હેઠળ જીવી રહેલા છીએ તેના ઉપર શાસન કરી રહેલી સચિત્-શક્તિની આવિર્ભાવ પામેલી શક્તિનું જે સ્વરૂપ તથા કાર્ય છે તે પણ આપણે જોવાનું છે. અત્યારે તો, આપણે પ્રથમ એ જોવાનું છે કે આપણે જે સાત કે આઠ તત્ત્વો તપાસી ગયા તે તત્ત્વો સારાયે વિશ્વરૂપ સર્જન માટે આવશ્યક રહેલાં છે તેમ જ તે આપણી અંદર, આપણે જે 'એક વર્ષના બાળક' છીએ તેની અંદર,-કારણ કે આપણે વિકાસગતિક પ્રકૃતિની પ્રૌઢ વ્યક્તિઓ બનવાથી હજી ઘણા દૂર છીએ-આવી રહેલાં છે, આવિર્ભાવ પામેલા રૂપે યા તો હજી લગી આવિર્ભાવ પામ્યા વિનાનાં. સત્ ચિત્ આનંદની જે ઊર્ધ્વ ત્રિપુટિ છે તે સારાયે અસ્તિત્વનું અને અસ્તિત્વની લીલાનું મૂળ તેમ જ પાયો છે, અને આખુંયે વિશ્વ એ ત્રિપુટિની જે મૂલગત વાસ્તવિકતા છે તેનું એક પ્રગટ રૂપ અને કાર્ય હોવું જોઈએ. કોઈ પણ વિશ્વ તે, એક નર્યા અભાવ અને શૂન્યતાની અંદરથી ઊપજી આવ્યું હોય અને તેની અંદર આકારિત થયું હોય અને એક અસ્તિત્વરહિત રિક્તતાની

પ્રકરણ		પૃષ્ઠ
૧૭.	દિવ્ય આત્મા	૨૨૮
૧૮.	મન અને અતિમનસ	૨૪૦
૧૯.	જીવન	૨૬૧
૨૦.	મૃત્યુ, ઈચ્છા અને અશક્તિ	૨૮૨
૨૧.	જીવનનો આરોહ	૨૯૬
૨૨.	જીવનનો પ્રશ્ન	૩૧૦
૨૩.	માનવમાં રહેલો બેવડો આત્મા	૩૨૬
૨૪.	જડતત્ત્વ	૩૪૫
૨૫.	જડતત્ત્વની ગાંઠ	૩૫૮
૨૬.	પદાર્થતત્ત્વની ચડતી શ્રેણી	૩૭૫
૨૭.	સત્ તત્ત્વનો સપ્તવિધ તંતુ	૩૮૯
૨૮.	અતિમનસ, મન અને અધિમનસ માયા	૪૦૧

આખરીપણાનો, અંતિમતાનો, જે અભાવ જણાય છે તેનું મૂળ પણ એ મુશ્કેલીમાં છે. બાંધછોડ એટલે સોદો, અર્થાત્, બે પરસ્પર વિરોધી શક્તિઓના સ્વાર્થનો વેપાર; એને સાચું સમાધાન ન કહી શકાય. સાચું સમાધાન હોય છે તે પરસ્પર વિરોધી તત્ત્વોની સમજૂતી સાધીને આગળ વધે છે, અને કોઈ વિશિષ્ટ પ્રકારની ગાઢ એકતામાં પરિણમે છે. એટલે જડ અને ચેતન એ તત્ત્વોની વધારેમાં વધારે એકતા સાધવાથી જ આપણે એમની વચ્ચે સાચું સમાધાન કરી શકીશું. અને એમ કરવાથી વ્યક્તિના અંતરના અને બહારના જીવનનું સમાધાન કરી શકે એવી સાધનાની વ્યવહારુ પદ્ધતિનો સૌથી સુદૃઢ પાયો પણ આપણને હાથ લાગશે.

જડ અને ચેતન જ્યાં ભેગા થાય છે, એકબીજાને મળે છે, એટલે કે જ્યાં જડ ચેતનને માટે અને ચેતન જડને માટે વાસ્તવિક બને છે એવું મિલન સ્થાન વિશ્વચેતના છે એ તો આપણને ક્યારનું સુવિદિત છે. કારણ કે વિશ્વ ચેતનામાં મન અને પ્રાણ બંને ચેતન અને જડને જોડનારી અંતરાવસ્થાઓ રૂપે, યાને અંકોડા રૂપે દેખાય છે. આપણા સામાન્ય અહં-પ્રધાન માનસમાં મન અને પ્રાણ આપણને ભેદ ઉત્પન્ન કરનાર તત્ત્વો, આડતિયા તરીકે, એક જ પરમ અજ્ઞેય સત્યનાં બે ભાવાત્મક અને અભાવાત્મક (અર્થાત્ ચેતન અને જડ) તત્ત્વો વચ્ચે એક પ્રકારનો કૃત્રિમ, બનાવટી ઝઘડો ઉત્પન્ન કરનાર વચલા દલાલ તરીકે દેખાય છે. પરંતુ વિશ્વ ચેતનામાંથી જોતાં તે એવાં દેખાતાં નથી. જ્યારે માનવનું માનસ વિશ્વચેતનાને પ્રાપ્ત કરે છે, જ્યારે એકતામાં રહેલા સત્યના તથા અનેકતામાં રહેલા સત્યના જ્ઞાન વડે તે એકી વખતે આલોકિત થઈ ઊઠે છે અને એ બંનેની (એકતાની અને અનેકતાની) પરસ્પર કાર્ય કરવાની ચોક્કસ પદ્ધતિને તે જાણે છે ત્યારે માનવ મનને પોતાના વિસંવાદોની સમજૂતી પણ મળી રહે છે, તથા કોઈ દિવ્ય સંવાદિતામાં એ સઘળા વિસંવાદો સમાધાનને પામે છે. આ રીતે માનવ બુદ્ધિ સંતુષ્ટ થાય છે, અને તૃપ્ત બનતાં, જે પરમ મિલન પ્રત્યે આપણે જઈ રહ્યા છીએ તે પ્રભુ અને જીવન બેનો યોગ કરાવનાર દૂત બનવાને તે રાજી થાય છે. આનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરનાર માનસિક શક્તિને તથા વિશુદ્ધ અને સૂક્ષ્મ થયેલા ઇન્દ્રિયગણને જડતત્ત્વ ચેતનના જ સ્વરૂપ તરીકે તથા દેહ તરીકે પ્રતીત થાય છે. એટલે પોતાનાં સ્વરૂપો રચીને પોતાનો વિસ્તાર સાધતું ચેતન તે જડતત્ત્વ છે એમ તે જુએ છે, ચેતન પોતે પણ એ સંમત કરણો, મન અને પ્રાણ દ્વારા પોતાની જાતને પ્રગટ કરે છે, જડમાં રહેલા આત્મા તરીકે, જડમાં કાર્ય કરતા સત્ય તરીકે,

સામે ખડું રહેલું હોય એવા કોઈ તત્ત્વનું માત્ર રૂપ હોઈ શકતું નથી. વિશ્વ એ કાં તો સર્વ આકૃતિથી પર એવા અનંત અસ્તિત્વની અંદર આવી રહેલા અસ્તિત્વની એક આકૃતિ હોવું જોઈએ યા તો એ પોતે જ પેલા સર્વ-અસ્તિત્વરૂપ હોવું જોઈએ. ખરી રીતે તો, આપણે જ્યારે આપણી જાતને વિશ્વરૂપ સત્ તત્ત્વ સાથે એકરૂપ કરી લઈએ છીએ, ત્યારે આપણે જોઈએ છીએ કે એ સત્ તત્ત્વ એકી સાથે આ બંને વસ્તુઓ છે; એટલે કે, આ વિશ્વ તે અખિલ-સત્ રૂપ પરમાત્માએ કાળ અને અવકાશ રૂપે પોતાનું જે વિચારાત્મક વિસ્તરણ કરેલું છે એની અંદર તેઓ પોતાની જાતને જ લયગતિની અનંત શ્રેણીઓમાં આકારિત કરી રહેલા છે. વળી આપણે એ જોઈએ છીએ કે આ વિશ્વરૂપ કાર્ય અથવા તો કોઈ પણ વિશ્વરૂપ કાર્ય આ બધાં રૂપો અને ગતિઓને ઉત્પન્ન કરનારી તેમ જ નિયમનમાં રાખનારી સત્ તત્ત્વની એક અનંત શક્તિની લીલા વિના બનવું અશક્ય છે. અને એ શક્તિ આ જ પ્રમાણે એમ માગી લે છે કે તેની પાછળ એક અનંત ચેતના આવી રહેલી છે અથવા તો પોતે એનું કાર્ય છે. કારણ કે એ શક્તિ એના મૂળ રૂપે તો એક વિશ્વરૂપ સંકલ્પશક્તિ છે અને તે સંકલ્પશક્તિ સર્વ સંબંધોનું નિર્ણયન કરતી હોય છે અને સભાનતાની તેની પોતાની રીત મુજબ તે સંબંધોનું બાહ્ય રીતે ગ્રહણ કરતી રહે છે, અને એ વિશ્વરૂપ સભાનતાની એ રીત પાછળ જો કોઈ આંતરજ્ઞાપક ચેતના આવી રહેલી ન હોત, અને એ રીતે રહીને તે, આપણે જેને એક વિશ્વ કહીએ છીએ તે વિશ્વ રૂપે એ સત્ તત્ત્વ પોતાની જે વિકાસગતિક રચના કરે છે યા તો પોતાનું જે રૂપ બનાવે છે તેની અંદર એ સત્ તત્ત્વના સંબંધોને ઊભા કરે છે, ધારણ કરે છે, નિશ્ચિત કરે છે તેમ જ પ્રતિબિંબિત કરે છે તે બધું કરતી ન હોત તો એ વિશ્વરૂપ સંકલ્પશક્તિ આ સંબંધોનું આ પ્રમાણે નિર્ણયન કરી શકત નહિ તેમ જ તેમને બાહ્ય રીતે ગ્રહણ કરી શકત નહિ.

છેવટે, ચેતના તે આ રીતે સર્વજ્ઞાતા અને સર્વશક્તિમાન છે, પોતાની જાત ઉપર તે સંપૂર્ણ તેજોમય સ્વામિત્વ ધરાવે છે, અને આવું સંપૂર્ણ તેજોમય સ્વામિત્વ તે અવશ્યપણે તેમ જ તેના સ્વરૂપે કરીને આનંદરૂપ છે, કારણ કે એ આ સિવાય બીજું કોઈ હોઈ જ શકતી નથી, એટલે એક વિશાળ વિશ્વરૂપ સ્વ-આનંદ એ જ વિશ્વરૂપ અસ્તિત્વનું કારણ, તત્ત્વ તેમ જ લક્ષ્ય હોવું જોઈએ. પ્રાચીન ઋષિ કહે છે કે 'આપણે જેમાં વસી રહ્યાં છીએ તે અસ્તિત્વના આનંદનો બનેલો આ સર્વ આશ્લેષક અવકાશ જો ન હોત, એ આનંદ જો આપણી હવા રૂપે ન હોત, તો કોઈ પણ પ્રાણી શ્વાસ લઈ શકત

નહિ, જીવી શકત નહિ.' આ સ્વ-આનંદ અવચિત્ રૂપનો બની શકે છે. સપાટીની અંદર દેખીતી રીતે લુપ્ત થયેલો હોઈ શકે છે, પરંતુ તે આપણાં મૂળમાં તો હોવો જ જોઈએ એટલું જ નહિ પણ, આખુંયે અસ્તિત્વ તાત્ત્વિક રીતે તો તેને શોધવા માટેની તેમ જ તેને પ્રાપ્ત કરવા માટેની ખોજ રૂપ અને તેમાં પહોંચવાની ક્રિયા રૂપ બની રહેવું જોઈએ. અને વિશ્વમાં રહેલો પ્રાણધારી માનવ જેટલા પ્રમાણમાં પોતાની જાતને શોધી શકે છે, પછી એ શોધ તે સંકલ્પશક્તિમાં અને શક્તિમાં હો, કે પ્રકાશ અને જ્ઞાનમાં હો અથવા નિજરૂપમાં અને વિશાળતામાં હો કે પ્રેમ અને આનંદની પોતાની અંદર જ હો, માનવે આ તીવ્રાનંદના કોઈ ને કોઈ તત્ત્વ પ્રત્યે તો જાગ્રત થવાનું રહે છે જ. અસ્તિત્વમાં હોવાનો આનંદ, જ્ઞાન દ્વારા થતા સાક્ષાત્કારનો આનંદ, સંકલ્પશક્તિ અને શક્તિ દ્વારા અથવા તો સર્જક શક્તિ દ્વારા પ્રાપ્તિનો મહા આનંદ, પ્રેમ અને આનંદમાં થતા મિલનની તીવ્ર રસાનુભૂતિ આ બધાં તે વિકસતા જતા જીવનની ઊંચામાં ઊંચી વસ્તુઓ છે, કારણ કે આ બધાં તે અસ્તિત્વ પોતે, તેનાં ગૂઢ મૂળોમાં તેમ જ તેની હજી અદૃષ્ટ રહેલી ઊંચાઈઓ ઉપર જે રીતે રહેલું છે તેનું જ મૂળગત તત્ત્વ છે. એટલે પછી વિશ્વરૂપ અસ્તિત્વ જ્યાં જ્યાં પોતાનો આવિર્ભાવ કરતું હોય છે ત્યાં ત્યાં આ ત્રણ તત્ત્વો તેની પાછળ તેમ જ તેની ભીતરમાં હોવાં જ જોઈએ.

પરંતુ અનંત સત્ તત્ત્વ, ચિત્ અને આનંદ પોતાની અંદર જો અતિમનસનું, દિવ્ય જ્ઞાનનું આ ચોથું તત્ત્વ ધારણ કરતાં ન હોય, યા તો તેને વિકસાવતાં અને પોતાની અંદરથી બહાર લાવતાં ન હોય તો પછી તેમણે પોતાને દૃષ્ટિગોચર બને તેવા રૂપમાં ઢાળવાની જરા પણ જરૂર રહેતી નથી, અથવા, એમ કર્યા પછી તે વિશ્વરૂપ અસ્તિત્વ નહિ રહેશે, પણ કશી નિશ્ચિત વ્યવસ્થા કે સંબંધ વિનાની આકૃતિઓની એક અનંતતા માત્ર બની રહેશે. દરેક વિશ્વની અંદર જ્ઞાન અને સંકલ્પશક્તિની એક એવી શક્તિ હોવી જ જોઈએ કે જે અનંતવિધ સંભવિતતામાંથી નિર્ણીત કરેલા સંબંધો નિશ્ચિત કરી આપે છે, બીજમાંથી પરિણામને વિકસાવે છે, વિશ્વરૂપ નિયમના પ્રચંડ છંદોલયોને વહેતા મૂકે છે અને જગતોના અમર અને અનંત એવા દ્રષ્ટા અને શાસક તરીકે તેમનું નિરીક્ષણ કરતી રહે છે અને શાસન કરતી રહે છે.* આ શક્તિ તે ખરેખર સચ્ચિદાનંદ પોતે જ છે, એના પોતાના સ્વ-અસ્તિત્વની અંદર રહેલું ન હોય તેવું કશું પણ તે સર્જન કરતી નથી, અને

---

*કવિર્મનીષી, પરિભૂ: સ્વયંભૂ:-દ્રષ્ટા ચિંતક, જે સર્વત્ર બની રહેલો છે, સ્વયંભૂ છે. ઈશ ઉપનિષદ ૮

એટલે જ જે કાંઈ વિશ્વરૂપ અને સાચા નિયમ તરીકે આવી રહેલું છે તે બધું બહારથી લાદવામાં આવેલું હોતું નથી, પરંતુ તે અંદરથી બની આવેલું હોય છે. વિકાસ માત્ર તે સ્વાત્મવિકાસ છે, સર્વ બીજ અને પરિણામ તે વસ્તુઓના સત્યનું એક બીજ છે અને એ બીજનું તેની સંભવિતતાઓમાંથી નિર્ણીત કરાયેલું પરિણામ છે. એ જ કારણે કોઈ પણ નિયમ એ અંતિમ નિયમ હોઈ શકતો નથી, કારણ કે માત્ર અનંત તત્ત્વ જ અંતિમ છે અને પ્રત્યેક વસ્તુ તેના નિર્ણીત બનેલા રૂપ અને ગતિથી તદ્દન પર એવી અનંત સંભવિતતાઓ પોતાની ભીતર ધારણ કરતી હોય છે અને આ રૂપ અને ગતિનો નિર્ણય આદિ વિચાર પોતામાં રહેલી એક અનંત સ્વતંત્રતામાંથી નીપજતા સ્વ-મર્યાદનમાંથી કરતો રહે છે. સ્વ-મર્યાદનની આ શક્તિ એ નિઃસીમ એવા સર્વાસ્તિત્વરૂપ પરમાત્મામાં અવશ્ય આવી જ રહેલી હોય છે. પરમ અનંત તત્ત્વ જો એક બહુવિધ સાન્તતા ધારણ કરી ન શકે તો પછી તે અનંત રહે જ નહિ; અંતિમ તત્ત્વ, જો એને જ્ઞાનની અંદર, શક્તિની અંદર અને સ્વ-સ્વરૂપના આવિર્ભાવની અંદર સ્વ-નિર્ણયનની એક નિર્બંધ શક્તિ આપવામાં આવે નહિ તો તે અંતિમ તત્ત્વ રહેશે નહિ. એટલે આ અતિમનસ તે પરમ સત્ય કિંવા સત્યવિચાર છે, સર્વ વિશ્વરૂપ શક્તિ અને અસ્તિત્વની અંદર તે આવી રહેલું છે, અને આમ હોવું એ, એ પોતે અનંત હોઈ, સંબંધ અને વ્યવસ્થા અને આવિર્ભાવની મહાન રેખાઓનો નિર્ણય કરવા માટે અને તેમને ભેગાં કરવા માટે અને ધારણ કરવા માટે જરૂરનું રહે છે. વેદના ઋષિઓની ભાષામાં કહીએ તો, અનંત સત્ તત્ત્વ, ચિત્ અને આનંદ એ અનામી તત્ત્વનાં ત્રણ ઉત્તમોત્તમ અને ગુપ્ત નામો છે, તેવી જ રીતે આ અતિમનસ એ પેલા અનામી તત્ત્વનું ચોથું નામ છે- અવતરણની ક્રિયામાં પેલા तत् ને માટે ચોથું, આપણા આરોહણની ક્રિયામાં આપણા માટે ચોથું.*

પરંતુ મન, પ્રાણ અને જડતત્ત્વ, આ નિમ્ન ત્રિપુટિ, એ પણ હરેક પ્રકારના વિશ્વરૂપ સ્વરૂપ માટે અનિવાર્ય છે. આ ત્રણ તત્ત્વો આ પૃથ્વી ઉપર અથવા તો આ સ્થૂલ વિશ્વમાં આપણને જે રૂપમાં અથવા તો જે કાર્ય અને પરિસ્થિતિઓ સાથે જાણવા મળે છે તે જ પ્રમાણેનાં અવશ્ય હોવાં જોઈએ એમ નથી, પણ તે કોઈ ને કોઈ રીતના કાર્યમાં લાગેલા હશે, પછી તે કાર્ય ભલે ગમે તેટલું તેજોમય, ગમે તેટલું સામર્થ્યવાન, ગમે તેટલું

---

*તુરીયમ સ્વિદ્, 'એક અમુક ચોથું', 'તુરીયમ ધામ' એ રીતે પણ એ કહેવાય છે, અસ્તિત્વનું ચોથું સ્થાન અથવા અવસ્થા રૂપે.

સૂક્ષ્મ હોય, કેમકે મન એ તત્ત્વતઃ તો અતિમનસની એ શક્તિ છે કે જે માપ કરે છે અને મર્યાદા રચે છે, જે એક અમુક કેન્દ્ર નક્કી કરે છે અને તે કેન્દ્રમાંથી વિશ્વરૂપ ગતિને અને તેનાં આંતર કાર્યોને અવલોકે છે. આપણે એ સ્વીકારી લઈએ કે કોઈ અમુક જગતમાં, ભૂમિકામાં કે વિશ્વરૂપ વ્યવસ્થામાં મને મર્યાદિત હોવાની જરૂર રહેતી નથી અથવા કહો કે જે વ્યક્તિત્વ મનને એક ગૌણ શક્તિ તરીકે વાપરતું હશે તેનામાં બીજાં કેન્દ્રોમાંથી, બીજાં દૃષ્ટિબિંદુઓમાંથી, અથવા તો વસ્તુમાત્રના સાચા કેન્દ્રમાંથી પણ કે પછી એક વિશ્વરૂપ આત્મ-વિસ્ફુરણની વિશાળતામાંથી વસ્તુઓને જોવાની શક્તિ નહિ હોય એવું જરૂરી નથી. છતાં પણ જો આ વ્યક્તિત્વ, દિવ્ય પ્રવૃત્તિના અમુક હેતુઓ માટે એના પોતાનાં દૃષ્ટિબિંદુમાં પોતાની જાતને સ્વાભાવિક રીતે જોડી દઈ શકે તેમ ન હોય, એનામાં જો માત્ર વિશ્વરૂપ આત્મવિસ્ફુરણ જ હોય અથવા તો તેનામાં અનંત કેન્દ્રો જ આવેલાં હોય અને તેમાં દરેક કેન્દ્ર માટે કશું નિર્ણાયક અથવા તો મુક્ત રીતે મર્યાદાકારક કાર્ય ન હોય, તો એવી અવસ્થામાં કોઈ વિશ્વની રચના બનતી નથી પરંતુ ત્યાં માત્ર એક પરમ સત્ તત્ત્વ બેઠેલું હશે અને તે, એક સર્જક વ્યક્તિ યા તો કવિ પોતે સર્જનના નિર્ણાયક કાર્યનો આરંભ કરે તે પૂર્વે મુક્તપણે, નહિ કે રૂપરચનાની રીતે, ચિંતન કર્યા કરતો હોય, તેમ એ સત્ તત્ત્વ અનંત રીતે પોતાની અંદર ચિંતનમાં નિરત હશે. આવી અવસ્થા અસ્તિત્વની અનંત કક્ષામાં કોઈ ઠેકાણે હોવી પણ જોઈએ, પરંતુ એ વસ્તુ આપણે જેને વિશ્વ સમજીએ છીએ તે તો નથી જ. એવી અવસ્થામાં ભલે ગમે તે પ્રકારની વ્યવસ્થા આવેલી હોય પણ તે, અતિમનસ પોતે સંબંધોની એક નિશ્ચિત વિકાસક્રિયા, માપકરણ અને પરસ્પર કાર્યની અંદર ઊતરે તે પહેલાં એક રીતની અનિશ્ચિત, કશી રીતે બંધનકારક નહિ એવી વ્યવસ્થા ઊભી કરે, તેના જેવી વ્યવસ્થા હશે. આવી રીતના પરિમાપન અને પારસ્પરિક કાર્ય માટે મનની જરૂર રહે છે, જો કે એ મને, પોતે અતિમનસનું એક ગૌણ કાર્ય છે તે સિવાય પોતાને વિષે બીજી કોઈ રીતે સભાન રહેવાની જરૂર નથી, અથવા તો આપણી પૃથ્વી પરની પ્રકૃતિમાં પોતાની મેળે કેદ બનેલા અહંભાવના પાયા ઉપર સંબંધોનું જે પરસ્પર કાર્ય જોઈએ છીએ તેવું કાર્ય તેણે વિકસાવવાની જરૂર રહેતી નથી.

મન એક વાર અસ્તિત્વમાં આવી જાય તે પછી જીવન અને પદાર્થતત્ત્વનું રૂપ તેની પાછળ પાછળ રચાઈ જાય છે; કારણ કે જીવન તે ચેતનાના અનેક નિશ્ચિત

કેન્દ્રોમાંથી શક્તિ અને ક્રિયાનું, સંબંધ અને પરસ્પર કાર્યનું નિર્માણ જ માત્ર છે,- કેન્દ્રોની આ નિશ્ચિતતા તે સ્થળ કે કાળની અંદર જ હોવી જોઈએ એમ નથી, પરંતુ એ નિશ્ચિતતા એક વિશ્વરૂપ સંવાદિતાને ટેકો આપી રહેલા પરમ શાશ્વત તત્ત્વનાં સ્વરૂપોના યા તો આત્મ-રૂપોના એક સતત ટકી રહેતા સહ-અસ્તિત્વ રૂપે હોઈ શકે છે. એવું જીવન આપણે જીવનને જે રીતે જાણીએ છીએ કે કલ્પીએ છીએ તેના કરતાં ઘણા જુદા પ્રકારનું હોઈ શકે છે, પરંતુ તત્ત્વતઃ તો તે આપણે જેને અહીં પ્રાણશક્તિ તરીકે આકારિત થયેલું જોઈએ છીએ તે જ તત્ત્વ ત્યાં કામ કરતું હશે. આ તત્ત્વને ભારતના પ્રાચીન ચિંતકોએ વાયુ કિંવા પ્રાણનું નામ આપેલું છે, એ છે જીવન-સામગ્રી, વિશ્વમાં આવી રહેલી મૂર્ત સંકલ્પશક્તિ અને શક્તિ કે જે સત્ તત્ત્વના નિર્ણીત બનેલા રૂપ અને કાર્ય અને સભાન સક્રિયતા તરીકે સાકાર થાય છે. પદાર્થ તત્વ પણ સ્થૂલ શરીર વિષે આપણી જે દ્રષ્ટિ અને સમજ છે તેના કરતાં ઘણું ઘણું ભિન્ન હોઈ શકે છે. એ ઘણું વધારે સૂક્ષ્મ હોઈ શકે છે, એના આત્મ-વિભેદન અને પરસ્પર વિરોધકતાના નિયમમાં તે ઘણી ઓછી અક્કડ રીતે બંધનકારક હોઈ શકે છે, અને શરીર કિંવા રૂપ તે એક કેદ નહિ પણ કરણ હોઈ શકે છે. આમ છતાં વિશ્વના આંતર વ્યવહાર માટે રૂપ અને પદાર્થતત્ત્વનું નિર્માણ તો હંમેશા જરૂરી હોવાનું છે, પછી એ ભલે માત્ર એક મનોમય શરીર હો કે પછી મુક્તમાં મુક્ત પ્રકારના મનોમય શરીર કરતાં પણ તે વધારે તેજોમય વસ્તુ હો, સૂક્ષ્મ અને સમર્થ રીતે અને મુક્ત રીતે જવાબ આપતી કોઈ વસ્તુ હો.

તો આમાંથી એ વસ્તુ નિષ્પન્ન થાય છે કે જ્યાં જ્યાં વિશ્વ હોય, ત્યાં ત્યાં આરંભમાં માત્ર એક જ તત્ત્વ નજરે દેખાતું હોય તોપણ, અને એ જ તત્ત્વ પ્રથમ તો વસ્તુઓના એકમાત્ર તત્ત્વ તરીકે દેખાતું હોય અને જગતમાં તે પછી જે જે કાંઈ વસ્તુઓ આવતી હોય તે બધી પેલા તત્ત્વનાં જ રૂપો અને પરિણામો તરીકે દેખાતી હોય, અને વિશ્વના અસ્તિત્વને માટે તે પોતે અનિવાર્ય જેવા ન દેખાતાં હોય તોપણ, સત્ તત્ત્વ આ રીતે પોતાનું જે રૂપ આગળ લઈ આવે છે તે તેના સાચા તત્ત્વનો માત્ર એક ભ્રાંતિકારક બુરખો યા તો આભાસ જ હોઈ શકે છે. વિશ્વમાં જ્યાં એક તત્ત્વ આવિર્ભાવ પામેલું હોય છે ત્યાં બાકીનાં બીજાં બધાં તત્ત્વો માત્ર હાજર જ હોય અને શાંત રીતે ગુપ્ત હોવાં જોઈએ એટલું જ માત્ર હોતું નથી, પણ તે ગુપ્ત રીતે કામ પણ કરતાં હોવાં જોઈએ. કોઈ અમુક જગતમાં સત્ તત્ત્વની એની કક્ષા અને સંવાદિતામાં, પ્રવૃતિની કોઈ

ઊંચી કે નીચી કક્ષાએ, આ સાતે તત્ત્વો ખુલ્લી રીતે આવેલાં હોઈ શકે છે, તો કોઈ બીજા જગતમાં તે બધાં કોઈ એક તત્ત્વની અંદર તિરોભૂત બનેલાં હોઈ શકે છે અને એ તત્ત્વ એ જગતમાં વિકાસનું પ્રારંભિક યા તો મૂળભૂત તત્ત્વ બની રહે છે, પરંતુ તિરોભૂત થયેલાં તત્ત્વોનો વિકાસ તો થવાનો રહે છે જ. જે કોઈ જગત પોતાનો આરંભ એક જ શક્તિમાં* અન્ય સર્વ શક્તિઓના તિરોભાવથી દેખીતી રીતે કરતું હોય છે તેનું ભાવિ તો એ જ હોય કે તેમાં સત્ તત્ત્વની સપ્તવિધ શક્તિ વિકાસ પામે, તેના સપ્તવિધ નામનો સાક્ષાત્કાર થાય. એટલે આ જે સ્થૂલ વિશ્વ છે તે વસ્તુઓના સ્વાભાવિક ધર્મ મુજબ તેનામાં આવેલા ગુપ્ત જીવનમાંથી પ્રગટ દેખાતા જીવનનો વિકાસ સાધે, એમાં આવેલા ગુપ્ત મનમાંથી પ્રગટ દેખાતા મનનો વિકાસ સાથે એમ જ થવું જોઈતું હતું અને એ જ રીતના વસ્તુઓના સ્વાભાવિક ધર્મ મુજબ એ જડતત્ત્વે પોતામાં રહેલા ગુપ્ત અતિમનસમાંથી પ્રગટ દેખાતા અતિમનસનો વિકાસ સાધવો જ જોઈએ તેમ જ એની ભીતરમાં સંતાડી રખાયેલા આત્મતત્ત્વમાંથી સચ્ચિદાનંદનો ત્રિવિધ વૈભવ પ્રગટ કરવો જોઈએ. આમાં માત્ર એક જ પ્રશ્ન એ છે કે એ ઉન્મજ્જનની રંગભૂમિ તે આ પૃથ્વી થવાની છે કે પછી આ અથવા તો બીજી કોઈ સ્થૂલ રંગભૂમિ ઉપર કાળનાં વિશાળ ભ્રમણોના અથવા તો બીજા કોઈ યુગમાં થનારું માનવ સર્જન તે તેનું કરણ અને વાહન બનવાનું છે. પ્રાચીન દ્રષ્ટાઓ માનવને માટેની આ શક્યતામાં માનતા હતા અને મનુષ્યનું એ દિવ્ય ભાવિ છે એમ જણાવતા હતા. આજનો વિચારક આ વસ્તુની કલ્પના સરખી પણ કરતો નથી અથવા એને જો એવી કલ્પના થાય તો તેનો તે ઈનકાર કરી દે, તેને વિષે શંકા સેવે તેમ છે. આજના વિચારકને જો અતિમનસનું દર્શન થાય છે તો તે મનોમયતા તથા પ્રાણની વધારે મોટી કક્ષાઓની બનેલી આકૃતિમાં જ તેને થાય છે, પણ આ તત્ત્વોએ આપણા માટે આપણી જે મર્યાદા અને વર્તુળ રચી આપ્યાં છે તે તત્ત્વોથી પર એવું કાંઈ પણ તે જોઈ શકતો નથી. જેમાં દિવ્ય સ્ફુલિંગ પ્રગટાવાઈ ગયેલો છે એવા માનવ પ્રાણીવાળા આ પ્રગતિમાં જગતમાં સાચું જ્ઞાન તે એક ઊર્ધ્વ અભીપ્સામાં રહેલું હોવાનો સંભવ છે, એ સાચું જ્ઞાન અભીપ્સાનો ઈનકાર કરવામાં નથી અથવા તો બાહ્ય શક્યતાઓની સાંકડી દીવાલો, કે જે આપણી તાલીમ માટેનું માત્ર એક મધ્યવર્તી ઘર છે,

---

* કોઈ અમુક જગતમાં તિરોભાવ હોવો જ જોઈએ એમ જરૂરી નથી. પણ બીજાં તત્ત્વો કોઈ એક તત્ત્વ આગળ માત્ર ગૌણ બનીને રહી શકે છે અથવા એક તત્ત્વમાં તેમનો સમાવેશ થઈ શકે છે; તો પછી એ પ્રકારના જગત્-પ્રપંચમાં વિકાસક્રમની આવશ્યકતા રહેતી નથી.

તેની અંદર પોતાને મર્યાદિત કરી લેતી અને તેમાં જ પોતાને પૂરી રાખતી આશામાં રહેલું નથી. વસ્તુઓનો જે આધ્યાત્મિક ક્રમ છે તેમાં તો આપણે આપણી દૃષ્ટિને તેમ જ આપણી અભીપ્સાને જેટલી વધુ ઊંચી ટોચ ઉપર લઈ જઈએ તેટલા પ્રમાણમાં, આપણા ઉપર નીચે અવતરવાને મથી રહેલું સત્ય વધારે મહાન બને છે, કારણ કે એ સત્ય ક્યારનુંયે આપણી અંદર આવીને બેઠેલું છે અને આવિર્ભાવ પામેલી પ્રકૃતિમાં તેને સંતાડી રાખનાર આવરણમાંથી તેની મુક્તિ સધાય તે માટે તે પુકાર કરતું રહે છે.

પ્રકરણ ૨૮

અતિમનસ, મન અને અધિમનસ માયા

ऋतेन ऋतमपिहितं ध्रुवं वां सूर्यस्य यत्र विमुचन्त्यश्वान्।
दश शता सह तस्थुस्तदेकं देवानां श्रेष्ठं वपुषामपश्यम् ।।

ऋग्वेद ५.६२.१

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन् अपावृणु सत्यधर्माय दृष्टये ।।

पूषन्नेकर्षे ..... व्यूह रश्मीन्समूह ।
..... यत्ते रूपं कल्याणतमं तत्ते पश्यामि
योऽसावसौ पुरुषः सौऽहमस्मि ।।

ईशोपनिषद् १५.१६

सत्यं ऋतं बृहत् ..... ।।

अथर्व वेद १२.१.१

अभवत् ..... सत्यं चानृतं च सत्यमभवत् । यदिदं किञ्च ।।

तैत्तिरीय उपनिषद् २.६

એક ધ્રુવ તત્ત્વ છે, સત્યથી-ઋતથી ઢંકાયેલું એવું ઋત છે કે જ્યાં સૂર્ય પોતાના અશ્વોને છોડે છે, (એનાં) દશ શત (કિરણો) ભેગાં મળ્યાં-તે એક. મેં દેવોનાં રૂપોમાંનું અતિ શ્રેષ્ઠ રૂપ જોયું.

ઋગ્વેદ ૫.૬૨.૧

સત્યનું મુખ એક હિરણ્યમય (સોનેરી) પાત્ર (ઢાંકણ) વડે ઢંકાયેલું છે; એને હે પોષક સૂર્ય (પૂષન્) દૂર કરો, સત્યના નિયમને માટે, દર્શનને માટે. હે સૂર્ય, એકમાત્ર દ્રષ્ટા (એકર્ષિ), તારાં કિરણોને એક વ્યૂહમાં ગોઠવ, તેમને સમૂહિત કર,-તારું જે કલ્યાણતમ રૂપ છે તે મને જોવા દે, એ સજ્ઞાન સ્વરૂપ (પુરુષ) સર્વત્ર રહેલો, તે હું છું.

ઈશોપનિષદ ૧૫,૧૬

સત્ય, ઋત, બૃહત્ (વિશાળ)-

અથર્વ વેદ ૧૨.૧.૧

એ સત્ય તેમ જ અનૃત બંને બની રહ્યું. એ સત્ય બન્યું આ જે કાંઈ છે તે પણ.
તૈત્તિરીય ઉપનિષદ ૨.૬

એક મુદ્દો હજી સ્પષ્ટ કરવાનો રહે છે કે જેને આપણે હજી લગી અંધકારમાં રહેવા દીધો છે, એ છે અવિદ્યામાં સરી જવાની પ્રક્રિયા; કેમકે આપણે જોયું છે કે મન, પ્રાણ કે જડતત્ત્વનું જે મૂળ સ્વરૂપ છે તેમાં એવું કાંઈ જ નથી કે જેને લીધે જ્ઞાનમાંથી પતન થવાનું જરૂરી બને. એ વસ્તુ તો આપણે ખરેખર બતાવી આપી છે કે ચેતનાનો વિચ્છેદ થવો એ અવિદ્યાનો પાયો છે, એ વિચ્છેદ તે વ્યક્તિરૂપ ચેતના વિશ્વરૂપ અને પરાત્પર તત્ત્વમાંથી વિચ્છેદ પામી છે તે છે, અને તેમ છતાં એમનો તે એક નિકટનો ભાગ રહેલી છે, તત્ત્વરૂપે તો તે તેમનામાંથી છૂટી પડી શકે તેમ જ નથી. એ પ્રમાણે મન અતિમાનસ સત્યમાંથી વિચ્છેદ પામેલું છે કે જેનું તે એક ગૌણ કાર્ય બની રહેવું જોઈએ, જીવન તે આદિમ શક્તિમાંથી વિચ્છેદ પામેલું છે કે જેનું તે એક શક્તિતંત્ર છે, જડતત્ત્વ આદિમ સત્‌તત્ત્વમાંથી વિચ્છેદ પામેલું છે કે જેનું તે પદાર્થતત્ત્વનું એક રૂપ છે. પરંતુ એ હજી સ્પષ્ટ કરવાનું છે કે જે અવિચ્છેદ્ય તત્ત્વ હતું તેમાં આ વિચ્છેદ કેવી રીતે બની આવ્યો, સત્ તત્ત્વમાં રહેલી ચેતના-શક્તિએ પોતાને અલ્પ કરવાની યા તો પોતાને લુપ્ત કરવાની કઈ ખાસ ક્રિયા કરી, કે જેથી આ બન્યું: કેમકે વિશ્વમાં જે કાંઈ છે તે બધું પેલી શક્તિની જ એક ક્રિયા છે. એટલે સત્ તત્ત્વના પોતાના પૂર્ણ પ્રકાશ અને શક્તિને ઢાંકી દે તેવી કોઈ ક્રિયા દ્વારા જ અવિદ્યાની એ સક્રિય અને અસરકારક ઘટના ઉત્પન્ન થઈ શકી હશે. પરંતુ આ પ્રશ્નનો વિચાર વિદ્યા-અવિદ્યાની દ્વિદલ ઘટના કે જે આપણી ચેતનાને પ્રકાશ અને અંધકારનું એક મિશ્રણ બનાવી દે છે, અતિમાનસ સત્યનો પૂર્ણ દિવસ અને સ્થૂલ અચિત્‌ની રાત્રિ વચ્ચેનો એક અર્ધપ્રકાશ બનાવી દે છે તે ઘટનાનું વધુ ઊંડું પરીક્ષણ આપણે હાથ લઈએ ત્યાં સુધી બાકી રાખી શકાય છે. અત્યારે તો માત્ર એટલું જ નોંધી લેવાની જરૂર છે કે એ ઘટના તેના મૂળ રૂપમાં તો સચિત્ સત્ તત્ત્વની કોઈ એક ક્રિયા અને અવસ્થા ઉપર બનેલી એક અનન્ય એકાગ્રતા રૂપે હોવી જોઈએ. એવી એકાગ્રતા ચેતના અને સત્ તત્ત્વના બાકીના બીજા ભાગને પાછળની બાજુએ મૂકી દે છે અને પેલી એકમાત્ર ક્રિયાનું અત્યારનું જે આંશિક જ્ઞાન હોય છે તેની આગળથી ઢાંકી લે છે.

છતાં આ પ્રશ્નની એક બાજુ એવી છે કે જેનો વિચાર અત્યારે જ કરી લેવાની જરૂર છે; એ વસ્તુ તે મન, આપણે તેને જાણીએ છીએ તેવું, અને અતિમાનસ ઋત-ચેતના કે જેની એક ગૌણ પ્રક્રિયા રૂપે મન તેના મૂળ ઉત્પત્તિસ્થાનમાં રહેલું છે એમ આપણે જોયું છે, એ બે વચ્ચે જે ગાળો સર્જાયો છે તે છે. કેમકે આ ગાળો તે ઠીક ઠીક મોટો છે અને, જો ચેતનાની આ બે કક્ષાઓ વચ્ચે બીજી કોઈ કક્ષાઓ ન હોય, તો પછી એક કક્ષામાંથી બીજામાં જવાની સંક્રાન્તિ, કાં તો આત્મતત્ત્વ જડતત્ત્વની અંદર નીચે ઊતરવાનું જે તિરોભવન સાધે છે તેમાં થવાની અથવા તો ગુપ્ત કરાયેલી કક્ષાઓનો એ જ ક્રમે જડતત્ત્વમાં આવિર્ભાવ સધાય અને તે રીતે પાછા આત્મતત્ત્વમાં પહોંચવાની ક્રિયા બને એવી સંક્રાન્તિ, જો અશક્ય નહિ તોપણ અત્યંત અસંભવિત લાગે છે. કેમકે મન તે આપણે તેને જાણીએ છીએ તે મુજબ, સત્યની શોધમાં નીકળેલી અવિદ્યાની એક શક્તિ છે, સત્યને શોધવા માટે તે મુશ્કેલીથી ફાંફાં મારી રહ્યું છે, તે શબ્દ અને વિચારમાં, મને કરેલી રચનાઓમાં અને ઇન્દ્રિયોએ કરેલી રચનાઓમાં સત્યનાં માત્ર માનસિક ચણતરો અને પ્રતિનિધિ રૂપોમાં જ પહોંચતું હોય છે-જાણે કે એક દૂરની વાસ્તવિકતાના તે માત્ર તેજોમય કે છાયામય ફોટોગ્રાફો કે ફિલ્મો જ માત્ર સિદ્ધ કરી શકે છે. આથી ઊલટું, અતિમનસ એ તો સત્યને વાસ્તવિક રીતે તેમ જ સ્વાભાવિક રીતે પોતામાં ધારણ કરતું હોય છે અને તેણે જે રચનાઓ કરેલી હોય છે તે વાસ્તવિકતાનાં રૂપો હોય છે. રચનાઓ, પ્રતિનિધિ રૂપો કે સૂચક આકૃતિઓ નહિ. બેશક, આપણામાં વિકાસ પામી રહેલું મન આ પ્રાણ અને શરીરના અંધકારમાં પુરાઈ રહેલું હોવાને લીધે તેની ગતિમાં અંતરાયો આવતા રહે છે અને જે આદિમ મન તત્ત્વ તેના તિરોભવન રૂપ અવતરણમાં એક વધુ મોટી શક્તિ ધરાવતી વસ્તુ છે કે જે શક્તિમાં આપણે હજી પૂરેપૂરા પહોંચેલા નથી, એ તેના પોતાના પ્રદેશ કે પ્રાંતમાં સ્વતંત્રતાપૂર્વક કાર્ય કરી શકતું હોય છે, વધારે આવિર્ભાવાત્મક રચનાઓ, વધારે બારીક રીતે પ્રેરાયેલાં રૂપો, વધારે સૂક્ષ્મ અને રહસ્યપૂર્ણ આકારો ધારણ કરી શકતું હોય છે અને તેમાં સત્યનો પ્રકાશ હાજર અને સ્પર્શક્ષમ હોય છે. પણ છતાં એ મન તત્ત્વ તેની લાક્ષણિક ક્રિયામાં તાત્વિક રીતે મનથી જુદું હોય તેવો સંભવ નથી, કેમકે એ પણ એક અવિદ્યાની અંદર જવાની બનેલી ક્રિયા છે, એ ઋત-ચેતનાનો હજી છૂટો ન પડી ગયેલો ભાગ નથી. સત્તત્ત્વની અવતરણ પામતી તેમ જ આરોહણ સાધતી સીડીમાં ક્યાંક ચેતનાની એક મધ્યવર્તી શક્તિ અને

જડના પરમ નિષ્કર્ષ તરીકે. બંને જડ અને ચેતન- એકબીજાને દિવ્ય તરીકે, વાસ્તવિક તરીકે, તથા મૂળ સ્વરૂપમાં સંપૂર્ણપણે એક તરીકે સ્વીકાર કરે છે. જ્ઞાનથી, જ્યોતિથી પ્રજ્વલિત એ અવસ્થામાં મન અને પ્રાણ બંને કોઈ પરમ સચિત્ સત્તાનાં સ્વરૂપો તરીકે તથા કરણો તરીકે જણાય છે, જેમનો આશ્રય લઈને તે એક, પરમ સત્-તા પોતાની જાતને વિસ્તારે છે તથા જડ રૂપોમાં પોતાનું રહેઠાણ કરે છે અને એ પાર્થિવ આકારોમાં પોતાનાં અનેક સચેતન કેન્દ્રોને પોતે પ્રતીત થાય છે, અભિવ્યક્ત થાય છે. આ વિશ્વનાં અનેક પ્રતીકોમાં જે પરમ સત્ય પોતાની જાતને પ્રગટ કરી રહ્યું છે તેને જ્યારે આપણું મન એક વિશુદ્ધ દર્પણ પેઠે ઝીલે છે ત્યારે તે પોતાની પરમ સાર્થકતાને પ્રાપ્ત કરે છે, અને જીવન યાને પ્રાણશક્તિ પણ જ્યારે વિશ્વ જીવનમાં પ્રગટ થતાં નિત્ય નવીન રૂપોમાં અને ક્રિયાઓમાં પ્રભુને તેનું સંપૂર્ણ અને દિવ્ય આત્મ સ્વરૂપ પ્રગટાવવા માટે પોતાની સઘળી શક્તિઓ સચેતનપણે સમર્પણ કરે છે ત્યારે પોતાની ચરિતાર્થતાને પ્રાપ્ત કરે છે.

ઉપરની વિચારણા પ્રમાણે જોતાં આ જગતમાં માનવને માટે દિવ્ય જીવનની પ્રાપ્તિ શક્ય લાગે છેઃ દિવ્ય જીવનની એ શક્યતા એ વિશ્વની અને પૃથ્વી ઉપર થયેલી ઉત્ક્રાન્તિની ગતિના મર્મનો જીવંત માર્ગ ચીંધશે, તથા આપણી બુદ્ધિમાં ઊતરી શકે એવું તેનું લક્ષ્ય પણ તે આપણને દર્શાવશે. એ રીતે ભૌતિક વિદ્યાની સકારણતા તે સિદ્ધ કરશે, તથા સાથે સાથે માનવના આત્માનું દિવ્યતામાં રૂપાંતર અને સઘળા ધર્મોએ સેવેલું મહાન આદર્શનું સ્વપ્ન પણ તે સિદ્ધ કરશે.

તો પછી પ્રશ્ન થશે કે એક, નીરવ, નિષ્ક્રિય, શુદ્ધ, સ્વયંભૂ આત્મરતિ એવો આત્મા જ સત્ય છે એવા પ્રકારના સ્વીકારને લઈને આપણને સંસાર ત્યાગી સંન્યાસીનું વલણ ચિર સકારણતાવાળું લાગ્યું હતું તેનું શું? ઉત્તરમાં કહી શકાય કે એનો વિચાર કરવામાં પણ ન મિટાવી શકાય એવા વિરોધને બદલે સંવાદ અને સમાધાનવૃત્તિનો સ્વીકાર જ આપણને જ્ઞાનજ્યોતિ આપનાર નીવડશે. નીરવ અક્રિય બ્રહ્મ અને સક્રિય બ્રહ્મ એ બે કોઈ જુદી વસ્તુઓ નથી, એટલે કે એ બે વિરોધી અને પરસ્પર મેળમાં ન જ બેસે એવાં તત્ત્વો નથી; એમાંનું એક માયારૂપી વિશ્વનો ઈનકાર કરે છે અને બીજું એની એ જ માયાનો, વિશ્વનો સ્વીકાર કરે છે એવું નથી. એ બંને એક જ બ્રહ્મની ભાવાત્મક અને અભાવાત્મક એવી બે બાજુઓ છે, બે પાસાં છે અને એમાંના પ્રત્યેકમાં બીજાની અપેક્ષા રહેલી છે. બ્રહ્મની નિશ્ચલ નીરવતામાં જ સૃષ્ટિનું સર્જન કરનાર શબ્દબ્રહ્મ સદા પ્રગટ્યા કરે છે. બ્રહ્મની

ભૂમિકા હોવી જોઈએ, કે જેમાં થઈને જ્ઞાનમાં રહેલા મનમાંથી અજ્ઞાનમાં રહેલા મનમાં જવાની તિરોભવન રૂપી સંક્રાન્તિ રચાઈ હતી અને જેની દ્વારા ફરીથી પાછી વિકાસક્રમ રૂપ ઊલટી સંક્રાન્તિ સમજી શકાય તેવી અને શક્ય રૂપ બને છે. કેમકે તિરોભવન રૂપી સંક્રાન્તિને માટે આવી રીતે કોઈક વસ્તુ વચ્ચે હોવી તર્કદૃષ્ટિએ અનિવાર્ય બને છે, અને વિકાસ તરફ જતી સંક્રાન્તિને માટે તે એક વ્યવહારૂ જરૂરની વસ્તુ બને છે. કેમકે વિકાસક્રમની અંદર ખરેખર મૂળભૂત સંક્રાન્તિઓ બનતી હોય છે, બિલકુલ રૂપરહિત શક્તિમાંથી એક સુગઠિત જડતત્ત્વ બનેલું છે, નિર્જીવ જડતત્ત્વમાંથી પ્રાણ, એક અવચેતન યા તો અવમનસ એવા પ્રાણમાંથી એક દર્શન કરી શકતો અને સંવેદન અનુભવી શકતો અને ક્રિયા કરી શકતો પ્રાણ, પ્રાથમિક પશુની મનોમયતામાંથી એક વિચાર બાંધતું તર્કશીલ મન કે જે પ્રાણનું અવલોકન તેમ જ નિયમન કરતું હોય છે તથા તેનું પોતાનું પણ અવલોકન કરતું હોય છે, એક સ્વતંત્ર તત્ત્વ તરીકે કામ કરતું હોય છે અને પોતાથી પર થવાને માટે સભાનપણે પ્રયત્ન પણ કરતું હોય છે આવી એ સંક્રાન્તિઓ છે. પરંતુ આ ઠેકડા, એ ઠીક ઠીક મોટા હોય છે ત્યારે પણ, અમુક અંશે ધીમી ધીમી કક્ષાઓ દ્વારા તૈયાર થયેલા હોય છે અને એવી કક્ષાઓને લીધે એ ઠેકની કલ્પના કરી શકાય તેમ હોય છે તેમ જ તેની શક્યતા બને તે સમજી શકાય છે. અતિમાનસ ઋત-ચેતના અને અવિદ્યામાં રહેલું મન એ બે વચ્ચે જે વિરાટ અંતર આવી રહેલું દેખાય છે તેવું કોઈ અંતર હોઈ શકતું નથી.

પરંતુ આવી અંતર્ગામી કક્ષાઓ જો આવેલી હોય તો, એ વસ્તુ સ્પષ્ટ છે કે તે માનવ મનને માટે પરાચેતનાની વસ્તુઓ હોવી જોઈએ. માનવના મનને તેની સ્વાભાવિક અવસ્થામા સત્-તત્ત્વની આ ઊર્ધ્વ કક્ષાઓમાં પ્રવેશ મળેલો દેખાતો નથી. માણસ પોતાની ચેતનામાં મન દ્વારા તેમ જ મનની અપાયેલી સીમા કિંવા કક્ષા દ્વારા પણ પરિસીમિત બનેલો છેઃ એના મનથી જે નીચે રહેલું છે, જે અવમનસ રીતનું અથવા તો મનોમય હોય પણ માણસની કક્ષાથી નીચેનું હોય તે એને તરત જ અવચેતન રૂપનું લાગે છે અથવા તો સંપૂર્ણ અચિત્થી છૂટું પાડી શકાય તેવું લાગતું નથી; મનથી જે ઉપરનું છે તે માનવને માટે પરાચિત્ છે અને તે સજ્ઞતા વિનાનું છે, એક રીતનું તેજોમય અચિત્ છે એમ તે લગભગ માનવાને તૈયાર હોય છે. માણસ જેવી રીતે અવાજો કે રંગોની અમુક જ કક્ષામાં મર્યાદિત બની રહેલો છે અને એ કક્ષાની ઉપર કે નીચે જે કાંઈ આવેલું છે તે તેને

અશ્રાવ્ય કે અદૃશ્ય હોય છે અથવા કાંઈ નહિ તો છૂટું પાડીને સમજી ન શકાય તેવું હોય છે, તેવું જ એની મનોમય ચેતનાની કક્ષા વિશે હોય છે, માણસ એના બંને છેડા પર રહેલી અશક્તિથી આગળ અટકી ગયેલો છે અને એ અશક્તિ તેની ઉપરની તથા નીચેની મર્યાદાને આંકી આપતી હોય છે. માણસ પાસે પશુ સાથે પણ વ્યવહાર કરવાનાં પૂરતાં સાધનો નથી. પશુ એ માણસની સમાન નથી તોપણ તે મનોમય રીતે તો તેનું સાથી છે; અને માણસ એવો પણ ઈનકાર કરી શકે છે કે પશુને મન અથવા તો સાચી ચેતના નથી કારણ કે પશુની કાર્ય કરવાની રીતો માણસ પોતામાં તથા અન્ય માનવોમાં જે કાર્યરીતિઓથી પરિચિત છે તેના કરતાં ભિન્ન પ્રકારની અને વધારે સંકુચિત છે. માણસ મનથી નીચેની કક્ષાના પ્રાણને બહારની બાજુએથી અવલોકી શકે છે પણ તેની સાથે જરા પણ વ્યવહાર કરી શકતો નથી યા તો તેની પ્રકૃતિમાં નિકટપણે પ્રવેશી શકતો નથી. એવી જ રીતે જે પરાચિત્ વસ્તુઓ છે તે તેને માટે બંધ કિતાબ જેવી છે અને તે કિતાબ માત્ર ખાલી પાનાંઓથી જ ભરેલી હોય તેમ બની શકે છે. એટલે પહેલી નજરે તો એમ લાગશે કે માણસ પાસે જાણે કે ચેતનાની આ ઊર્ધ્વ કક્ષાઓ સાથે સંપર્કમાં આવવાના કોઈ સાધનો આવેલાં નથીઃ આમ જો હોય તો, એ ઊર્ધ્વ કક્ષાઓ કડીઓ તરીકે યા તો પુલો તરીકે કામ કરી શકે તેમ નથી અને તેનો વિકાસક્રમ તેને જે મનોમય કક્ષા સધાયેલી છે ત્યાં આગળ જ અટકી જવો જોઈએ અને તે વિકાસક્રમ તેનાથી આગળ વધીને જઈ શકે તેમ નથી; પ્રકૃતિએ આ મર્યાદાઓ દોરી આપીને માણસના ઊર્ધ્વ દિશાના પુરુષાર્થની ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું છે.

પરંતુ આપણે વધુ નિકટ જઈને જોઈએ છીએ, ત્યારે આપણને જણાય છે કે આ સ્વાભાવિક સ્થિતિ છેતરામણી છે અને હકીકતમાં તો એવી કેટલીક દિશાઓ છે કે જેમાં માણસનું મન તેની પોતાથી પર જતું રહે છે, આત્મ-ઉત્ક્રમણ તરફ વળવા લાગે છે. આ વસ્તુઓ જ ખરેખર સંપર્ક માટેની જરૂરી દિશાઓ છે અથવા તો ઢંકાયેલા કે અર્ધ-ઢંકાયેલા રસ્તાઓ છે કે જે મનને પોતાનો આવિર્ભાવ સાધી રહેલા આત્મતત્ત્વની ચેતનાની ઊર્ધ્વ કક્ષાઓ સાથે જોડી આપે છે. પહેલું તો, આપણે માણસ પાસે જ્ઞાન માટેનાં જે સાધનો છે તેમાં સહજપ્રજ્ઞાનું જે સ્થાન છે તે જોઈ ગયા છીએ અને સહજપ્રજ્ઞા તેના મૂળ સ્વરૂપમાં તો આ ઊર્ધ્વ કક્ષાઓ અવિદ્યાના બનેલા મનમાં પોતાના લાક્ષણિક કાર્યનો જે પ્રક્ષેપ કરે છે તે જ છે. એ સાચું છે કે માનવ મનમાં તેનું જે કાર્ય થાય

છે તે આપણી સામાન્ય બુદ્ધિની દખલગીરીને લીધે મોટે ભાગે ઢંકાયેલું રહે છે; આપણી મનોમય પ્રવૃત્તિમાં શુદ્ધ સહજપ્રજ્ઞા કામ કરે એ વિરલ ઘટના છેઃ કેમકે એ નામથી આપણે જે વસ્તુને ઓળખીએ છીએ છીએ તે સીધેસીધી રીતે બનતા જ્ઞાનનું સામાન્ય રીતે એક બિંદુ હોય છે, કે જેને તરત જ ઝડપી લેવામાં આવતું હોય છે અને તેના પર મનોમય સામગ્રીનું પડ ચડાવી દેવામાં આવતું હોય છે. એ રીતે એ બિંદુ પછી એક આકારિત બનતી રચનાના એક અદૃશ્ય અથવા તો અતિશય નાનકડા કેન્દ્રબીજ તરીકે જ માત્ર કામ કરે છે અને એ રચના પ્રધાનરૂપે બૌદ્ધિક રીતની હોય છે અથવા બીજી રીતે મનોમય સ્વરૂપની હોય છે. અથવા તો એમ બને છે કે સહજપ્રજ્ઞાના ઝબકારાને પોતાનો આવિર્ભાવ કરવાની તક મળે તે પહેલાં, તેનું અનુકરણ કરતી એક ઝડપી મનોમય ક્રિયા, અંતરદૃષ્ટિ અથવા તો ઝડપથી થતું દર્શન કે વિચારની કોઈ વેગથી કૂદી આવતી પ્રક્રિયા તેનું સ્થાન લઈ લે છે અથવા તો તેમાં વચ્ચે આવી જાય છે. આ મનોમય ક્રિયા, અંતરદૃષ્ટિ વગેરેનું બનવું તે પેલી આવી રહેલી સહજપ્રજ્ઞાની ઉત્તેજનાને લીધે જ પ્રત્યક્ષ બનતાં હોય છે પરંતુ તે સહજપ્રજ્ઞાના પ્રવેશને અવરોધતાં હોય છે અથવા તો તેને બદલે મુકાયેલા મનોમય સૂચન દ્વારા ઢાંકી દેતાં હોય છે. એ સૂચન સાચું કે ખોટું પણ હોય છે, પણ એ બંને રૂપમાં તે સહજપ્રજ્ઞાની પેલી પ્રમાણભૂત ક્રિયા હોતી નથી. આમ છતાં, ઉપરની દિશામાંથી થતા આ અંતઃપ્રવેશની જે હકીકત છે, આપણા સર્વ મૌલિક ચિંતનની પાછળ, અથવા તો વસ્તુઓના આપણને થતા પ્રમાણભૂત દર્શનની પાછળ સહજપ્રજ્ઞાનું એક ઢંકાયેલું, અર્ધ-ઢંકાયેલું યા તો એક ઝડપથી અનાવરિત થતું તત્ત્વ રહેલું છે એ જે હકીકત છે તે મન અને તેની ઉપર આવેલી વસ્તુની વચ્ચે એક સંબંધ રહેલો છે તે સ્થાપિત કરવાને પૂરતી છે. એ સહજપ્રજ્ઞા ઊર્ધ્વમાં રહેલી આત્મતત્ત્વની કક્ષાઓની સાથે વ્યવહાર માટેનો તથા તેમાં પ્રવેશ કરવા માટેનો એક માર્ગ ખોલી આપે છે, વળી મન પોતે પણ વ્યક્તિગત અહંની જે મર્યાદા હોય છે તેનાથી ઉપર ચાલ્યું જતું હોય છે, વસ્તુઓને અમુક અવૈયક્તિકતા અને વિશ્વરૂપતાની રીતે જોતું હોય છે, અવૈયક્તિકતા એ વિશ્વરૂપ સ્વરૂપનું પહેલું લક્ષણ છે; વિશ્વરૂપતા, માત્ર એકલા એક અથવા તો મર્યાદિત કરતા દૃષ્ટિબિંદુની મર્યાદિતતાનો અભાવ, એ વિશ્વરૂપ દર્શન અને જ્ઞાનનું લક્ષણ છેઃ એટલે આ પ્રકારનું વલણ તે મનના આ મર્યાદિત પ્રદેશોનું, ભલે ગમે તેવું પ્રાથમિક રીતનું છતાં એક વિશાલીકરણ છે. મન એ રીતે વિશ્વરૂપતા પ્રત્યે વિશાળ

બને છે, તે એક એવા ગુણ પ્રત્યે વિશાળ બને છે કે જે ઊર્ધ્વ મનોમય ભૂમિકાઓનું જ મૂળ લક્ષણ હોય છે,-એટલે કે મન આ રીતે પેલા પરાચિત્ વિશ્વરૂપ મનસ પ્રત્યે ખૂલતું હોય છે અને એ મનસ, અમે સૂચવ્યું છે કે, સ્વાભાવિક રીતે જ આદિમ મનસ-ક્રિયા હોવી જોઈએ, અને આપણી મનસ-ક્રિયા તે એની એક અનુગામી અને નીચલી કક્ષાની પ્રક્રિયા છે. વળી એવું પણ નથી કે આપણી મનોમય મર્યાદાઓમાં ઉપરની દિશામાંથી કોઈ પણ વસ્તુનો લેશ પણ અંતઃપ્રવેશ થતો નથી. પ્રતિભાશક્તિની જે ઘટનાઓ બને છે તે સાચેસાચ આવા અંતઃપ્રવેશનું જ પરિણામ હોય છે,-બેશક એ અંતઃપ્રવેશ ઢંકાયેલો હોય છે, કારણ કે એ ઉચ્ચતર ચેતનાનો પ્રકાશ સાંકડી મર્યાદાઓમાં રહીને, સામાન્ય રીતે એક ખાસ ક્ષેત્રમાં, કામ કરતો હોય છે, એની લાક્ષણિક શક્તિઓનું કોઈ નિયમબદ્ધ કરેલું અલગ તંત્ર હોતું નથી, ઘણી વાર તે ખરેખર તદ્દન સ્વચ્છંદ રીતે, ધૂની રીતે તેમ જ અતિપ્રાકૃત યા તો અવપ્રાકૃત બિનજવાબદાર નિયમન દ્વારા કામ કરતો હોય છે, એટલું જ નહિ, પણ એ પ્રકાશ મનમાં પ્રવેશ કરે છે ત્યારે પોતાની જાતને તે મનના પદાર્થ આગળ હળવી કરી નાખે છે અને તેને અનુકૂળ બની રહે છે, એટલે આપણી પાસે તેની એક હળવી બનેલી યા તો નાની કરી નંખાયેલી સક્રિયતા જ આવતી હોય છે, એમાં જેને આપણાથી પર રહેલી મનસોર્ધ્વ ચેતના કહી શકાય તેની આખીયે આદિમ દિવ્ય તેજોમયતા આવતી નથી. આમ છતાંયે, આપણી અલ્પ-પ્રકાશિત અથવા તો અલ્પશક્તિવાળી સ્વાભાવિક મનસ-ક્રિયાને પાર કરી જતી, પ્રેરણાની ઘટનાઓ, પ્રકાશકારક દર્શનની યા તો સહજપ્રજ્ઞાજનિત વિવેકશક્તિની ઘટનાઓ બને તો છે જ અને તેમનું એક મૂળ રહેલું છે એ બાબતમાં તો કશી ભૂલ છે જ નહિ. છેવટે, આ દિશામાં ગૂઢ અને આધ્યાત્મિક અનુભૂતિનું પેલું વિશાળ અને અનેકરૂપવાળું ક્ષેત્ર આવી રહેલું છે, અને અહીં તો આપણી ચેતનાને તેની વર્તમાન મર્યાદાઓમાંથી ઉપર વિસ્તાર આપવાની શક્યતા માટેના દરવાજા ક્યારનાયે ખુલ્લા પડેલા છે, સિવાય કે, ખરેખર, આપણે ખોજ કરવાનો ઈનકાર કરતી તામસિકતાને લીધે અથવા તો આપણી મનોમય સ્વાભાવિકતાની સીમાઓ પ્રત્યેની આસક્તિને લીધે એ દરવાજાઓને બંધ કરી દઈએ અથવા તો એ દરવાજાઓ આપણી સમક્ષ જે પ્રદેશો ખોલી આપે છે તેના તરફથી આપણે પાછા ફરી જઈએ. પરંતુ આપણા અત્યારના સંશોધનમાં માનજાતિની સાધનાના આ પ્રદેશો જે અશક્યતાઓ આપણી પાસે લઈ આવે છે તેની તરફ ઉપેક્ષા કરવાનું આપણને પોસાઈ

શકે તેમ નથી અને એ પ્રદેશો પોતાના તરફથી બક્ષિસ રૂપે આપણને આપણા પોતા વિષે તથા પેલી અવગુંઠિત પરમ વાસ્તવિકતા વિષે જે વધારાનું જ્ઞાન આપે છે તે જ્ઞાન એ પ્રદેશોને આપણા ઉપર કાર્ય કરવાનો હક મેળવી આપે છે અને એ જ્ઞાન તે તેમના અસ્તિત્વની મૂળ અંતર્ગત શક્તિ છે.

ચેતનાની એક પછી એક બનતી બે ક્રિયાઓ છે, જે મુશ્કેલ છે છતાં આપણી શક્તિની સીમામાં સારી રીતે આવેલી છે, અને એ દ્વારા આપણે આપણા સભાન અસ્તિત્વની જે ઉચ્ચતર કક્ષાઓ છે તેમાં પહોંચી શકીએ છીએ. આમાં પ્રથમ તો એક અંતર્મુખ થવાની ક્રિયા છે કે જે દ્વારા આપણે આપણા સપાટી પરના મનમાં રહેવાને બદલે, આપણું બાહ્ય સ્વરૂપ અને અત્યારે પૃષ્ઠસ્થ રહેલું આપણું સ્વરૂપ એ બે વચ્ચેની દીવાલને ભાંગી લઈએ છીએ. આ વસ્તુ એક ક્રમે ક્રમે થતા પ્રયત્ન અને સાધના દ્વારા બની શકે છે અથવા તો એક ઉગ્ર સંક્રાન્તિ દ્વારા, તો કોઈ વાર કશી ઈચ્છા વિના સધાતા જોરદાર વિચ્છેદ દ્વારા બની શકે છે,-આમાંની આ બીજી વસ્તુ બેશક પોતાની સ્વાભાવિક મર્યાદાઓમાં જ માત્ર સલામતીપૂર્વક રહેવાને ટેવાયેલા મર્યાદિત માનવને માટે કોઈ પણ રીતે સલામતી ભરેલી નથી,-પણ કોઈ પણ રીતે, સલામત કે બિનસલામત, એ વસ્તુ બની શકે છે. તો આપણા પોતાના આ ગુહ્ય ભાગમાં આપણને જે જડી આવે છે તે એક આંતર સ્વરૂપ હોય છે. એક આત્મા, એક આંતર મન, એક આંતર પ્રાણ, એક આંતર સૂક્ષ્મ-શારીરિક તત્ત્વ હોય છ અને એ વસ્તુ તેની સંભાવ્યતાઓમાં આપણા સપાટી પરના મન, પ્રાણ અથવા શરીર કરતાં ઘણી વધારે વિશાળ હોય છે, વધારે મુલાયમ, વધારે શક્તિશાળી હોય છે, એક બહુવિધ જ્ઞાન અને સક્રિયતાને ધારણ કરવાને વધારે સમર્થ હોય છે. એ તત્ત્વ ખાસ કરીને તો વિશ્વની વિશ્વરૂપ શક્તિઓ સાથે સીધા વ્યવહારમાં આવવાની શક્તિવાળું હોય છે, તેમને તે સીધી રીતે અનુભવી શકે છે અને તેમના પ્રતિ ખુલ્લું થઈ શકે છે, તેમના ઉપર તે સીધી રીતે કાર્ય કરી શકે છે તેમ જ તે અંગત મન, અંગત પ્રાણ, શરીરની મર્યાદાઓથી પર જઈને પોતાને વિશાળ પણ કરી શકે છે, અને એમ કરતાં તે વધુ ને વધુ એમ અનુભવે છે કે પોતે એક વિશ્વરૂપ સ્વરૂપ છે, આપણા અતિશય સાંકડા મનોમય, પ્રાણમય, સ્થૂલ જીવનની અત્યારની દીવાલોથી તે હવે જરા પણ મર્યાદિત બનેલું છે નહિ. આ વિશાળ બનવાની ક્રિયા એટલી હદ સુધીનો વિસ્તાર સાધી શકે છે કે તેમાંથી આપણે વિશ્વરૂપ મનસની

ચેતનામાં એક સંપૂર્ણ પ્રવેશ પામી શકીએ છીએ. વિશ્વરૂપ જીવન સાથે એકતામાં આવી શકીએ છીએ, વિશ્વરૂપ જડતત્ત્વ સાથે એકરૂપતામાં પણ આવી શકીએ છીએ. પરંતુ આ હજી પેલી જે વિશ્વરૂપ અવિદ્યા છે તેની સાથેની તદ્રૂપતા છે.

પરંતુ એક વાર આંતર સ્વરૂપમાં આ પ્રવેશ સિદ્ધ થઈ જાય તે પછી એમ જોવા મળે છે કે એ આંતર આત્મા આપણી વર્તમાન મનોમય ભૂમિકાથી પેલી બાજુની વસ્તુઓ પ્રત્યે ખુલ્લો થઈ શકે તેમ હોય છે, ત્યાં ઉપરની દિશામાં આરોહણ પામી શકે તેમ હોય છે; એ છે આપણામાં રહેલી બીજી આધ્યાત્મિક શક્યતા. આમાંથી પહેલું અતિસામાન્ય એવું પરિણામ એ આવે છે કે આપણને એક વિશાળ સ્થિર અને નીરવ એવા આત્માનું દર્શન થાય છે અને આપણે અનુભવીએ છીએ કે તે આપણું સાચું અથવા તો આપણું પાયાનું અસ્તિત્વ છે, આપણે બીજું જે કાંઈ છીએ તેનો તે પાયો છે. આમાં એમ બને કે આપણા સક્રિય સ્વરૂપનું તેમ જ આપણા પોતાપણાના ભાવનું એક એવી પરા વાસ્તવિકતામાં નિર્વાણ પણ થઈ જાય, કે જેની કોઈ વ્યાખ્યા કે વર્ણન આપી શકાય તેમ હોતું નથી. પરંતુ આપણે એમ પણ જાણી શકીએ છીએ કે આ આત્મા તે આપણું પોતાનું આધ્યાત્મિક સ્વરૂપ છે એટલું જ નહિ પણ બીજા બધાઓનું પણ સાચું સ્વરૂપ છે; અને પછીથી એ વસ્તુ તે આખા વિશ્વના અસ્તિત્વ હેઠળ આવી રહેલું સત્ય છે એમ દેખાવા લાગે છે. એ બની શકે છે કે આપણે આપણા સારાયે વ્યક્તિત્વના નિર્વાણમાં રહી જઈએ, એક સ્થિર સાક્ષાત્કાર આગળ અટકી જઈએ અથવા તો, આ આખું વિશ્વ તે એક સપાટી પરની લીલા છે અથવા તો નીરવ આત્મા ઉપર લદાયેલો એક આભાસ છે એમ નિહાળીને આપણે વિશ્વથી પારની કોઈ પરમ અવિચલ અને અવિકારી અવસ્થામાં ચાલ્યા જઈએ. પરંતુ આપણને આના કરતાં એક ઓછી નકારાત્મક એવી અતિપ્રાકૃત અનુભૂતિ પણ મળી આવે છે; કેમકે એમાં પછી આપણા નીરવતાના બનેલા સ્વરૂપમાં પ્રકાશ, જ્ઞાન, શક્તિ, પરમ આનંદ અથવા તો બીજી અતિપ્રાકૃત શક્તિઓનું એક વિશાળ સક્રિય અવતરણ બની આવે છે, અને આપણે આત્મતત્ત્વના ઊર્ધ્વ પ્રદેશોમાં આરોહણ પામી શકીએ છીએ અને ત્યાં એ આત્મતત્ત્વની જે અવિચલ અવસ્થા હોય છે તે પેલી મહાન અને તેજોમય શક્તિઓના પાયા રૂપ રહેલી હોય છે. આ બંને દાખલાઓમાં એ વસ્તુ તો દેખીતી છે કે આપણે અવિદ્યાના મનથી પાર જઈને એક આધ્યાત્મિક અવસ્થામાં પહોંચ્યા હોઈએ છીએ; પરંતુ તે સક્રિય ગતિમાં, સચેતન-શક્તિના

પરિણામ રૂપે જે મહાન કાર્ય બનતું હોય છે તે આપણને કાં તો માત્ર એક એવી શુદ્ધ આધ્યાત્મિક સક્રિયતા રૂપે દેખાય કે જેને બીજું કોઈ નિશ્ચિત રીતનું કાર્ય હોય નહિ, અથવા તો તે આપણને એક એવા આધ્યાત્મિક મનઃપ્રદેશનું દર્શન કરાવી આપે કે જ્યાં મન હવે પરા વાસ્તવિકતા વિષે અજ્ઞાન રહેતું નથી,-આ હજી એક અતિમાનસ ભૂમિકા હોતી નથી, પરંતુ એ અતિમાનસ ઋત-ચેતનામાંથી ઊતરી આવેલો સ્તર હોય છે અને તે અતિમનસના જ્ઞાનના કંઈક તત્ત્વ વડે હજી તેજોમય રહેલો હોય છે.

અહીં આ જે બીજો વિકલ્પ છે તેમાં આપણને જે રહસ્ય આપણે શોધી રહ્યા છીએ, સંક્રાન્તિ માટેનું જે સાધન, એક અતિમાનસ રૂપાંતર માટેનું જે જરૂરી કદમ શોધી રહ્યા છીએ તે મળી આવે છે; કેમકે અહીં આપણને આરોહણની એક ક્રમિકતા જોવા મળે છે, ઉપરથી આવતાં એક વધુ ને વધુ ગહન અને પ્રચંડ પ્રકાશ અને શક્તિ સાથે એક વ્યવહાર રચાતો દેખાય છે, તીવ્રતાઓની એક એવી શ્રેણી જોવા મળે છે કે જેને મનના આરોહણમાં આવેલાં અથવા તો મનથી ઉપર આવેલા तत् માંથી મનની અંદર થતા અવતરણમાં આવેલાં અનેક પગથિયાં તરીકે ગણી શકાય છે. આપણે જોઈએ છીએ કે અહીં આપોઆપ પ્રગટ થતા જ્ઞાન-સમૂહોનો સમુદ્ર જેવો ધોધમાર પ્રપાત થઈ રહ્યો છે, એ વિચારનું રૂપ તો ધારણ કરે છે પરંતુ આપણે વિચારની જે પ્રક્રિયાથી ટેવાયેલા છીએ તેના કરતાં તેનું સ્વરૂપ જૂદું છે; કેમકે અહીં હવે ખોજની કશી ક્રિયા હોતી નથી, મનોમય રચનાની કોઈ નિશાની હોતી નથી, તર્ક કરવાનો પરિશ્રમ કે મુશ્કેલીપૂર્વક શોધવાની ક્રિયા હોતી નથી. એ એક એવા ઊર્ધ્વ મનસમાંથી આપોઆપ અને સ્વતઃ થઈ આવતું જ્ઞાન હોય છે કે જે સત્યને ધારણ કરતું દેખાતું હોય છે તેમ જ કોઈ ગુપ્ત અને રોકી રાખેલી વાસ્તવિકતાઓની શોધમાં લાગેલું હોતું નથી. આપણે જોઈએ છીએ કે આ મહા ચિત્ત મન કરતાં ઘણા વધારે પ્રમાણમાં એક જ દૃષ્ટિપાતથી એકી સાથે એક જ્ઞાન-સમૂહને પોતામાં લઈ લેવાની શક્તિ ધરાવતું હોય છે. એ ચિત્તનું સ્વરૂપ વિશ્વરૂપતાવાળું હોય છે, એમાં એક વ્યક્તિગત રીતે થતા ચિંતનની છાપ હોતી નથી. આ સત્ય-ચિત્તની પેલે પાર આપણે એક વધુ મોટા આલોકને જોઈ શકીએ છીએ. એમાં એક વધુ મોટી બનેલી શક્તિ અને તીવ્રતા અને પ્રેરક બળ હોય છે, સત્ય-દૃષ્ટિના પ્રકારની તેજોમયતા હોય છે અને તેમાં વિચારની રચના થવી એ ગૌણ અને અન્યાધીન પ્રવૃત્તિ હોય છે. આપણે જો સત્યના સૂર્યની જે વૈદિક કલ્પના છે,-કે જે આ અનુભૂતિમાં એક વાસ્તવિકતા બની રહે

છે,-તેને સ્વીકારીએ તો આપણે ઊર્ધ્વ મનસના કાર્યને એક સ્વસ્થ અને સ્થિર સૂર્યપ્રકાશની સાથે સરખાવી શકીએ, એનાથી પર આવેલા આલોકિત મનસની શક્તિને ઝળહળતા સૂર્ય-પદાર્થની મહાચંડ વિદ્યુતોની ધોધમાર વર્ષા સાથે સરખાવી શકીએ. આથીયે આગળ જતાં સત્ય-શક્તિની એક હજી વધુ મહાન શક્તિ મળી શકે છે, એક નિકટવર્તી અને ચોક્કસ સત્ય-દર્શન, સત્ય-વિચાર, સત્ય-અર્થ, સત્ય-ભાવ, સત્ય-ક્રિયા મળી શકે છે કે જેને આપણે એક ખાસ અર્થમાં સહજપ્રજ્ઞા-intuitionનું નામ આપી શકીએ છીએ; કેમકે એ શબ્દને આપણે જોકે એક વધુ સારા શબ્દના અભાવે, જ્ઞાનની કોઈ પણ અતિબૌદ્ધિક સીધી રીત માટે વાપર્યો છે તોપણ, આપણે જેને વ્યવહારમાં સહજપ્રજ્ઞા તરીકે ઓળખીએ છીએ તે તો સ્વયંભૂ જ્ઞાનની માત્ર એક ખાસ ક્રિયા છે. આ નવી કક્ષા સહજપ્રજ્ઞાનું મૂળ છે. એ કક્ષા આપણી સહજપ્રજ્ઞાઓને એના પોતાના વિશિષ્ટ સ્વરૂપનું જ કાંઈક આપતી હોય છે અને તે બહુ જ સ્પષ્ટ રીતે આપણું મન જેની સાથે સીધેસીધો વ્યવહાર કરી શકતું નથી એવા એક બૃહત્ પ્રકાશનું એક મધ્યગામી તત્ત્વ હોય છે. આ સહજપ્રજ્ઞાના મૂળમાં આપણને એક અતિચેતન એવું વિશ્વરૂપ મનસ જોવા મળે છે કે જે અતિમાનસ ઋત-ચેતના સાથે સીધા સંપર્કમાં હોય છે. આ વિશ્વરૂપ મનસ તે એક આદિમ તીવ્રતા છે કે જે તેની નીચે આવેલી સર્વ ક્રિયાઓનું તેમ જ મનોમય શક્તિઓનું નિર્માણ કરતી હોય છે,-એ આપણે જાણીએ છીએ તેવું મનસ નથી, પણ એક અધિમનસ છે કે જે વિદ્યા-અવિદ્યાના બનેલા આ આખાયે નિમ્ન ગોલાર્ધને કોઈ સર્જનશીલ અધિ-આત્મા (Oversoul)ની જાણે કે વિશાળ પાંખો વડે આવરી લેતું રહે છે, એ ગોલાર્ધને પેલી બૃહત્ ઋત-ચેતના સાથે જોડી આપતું રહે છે, અને છતાં તે જ વખતે પોતાના તેજોમય સુવર્ણ ઢાંકણ વડે તે પેલા બૃહત્ સત્યના ચહેરાને આપણી દૃષ્ટિ આગળથી ઢાંકી લે છે. એ અધિમનસ અનંત શક્યતાઓની એની રેલ રેલાવતું વચ્ચે ઊતરી આવતું રહે છે અને એમ કરતું તે આપણા અસ્તિત્વના આધ્યાત્મિક નિયમની આપણી શોધમાં, એ અસ્તિત્વના ઊંચામાં ઊંચા લક્ષ્યની, તેની ગુપ્ત વાસ્તવિકતાની આપણી શોધમાં તે એકી સાથે વિઘ્નરૂપ તેમ જ માર્ગરૂપ બનતું રહે છે. તો જે ગુપ્ત કડી આપણે શોધી રહ્યા છીએ તે આ છે, પરમ જ્ઞાન અને વિશ્વરૂપ અવિદ્યા એ બંનેને એકી સાથે જોડનારી તેમજ છૂટાં પાડનારી મહા શક્તિ તે આ છે.

અધિમનસ તેના સ્વરૂપમાં અને ધર્મમાં અતિમનસ ચેતનાનો એક પ્રતિનિધિ છે, તેનો અવિદ્યામાં મોકલાયેલો પ્રતિનિધિ છે, અથવા આપણે એમ કહી શકીએ કે તે એક રક્ષણ કરતું બેવડું રૂપ છે, અસમાન સમાનતાની બનેલી એક જાળી છે. અવિદ્યાનો અંધકાર એવો છે કે તે પરમ પ્રકાશના સીધા સંપર્કને સહન કરી શકે કે ઝીલી શકે તેમ હોતો નથી, અતિમનસ અધિમનસ દ્વારા એ અવિદ્યા ઉપર આડકતરી રીતે કામ કરી શકે છે. વળી, અતિમનસ આમ પોતાની અંદરથી અધિમનસનું આ તેજોમય આભામંડળ પ્રક્ષિપ્ત કરે છે એટલે જ, અવિદ્યાની અંદર જે એક હળવો પ્રકાશ ફેલાયો છે તેમ જ, અચિત્, પોતાની અંદર સર્વ પ્રકાશને ગળી જનાર પેલો જે ઊલટો પડછાયો, તેને ફેંકવાનું જરા પણ શક્ય બન્યું છે. કેમકે, અતિમનસ પોતાની સર્વ વાસ્તવિકતાઓ અધિમનસમાં સંક્રાન્ત તો કરી દે છે, પરંતુ તેમને રૂપ આપવાનું તે અધિમનસ ઉપર છોડી દે છે. એ કામ અધિમનસ એક એવી ક્રિયા દ્વારા તથા વસ્તુઓના એવા જ્ઞાન પ્રમાણે કરે છે કે જે હજી સત્યના જ દર્શન રૂપે હોય છે અને છતાં સાથે સાથે તે અવિદ્યાના પ્રથમ જનક રૂપે હોય છે. અતિમનસ અને અધિમનસ વચ્ચેનો ભેદ એક એવી રેખા દ્વારા રચાય છે કે જે વસ્તુઓને છૂટથી આરપાર જવા દે છે, નીચેની શક્તિ પોતે જે કંઈ ધારણ કરતી હોય છે અથવા જોતી હોય છે તેને તે બધું ઉપરની શક્તિ પાસેથી લેવા દે છે, પરંતુ એ લેવાની ક્રિયા દરમિયાન પેલી વસ્તુઓમાં આપોઆપ અને એક સંક્રાન્તિમાં બનતો ફેરફાર થવાની ફરજ પાડે છે. અતિમાનસની જે સમગ્રતા છે તે વસ્તુઓના મૂળ સત્યને, સમગ્રતાને તથા પોતે લીધેલાં વ્યક્તિરૂપ આત્મ-નિર્માણોને સ્પષ્ટ રીતે એકબીજા સાથે ગૂંથાયેલાં રાખે છે; એ સર્વમાં તે એક અચ્છેદ્ય એવી એકતા જાળવી રાખે છે, તેમની વચ્ચે પરસ્પર ગતિ થવા દે છે, એકબીજાને વિષેની સંપૂર્ણ સભાનતા રહેવા દે છેઃ પરંતુ અધિમનસમાં આ સમગ્રતા હવે રહેતી નથી. અને છતાં અધિમનસ વસ્તુઓના મૂળ સત્ય વિષે સારી રીતે સભાન રહે છે; એ સમગ્રતાને પોતાનો આશ્લેષ આપતું રહે છે; પેલાં વ્યક્તિરૂપ આત્મનિર્માણોને, તેમનાથી મર્યાદિત થયા વિના, ઉપયોગમાં લેતું રહે છેઃ પરંતુ અધિમનસ વસ્તુઓના અદ્વૈતને જાણતું હોય છે. તેને એક આધ્યાત્મિક સંવિદાની અંદર સાક્ષાત્ કરી શકતું હોય છે, તોપણ તેની સક્રિય ગતિ, પોતાની સલામતી માટે એ અદ્વૈત ઉપર આધાર રાખતું હોય છે છતાં, એ અદ્વૈતના આધારે સીધેસીધી નક્કી થતી નથી. અધિમનસની શક્તિ વિભાજીકરણ અને સંયોગીકરણની એક અસીમ શક્તિ

દ્વારા કાર્ય કરતી હોય છે, એ શક્તિ દ્વારા તે પેલું જે સમગ્ર અને અવિચ્છેદ્ય એવું સર્વગ્રાહી પરમ અદ્વૈત છે તેની શક્તિઓ અને સ્વરૂપોનું વિભાજન તેમ સંયોગ રચતું રહે છે. એ પ્રત્યેક સ્વરૂપ અથવા શક્તિને હાથમાં લે છે અને તેને માટે એક સ્વતંત્ર કાર્ય રચી આપે છે, એ સ્વતંત્ર કાર્યમાં એ સ્વરૂપ કે શક્તિ એક સંપૂર્ણ સ્વતંત્ર મહત્ત્વનું રૂપ પામે છે અને, આપણે કહી શકીએ કે, તે સર્જનનું તેનું પોતાનું આગવુ જગત નિર્મી શકે છે. અતિમનસની સંવાદમયતાની અંદર પુરુષ અને પ્રકૃતિ, સચિત્ આત્મા અને પ્રકૃતિની કાર્યપરાયણ શક્તિ એ પરમ વાસ્તવિકતાનું એક જ દ્વિ-મુખવાળું સત્ય હોય છે, એ વાસ્તવિકતાનું તદ્રૂપ અને સક્રિયતા હોય છે; એમાં એકબીજાની વચ્ચે કોઈ અસમતુલા હોતી નથી અથવા તો એક ઉપર બીજાનું આધિપત્ય હોતું નથી. આ ભેદનું મૂળ આપણને અધિમનસમાં જોવા મળે છે. સાંખ્ય દર્શને પુરુષ અને પ્રકૃતિ વચ્ચે જે તીક્ષ્ણ ભેદ પાડ્યો છે તે અહીંથી શરૂ થાય છે. આ ભેદ મુજબ પુરુષ અને પ્રકૃતિ બે સ્વતંત્ર તત્ત્વો તરીકે દેખાય છે, પ્રકૃતિ પુરુષ ઉપર પોતાની સત્તા જમાવી શકે છે અને તેની સ્વતંત્રતા અને શક્તિને ઢાંકી દઈ શકે છે, પુરુષને તે પોતાનાં રૂપો અને કાર્યોનો માત્ર એક સાક્ષી અને તેને ઝીલનારો બનાવી દઈ શકે છે; તેમ જ પુરુષ પ્રકૃતિના આદિમ આવરણકારક સ્થૂલ તત્ત્વનો ઈનકાર કરીને પોતાના અલગ અસ્તિત્વમાં પાછો જઈ શકે છે તથા પોતે એક મુક્ત સ્વ-રાટની સ્થિતિમાં કાયમનો રહી શકે છે. દિવ્ય વાસ્તવિકતાનાં બીજાં સ્વરૂપો અથવા શક્તિઓનું પણ આમ જ બને છે, એક અને બહુ, દિવ્ય વ્યક્તિતા, દિવ્ય અવૈયક્તિકતા, અને બાકીનાં બીજાં; એ પ્રત્યેક હજી પેલી એકરૂપ વાસ્તવિકતાનું સ્વરૂપ અને શક્તિ રહે છે, પરંતુ દરેકને તે સમગ્રની અંદર આવેલું, એક સ્વતંત્ર તત્ત્વ હોય તેવી રીતે કાર્ય કરવાની, પોતાની સ્વતંત્ર અભિવ્યક્તિની શક્યતાઓને પૂરેપૂરી સિદ્ધ કરવાની અને એ અલગતામાંથી નીપજતાં સક્રિય પરિણામોનો વિકાસ કરવાની સત્તા આપવામાં આવે છે. અને સાથે સાથે અધિમનસમાં આ વિભિન્નતા એક નિગૂઢ રીતે સર્વની નીચે રહેલી એકતાના પાયા ઉપર હજી મંડાયેલી રહે છે. આ ભિન્ન બનેલી શક્તિઓ અને સ્વરૂપો વચ્ચે સંમિશ્રણ અને સંબંધની સઘળી શક્યતાઓ, તેમની શક્તિઓ વચ્ચેના સર્વ વિનિમયો અને પરસ્પરતાઓ મુક્તપણે યોજવામાં આવે છે એ તેમનું વાસ્તવિક બનવું હંમેશા શક્ય રહે છે.

પરમ વાસ્તવિકતાની શક્તિઓને આપણે જો અનેક દેવો તરીકે કલ્પીએ, તો

નીરવતામાંથી જે વસ્તુ પોતાની મેળે પ્રચ્છન્ન પડેલી છે તેને જ એ દિવ્ય શબ્દ વ્યક્ત કરી બતાવે છે. બ્રહ્મની સનાતન નિષ્ક્રિયતાને લઈને સનાતન પ્રભુની સક્રિયતા, તેની સંપૂર્ણ મુક્તિ અને સર્વશક્તિમાનપણું, જે અનંત બ્રહ્માંડમાળા રૂપે પ્રગટે છે તે, શક્ય બને છે, કારણ કે બ્રહ્મની એ ક્રિયાશીલતાનાં સ્વરૂપોના શક્તિપ્રવાહો તથા એમના સંવાદોની અને વિકારોની અમર્યાદ સંભાવ્યતાઓ શેમાંથી ઉદ્‌ભવે છે? નીરવ, અવ્યક્ત, અક્ષર બ્રહ્મ એ સર્જકતાને અનુમતિ આપે છે તેમાંથી અને તેના નિષ્પક્ષપાત આધારમાંથી ઉદ્‌ભવે છે.

વળી માણસ પણ પૂર્ણ ત્યારે થાય છે જ્યારે પોતાની અંદર બ્રહ્મની નિરપેક્ષ સંપૂર્ણ સ્થિરતાને ને અંદરની નિષ્ક્રિયતાને તે પ્રાપ્ત કરીને અને એનો આશ્રય લઈને બ્રહ્મની દિવ્ય સહિષ્ણુતા અને આનંદાનુભૂતિ સહિત પોતાની અંદર મુક્ત અને અસ્ખલિત ક્રિયાશીલતાના પ્રવાહોને ધારણ કરે છે. જેમણે એ અંતરની સ્થિરતાને પ્રાપ્ત કરી છે તેઓ એની નીરવતામાંથી આ વિશ્વમાં અનેક કાર્યો સિદ્ધ કરનારી શક્તિઓના અવિરત પ્રવાહોનાં ઝરણાં સદાય ફૂટ્યાં જાય છે એમ જુએ છે, અનુભવે છે. એટલે, બ્રહ્મની નીરવતાનું સત્ય વિશ્વની અનંત પ્રવૃત્તિઓનો ઈનકાર કરનારી એની પ્રકૃતિમાં રહેલું છે એમ કહેવું બરાબર નથી. બ્રહ્મની એ બે સ્થિતિઓ વચ્ચે જે દેખાતો વિસંવાદ છે તે ખરું જોતાં આપણી મર્યાદિત સંકુચિત માનસિક ચેતનાની ભૂલને લઈને ઊભો થાય છે. કારણ કે માનવ મનને હકાર અને નકારના કડક વિરોધો વડે કાર્ય કરવાનો, જ્ઞાન મેળવવાનો અભ્યાસ પડ્યો હોવાથી એક છેડાથી બીજા છેડા ઉપર એકદમ ઓચિંતા જઈને બંને વિરોધી દેખાતા છેડાઓને એકી વખતે પોતાનામાં સમાવી શકે એવી વિશાળ અને સમર્થ સર્વગ્રાહક ચેતનાનો ખ્યાલ કરવાને પણ એ મન અશક્ત હોય છે. બ્રહ્મની નીરવતા જગતનો ઈનકાર કરતી નથી; તે તો તેને આધાર આપે છે, ટકાવે છે અથવા વધારે સાચી રીતે, સરખા નિષ્પક્ષપાત વડે, તે પ્રવૃત્તિ અને નિવૃત્તિ બંનેને ટકાવે છે, આશ્રય આપે છે, તથા આત્મા મુક્ત રહીને સાથે સાથે સર્વપ્રકારની પ્રવૃત્તિમાં પોતાની જાતને પ્રગટ કરે એ પ્રકારના એ બેના સમાધાનને પણ તે અનુમતિ આપે છે.

પરંતુ, તે છતાં, આવિર્ભાવમાત્રમાંથી વિમુખતા તો રહે છે જ, અ-સત્ જેવી વસ્તુ રહે છે. પ્રાચીન આધ્યાત્મિક વિદ્યામાં કહ્યું છે કે અસત્‌માંથી સત્‌નો ઉદય થયો છે.*

---

* **असद्वा इदमग्र आसीत्। ततो वै सदजायत ।** ''

આ વિશ્વની અગ્રે-પહેલાં અસત્ હતું તેમાંથી સત્ નો જન્મ થયો.

તૈત્તિરીય ઉપનિષદ ૨.૭

આપણે એમ કહી શકીએ કે અધિમનસ એ કરોડો દેવતાઓને ક્રિયામાં વહેતા મૂકે છે. એ દરેક દેવતાને પોતાનું જગત સર્જવાની સત્તા મળેલી હોય છે અને એ પ્રત્યેક જગત બીજાં જગતો સાથે સંબંધમાં આવવાની, તેની સાથે વ્યવહાર કરવાની, અરસપરસ લીલા કરવાની શક્તિ ધરાવતું હોય છે. વેદની અંદર દેવોના સ્વરૂપને વિવિધ રીતે વર્ણવેલું છે: એમ કહ્યું છે કે બધા દેવો એક જ સત્‌ના બનેલા છે, અને એ સત્‌ને જ્ઞાની લોક જુદાં જુદાં નામ આપે છે, **'एकं सत् विप्रा बहुधा वदन्ति'** અને છતાં આ પ્રત્યેક દેવ તે પોતે જ એ સત્ રૂપ હોય, બીજા સર્વ દેવોનો મળીને તે બનેલો હોય, યા તો તે સર્વને તે પોતામાં ધારણ કરતો હોય, તે રીતે તેની આરાધના કરવામાં આવે છે. અને છતાં એ પ્રત્યેક દેવ એક સ્વતંત્ર વ્યક્તિ છે, કદીક તે બીજા સાથી દેવતાઓની સાથે મળીને કામ કરે છે, કદીક તે એકલો અલગ કામ કરે છે, તો કદીક તે એ જ સત્ તત્ત્વના બીજા દેવોની સાથે દેખીતી રીતે વિરોધમાં રહીને પણ કામ કરે છે. અતિમનસની અંદર આ બધું એક જ સત્ તત્ત્વની સંવાદમય લીલા રૂપે એકત્ર ધારણ થઈ રહેલું હોય છે. અધિમનસની અંદર આ ત્રણ સ્થિતિઓ (સંયોગ, અલગતા અને વિરોધ)માંની પ્રત્યેક સ્થિતિ સ્વતંત્ર ક્રિયા-રૂપે યા તો સ્વતંત્ર ક્રિયાના પાયા રૂપે બની શકે છે, એ પ્રત્યેક સ્થિતિને પોતાના વિકાસનો, પરિણામોનો આગવો સિદ્ધાંત હોઈ શકે છે, અને તોયે બીજા દેવતાઓ સાથે વિશેષ ગાઢ સંવાદમાં જોડાવાની શક્તિ તે રાખી શકે છે. આ રીતે જે અદ્વૈતરૂપ સત્ તત્ત્વની સ્થિતિ છે, તેવી જ સ્થિતિ તેની ચેતનાની અને શક્તિની પણ છે. એક જ અદ્વૈત ચેતના ચૈતન્ય અને જ્ઞાનમાં અનેક સ્વતંત્ર રૂપોમાં છૂટી પડી જાય છે; પ્રત્યેક સ્વતંત્ર રૂપ પોતાને સિદ્ધ કરવાના સત્યની દિશામાં ગતિ આદરે છે. એક સમગ્ર અને અનેક પાસાંવાળો સત્ય-વિચાર તેનાં અનેક પાસાંઓમાં વહેંચાઈ જાય છે. એ દરેક પાસું એક સ્વતંત્ર વિચાર-શક્તિ બની રહે છે અને પોતાને સિદ્ધ કરવાની શક્તિ તે ધરાવે છે. એક જ અદ્વૈતરૂપ ચૈતન્ય-શક્તિને તેની કોટાનુકોટિ શક્તિઓમાં મુક્તપણે વહેતી કરવામાં આવે છે, અને એ પ્રત્યેક શક્તિને પોતાને સફળ કરવાનો હક રહે છે, યા તો જરૂર પડે તો બીજી શક્તિઓ ઉપર તે પોતાનું આધિપત્ય સ્થાપવાનો, તેમજ તેને પોતાના કામ માટે ઉપયોગમાં લેવાનો હક ધરાવે છે. એ જ રીતે સત્ તત્ત્વમાંનો આનંદ અનેક પ્રકારના આનંદ રૂપોમાં વિખેરાઈ જાય છે અને એ પ્રત્યેક આનંદ પોતાની સ્વતંત્ર સભરતા, યા તો પોતાની સાર્વભૌમ અંતિમ સ્થિતિ પોતામાં ધારણ કરી શકે છે. આમ અધિમનસ

અદ્વૈતરૂપ સત્-ચિત્-આનંદને અનંતાનંત શક્યતાઓથી છલકાતા સ્વરૂપે બનાવી આપે છે. તે શક્યતાઓને અસંખ્ય જગતો રૂપે વિકસાવી શકાય છે, અથવા તો સર્વ શક્યતાઓને એક જ જગતની અંદર એકી સાથે પણ ભેગી નાખી શકાય છે. અને એ જગતની અંદર આ શક્યતાની લીલાઓનું જે કંઈ અનંતવિધ પરિણામ આવી શકે તે મુજબ તે જગતનું સર્જન ઘડાય છે, તે મુજબ એ જગતની પ્રક્રિયા, એ જગતની ગતિ અને એ જગતનાં પરિણામોનું નિર્માણ રચાય છે.

શાશ્વત સત્ તત્ત્વની સચેતન શક્તિ એ જ આ વિશ્વનું સર્જન કરનારી છે. એટલે હરકોઈ સૃષ્ટિનું રૂપ તેની અંદર પેલી પરમ ચેતનાએ જે રીતે પોતાને વ્યક્ત કરી હશે તે મુજબનું જ હશે.એ જ રીતે પ્રત્યેક વ્યક્તિની બાબતમાં પણ છે. એ પરમ ચેતનાએ એ વ્યક્તિની અંદર જે રીતની અવસ્થા યા તો રૂપ ધારણ કર્યું હશે તે મુજબ જ તે જગતને નિહાળશે યા તો સમજશે. આપણી માનવની મનોમય ચેતના જગતને બુદ્ધિ અને ઈન્દ્રયો મારફતે ટુકડા ટુકડામાં જુએ છે, અને તેમાંથી તે જે ચણતર ઊભું કરે છે તે પણ આવું ખંડ રૂપ જ હોય છે. આપણી આ મનોમય ચેતના જે આલય બાંધે છે તે પરમ સત્યના કોઈ ને કોઈ આવા સર્વસામાન્ય ચણતરનો જ સમાવેશ કરવા માટે યોજાયેલું હોય છે.પણ આપણું મન એ સિવાયનાં અન્ય સર્વ રૂપોને પોતાના આ આલયમાંથી બહાર જ રાખે છે, અથવા જો કોઈને તે ઘરની અંદર દાખલ કરે છે તો તેનું સ્થાન માત્ર મહેમાનો તરીકેનું યા તો આશ્રિતો તરીકેનું જ હોય છે. અધિમનસ ચેતના, તેના જ્ઞાનની બાબતમાં વિશ્વાત્મક (global) કોટિની હોય છે, અને તદ્દન મૂલગત જેવા દેખાતા અનેકાનેક ભેદોને પણ તે એક સમન્વયાત્મક દૃષ્ટિપૂર્વક પોતામાં એકત્ર રાખી શકે છે. આ રીતે મનોમય બુદ્ધિ વ્યક્તિ અને વ્યક્તિરહિતતા એ બેને એક બીજાથી ઊલટાં તત્ત્વો તરીકે જુએ છેઃ તે એક એવું વ્યક્તિરહિત સત્ તત્ત્વ કલ્પે છે કે જેમાં વ્યક્તિ અને વ્યક્તિત્વ એ અવિદ્યાનાં જ તરંગો જેવાં બની રહે છે, યા તો કામચલાઉ રચનાઓ જેવાં જ હોય છે; અથવા તો, આથી ઊલટું, તે વ્યક્તિને જ સૌથી પ્રથમની વાસ્તવિકતા તરીકે જોઈ શકે છે, અને વ્યક્તિરહિત તત્ત્વને તે મને તારવેલા એક સૂક્ષ્મ ભાવાત્મક તત્ત્વ રૂપે યા તો આવિર્ભાવ માટેની એક સામગ્રી યા તો સાધન રૂપે જ નિહાળી શકે છે. અધિમનસની બુદ્ધિને આ બધાં તત્ત્વો એક જ સત્ તત્ત્વની છૂટી પાડી શકાય તેવી શક્તિઓ રૂપ દેખાય છે. એ શક્તિઓ પોતાને મૂર્ત કરવા માટે પોતપોતાનો સ્વતંત્ર માર્ગ

લઈ શકે છે, અને વળી પોતાની વિધવિધ કાર્યપદ્ધતિઓને તે ભેગી પણ જોડી શકે છે. અને આમ સ્વતંત્ર રીતે રહીને તેમ જ એક બીજાની સાથે મળીને તેઓ ચૈતન્યની અને સત્ તત્ત્વની જુદી જુદી અવસ્થાઓ સરજી શકે છે અને એ બધી અવસ્થાઓ સાચી હોઈ શકે છે અને એકી સાથે અસ્તિત્વમાં રહી શકે તેમ હોય છે. એક નર્યા વ્યક્તિત્વરહિત સત્ અને ચેતનાનું હોવું પણ સત્ય અને શક્ય હોઈ શકે છે, પણ સાથે સાથે એક સંપૂર્ણ રીતે વ્યક્તિત્વવાળી ચેતના અને સત્‌નું હોવું પણ સત્ય અને શક્ય હોઈ શકે છે. અહીં અધિમનસમાં વ્યક્તિત્વરહિત પરમાત્મા, નિર્ગુણ બ્રહ્મ અને વ્યક્તિત્વવાળા પરમાત્મા, સગુણ બ્રહ્મ એ બંને પરમ શાશ્વત તત્ત્વનાં સમાન અને સહસ્થિતિવાળાં સ્વરૂપો છે. વ્યક્તિરહિતતા પોતાનો આવિર્ભાવ એવી રીતે કરી શકે છે કે જેમાં વ્યક્તિને તેણે તેની અભિવ્યક્તિના એક ઘાટ તરીકે ગૌણ સ્થાને રાખેલી હોય. એ જ પ્રમાણે વ્યક્તિ એ પણ એવી વાસ્તવિકતા હોઈ શકે છે જેમાં વ્યક્તિરહિતતા એ તેની પ્રકૃતિનો એક ગુણ હોયઃ સચેતન સત્‌ની અનંત વિવિધતાઓની અંદર તેના આવિર્ભાવના આ બંને સ્વરૂપો એકબીજાની સામે આવી રહેલાં છે. જે વસ્તુ મનોમય બુદ્ધિને કદીયે ન જોડાય તેવા ભેદો રૂપે જણાય છે તે વસ્તુ અધિમનસની બુદ્ધિ આગળ એક સહસ્થિતિવાળાં પરસ્પર સંબંધક તત્ત્વો બની રહે છે. જે વસ્તુઓ મનોમય બુદ્ધિને વિરોધ રૂપની દેખાય છે તે અધિમનસ બુદ્ધિ આગળ એકબીજાની પૂરક બની રહે છે. આપણું મન જુએ છે કે બધી વસ્તુઓ જડતત્ત્વમાંથી યા તો જડરૂપિણી શક્તિમાંથી જન્મે છે, તેના દ્વારા જીવે છે અને પાછી તેમાં ચાલી જાય છે; આમાંથી તે એમ તારવે છે કે જડતત્ત્વ એ જ શાશ્વત પદાર્થ છે, એ જ આદિમ અને અંતિમ વાસ્તવિકતા છે, એ જ બ્રહ્મ છે. અથવા તો તે સર્વ વસ્તુઓને પ્રાણશક્તિમાંથી યા તો મનમાંથી જન્મ લેતી જુએ છે, એ પ્રાણ દ્વારા યા તો મન દ્વારા જીવતી રહેતી અને વિશ્વ રૂપ પ્રાણ અને મનની અંદર તે પાછી ચાલી જતી જુએ છે અને એ એમ ઠેરવે છે કે આ જગત એ એક વિશ્વરૂપ પ્રાણશક્તિનું યા તો એક વિશ્વરૂપ મનસ યા શબ્દબ્રહ્મ (Logos)નું સર્જન છે. અથવા તો તે વળી જગતને અને સર્વ પદાર્થને સત્ય-વિચારમાંથી યા તો આત્મતત્ત્વના જ્ઞાનસંકલ્પમાંથી જન્મ લેતાં, તેની દ્વારા જીવતાં અને તેમાં પાછાં ચાલ્યાં જતાં જુએ છે અને તેમાંથી તે આખા વિશ્વને એક આદર્શાત્મક રીતે યા તો આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી નિહાળવા લાગે છે. માનવનું મન આમાંથી કોઈ પણ એક દૃષ્ટિબિંદુમાં સ્થિર થઈ શકે છે, પરંતુ એની જે સ્વાભાવિક

ભેદપ્રધાન દૃષ્ટિ છે તેને એક દૃષ્ટિબિંદુનો સ્વીકાર કરવા જતાં બીજાં દૃષ્ટિબિંદુઓ પડતાં મૂકવા પડે છે. અધિમનસ ચેતના જુએ છે કે તે પોતે જે જે તત્ત્વ ઊભું કરે છે તે દરેક તત્ત્વના કાર્ય અંગે લેવાતું દૃષ્ટિબિંદુ સાચુ હોય છે. અધિમનસ જોઈ શકે છે કે જગત પ્રત્યે એક દૃષ્ટિબિંદુ જડતત્ત્વની રીતનું છે, એક દૃષ્ટિબિંદુ પ્રાણમય રીતનું છે, એક મનોમય દૃષ્ટિબિંદુ છે, તેમ જ એક આધ્યાત્મિક દૃષ્ટિબિંદુ છે, અને આ દરેક દૃષ્ટિબિંદુ તેના પોતાના જગતની અંદર પ્રધાનપણે પ્રવર્તી શકે છે અને સાથે સાથે આ બધાં દૃષ્ટિબિંદુઓ એક જ જગતની અંદર, એ જગતની ઘટક શક્તિઓ તરીકે ભેગાં મળી શકે છે. આપણું જગત સચેતન શક્તિએ પોતાના સ્વરૂપની એક દેખાતા અચિત્ રૂપે જે રચના કરેલી છે તેના ઉપર મંડાયેલું છે. આ અચિત પોતાની અંદર એક પરમ સચેતન સત્‌ને છુપાવી બેઠેલું છે અને પરમ સત્‌ની સર્વ શક્તિઓને પોતાની અચેતન ગુહ્યતામાં ધારણ કરી રાખે છે. આ એક આખા વિશ્વરૂપ જડતત્ત્વનું બનેલું જગત છે અને તે પોતાની અંદર પ્રાણતત્ત્વને, મનસ, અધિમનસ, અતિમનસ આત્મતત્ત્વને સિદ્ધ કરી રહેલું છે. એમાંનું દરેક તત્ત્વ જ્યારે પ્રગટ થાય છે ત્યારે તે બીજાં તત્ત્વોને પોતાની આત્મ-અભિવ્યક્તિના સાધન તરીકે પોતામાં લઈ લે છે. આધ્યાત્મિક દૃષ્ટિ પ્રાપ્ત થતાં આ જડતત્ત્વ તો હંમેશા આત્મતત્ત્વનો જ આવિર્ભાવ રહેલું છે એમ પ્રતીતિ થાય છે. આ બધી વસ્તુ અધિમનસની દૃષ્ટિને તો એક સ્વાભાવિક અને સહેલાઈથી સમજી શકાય તેવા સર્જન રૂપે લાગે છે. અધિમનસને વસ્તુનો આરંભ કરવાની જે શક્તિ મળેલી છે, તેમ જ વસ્તુને સાકાર કરવાની તેની જે પ્રક્રિયા છે તે મુજબ અધિમનસ પરમ સત્ તત્ત્વની અનેક ગૂઢ શક્યતાઓને સંગઠિત કરવાનું કામ કરે છે. એ હરેક શક્યતા પોતાની આગવી વાસ્તવિકતાને સાકાર કરતી રહે છે, પણ એ બધી શક્યતાઓ જુદી જુદી છતાં એક સાથે સક્રિય એવી અનેક પદ્ધતિઓ દ્વારા એકબીજા સાથે સંકળાવાની શક્તિ ધરાવે છે. આમ અધિમનસ એક જાદુઈ કારીગર જેવું છે, એક જ તત્ત્વના આવિર્ભાવના અનેકરંગી તાણા અને વાણા લઈને તેમાંથી એક સંકુલ વિશ્વનો પટ વણવાની શક્તિ તેને મળેલી છે.

અધિમનસની અંદર આમ સ્વતંત્ર રીતની યા તો સંમિલિત એવી અનેકાનેક શક્તિઓ અથવા તો ગૂઢ શક્યતાઓને એકી સાથે વિકાસ કરવામાં આવે છે. પરંતુ તેમાં હજી, અથવા તો હજી સુધી કોઈ અતંત્રતા આવેલી નથી હોતી, ત્યાં કોઈ સંઘર્ષ જન્મેલો નથી હોતો, સત્ય અથવા જ્ઞાનમાંથી કોઈ ચ્યુતિ બનેલી નથી હોતી. અધિમનસ એ

સત્યોનું સરજનહાર છે, આભાસો કે અસત્યોનું નહિ. કોઈ પણ અમુક શક્તિતંત્રમાં યા તો તેની ક્રિયામાં અધિમનસની જે વસ્તુ મૂર્ત થતી હોય છે તે પરમ તત્ત્વનાં જે જે સ્વરૂપ, શક્તિ, વિચાર, બલ, આનંદ સ્વતંત્ર કાર્યમાં રમતાં મૂકી દેવાયાં હોય છે તેનું સત્ય હોય છે, એ સ્વતંત્ર અવસ્થામાં આવેલી અધિમનસની વાસ્તવિકતાનાં પરિણામોનું સત્ય હોય છે. અધિમનસમાં એવી કોઈ એકાંતિકતા હોતી નથી કે જેથી પ્રત્યેક વસ્તુ માટે એવો દાવો કરવામાં આવે છે કે તે જ સત્ તત્ત્વનું એકમાત્ર સત્ય છે અથવા તો બીજી વસ્તુઓ તે ઊતરતી કોટિનાં સત્યો છેઃ અહીં દરેક દેવ બધા દેવોને તથા અસ્તિત્વમાં તેમનું જે સ્થાન છે તે જાણતો હોય છે; પ્રત્યેક વિચાર બીજા સર્વ વિચારોને તેમ જ તેમને હસ્તીમાં રહેવાના હકને કબૂલતો હોય છે; પ્રત્યેક શક્તિ બીજી સર્વ શક્તિઓને તથા તેમના સત્યને અને પરિણામોને સ્થાન આપતી હોય છે; પોતાની અલગ ચરિતાર્થતા પામતા અસ્તિત્વનો આનંદ કે અલગ એવી અનુભૂતિનો આનંદ બીજા અસ્તિત્વના આનંદનો યા તો બીજી અનુભૂતિના આનંદનો ઈનકાર કરતો નથી કે તિરસ્કાર કરતો નથી. અધિમનસ એ વિશ્વાત્મક સત્યનું તત્ત્વ છે અને એક વિશાળ અને અનંત એવી સર્વગ્રાહિતા એના સ્વભાવમાં જ આવી રહેલી છે; અધિમનસની શક્તિ એ એક સર્વરૂપિણી ક્રિયાશક્તિ છે તેમ જ તે અલગ અલગ ક્રિયાશક્તિઓનું તત્ત્વ પણ છેઃ અધિમનસ એ એક પ્રકારનું હળવી કોટિનું અતિમનસ છે,–જોકે એનું મુખ્ય કામ અંતિમ તત્ત્વો સાથે નથી, પણ જેને પરમ વાસ્તવિકતાની સક્રિય સંભાવ્યતાઓ યા તો તેનાં વ્યવહારુ સત્યો કહેવાય તે એનો કાર્યપ્રદેશ છે, અથવા એ અંતિમ તત્ત્વો સાથે કામ પાડે છે તો તે એ અંતિમ તત્ત્વોમાં વ્યવહારુ અથવા તો સર્જનાત્મક રીતનાં મૂલ્યો ઉત્પન્ન કરવાની જે શક્તિ હોય છે તેને માટે તે એમ કરે છે; વળી જોકે અધિમનસ વસ્તુઓને અંતર્ગત એકતાની રીતે જોવા કરતાં વિશેષે તો વિશ્વવ્યાપક રીતે જુએ છે, કારણ કે એની જે સમગ્રતા છે તે વિશ્વરૂપ અખંડ એકમોની બનેલી હોય છે અથવા તો અલગ અલગ વાસ્તવિકતાઓ એકબીજાની સાથે જોડાઈ જતાં યા તો એકમેકમાં ભળી જતાં તે રચાયેલી હોય છે, વળી અધિમનસ જોકે વિશ્વમાં રહેલી મૂળગત એકતાને સમજતું તો હોય છે તેમ જ તે એકતા વસ્તુઓના પાયા રૂપે છે તેમ જ વસ્તુઓના આવિર્ભાવમાં તે વ્યાપક રૂપે રહેલી છે એમ અનુભવતું હોય છે, પણ અતિમનસમાં એ એકતા જે રીતે રહેલી છે તેવી તેનામાં રહેલી નથી. અતિમનસમાં તો એ એકતા પદાર્થોના અત્યંત

નિકટવર્તી અને સદા હાજર ગુહ્ય તત્ત્વ રૂપે ટકી રહેલી છે, પદાર્થોનું એ જ પ્રધાનપણે સર્વસાર રૂપ તત્ત્વ હોય છે, પદાર્થોની પ્રવૃત્તિ અને સ્વરૂપને એક સંવાદમય સમગ્ર રૂપમાં એ જ સતત બાંધતી રહે છે.

અધિમનસની આ વિશ્વાત્મક ચેતના અને આપણી ભેદકારક અને માત્ર અપૂર્ણ રીતે જ સમન્વય સાધતી મનોમય ચેતના એ બે વચ્ચેનો ભેદ જો આપણે સમજવો હોય તો તે આપણા સ્થૂલ જગતની અંદરની પ્રવૃત્તિઓ માત્ર મનની રીતે જોતાં અને અધિમનસની રીતે જોતાં કેવી લાગે તે સરખાવીશું તો તેનો કંઈક ખ્યાલ આવી શકશે. દા.ત. અધિમનસને બધા જ ધર્મો એક જ શાશ્વત ધર્મના વિકાસ રૂપે સાચા જ લાગશે, બધાં જ તત્ત્વદર્શનો તેમના પોતપોતાના પ્રદેશમાં, વિશ્વને જોવાની તેમની દૃષ્ટિના કથન રૂપે ન્યાય્ય લાગશે. બધા રાજકીય સિદ્ધાંતો અને તેમનો અમલ એ પરમાત્માનો એક શક્તિવિચાર જ સાચી રીતે કામ કરી રહ્યો હોય તેવું જણાશે અને એ શક્તિ-વિચારને પ્રકૃતિની શક્તિઓની લીલાની અંદર લાગુ પડવાનો, અને વ્યવહારમાં વિકાસ પામવાનો હક છે એમ દેખાશે. આપણી ભેદક ચેતનાને તો સર્વગ્રાહિતા અને વિશ્વરૂપતાનાં તત્ત્વોની માત્ર આછી આછી ઝાંખી જ અપૂર્ણ રીતે થતી હોય છે, તેને તો આ વસ્તુઓ પરસ્પર વિરોધી તત્ત્વો રૂપે જ દેખાય છે. આપણી મનોમય ભૂમિકા ઉપર તો પ્રત્યેક વસ્તુ એમ જ દાવો કરે છે કે કેવલ પોતે જ સાચી છે, અને બીજાંઓને તે ખોટાં, અસત્ય ઠરાવી દે છે, અહીં પ્રત્યેક વસ્તુ જગતમાં પોતે જ એકમાત્ર સત્ય બનીને ટકવા માગે છે, અને તે માટે તેણે બીજાંઓનો ઈનકાર કરવો જોઈએ યા તો નાશ કરવો જોઈએ એમ તેને લાગે છે. હરેક તત્ત્વને અહીં કંઈ નહિ તો એટલું તો લાગે જ છે કે હું બીજાં કરતાં ઉત્તમ છું, અને બીજાં બધાં સત્યના ઊતરતા પ્રકારના આવિર્ભાવો છે એવો દાવો તો મારે કરવો જ જોઈએ. એક અધિમનસ બુદ્ધિ એક ક્ષણ માટે પણ આવું દૃષ્ટિબિંદુ નહિ લે, અથવા આ રીતની એકાન્તિકતામાં નહિ ઘસડાઈ જાય. એ અધિમનસ બુદ્ધિ પ્રત્યેક પદાર્થને જગતની સમગ્રતામાં તે જરૂરી છે એ રીતે ટકી રહેવા દેશે, યા તો પ્રત્યેકને સમગ્રની અંદરના તેના યથાસ્થાને મૂકી આપશે, પ્રત્યેકને તેની સિદ્ધિ કે પુરુષાર્થ માટેનું આગવું ક્ષેત્ર કાઢી આપશે. આપણી અંદર ચેતના અવિદ્યાના ભેદોની અંદર પૂરેપૂરી ગરક થઈ ગયેલી હોવાને કારણે જ આપણી મનોમય સ્થિતિ ઉપર પ્રમાણેની બનેલી છે. આપણે માટે સત્ય એ હવે અનેક રચનાઓની શક્યતાવાળું અનંત તત્ત્વ કે

એક વિશ્વરૂપ સમગ્ર વસ્તુ રહી નથી, પણ એક જડ વિધાન જેવું બની ગયું છે. આપણા સિવાયનાં અન્ય વિધાનો આપણા વિધાનથી તે જુદાં પડે છે તેમ જ બીજાના પ્રદેશમાં આવેલાં છે એટલા કારણે જ અસત્ય બની જાય છે. બેશક, આપણી મનોમય ચેતના વસ્તુઓને સમજવાનો પ્રયાસ કરતાં કરતાં એક ઠીક ઠીક સમગ્ર દર્શનમાં તથા વ્યાપકતામાં પહોંચી શકે છે, પરંતુ એ દૃષ્ટિને વ્યવહારમાં તેમ જ જીવનમાં સંગઠિત કરવી એ તો તેને પોતાની શક્તિ બહારની જ વાત લાગે છે. અહીં વ્યક્તિઓમાં તેમ જ સમુદાયોની અંદર વિકાસની રીતે પ્રગટ થયેલું મન અનેક ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ ઉપજાવે છે, કાર્યની અનેક ભિન્ન ભિન્ન દિશાઓ ખોલે છે, તે બધીને તે એકબીજાની પડખે રહેવા દઈને, યા તો એકબીજાની સાથે અથડાઅથડીમાં મૂકીને યા તો તેમનું અમુક રીતે પરસ્પર મિશ્રણ સાધીને તેમને પોતાપોતાનો ભાગ ભજવવા દે છે. આ બધાંની અંદરથી અમુકમાં મન સંવાદ ઉપજાવી શકે છે, પરંતુ તે સર્વની એક સાચી સમગ્રતાનું બનેલું સંવાદમય પ્રભુત્વ સાધી શકતું નથી. વિશ્વરૂપ મનસ આ વિકસી રહેલી અવિદ્યામાં આવેલું છે ત્યારે પણ તેનામાં, સર્વ સમગ્રતાઓની માફક, એક સંવાદમયતા હોવી જ જોઈએ, ભલે પછી તે સંવાદી અને વિસંવાદી તત્ત્વોને ગોઠવીને બનાવેલી હોય. તેની અંદર એકતાનું એક ક્રિયાશીલ તત્ત્વ પણ સપાટી હેઠળ આવી રહેલું હોય છે. પરંતુ આ વિશ્વરૂપ મનસ આ તત્ત્વોની પરિપૂર્ણતાને પોતાનાં ઊંડાણોમાં જ રાખી મૂકે છે, કદાચ અતિમનસ-અધિમનસના બનેલા હેઠલા પડની અંદર જ રાખી મૂકે છે, પરંતુ વિકાસક્રમમાં ગતિ કરતા વ્યક્તિના મનને આ પૂર્ણતા તે આપતું નથી, પોતાનાં ઊંડાણમાંથી તેને સપાટી ઉપર બહાર લાવતું નથી, યા તો હજી સુધી લાવેલું નથી. અધિમનસનું જગત સંવાદમયતાનું જગત હશે. આપણે જેમાં આવેલા છીએ તે અવિદ્યાનું જગત વિસંવાદ અને સંઘર્ષનું જગત છે.

અને છતાં આપણે એકદમ જોઈ શકીએ છીએ કે જે આદિ માયા છે તે અધિમનસમાં આવેલી છે, અવિદ્યાની માયા નહિ પણ વિદ્યાની માયા, એમ છતાં એ માયા એવી શક્તિ છે કે જેણે અવિદ્યાને શક્ય બનાવી છે, અનિવાર્ય પણ બનાવી છે. કેમકે જે જે તત્ત્વોને કાર્યમાં વહેતાં મૂકવામાં આવેલાં છે તે દરેકે જો પોતપોતાની સ્વતંત્ર દિશામાં આગળ વધવાનું હોય અને તેમાંથી આવતાં સંપૂર્ણ પરિણામોને સાકાર કરવાનાં હોય તો વિચ્છેદના તત્ત્વને પણ તેનો પૂર્ણ પંથ કાપી લેવા દેવો જોઈએ. અને તેનું જે

અનન્ય પરિણામ આવવાનું હોય તે આવવા દેવું જોઈએ. આ છે અનિવાર્ય એવું અવતરણ, facilis descensus (સરલ અવતરણ), જેને ચેતના, એક વાર તેના ભેદના તત્ત્વનો સ્વીકાર કરી લે છે તે પછી, આગળ વધવા દેતી રહે છે અને છેવટે તે તત્ત્વ, અજ્ઞાનની સર્જક અનંત ખંડીકરણની ક્રિયા દ્વારા, तुच्छयेन्*, સ્થૂલ અચિત્માં પહોંચે છે,–ઋગ્વેદના અચિત્ સાગરમાં, અને જો એમાંથી પેલું પરમ એકતત્ત્વ પોતાની મહત્તાને બળે જન્મ પામે છે તોપણ તે એક ખંડરૂપ વિચ્છેદક અસ્તિત્વ અને ચેતના દ્વારા ગુપ્ત રખાયેલું રહે છે. આપણું અસ્તિત્વ અને ચેતના આવાં છે ખંડ રૂપ અને વિચ્છેદક, અને એક સમગ્રતામાં પહોંચવા માટે આપણે વસ્તુઓને એ ચેતનામાં ભેગી સાંધવાની રહે છે. એ ધીરે ધીરે અને મુશ્કેલીપૂર્વક બની રહેલા ઉત્થાનમાં, હેરાકિલટસે આપેલું સૂત્ર 'યુદ્ધ એ સર્વ વસ્તુઓનો પિતા છે' તેને સત્ય સાથે અમુક મળતાપણું આવી મળે છે; કેમકે દરેક વિચાર, શક્તિ, ભિન્ન ચેતના, જીવંત પ્રાણી, તેના પોતાનામાં રહેલા અજ્ઞાનની આવશ્યકતા જ એવી હોય છે કે, તે બીજાઓ સાથે સંઘર્ષમાં ઊતરે છે અને અસ્તિત્વનાં બીજાં તત્ત્વો સાથે સંવાદમાં રહીને નહિ પણ, પોતાની જાતની સ્વતંત્ર રીતે સ્થાપના કરીને પોતે જીવવાનો અને વૃદ્ધિ પામવાનો અને પોતાને ચરિતાર્થ કરવાનો પ્રયત્ન કરે છે. આમ છતાં આ બધાની હેઠળ પેલું અજ્ઞાત એવું એકત્વ હજી આવી રહેલું હોય છે અને તે આપણને સંવાદિતા કોઈ રૂપમાં, આંતર અવલંબનના વિસંવાદોનું સંવાદીકરણના, એક મુશ્કેલ એવી એકતાના કોઈને કોઈ રૂપમાં પહોંચવાને ધીરે ધીરે પ્રયત્ન કરવાની ફરજ પાડે છે. પરંતુ આપણે જે સંવાદિતા અને એકતા માટે પ્રયત્ન કરીએ છીએ તેને તો વિશ્વરૂપ સત્યની ગુપ્ત રાખેલી પરાચિત્ શક્તિઓનો અને જે પરમ વાસ્તવિકતામાં તે એક રૂપમાં રહેલી છે તેનો આપણામાં વિકાસ સાધીને જ, માત્ર અપૂર્ણ પ્રયત્નોમાં, અપૂર્ણ રચનાઓમાં, સદા પલટાતાં રહેતાં એની નિકટનાં સ્વરૂપોમાં નહિ, પણ આપણા સ્વરૂપના છેક તંતુએ તંતુમાં અને એ સ્વરૂપની અભિવ્યક્તિમાં સક્રિય રીતે સાધી શકાય તેમ છે. આપણે જો વિશ્વરૂપ અસ્તિત્વમાં આપણો જન્મ થવાની જે દિવ્ય શક્યતા છે તેને સિદ્ધ કરવી હશે તો આપણા સ્વરૂપ ઉપર તેમ જ ચેતના ઉપર આધ્યાત્મિક મનસની ઊર્ધ્વ કક્ષાઓ ખૂલવી જોઈશે તથા આધ્યાત્મિક મનસથી પણ જે પર રહેલું છે તે તત્ત્વ ખૂલવું જોઈશે.

---

*ઋગ્વેદ ૧૦.૧૨૯.૩

અધિમનસ પોતાના અવતરણમાં એક એવી રેખાએ પહોંચે છે કે જ્યાં આગળ વિશ્વરૂપ સત્ય અને વિશ્વરૂપ અવિદ્યા છૂટાં પડતાં હોય છે; એ રેખા એવી છે કે ત્યાં આગળ ચૈતન્ય-શક્તિ, અધિમનસે સર્જેલી દરેક સ્વતંત્ર ક્રિયાની ભિન્નતા ઉપર ભાર મૂકીને તથા તેમની એકતાને સંતાડી દઈને અથવા તો અંધકારમાં ઢાળી દઈને, મનને એક નરી એકાગ્રતા દ્વારા અધિમનસ રૂપી મૂળમાંથી છૂટું પાડી શકે છે. આ પ્રમાણે જ અધિમનસ એના અતિમનસ રૂપ મૂળમાંથી આ પહેલાં ક્યારનુંયે છૂટું પડી ગયેલું છે, પરંતુ એ પરદામાં એક પારદર્શકતા રહેલી છે કે જે એ બેની વચ્ચે એક સભાન એવું સંક્રમણ થવા દે છે તેમ જ એક અમુક તેજોમય સગાઈ ટકાવી રાખે છે; પરંતુ અહીં એ પરદો હવે અર્ધપારદર્શક બની ગયેલો છે અને અધિમનસનાં પ્રેરક તત્ત્વોનું મનમાં થનારું સંક્રમણ ગુહ્ય અને અપ્રકાશિત રીતે બને છે. અલગ થઈ ગયેલું મન પોતે એક સ્વતંત્ર તત્ત્વ હોય એવી રીતે વર્તે છે. અને દરેક મનોમય પ્રાણી, દરેક પાયા રૂપ મનોમય વિચાર, શક્તિ, બળ એ પ્રમાણે પોતાના અલગ સ્વરૂપ ઉપર ખડું રહે છે. એ તત્ત્વ જો બીજાની સાથે વ્યવહાર કરતું હોય છે યા તો જોડાતું હોય છે કે સંપર્કમાં આવતું હોય છે તો તે કામ તે અધિમનસ ક્રિયાની સર્વગ્રાહી વિશ્વરૂપતાપૂર્વક કરતું નથી, સર્વની હેઠે રહેલી એકતાના પાયા ઉપર કરતું નથી, પરંતુ સ્વતંત્ર એકમો ભેગા થઈને એક અલગ ઊભી કરેલી સમગ્રતા રચતા હોય તેમ કરે છે. આ રીતની ક્રિયા દ્વારા આપણે વિશ્વરૂપ સત્યમાંથી વિશ્વરૂપ અવિદ્યાની અંદર ગતિ કરીએ છીએ. વિશ્વરૂપ મનસ આ ભૂમિકા ઉપર બેશક પોતાની એકતાને સમજતું તો હોય છે જ, પરંતુ તેનું પોતાનું મૂળ અને પાયો પરમ આત્મતત્ત્વમાં રહેલો છે એ વાતથી સભાન હોતું નથી અથવા તો એ વાત તે માત્ર બુદ્ધિથી જ સમજી શકે છે, કોઈ સ્થાયી અનુભૂતિમાં રહીને નહિ. એ વિશ્વરૂપ મનસ જાણે કે પોતાના સ્વાયત્ત હક્કની રીતે કાર્ય કરતું રહે છે અને તેને સામગ્રી રૂપે જે કાંઈ મળતું હોય તેમાંથી કામ કરતું રહે છે, તેમાં જે મૂળમાંથી એ સામગ્રીને તે મેળવતું હોય છે તેની સાથે તેને કશો સીધો વ્યવહાર હોતો નથી. એ વિશ્વરૂપ મનસના એકમો પણ એકબીજાથી તેમ જ વિશ્વરૂપ સમગ્ર તત્ત્વથી અજ્ઞાનમાં રહીને કામ કરતા હોય છે,- એકરૂપતાની પોતાની લાગણી અને તેમાંથી બની આવતું પરસ્પરનું અન્યોન્યમાં પ્રવેશન અને સમજૂતી ત્યાં હવે હોતાં નથી. આ મનઃશક્તિનાં બધાં કાર્યો આ અવિદ્યાનો જે ઊલટો પાયો છે તે પાયા પર શરૂ થતાં હોય છે, અને, તે જોકે અમુક સભાન જ્ઞાનનાં પરિણામો હોય છે તોપણ એ જ્ઞાન આંશિક હોય છે, એ સાચું અને સમગ્રરૂપ આત્મજ્ઞાન

હોતું નથી કે સાચું અને સમગ્રરૂપ જગત-જ્ઞાન હોતું નથી. આ લક્ષણ પ્રાણ અને સૂક્ષ્મ જડતત્ત્વમાં ચાલુ રહે છે તેમ જ સ્થૂલ ભૌતિક વિશ્વમાં પાછું ફરી દેખાય છે કે જે અચિતમાં જે છેવટનો ભૂસકો લેવાયેલો છે તેમાંથી ઉત્પન્ન થતું હોય છે.

છતાં, આપણા પૃષ્ઠસ્થ અથવા તો આંતર મનમાં જેમ થતું હોય છે, તેમ આ મનસમાં પણ વ્યવહાર અને પરસ્પરતા માટેની એક વધુ મોટી શક્તિ ચાલુ રહેલી હોય છે, માનવ મન પાસે હોય છે તેના કરતાં મનોમયતા અને ઇન્દ્રિયાર્થની એક વધુ મુક્ત લીલા ચાલુ રહેલી હોય છે, અને અવિદ્યા સંપૂર્ણ બની ગયેલી હોતી નથી; એક સભાન સંવાદમયતા, સાચા સંબંધોનું એક પરસ્પરાવલંબી સંગઠન વધુ શક્ય રહેલું હોય છેઃ મન હજી પ્રાણના અંધ બળો વડે ક્ષુબ્ધ બનેલું હોતું નથી અથવા તો તે બિનજવાબી જડતત્ત્વ વડે અંધકારગ્રસ્ત બનેલું હોતું નથી, એ અવિદ્યાની ભૂમિકા છે, પણ તે હજી અસત્યની કે ભૂલની બનેલી ભૂમિકા નથી,-અથવા કાંઈ નહિ તો અસત્ય અને ભૂલની અંદરનું અપસરણ હજી અનિવાર્ય બનેલું નથી હોતું; આ અવિદ્યા મર્યાદાસર્જક છે, પણ અવશ્યપણે અસત્યસર્જક નથી. અહીં જ્ઞાનની મર્યાદિતતા છે, આંશિક સત્યોનું એક સંગઠન છે, પણ સત્ય અથવા જ્ઞાનનો કોઈ ઇનકાર નથી કે તેમનાથી કોઈ ઊલટું તત્ત્વ નથી. ભેદસર્જક જ્ઞાનના પાયા ઉપર આંશિક સત્યોનું આ જે સંગઠન થાય છે તે લક્ષણ પ્રાણ અને સૂક્ષ્મ જડતત્ત્વમાં ચાલુ રહે છે, કેમકે ચેતના-શક્તિની જે એક અનન્ય એકાગ્રતા એ બધાંને છૂટી છૂટી રીતે કાર્ય કરતાં બનાવે છે તે પૂરેપૂરા પ્રમાણમાં મનને પ્રાણતત્ત્વમાંથી અથવા તો મન અને પ્રાણતત્ત્વને જડતત્ત્વમાંથી છૂટાં પાડી દેતી નથી. એ સંપૂર્ણ વિચ્છેદ તો જ્યારે અચિત્‌ની ભૂમિકાએ પહોંચી જવાયું હોય છે અને એ અંધકારમય ઢાળમાંથી આપણું બહુવિધ અવિદ્યાનું જગત ઊભું થતું હોય છે ત્યારે જ માત્ર બની શકતો હોય છે. તિરોભવનની આ બીજી હજી પણ સભાન રહેલી જે અવસ્થાઓ છે તે ખરેખર સચેતન શક્તિનાં જ સંગઠનો હોય છે. એ સંગઠનોમાં દરેક જણ તેના પોતાના કેન્દ્રમાંથી જીવતું હોય છે, એની પોતાની શક્યતાઓને અનુસરી લેતું હોય છે, અને એમાં જે કાંઈ પ્રધાન તત્ત્વ હોય છે, મન, પ્રાણ કે જડતત્ત્વનું, તે તેના પોતાના સ્વતંત્ર પાયા ઉપર વસ્તુઓને સાકાર કરતું હોય છે; પરંતુ અહીં જે સાકાર થતું હોય છે તે તેનાં પોતાનાં સત્યો હોય છે, આભાસો અથવા તો સત્ય અને અસત્યનો, જ્ઞાન અને અજ્ઞાનનો ગૂંચવાડો હોતાં નથી. પરંતુ જ્યારે ચૈતન્ય-શક્તિ શક્તિ અને રૂપ ઉપર એક અનન્ય એકાગ્રતા કરીને ચેતનાને શક્તિમાંથી દેખાવની રીતે છૂટી પાડી દેતી

એ જો સાચું હોય તો આ સમસ્ત સત્-સ્વરૂપ વિશ્વ ખાતરીપૂર્વક એ અસલ અસત્માં જ પાછું લય પામી જવું જોઈએ. જો અનંત અને અનિર્દિષ્ટ, એ નિશ્ચિત નિર્માણ વિનાનું, એવું સત્ પોતાની અંદર નિર્દિષ્ટતાની અને અસંખ્ય રૂપોમાં સ્વાનુભૂતિ કરવાની સર્વ પ્રકારની શક્યતાઓને અનુમતિ આપે છે એમ આપણે સ્વીકારીએ છીએ, તો સામી બાજુ, સત્ માત્રની મૂળ અવસ્થા તરીકે, તથા એકમાત્ર સનાતન વાસ્તવિકતા તરીકે એ અસલ અસત્ કોઈ સાચા વિશ્વની શક્યતાનો જ, વિશ્વના સર્જનની શક્યતાનો, ઈનકાર કરે છે. એનો સદંતર ત્યાગ કરે છે એમ કેમ ન કહી શકાય? આ રીતે જોતાં કેટલાંક બૌદ્ધ દર્શનોમાં જે અસત્ રૂપ શૂન્યનો કે નિર્વાણનો ઉલ્લેખ મળી આવે છે તે આ સંન્યાસની દૃષ્ટિએ સાચો ઉકેલ ગણાય; અર્થાત્, માનવનો 'અહં' જેમ તેની દૃશ્ય ચેતનાનું એના વિચારે ઉપજાવેલું એક મિથ્યા રૂપ છે, માયાનો જ એક ઘાટ છે તેમ જેને 'આત્મા' કહેવામાં આવે છે તે પણ એવું જ વિચારસર્જિત મિથ્યા રૂપ ગણી શકાય.

પરંતુ આપણને જણાય છે કે આ તો શબ્દોથી આપણે આડે રસ્તે દોરાઈ જઈએ છીએ. આપણા માનસને શબ્દોના ભેદ ઉપર આધાર રાખવાની- જાણે કે શબ્દોના ભેદો આખરી સત્યને રજૂ કરતા ન હોય!-તથા મનથી ઉપરની અનુભૂતિઓને એવા પરસ્પર અસહિષ્ણુ ભેદોના રૂપમાં દર્શાવવાની બાલિશ આદત પડી છે તેને લઈને આપણા મર્યાદિત મનના કડક વિરોધોથી આપણે છેતરાઈએ છીએ. આપણે અસત્ કહીએ છીએ તે આખરે શું છે? 'અસત્' તો એક શબ્દ છે, જે હકીકત, જે વસ્તુ એ શબ્દ રજૂ કરે છે તેને આપણે તપાસીશું તો જણાશે કે અનંત સત્ જેમ મનનું વિચારાત્મક સ્વરૂપ છે તેના કરતાં અસત્ કાંઈ તદ્દન જુદા જ વસ્તુપણાનું, યા તો વધારે વાસ્તવિક હોવાનું અધિકારી છે એવું નથી. અનંત સત્ આપણા મને ઉત્પન્ન કરેલો વિચારાત્મક ઘાટ છે, તો અસત્ પણ આપણા મનની જ ઉપજાવેલી એક વિચારાત્મક વસ્તુ છે. ખરું જોતાં, આપણે અસત્ શબ્દ વાપરીએ છીએ ત્યારે કહેવા એ માગીએ છીએ કે આ વિશ્વમાં, અહીં આ પાર્થિવ સત્ સ્વરૂપમાં છીએ ત્યાં સુધી, તે દરમિયાન, જે સત્પણું, અસ્તિત્વ, આપણે જાણી કે કલ્પી શકીએ છીએ તેનાથી પર વસ્તુ એ અસત્ છે, એટલે કે, સત્ નો આપણે વિશુદ્ધમાં વિશુદ્ધ વિચાર જ્યાં સુધી કરી શકીએ તેનાથી, અથવા તો, સત્ની સૌથી અમૂર્ત યા તો સૂક્ષ્માતિસૂક્ષ્મ, ઝીણામાં ઝીણી, અનુભૂતિથી પણ આપણે જેને અસત્ કહીએ છીએ તે પર છે. ખરું જોતાં એ અસત્ આપણા ભાવાત્મક ખ્યાલો કે વિચારોથી પર એવી કોઈ વસ્તુ છે. એ પ્રમાણે અસત્નું

દેખાય છે, અથવા તો તે જ્યારે ચેતનાને રૂપ અને શક્તિમાં ગુમ થયેલી એક આંધળી ક્રિયામાં લીન કરી દે છે ત્યારે પછી ચેતનાએ એક ખંડિત વિકાસક્રમ દ્વારા પોતાની જાતમાં પાછા આવવાની ભારે મહેનત કરવાની રહે છે, અને એ ક્રિયામાં પછી અવશ્યપણે ભૂલ ઊભી થાય છે અને અસત્ય અનિવાર્ય બને છે. આમ છતાં, આ વસ્તુઓ પણ આદિમ અસત્‌માંથી નીકળી આવેલા આભાસો તો નથી જ; તે, આપણે કહી શકીએ કે, અચિત્‌માંથી જન્મેલા એક જગતનાં અનિવાર્ય એવાં સત્યો છે. કેમકે આ જે અવિદ્યા છે તે હજી પણ વાસ્તવિકતામાં તો એક જ્ઞાન જ છે કે જે અચિત્‌ના આદિમ મહોરા પાછળ રહીને પોતાની જાતને શોધી રહ્યું છે અને તેને તે ચૂકી જતું રહ્યું છે અને પામતું રહ્યું છે; એ અવિદ્યાનાં જે પરિણામો છે તે પેલા અપસરણનાં સાચાં પરિણામો છે,-એક રીતે તો, એ અપસરણમાંથી પાછા ઉપર નીકળી આવવાની ક્રિયાનું સાચું કાર્ય છે. આ પતનનું પહેલું પરિણામ એ આવે છે કે સત્ તત્ત્વ એ દેખાતા અ-સત્ તત્ત્વમાં ભૂસકો મારે છે, ચેતના એક દેખાતા અચિત્‌માં, અસ્તિત્વનો આનંદ એક વિશાળ વિશ્વરૂપ અસંવેદનતામાં ભૂસકો મારે છે અને, એમાંથી પછી એક પરિશ્રમ કર્યા કરતી ખંડિત અનુભૂતિ દ્વારા પાછા મૂળ રૂપમાં આવવાની ક્રિયા શરૂ થાય છે અને તેમાં ચેતના જ્ઞાન અને અસત્યનાં, સત્ય અને ભૂલનાં બેવડાં તત્ત્વોમાં પલટાય છે, અસ્તિત્વ જીવન અને મૃત્યુનાં બેવડાં તત્ત્વોમાં, અસ્તિત્વનો આનંદ વેદના અને સુખનાં બેવડાં તત્ત્વોમાં પહોંચે છે અને આ બધું તે આત્મ-શોધને માટે થતા પરિશ્રમની જરૂરી એવી પ્રક્રિયા છે. અહીં જો સત્યના, જ્ઞાન, આનંદ, અવિનાશી અસ્તિત્વ, એ બધાનો શુદ્ધ અનુભવ થાય તો તે વસ્તુઓમાં રહેલા સત્યનો જ વિરોધ બની રહે. આવો વિરોધ તો ત્યારે જ ન બને કે જ્યારે વિકાસક્રમમાં આવેલાં સર્વ તત્ત્વો પોતાની અંદર આવેલા ચૈત્ય તત્ત્વને તથા પ્રકૃતિની ક્રિયાઓ હેઠળ આવી રહેલા અતિમનસને શાંત ભાવે જવાબ આપતાં હોય. પરંતુ અહીં તો હવે અતિમનસનો પેલો નિયમ કામ કરતો હોય છે કે જે મુજબ દરેક શક્તિ તેની પોતાની શક્યતાઓને સાકાર કરતી હોય છે. જેમાં એક આદિમ અચિતનું તત્ત્વ તથા ચેતનાનો વિચ્છેદ એ બે તત્ત્વો મુખ્ય રહેલાં છે એવા જગતમાં સ્વાભાવિક રીતે તો એવી શક્યતાઓ જ બની આવે કે જેમાં અંધકારનાં બળો ઉપર નીકળી આવતાં હશે અને તેમને તે જે અવિદ્યા દ્વારા જીવતાં હોય છે તેને ટકાવી રાખવાની ફરજ પડતી હશે, એ જગતમાં જાણવા માટેની જે એક અજ્ઞાન ભરેલી મથામણ ચાલ્યા કરતી હોય છે તે અસત્ય અને ભૂલને જન્મ આપતી હોય છે, જીવવા માટેની જે અજ્ઞાનભરેલી મથામણ

ચાલ્યા કરતી હોય છે તે અનૃત અને અશુભને ઉત્પન્ન કરતી હોય છે, આનંદ મેળવવા માટેની જે અહંકારભરેલી મથામણ ચાલ્યા કરતી હોય છે તે ખંડિત આનંદો અને દુઃખો અને વેદનાઓની જનક બનતી હોય છે. એટલે આ બધાં તે આપણા વિકાસ પામી રહેલા અસ્તિત્વનાં અનિવાર્ય એવાં પ્રથમ-અંકિત લક્ષણો છે, જોકે આપણા અસ્તિત્વની એ જ એકમાત્ર શક્યતાઓ છે એમ નથી. છતાં, અચિત્ એ તો ગુપ્ત એવી ચેતના છે, અસંવેદનતા એ તો બુરખો ઓઢેલો અને નિદ્રાધીન બનેલો આનંદ છે એટલે આ ગુપ્ત વાસ્તવિકતાઓએ બહાર આવવાનું જ રહે છે; ગુપ્ત એવા અધિમનસ અને અતિમનસે પણ એક અંધારા અનંતત્ત્વમાંથી દેખીતી રીતે તેમનાથી ઊલટા સ્વરૂપવાળા જગતતંત્રની અંદર પોતાને સિદ્ધ કરવાનાં રહે છે.

એ અંતિમ પરિણામ બીજી કોઈ રીતે બની આવ્યું હોત તેના કરતાં બે વસ્તુઓને લીધે વધુ સરળ બને છે. અધિમનસે સ્થૂલ સૃષ્ટિનાં સર્જન તરફ અવતરણ કર્યું તેમાં તેણે પોતાના સ્વરૂપની હળવી રચનાઓ બનાવી છે. એમાંની પહેલી વસ્તુ સહજપ્રજ્ઞા છે કે જે ખાસ કરીને સત્યના તેના મહા ભેદક વિદ્યુત ઝબકારાઓથી આપણી ચેતનામાં આવેલાં સ્થાનિક બિંદુઓને તેમ જ વિશાળ પ્રદેશોને પ્રકાશિત કરી આપે છે. એ સહજપ્રજ્ઞા વસ્તુઓના ગુપ્ત રખાયેલા સત્યને આપણી સમજણની વધુ નજીકમાં લઈ આવી શકે છે, અને આપણે ચેતનાની આ ઊર્ધ્વ કક્ષાઓના સંદેશાઓ પ્રત્યે આપણી જાતને પ્રથમ તો આંતર સ્વરૂપમાં વધારે વિશાળ રીતે ખુલ્લી કરીને અને પછી તેના પરિણામ રૂપે બહારના સપાટી પરના સ્વરૂપમાં પણ ખુલ્લી કરીને, એ કક્ષાઓમાં આપણે વૃદ્ધિ પામીને આપણે પોતે પણ સહજપ્રજ્ઞારૂપ અને અધિમનસવાળાં સ્વરૂપો બની શકીએ છીએ. એમાં પછી આપણે બુદ્ધિ અને ઇન્દ્રિયો દ્વારા મર્યાદિત રહેતા નથી પણ એક સત્યનું તેના પોતાના જ સ્વરૂપમાં અને દેહમાં એક વધુ વિશ્વરૂપ જ્ઞાન મેળવવાની તથા તેની સાથે સીધા સંપર્કમાં આવવાની શક્તિ મેળવી શકીએ છીએ. હકીકતમાં તો આ ઊર્ધ્વ કક્ષાઓમાંથી પ્રકાશિતતાના ઝબકારાઓ તો ક્યારનાયે આપણી પાસે આવતા રહેલા છે, પરંતુ આ અંતઃપ્રવેશ મોટે ભાગે ખંડિત રૂપનો, ગમે તેમ થતો રહેલો અથવા આંશિક હોય છે; એ કક્ષાઓના જેવા રૂપમાં આપણે હજી આપણી જાતનો વિસ્તાર કરવાનું શરૂ કરવાનું છે તથા આપણામાં બૃહત્ સત્યની જે પ્રવૃત્તિઓ રચવાની શક્તિ આપણે ધરાવીએ છીએ તે પ્રવૃત્તિઓને આપણામાં સંગઠિત કરવાની છે. પરંતુ, બીજું એ કે, અધિમનસ, સહજપ્રજ્ઞા, અતિમનસ પણ, આપણે જોયું છે તે

પ્રમાણે, અચિત્‌ની અંદર, કે જેમાંથી આપણે વિકાસક્રમની ગતિમાં ઉપર આવીએ છીએ તથા એ વિકાસ પામવાનું આપણે માટે અનિવાર્ય એવું નિર્માણ છે તેમાં, અંતર્ગત તેમ જ તિરોભૂત બનેલાં હોવાં જોઈએ એટલું જ નહિ, પણ એ ત્યાં ગુપ્ત રીતે હાજર છે, મન, પ્રાણ અને જડતત્ત્વની બનેલી વિશ્વ પ્રવૃત્તિમાં સહજપ્રજ્ઞાના આવિર્ભાવના ઝબકારાઓ દ્વારા સક્રિય રીતે ગુહ્ય રહેલાં છે. એ સાચું છે કે એ તત્ત્વોનું કાર્ય ગુપ્ત રહેલું છે અને તે બહાર આવતાં હોય છે ત્યારે પણ, તેઓ જડતત્ત્વ, પ્રાણ અને મનના જે માધ્યમમાં કામ કરતાં હોય છે તે દ્વારા તે કાર્ય હળવું થતું રહે છે. અતિમનસ વિશ્વની અંદર એક સર્જક શક્તિ તરીકે છેક આરંભથી જ પોતાને આવિર્ભાવ આપી શકતું નથી, કારણ કે, તેણે જો એ કર્યું હોત તો, અવિદ્યા અને અચિત્‌નું બનવું અશક્ય બની ગયું હોત, અથવા તો આ જે મંદ ગતિએ ચાલતો વિકાસક્રમ જરૂરનો છે તે એક ઝડપી રૂપાંતરની બનતી ભૂમિ રૂપે બદલાઈ ગયો હોત. છતાં સ્થૂલ શક્તિના દરેક પગલામાં આપણે અતિમાનસ સ્રષ્ટાએ મારી આપેલો અનિવાર્યતાનો સિક્કો જોઈ શકીએ છીએ, પ્રાણ અને મનની બધી વિકાસ ક્રિયામાં શક્યતાની દિશાઓની લીલા તેમ જ એ લીલાઓનું મિલન જોઈ શકીએ છીએ અન એ વસ્તુ તે અતિમનસના થયેલા અંતઃપ્રવેશની મુદ્રા રૂપે છે. જેવી રીતે જડતત્ત્વમાં પ્રાણ અને મનને મુક્ત કરવામાં આવેલા છે, તેવી જ રીતે ગુપ્ત બનેલા પરમાત્માની આ વધુ મહાન શક્તિઓ એ તિરોભવનમાંથી તેમના સમયે બહાર આવવી જોઈશે અને તેમનો પરમ પ્રકાશ ઉપરની દિશામાંથી આપણી અંદર અવતરણ પામવો જોઈશે.

એટલે પછી આવિર્ભાવની અંદર એક દિવ્ય જીવન, અવિદ્યામાં આવેલા આપણા વર્તમાન જીવનના ઉચ્ચ પરિણામ રૂપે તેમ જ આપણને મળવાના બદલા રૂપે શક્ય છે એટલું જ માત્ર નહિ પણ, આ વસ્તુઓ આપણે તેમને જોઈ છે તે પ્રમાણેની જો હોય તો, પ્રકૃતિનો જે વિકાસરૂપી પુરુષાર્થ ચાલી રહ્યો છે તેના અનિવાર્ય પરિણામ રૂપે અને અંતિમ સિદ્ધિ રૂપે બનવાનું છે.

પ્રથમ ગ્રંથ સમાપ્ત

શૂન્યતાવાળું કલ્પિત સ્વરૂપ ઊભું કરીને, આપણે પૂરેપૂરો છેદ ઉડાડી દેવાની પદ્ધતિએ, આપણા આખા અસ્તિત્વની, જીવનની તથા જ્ઞાનના આપણા સમગ્ર ક્ષેત્રની પેલે પાર જવા માગીએ છીએ. કેટલાંક દર્શનોમાં જે અસત્‌નો કે અવસ્તુનો ખ્યાલ રહેલો છે તેની ઝીણવટથી પરીક્ષા કરતાં આપણને જણાય છે કે મન જેને શૂન્ય કહે છે તે જ સર્વ છે, સર્વ રૂપ છે, અથવા તો, મન વડે જેની વ્યાખ્યા આપી શકાય તેમ નથી એવો તે અનંત છે. અને તે આપણા મનને ખાલી, શૂન્યાત્મક જેવો લાગે છે, કારણ કે આપણું મન કેવળ મર્યાદાવાળાં બંધારણોનું કે રૂપોનું જ ગ્રહણ કરી શકે છે. પરંતુ ખરું જોતાં, મનને જે શૂન્ય લાગે છે તે જ વસ્તુ સાચી સત્-તા-સાચું સત્-છે, કેવળ તે જ સત્ છે.*

અને આપણે જ્યારે કહીએ છીએ કે અસત્ માંથી સત્ પ્રગટ થયું છે ત્યારે આપણે જોઈ શકીએ છીએ કે, કાલની પેલે પારની કોઈ વસ્તુને આપણે કાલની ભાષામાં રજૂ કરીએ છીએ. કારણ કે શાશ્વતીમાં પેસનાર એ અવસ્તુ-અસત્‌ના ઈતિહાસમાં એ ઉત્પાતસૂચક એવી કઈ તિથિ હતી જ્યારે અસત્‌માંથી સત્‌નો જન્મ થયો હતો? અથવા તો, આ મિથ્યા, માયા રૂપ એવું સર્વ સત્ સ્વરૂપ આ વિશ્વ સનાતન શૂન્યતામાં, અભાવમાં, પાછું ભળી જશે એ એટલો જ દારુણ ભીષણ દિવસ ક્યારે આવનાર છે? એનો ઉત્તર શો હોઈ શકે? એટલે સત્ અને અસત્ બંનેનો સ્વીકાર કરવાનો હોય તો બંને એકી વખતે હયાતીમાં છે, બંને વાસ્તવિક છે, સાચાં છે, એ જ પ્રમાણે ધારણા થઈ શકે. સત્ અને અસત્ એકબીજાને અનુમતિ આપે છે, સહી લે છે, આપણા મનના વિચારમાં એ બે એકઠાં થઈ જવાનો ઈનકાર કરે છે એમ ભલે આપણે માનીએ. આપણે તો સમયની, કાલની ભાષામાં જ બોલી શકતા હોવાથી કહેવું જોઈએ કે એ બંને શાશ્વત છે, સનાતન છે. અને સત્, અસ્તિત્વ માત્ર, શાશ્વત હોય તો પછી એ શાશ્વત સત્‌ને કોણ સમજાવી શકશે, કોણ મનાવી શકશે કે એની હયાતી તે સાચી હયાતી જ નથી, સાચી દ્રષ્ટિએ એ પોતે હયાત જ નથી અને ફક્ત શાશ્વત અસત્ જ હયાતીમાં છે? અને વધારામાં, એવા અનુભૂતિમાત્રના અસત્‌રૂપ અભાવમાં આપણા જીવનની સર્વ અનુભૂતિઓની સમજૂતિ આપી શકે એવો ઉકેલ કે એવું સમાધાન આપણને

---

*બીજા એક ઉપનિષદમાં અસત્‌માંથી સત્‌નો જન્મ થયો એ વિધાનને અશક્ય ગણીને નકારવામાં આવ્યું છે; એ એમ કહે છે કે સત્ તો સત્‌માંથી જ ઉદ્‌ભવી શકે. પરંતુ અસત્‌ને આપણે સત્‌પણાના અભાવ તરીકે થતા અત્યંતાભાવ તરીકે નહિ પણ આપણા વિચારોને અને અનુભૂતિઓને વટાવી જતી કોઈ અજ્ઞાત વસ્તુ ક્ષ, તરીકે લઈશું-અને એ અર્થમાં તે કેવલાદ્વૈતના બ્રહ્મને તથા બૌદ્ધોના શૂન્યને સરખું જ બંધબેસતું આવે છે- તો એ અશક્યતા દૂર થઈ જાય છે. કારણ કે એ 'ક્ષ' સત્‌નો જન્મદાતા, વિધાતા, થઈ શકે છે, પછી તે પોતાની અંદરથી વિચારતત્ત્વપ્રધાન કે રૂપ આપનાર માયા વડે, પોતાના જ આવિર્ભાવ વડે, કે સર્જન વડે, ગમે તે વડે, ભલે હોય.

કેવી રીતે મળી શકશે?

સમસ્ત વિશ્વના અનંતવિધ જીવનના નિર્બંધ પાયા કે ભિત્તિ તરીકે પોતાની જાતનો ઉપયોગ થવા દેનારું, અનુમતિ આપનારું, પરમ અજ્ઞેયનું, નિરપેક્ષ કેવળનુંજ સ્વરૂપ તે શુદ્ધ સત્. એ જ પરમ અજ્ઞેય, એ જ કેવળ, સર્વ સત્ રૂપોથી પોતે મુક્ત છે એવું સાચું વિધાન કરે ત્યારે એ વિરોધી સમર્થન કરનાર અજ્ઞેયને આપણે અસત્નું નામ આપીએ છીએ. એટલે કે અસત્ શબ્દનો પ્રયોગ કરીને આપણે એમ કહેવા માગીએ છીએ કે આ વિશ્વની યોજનામાં આત્માનુભૂતિ માટે, પોતાની જાતની અનુભૂતિ માટે, પ્રત્યક્ષ સત્નાં જે ભાવાત્મક રૂપો પ્રગટે છે તે સૌથી, એનાં સૌથી અમૂર્ત સૂક્ષ્માતિસૂક્ષ્મ, સત્ માત્રના, સૌથી પરાત્પર સ્વરૂપોથી એ અજ્ઞેય, એ કેવળ,-નિર્બંધ રહે છે, મુક્ત છે. એનો અર્થ એવો નથી કે સત્ સ્વરૂપ આ વિશ્વ એ તો, એ અજ્ઞેયનો સાચેસાચો આવિર્ભાવ નથી, પરંતુ કોઈ પણ પ્રકારના પોતાના પ્રાગટ્યથી, તેના પોતાના આવિર્ભાવ સમસ્તને ભેગો લેતાં પણ, તેને મર્યાદા કે સીમા પ્રાપ્ત થતી નથી એમ કહેવાનો હેતુ હોય છે. આગળ આપણે જોયું કે બ્રહ્મની નીરવતા તેની ક્રિયાત્મકતાને સંમતિ આપે છે, અનુજ્ઞા આપે છે, તેમ અસત્ સત્ને સંમતિ આપે છે, તેનું અનુમોદન કરે છે. આ પ્રમાણે અસ્વીકાર અને સ્વીકારનું એકી વખત વિધાન કરીને, જે સર્વ વિરોધોની પેઠે પરસ્પર વિઘાતક નહિ પરંતુ ન્યૂનતાપૂર્વક છે તે કરવાથી, સચિંત્ આત્મ સત્તાનું તથા તેનાથી પર રહેલ અજ્ઞેયનું પણ જાગ્રત થયેલ માનવ આત્માને માટે વાસ્તવિક તરીકેનું જ્ઞાન, બન્નેની વાસ્તવિકતાનું ભાન, એકી વખતે શક્ય બને છે. આ રીતે બુદ્ધને માટે નિર્વાણની સ્થિતિ પ્રાપ્ત કરવી શક્ય હતી અને છતાં સાથે સાથે જગતમાં સમર્થપણે કર્મ કરવું પણ શક્ય હતું, પોતાની આંતરની ચેતનામાં કેવળ બિનઅંગત, વ્યક્તિતાથી સંપૂર્ણપણે મુક્ત, છતાં એનાં કર્મો તરફ જોતાં જગતમાં જીવી ગયેલા અને પરિણામો ઉપજાવી ગયેલા જે માણસો આપણે જાણીએ છીએ તેમાંની એક સૌથી સમર્થ વ્યક્તિ તરીકે કાર્ય કરવું શક્ય હતું એમ જણાય છે.

જ્યારે આ બાબતો ઉપર આપણે વિચાર કરીએ છીએ ત્યારે આપણને જણાય છે કે આપણે જે શબ્દો વાપરીએ છીએ તે પોતાનો જ કક્કો ખરો છે એમ માનીને બળજોરી કરનારા હોય છે તે છતાં તે કેટલા નિર્બળ હોય છે, તથા એમના ઊભા કરેલા ભેદો ખોટે માર્ગે દોરી જતા હોવાથી કેવા ભ્રામક હોય છે તે આપણને

સમજાય છે. વળી આપણને એ જ્ઞાન પણ થાય છે કે બ્રહ્મના ઉપર આપણે જે મર્યાદાઓને લાદીએ છીએ તે બધી વ્યક્તિના માનસમાં જે અનુભૂતિ થાય છે તેની સંકુચિતતામાંથી ઊપજે છે, કારણ કે વ્યક્તિનું માનસ અજ્ઞેયના, પરાત્પર કેવળના, એક સ્વરૂપ ઉપર, તેની એક જ બાજુ ઉપર પોતે એકાગ્રતા કરે છે તથા તે જ વખતે એના એ અજ્ઞેયની બીજી બાજુઓનો કાં તો ઈનકાર કરે છે, યા તો તેમને હલકી ગણીને ઉતારી પાડે છે. નિરપેક્ષનો, કેવળનો, જે કાંઈ ખ્યાલ આપણે બાંધીએ છીએ, યા તો એનું જે કાંઈ જ્ઞાન મેળવીએ છીએ તેને આપણી પોતાની સાપેક્ષતાની ભાષામાં આપણે હમેશાં અતિ સખ્ત અને અક્કડ રીતે રજૂ કરીએ છીએ. આપણા પોતાના અભિપ્રાયોની અને એકપક્ષી અનુભૂતિઓની અહંતાને અન્ય લોકોના અભિપ્રાયો અને અનુભૂતિઓ સામે મૂકીને તેમને આવેગપૂર્વક જુદા પાડીને આપણે એકમેવ, પરમ, કેવળનું, તથા સર્વત્ર એક જ રૂપે વ્યાપી રહેલા બ્રહ્મનું પ્રતિપાદન કરીએ છીએ. એના કરતાં વાટ જોવી, વધારે જ્ઞાન મેળવવું, આત્મવિકાસ સાધવો એ વધારે ડહાપણ ભરેલું છે. અને વૈખરી વાણી જેને કદી પણ વ્યક્ત કરી શકે તેમ નથી એવી આ ગહન વસ્તુઓ વિષે આપણી પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરવા ખાતર આપણને બોલવાની ફરજ પડે જ ત્યારે વિશાળમાં વિશાળ, વધારેમાં વધારે નમનીય, સૌથી વધારે ઉદાર, એવા શક્ય પ્રતિપાદનનો આશ્રય લેવો જોઈએ. અને તેની ઉપર મહાનમાં મહાન અને સર્વગ્રાહી એવી સંવાદિતા સ્થાપન કરવી જોઈએ.

ત્યારે આપણે એ તો સ્વીકારીએ છીએ કે વ્યક્તિમાં રહેલી ચેતના એક એવી અવસ્થામાં પ્રવેશ કરી શકે છે જેમાં એનું પોતાનું સાપેક્ષ અસ્તિત્વ, જીવન, તદ્દન વિલય પામી જતું જણાય છે તથા એ સ્થિતિને આત્માનું નામ આપવું એ પણ એક અપર્યાપ્ત વિચાર લાગે છે. નીરવતાનીયે પેલે પાર રહેલી નરી નીરવતામાં ચાલ્યા જવું શક્ય છે. પરંતુ આપણી આખરી અનુભૂતિનું એ સમગ્ર સ્વરૂપ છે એમ માનવાનું નથી. તથા એકમાત્ર અને અન્ય સર્વને બાતલ કરનારું એ જ એક સત્ય છે એમ પણ નથી, કારણ કે આપણે જોઈએ છીએ કે આ નિર્વાણ, 'સ્વ'નું આ વિસર્જન, માનવમાં રહેલા અંતરાત્માને અખંડ શાંતિ અને મુક્તિની અનુભૂતિ કરાવે છે તે છતાં બાહ્ય વ્યવહારમાં કામનારહિત, નિષ્કામ, પરંતુ અસરકારક કર્મના આચરણ સાથે એ સ્થિતિ બંધબેસતી હોઈ શકે છે. અંતરમાં એવી સંપૂર્ણ, અચલ, અપૌરુષેયતા, નિર્વૈયક્તિકતા, તથા શૂન્યાત્મક સ્થિરિતાની પ્રાપ્તિ તથા બાહ્ય

જીવનમાં સનાતન સત્યો, પ્રેમ, સત્ય અને ઋતથી પ્રેરિત કર્મોનું આચરણ એ બેની એકી વખતે અનુસરવાની શક્યતા એમાં કદાચ બુદ્ધના ઉપદેશનો સાચો મર્મ સમાયો હશે એમ લાગે છે. એટલે કે અહંથી તથા અંગત કર્મોની સાંકળથી પોતાની મુક્તિ અને ઊર્ધ્વતા, તથા વિકારી રૂપ અને વિચારની જોડેની તન્મયતાથી પોતાના અસલ સ્વરૂપની ઉચ્ચતા પ્રાપ્ત કરવી એવો બુદ્ધનો આદર્શ હશે, નહિ કે કેવળ દુઃખમાંથી અને સ્થૂલ જન્મની યાતનામાંથી નાસી છૂટવાનો સ્થૂલ આદર્શ. એ ગમે તે હોય, પણ પૂર્ણતાને પ્રાપ્ત થયેલો માણસ જેમ પોતાની અંદર નીરવતા અને ક્રિયાપરતાને એકત્ર કરે છે તેમ સંપૂર્ણપણે સચેતન થયેલ આત્મા પણ અ-સત્‌ની નિરપેક્ષ મુક્તિને પ્રાપ્ત કરે છે, અને છતાં વિશ્વ જીવન કે વિરાટ સત્‌ના ઉપર પોતાની પકડ તે ગુમાવતો નથી, એ પ્રમાણે કરનાર માનવ આત્મા પ્રભુની સત્-તા, જે વિશ્વમાં પ્રગટે છે છતાં સદા તેનાથી પર હોય છે, અને જાણે કે પોતાનાથી પણ પર લાગે છે તેનો શાશ્વત ચમત્કાર પોતાની અંદર મૂર્ત કરી બતાવશે. એનાથી સામી બાજુની અનુભૂતિ એટલે વ્યક્તિની પ્રકૃતિ અ-સત્‌ના ઉપર જ એકાગ્ર કરે અને પરિણામે વિરાટ વિશ્વના વ્યાપારમાંથી પોતે મટી જાય અને વ્યક્તિ તરીકે પોતાની જાતને એમાંથી પાછી ખેંચી લે, જોકે સનાતન સત્‌માં તો એ વિશ્વ સર્જનનો વ્યાપાર ત્યાર પછી પણ અને સદાસર્વદા ચાલ્યા જ કરતો હોય છે.

આ પ્રમાણે પ્રથમ ચિત્ અને અચિત્ એ બેને વૈશ્વિક ચેતનામાં પરસ્પર સંવાદી બનાવીને આપણે પરાત્પર ચેતનાની અંદર ભાવાત્મક અને અભાવાત્મક એવાં સર્વે વિધાનોનું સમાધાન પણ જોઈ શકીએ છીએ. પ્રથમ તો આપણને એ નવું જ્ઞાન થાય છે કે એ પરાત્પર વિષેનાં આપણાં સઘળાં ભાવાત્મક વિધાનો, ખરું જોતાં, અજ્ઞેયની સ્થિતિ વિષેનાં યા તો તેની ગતિનાં વિધાનો હોય છે; એ વિધાનોને આપણે નકારીએ છીએ એનો અર્થ એટલો જ થાય છે કે એ સર્વ સ્થિતિથી અને ગતિથી, તથા ગતિમાં અને સ્થિતિમાં રહ્યા છતાં પણ, એ પરાત્પર અજ્ઞેય સ્વતંત્ર છે, મુક્ત છે એમ આપણે કહેવા માગીએ છીએ. એ અજ્ઞેય આપણને કોઈ પરમ વસ્તુ તરીકે આશ્ચર્યકારક અને અવર્ણનીય લાગે છે, આપણી ચેતનામાં તે પોતાનાં ચોકઠાંઓ, ઘડતરો, સતત રજૂ કર્યા કરે છે. તથા એ પ્રમાણે પોતે જે ચોકઠાંઓ કે ઘડતરો રજૂ કરે છે તે બધામાંથી પોતે છૂટી પણ જાય છે, મુક્ત થઈ જાય છે. આ બધાં કાર્યો તે કોઈ તોફાની વ્યંતર કે ભૂત પેઠે, યા તો ફાંકાબાજ કોઈ

જાદુગર પેઠે કરતો નથી. અર્થાત્, તે આપણને એક જૂઠાણામાંથી વધારે મોટાં જૂઠાણાં પ્રત્યે દોરતો નથી જેથી આખરે સઘળી વસ્તુઓનો કેવળ આભાસ કે ઈનકાર સિદ્ધ થાય. પરંતુ અહીં આ પાર્થિવ જગતમાં પણ તે આપણાથી વધારે જ્ઞાનવાળો છે અને આપણને એક સત્યથી વધારે ગહન અને વધારે વિશાળ સત્ય પ્રત્યે દોરી રહ્યો છે, એ રીતે આખરે જે ગહનમાં ગહન અને વિશાળમાં વિશાળ સત્યના અધિકારી હોઈશું તે આપણને જરૂર પ્રાપ્ત થશે. બ્રહ્મ તો સર્વવ્યાપક એવી એક વાસ્તવિક સત્તા છે, નહિ કે, સતત પ્રગટતી માયાનું સર્વવ્યાપી કારણ.

આમ સંવાદ સ્થાપન કરવા માટે આપણી પાસે ભાવાત્મક પાયો રહેલો છે એમ આપણે સ્વીકારીએ- અને સંવાદ કે સમાધાન બીજા કયા પાયા ઉપર સ્થાપન કરી શકાય?-તો એ પરાત્પર અજ્ઞેય વિષેનાં બુદ્ધિએ ઘડેલાં જુદાં-જુદાં ઘડતરોનો, જેમાનું પ્રત્યેક બુદ્ધિથી પર એવા કોઈ સત્યનું પ્રતિનિધિ હોય છે તે બધાંને, એકબીજા સાથે શો સંબંધ છે અને જીવન ઉપર તે પ્રત્યેકની શી અસર થાય છે તેનો વિચાર કરીને આપણે તેમને સમજવાં જોઈએ, એમને એકબીજાથી અતડાં તરીકે નહિ. એમાંના કોઈ એક ઘડતરના ઉપર આપણે એટલો બધો ભાર ન મૂકવો જોઈએ કે બીજાં બધાંનો છેદ જ ઊડી જાય, યા તો એમનું મૂલ્ય અણઘટતા પ્રમાણમાં ઓછું થઈ જાય. સાચું અદ્વૈત તે કહેવાય જે સર્વ વસ્તુઓને એકમેવાદ્વિતીયમ્ બ્રહ્મ તરીકે સ્વીકારી શકે, અને તે એક અખંડ બ્રહ્મને બે પરસ્પર વિસંવાદી એવી સત્તાઓ રૂપી બે વિભાગમાં વહેંચે નહિઃ એટલે કે એક બાજુ સનાતન સત્ય અને તેની સામે સનાતન મિથ્યા, એક બાજુ બ્રહ્મ અને સામે અબ્રહ્મ, આત્મા અને અનાત્મા, વાસ્તવિક 'સ્વ' અને તેની સામે અવાસ્તવિક અને છતાં, શાશ્વત 'માયા' એવો ભેદ પાડે નહિ. જો આત્મા જ કેવળ સત્-તા છે એ સાચું હોય તો જે કાંઈ છે તે સઘળું આત્મા છે એ પણ એટલું જ સાચું હોવું જોઈએ. અને એ આત્મા, ઈશ્વર કે બ્રહ્મ કોઈ અસહાય અવસ્થા માત્ર, કોઈ મર્યાદિત સત્તા, કોઈ સંકુચિત વ્યક્તિતા માત્ર નહિ પરંતુ આત્મચેતના વાળી સર્વમયતા હોય તો આવિર્ભાવ પામવાનું કોઈ સબળ અંતઃસ્થિત કારણ પણ તેનામાં રહેલું હોવું જોઈએ. અને એ કારણની શોધ આપણે કરવી હોય તો જે કાંઈ આવિર્ભાવ પામેલું છે તે સઘળાની અંદર કાંઈક સામર્થ્ય, કાંઈ જ્ઞાન, કોઈ સત્ સ્વરૂપનું સત્ય રહેલું હોવું જોઈએ એવી માન્યતા ઉપર આપણે ચાલવું જોઈએ. દુનિયામાં વિસંવાદ અને અનિષ્ટ પ્રત્યક્ષ

રૂપે રહેલાં છે, એમને એમનાં ક્ષેત્રમાં આપણે સ્વીકારવાનાં છે પરંતુ જીવનના વિજેતા તરીકે સ્વીકારવાનાં નથી. માનવજાતિની ઊંડામાં ઊંડી સાહજિક પ્રેરણા આ વિશ્વરૂપી આવિર્ભાવના છેવટના શિખર તરીકે કોઈ સનાતન મશ્કરી અને માયાની નહિ પરંતુ જ્ઞાનની શોધ કરે છે અને તે સકારણ કરે છે. એટલે કે માનવની એ સાહજિક પ્રેરણા અત્યારે ઢંકાયેલા પરંતુ આખરે વિજયી નીવડનાર શિવત્વની, નહિ કે સર્વસર્જક અને અપરાજેય એવા અશિવની, આશા રાખે છે,- માનવ આત્માએ વિશ્વરૂપી જે મહાન સાહસનો આરંભ કર્યો છે તેમાં તે નિરાશ થઈને હતાશ થઈને પાછા ફરવાની નહિ પરંતુ આખરી વિજયની અને સાર્થકતાની આશા રાખે છે.

એનું કારણ છે કે જે એકમાત્ર સત્ છે, જે એકમેવાદ્વિતીય બ્રહ્મ છે તેને એની બહારની કોઈ વસ્તુ ફરજ પાડે છે એમ આપણે માની શકતા નથી, કારણ કે એવી કોઈ વસ્તુ છે જ નહિ. તો, આપણે એમ પણ નથી માની શકતા કે તે પરમ સત્-તાની પોતાની જ અંદર કોઈ એવો અંશ રહેલો છે જે એના સમગ્ર સ્વરૂપનો વિરોધ કરે છે, એટલે કે, એ પરમ સત્ પોતે તેનો ઈનકાર કરે છે છતાં એ ભાગ એના કરતાં વધારે સમર્થ નીવડે છે. કારણ કે એવું જો આપણે સ્વીકારીએ તો સર્વરૂપ એક સત્ અને સર્વથી જુદી જ કોઈ વસ્તુ એમ બે વાસ્તવિકતાઓ વચ્ચેનો જૂનો વિરોધ બીજી ભાષામાં ઊભો કરીશું. કદાચ આપણે એમ કહીએ કે આત્મા તો નિરપેક્ષપણે કેવળ નિષ્પક્ષપાત છે અને સઘળી વસ્તુઓને તે સમાન ભાવે સહન કરી લે છે તેથી આ વિશ્વનું અસ્તિત્વ ટકી રહ્યું છે અને આત્મા તો વિશ્વની સઘળી વાસ્તવિકતાઓને તથા સઘળી શક્યતાઓને ઉદાસીન ભાવે જ જોયા કરે છે એમ પણ માનીએ તોપણ આપણે સ્વીકારવું પડશે કે આ વિશ્વના આવિર્ભાવનો સંકલ્પ કરનાર કોઈ વસ્તુ રહેલ છે અને તે તેને ટકાવી પણ રહેલી છે, અને એ વસ્તુ સર્વમય બ્રહ્મ સિવાય બીજી કોઈ, તેનાથી બહારની હોઈ શકે નહિ. સર્વ વસ્તુમાં વ્યાપક રૂપે રહેલ બ્રહ્મ અવિભાજ્ય અને અખંડ છે અને તેથી આ વિશ્વની પાછળ જે કોઈ સંકલ્પ કાર્ય કરી રહ્યો છે તે આખરે તો બ્રહ્મનો પોતાનો જ સંકલ્પ છે. આપણી સાપેક્ષ અને મર્યાદિત લઘુચેતના જગતમાં અનિષ્ટ, અજ્ઞાન અને દુઃખની હયાતી જોઈને ભયભીત થઈ જાય છે અને બ્રહ્મને પોતાની જવાબદારી અને કાર્યમાંથી મુક્ત કરવાનો પ્રયત્ન કરે છે. અને એ બધા માટે બ્રહ્મનું વિરોધી કોઈ તત્ત્વ, માયા કે માર, કોઈ બુદ્ધિવાળો સેતાન કે અનિષ્ટનું કોઈ સ્વયંભૂ

દિવ્ય જીવન

ગ્રંથ ૧

સર્વવ્યાપક વાસ્તવિકતા

અને

વિશ્વ

તત્ત્વ, એ ઊભું કરે છે.

એટલે જો જગત એક સ્વપ્ન કે માયા કે એક ભ્રમ માત્ર હોય તોપણ આત્માએ, ચિત્ વસ્તુએ, પોતાની સમગ્રતામાં ઉત્પન્ન કરેલું અને સંકલ્પેલું જગત છે. આત્માએ જગત એ પ્રમાણે ઉપજાવેલું અને સંકલ્પેલું છે એટલું જ નહિ પરંતુ એ જગતને ટકાવી પણ તે જ રહ્યો છે, તથા પોતાની અંદર તેને તે ધારણ પણ કરી રહ્યો છે. વળી, જગત રૂપી સ્વપ્ન એક વાસ્તવિકતામાં, આત્મારૂપી એક સત્ય વસ્તુમાં, પોતાનું જીવન ધારણ કરી રહેલું છે, અને એના સમગ્ર પોતમાં, એના એકેક તાણા અને વાણામાં, એના સમસ્ત બંધારણમાં એ વાસ્તવિકતા જ ઓતપ્રોત રહેલી છે, કારણ કે બ્રહ્મ પોતે જ જગતનું ઉપાદાન, એનો પાયો, અને એને ધારણ કરનાર વસ્તુ છે. સોનાના વાસણમાં રહેલું સોનું જો સત્ય છે, વાસ્તવિક છે, તો પછી પાત્ર પોતે અસત્ય કે મિથ્યા છે, મૃગજળવત્ છે એમ આપણે કેવી રીતે કહી શકીશું? આપણે જોઈ શકીએ છીએ કે 'સ્વપ્ન', 'માયા' વગેરે શબ્દો કેવળ વાણીની ચાલાકી માત્ર છે, આપણી સાપેક્ષ ચેતનાની ટેવોનું પરિણામ છે; એ શબ્દો અમુક સત્યને, કોઈ મહાન સત્યને પણ, રજૂ કરતા હોય છે, પરંતુ તેને વિષે એ શબ્દો ગેરસમજૂતી પણ ઉત્પન્ન કરે છે. આપણે આગળ જોઈ ગયા કે અસત્ શું છે એની ખોજ કરતાં કરતાં આખરે તે શૂન્યાત્મક, વસ્તુમાત્રના અભાવ કરતાં કોઈ જુદી જ વસ્તુ નીકળી તેમ આ વિશ્વરૂપી સ્વપ્ન પણ મનની કલ્પેલી કેવળ મિથ્યા વસ્તુ અને મૃગજળ કરતાં કોઈ જુદી જ વસ્તુ નીકળે છે. રૂપાત્મક સત્-તા, વાસ્તવિકતાનું રૂપાત્મક સ્વરૂપ એટલે ભૂત કે પડછાયો માત્ર નથી; જડ વસ્તુમાં ઉદ્ભવેલો સત્યનો આકાર તે રૂપાત્મક સત્-તા છે.

એટલે આપણી વિચારણામાં આપણે સર્વવ્યાપી એક વાસ્તવિકતા-સર્વ ખલુ ઇદં બ્રહ્મ-થી આરંભ કરીએ છીએ. એને એક છેડે આવી રહેલ અસત્ તથા બીજી છેડે આવી રહેલ વિશ્વ બન્નેમાંનુ એકેય નિષેધાત્મક વસ્તુ નથી કે તે સંપૂર્ણપણે બ્રહ્મનો છેદ ઉડાવી દઈ શકે; ખરું જોતાં એ બંને છેડાઓ બ્રહ્મરૂપી વાસ્તવિકતાની જુદી જુદી અવસ્થાઓ છે, સામેની અને પાછળની બાજુનાં વિધાનો છે. બ્રહ્મ રૂપી એ વાસ્તવિકતાની સૌથી ઊંચેની ભૂમિકાની અનુભૂતિ તો એમ બતાવે છે કે સત્ય એક સચેતન સત્-તા છે એટલું જ નહિ, પરંતુ પરમ જ્ઞાન અને શક્તિ સ્વરૂપ તથા સ્વયંભૂ આનંદ પણ છે; વળી વિશ્વથી પેલી તરફ એવા

વિશ્વાતીત સ્વરૂપમાં એ કોઈ અજ્ઞેય સત્તા રૂપે રહેલ છે, કોઈ નરી અનિર્વચનીય આનંદની અવસ્થા છે. એટલે અત્યારે આપણે ઈન્દ્રિયોના સંસ્કાર અને મનના મર્યાદિત વિચારો વડે આપણે વિશ્વનાં દ્વંદ્વોને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ તેમ ન કરતાં આપણી મુક્ત બુદ્ધિ અને અનુભૂતિના પ્રકાશ વડે જ્યારે આપણે તેમને સમજીશું ત્યારે એ દ્વંદ્વોનું સમાધાન પણ એ ઊંચામાં ઊંચી અનુભૂતિમાં આવીને પરિણમશે એમ માનવામાં આપણે સપ્રમાણિત છીએ, આપણે સાચા છીએ. જ્યાં સુધી આપણે દ્વંદ્વોના દબાણ નીચે કચરાયેલા હોઈએ છીએ ત્યાં સુધી આ સત્યને શ્રદ્ધા વડે સતત આપણા અંતરમાં ટેકો આપવાની ફરજ પડશે એ નક્કી છે. પરંતુ એ શ્રદ્ધા એવી છે કે ઊંચામાં ઊંચી તર્કબુદ્ધિ યાને યુક્તિ, વિશાળમાં વિશાળ વ્યાપક ધીર વિચારણા એનો ઈનકાર કરતી નથી, પરંતુ એને ટેકો આપે છે. આ માન્યતા માનવજાતિને આપવામાં આવી છે તે એટલા માટે કે માનવજાતિ એવી વિકાસની ભૂમિકાને પહોંચે, જ્યારે એ શ્રદ્ધા જ્ઞાનમાં અને સંપૂર્ણ અનુભૂતિમાં પરિણમે, ત્યાં સુધી એની ઊર્ધ્વ પ્રત્યેની યાત્રામાં એને સહારો મળે, અને જ્ઞાનની સાબિતી એના કાર્યોમાં, પરિણામોમાં જ મળી રહેશે.

પ્રકરણ ૫

વ્યક્તિનું ભાવિ નિર્માણ

अविद्यया मृत्युं तीर्त्वा विद्ययामृतमश्नुते ।.....
विनाशेन मृत्युं तीर्त्वा संभूत्यामृतमश्नुते ।.....

ईश उपनिषद् ११,१४

તેઓ અવિદ્યા વડે મૃત્યુને તરી જાય છે અને જ્ઞાન વડે અમરતા ભોગવે છે. અસંભૂતિથી તેઓ મૃત્યુને તરી જાય છે અને સંભૂતિથી અમરતાને ભોગવે છે.

ઈશ ઉપનિષદ ૧૧,૧૪

નિરપેક્ષ કે સાપેક્ષ, શરીરી કે અશરીરી, અચેતન કે સચેતન, સજીવન કે જીવનરહિત એવાં જીવનનાં અને સત્તાનાં સર્વ સ્વરૂપોનું અંતિમ સત્ય કોઈ સર્વવ્યાપી વાસ્તવિકતા છે; તથા એ વાસ્તવિકતાના અનંતવિધ પ્રકારોમાં અને પરસ્પર સતત વિરોધી એવા તેના આવિર્ભાવોમાં પણ, એટલે કે આપણા સામાન્ય અનુભવની સમીપ જે વિરોધો છે તેમનાથી આરંભ કરીને અનિર્વચનીયની સીમામાં લુપ્ત થઈ જનાર દૂરાતિદૂર દેખાતા વિરોધો સુધી, એ પરમ વાસ્તવિકતા સર્વના સરવાળા રૂપ કે ટોળા રૂપ નથી પરંતુ એકમેવાદ્વિતીય છે. સર્વ પ્રકારના વિકારો એ એક વાસ્તવિકતામાંથી શરૂ થાય છે, સર્વ વિવિધતાઓ એ એકની અંદર સમાય છે અને એની અંદર લય પામે છે. સર્વ પ્રકારનાં ભાવાત્મક વિધાનોનો ઈનકાર કરવામાં આવે છે તે એ એકમેવાદ્વિતીયમ્‌નું વધારે વિશાળ વિધાન કરવા ખાતર, સર્વ પ્રકારના વિરોધી ભાવો એકબીજાની સામસામા થાય છે તે પોતપોતાનાં વિરોધી પાસાંઓમાં એક જ સત્યને ઓળખવા ખાતર અને અન્યોન્યની એકતાને એ વિરોધને માર્ગે પામવા ખાતર. બ્રહ્મ એટલે સત્તામાત્રનો, જીવનમાત્રનો આદિ અને અંત, બ્રહ્મ એટલે એકમેવાદ્વિતીય સત્તા.

પણ બ્રહ્મની આ એકતાની વ્યાખ્યા આપવી અસંભવિત છે. જ્યારે આપણે મન વડે એવી વ્યાખ્યા બાંધવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણને માનસિક વિભાવ અને અનુભવોની અનંત શ્રેણીમાં થઈને તેના પ્રત્યે ગતિ કરવાની ફરજ પડે છે. અને

છતાં આખરે તો માનવ મનનાં વિશાળમાં વિશાળ વિભાવનોનો, આપણા સમગ્રતાવાળા વિશાળમાં વિશાળ અનુભવોનો ઈનકાર કરવાની આપણને ફરજ પડે છે, જેથી કરીને એ પરમ વાસ્તવિકતા સર્વ વ્યાખ્યાઓથી પર છે એવું વિધાન આપણે કરી શકીએ. આ રીતે, ભારતના ઋષિઓના '**नेति नेति**', 'તે આ નથી, તે આ નથી' એ સૂત્રને આપણે પહોંચીએ છીએ. એવો કોઈ અનુભવ નથી જેનાથી આપણે તે એકને મર્યાદિત કરી શકીએ, એવો કોઈ માનસિક વિચાર નથી જેના વડે તેની વ્યાખ્યા કરી શકાય.

આપણે પોતે આખરે જે સત્તારૂપ છીએ અને આપણા વિચારો અને ઈન્દ્રિયો આગળ જે રજૂ થાય છે તે સર્વમાં આપણે જેને જોઈએ છીએ અને જાણીએ છીએ તે અંતિમ વાસ્તવિકતા વિષે આપણું મન શું કહી શકે તેમ છે? એટલું જ કે કોઈ અજ્ઞેય આપણને સત્તાની અનેક સ્થિતિમાં, અનેક ગુણો અને રૂપોમાં, ચેતનાનાં અનેક સ્વરૂપોમાં, શક્તિની અનેકવિધ પ્રવૃત્તિમાં આપણી આગળ દેખા દે છે. આપણે એ અજ્ઞેયની સમીપ જવાનું છે તથા તેને જાણવાનો છે પણ તે એની એ અનેક સ્થિતિઓમાં થઈને, એ રૂપોમાં, એ પ્રવૃત્તિઓમાં અને એ બધામાં થઈને જ. પરંતુ જો આપણું મન ગ્રહણ કરી શકે અને ધારણ કરી શકે એવા અદ્વૈતને પ્રાપ્ત કરવાની ઉતાવળમાં, અનંતને આપણા આલિંગનમાં પૂરી રાખવાનો આગ્રહ સેવીને આપણે એ વાસ્તવિકતાને કોઈ એક વ્યાખ્યામાં મર્યાદિત એવી સત્તાની સ્થિતિ સાથે તાદાત્મ્ય કરાવીશું, પછી તે સ્થિતિ ગમે તેટલી શુદ્ધ અને સનાતન ભલે હોય, યા તો કોઈ ખાસ વિશેષણ સાથે તેની એકતા સ્વીકારીશું, પછી તે વિશેષણ ગમે તેવું સામાન્ય અને સમગ્રતાવાળું હોય, યા તો ચેતનાના કોઈ અચળ બંધારણ સાથે તેને તદ્રૂપ થયેલું માનીશું, પછી તે બંધારણનું ક્ષેત્ર ગમે તેટલું વિશાળ ભલે હોય, અથવા તો કોઈ શક્તિ કે પ્રવૃત્તિ સાથે એક ગણીશું, પછી તે ગમે તેટલી મર્યાદિત હોય, અને એ અજ્ઞેયના અન્ય સર્વે ભાગોનો આપણે ઈનકાર કરીશું તો તે અજ્ઞેયની અજ્ઞેયતા સામે આપણું મન અપરાધ કરે છે અને સાચી એકતાને બદલે અવિભાજ્યના વિભાગને જ પ્રાપ્ત કરે છે એમ સમજવું.

આ સત્ય પ્રાચીન કાલમાં એટલું તો ભારપૂર્વક જાણવામાં આવ્યું હતું કે વેદાન્તના દ્રષ્ટાઓએ આપણી ચેતનાને માટે અંતિમ વાસ્તવિકતાના ઉચ્ચમાં ઉચ્ચ ભાવાત્મક આવિર્ભાવ તરીકે સચ્ચિદાનંદનો ખ્યાલ બાંધ્યા પછી તથા તેની પ્રતીતિકારક અનુભૂતિ થયા પછી પણ તેઓએ પોતાની સૂક્ષ્મ બુદ્ધિને યા તો અનુભૂતિને આગળ લઈ

જઈને અસત્‌નો, વિશ્વાતીત કોઈ નકારાત્મક સત્તાનો ખ્યાલ બાંધ્યો હતો. એટલે કે એ અસત્ માનવના સર્વે અનુભવો જે અંતિમ સત્‌ના શુદ્ધ ચિત્તનાં જે અનંત આનંદના આવિર્ભાવ રૂપ યા તો વિકૃતિ રૂપ હોય છે તે સચ્ચિદાનંદ નથી. જો એ વસ્તુ સત્ કે ચિત્ કે આનંદમય છે એમ આપણે લેશ પણ માનીએ તોપણ અહીં પૃથ્વી ઉપર એ તત્ત્વોને તેમના ઉચ્ચમાં ઉચ્ચ અને શુદ્ધમાં શુદ્ધ રૂપમાંથી આપણે પામી શકીએ તેમ છીએ તેનાથી તે પર છે એમ કહેવું જોઈએ તેમ જ સત્, ચિત્, આનંદ વગેરે નામોથી આપણે જેને જાણીએ છીએ તેનાથી તે કાંઈ જુદું જ હોવું જોઈએ. વેદોના પ્રામાણ્યનો અસ્વીકાર કરવાને કારણે હિન્દુ ધર્મશાસ્ત્રજ્ઞોએ જેને અવૈદિક મત તરીકે જાહેર કર્યો છે એવો બૌદ્ધ ધર્મ અવૈદિક છતાં પણ ઉપર જણાવેલા વેદાન્તના અસત્‌ના ભાવને જ ખરી રીતે પહોંચે છે. ફક્ત ઉપનિષદોનાં ભાવાત્મક અને સમન્વયાત્મક દર્શનમાં સત્ તથા અસત્‌ને પરસ્પર વિનાશક વિરોધી તત્ત્વો તરીકે નહિ પરંતુ અજ્ઞેયની ઝાંખી કરવાના આખરી વિરોધાભાસ તરીકે ગણવામાં આવે છે. અને આપણી ભાવાત્મક ચેતનાના વ્યવહારમાં અદ્વૈતને પણ અનેકતા સાથે પોતાનો મેળ મેળવવો પડે છે; કારણ કે અનેક યાને બહુ પણ બ્રહ્મ છે. વિદ્યા વડે એટલે કે એકતાના જ્ઞાન વડે આપણે પ્રભુને જાણીએ છીએ; એના વિના અવિદ્યા, એટલે કે સાપેક્ષ અને અનેકતાવાળી ચેતના અંધકારમય રાત્રિ રૂપ છે તથા અજ્ઞાનજનિત અવ્યવસ્થા છે. અને છતાં એ અજ્ઞાનના ક્ષેત્રને આપણે બાતલ રાખીએ, એટલે જાણે કે અવિદ્યા અવાસ્તવિક છે, છે જ નહિ એમ માનીને આપણે એનો ત્યાગ કરવાનો પ્રયત્ન કરીશું તો વિદ્યા યાને જ્ઞાન પોતે એક પ્રકારનું આવરણ બનશે અને અપૂર્ણતાના મૂળ રૂપ થશે. તેજથી ઝંખવાઈ ગયેલી દૃષ્ટિવાળા માણસો જેમ અંધ બની જાય છે અને એ જ્યોતિ જે ક્ષેત્રને પ્રકાશિત કરે છે તેને જ જોઈ શકતા નથી તેવું માનવ ચેતનાને થાય છે.

આપણા સૌથી પ્રાચીન ઋષિઓનો ઉપદેશ આ પ્રમાણે શાંત, જ્ઞાનપૂર્ણ અને સુસ્પષ્ટ છે. એમનામાં અન્વેષણ કરવાની અને જ્ઞાન પ્રાપ્ત કરવા માટેની આવશ્યક ધીરજ અને સામર્થ્ય હતું; એમનામાં આપણા જ્ઞાનની મર્યાદાઓનો સ્વીકાર કરવાની વિશદતા અને નમ્રતા પણ હતી. એમને એ જ્ઞાન પોતાની સીમા વટાવીને પેલી તરફ કોઈ અન્ય ઊર્ધ્વ પ્રદેશમાં જતું જણાયું હતું અને એ સરહદ પ્રદેશનું જ્ઞાન તેમણે પ્રાપ્ત કર્યું હતું. પાછળના યુગોમાં માનવ બુદ્ધિ અને હૃદયની અધીરાઈ, અંતિમ આનંદ પ્રત્યેનું યા

તો શુદ્ધ સત્તાની ઉચ્ચ પ્રભુતા પ્રત્યેનું તીવ્ર આકર્ષણ તથા એકપક્ષી બુદ્ધિ વગેરેએ અનેકનો ઇનકાર કરીને તે એકની, એકમેવાદ્વિતીયની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કર્યો હતો, આધ્યાત્મિક સાક્ષાત્કારનાં ઉચ્ચતમ શિખરોની હવા તેણે અનુભવી હતી, તેથી ગહન ઊંડાણોના રહસ્યનો તેણે તિરસ્કાર કર્યો હતો યા તો તેના પ્રત્યે ઘૃણા સેવી હતી. પરંતુ આપણા પ્રાચીન જ્ઞાનીઓની દૃષ્ટિએ તો જોયું હતું કે પ્રભુને વાસ્તવિક રીતે જાણવો હોય તો તેને સર્વત્ર સમાન રીતે ભેદ વગર જોવો અને જાણવો જોઈએ; અને તે જે વિરોધો દ્વારા પ્રકાશે છે એમને જોવા અને મૂલવવા જોઈએ પરંતુ એમનાથી પરાભૂત થયા વગર.

આમ હોવાથી આપણે એકપક્ષી તર્કવાદે ઊભા કરેલા અતિ કડક ભેદોને બાજુ પર મૂકી દઈશું; એટલે કે એકમેવાદ્વિતીય વાસ્તવિક છે, તેટલા માટે અનેક માયા છે તથા કેવળ સત્ સ્વરૂપ છે, એક માત્ર સત્ છે, તેથી કરીને સાપેક્ષ અસત્ છે, તથા નહિવત્ છે એમ આપણે માનીશું નહિ. અનેકની અંદર ભારપૂર્વક અને સતત આપણે એકની શોધ કરીએ છીએ તે એ એકનાં આશીર્વાદ અને દર્શન પ્રાપ્ત કરીને અનેકની અંદર તે એકની પ્રતીતિને પ્રાપ્ત કરવા માટે.

વળી, માનવ મન તેના વધારે સમર્થ પ્રસારોમાં અને અંતરાવસ્થાઓમાં જે વિશિષ્ટ દૃષ્ટિબિંદુઓને પ્રાપ્ત કરે છે અને તેમનું હદ ઉપરાંત મૂલ્ય આંકે છે એ વૃત્તિમાંથી પણ આપણે આપણી જાતને બચાવી લઈશું. જેમ જડવાદની અસર નીચે આવેલ બુદ્ધિ, પ્રભુ અને બધાં ઊર્ધ્વ તત્ત્વો ભ્રમણાત્મક ખ્યાલો માત્ર છે એવું જ્ઞાન આપે છે, તે જેમ અંતિમ દર્શન નથી, તેમ આધ્યાત્મિક મન વડે પ્રાપ્ત કરેલું જ્ઞાન, કે જગત એ અવાસ્તવિક સ્વપ્ન છે, તે પણ અંતિમ દર્શન નથી. જડવાદી માનસની બાબતમાં એમ હોય છે કે એને ઇન્દ્રિયોના પુરાવાનો જ અભ્યાસ હોઈ, વાસ્તવિકતા એટલે શારીરિક યાને સ્થૂલ હકીકત એવો ખ્યાલ બંધાયેલો હોવાથી, કાં તો જ્ઞાનપ્રાપ્તિના અન્ય સાધનોનો પ્રયોગ કરવાને એ ટેવાયેલું નથી હોતું અથવા તો સ્થૂલથી પર એવી અનુભૂતિને તે વાસ્તવિકતા ગણવાને અશક્ત હોય છે. બીજા એટલે કે આધ્યાત્મિકતાના વિશિષ્ટ અનુભવવાળા માનસમાં એનું એ જ માનવ મન કોઈ અશરીરી વાસ્તવિકતાની અભિભૂત કરે એવી અનુભૂતિમાં આરોહણ કરીને એ જ પ્રકારની અશક્તિ અને પરિણામે સ્વપ્ન કે ભ્રમણાનો એનો એ ખ્યાલ ઇન્દ્રિયોના અનુભવના ક્ષેત્રને લાગુ કરે

છે. પરંતુ આ બન્ને દૃષ્ટિબિંદુઓ જે સત્યને વિકૃત કરે છે તે સત્યને પણ આપણે જાણીએ છીએ. આત્મસાક્ષાત્કાર કરવા માટે આપણને જે નામરૂપાત્મક જગતમાં મૂકવામાં આવ્યા છે તેમાં આપણી સ્થૂલ ચેતનાનો કાબૂ લીધો ન હોય ત્યાં સુધી કોઈ પણ સત્ય તેને માટે પૂરેપૂરું પ્રતીતિજનક અને સત્ય નીવડતું નથી. વળી એ પણ એટલું જ સાચું છે કે રૂપ અને જડતત્ત્વ એ બે તત્ત્વો સ્વયંભૂ વાસ્તવિકતા તરીકે પોતાની જાતનો આવિર્ભાવ કરે તો તે અવિદ્યાજન્ય ભ્રમણા છે. રૂપ અને જડતત્ત્વ અશરીરી અને જડથી સ્વતંત્ર એવા કોઈ સત્યના આવિર્ભાવ માટેના આવશ્યક આકાર અને પદાર્થ રૂપ સામગ્રી તરીકે જ માત્ર સત્ય હોઈ શકે છે. એ બન્ને અસલ સ્વરૂપે તો દિવ્ય ચેતનાનાં જ કાર્ય રૂપે છે, અને આત્માની વિશિષ્ટ અવસ્થા રજૂ કરવી એ તેમનો હેતુ છે.

બીજી રીતે કહીએ તો, બ્રહ્મે રૂપનો સ્વીકાર કર્યો છે તથા સ્થૂલ પદાર્થ તત્ત્વોમાં પોતાની જાતને રજૂ કરી છે તો તે સાપેક્ષ અને રૂપાત્મક ચેતનાનાં સ્વરૂપોમાં પોતાના આવિર્ભાવનો આનંદ લેવા માટે જ હોઈ શકે. આ વિશ્વમાં બ્રહ્મ પ્રગટે છે તે જીવનનાં મૂલ્યોમાં પોતાની જાતને રજૂ કરવા માટે જ છે. જીવન બ્રહ્મની અંદર અસ્તિત્વ ધરાવે છે તે એટલા માટે કે તે પોતાની અંદર બ્રહ્મને પ્રાપ્ત કરી શકે. તેથી કરીને જગતમાં માનવનું મહત્ત્વ એ છે કે તે જગતને ચેતનાના વિકાસની એવી ભૂમિકાઓ પર લઈ જાય છે કે જ્યાં સંપૂર્ણ આત્મપ્રાપ્તિને પરિણામે તે જગતનું રૂપાંતર શક્ય બને છે. જીવનમાં પ્રભુનો હેતુ સાર્થક કરવો એ માનવની માનવતા છે. માનવ શરૂઆત કરે છે પાશવ પ્રાણશક્તિ અને તેની પ્રવૃત્તિઓથી, પરંતુ તેનું લક્ષ્ય દિવ્ય જીવન છે.

પરંતુ વિચારની સૃષ્ટિની પેઠે જીવનમાં પણ આત્મસાક્ષાત્કાર કરવાનો સાચો નિયમ તે ક્રમે ક્રમે વધતી જતી બોધની શક્તિનો વિકાસ છે. બ્રહ્મ પોતાને ચેતનામાં એક પછી એક આવ્યે જતાં અનેક રૂપોમાં અભિવ્યક્ત કરતું રહે છે. એ બધાં રૂપો પોતપોતાની મેળે એક સાથે આવી રહેલાં હોય અથવા તો કાળની અંદર સમકાલીન હોય તોપણ તેમની વચ્ચેના સંબંધમાં ક્રમ રહેલો છે. અને જીવને પણ પોતાના સ્વાવિર્ભાવની ક્રિયામાં પોતાના સ્વરૂપના નિત્ય નિત્ય નવા નવા પ્રદેશોમાં પહોંચવાનું રહે છે. પરંતુ ચેતનાના એક ક્ષેત્રમાંથી બીજામાં જતી વખતે નવી પ્રાપ્તિ માટેની આપણી આતુરતાને લઈને જો આપણે પૂર્વે કરેલી પ્રાપ્તિનો ત્યાગ કરીશું, ઉ.ત. જો આપણે મનોમય જીવનને પહોંચવા માટે, યા તો પહોંચીને સ્થૂલ જીવન જે આપણો પાયો છે તેનો ત્યાગ

કરીશું યા તો તેને નિર્જીવ ગણી કાઢીશું તો, અથવા તો આધ્યાત્મિક ભૂમિકાના આકર્ષણને લઈને આપણે માનસિક અને શારીરિક જીવનનો ત્યાગ કરીશું તો આપણે પ્રભુના હેતુની સમગ્ર સાર્થકતા પ્રાપ્ત કરી શકીશું નહિ, તથા પ્રભુના આવિર્ભાવની શરતો પૂરી પાડી શકીશું નહિ. એ રીતે આપણે પૂર્ણ થઈ શકતા નથી. પરંતુ આપણી અપૂર્ણતાનું ક્ષેત્ર ફક્ત બદલીએ છીએ; અથવા તો, મર્યાદિત આરોહણ બહુ બહુ તો પ્રાપ્ત કરી શકીએ છીએ. આપણે ગમે તેટલા ઊર્ધ્વમાં આરોહણ કરીએ. ભલે તે પરાત્પર અસત્‌ની અંદર પણ હોય પરંતુ જો આપણે આપણો પાયો ભૂલી જઈએ તો એ આપણી ઊર્ધ્વ ગતિ ભૂલભરેલી ગણાય. નિમ્ન પ્રકૃતિને એની પોતાની સ્થિતિમાં છોડી દેવાની છે એમ નથી, પરંતુ જે ઊર્ધ્વ ચેતનાને આપણે પ્રાપ્ત કરી હોય તેને અનુસાર નિમ્ન પ્રકૃતિનું રૂપાંતર કરવું એમાં જ પ્રકૃતિની સાચી દિવ્યતા રહેલી છે. બ્રહ્મ સમગ્રતાવાળું છે અને ચેતનાની અનેક દશાઓને એ એક વખતે સંવાદમાં ધારણ કરે છે; બ્રહ્મના ધર્મને અભિવ્યક્ત કરતાં આપણે પણ સમગ્રતાવાળા અને સર્વપ્રેમી થવું જોઈએ.

સ્થૂલ જીવન પ્રત્યેની ઘૃણા ઉપરાંત ત્યાગવૃત્તિની બીજી પણ જે અતિશયતા છે તેને પ્રભુના આ સમગ્ર આવિર્ભાવનો આદર્શ સુધારે છે. વ્યક્તિ, વિશ્વ અને પરાત્પર યા તો વિશ્વાતીત એ ત્રણ ચેતનાનાં સામાન્ય રૂપો છે. એ ત્રણની વચ્ચેનો શો સંબંધ છે એ જ જીવનનો મોટો કોયડો છે. જીવનની પ્રવૃત્તિઓની સામાન્ય વહેંચણીમાં, વ્યક્તિ પોતાની જાતને અલગ સત્તા તરીકે વિશ્વમાં આવી રહેલી ગણે છે, અને વિશ્વ અને વ્યક્તિ બન્નેને તે એ બન્નેથી પર એવા પરાત્પરના ઉપર આધાર રાખી રહેલ જાણે છે. આ પરાત્પરતાને, આ વિશ્વાતીત ચેતનાવસ્થાને, આપણે વ્યવહારમાં પ્રભુનું નામ આપીએ છીએ, અને આ રીતે એ પ્રભુ આપણાં માનસિક વિભાવનોમાં વિશ્વાતીત નહિ પણ વિશ્વથી જુદો, વિશ્વથી બહાર હોય એવો બની રહે છે. આ ભેદને પરિણામે વ્યક્તિ તથા વિશ્વ બન્નેનું અધઃપતન અને અલ્પ મૂલ્યાંકન થાય એ સ્વાભાવિક છે. અને એમાંથી પછી તર્કની રીતે, વિશ્વ અને વ્યક્તિ બન્નેનો પ્રભુની પરાત્પરતાને પ્રાપ્ત કરવાથી સધાતો વિલય એ જ ઊંચામાં ઊંચું દર્શન બની રહે છે.

બ્રહ્મની એકતાનું સમગ્ર દર્શન એ ઉપર જણાવેલાં પરિણામોને દૂર રાખે છે. જેમ માનસિક અને આધ્યાત્મિક ભૂમિકાને પ્રાપ્ત કરવા માટે આપણે શારીરિક જીવનનો ત્યાગ કરવો આવશ્યક નથી તેમ એવી એક વિકાસની દશા પ્રાપ્ત કરવી શક્ય છે, જેમાં

વ્યક્તિની પ્રવૃત્તિઓનું સાતત્ય વિરાટ ચેતનાના યા તો પરાત્પર અને વિશ્વાતીત ચેતનાના સમગ્ર બોધ સાથે વિસંવાદી હોતું નથી. કારણ કે જગતથી પર, પરાત્પર પ્રભુ જગતને પોતાનામાં ધારણ કરે છે, તેની સાથે એક હોય છે અને તેને પોતાનાથી બાતલ રાખતો નથી, જેમ વિશ્વ ચૈતન્ય પણ વ્યક્તિને પોતાનામાં ધારણ કરે છે, તેની સાથે એક હોય છે, અને તેને પોતાનાથી બાતલ રાખતું નથી. વ્યક્તિ એ સારીયે વિરાટ ચેતનાનું કેન્દ્ર છે; વિશ્વ તે પેલા પરમ નિરાકાર અને વ્યાખ્યાતીત તત્ત્વનો આકાર અને વ્યાખ્યા છે, અને એ નિરાકાર વ્યાખ્યાતીત તત્ત્વ સંપૂર્ણ રૂપે વિશ્વમાં વ્યાપક બનીને આવી રહેલું છે.

વ્યક્તિ, વિશ્વાત્મા અને પરાત્પર એ ત્રણ વચ્ચે આ નિત્યનો સાચો સંબંધ છે. પરંતુ આપણા અજ્ઞાનને લઈને અથવા તો આપણી ભ્રમિત ચેતનાને લીધે એ સંબંધ આવરિત રહે છે. જ્યારે આપણે જ્ઞાનની યા તો સત્ય ચેતનાની પ્રાપ્તિ કરીએ છીએ ત્યારે એ સનાતન સંબંધમાં કશો તાત્ત્વિક ફેરફાર થઈ જતો નથી. પરંતુ વ્યક્તિના કેન્દ્રમાંથી તેની આંતર અને બાહ્ય દૃષ્ટિમાં ગંભીર પરિવર્તન થઈ જાય છે. અને પરિણામે તેની પ્રવૃત્તિની ભાવના અને અસરમાં પણ એવો જ ફેરફાર થઈ જાય છે. એવી સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી પણ પરાત્પરનું વિશ્વમાં કાર્ય થવા માટે વ્યક્તિ આવશ્યક કેન્દ્ર છે અને પરાત્પરનું વ્યક્તિની અંદર થતું એ કાર્ય વ્યક્તિ જ્યારે જ્ઞાનજ્યોતિથી આલોકિત થાય છે ત્યારે પછી શક્ય નથી એમ માનવાને કાંઈ કારણ નથી; ઊલટું વ્યક્તિની અંદર પરાત્પરનો સચેતન આવિર્ભાવ થવો એ સમષ્ટિને, વિશ્વાત્માને સચેતન કરવાનું સાધન હોવાથી જ્ઞાન જ્યોતિથી પ્રકાશિત વ્યક્તિ જગતમાં કર્મ કરવાં ચાલુ રાખે એ જગત-લીલાની એક અતિ આવશ્યક જરૂરિયાત છે, જો જ્ઞાનપ્રાપ્તિની ક્રિયાના પરિણામ તરીકે કર્મના ક્ષેત્રમાંથી અનિવાર્યપણે દૂર થઈ જવું એ જ નિયમ હોય તો જગત અંધકારમય, મૃત્યુ અને દુઃખની જ ભૂમિકા તરીકે સનાતન કાળ માટે રહેવાને સર્જાયેલું છે એમ જ કહેવું જોઈએ. અને એવું જગત એટલે ક્રૂરતાભરેલી કસોટીનું ક્ષેત્ર યા તો જડતાજનિત ભ્રમ જ કેવળ હોઈ શકે.

ત્યાગવાદપ્રધાન મીમાંસાઓનો જગતને એવું જ કલ્પવા તરફ પક્ષપાત હોય છે, વલણ હોય છે. પરંતુ વિશ્વ જીવન સમગ્ર પોતે માયારૂપ હોય, મિથ્યા હોય તો વ્યક્તિની મુક્તિનો કશો અર્થ હોઈ શકે નહિ. કેવલાદ્વૈતવાદના દૃષ્ટિબિંદુ પ્રમાણે વ્યક્તિ,

જીવભૂત આત્મા, પરમ સાથે એક છે, જુદાપણાનું તેનું ભાન એ તેનું અજ્ઞાન છે, એ ભેદભાવમાંથી છૂટવું અને પરમ સાથે પોતાનું તાદાત્મ્ય સાધવું, એ તેની મુક્તિ છે. પરંતુ પ્રશ્ન એ થવાનો કે આ મુક્તિથી લાભ કોને થાય છે? પરમ આત્માને તો નહિ જ, કારણ કે તે તો નિત્ય અને સર્વ પ્રકારે મુક્ત છે, શાંત છે, નીરસ છે અને શુદ્ધ છે. વળી જગતને પણ લાભ થઈ શકે નહિ, કારણ કે એ તો સતત બંધનમાં જ રહે છે અને વિશ્વવ્યાપી માયાના બંધનમાંથી ગમે તે વ્યક્તિ છૂટી જાય તેથી કાંઈ જગત મુક્તિ પામતું નથી. એ લાભ તો વ્યક્તિના આત્માને થાય છે કારણ કે ભેદ અને દુઃખમાંથી શાંતિ અને આનંદમાં છુટકારો કરીને તે પોતાનું પરમ કલ્યાણ સાધે છે. આનો અર્થ એ થાય કે આ વ્યક્તિરૂપ આત્મા મુક્તિ અને પ્રકાશની અવસ્થામાં પહોંચ્યા પછી પણ જગત અને પરમાત્માથી કોઈ રીતની ભિન્ન એવી વાસ્તવિકતાવાળી વસ્તુ છે એમ લાગશે. પરંતુ માયાવાદીના મત પ્રમાણે વ્યક્તિનો આત્મા એ માયા છે, અને એ ન સમજાય એવી માયાના જાદુની બહાર એનું અસ્તિત્વ છે જ નહિ. અર્થાત્ કે મિથ્યા અને અસત્ એવા બંધનની અંદરથી મિથ્યા અને અસત્ એવા જગતમાં મુક્તિ મેળવે એમાં એ અસત્ આત્માનું પરમ કલ્યાણ સમાયેલું છે એમ આપણે કહેવું જોઈએ, કારણ કે પરમ જ્ઞાનની ઉત્તમોત્તમ અવસ્થા આ પ્રમાણે વર્ણવેલી છે : 'કોઈ બંધનમાં નથી, કોઈ મુક્ત નથી, કોઈ મુક્ત થવાનો પ્રયત્ન કરતો નથી.' વિદ્યા પણ રૂપાત્મક સત્તાનો જ એક ભાગ છે ને તે અવિદ્યાના જેટલો જ. આપણી મુક્તિમાં પણ આપણને માયા સામી મળે છે. અને એના રહસ્યનો ભેદ પામવાનો દાવો કરનાર વિજયી તર્કવાદની સામે તે અટ્ટહાસ્ય કરે છે.

આપણને કહેવામાં આવે છે કે આ વસ્તુઓ અનિર્વચનીય છે; એ એક વિશ્વની શરૂઆતથી ઉપસ્થિત અને ન છોડી શકાય એવું આશ્ચર્ય છે, અબોધ્ય ચમત્કાર છે. માયાની અવ્યવસ્થિતતામાંથી છૂટવા માટે આપણે અવ્યવસ્થિતતાનો આશ્રય લેવાનો છે. વ્યક્તિનો આત્મા પોતાના અહંકારના બંધનની ગ્રંથિને-હું બ્રહ્મ છું-એવી અહંતાના અંતિમ અને પરમ કાર્ય વડે, કેવળ અન્ય સર્વ પ્રત્યેની આસક્તિને બાતલ કરીને પોતાની જ મુક્તિ માટેની અભીપ્સા સેવવાથી તોડી શકે છે. આનો અર્થ એ થયો કે માયાની અંદર વ્યક્તિ પોતાના જુદા અસ્તિત્વને નિરપેક્ષપણે પ્રતિપાદન કરે છે. આ દૃષ્ટિબિંદુથી તો બીજા આત્માઓ જાણે કે આપણા મને ઉત્પન્ન કરેલાં કલ્પિત સ્વરૂપો માત્ર હોય એમ જ ફલિત થાય અને એમની મુક્તિ અગત્યની નથી, અગત્યની ન

ગણાય, જાણે કે આપણો જ આત્મા સંપૂર્ણપણે વાસ્તવિક હોય અને એની મુક્તિ એ જ જાણે સૌથી વધારે અગત્યની વસ્તુ હોય. એટલે કે માયાના બંધનમાંથી મારા પોતાના વૈયક્તિક છુટકારાને હું વાસ્તવિક ગણું છું, જ્યારે બીજા આત્માઓ જે મારું પોતાનું જ સ્વરૂપ છે તે તો બંધનમાં પડી રહે છે!

આત્મા અને જગત એ બેની વચ્ચે ન ટાળી શકાય એવો જે વિરોધ આપણે લાવીએ છીએ તેનો ત્યાગ કરવાથી જ વિશ્વ રચનાનાં તત્ત્વો પોતપોતાના યોગ્ય સ્થાનમાં અને ઓછા વિરોધાત્મક તર્ક અનુસાર ગોઠવાઈ જશે. આવિર્ભાવની અનંતવિધ બાજુઓનો આપણે સ્વીકાર કરવો જ પડશે અને તે પણ આવિર્ભૂત તત્ત્વોની-બ્રહ્મની એકતાનું પ્રતિપાદન કરવા છતાં. અને આપણી ચારે તરફ જ્યાં નજર નાખીએ છીએ ત્યાં આપણને આ સત્ય આપણી પાછળ પડેલું હોય એમ લાગતું નથી શું? સિવાય કે જોવા છતાં પણ આપણે ન જોવાનો આગ્રહ રાખીએ. ચિન્મય સત્તાની ગહનતાનું સંપૂર્ણપણે સ્વાભાવિક અને સાદું રહસ્ય આખરે તો શું એ નથી કે તે પોતે પોતાની એકતા કે પોતાની અનેકતા બેમાંથી કશાથીયે મર્યાદિત થતું નથી કે બંધાતું નથી? એ 'કેવળ' છે, નિરપેક્ષ છે તે એ અર્થમાં કે પોતાના આત્માની અભિવ્યક્તિનાં સર્વ શક્ય સ્વરૂપોને સ્વેચ્છા પ્રમાણે યોજવાને અને પોતાની અંદર સમાવવાને તે સંપૂર્ણપણે સ્વતંત્ર છે, મુક્ત છે. કોઈ બંધનમાં નથી, કોઈ મુક્ત નથી, કોઈ મુક્ત થવા પ્રયત્ન કરતો નથી, કારણ કે તે પરાત્પર હમેશાં સંપૂર્ણ મુક્તિનું સ્વરૂપ છે. તે એટલો બધો મુક્ત છે કે તેની સ્વતંત્રતા પણ તેને બાંધી શકતી નથી. તે બંધનમાં પડ્યાની લીલા ખરેખર બંધનમાં પડ્યા વગર આચરી શકે છે. એને બાંધનારી શૃંખલા તે એણે પોતે જ પોતાના ઉપર લાદેલી એક વ્યવસ્થા છે. એણે અહંતાની મર્યાદાનો કરેલો સ્વીકાર એ તો એક સંક્રાન્તિની અવસ્થાની યુક્તિ છે અને એ યુક્તિનો ઉપયોગ કરીને તે વ્યક્તિ રૂપ બ્રહ્મના તંત્રની અંદર પોતાની પરાત્પરતા અને વિશ્વરૂપતાને ફરી ફરીને ઉત્પન્ન કરતો રહે છે.

પરાત્પર, વિશ્વાતીત નિરપેક્ષ છે તથા કાળ અને દિશાથી પર હોઈ પોતે સર્વતંત્ર સ્વતંત્ર છે. જ્ઞાન તથા અનંતના માનવબુદ્ધિપ્રધાન વિરોધોથી પર છે. પરંતુ વિશ્વમાં જ્યારે એ પરાત્પર વ્યક્ત થાય છે ત્યારે આત્મસ્વરૂપ સર્જવાની તેની સ્વતંત્રતા અથવા મુક્તિની, પોતાની માયાની એકતા અને અનેકતાની, પરસ્પર ન્યૂનતાપૂર્વક અંશોમાં પોતાના પ્રકટીકરણની યોજના કરે છે, અને એની પોતાની

બહુરૂપતાની એકતાને તે અવચેતન, સચેતન અને પરચેતન એ ત્રણ સ્થિતિઓમાં સ્થાપન કરે છે. કારણ કે આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ કે અનેક જ્યારે આપણા પાર્થિવ જગતમાં રૂપ ધારણ કરીને પદાર્થરૂપ બને છે ત્યારે અવચેતનની એકતાથી તેઓ આરંભ કરે છે અને અવચેતનની એ એકતા વૈશ્વિક કાર્ય અને વૈશ્વિક પદાર્થમાં ખુલ્લી રીતે પ્રગટ થાય છે. પરંતુ અનેક પોતે એ એકતા વિષે પોતાની ચેતનાની સપાટી ઉપર જાગ્રત હોતા નથી. સચેતનતામાં અહં ચેતનાની છીછરી સપાટી પરનું કેન્દ્ર બને છે કે જ્યાં આગળ એકતાની સભાનતા બહાર આવી શકે છે, પણ એને થતું એકતાનું એ જ્ઞાન તે બાહ્યરૂપ અને ચેતનાની સપાટીની ક્રિયાઓને લાગુ કરે છે અને તેની પાછળ જે સર્વ કાર્ય કરનારી શક્તિઓ હોય છે તેને વિષે તે અજ્ઞાત રહે છે તથા પોતે પોતાની આંતર ઘટનામાં એક છે એટલું જ નહિ પરંતુ અન્ય માનવો સાથે પણ પોતે એક છે એ સત્યનો સાક્ષાત્કાર તે કરી શકતો નથી. વિશ્વમય 'અહં'નું આ રીતે વિભક્ત બનેલા અહંભાવમાં મર્યાદિત થવું એમાંથી જ આપણું અપૂર્ણ વ્યક્તિ સ્વરૂપ બંધાય છે. પરંતુ અહં જ્યારે વ્યક્તિગત ચેતનાથી પર થાય છે ત્યારે અત્યારે આપણે માટે જે પરચેતના છે તેનો તે પોતાની અંદર સમાવેશ કરવા માંડે છે, અને પોતે તેનાથી અભિભૂત પણ થાય છે; ત્યાર પછી તેને વૈશ્વિક એકતાનું ભાન થાય છે અને પરાત્પર આત્મા જેને આ વિશ્વ અનંતવિધ એકતાના રૂપમાં અભિવ્યક્ત કરે છે તેમાં તે પ્રવેશ કરે છે.

એટલે વૈયક્તિક આત્માની મુક્તિ એ જ પ્રભુના સુસ્પષ્ટ દિવ્ય કર્મની ગુરુ ચાવી છે, વિશ્વની એ પ્રાથમિક દિવ્ય આવશ્યકતા છે, તથા એ ચણિયારાની ઉપર જ અન્ય સર્વ વસ્તુઓ ફરતી રહે છે. વ્યક્તિની એ મુક્તિ એ દિવ્ય જ્યોતિનું એક એવું બિંદુ છે કે જ્યાં આગળ અનેકોની અંદર પરાત્પરનો જે નિર્દિષ્ટ એવો સંપૂર્ણ આવિર્ભાવ છે તે પ્રત્યક્ષ થવા માંડે છે. પરંતુ મુક્ત આત્મા એકતાનું પોતાનું જ્ઞાન જેમ ઊર્ધ્વ પ્રત્યે તેમ સીધી લીટીમાં પણ પ્રસારે છે. પરાત્પર સાથેની તેની એકતા વિશ્વમાં રહેલા અનેક સાથેની એકતા સિવાય અપૂર્ણ રહે છે; અને અન્ય માનવો સાથેની તેની એકતા અનેકતાની અંદર અન્ય બિંદુઓમાં પોતાની મુક્ત અવસ્થાના પુનરાવર્તન યાને ગુણાકાર રૂપે પરિણમે છે. પ્રાણી જેમ અનેક પ્રકારના શરીરમાં પોતાની પુનરુત્પત્તિ કરે છે તેમ દિવ્ય આત્મા પોતાના જેવા મુક્ત આત્માઓ રૂપે પુનરુત્પત્તિ પામે છે. આમ હોવાથી જ્યારે જ્યારે એક આત્મા પણ મુક્ત થાય છે ત્યારે ત્યારે આપણી પાર્થિવ માનવતાના

અન્ય વ્યક્તિરૂપ આત્માઓમાં-અને શી ખબર?- પૃથ્વીની ચેતનાથી પરના પ્રદેશોમાં પણ એ જ દિવ્ય આત્મ-ચેતનાનો વિસ્તાર થવાનું તેમ જ તેનો સહસા પ્રસ્ફોટ થવાનું વલણ જન્મે છે. એ મુક્ત આત્માના વિસ્તારની મર્યાદા આપણે ક્યાં બાંધીશું? અસત્‌ના, નિર્વાણના પ્રવેશદ્વાર આગળ જ્યારે ગૌતમ બુદ્ધ પહોંચ્યા ત્યારે તેમનો આત્મા ત્યાંથી પાછો ફર્યો અને જ્યાં સુધી પૃથ્વી ઉપર દુઃખની ગ્રંથિમાંથી, અહંતાના બંધનથી અમુક્ત એવો એક પણ આત્મા હોય ત્યાં સુધી પોતે અંતિમ સંક્રમણ નહિ કરવાનું વ્રત લીધું, એને કેવળ એક કલ્પિત કથા જ માનવી પડશે?

પણ વૈશ્વિક વિસ્તારમાંથી આપણી જાતનું સંપૂર્ણ નિર્વાણ કર્યા સિવાય આપણે ઊર્ધ્વતામાં દિવ્ય ચેતનાને પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. આંતર મુક્તિ અને બાહ્ય રૂપ ધારણ કરવાની શક્તિ, અભિવ્યક્તિ અને અભિવ્યક્તિમાંથી સ્વતંત્રતા એ બન્ને પોતાની સ્થિતિઓને બ્રહ્મ હમેશાં પોતાનામાં સલામત રાખે છે. આપણે પણ તદ્‌રૂપ હોઈને એ જ બ્રાહ્મી આત્મ સંસ્થિતિને પ્રાપ્ત કરી શકીએ. એ બે વૃત્તિઓ-આંતર સ્વતંત્રતા અને બાહ્ય રૂપ ધારણ કરવાની શક્તિ-નો સુમેળ ખરેખર રીતે દિવ્ય થવા ઈચ્છનાર જીવન માટે આવશ્યક શરત છે. જે વસ્તુથી પર થવાનું છે તેનો વ્યતિરેક કરીને, તેને બાતલ કરીને મુક્તિનું અનુસરણ કરતાં તો નકારાત્મકતાને માર્ગે જવું પ્રાપ્ત થાય છે અને તેને પરિણામે પ્રભુએ પોતે જેનો સ્વીકાર કર્યો છે તેનો ઈનકાર કરવાનું પરિણામ આવે છે, ઈનકાર કરવાની પરિસ્થિતિ પ્રાપ્ત થાય છે. બીજી બાજુ, કર્મમાં અને શક્તિમાં- પ્રવૃત્તિમયતામાં પૂરેપૂરા તલ્લીન થઈ જવાથી નિમ્ન પ્રકારના સત્યનો સ્વીકાર થઈને પ્રભુની ઉચ્ચતમ દિવ્યતાનો અસ્વીકાર પરિણમે છે. પરંતુ જેને પ્રભુ પોતાનામાં સંયુક્ત કરે છે અને સમન્વિત કરે છે તેને પરસ્પરથી વિખૂટા પાડવાનો આગ્રહ માનવે શા માટે રાખવો જોઈએ? એ જે રીતે પૂર્ણ છે એ રીતે પૂર્ણ થવું એ એને સમગ્રપણે પ્રાપ્ત કરવાની શરત છે.

અવિદ્યા એટલે કે અનેકતામાં થઈને અહંપ્રધાન આવિર્ભાવની અંતરાવસ્થા જેમાં મૃત્યુ અને દુઃખ આગળ પડતાં તત્ત્વો છે તેમને વટાવીને આપણે રસ્તો કરવાનો છે; અનેકતામાં પણ એકતાનું પૂરેપૂરું જ્ઞાન રાખીને વિદ્યા જ્યારે અવિદ્યાને અનુમતિ આપે છે ત્યારે આપણે અમૃતત્વ અને આનંદનો સમગ્રતયા ભોગ કરીએ છીએ. સર્વ પ્રકારના આવિર્ભાવ, સંભૂતિથી પર એવા અજને પ્રાપ્ત કર્યાથી આપણે આ નિમ્ન

ભૂમિકાના, પાર્થિવતાના જન્મ અને મૃત્યુથી મુક્ત થઈએ છીએ. પ્રભુ જેમ મુક્તપણે આવિર્ભાવનો, સંભૂતિનો સ્વીકાર કરે છે તેમ આપણે પણ કરીએ તો મૃત્યુતાની અંદર આપણે અમર આનંદનું પૂર લાવી શકીશું, અને માનવજાતિમાં પ્રભુતાના સચેતન આવિર્ભાવનાં જ્યોતિર્મય કેન્દ્રો બની શકીશું.

પ્રકરણ ૬

વિશ્વમાં માનવ

सर्वाजीवे सर्वसंस्थे बृहन्ते अस्मिन् हंसो भ्राम्यते ब्रह्मचक्रे ।
पृथगात्मानं प्रेरितारं च मत्वा जुष्टस्ततस्तेनामृतत्वमेति ।।

श्वेताश्वतर उपनिषद् १.६

માનવનો હંસરૂપ આત્મા બ્રહ્મચક્રમાં ભ્રમણ કરતો યાત્રી છે, તે બ્રહ્મચક્ર બૃહત્ છે. જીવ સકળ, સ્થિતિ સકળને પોતાનામાં ધારણ કરનાર બ્રહ્મચક્રમાં તે પોતાની યાત્રાના પ્રેરક તત્ત્વથી પોતાની જાતને પૃથક્ માનતો ભ્રમણ કરે છે. જ્યારે બ્રહ્મથી તે સ્વીકૃત થાય છે, ત્યારે તે અમૃતત્વને પ્રાપ્ત કરે છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ ૧.૬

વિશ્વ એટલે ક્રમે ક્રમે પ્રગતિશીલ એવો એક મહાન, પરાત્પર અને જ્યોતિર્મય વાસ્તવિકતાનો આવિર્ભાવ, જેમાં આ દૃશ્ય જગતની અનંતાનંત સાપેક્ષતાઓ અને બીજાં અદૃશ્ય જગતો સાધન તરીકે, ઉપાદાન તરીકે, સંયોગો અને ક્ષેત્ર તરીકે આવી રહેલ છે,- એટલે કે વિશ્વનો અર્થ છે, હેતુ છે અને તે અહૈતુક માયા અથવા તો યદૃચ્છાથી ઉત્પન્ન થયેલ અકસ્માત નથી. જે તર્કપદ્ધતિ આપણને જગત મનની હાથચાલાકી માત્ર નથી એવો નિર્ણય કરવાને પ્રેરે છે તે જ તર્કપદ્ધતિ આપણને એવી ખાતરીમાં પણ દૃઢ કરે છે કે આ વિશ્વ તો જુદાં જુદાં દૃશ્ય રૂપ બનેલાં તત્ત્વોનો એક અંધ અને અસહાય રીતે આપમેળે જ અસ્તિત્વમાં આવી ગયેલો એક સમૂહ જ છે એવું પણ નથી. અને આવાં તત્ત્વો પછી, પોતાનાં શાશ્વતીમાં થઈ રહેલાં પરિભ્રમણોમાં પોતાને માટે શક્ય હોય તેટલું એકબીજાને વળગી રહ્યાં છે, ભેગાં ટકી રહીને ઝૂઝી રહ્યાં છે એવું પણ નથી. વળી વિશ્વ એ તો કોઈ અજ્ઞાન શક્તિનું જ એક મહા પ્રચંડ આત્મ-સર્જન છે, એની જ સ્વપ્રેરણા છે, એની અંદર પોતાના પ્રારંભ બિંદુ વિષે તથા પોતાના લક્ષ્ય વિષે સભાનતાવાળી, તેમ જ એ વિશ્વની પ્રક્રિયાને તથા ગતિને દોરી રહેલી કોઈ ગુપ્ત બુદ્ધિશક્તિ નથી એવું પણ નથી જ. આ

વિશ્વઅસ્તિત્વ એ પોતાને વિષે સંપૂર્ણ સભાનતાવાળું છે, અને તેથી એ પોતાના ઉપર સંપૂર્ણ સ્વામિત્વ ધરાવનારું છે. એ અસ્તિત્વે પોતે એક દૃશ્ય રૂપ ધારણ કર્યું છે અને તેની અંદર પોતે તિરોહિત બની ગયેલું છે. એ પોતાને રૂપની અંદર સાકાર કરે છે અને વ્યક્તિની અંદર પોતાને અભિવ્યક્ત કરે છે.

એ અંતરહિત સત્તાનું જ્યોતિર્મય પ્રગટન એ જ આર્ય પિતૃઓ જેની પૂજા કરતા હતા તે ઉષા છે. એ જ્યોતિર્મય બહિઃસ્ફોટની સાર્થક સિદ્ધિને તેઓ વિશ્વવ્યાપી વિષ્ણુનું ઉચ્ચમાં ઉચ્ચ સંક્રમણ કહેતા હતા, અને વિષ્ણુની એ ઊર્ધ્વ ગતિને મનોમય ભૂમિકાના શુદ્ધમાં શુદ્ધ વ્યોમમાં વિસ્તૃત થયેલ દિવ્ય દૃષ્ટિવાળા નેત્ર તરીકે જોતા હતા. વિષ્ણુનું એ ઉચ્ચતમ પદ તો સર્વ પ્રકાશક અને સર્વનું દર્શક ક્યારનુંયે અસ્તિત્વમાં હોય છે અને જગતના ઉપર પોતાની દૃષ્ટિ રાખે છે તથા મર્ત્ય માનવને પ્રારંભમાં તો પ્રકૃતિની સામાન્ય ગતિ દ્વારા એના સચેતન મનના જ્ઞાન વિના જ પોતા પ્રત્યે આકર્ષે છે, પરંતુ આખરે ક્રમે ક્રમે પ્રગતિશીલ એવી આત્મજાગૃતિ અને આત્મવિસ્તાર વડે જ્ઞાનપૂર્વક તેને તેની દિવ્ય ઊર્ધ્વ ગતિ પ્રત્યે દોરે છે. દિવ્ય જીવન પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરવી એ માનવની યાત્રા છે, સર્વ કર્મોનું પરમ કર્મ છે, દેવોને સ્વીકાર્ય એવો યજ્ઞ છે. જીવનમાં કેવળ આ જ માનવનું સાચું કાર્ય છે, તેના જીવનની સાર્થકતા છે. એના વિના સ્થૂળ વિશ્વની ભીષણ અસીમતાઓમાં કોઈ રીતે બની આવેલી માટી અને પાણીની બનેલી કણ જેવડી પૃથ્વીની સપાટી ઉપર આવેલ ક્ષણિક અન્ય જંતુઓ જેવો માનવ પણ પેટ ઘસડતો જંતુ જ બની રહેશે.

રૂપાત્મક જગતના વિરોધોમાંથી જે સત્યનો ઉદ્‌ગમ થવાનો છે તે સત્યને વિષે એમ કહેવાયું છે કે તે અનંત આનંદ સ્વરૂપ અને સચેતન સત્ સ્વરૂપ છે, સર્વત્ર, સર્વ પદાથોમાં, સર્વ કાળમાં અને કાળથી પણ પર હોઈ તે એક રૂપ છે, અને સર્વ દૃશ્ય વસ્તુઓની સત્તાની પાછળ ઉપસ્થિત હોઈ તે સચેતન હોવા છતાં આ દૃશ્ય વસ્તુઓનાં તીવ્રતમ આંદોલનોથી યા તો તેમની વિશાળમાં વિશાળ સમગ્રતાથી એ પરમ સત્ય સંપૂર્ણપણે કદી પણ પ્રગટ થઈ શકે તેવું નથી યા તો તે દ્વારા મર્યાદિત થઈ શકે તેવું નથી. કારણ કે તે પોતે સ્વયંભૂ છે અને પોતાના આવિર્ભાવોની ઉપર તેને તેની પોતાની સત્તા માટે આધાર રાખવો પડતો નથી. આ જે આવિર્ભાવો છે એ પરમ સત્તાના પ્રતિનિધિ રૂપ હોય છે, પરંતુ તેઓ તેનો અશેષ અંત લાવી શકતા નથી; તેઓ તેનો નિર્દેશ કરે

છે, પરંતુ તેના આત્મ પ્રકાશની જ્યોતિ પ્રકટાવતા નથી. આવિર્ભાવનાં એ રૂપોની અંદર તે પોતે જ પોતાની આગળ સ્વપ્રકાશિત રૂપે રહે છે. રૂપમાં અંતર્હિત થયેલ એ સચેતન સત્તા જેમ જેમ વિકાસ પામે છે તેમ તેમ સહજજ્ઞાન વડે, આત્મદર્શન વડે, આત્મ સાક્ષાત્કાર વડે પોતાની જાતને જાણવા માંડે છે. પોતાની જાતનું જ્ઞાન મેળવીને તે જગતમાં પોતારૂપે થાય છે; પોતા રૂપે પ્રકટ થઈને તે પોતાની જાતને જાણે છે. આ પ્રમાણે પોતાની જાતને અંતરમાં પ્રાપ્ત કરીને એ પરમ સત્તા પોતાનાં સ્વરૂપો તથા પ્રકારોને પણ સચ્ચિદાનંદનો સચેતન આનંદ અર્પે છે. આ અનંત આનંદ સત્ અને ચૈતન્યનું મન, પ્રાણ અને દેહ રૂપે બની રહેવું– કારણ કે એમનાથી સ્વતંત્રપણે તો તે પોતે સનાતન શાશ્વતીમાં હસ્તી ધરાવતું હોય છે જ,– એ જ નિર્મિત થયેલું રૂપાંતર છે અને વૈયક્તિક જીવનની એ જ ઉપયોગિતા છે. આ સચ્ચિદાનંદ પોતે જેમ પોતાની સાથેના તાદાત્મ્યમાં સદા નિજ સ્વરૂપે રહે છે તેમ વ્યક્તિ દ્વારા તે વિવિધ સંબંધોમાં પોતાનો આવિર્ભાવ કરે છે.

પરમ અજ્ઞેય તત્ત્વ પોતાની જાતને સચ્ચિદાનંદ તરીકે જાણતું બને છે એ વેદાંતનાં પરમ વિધાનોમાંનું એક વિધાન છે. એ સચ્ચિદાનંદની અંદર બીજાં સર્વ આવી જાય છે, યા તો અન્ય સર્વે એને આશ્રયે રહેલાં છે. જ્યારે સર્વ પ્રકારના દૃશ્ય પદાર્થોના આકારો અને આવરણોનો છેદ ઉડાવીને નકારાત્મક રીતે તેમની સમજૂતી આપવામાં આવે છે અથવા તો તેમનાં નામોને અને રૂપોને તેની અંદર રહેલ ધ્રુવ સત્યના વર્તુલમાં લાવીને ભાવાત્મક રીતે તેમની સમજૂતી આપવામાં આવે છે ત્યાર પછી સચ્ચિદાનંદનો આ વાસ્તવિક અનુભવ જ આખરે શેષ રહે છે. જીવનની સાર્થકતા માટે અથવા તો જીવનથી, પર થવા માટે તથા આપણો ઉદ્દેશ આત્માની અંદર મેળવવાની વિશુદ્ધિ, શમ અને મુક્તિ હોય કે પછી શક્તિ, આનંદ અને પૂર્ણતા હોય, તો એ માટે પણ માનવ ચેતના જ્ઞાનપૂર્વક તથા ભાવપૂર્વક અથવા તો કર્મમાં કે માત્રાસ્પર્શોમાં તે અજ્ઞેય, સર્વવ્યાપી, અનિવાર્ય તત્ત્વ એવા સચ્ચિદાનંદની જ શોધ શાશ્વત કાળથી કરતી રહેલી છે.

વિશ્વ અને વ્યક્તિ, સમષ્ટિ અને વ્યષ્ટિ એ બે અસલી આવિર્ભાવ પામેલાં તત્ત્વોમાં પરાત્પર અજ્ઞેય પ્રભુ અવતરે છે અને તેમના જ દ્વારા એના પ્રત્યે આપણે ગતિ કરવાની છે; કારણ કે એ બે સિવાયનાં બીજાં સંઘ તત્ત્વો વચમાં આવી રહેલાં છે તે તો ફક્ત એ બેના પરસ્પર કાર્યપ્રતિકાર્યને પરિણામે જન્મેલાં છે. પરમ વાસ્તવિકતાનું એ

અવતરણ એ એનું આત્મગોપન હોય છે; અને એ અવતરણમાં ચડતા ઊતરતા સ્તરો છે, એ આત્મગોપનમાં એક પછી એક આવરણો આવતાં રહે છે. એટલે ફરજિયાત રીતે એનું આત્મપ્રાકટ્ય આરોહણનું રૂપ ધારણ કરે છે; વળી એ આરોહણ અને આત્મપ્રાકટ્ય બંને ક્રમે ક્રમે પ્રગતિશીલ હોય એ પણ આવશ્યક છે. કારણ કે પ્રભુના અવતરણનો પ્રત્યેક સ્તર માનવને માટે આરોહણની એક અવસ્થા રૂપ બને છે; અજ્ઞાત પ્રભુને સંતાડનાર પ્રત્યેક આવરણ પ્રભુના શોધક ને પ્રભુપ્રેમી માટે તેના પ્રગટીકરણનું સાધન બને છે. આપણું જગત પોતાની મૂક અને સમર્થ એવી જડતાની સમાધિમાં પણ તેની શક્તિની વ્યવસ્થિત પ્રવૃત્તિઓને ટકાવી રાખનાર આત્મા અને આદિ વિચાર વિષે અચેતન એવી પાર્થિવ પ્રકૃતિની છંદોમય નિદ્રામાંથી વધારે ત્વરિત, વિવિધતાયુક્ત અને અવ્યવસ્થિત એવી પ્રાણની છંદોમયતામાં મહા પ્રયત્ને પ્રવેશ કરે છે; અને આત્મસભાનતાની સીમાઓ આગળ પહોંચે છે. પ્રાણમાંથી જગત ઊર્ધ્વ પ્રત્યે ગતિ કરતાં મનોમયતાને પ્રાપ્ત કરે છે જેમાં પ્રત્યેક એકમ પોતાને વિષે અને પોતાના જગત વિષે સચેતન થાય છે, અને એ આત્મજાગૃતિમાં વિશ્વને તેના પરમ કાર્ય માટે જે ઉચ્ચાલનની જરૂર હતી તે, એટલે કે સચેતનાવાળું વ્યક્તિત્વ, પ્રાપ્ત થાય છે. પરંતુ મન જે કાર્ય ઉપાડી લે છે તે આગળ ચાલુ રાખવા માટે, નહિ કે પોતાનામાં તેની પૂર્ણાહૂતિ કરવા માટે. મન એક તીક્ષ્ણ પણ મર્યાદિત બુદ્ધિશાળી મજૂર છે. અને જીવન તેને જે અવ્યવસ્થિત મસાલો આપે છે તે લઈને, પોતાની શક્તિ પ્રમાણે તેને સુધારી, અનુરૂપ બનાવીને, ફેરફારો કરીને, તેનું વર્ગીકરણ કરીને, આપણી દિવ્ય માનવતાના ઘડનાર શિલ્પીને તે એ બધો સંભાર પહોંચાડે છે. દિવ્ય માનવતાનો એ શિલ્પી અતિમનસમાં વસે છે; કારણ કે અતિમનસ પોતે અતિમાનવ છે. આ કારણથી આપણી સૃષ્ટિએ મનોમય ભૂમિકાથી પેલી તરફ કોઈ ઉચ્ચતર તત્ત્વમાં, ઉચ્ચતર ચેતનાના સ્તરમાં, કોઈ ઉચ્ચતર ક્રિયાશીલતામાં આરોહણ કરવાનું છે. જેમાં વિશ્વ અને વ્યક્તિ બંને, પોતે જેના આવિર્ભાવ રૂપ છે તે વાસ્તવિકતાને વિષે સચેતન થાય છે, અને તેને પ્રાપ્ત કરે છે; તથા એ રીતે એઓ પરસ્પર એકબીજાની સમજૂતી પામે છે, પરસ્પર સંવાદી બને છે, એકતા સાધે છે.

પ્રાણ અને મનની ભૂમિકામાં જે ગેરવ્યવસ્થાઓ રહેલી છે તે સ્થૂલ ભૂમિકાથી જુદી એવી વધારે પૂર્ણ વ્યવસ્થાનું રહસ્ય પામવાથી દૂર થઈ જાય છે. પ્રાણ અને મનની

ભૂમિકાની નીચે રહેલ જડતત્ત્વ પ્રશાંતિ અને અમર્યાદ શક્તિની ક્રિયા એ બંને વચ્ચેની સંપૂર્ણ સમતુલાને ધારણ કરે છે, પરંતુ પોતાની અંદર તે જેને ધારણ કરી રહ્યું છે તેના પર તેનું સ્વામિત્વ હોતું નથી. એની શાંતિ તમસાચ્છાદિત જડતાનો નિસ્તેજ બુરખો ઓઢે છે. એ શાંતિ અચેતનાની નિદ્રારૂપ હોય છે અથવા તો વધારે યોગ્ય રીતે કહેતાં ચેતના જાણે કે માદક ઘેનમાં નાખેલી અને કારાવાસમાં પુરાયેલી હોય એવી લાગે છે. પોતાના વાસ્તવિક આત્મસ્વરૂપના બળથી પ્રેરાયેલું જડતત્ત્વ, એ આત્માના હેતુને સમજી શકતું નથી, યા તો તેમાં ભાગ લઈ શકતું નથી, અને પરિણામે એની પોતાની સંવાદી શક્તિઓનો જાગ્રત આનંદ તેને પ્રાપ્ત થતો નથી.

ઉપર જણાવેલી ખામીની લાગણી પ્રત્યે પ્રાણ અને મન જાગ્રત થાય છે અને એ લાગણી પ્રયત્નશીલ અને જિજ્ઞાસુ અજ્ઞાનનું અને પીડિત, કુંઠિત ઈચ્છાનું રૂપ લે છે અને એ અજ્ઞાન અને ઈચ્છા આત્મ-જ્ઞાન અને આત્મસાર્થકતા પ્રાપ્ત કરવાના પગથિયા રૂપ બને છે. પરંતુ એમની સાર્થકતાનો પ્રદેશ કયો છે? પોતાની સીમાઓ વટાવીને આત્મસંક્રમણ કરવાથી જ એ પ્રદેશને પહોંચી શકાય છે. પ્રાણ અને મનથી પર થઈને આપણે પેલી તરફ પાર્થિવ પ્રકૃતિની સમતુલા જે વસ્તુને ગ્રામ્ય રીતે રજૂ કરતી હતી તેની પાછળ રહેલ દિવ્ય સત્યને તેની દિવ્યતામાં જ્ઞાનપૂર્વક પ્રાપ્ત કરીએ છીએ; એટલે કે એવી પ્રશાંતિ અનુભવીએ છીએ જે જડતારૂપ નથી હોતી યા તો ચેતનાની જડ સમાધિરૂપ નથી હોતી, પરંતુ નિરપેક્ષ બળ તથા નરી આત્મસંજ્ઞાની એકાગ્રતા રૂપ હોય છે તથા અપરિમેય શક્તિની ક્રિયારૂપ હોય છે, જે શક્તિ સાથે સાથે અવર્ણનીય આનંદમાં રોમાંચરૂપ પણ હોય છે, કારણ કે એનું પ્રત્યેક કાર્ય ઈચ્છા અને અજ્ઞાનમય ચેષ્ટાનું નહિ પરંતુ નિરપેક્ષ શાંતિ અને આત્મપ્રભુત્વના આવિર્ભાવ રૂપ હોય છે. એ સ્થિતિને પ્રાપ્ત કરતાં આપણું અજ્ઞાન પોતે જે જ્યોતિનું એક અંધકારમય અથવા તો એકદેશીય પ્રતિબિંબ હતું તે જ્ઞાનજ્યોતિનો સાક્ષાત્કાર કરે છે; એ આધ્યાત્મિક સમૃદ્ધિ અને સાર્થકતામાં આપણી કામનાઓનો અંત આવે છે કારણ કે એ કામનાઓ પોતાનાં અત્યંત પાર્થિવ રૂપોમાં પણ એ સમૃદ્ધિ માટેની તમોગ્રસ્ત અન પતિત અભીપ્સા રૂપે જ હતી.

વિશ્વ અને વ્યક્તિ બંનેને ઊર્ધ્વ ગતિને માટે પરસ્પરની આવશ્યકતા રહે છે. એ બંને એકબીજાને માટે જીવે છે અને એકબીજાથી લાભ મેળવે છે. વિશ્વ એટલે સર્વાત્મક પ્રભુનું અનંત દિશા અને કાળમાં ફેલાઈ જવું. વ્યક્તિ એટલે દિશા અને કાળની

મર્યાદાની અંદર દિવ્ય પ્રભુનું એકાગ્ર થવું. વિશ્વ પોતે જે દિવ્ય સમગ્રતા છે એમ અનુભવે છે પરંતુ જેને તે પોતે સંપૂર્ણપણે પ્રાપ્ત કરી શકતું નથી તેને અનંત વિસ્તાર દ્વારા પ્રાપ્ત કરવા મથે છે, કારણ કે વિસ્તારને પ્રાપ્ત કરતાં સત્ તત્ત્વ પોતાની જાતનો બહુ સંખ્યારૂપ સરવાળો કરતું રહે છે, અને એ સરવાળો નથી હોતો પ્રાથમિક કે નથી હોતો આખરી એકમ, પરંતુ એક પુનરાવર્તન પામતા આદિ કે અંત વગરનો દશાંક માત્ર હોય છે. આમ હોવાથી એ સત્ તત્ત્વ પોતે જેની મારફત અભીપ્સા કરી શકે એવું સર્વવ્યાપી પ્રભુનું આત્મચેતનાયુક્ત એકાગ્રતાનું બિંદુ ઉત્પન્ન કરે છે. સચેતન થયેલ વ્યક્તિમાં પ્રકૃતિ પુરુષનું જ્ઞાન મેળવવા માટે પાછી વળે છે, જગત આત્માની શોધ પ્રત્યે વળે છે, પ્રભુ સંપૂર્ણપણે પ્રકૃતિરૂપ થઈ ગયેલા છે એટલે હવે પ્રકૃતિ ક્રમે ક્રમે પ્રભુરૂપ થવાનો પ્રયાસ કરે છે.

બીજી બાજુએ જોવા જઈએ તો વ્યક્તિ પોતાની જાતનો સાક્ષાત્કાર કરવા પ્રત્યે પ્રેરાય છે તે વિશ્વને લઈને. વિશ્વ વ્યક્તિનો પાયો છે, તેનું સાધન છે, તેનું ક્ષેત્ર છે, દિવ્ય કર્મનું વસ્તુ છે; એટલું જ નહિ પરંતુ વ્યક્તિ પોતે જે વિશ્વ જીવનની એકાગ્રતારૂપ છે તે એકાગ્રતા મર્યાદાઓની અંદર સધાતી હોય છે અને સર્વ પ્રકારના બંધન અને મુક્તિના ખ્યાલોથી સ્વતંત્ર એવી બ્રહ્મની જે ઘન એકાગ્રતા હોય છે તેના જેવી તે હોતી નથી. તેથી વ્યક્તિએ પોતે વાસ્તવિક રીતે જે સર્વેશ્વરરૂપ છે તેનો આવિર્ભાવ કરવા માટે પોતાની જાતને અનિવાર્યપણે વિશ્વમય તથા વ્યક્તિત્વરહિત કરવી જોઈએ. આમ હોવા છતાં, તે ચેતનાની વિશ્વમયતામાં પોતાની જાતનો વધારેમાં વધારે પ્રચાર કરે છે ત્યારે પણ તેની પાસે પોતાની અંદર કોઈ ગૂઢ પરાત્પર તત્ત્વને જાળવી રાખવા માટે માગણી કરવામાં આવે છે. વ્યક્તિને તેનામાં રહેલ વ્યક્તિતાનું જે ભાન રહે છે તે પેલા પરાત્પર તત્ત્વની જ એક પ્રકારની તમોગ્રસ્ત અને અહંતાપ્રધાન પ્રતિકૃતિ હોય છે. એટલે વ્યક્તિ જો આ ભાન સાચવી ન રાખે તો પોતાનો ઉદ્દેશ જ ચૂકે, તેની આગળ રજૂ કરવામાં આવેલ કોયડો અણઉકેલ્યો રહે, જે દિવ્ય કાર્ય કરવા માટે તેણે માનવ જન્મનો સ્વીકાર કર્યો હતો, તે થયું ન ગણાય, એવી સ્થિતિ બની રહે.

વ્યક્તિ કને વિશ્વ જીવન રૂપે આવે છે– એક જાતની ક્રિયાશીલતા રૂપે આવે છે કે જેના સંપૂર્ણ રહસ્ય ઉપર તેણે પ્રભુત્વ મેળવવાનું છે. વળી એ જીવન પરસ્પર આથડતાં પરિણામોના સમૂહ તરીકે, સુપ્ત શક્તિઓના વંટોળિયા તરીકે આવે છે કે

પ્રકરણ ૧

માનવની અભીપ્સા

परायतीनामन्वेति पाथ आयतीनां प्रथमा शश्वतीनाम्।
व्युच्छन्ती जीवमुदीरयन्त्युषा मृतं कं, च न बोधयन्ती ।।
कियात्या यत्समया भवाति या व्यूषुर्याश्च नूनं व्युच्छान् ।
अनु पूर्वाः कृपते वावशाना प्रदीध्याना जोषमन्याभिरेति ।।

ऋग्वेद १.११३.८,१०

त्रिरस्य ता परमा सन्ति सत्या स्पार्हा देवस्य जनिमान्यग्नेः ।
अनन्ते अन्तः परिवीत आगाच्छुचिः शुक्रो अर्यो रोरुचानः ।।
यो मर्त्येष्वमृत ऋतावा देवो देवेष्वरतिर्निधायि ।
होता यजिष्ठो मह्ना शुचध्यै हव्यैरग्निर्मनुष ईरयध्यै ।।
ऊर्ध्वो भव प्रति विध्याध्यस्मदाविष्कृणुष्व दैव्यान्यग्ने ।.....

ऋग्वेद ४.१.७; २.१; ४.५

અતીતમાં લીન થતી ઉષાઓના ધ્યેયને આજની ઉષા અનુસરે છે; અને ભાવિમાં ઊગનારી શાશ્વત ઉષાઓના ક્રમમાં આજની ઉષા પ્રથમ છે. જે જીવન્ત છે તેને તે પ્રગટ કરે છે અને જે મૃત હતું તેને પુનર્જાગ્રત કરે છે. ભૂતમાં પ્રગટેલી અને ભાવિમાં પ્રગટ થનારી ઉષાઓ વચ્ચે જ્યારે આજની ઉષા સંવાદ સ્થાપન કરે છે,ત્યારે તેની કાર્યસીમા કોણ નક્કી કરી શકે? આજની ઉષા પ્રાચીન ઉષાઓની જ્યોતિ માટે ઝંખે છે અને તેમની જ્યોતિની સાર્થકતા પ્રાપ્ત કરાવે છે; અને પોતાની જ્યોતિનાં કિરણોને આગળ ફેંકીને ભાવિમાં થનારી ઉષાઓ સાથે તે સંબંધ સાધે છે.

ઋગ્વેદ ૧.૧૧૩.૮,૧૦

દિવ્ય તપઃશક્તિ રૂપ અગ્નિની જે શક્તિ જગતમાં કાર્ય કરે છે તેનો જન્મ ત્રિવિધ છે. એ ત્રણે જન્મો સત્ય છે, ત્રણે ઈષ્ટ છે; તે અગ્નિ અનંતના અંતરમાં વિશાળ અને પ્રગટ રૂપે ગતિ કરે છે, તથા શુદ્ધ જ્યોતિર્મય અને અમોઘ તે પ્રકાશે છે. મર્ત્ય માનવમાં જે અમર છે અને જે સત્યવાન છે, તે એક દેવ છે અને જીવનમાં પ્રગટ થવાને માટે કાર્ય કરી રહેલ શક્તિ રૂપે તે માનવની ચેતનાની અંદર સ્થાપિત થયેલ છે. હે દિવ્ય શક્તિ, ઊર્ધ્વ ગતિમાન થા, સર્વે અંતરાયોને ચીરી નાંખ, ઈશ્વરની દૈવી સંપત્તિઓને અમારામાં પ્રગટ કર.

ઋગ્વેદ ૪.૧.૭; ૨.૧; ૪.૫

જેમાંથી વ્યક્તિએ કોઈ પરમ વ્યવસ્થા તથા કોઈ હજુ સુધી અસિદ્ધ એવી સંવાદિતા સાધવાની છે. આખરે જોવા જાઓ તો માનવની પ્રગતિનો ખરો અર્થ પણ આ જ થાય છે. માનવની પ્રગતિ એટલે સ્થૂલ પ્રકૃતિએ અત્યાર સુધીમાં જે સિદ્ધ કરેલ છે તેને થોડાક ફેરફાર સાથે જુદી રીતે રજૂ કરવાની ક્રિયા નથી. વળી માનવ જીવનનો આદર્શ મનોમયતાની ઉચ્ચતર ભૂમિકા ઉપર ફક્ત પશુ જીવનનું પુનરાવર્તન કરવું એવો હોઈ શકે નહિ. એમ જો હોત તો ચલાવી લઈ શકાય એવો યોગક્ષેમ આપતી તથા મધ્યમસર માનસિક સંતોષ મેળવી આપતી કોઈ પણ પદ્ધતિ કે વ્યવસ્થા મળી જતાં આપણી પ્રગતિ થંભી ગઈ હોત. પશુ તેની થોડી ઘણી જરૂરિયાતો પૂરી પડતાં સંતોષાય છે, દેવતાઓ તેમના પરમ વૈભવોથી સંતુષ્ટ રહેતા હોય છે પણ માનવ કોઈ ઉચ્ચોચ્ચ અથવા ઊર્ધ્વ કલ્યાણમાં પહોંચે નહિ ત્યાં સુધી તેને માટે કોઈ ચિરસ્થાયી આરામ હોઈ શકતો નથી. સજીવ સૃષ્ટિમાં માનવ સૌથી મહાન છે તેનું કારણ એ છે કે તે સૌથી વધારે અસંતુષ્ટ છે, મર્યાદાઓનું દબાણ તે સૌથી વધારે આકરી રીતે અનુભવે છે. કોઈ દૂર સુદૂરના આદર્શને માટેના દિવ્ય આવેગથી અવિષ્ટ થવાની શક્તિ, કદાચ, કેવળ માનવમાં જ છે.

એટલે જીવન-દેવતા માટે તો જેની અંદર એની પોતાની સર્વ સંભાવ્ય શક્યતાઓ કેન્દ્રિત થયેલી હોય તેનું સૌથી આગળ પડતું વ્યક્તિ સ્વરૂપ તે તો માનવ જ, પુરુષ જ છે. માનવનો પુત્ર જ પ્રભુને અવતારવાને સૌથી વધારે શક્તિમાન છે. આ માનવ એટલે મનુ, મનન કરનાર, પ્રાચીન ઋષિઓ જેને મનોમય પુરુષ, મનમાં રહેલો આત્મા કહેતા હતા તે છે. એટલે કે એ માનવ તે માત્ર એક ચડિયાતું પ્રાણી જ નથી પરંતુ વિચારશીલતાથી યુક્ત એવું આત્મસ્વરૂપ છે, કે જે જડતત્ત્વની અંદર આવેલા પશુ દેહને પોતાનો આધાર બનાવીને રહે છે. એ સચેતન એવું નામ છે, કિંવા દિવ્ય તત્ત્વ છે (Numen) અને રૂપનો તે સ્વીકાર અને ઉપયોગ કરે છે; અને એ માધ્યમ દ્વારા, વ્યક્તિતા પદાર્થતત્ત્વની સાથે વ્યવહાર કરી શકે છે. જડતત્ત્વમાંથી ઉદ્‌ભવતું પશુ જીવન એ તો માનવના જીવનનું માત્ર એક નિમ્ન પાસું છે. વિચારમય, ભાવમય, સંકલ્પમય, સચેતન પ્રેરણાવાળું જીવન જેને સમગ્ર રીતે આપણે મન એવું નામ આપીએ છીએ, જે જડતત્ત્વ ઉપર તથા પ્રાણની શક્તિઓના ઉપર પકડ લઈને તેમને પોતાના પ્રગતિશીલ રૂપાંતરના નિયમને વશ વર્તાવવાને પ્રયત્ન કરે છે, ચેતનાની એ મધ્ય દશાને આ મનોમય પુરુષ પોતાનું સફળ રહેઠાણ બનાવે છે. પરંતુ માનવનું મન જેની શોધ કરે છે એવી એક

પરમ સ્થિતિ પણ છે જેને પ્રાપ્ત કરવાથી માનવ તેને પોતાના મનોમય અને શારીરિક જીવનમાં સ્થાપી શકે છે. પોતાની વર્તમાન વ્યક્તિતાથી, પોતાના વર્તમાન સ્વરૂપથી કાંઈક ખરેખરી રીતે ચડિયાતા એવા તત્ત્વનો આ રીતે વ્યાવહારિક સ્વીકાર કરવો એ માનવમાં દિવ્ય જીવનનો પાયો છે.

માનવે પોતાની જાતનો જે માનસિક ખ્યાલ શરૂઆતમાં બાંધેલો હોય છે, તેનાથી વધારે ગંભીર એ ગહન આત્મજ્ઞાન વિષે જાગ્રત થતાં તે જે પરમ તત્ત્વનું તેણે વિધાન કરવાનું છે તેના વિષે કોઈ વ્યાખ્યા બાંધવા તથા તેનું કોઈ બાહ્ય સ્વરૂપ અનુભવવા લાગે છે. પરંતુ એ તત્ત્વ જાણે કે એના પોતાના બેવડા નકારની વચ્ચે આવી રહેલું તેને જણાય છે. જો, એક બાજુ માનવને તેણે અત્યાર સુધી પ્રાપ્ત કરેલી સ્થિતિથી પર એવા ચિત્ સ્વરૂપ અનંત સત્ તત્ત્વની શક્તિ, જ્યોતિ તથા આનંદનું દર્શન થાય છે યા તો તેનો સ્પર્શ મળે છે તથા પોતાની મનોમયતાને વધારે અનુકૂળ પડે એવા શબ્દોમાં પોતાના એ વિચારનો યા તો અનુભવનો તે અનુવાદ કરતો રહે છે,-તેને તે અનંતતા, સર્વશક્તિમત્તા, સર્વજ્ઞતા, અમરતા, મુક્તિ, પ્રેમ, આનંદ, ઈશ્વર એવાં નામ આપે છે-છતાં આ એનો જ્ઞાનસૂર્ય એક બેવડી રાત્રિની વચ્ચે પ્રકાશતો હોય એમ લાગે છે, એટલે કે તેને એક બાજુ અધોભૂમિકાનો અંધકાર, તો બીજી બાજુ વધારે સમર્થ એવો ઊર્ધ્વનો અંધકાર આવી રહેલો જણાય છે. કારણ કે જ્યારે માનવબુદ્ધિ એ તત્ત્વને પૂરેપૂરું સમજવાનો પ્રયત્ન કરે છે ત્યારે એ તત્ત્વ શબ્દો અને વિભાવનોથી પર એવી કોઈ પરાત્પરતામાં જતું રહેતું જણાય છે, જેને માનવબુદ્ધિએ ઉત્પન્ન કરેલી કોઈ પણ વ્યાખ્યા કે વ્યાખ્યાઓનો સરવાળો પૂરેપૂરી રીતે રજૂ કરી શકતાં નથી. એનું મન આખરે ઈશ્વરનો ઈનકાર કરીને તેનાથી પર કોઈ પરાત્પરને સ્વીકારે છે, અથવા તો તે મન જુએ છે કે પ્રભુ પોતે પોતાના સ્વરૂપથી પર ચાલ્યા જાય છે., માનવની કલ્પના આગળ પોતાનો ઈનકાર કરી રહ્યા છે. વળી આ જગતમાં પણ, પોતાની અંદર તથા પોતાની આજુબાજુ માનવ પોતે જે તત્ત્વનું વિધાન કરે છે તેનાથી વિરુદ્ધની વસ્તુઓ જ તેની સામે આવેલી દેખાય છે. મૃત્યુ હંમેશાં તેની સાથે હોય છે, મર્યાદા તેના સ્વરૂપમાં તથા તેના અનુભવમાં વ્યાપી રહેલી છે. ભૂલ, અચેતના, નિર્બળતા, જડતા, શોક, દુઃખ, અનિષ્ટ એ બધાં માનવના પ્રયત્નના સતત વિરોધકો જેવાં આવી રહેલાં છે. અહીં પણ એને ઈશ્વરનો ઈનકાર કરવાની ફરજ પડે છે

અથવા કાંઈ નહિ તો ભગવાન પોતે જ કોઈ સ્વરૂપમાં યા તો પરિણામમાં પોતાને છુપાવતા યા તો પોતાનો ઈનકાર કરતા તેને લાગે છે, અને આ સ્વરૂપ અથવા તો પરિણામ ભગવાનની સત્ય અને સનાતન વાસ્તવિકતાથી તદ્દન જુદું જ હોય છે.

અને પ્રભુ જગતમાં આ જે રીતે પોતાનો ઈનકાર કરતા દેખાય છે તે પેલા દૂરના ઈનકાર જેવો અચિંત્ય અને તેથી સ્વાભાવિક રીતે જ અગમ્ય અને અજ્ઞેય જેવો નથી હોતો, પરંતુ જ્ઞેય, જ્ઞાન અને સુનિશ્ચિત હોય એમ લાગે છે– અને છતાં તે અગમ્ય જ રહે છે. આ બધી જગતમાંની વસ્તુઓ શું છે, શા માટે છે, અને કેવી રીતે અસ્તિત્વમાં આવેલી છે તે માનવ જાણતો નથી. એ બધાંની પ્રક્રિયાઓ તેને જેવી દેખાય છે તથા તેના ઉપર અસર કરે છે એ સ્વરૂપે તે તેમને જાણે છે; એ બધાંની મૂળગત વાસ્તવિકતાનું માપ તે કાઢી શકતો નથી.

અને એ બધી વસ્તુઓ શું કદાચ અગાધ જ છે, એમના અસલ સ્વરૂપે ખરેખર અજ્ઞેય છે? અથવા તો એમ પણ બની શકે કે એમની એવી અસલ વાસ્તવિકતા છે જ નહિ, તે બધાં એક માયારૂપ છે, અસત્ છે. પેલો ઊર્ધ્વમાંનો ઈનકાર કેટલીક વખત આપણને શૂન્ય તરીકે, અસત્ તરીકે દેખાય છે; તો આ નીચેનો ઈનકાર પણ ખરી રીતે શૂન્યાત્મક, અસત્ હોય એ સંભવિત છે. પરંતુ આપણે એ ઊર્ધ્વમાંના ઈનકારની મુશ્કેલીની ઉડાવી દેવાની રીતનો આ પહેલાં અસ્વીકાર કરી ચૂક્યા છીએ. તે જ રીતે આ નિમ્નતર અસત્નો પણ આપણે અસ્વીકાર કરીશું. એની વાસ્તવિકતાનો સંપૂર્ણપણે ઈનકાર કરવો અથવા તો તેને કેવળ મહાન વિપત્તિજનક માયા ગણીને એમાંથી છુટકારો શોધવો એનો અર્થ તો કોયડાને અભરાઈએ ચડાવવો તથા આપણા કાર્યનો ત્યાગ કરવો એમ જ થાય. કારણ કે ઈશ્વરનો ઈનકાર કરતી દેખાતી, તથા સચ્ચિદાનંદની વિરોધી એવી આ વસ્તુઓ જીવનને માટે તો વાસ્તવિક જ છે, ભલે પછી તે ક્ષણિક જેવી હોય. એ બધાં અભાવાત્મક તત્ત્વો અને એમનાથી ઊલટી વસ્તુઓ શુભ, જ્ઞાન, આનંદ, સુખ, જીવન, દીર્ઘાયુષ, શક્તિ, સામર્થ્ય, વિપુલતા વગેરે પણ જીવનના પોતાના કાર્યની સામગ્રી છે.

એ વસ્તુ ખરેખર શક્ય છે કે જીવનનાં એ તત્ત્વો માયાનાં નહિ, પરંતુ ખોટા સંબંધનાં પરિણામો હોય અથવા સાચી રીતે કહીએ તો ખોટાં સંબંધનાં અવિભાજ્ય સહગામી તત્ત્વો જેવાં હોય. આ સંબંધ ખોટો એટલા માટે હોય કે તે વિશ્વમાં વ્યક્તિના

સ્થાન વિષે ભૂલભરેલાં દૃષ્ટિબિંદુ ઉપર રચાયેલો હોય છે અને તેથી પ્રભુ તથા પ્રકૃતિ બંને પ્રત્યેના, આત્મા અને તેની પરિસ્થિતિ વિષે ખોટા વલણોના ઉપર મંડાયેલો હોય છે. કારણ કે માનવ જે રૂપે બન્યો છે તે સ્વરૂપ, તે જે જગતમાં રહે છે તેની સાથે તથા તેણે પોતે જે સ્વરૂપે બનવું જોઈએ તથા જે સ્વરૂપે તે બનવાનો છે તેની સાથે વિસંવાદી છે, અને તેથી માણસ જગતની અંદર રહેલ ગહન સત્યના આ બધા વિરોધોને વશ બની રહે છે. એમ જો હોય તો આ વિરોધો તેને તેના પતન માટેની શિક્ષા તરીકે મળેલા નથી. પરંતુ તેની પ્રગતિની પરિસ્થિતિ તરીકે જ મળેલા છે. આ વિરોધો માણસે જે કાર્ય સિદ્ધ કરવાનું છે તેનાં પ્રાથમિક તત્ત્વો તરીકે આવી રહેલા છે. એ પોતે જે અંતિમ મુકુટ સર કરવાની આશા સેવે છે તેને માટેની એ કિંમત રૂપે છે. પ્રકૃતિ આ વિરોધોના સાંકડા માર્ગે થઈને જડતત્ત્વમાંથી નીકળીને ચેતનામાં પહોંચે છે; એ તત્ત્વો પ્રકૃતિએ પોતાના છુટકારા માટે ચૂકવવાનું મૂલ્ય છે, અને સાથે સાથે એની પોતાની મૂડી પણ છે.

કારણ કે આ અસત્ય સંબંધોમાંથી અને તેમની મદદથી આપણે સત્ય સંબંધોને શોધી કાઢવાના છે. આપણે અવિદ્યા વડે મૃત્યુને તરી જવાનું છે. વેદ પણ પોતાની ગૂઢ સૂત્રાત્મક ભાષામાં નિમ્ન પ્રકૃતિની શક્તિઓને દુષ્ટ સ્ત્રીઓનું રૂપક આપીને કહે છે કે તેમના આવેગો અધમ હોઈ તેઓ સત્ય માર્ગથી ચલિત થઈને પોતાના સ્વામીને હાનિ પહોંચાડે છે અને પોતે અસત્ય અને દુઃખી હોવા છતાં આખરે 'આ મહાન, બૃહત્ સત્ય'ની રચના કરે છે, આ સત્ય કે જે પોતે આનંદ સ્વરૂપ છે તેની. એટલે માણસ, નીતિની શસ્ત્રક્રિયા દ્વારા પોતાની અંદરથી પ્રકૃતિનાં અનિષ્ટ તત્ત્વોને કાપી કાઢીને યા તો તિરસ્કારભરી ઘૃણા વડે જીવનનો ત્યાગ કરીને નહિ પરંતુ તે જ્યારે મૃત્યુને વધારે સંપૂર્ણ જીવનમાં રૂપાંતરિત કરશે, મર્યાદાઓની લઘુ અને સંકુચિત વસ્તુઓને જ્યારે તે દિવ્ય વિશાળતામાં ઊર્ધ્વગતિ કરાવશે, દુઃખનું તે જ્યારે આનંદમાં પરિવર્તન કરશે, અનિષ્ટને તેના પોતાના શુભ કે ઈષ્ટ રૂપમાં ફેરવી નાખશે, તથા ભૂલ અને મિથ્યાત્વને તેમની પાછળ રહેલ ગહન સત્યનું રૂપ આપી શકશે ત્યારે આ મહાન યજ્ઞ સિદ્ધ થશે; માનવીની યાત્રાનો અંત આવશે તથા સ્વર્ગ અને પૃથ્વી એકસમાન થઈને પ્રભુના પરમ આનંદમાં પરસ્પર હાથ મિલાવશે.

છતાં પ્રશ્ન એ રહે છે કે આવા વિરોધોનો એકબીજા સાથે મેળ શી રીતે મળશે? માનવની મર્ત્યતાના આ સીસાને કયા કીમિયા વડે દિવ્ય સત્ તત્ત્વના સુવર્ણમાં રૂપાંતરિત

કરી શકાય? પરંતુ એ વસ્તુઓ એમના અસલ સ્વરૂપમાં પરસ્પર કદાચ વિરોધી જ ન હોય તો? તેઓ સર્વે એક જ વાસ્તવિકતાના અભિન્ન પદાર્થોના બનેલા આવિર્ભાવો હોય તો? જો એમ હોય તો પછી એ દિવ્ય રૂપાંતર બની શકે એમ મન વડે કલ્પી શકાય તેવું બને છે.

આપણે આગળ જોઈ ગયા કે મનથી ઊર્ધ્વમાં રહેલ અસત્ તત્ત્વ અચિંત્ય સત્તારૂપ અને કદાચ અવર્ણનીય આનંદરૂપ હોઈ શકે છે. બૌદ્ધ ધર્મ એ કાંઈ નહિ તો ઊર્ધ્વમાં ઊર્ધ્વ અસત્‌ને પહોંચવાનો અને તેમાં સ્થિર થવાનો માનવનો એક સૌથી વધારે જ્યોતિર્મય પ્રયત્ન હતો. તેનો નિર્વાણનો અનુભવ મુક્ત થવા છતાં પાર્થિવ જીવનમાં રહેલા આત્માને વાચાતીત શાંતિ અને મુદિતાની પ્રાપ્તિ થાય છે એ રીતનો બને છે. એની વ્યવહારુ અસર એ હોય છે કે એમાં અહંપ્રધાન સર્વ ખ્યાલો અથવા તો સંવેદનોનો સંપૂર્ણ લય યાને વિનાશ થઈને દુઃખનો અત્યંત અભાવ જન્મે છે. એ નિર્વાણની હકારાત્મક બાજુ આપણને વધારેમાં વધારે એવી લાગે છે કે તે એક પ્રકારનો એવો અવર્ણનીય આનંદ છે કે જેમાં પોતાના આત્મ અસ્તિત્વનો ખ્યાલ પણ પૂરેપૂરો ગ્રસ્ત થઈ જતો અને સંપૂર્ણપણે અદૃશ્ય થઈ જતો હોય છે (જો કોઈ પણ પ્રકારની ભાવાત્મક સામગ્રી વિનાની શૂન્યાત્મક શાંતિને આપણે એ નામ કે કોઈ પણ નામ આપી શકીએ તો). એ સચ્ચિદાનંદનું એવું સ્વરૂપ છે કે જેને આપણે સત્, ચિત્ અને આનંદની પરમ વ્યાખ્યાઓ પણ આપવાની હિંમત કરી શકીએ તેમ નથી કારણ કે એ શૂન્યાત્મકતામાં સર્વ પ્રકારની વ્યાખ્યાઓ રદ થઈ જાય છે અને સર્વ સંપ્રજ્ઞાત અનુભૂતિઓનું ઉલ્લંઘન થઈ જાય છે.

તો બીજી બાજુએ, આપણે એવી સૂચના કરવાનું સાહસ કર્યું છે કે વિશ્વમાં સર્વ એક જ વાસ્તવિકતા રહેવાથી આ નિમ્ન પ્રકારનો નકાર, સચ્ચિદાનંદનો આ વિરોધ યાને અસત્ તત્ત્વ એ પણ સચ્ચિદાનંદ સિવાય બીજું કાંઈ જ નથી, એ પણ સચ્ચિદાનંદ જ છે. બુદ્ધિ એ વસ્તુ કલ્પી શકે છે કે સચ્ચિદાનંદ પોતે જેનો ઈનકાર કરતો દેખાય છે તે જ રૂપે એ પોતે ખરેખર આવિર્ભૂત થાય છે, આ જ વસ્તુને દૃષ્ટિ દ્વારા જોઈ શકાય છે અને સંવેદન વડે અનુભવી શકાય છે, અને જો કોઈ મૂલગત ભ્રમ, કોઈ સર્વવ્યાપી સર્વશાસક અજ્ઞાન, માયા, અથવા તો અવિદ્યા અસત્યનું તમસ સર્વત્ર ફેલાવતું ન હોત તો આપણને આ અનુભવ સભાન રીતે હંમેશાં થયા જ કરત. આ દિશામાં આ કોયડાનો

ઉકેલ શોધી શકાય તેમ છે, કદાચ બુદ્ધિપ્રધાન મનને સંતોષ આપે એવો દાર્શનિક ઉકેલ આ ન પણ નીવડે,- કારણ કે આપણે યાદ રાખવું જોઈએ કે આપણે અજ્ઞેય અને અનિર્વચનીયના પ્રદેશની સીમા ઉપર ઊભા રહ્યા છીએ અને આપણી દૃષ્ટિને પેલી તરફ જોવા માટે ખેંચી રહ્યા છીએ, પરંતુ આમાંથી દિવ્ય જીવનને વ્યવહારમાં ઉતારવા માટે અનુભવની અંદર આવી શકે એવો પૂરતો આધાર તો મળી શકશે જ.

આ કાર્ય કરવા માટે આપણે જગતની બાહ્ય અને સ્પષ્ટ દેખાતી સપાટી, કે જેના ઉપર વસવામાં આપણું મન આનંદ માને છે તેની નીચે જવાની હિંમત કરવી જોઈએ. અનંત ઊર્ધ્વ અને તમોગ્રસ્ત અધસ્ એ બંનેને આપણે આકર્ષવાં જોઈએ, ચેતનાના અગાધ ઊંડાણમાં પ્રવેશ કરવો જોઈએ તથા અત્યારે આપણે પોતાની નથી એવી ચેતનાની અવસ્થાઓ જોડે તાદાત્મ્ય સાધવું જોઈએ. આવી શોધના કાર્યમાં માનવ ભાષા ઘણું જ કંગાલ સાધન છે, તે છતાં એ ભાષામાં આપણને કાંઈ નહિ તો કેટલાંક પ્રતીક અને રૂપકો તો મળી શકે છે, એમાંથી આપણે વ્યક્ત થઈ શકે એવાં કાંઈક સૂચનો લઈ આવી શકીશું અને તે આત્માની જ્યોતિને સહાયભૂત બની રહેશે તથા તે અજ્ઞેયની અનિર્વચનીય યોજનાનું કોઈક આછું પ્રતિબિંબ માનસિક ચેતનાના પડદા ઉપર નાખી આપશે.

પ્રકરણ ૭

અહં અને દ્વંદ્વો

समाने वृक्षे पुरुषो निमग्नॉऽनीशया शोचति मुह्यमानः ।
जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः ।।

श्वेताश्वतर उपनिषद् ४.७

પ્રકૃતિના સમાન વૃક્ષ ઉપર બેઠેલો આત્મા એમાં નિમગ્ન થઈ ગયેલો હોઈ મોહ પામીને શોકને વશ થાય છે, કારણ કે તે પોતે ઈશ નથી, અનીશ છે; પણ જ્યારે તે પેલા અન્ય આત્માને જુએ છે તથા તેની સાથે એકતા કરે છે, તેના મહિમાને, તેના ઈશત્વને અનુભવે છે ત્યારે તે હમેશને માટે શોકથી મુક્ત બને છે.

શ્વેતાશ્વતર ઉપનિષદ ૪.૭

જો વિશ્વમાં સઘળું, સાચેસાચ, સ્વયં સચ્ચિદાનંદ હોય તો મૃત્યુ, દુઃખ, અનિષ્ટ, મર્યાદાઓ વગેરેનું સર્જન તે પોતાને વિષેના સમગ્ર અને અદ્વૈત સાધનાર જ્ઞાનમાંથી ભેદભાવ અને ખંડિત અનુભૂતિની ભૂલમાં પડેલી એવી, વિકૃતિ પેદા કરનાર કોઈ ચેતનાએ જ કરેલું હોઈ શકે; અલબત્ત વ્યવહારમાં આ બધાંની અસર ભાવાત્મક હોય છે પરંતુ મૂળમાં તો તે અભાવાત્મક જ હોય છે. આ જ વસ્તુને યહૂદી લોકોના શાસ્ત્રમાં માનવના પતન રૂપે વર્ણવી છે. એ પતન એટલે પ્રભુનો અને પોતાના આત્માનો સંપૂર્ણ અને શુદ્ધ સ્વીકાર કરવાની ક્રિયાથી દૂર જતા રહેવું, અથવા કહો પોતાના અંતરમાં રહેલ પ્રભુનો સ્વીકાર કરવાને બદલે ભેદભાવ ઉત્પન્ન કરનારી ચેતનામાં જઈ પડવું તે. એ ભેદભાવ ઉત્પન્ન કરનારી ચેતના પોતાની પાછળ દ્વંદ્વોની, જીવન અને મરણની, શુભ અને અશુભની, હર્ષ અને શોકની, દરિદ્રતા અને સમૃદ્ધિની સઘળી પરિણામ પરંપરા લઈ આવે છે. આદમ અને ઈવે, પુરુષ અને પ્રકૃતિએ, પ્રકૃતિથી લલચાયેલા આત્માએ જે ફળનો સ્વાદ લીધો છે તે એ છે. એમાંથી પુનર્મુક્તિ મેળવવા માટે વ્યક્તિએ વિશ્વચેતનાને પ્રાપ્ત કરવી જોઈએ, તથા સ્થૂલચેતનામાં આધ્યાત્મિક તત્ત્વનો સાક્ષાત્કાર થવો જોઈએ. એ પ્રમાણે થાય તો જ પ્રકૃતિમાં વસતો આત્મા

જીવનરૂપી વૃક્ષના ફળનો સ્વાદ લેવાનો અધિકારી બને અને પ્રભુનો સમધર્મી થઈ શકે અને શાશ્વત કાળ માટે જીવન ધારણ કરી શકે. કારણ કે પાર્થિવ ચેતનામાં આત્માએ જે અવતરણ કર્યું છે તેનો હેતુ ત્યારે જ સિદ્ધ થાય જ્યારે શુભ અને અશુભ, સુખ અને દુઃખ, જીવન અને મૃત્યુ વગેરેનું જ્ઞાન માણસ કોઈ ઉચ્ચતર ચેતનાની અનુભૂતિ દ્વારા ફરીને મેળવે કે જેથી કરીને એ વિરોધોનું સમાધાન થઈ જાય અને વિશ્વમયતામાં એ બધા અદ્વૈતને પામે, અને એ બધા ભેદોને દિવ્ય અદ્વૈતના સ્વરૂપમાં રૂપાંતર પમાડે.

સર્વ વસ્તુઓમાં સમાન રૂપે વ્યાપી રહેલી સચ્ચિદાનંદ ચેતનાને તો મૃત્યુ, દુઃખ, અનિષ્ટ અને મર્યાદા બહુ બહુ તો ઊંધા રૂપે પ્રતીત થતી, સચ્ચિદાનંદમાં રહેલાં જ્યોતિર્મય તત્ત્વોની વિરોધી છાયા રૂપ જ હોઈ શકે. આ તત્ત્વોને આપણે જે રીતે અનુભવીએ છીએ તે રીતે તો તેઓ વિસંવાદી સૂરો હોય છે. એ વસ્તુઓ જ્યાં એકતા હોવી જોઈએ ત્યાં વિયોગને, જ્યાં સમજૂતી હોવી જોઈએ ત્યાં ગેરસમજૂતીને, યથાર્થ જ્ઞાનને ઠેકાણે મિથ્યા જ્ઞાનને, સમગ્ર વિશ્વના સંઘસંગીતમાં આપોઆપ અનુકૂળ થઈ રહેવાને બદલે પોતાના સ્વતંત્ર સંવાદો સ્થાપવા મથે છે. સર્વ પ્રકારની સમગ્રતા, ભલે પછી તે વિશ્વના વિરાટ સ્પંદનની એક જ યોજનામાં આવેલી હોય, એ માત્ર સ્થૂલ ચેતનાની જ સમગ્રતા ભલે હોય, અને તેનામાં એ સ્થૂલ ચેતનાથી પર તથા તેની પાછળ જે જે કંઈ ગતિમાન તત્ત્વ આવી રહેલું છે તેમાંનું કાંઈ પણ ન હોય, તોપણ એ સમગ્રતા પોતે પોતા પૂરતી પાછી સંવાદિતામાં જ પહોંચતી હોય છે, સર્વ કલેશકારક તત્ત્વોનું સમાધાન રચતી હોય છે. પરંતુ સામી બાજુએ વિચારતાં સચ્ચિદાનંદ પોતે, કે જે વિશ્વના સર્વ રૂપોથી પર છે તેને આ દ્વંદ્વના તત્ત્વો, જેવાં આપણે સમજીએ છીએ તેવાં, સાચી રીતે, લાગુ જ પાડી શકાતાં નથી. સચ્ચિદાનંદની પરાત્પરતા દ્વંદ્વોનું રૂપાંતર કરી નાખે છે. એમનું કેવળ સમાધાન સાધતી નથી, પરંતુ વિરોધી તત્ત્વોને કોઈ એવો કીમિયો લાગુ કરીને એમના વિરોધોને પૂરેપૂરી રીતે ભૂંસી નાંખનાર કોઈ શ્રેષ્ઠતર વસ્તુમાં ફેરવી નાખે છે.

પરંતુ આપણે, પ્રથમ તો, વ્યક્તિને સર્વસમગ્રતાના સંવાદની જોડે ફરીથી જોડી આપવાનો પ્રયત્ન કરવાનો રહે છે. એમ કરવામાં આપણી વર્તમાન ચેતના વિશ્વનું જે મૂલ્યાંકન કરે છે તે માનવ અનુભવ અને પ્રકૃતિના હેતુઓ સાધવાને કારણે વ્યવહારુ દૃષ્ટિએ સકારણ ગણી શકાય એમ છે તોપણ એ મૂલ્યાંકન રૂપે જ વિશ્વ અનુભવાવું

જોઈએ એવું નથી અને મનુષ્યનું કરેલું એ મૂલ્યાંકન સંપૂર્ણ, સાચું અને આખરી ન પણ હોય એવી પ્રતીતિ થવી જોઈએ, એ આપણી પ્રથમ આવશ્યકતા છે. આવી પ્રતીતિ વિના માનવ કોયડાનો કોઈ ઉકેલ જ નથી થવાનો એમ સ્વીકારવું પડશે. જેવી રીતે આપણી ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોની શક્તિ કરતાં, જગતને જુદી રીતે અને વધારે સંપૂર્ણપણે કામ કરવાને લીધે કદાચ વધારે સારી રીતે જોઈ શકે, જાણી શકે એવી ઇન્દ્રિયો અથવા તો ઇન્દ્રિયની શક્તિનાં સંગઠનો હોઈ શકે છે, તેવી જ રીતે વિશ્વને ગ્રહણ કરનાર બીજી માનસિક કે અતિમાનસિક જ્ઞાનદૃષ્ટિઓ હોઈ શકે છે કે જે આપણી દૃષ્ટિને વટાવી જતી હશે. ચેતનાની એવી અવસ્થાઓ છે કે જેમાં મૃત્યુ એ માત્ર અમર જીવનમાં સધાઈ જતા પલટા રૂપે હોય છે, દુઃખ એ વિરાટ આનંદના મહાસાગરમાં થતી ઉગ્ર ઓટ રૂપે હોય છે, મર્યાદા એ અનંત પોતા પ્રત્યે અભિમુખ થાય તેના પરિણામ રૂપ હોય છે, અને અનિષ્ટ એ શુભ તત્ત્વ પોતાની પૂર્ણતાની આજુબાજુ પરિભ્રમણ કરતું હોય તેમ હોય છે; અને આ બધું કેવળ ખાલી કલ્પના રૂપે નહિ પરંતુ પ્રત્યક્ષ દર્શન અને સતત સઘન અનુભૂતિ રૂપે બનતું હોય છે. ચેતનાની આવી સ્થિતિઓને પ્રાપ્ત કરવી એ વ્યક્તિને માટે આત્મસિદ્ધિ પ્રત્યે પ્રગતિ કરવાનાં પગથિયાંઓમાં એક સૌથી વધારે અગત્યનું અને અનિવાર્ય પગથિયું બની શકે છે.

બેશક, આપણી ઇન્દ્રિયો અને દ્વૈતભાવપ્રધાન મન આપણને જગતનાં જે વ્યવહારુ મૂલ્યાંકનો આપે છે તેમને એમના ક્ષેત્ર પૂરતાં આપણે સાચાં તરીકે સ્વીકારવાં જોઈએ અને એમના કરતાં વધારે વિશાળ એવો સંવાદ પ્રગટ થાય નહિ કે જેમાં એ મૂલ્યો પોતે પ્રવેશ કરી શકે અને પોતે જે વાસ્તવિકતા રજૂ કરે છે એ વાસ્તવિકતાઓ ઉપરની પકડ ગુમાવ્યા વિના પોતે રૂપાંતર પામી શકે, ત્યાં સુધી ઇન્દ્રિયોનાં એ મૂલ્યાંકનોને આપણે જીવનના સામાન્ય અનુભવ માટેના ધોરણ તરીકે સ્વીકારવાનાં રહે છે. ઇન્દ્રિયોનાં મૂલ્યાંકનોનું નવા પ્રાપ્ત થયેલા દૃષ્ટિબિંદુથી સાચું અર્થપ્રકાશન કરી આપે એવું જ્ઞાન પ્રાપ્ત થાય તે પહેલાં જ ઇન્દ્રિયોની શક્તિને વિસ્તારવા જતાં ગંભીર અવ્યવસ્થા ઊભી થાય અને અશક્તિઓ ઉત્પન્ન થાય, તથા માનવને વ્યવહારુ જીવનને માટે તથા બુદ્ધિના વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ પ્રયોગ માટે નાલાયક બનાવી દે એ સંભવ રહેલો છે. તે જ પ્રમાણે આપણી મનોમય ચેતનાને અહંતાપ્રધાન દ્વંદ્વોના અનુભવમાંથી કાઢી લઈને તેનો અખિલ ચેતનાના કોઈ રૂપ સાથેની અનિયંત્રિત એકતામાં વિસ્તાર કરવા

જતાં જગતનાં સાપેક્ષ તત્ત્વોની જે સ્થાપિત વ્યવસ્થામાં માનવજાતિનું સક્રિય જીવન વહેતું હોય છે તેમાં સહેલાઈથી ગૂંચવાડો ઊભો થાય અને તે માટેની અશક્તિ જન્મે એમ બની શકે છે. ગીતામાં જ્ઞાની પુરુષને અજ્ઞાની માણસોના જીવન અને વિચારના પાયાને ન હલાવવાની જે આજ્ઞા આપવામાં આવી છે તેનું મૂળ પણ બેશક એ જ છે; કારણ કે એવા જ્ઞાનીના દાખલાથી પ્રેરાઈને, પરંતુ તે જ્ઞાનીના કર્મના સિદ્ધાંતને સમજવાને અશક્તિમાન એવા અજ્ઞાની લોકો જ્ઞાનીના જીવનના ઉચ્ચતર પાયાને પ્રાપ્ત કર્યા વગર જ એમનાં પોતાનાં મૂલ્યોની આખી યોજનાને ગુમાવી બેસે એમ બનશે.

આવી અવ્યવસ્થા અને અશક્તિને વ્યક્તિ અંગત રીતે સ્વીકારી શકે છે અને ઘણાએક મહાન આત્માઓએ એ સ્થિતિને એક તાત્કાલિક માર્ગ તરીકે અથવા તો વધારે વિશાળ જીવનમાં પ્રવેશ કરવા માટેના મૂલ્ય તરીકે સ્વીકારેલી છે. પરંતુ માનવ પ્રગતિનો સાચો ઉદ્દેશ તો હમેશાં જીવનનું પુનઃ પુનઃ વધારે સફળ અને સમન્વયાત્મક અર્થદ્યોતન થતું રહે એ જ ગણાય; એવા સમન્વયાત્મક સત્ય પ્રકાશ વડે પેલા વધારે વિશાળ આધ્યાત્મિક જીવનનો નિયમ માનવ જીવનમાં સત્યોની એક નવી શ્રેણી રૂપે તથા વિશ્વમાં આવેલી જીવન-સામગ્રી ઉપર માનવ શક્તિઓના એક વધારે સાચા અને સમર્થ કાર્ય રૂપે રજૂ થશે. ઈન્દ્રિયોને માટે તો સૂર્ય પૃથ્વીની આસપાસ ફરે છે; ઈન્દ્રિયોને માટે તો પૃથ્વી જીવનનું કેન્દ્ર હતું અને જીવનની સર્વ ગતિઓ એક ખોટા ખ્યાલની આજુબાજુ ગોઠવવામાં આવેલી છે. સત્ય તો એનાથી તદ્દન ઊલટું જ છે, પરંતુ ઈન્દ્રિયોના જ્ઞાનનું સાચું મૂલ્યાંકન કરી આપતું એવું એક ભૌતિક શાસ્ત્ર એ નવા વિચારને કેન્દ્રમાં રાખીને તર્કશુદ્ધ અને વ્યવસ્થિત જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જો ન રચાયું હોત તો પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે એ સત્યની શોધ નિરુપયોગી નીવડત. એ જ પ્રમાણે માનવની માનસિક ચેતનાને એવું જણાતું રહ્યું છે કે પ્રભુ તેની વ્યક્તિસ્વરૂપ અહંતાની આજુબાજુ ગોળ ગોળ ફરે છે તથા પ્રભુનાં સર્વ કાર્યોને માનવના અહંતાપ્રધાન ઈન્દ્રિયજન્ય સંસ્કારો, લાગણીઓ અને વિચારો આગળ નિર્ણય કરવા માટે લાવવામાં આવે છે, અને એ રીતે એમનું એવું મૂલ્યાંકન અને અર્થદ્યોતન થાય છે કે જે અસલ સત્યની વિકૃતિ અને વિપરીત અર્થ હોવા છતાં માનવ જીવનની અને પ્રગતિની અમુક અવસ્થામાં ઉપયોગી નીવડતાં હોય છે અને વ્યવહાર માટે પૂરતાં હોય છે. એ મૂલ્યાંકનો અને વિકૃતિઓ જગતના આપણા અનુભવોનું

વિચાર કરવાની શક્તિ માનવમાં જાગ્રત થઈ ત્યારથી માનવજાતિએ જે કાર્ય સૌથી પ્રથમ આરંભ્યું તે કાર્ય આખર સુધી અને અનિવાર્ય રહેવાનું હોય એમ લાગે છે. કારણ કે શંકાશીલપણાના લાંબામાં લાંબા યુગો પછી પણ એ શક્તિ જીવતી રહે છે, અને વારે વારે દેશપાર કરવા છતાં ફરી ફરીને આવે છે, અને એમ લાગે છે કે માનવની ચિંતનશક્તિની એનાથી વધારે ઉચ્ચ પરિસ્થિતિ આવી શકે તેમ નથી. માનવમાં એ શક્તિ જુદે જુદે રૂપે પ્રગટે છે; ભગવાન માટેની શોધ, પૂર્ણતા પ્રાપ્ત કરવા માટેની ઈચ્છા, શુદ્ધ સત્ય અને નિર્ભેળ આનંદ માટેની શોધ, પોતાનામાં ગુપ્ત રહેલી અમરતા માટેનું ભાન એમ જુદે જુદે રૂપે એ પ્રગટે છે. આ સતત જાગ્રત ઊંચી અભિલાષાના પુરાવા માનવ જ્ઞાનની જાગૃતિની ઉષાઓમાં આપણને જોવા મળે છે. આજે યુગોને અંતે પ્રકૃતિનાં બાહ્ય સ્વરૂપોનું સફળ પૃથક્કરણ કરીને માનવજાતિ ઓચાઈ ગઈ છે, પરંતુ એના અંતરમાં સંતોષ નથી અને પોતાના આદિયુગની પુરાતન અભિલાષાઓ પ્રત્યે તે પાછી વળતી હોય એમ જણાય છે. પ્રાચીનમાં પ્રાચીન યુગનો જ્ઞાનમંત્ર આજનો પણ સૌથી અર્વાચીન મંત્ર બને એ સંભવિત છે,- જ્યોતિ, મુક્તિ, પ્રભુ અને અમરતાની પ્રાપ્તિ.

માનવજાતિમાં સતત જાગ્રત રહેલા એ આદર્શો તેના રોજના જીવનના સામાન્ય અનુભવોથી તદ્દન વિરોધી અને માનવજાતિની વધારે ઉચ્ચ અને ગહન અનુભૂતિઓને સાચા ઠરાવનારા લાગે છે. પરંતુ એ અનુભવોની પ્રાપ્તિ સંપૂર્ણપણે તો વ્યક્તિ પોતે પોતાના અંતરમાં ક્રાન્તિકારક ઊથલપાથલ થાય તેવા પ્રયત્નો વડે કરી શકે, યા તો સમગ્ર માનવજાતિ ક્રમે ક્રમે પ્રગતિ સાધીને તેમને સિદ્ધ કરે. અહંતાવાળી અને પાશવ ચેતનામાં રહ્યા છતાં ભગવાનને જાણવો, તેને પ્રાપ્ત કરવો અને ભાગવત સ્વરૂપ થવું, આપણી અત્યારની સ્થૂલ ઈન્દ્રિયોની મર્યાદાઓથી પરિમિત થયેલી, અજ્ઞાનથી ઢંકાયેલી અને અર્ધતેજ અને અર્ધતિમિરથી છવાયેલી આપણી અત્યારની મનોદશાને વિરાટ વિજ્ઞાનમય જ્ઞાનજ્યોતિમાં ફેરવી નાખવી, અત્યારની આપણી માનવની સ્થિતિમાં જે ક્ષણિક સંતોષનો અતિશ્રમ જ ભાગ્યમાં લખાયેલો લાગે છે- અને એ ક્ષણિક સંતોષ પણ કેવો? લાગણીમય દર્દો અને સ્થૂલ શારીરિક દુઃખોથી ચારે બાજુ ઘેરાયેલો-તેને ઠેકાણે પરમ શાંતિ અને સ્વયંભૂ આનંદની સ્થાપના કરવી, જડ જગતમાં વ્યાપી રહેલ યાંત્રિક કાર્યકારણની યાંત્રિક સાંકળનાં બંધનો તોડીને તે જ જગતમાં અનંત મુક્તિ પ્રગટાવવી, સતત વિકાર અને મૃત્યુને વશ એવા માનવદેહમાં અમર જીવનની શોધ

વ્યવહારુ અને કાચી રીતનું સંગઠન હોઈ જ્યાં સુધી આપણે વિચારો અને પ્રવૃત્તિઓની અમુક કક્ષામાં હોઈએ ત્યાં સુધી જ તે સાચું હોય છે. પરંતુ આ મૂલ્યાંકનો માનવ જીવન અને માનવ જ્ઞાનની આખરી અને ઊંચામાં ઊંચી સ્થિતિને રજૂ કરતાં નથી. 'સત્ય જ એનો પંથ છે, નહિ કે અસત્ય'. સત્ય તે એ નથી કે ભગવાન અહંને અસ્તિત્વના કેન્દ્રમાં રાખીને તેની આજુબાજુ ફરે છે. અને અહં તથા દ્વૈતપ્રધાન દ્રષ્ટિબિંદુ દ્વારા પ્રભુ વિષે નિર્ણય બાંધી શકાય છે.પરંતુ સત્ય તે એ છે કે પ્રભુ પોતે વિશ્વના કેન્દ્રમાં છે અને વ્યક્તિને થતા અનુભવને જ્યારે વિશ્વમય અને પરાત્પર (વિશ્વાતીત) તત્ત્વોની રીતે સમજવામાં આવે છે ત્યારે તે પોતાના સત્ય સ્વરૂપને પ્રાપ્ત કરે છે. આમ હોવા છતાં જ્ઞાનનો પૂરતો પાયો સ્થાપિત કર્યા વિના અહંપ્રધાન દૃષ્ટિબિંદુને ઠેકાણે ઉપર જણાવેલું દૃષ્ટિબિંદુ જો દાખલ કરવામાં આવે તો તેના જૂના વિચારોને ઠેકાણે નવા તો ખરા, પરંતુ અપક્વ માનવને માટે અસત્ય અને સ્વચ્છંદી એવા વિચારોનું ધોરણ સ્થાપિત થાય, અને પરિણામે સત્ય મૂલ્યાંકનોને લીધે રચાતી સુસ્થિર ઊથલપાથલને બદલે ઓચિંતી અને ઉગ્ર ઊથલપાથલ ઊભી થાય એમ બને. એવી અવ્યવસ્થા, ધોરણોની એવી ક્રાન્તિ, ઘણી વાર નવાં તત્ત્વદર્શનોનો તથા ધર્મોનો જન્મ સૂચવે છે તથા ઉપયોગી ક્રાન્તિઓનો આરંભ કરે છે. પરંતુ આપણે સાચો ઉદ્દેશ તો ત્યારે જ પ્રાપ્ત કરી શકીએ કે જ્યારે સાચા કેન્દ્રભૂત વિચારની આજુબાજુ આપણે એક વ્યવસ્થિત અને બુદ્ધિગ્રાહ્ય જ્ઞાનને સંગઠિત કરી શકીએ અને એ જ્ઞાનમાં અહંતાપ્રધાન જીવનને એનાં સર્વ મૂલ્યાંકનો રૂપાંતર પામેલી અને સ્ખલનોથી મુક્ત થયેલી સ્થિતિમાં પાછાં આવી મળશે. ત્યાર પછી આપણે સત્યની એવી કોઈ નવીન શ્રેણી પ્રાપ્ત કરી લઈશું કે જેને લઈને અત્યારે આપણે જે જીવન ગાળીએ છીએ તેને ઠેકાણે વધારે દિવ્ય જીવન ગાળવું આપણે માટે શક્ય બનશે તથા વિશ્વની જીવનસામગ્રી ઉપર આપણી શક્તિઓનો વધારે સમર્થ પ્રયોગ કરી શકીશું.

માનવરૂપી એકમનું એ નવજીવન અને નવી શક્તિની પ્રાપ્તિ મહાન આધ્યાત્મિક સત્યોના સાક્ષાત્કાર ઉપર મંડાવી જોઈએ એ તો અનિવાર્ય જ છે; એ પરમ સત્યો દિવ્ય જીવનના સ્વરૂપને આપણી વિચારશક્તિમાં આવી શકે એવી રીતે રજૂ કરી આપે છે. એ સાક્ષાત્કાર આપણને અહંના અસત્ય દૃષ્ટિબિંદુનો તથા ખોટી પ્રતીતિઓનો ત્યાગ કરવાથી, તથા જે સર્વસમગ્રતાઓનો એ પોતે એક ખંડ છે તેની સાથે, તથા જે

પરાત્પરતામાંથી એ પોતે અવતરેલ છે તેમની સાથે સાચો સંબંધ અને સંવાદ સ્થાપન કરવાથી તથા એના પોતાના ધારાધોરણની મર્યાદાઓ વટાવી જનાર કોઈ પરમ નિયમ અને સત્ય પ્રત્યે પોતાની ચેતનાનો પૂરેપૂરો ઉન્મેષ કરવાથી થઈ શકે છે, એ સત્યની પ્રાપ્તિ એ જ આપણા અહંની સાર્થકતા બનવાની છે અને એ પરમ ધર્મનું અનુસરણ એ અહંની મુક્તિ થશે. આ નવા જીવનનું લક્ષ્ય તે અહંપ્રધાન દૃષ્ટિબિંદુએ ઉત્પન્ન કરેલ મૂલ્યાંકનોનો સંપૂર્ણ ત્યાગ કરવો એ હોવું જોઈએ, અને આપણે સર્વ મર્યાદા, અજ્ઞાન, મૃત્યુ, દુઃખ અને અનિષ્ટથી પર થઈ જઈએ, એમનાથી પેલે પાર ચાલ્યા જઈએ એમાં એની પરાકાષ્ઠા બનવી જોઈએ.

જો પેલું નવું જીવન આપણાં અત્યારનાં અહંપ્રધાન મૂલ્યાંકનો જોડે ફરજિયાત બંધાયેલું રહેવાને જ સરજાયેલું હોય તો માનવ જીવનમાં અને આ પાર્થિવ ભૂમિકા ઉપર આપણે અહંની મર્યાદાઓના ઉલ્લંઘનની અને પરાત્પર તત્ત્વની પ્રાપ્તિની જે વાત કરી તે અસંભવિત ઠરે છે. જીવન જો તેના અસલ સ્વરૂપમાં કોઈ એક વિશ્વમય સત્તાનું શ્વસન ન હોય, પરંતુ કેવળ વ્યક્તિગત ઘટના જ હોય, બાહ્ય સ્પર્શો પ્રત્યે વ્યક્તિના પ્રતિકાર્ય રૂપે જે દ્વંદ્વો ઊપજે છે તે માત્ર એક પ્રતિકાર્ય છે એમ નહિ પરંતુ જીવન માત્રનો મૂળ સાર અને તેની આવશ્યક પરિસ્થિતિ હોય, આપણાં મન અને શરીર જે પદાર્થનાં બનેલાં છે તે પદાર્થનો અનિવાર્ય ધર્મ તે મર્યાદારૂપ જ હોય, જીવન માત્રની પહેલી અને છેલ્લી અવસ્થા, એનો આરંભ અને અંત તે મૃત્યુ દ્વારા સર્જાતો વિલય જ હોય, સુખ અને દુઃખ એ જ જો સર્વ પ્રકારના ઈન્દ્રિયજન્ય સંવેદનનો દ્વંદ્વરૂપ અવિભાજ્ય સ્વભાવ હોય, સર્વ પ્રકારના ભાવોની અનુભૂતિ માટે હર્ષ અને શોકની તેજછાયા જો આવશ્યક જ હોય, માનવને પ્રાપ્ત થતું સર્વજ્ઞાન તે સત્ય અને અનૃતના બે ધ્રુવો વચ્ચે સનાતન કાળ માટે આંદોલિત થયા કરવાનું જ હોય તો પછી માનવતાની સીમાનું ઉલ્લંઘન સાધવું તે સત્ માત્રની પેલી તરફ રહેલ કોઈ નિર્વાણ અવસ્થામાં માનવ જીવનનો ત્યાગ કરવાથી જ બની શકે અથવા તો કોઈ બીજી જ દુનિયાને પ્રાપ્ત કરવાથી, આપણા પાર્થિવ વિશ્વથી તદ્દન જુદા જ પાયા ઉપર રચાયેલા એવા કોઈ સ્વર્ગને પ્રાપ્ત કરવાથી જ તે થઈ શકે.

માણસના પોતાના ભૂત અને વર્તમાન સંસ્કારોમાં હંમેશાં આસક્ત એવા રૂઢિવશ મનને માટે આપણા અત્યારના નિશ્ચિત સંજોગોમાં રહીને માનવના જેવું

છતાં માનવથી સમૂળગું જૂદું જ હોય એવું જીવન કલ્પવું સહેલું નથી. ભવિષ્યમાં શક્ય એવી આપણી વિકાસની સ્થિતિ પ્રત્યે આપણે ડાર્વિનના મતમાં માનવનો આદિ પિતા વાનર ગણાય છે તેના જ જેવી સ્થિતિમાં છીએ. આદિ કાળનાં જંગલોનાં વૃક્ષમાં રહેતાં અને પોતાના સ્વાભાવિક આવેશો અને અંધપ્રેરણાને વશ એવું જીવન ગાળનાર વાનરને માટે 'બુદ્ધિ' નામની નવી શક્તિનો પ્રયોગ પોતાના આંતર અને બાહ્ય જીવનના ઉપર કરનાર એવું માનવ નામનું પ્રાણી, જે પોતાના અંધ આવેગો, પોતાની ટેવો વગેરેના ઉપર બુદ્ધિના વર્ચસ્વ વડે પ્રભુત્વ સ્થાપન કરશે, પોતાના સ્થૂલ જીવનના સંજોગોને ફેરવી નાખશે, પોતાને માટે પથ્થરનાં ઘરો બાંધશે, પ્રકૃતિનાં બળોનો ઉપયોગ કરશે, સમુદ્ર ખેડશે, હવામાં ઊડશે, આચારના નિયમો વિકસાવશે તથા પોતાની માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ માટે સજ્ઞાન પદ્ધતિઓની શોધ કરશે એવું પ્રાણી એક દિવસ પૃથ્વી ઉપર વિચરશે એવી કલ્પના કરવી સાવ અસંભવિત જ હતી. વાનરમનને માટે કદાચ એવી કલ્પના શક્ય હોત તોપણ, પ્રકૃતિની ગમે તેટલી પ્રગતિ વડે, અથવા તો, તપઃશક્તિના અને વૃત્તિના દીર્ઘ પ્રયાસ વડે તે પોતે માનવ નામના એ પ્રાણીમાં વિકાસ પામી શકે એવી કલ્પના કરવી તો એથી પણ વધારે મુશ્કેલ હોત. પરંતુ માનવે તો વિવેકશક્તિ પ્રાપ્ત કરી છે તેથી, પણ વિશેષ તો તેણે પોતાની કલ્પનાશક્તિ અને સહજજ્ઞાનની શક્તિને છૂટથી ખેલવા દીધી હોવાથી તે પોતાના કરતાં વધારે ઉચ્ચ જીવનની કલ્પના કરી શકે છે તથા પોતાની વર્તમાન અવસ્થામાંથી તે ઉચ્ચ અવસ્થામાં તેનું પોતાનું આરોહણ પણ કલ્પી શકે છે. માણસે આવી પરમ ઉચ્ચ અવસ્થાનો જે ખ્યાલ બાંધેલો છે તે તેના પોતાના વિચાર મુજબ જે જે ભાવાત્મક તત્ત્વો છે તથા તેની સ્વતઃસ્ફુરણાની બનેલી અભીપ્સાને જે જે ઈષ્ટ લાગે છે તે તત્ત્વોની એક અંતિમ પૂર્ણ સ્થિતિનો બનેલો હોય છે. ઉ. ત. તે વાંછે છે જ્ઞાન પરંતુ અભાવાત્મક ભ્રાંતિની, સ્ખલનની છાયા વિનાનું; તે વાંછે છે આનંદ પરંતુ તેના અભાવાત્મક અનુભવોથી અર્થાત્ દુઃખથી સંપૂર્ણપણે મુક્ત; તે માગે છે શક્તિ, પણ તે અશક્તિ દ્વારા સતત થતા રહેતા તેના ઈનકાર વિનાની; સત્ત્વની તે એવી વિશુદ્ધિ અને સમૃદ્ધિ વાંછે છે કે જે દોષ અને મર્યાદાના વિરોધી તત્ત્વ વિનાની હોય. માનવ પોતાના દેવોની કલ્પના આવી જ રીતે કરે છે; તેની સ્વર્ગની ભાવના પણ તે એવી જ રીતે રચે છે. પરંતુ માનવતાને અને પૃથ્વીને માટે તે એવી આદર્શ અવસ્થાની પ્રાપ્તિને શક્ય

માનતો નથી. પ્રભુ અને સ્વર્ગનું તેનું સ્વપ્ન ખરી રીતે તેની પોતાની જ સંપૂર્ણતાનું સ્વપ્ન છે; પરંતુ માનવજાતિના પૂર્વજ વાનરને પોતે ભાવિ માનવ થશે એ માન્યતા સ્વીકારતાં જેવી મુશ્કેલી નડે તેવી જ મુશ્કેલી માનવને એ આદર્શ પૂર્ણતાના વ્યવહારુ સાક્ષાત્કારને આ જગતમાં પોતાના અંતિમ ધ્યેય તરીકે સ્વીકારતાં નડે છે. માનવની કલ્પનાશક્તિ, એની ધાર્મિક અભીપ્સા એ દિવ્ય આદર્શોને તેની આગળ ધરે એ શક્ય છે, પરંતુ જ્યારે તર્કબુદ્ધિ માનવમાં પોતાની સત્તા જમાવે છે અને કલ્પનાનો તથા પરાત્પરના સહજજ્ઞાનનો ઈનકાર કરે છે ત્યારે માણસ એ અભીપ્સાને સ્થૂલ વિશ્વની કઠિન વાસ્તવિકતાઓના વિરોધી એવા ઝળહળતા વહેમ તરીકે અભરાઈએ ચડાવી દે છે. ત્યાર પછી એ ધ્યેય અશક્યનું એક પ્રોત્સાહક દર્શન જ બની રહે છે. અને માણસને એમ જ લાગે છે કે એક શરતો પર આધાર રાખતું, મર્યાદિત અને અસ્થિર એવું જ્ઞાન, અને એવાં જ અસ્થિર સુખ, શક્તિ અને શ્રેય એમાં જ બધી શક્યતાઓનો સાર છે.

અને છતાં, વિચારશક્તિનું જે તત્ત્વ છે તેના પોતાનામાં જ કોઈ પરાત્પરતાનું વિધાન અધ્યાહાર રહેલું છે. કારણ કે બુદ્ધિનો સમગ્ર ઉદ્દેશ અને તેનું અંતિમ તત્ત્વ જ્ઞાનની ગવેષણા, અર્થાત્ સ્ખલનની ભ્રાંતિનો છેદ ઉડાવી દઈને સત્યનું અનુશીલન કરવું એ છે. બુદ્ધિનું દૃષ્ટિબિંદુ, એનો ઉદ્દેશ એક વધારે મોટી ભ્રાંતિમાંથી નાની ભ્રાંતિમાં જવું એટલો જ નથી; પરંતુ તે એમ ધારે છે કે જગતમાં કોઈ ભાવાત્મક સત્ય, એની શોધની પૂર્વે પહેલેથી જ અસ્તિત્વમાં રહેલું છે, જેના પ્રત્યે આપણે આપણા સાચા અને મોટા જ્ઞાન રૂપી દ્વંદ્વોમાં થઈને પ્રગતિ કરી શકીએ છીએ. આપણી બુદ્ધિને જો માનવજાતિની બીજી અભીપ્સાઓ વિષે આવી જ સહજ ખાતરીની લાગણી નથી હોતી તો તેનું કારણ એ છે કે બુદ્ધિની પોતાની સ્પષ્ટ પ્રવૃત્તિમાં જ્ઞાનની જે પ્રભા સ્વભાવિક હોય છે તેની એ બીજી અભીપ્સાઓ અંગે અછત હોય છે. આપણે સુખના નિરપેક્ષ સાક્ષાત્કારની કલ્પના કરી શકીએ છીએ કારણ કે આપણા હૃદયમાં, કે જ્યાં સુખની એ સહજવૃત્તિ ઉદ્ભવે છે ત્યાં, એના વિષે એક પ્રકારની ખાતરીની લાગણી હોય છે. હૃદય શ્રદ્ધાવાન બની શકે તેમ છે, અને વળી, આપણાં મન દુઃખના દેખીતા કારણ રૂપ એવી અતૃપ્ત જરૂરિયાતોને સંપૂર્ણપણે દૂર કરી દેવાની કલ્પના કરી શકે છે. આમ નિરપેક્ષ સુખની કલ્પના થઈ શકે ખરી, પરંતુ આપણા નાડીયંત્રમાંથી દુઃખની સંવેદનાને તથા સ્થૂલ શરીરમાંથી મૃત્યુને આપણે શી રીતે બાદ કરી શકીશું? અને છતાં સંવેદનમાત્રની સૌથી પ્રબળ સહજપ્રેરણા

તો દુઃખનો ઈનકાર જ કરતી હોય છે, તથા આપણી પ્રાણશક્તિના મૂળ તત્ત્વમાં પણ મૃત્યુના ઈનકારનો દાવો પણ એટલો જ પ્રબળ અને સહજ હોય છે. પરંતુ આ વસ્તુ આપણી તર્કપ્રધાન બુદ્ધિ આગળ સહજ રીતે પ્રેરિત અભીપ્સાઓ તરીકે આવે છે, નહિ કે સાક્ષાત્કાર કરી શકાય એવી સંભાવ્ય વસ્તુઓ તરીકે.

છતાં, ચેતનાની આખીયે ચડતીઊતરતી વિશ્વરચનામાં એક જ નિયમ પ્રવર્તતો હોવો જોઈએ. વ્યવહારલક્ષી તર્કબુદ્ધિની ભૂલ એ થાય છે કે દેખીતી ઘટના કે હકીકતને તે હદ ઉપરાંત અગત્ય આપીને તેને વશ થાય છે, કારણ કે એ બુદ્ધિ પોતે તેને વાસ્તવિક તરીકે તુરત જ અનુભવી શકે છે, અને સંભાવ્યતાઓની ભીતરમાં જે વધુ ગહન હકીકતો રહેલી છે તેમનો અંત સુધી વિચાર કરવાની તેનામાં હિંમત નથી હોતી. અત્યારે જે કાંઈ પ્રત્યક્ષ છે તે પૂર્વે જે કોઈ સંભાવ્યતા હતી તેનો સાક્ષાત્કાર છે, વર્તમાનમાંની સંભાવ્યતા તે ભાવિ સાક્ષાત્કારની ચાવી છે. આપણે જોઈએ છીએ કે માણસમાં એવી સંભાવ્યતા રહેલી છે; વસ્તુઓ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત કરવાનો આધાર એ વસ્તુઓની પ્રક્રિયા અને કારણોના જ્ઞાનના ઉપર રહેલો છે. આપણે જો ભ્રમ, સ્ખલન, શોક, દુઃખ, મૃત્યુ વગેરેનાં કારણો જાણી શકીએ તો એમનો સંપૂર્ણ ઉચ્છેદ કરવા માટે આપણે, કાંઈક આશાપૂર્વક, પ્રયત્ન કરી શકીએ છીએ. કારણ કે જ્ઞાન એ શક્તિ છે અને પ્રભુત્વ છે.

હકીકતમાં તો એક આદર્શ તરીકે, આપણે આપણાથી બની શકે તેટલો આ સર્વે અભાવાત્મક યાને વિરોધી વસ્તુઓનો છેદ ઉડાવવા માટે સતત પ્રયત્ન કરતા જ હોઈએ છીએ. ભ્રમ, દુઃખ, અને કલેશનાં કારણોને ક્રમે ક્રમે ઓછાં કરવા માટે આપણે સતત પ્રયત્નશીલ રહીએ છીએ. ભૌતિક શાસ્ત્ર, તેના જ્ઞાનનું ક્ષેત્ર જેમ જેમ વધતું જાય છે તેમ તેમ બાળકના જન્મને નિયત કરવાનું તથા મૃત્યુની પૂરેપૂરી જીત નહિ તોપણ જીવનને અમર્યાદપણે લંબાવવાનું સ્વપ્ન સેવી રહેલું છે. પરંતુ આપણે ફક્ત બાહ્ય અથવા ગૌણ કારણોનો જ વિચાર કરતા હોઈએ છીએ, એટલે આપણે એ કારણોને થોડાં વધારે દૂર લઈ જવાનો જ પ્રયત્ન કરીએ છીએ અને તેમનો સામનો કરીને તેમનાં ખરેખરાં મૂળનો ઉચ્છેદ કરવાનો પ્રયત્ન કરતા નથી. અને આપણી આ રીતની મર્યાદા રહેલી છે, કારણ કે આપણે ગૌણ પ્રકારનું જ્ઞાન મેળવવા, નહિ કે મૂળનું જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરીએ છીએ. આપણે વસ્તુઓમાં બનતી પ્રક્રિયાને જાણીએ છીએ, એના મૂલ

જ્ઞાનને જાણતા નથી. પરિણામે, આપણે વધારે સમર્થ રીતે પરિસ્થિતિનું સંચાલન તો કરીએ છીએ પણ વસ્તુના મૂળ ઉપર પ્રભુત્વ પ્રાપ્ત નથી કરી શકતા. પરંતુ, જો આપણે ભ્રમ, દુઃખ અને મૃત્યુની મૂળગત પ્રકૃતિને અને એના અસલ કારણને જાણી શકીએ તો આપણે એ વસ્તુઓના ઉપર એવું પ્રભુત્વ મેળવવાની આશા રાખી શકીએ અને એ પ્રભુત્વ સાપેક્ષ નહિ પરંતુ સંપૂર્ણ પ્રકારનું જ હોય. આપણે એ અનિષ્ટ વસ્તુઓ, ભ્રમ, દુઃખ અને મૃત્યુને સંપૂર્ણપણે દૂર કરી દેવાની આશા પણ રાખી શકીએ છીએ અને એ રીતે આપણી પ્રકૃતિની એક મુખ્ય સ્વાભાવિક પ્રેરણા કેટલી સકારણ છે તે પેલાં નિરપેક્ષ પ્રકારનાં શુભ, આનંદ, જ્ઞાન અને અમરતા ઉપર વિજય પ્રાપ્ત કરીને જોઈ શકીએ છીએ. આપણી સહજ સ્ફુરણાઓને તો એમ જ લાગે છે કે આ બધાં પરમ શુભ, આનંદ, જ્ઞાન, અમરતા એ જ મનુષ્યની સાચી અને આખરી સ્થિતિ છે.

પ્રાચીન વેદાંતનું દર્શન આપણને બ્રહ્મનો જે વિચાર અને અનુભૂતિ આપે છે તેમાં આ જ રીતનો ઉકેલ આપણને મળી આવે છે. વેદાન્ત કહે છે કે આ બ્રહ્મ એ જ વિશ્વની એકમાત્ર વિશ્વરૂપ અને મૂલતમ હકીકત છે અને એ બ્રહ્મનું સ્વરૂપ તે સચ્ચિદાનંદ છે.

આ દૃષ્ટિએ જીવનનું મૂળ તત્ત્વ તે એક વૈશ્વિક અને અમર સત્ તત્ત્વની ગતિ રૂપે રહેલું છે, ઇન્દ્રિયસ્પર્શો અને ભાવોનું મૂળતત્ત્વ સત્-તામાં રહેલા એક સ્વયંભૂ અને વૈશ્વિક આનંદની લીલા રૂપે રહેલું છે, ચિંતનની અને સંવેદનની સર્વે ક્રિયાનું મૂળતત્ત્વ એક સર્વવ્યાપી વૈશ્વિક સત્યના પ્રસરણ રૂપે રહેલું છે, સઘળી પ્રવૃત્તિનું મૂળતત્ત્વ અને વૈશ્વિક અને સ્વયંસફળ શિવત્વની ક્રમિક પ્રગતિ રૂપે રહેલું છે.

પરંતુ એ લીલા અને એ ગતિ રૂપોની અનેકતામાં, વૃત્તિઓની વિવિધતામાં, શક્તિઓની પરસ્પર ક્રિયા-પ્રક્રિયામાં પ્રગટ થાય છે. વિશ્વમાં રહેલી રૂપોની અનેકતા વ્યક્તિગત અહંરૂપી એક નિશ્ચયાત્મક અને થોડા સમય પૂરતી વિકૃતિ લાવનાર એક દખલગીરીને ઊભી થવા દે છે; અને એ અહંનો સ્વભાવ એવો છે કે તે સંકલ્પપૂર્વક પોતાની લીલાના અન્ય સર્વ અંશોનું અજ્ઞાન ધારણ કરીને ચેતનાની આત્મમર્યાદાનો સ્વીકાર કરે છે તથા પોતે માત્ર એક જ રૂપમાં, વૃત્તિઓના એક વિશિષ્ટ સંયોજનમાં, શક્તિઓની ગતિના એક જ ક્ષેત્રનો સ્વીકાર કરે છે. ભ્રમ, શોક, દુઃખ, અનિષ્ટ, મૃત્યુ વગેરે પ્રતિકાર્યોનું નિર્માણ કરનાર તત્ત્વ તે 'અહં' છે; કારણ કે જે ગતિઓ, જે ક્રિયાઓ

એકમેવ સત્, આનંદ, સત્ય અને શિવ પ્રત્યેના સાચા સંબંધના પ્રતિનિધિ રૂપ બની શકે તેમ છે તે બધીને અહં ભ્રમ, શોક, દુઃખ, મૃત્યુ વગેરેનું રૂપ અર્પણ કરે છે. આપણે જો ફરીને સાચો સંબંધ પ્રાપ્ત કરી શકીએ તો અહં-નિર્મિત પ્રતિકાર્યોને પણ આપણે દૂર કરી શકીએ છીએ અને આખરે એ પ્રતિકાર્યોને તેમના સાચા મૂલ્યમાં પરિવર્તન કરાવી શકીએ છીએ. એવા સંબંધની સફળ રીતે પુનઃપ્રાપ્તિ કરવા માટે વ્યક્તિએ સમગ્રની ચેતનામાં અને એ સમગ્ર જેની પ્રતિનિધિ છે તે પરાત્પરની ચેતનામાં સાચી રીતે ભાગ લેવો જોઈએ.

મર્યાદિત અહં તે દ્વંદ્વોનું કારણ છે એટલું જ નહિ, પરંતુ વિશ્વના અસ્તિત્વની એક મૂળભૂત પરિસ્થિતિ રૂપે અહં રહેલો છે એવો વિચાર વેદાંતમાં પાછળથી દાખલ થયો અને ધીમે ધીમે દૃઢ થતો ગયો છે. એટલે અહંના અજ્ઞાનનો અને એને પરિણામે પ્રાપ્ત થતી સીમાઓનો ત્યાગ કરવાથી આપણે દ્વંદ્વોનો છેદ ઉડાવી દઈએ છીએ એ તો ખરું, પરંતુ તેમની સાથે વિશ્વની ગતિમાંથી આપણી હસ્તીને પણ આપણે મિટાવી દઈએ છીએ. આમ મનુષ્ય જીવન મૂળમાં અશિવ છે, અનિષ્ટ છે અને ભ્રાંતિ રૂપ માયા છે તથા જગતમાં થતી જીવનની ગતિમાં પૂર્ણતા માટેના સર્વ પ્રયત્નો મિથ્યા છે એ વિચાર પર આપણે પાછા આવીએ છીએ. અહીં પૃથ્વીના જીવનમાં તો આપણે એના વિરોધી તત્ત્વ સાથે સદા જોડાયેલા એવા સાપેક્ષ રીતના શુભ તત્ત્વની જ માત્ર ખોજ કરી શકીએ છીએ. પરંતુ આપણે જો પેલા વધારે વિશાળ અને અર્થપૂર્ણ વિચારને સ્વીકારી લઈશું કે અહં તે એના પોતાનાથી પર એવી કોઈ વસ્તુનું મધ્ય સ્થિતિનું એક પ્રતિનિધિ સ્વરૂપ છે તો ઉપર જણાવેલા પરિણામમાંથી આપણે બચી જઈશું તથા વેદાંતનો પ્રયોગ જીવનની સાર્થકતા પ્રાપ્ત કરવા માટે, નહિ કે જીવનમાંથી છટકવા માટે, કરી શકીશું. વૈશ્વિક સત્-તાનું, આ સમગ્ર વિશ્વરૂપ અસ્તિત્વનું મૂળ કારણ તથા એની સ્થિતિ ભગવાન, ઈશ્વર કિંવા પુરુષ, પોતે જ છે, જે વ્યક્તિનાં અને વિશ્વનાં રૂપોને વ્યક્ત કરે છે અને તેમનામાં વસે છે. મર્યાદિત અહં તો વિકાસની એક અમુક દિશા માટે આવશ્યક એવી ચેતનાની ફક્ત અંતરાલ અવસ્થા છે. આ રીતે વિચાર કરીને વ્યક્તિ પોતાનાથી પર એવી પેલી વસ્તુને પ્રાપ્ત કરી શકે છે, વ્યક્તિ એ પર-તત્ત્વને જ પ્રગટ કરતી હોય છે, તથા પર-તત્ત્વને પ્રાપ્ત થયા પછી પણ તેને વ્યક્ત કરવાનું તે ચાલુ રાખી શકે છે, પરંતુ હવે તે અંધકારગ્રસ્ત અને મર્યાદિત અહં તરીકે નહિ રહેતાં, પરાત્પર

પ્રભુના તથા વિશ્વ ચેતનાના કેન્દ્ર તરીકે કાર્ય કરી શકે છે અને વિશ્વમાં આવેલાં સર્વ વ્યક્તિરૂપ સર્જનોને તે ભેટશે અને તેમનો ઉપયોગ કરશે અને તેમનું રૂપાંતર સાધી તેમને પ્રભુ સાથે સંવાદમાં મૂકી આપશે.

તો આ રીતે આપણે જોઈએ છીએ કે સ્થૂલ પ્રકૃતિની સમગ્રતામાં પ્રભુના દિવ્ય સચેતન સત્તત્ત્વનો જે આવિર્ભાવ બનેલો છે તે જ આ જડ વિશ્વમાં માનવ જીવનનો પાયો છે. પ્રભુનું એ દિવ્ય સચેતન સત્-તત્ત્વ જડતત્ત્વની અચેતનતામાં તિરોભૂત બનેલ અને અનિવાર્યપણે ક્રમવિકાસ કરી રહેલ પ્રાણ, મન, અને અતિમનસમાં જે રીતે પ્રગટ થઈ રહ્યું છે એ આપણી પ્રવૃત્તિઓની પરિસ્થિતિ છે; કારણ કે એ ક્રમવિકાસને લઈને જ માનવ જડતત્ત્વમાં પ્રગટ થઈ શક્યો છે, તથા એ ક્રમવિકાસ જ એને ક્રમે ક્રમે સ્થૂલ દેહમાં પ્રભુનો આવિર્ભાવ કરવાની શક્તિ આપશે, પૃથ્વી ઉપર પ્રભુનો વૈશ્વિક અવતાર સાધવાની. આપણે જેને અવચેતન કહીએ છીએ તે એક વ્યાપક, તમોગ્રસ્ત અને અરૂપ એવી અનિર્મિત સમગ્રતા હોય છે,-ઋગ્વેદમાં એને હૃદ્ય સમુદ્ર, વસ્તુઓમાં રહેલું સમુદ્ર હૃદય કહેલું છે. આ સમગ્રતામાંથી એકમેવાદ્વિતીય પ્રભુ સચેતન બહુ રૂપે પ્રગટ થાય છે અને એ પ્રાકટ્ય થવા માટે અહંપ્રધાન વ્યક્તિની રચના એક વચલું અને નિર્ણયાત્મક તત્ત્વ પૂરું પાડે છે. આ અહંપ્રધાન ચેતના પ્રથમ જગતના દ્વંદ્વો રૂપે, જીવન અને મૃત્યુ, હર્ષ અને શોક, સુખ અને દુઃખ, સત્ય અને ભ્રમ, શુભ અને અશુભ એ રીતે આકાર ધારણ કરે છે. આ અહં વિશ્વમાં આવેલા સમગ્ર સત્યને, શિવને, જીવનને તથા આનંદને બાતલ કરીને, પોતાની જાતની એક કૃત્રિમ રચનામાં એકતાનો સાક્ષાત્કાર કરવાનો જે પ્રયત્ન કરે છે તેનું સ્વાભાવિક અને અનિવાર્ય એવું પરિણામ એ દ્વંદ્વોના જોડકાં રૂપે જ આવે છે. અહં એ પ્રમાણે પોતાનું જે માળખું રચે છે તેનો વિલય વ્યક્તિ વિશ્વ પ્રત્યે તથા પ્રભુ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે છે ત્યારે થાય છે. એ પ્રમાણેના વિલયથી માનવ પોતાના જીવનની પરમ સાર્થકતાને પ્રાપ્ત કરે છે, અને એ સાર્થકતા માટે એનું અહંપ્રધાન જીવન કેવળ પૂર્વ તૈયારી રૂપ હતું. જેમ પશુ જીવન માનવ જીવન માટેની પૂર્વભૂમિકા રૂપે હતું તે જ પ્રમાણે આ અહંપ્રધાન જીવન એ પેલી પરમ સાર્થકતાની તૈયારી રૂપ છે. મયાદિત અહંનું પ્રભુની દિવ્ય એકતાના અને મુક્તિના કેન્દ્ર તરીકે રૂપાંતર કરવાથી વ્યક્તિમાં આપણે 'સર્વ'નો સાક્ષાત્કાર પ્રાપ્ત કરીએ છીએ, આ દિવ્ય એકતા અને મુક્તિ પ્રાપ્ત થવાં એ જ માનવની પરમ સાર્થકતા છે. આમ એક અનંત અને નિરપેક્ષ

એવાં સત્-તત્ત્વ, અનંત સત્ય, શિવ અને આનંદ જગતમાં આવેલાં અનેકમાં બહુ રૂપે પ્રગટ થાય એ દિવ્ય પરિણામ પ્રત્યે જ આપણી સમુત્ક્રાન્તિનાં કાળચક્રો ગતિ કરી રહ્યાં છે. આ પરમ જન્મને પ્રકૃતિ માતા પોતાના અંતરમાં ધારણ કરી રહી છે; અને એનો પ્રસવ થાય તે માટે પ્રયત્ન કરી રહી છે.

પ્રકરણ ૮

વેદાંતની સાધનારીતિ

एव सर्वेषु भूतेषु गूढोत्मा न प्रकाशते।
दृश्यते त्वग्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ।।

कठ उपनिषद् ३.१२

સર્વ પ્રાણીઓમાં ગૂઢ રૂપે રહેલો આત્મા બહારથી દેખાતો નથી, પરંતુ જેમની પાસે સૂક્ષ્મદૃષ્ટિ છે તેઓ એ સૂક્ષ્મ પરમ બુદ્ધિ વડે આત્માને જોઈ શકે છે.

કઠ ઉપનિષદ ૩.૧૨

પણ તો પછી આ સચ્ચિદાનંદ બ્રહ્મ જગતમાં કઈ રીતે કામ કરતું હશે? કઈ પ્રક્રિયા દ્વારા આ સચ્ચિદાનંદ અને તેની આકૃતિ જેવો અહં એ બે વચ્ચેના સંબંધો પ્રથમ વાર રચાયા હશે, અને પછી તેના અંતિમ પરિણામમાં પહોંચ્યા હશે? સચ્ચિદાનંદ અને અહંના આ જે સંબંધો છે અને તે સંબંધો જે પ્રક્રિયા પ્રમાણે કામ કરે છે તેના ઉપર જ માનવને માટેના દિવ્ય જીવનનું સારુંયે તત્ત્વદર્શન તથા એની સાધનાનો આધાર મંડાયેલો છે.

આપણને દિવ્ય જીવનની કલ્પના તથા તેનું જ્ઞાન આપણે જ્યારે ઈન્દ્રિયો તરફથી આપણને મળતા જ્ઞાનથી પર થઈ જઈએ છીએ અને સ્થૂલ મનની દીવાલોને ભેદી ઉપર ચાલ્યા જઈએ છીએ ત્યારે જ પ્રાપ્ત થાય છે. જ્યાં સુધી આપણે ઈન્દ્રિયો તરફથી મળતા જ્ઞાનની અંદર તથા સ્થૂલ ચેતનામાં જ પુરાયેલા રહીએ છીએ ત્યાં સુધી આપણને માત્ર સ્થુલ જગત અને તેનાં દશ્યો સિવાય બીજા કોઈ જ વસ્તુની કલ્પના કે જ્ઞાન આવી શકતું નથી. પરંતુ આપણામાં અમુક અમુક એવી શક્તિઓ રહેલી છે કે જે આપણા મનને અમુક વિચારોમાં પહોંચવામાં મદદ કરતી રહે છે. હા, આ વિચારોમાં આપણે સ્થૂલ જગતોની હકીકતો આપણને જે રીતની દેખાય છે તેમાંથી તર્ક દ્વારા કે કલ્પના દ્વારા વિવિધ રીતે વિચાર કરીને પહોંચી તો શકીએ છીએ, પરંતુ જગતની નરી સ્થૂલ સામગ્રી કે કોઈ પણ સ્થૂલ અનુભૂતિને આધારે આ વિચારોમાં અનિવાર્ય રીતે પહોંચાય જ છે એવું હોતું નથી. તો માનવને આ જે શક્તિરૂપી કરણો મળેલાં છે તેમાંનું પ્રથમ કરણ તે વિશુદ્ધ બુદ્ધિ છે.

કરવી અને અમરતાનો સ્વાદ લેવો–આ બધાનું નામ જડતત્ત્વમાં ભગવાનનો સાક્ષાત્કાર કરવો એમ કહી શકાય, અને એ જ આપણી પૃથ્વી ઉપર જે ઉત્ક્રાન્તિ થઈ રહી છે તેનું એ અંતિમ લક્ષ્ય છે. ઈન્દ્રિયગમ્ય જગતથી પરિમિત થયેલી સામાન્ય બુદ્ધિને તો, માનવ ચેતનાની અત્યારની સ્થિતિ પોતાની શક્યતાની સીમા લાગે છે. અને એક બાજુ અસિદ્ધ આદર્શ અને બીજી બાજુ પ્રત્યક્ષ સિદ્ધ વસ્તુસ્થિતિ એ બેની વચ્ચે જે વિરોધ રહેલો હોય છે તેને આદર્શની શક્યતા અને સચ્ચાઈ સામેની આખરી દલીલ તરીકે તે બુદ્ધિ સ્વીકારી લે છે. પણ જગતમાં ચાલી રહેલી વિરાટ ક્રિયાઓની વધારે વિચારપૂર્વક સમીક્ષા કરીશું તો આપણને જણાશે કે ઉપર જણાવેલો આદર્શ અને પ્રત્યક્ષ વચ્ચેનો વિરોધ પ્રકૃતિની ગહનમાં ગહન કાર્યપદ્ધતિનો જ એક ભાગ છે અને આદર્શની સિદ્ધિને માટે પ્રકૃતિની સંપૂર્ણ સંમતિની નિશાની છે.

જીવનના સઘળા કોયડા ખરું જોતાં વિરોધી તત્ત્વોમાં પરસ્પર મેળ બેસાડવાના જ કોયડા હોય છે. અણઉકલ્યા વિરોધનું ભાન અને નહિ શોધાયેલ એકતા યાને મેળ હોવો જોઈએ એવી પ્રેરણા એ બેને લઈને જ એવા કોયડાઓ ઊભા થાય છે. વણઉકલ્યા વિરોધથી સંતોષ પામીને બેસી રહેવું એ તો માનવની અંદર રહેલ વ્યવહારુ અને પાશવ ભાગને માટે જ શક્ય છે. પરંતુ જાગ્રત થયેલ બુદ્ધિ માટે એવું વલણ અશક્ય છે. વળી, આવા કોયડા ઉકેલવાની જરૂરિયાતમાંથી માનવનો વહેવારુ ભાગ પણ ઘણું ખરું તો કોયડા તરફ આંખમીંચામણાં કરીને, અથવા તો, તાત્કાલિક ઉપયોગી, ગમે તેવી જાડી બુદ્ધિને સંતોષી શકે તેવી, અજ્ઞાન બાંધછોડ કરીને જ બચી જાય છે. આમ થવાનું કારણ એ છે કે પ્રકૃતિ પોતાનાં સર્વે ક્ષેત્રોમાં સંવાદ સ્થાપન કરવાનો પ્રયત્ન કરતી હોય છે. પ્રાણ અને જડતત્ત્વ પોતપોતાના ક્ષેત્રમાં જેમ સુમેળ માટે પ્રયત્ન કરે છે તેમ બુદ્ધિ પણ પોતાના ઈન્દ્રિયગ્રાહ્ય સંસ્કારો વડે પ્રાપ્ત થતા જ્ઞાનની વ્યવસ્થામાં એવો જ સુમેળ સાધે છે. સુમેળ લાવવાની સામગ્રીમાં જેમ તત્ત્વોની દેખીતી અસમાનતા વધારે–તે પણ કદી પણ પાટો ન બેસે તેવા વિરોધલગીની ભલેને હોય તેમ તેમની વચ્ચે સુમેળ સાધવાની વૃત્તિ પણ તેટલી જ વધારે જોરદાર હોય છે, અને પરિણામે સાધારણ મુશ્કેલીભર્યા પ્રયત્નને અંતે જે જાતના સુમેળનું સ્થાપન થાય તેના કરતાં આવાં સંકુલ અને અટપટાં તત્ત્વો અને સામગ્રીમાંથી ઊભો થતો સંવાદ વધારે સૂક્ષ્મ અને વધારે સમર્થ વ્યવસ્થા ઊભી કરે છે. સક્રિય પ્રાણશક્તિ અને તેને પ્રગટ કરનાર જડતત્ત્વોનો દેહ એ

માનવની જે બુદ્ધિ છે તેની એક બેવડી ક્રિયા રહેલી છે, મિશ્ર અથવા તો પરાવલંબી, અને શુદ્ધ અથવા તો સ્વાધીન. બુદ્ધિ જ્યારે આપણી ઈન્દ્રિયોને થતા અનુભવોના વર્તુળમાં જ પુરાઈ રહે છે, એ ઈન્દ્રિયબદ્ધ અનુભવના નિયમને જ છેવટનું સત્ય માની લે છે તથા માત્ર દૃશ્ય વસ્તુના અભ્યાસમાં જ પોતે ડૂબેલી રહે છે, એટલે કે જગતમાં વસ્તુઓ તેમના પરસ્પર સંબંધમાં, તેમની પ્રક્રિયાઓમાં, તથા ઉપયોગમાં જે રીતની દેખાય છે તેનો જ ફક્ત અભ્યાસ કરતી રહે છે ત્યારે તેની ક્રિયા મિશ્ર પ્રકારની બને છે. બુદ્ધિની આ જે તર્કપ્રધાન ક્રિયા છે તેનામાં વસ્તુ પોતે શું છે તે જાણવાની શક્તિ હોતી નથી, વસ્તુ જે રીતની દેખાતી હોય છે એટલું જ માત્ર તે જાણે છે. મૂળ સત્ તત્ત્વના ઊંડાણો માપવા માટે તેની પાસે કોઈ તાગ-દોરી નથી, એ મૂળ સત્ જે આવિર્ભાવ સાધે છે એ આવિર્ભાવના ક્ષેત્રનું જ તે માત્ર અવલોકન કરી શકે છે. આથી ઊલટું, બુદ્ધિ જ્યારે ઈન્દ્રિયજન્ય અનુભવોને માત્ર એક આરંભબિંદુ તરીકે સ્વીકારે છે, પણ એ અનુભવોથી મર્યાદિત બની રહેવાની ના પાડીને અનુભવની પાછળના ભાગમાં ચાલી જાય છે, એ જ્યારે પોતાની આગવી રીતે વસ્તુનો નિર્ણય બાંધે છે, આગવી રીતે કાર્ય કરે છે, વસ્તુઓના દેખાવોની સાથે નહિ, પણ એ દેખાવોની પાછળ જે રહેલું છે તેને અંગેના વ્યાપક અને અફર એવા વિચારોમાં પહોંચવાને પ્રયત્ન કરે છે ત્યારે એની ક્રિયા બરાબર શુદ્ધ રૂપની બની રહે છે. આ શુદ્ધ બુદ્ધિ વસ્તુના આભાસમાંથી નીકળીને આ આભાસની પાછળ જે તત્ત્વ રહેલું છે તેમાં એકદમ પહોંચી જઈ શકે છે અને પોતાનો વિચારનિર્ણય સીધેસીધો જ કરી લે છે. આપણને એમ લાગી શકે છે કે એ વિચારનિર્ણય ઈન્દ્રિયજન્ય અનુભવનું પરિણામ છે, એ અનુભવના ઉપર જ આધાર રાખતો હોય છે, પણ ખરી રીતે તો તે બુદ્ધિની પોતાની સ્વતંત્ર શક્તિને આધારે જ બની આવેલો હોય છે. પરંતુ એવું પણ બનતું હોય છે કે શુદ્ધ બુદ્ધિને જે દર્શનો થતાં હોય છે- અને એ દર્શનોનું વધારે લાક્ષણિક કાર્ય તે આ જ છે- તે બધાંનો આરંભ તો ઈન્દ્રિયજન્ય અનુભવથી થતો રહે છે, પણ એ અનુભવને માત્ર એક નિમિત્ત તરીકે સ્વીકારી લઈ પછી તેને પાછળ મૂકી દઈને બુદ્ધિ દૂર દૂર ચાલી જાય છે. અને એ પછી એવા નિર્ણયો ઉપર તે પહોંચે છે કે આપણો ઈન્દ્રિયજન્ય અનુભવ આપણા મન ઉપર જે વસ્તુ ઠસાવવા માગતો હોય છે તેના કરતાં સાવ ઊલટા જ હોય છે. બુદ્ધિની આ રીતની ક્રિયા સાચી છે તેમ જ અનિવાર્ય પણ છે. આપણા જે રોજિંદા સામાન્ય રીતના અનુભવો છે તેમાં

તો વિશ્વમાંની સર્વ હકીકતોનો માત્ર અલ્પ અંશ જ આવતો હોય છે, એટલું જ નહિ પણ, આ અનુભવો પોતાના મર્યાદિત ક્ષેત્રમાં રહીને જે સાધનોને ઉપયોગમાં લેતા હોય છે તે સાધનો પોતે પણ ખામીવાળાં હોય છે અને તે આપણને ખોટાં માપ અને ખોટાં તોલ આપતાં હોય છે. એટલે આપણે જો વસ્તુઓના સત્ય વિષે વધારે સાચા વિચારોમાં પહોંચવું હશે તો આ સામાન્ય રીતના અનુભવોથી આપણે પર થઈ જવાનું રહે છે, એ અનુભવોને દૂર દૂર મૂકી દેવાના રહે છે, અને ઘણીયે વાર એના આગ્રહોને નકારવાના રહે છે. માણસ પોતાના ઈન્દ્રિયાધીન મનની ભૂલોને બુદ્ધિનો ઉપયોગ કરીને સુધારતો રહે છે. માણસે વિકસાવેલી આ એક અત્યંત કિંમતી શક્તિ છે, અને પૃથ્વી પરનાં પ્રાણીઓમાં મનુષ્યની જે સર્વોપરિતા છે તેનું મુખ્ય કારણ આ જ શક્તિ છે.

આ શુદ્ધ બુદ્ધિનો આપણે જ્યારે પૂરેપૂરો ઉપયોગ કરીએ છીએ ત્યારે પછી આપણે વસ્તુના સ્થૂલ જ્ઞાનમાંથી નીકળી વસ્તુના તત્ત્વના જ્ઞાનમાં પહોંચીએ છીએ. પરંતુ આ તત્ત્વજ્ઞાનની રીતે આપણને જે વિચારો મળતા હોય છે તે પોતે પણ આપણા સમગ્ર સ્વરૂપની પ્યાસને પૂરેપૂરી તૃપ્ત કરી શકતા નથી. એ વિચારો શુદ્ધ બુદ્ધિને પોતાને તો સંપૂર્ણ રીતે સંતોષજનક હોય છે જ, કેમકે શુદ્ધ બુદ્ધિ પોતે એ જ વિચારોની બનેલી છે. પરંતુ આપણી પ્રકૃતિ જગતને હંમેશા બે આંખો વડે જોતી રહે છે. એ જગતને એક વિચાર રૂપે તેમ જ હકીકત રૂપે એમ બેવડી રીતે જુએ છે. એટલે પછી જગતને વિષેનો પ્રત્યેક વિચાર જ્યાં સુધી આપણે માટે અનુભૂતિ રૂપ બની જતો નથી ત્યાં સુધી આપણને તે અધૂરો જ લાગે છે, અને આપણી પ્રકૃતિના એક ભાગને તો તે લગભગ અવાસ્તવિક જેવો જ લાગે છે. પરંતુ આપણે હવે જે સત્યોને વિષે વિચાર કરી રહ્યા છીએ એ સત્યો તો આપણા સામાન્ય અનુભવની અંદર આવી શકે તેવાં નથી. એ સત્યોનું સ્વરૂપ તો એવું છે કે તે 'ઈન્દ્રિયોની દૃષ્ટિથી પર રહેલાં છે, પણ બુદ્ધિની દૃષ્ટિથી તે જોઈ શકાય તેવાં છે.' એટલે આપણે જો આપણી પ્રકૃતિની પ્યાસને તૃપ્ત કરવી હશે તો તે માટે આપણે અનુભૂતિ મેળવવાની કોઈ એક બીજી શક્તિ મેળવવી જોઈશે. અને એ શક્તિ, આપણે હવે અતિભૌતિક તત્ત્વ સાથે કામ લેવા બેઠા છીએ, એટલે આપણી માનસિક અનુભૂતિનો વિસ્તાર સાધીને જ મેળવી શકાય તેમ છે.

એક રીતે કહીએ તો આપણને જે જે અનુભૂતિઓ થાય છે તે બધી માનસિક પ્રકારની જ હોય છે. ઈન્દ્રિયો દ્વારા આપણે જે કાંઈ મેળવીએ છીએ તેને આપણે

ઈન્દ્રિયગત મનની ભાષામાં, ભારતના તત્ત્વજ્ઞાનની પરિભાષામાં જેને મનસ કહેવામાં આવે છે, તેની ભાષામાં ઘટાવતા રહીએ છીએ. એમ ન થાય ત્યાં સુધી વસ્તુનો કોઈ અર્થ કે મૂલ્ય બનતું નથી. મનસને આપણા દાર્શનિકોએ છઠ્ઠી ઈન્દ્રિય કહેલું છે. પણ આપણે એમ પણ કહી શકીએ છીએ આ મનસ એ જ એકમાત્ર ઈન્દ્રિય છે, અને બીજી ઈન્દ્રિયો દૃષ્ટિ, શ્રવણ, સ્પર્શ, ગંધ, સ્વાદ એ બધાં તો આ ઈન્દ્રિયગત મનનાં માત્ર ખાસ કાર્યો જ છે. મન પોતાની અનુભૂતિના પાયા તરીકે સામાન્ય રીતે આ ઈન્દ્રિય-કરણોનો ઉપયોગ કરે તો છે તો પણ તે તેમનાથી પર ચાલ્યું જતું હોય છે અને તેના પોતાના આગવા કાર્ય મુજબ તે સીધેસીધી અનુભૂતિ મેળવવાને સમર્થ હોય છે. આના પરિણામે માનસિક અનુભૂતિ પણ, બુદ્ધિને થતાં જ્ઞાનોની માફક, માણસમાં એક બેવડી ક્રિયાવાળી બની શકે છે, મિશ્ર કિંવા પરાધીન અને શુદ્ધ કિંવા સ્વાધીન. મન જ્યારે બાહ્ય જગત વિષેનું, અન્ય વસ્તુનું જ્ઞાન મેળવવાને પ્રયત્ન કરે છે ત્યારે તેનું કાર્ય સામાન્ય રીતે મિશ્ર પ્રકારનું હોય છે. એ જ્યારે પોતાને વિષેનું, આંતિરક રીતનું જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેનું કાર્ય શુદ્ધ પ્રકારનું હોય છે. પોતાના મિશ્ર પ્રકારના કાર્યમાં મન ઈન્દ્રિયો ઉપર આધાર રાખતું હોય છે અને ઈન્દ્રિયો તરફથી જે મળે તે પ્રમાણે તે પોતાના વિચારો બાંધતું રહે છે. પોતાના શુદ્ધ પ્રકારના કાર્યમાં મન પોતાને આધારે જ કાર્ય કરે છે, અને વસ્તુઓ સાથે એક રીતની તદ્રૂપતા પ્રાપ્ત કરીને વસ્તુને સીધેસીધી જાણે છે. આપણને આપણી લાગણીઓનું જ્ઞાન આ રીતે થાય છે. આપણને ક્રોધનું જ્ઞાન થાય છે તે, જરા ઉગ્ર રીતે કહેવાયું છે તે મુજબ, આપણે ક્રોધ રૂપ બની જતા હોઈએ છીએ એટલે થતું હોય છે. આ જ રીતે આપણને આપણા પોતાના અસ્તિત્વનું પણ જ્ઞાન થાય છે. અને અહીં એ વસ્તુ સ્પષ્ટ બની જાય છે કે આપણને થતી અનુભૂતિ તે તાદાત્મ્ય દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન જ હોય છે. ખરી રીતે તો, આપણને થતી સર્વ અનુભૂતિ તે , તેના ગુહ્ય રૂપે, તાદાત્મ્ય દ્વારા મળતું જ્ઞાન જ હોય છે. પરંતુ જ્ઞાનનું આ સાચું સ્વરૂપ આપણી આગળ છુપાઈ ગયેલું છે. એમ થવાનું કારણ એ છે કે આપણે પોતે અલગ થઈ જઈને બાકીના જગતથી આપણી જાતને છૂટી પાડી દીધી છે, આપણે પોતે દ્રષ્ટા છીએ અને બાકીનું બધું દૃશ્ય છે એ રીતનો આપણે ભેદ કરેલો છે. અને પછી આપણાથી અલગ પાડી દીધેલી વસ્તુઓ સાથે ફરીથી સંબંધમાં આવવા માટે આપણને પ્રક્રિયાઓ અને

ઇન્દ્રિયોનો વિકાસ કરવાની ફરજ પડેલી છે. આ સ્થિતિમાં આપણને વસ્તુ સાથે સજ્ઞાન તાદાત્મ્ય દ્વારા સીધી રીતે મળી રહેતા જ્ઞાનને બદલે આડકતરી રીતે મળતા જ્ઞાનનો આશ્રય લેવો પડે છે, અને તે આપણને વસ્તુ સાથે સ્થૂલ સંપર્ક દ્વારા તથા માનસિક સહાનુભૂતિ દ્વારા ઉત્પન્ન થતું હોય તેમ લાગે છે. આપણી આ મર્યાદા તે મૂળે તો અહંનું જ સર્જન છે. આ અહં મૂળથી હંમેશાં કેવી રીતે કામ કરતો રહેલો છે તે પણ આપણને આમાંથી જોવા મળે છે. આ અહંની ક્રિયા એક આદિમ અસત્યથી આરંભ પામેલી છે અને એ અસત્યમાંથી જન્મતાં બીજાં અસત્યો દ્વારા વસ્તુઓનું સાચું સત્ય ઢંકાતું રહ્યું છે. અને એ અસત્યો તે આપણા માટે વસ્તુઓ સાથેના સંબંધનાં વ્યવહારુ સત્યો બની રહે છે.

આપણી અંદરનું માનસિક અને ઇન્દ્રિયાધીન જ્ઞાન અત્યારે આ રીતે રચાયેલું છે, અને તેનું આ રીતનું સ્વરૂપ જોતાં એક વસ્તુ એ ફલિત થાય છે કે આપણે પોતે અત્યારે જે મર્યાદાઓમાં છીએ તે અનિવાર્યપણે જરૂરની છે એવું કાંઈ જ નથી. આ મર્યાદાઓ તો એક વિકાસક્રમના પરિણામ રૂપે બનેલી છે. એ વિકાસક્રમમાં મને સ્થૂલ જગત સાથે સંબંધમાં આવવાના એક સ્વાભાવિક સાધન તરીકે અમુક શારીરિક ક્રિયાઓ તથા તેમનાં પ્રતિકાર્યો ઉપર આધાર લેવાનો પોતાને અભ્યાસ પાડી દીધેલો છે. એટલે આપણે જ્યારે બાહ્ય જગત વિશે જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે એ કાર્ય આપણે ઇન્દ્રિય-કરણો દ્વારા અપ્રત્યક્ષ રીતે કરવાનું રહે છે અને આ ઇન્દ્રિયો વસ્તુઓ તથા માણસો વિષે આપણને જેટલું સત્ય મેળવી આપે તેટલું સત્ય જ આપણે અનુભવી શકીએ છીએ. આ વસ્તુ આમ તો જોકે નિયમ જેવી જ બની ગયેલી છે છતાં એ નિયમ તે આપણને પડી ગયેલી એક મોટી ટેવનું જ નિયમિત રીતે ચાલ્યા કરતું સ્વરૂપ છે. મન ઉપર જડતત્ત્વની આ જે સરસાઈ છે તેમાં મન પોતે સંમત થયેલું છે, અને મનને જો એ સંમતિમાંથી મુક્ત થવા માટે સમજાવી શકાય તો મન ઇન્દ્રિય-કરણોની મદદ વિના ઇન્દ્રિયોના વિષયોનું સીધેસીધું જ્ઞાન મેળવી શકે છે અને એવું જ્ઞાન એને માટે એક સ્વાભાવિક વસ્તુ બની શકે છે. હિપ્નોસિસ-પ્રસાધિત નિદ્રા અને તેને મળતી બીજી માનસિક ઘટનાઓના પ્રયોગોમાં આ જ વસ્તુ બનતી હોય છે. આપણી જે જાગ્રત ચેતના છે તે જીવનતત્ત્વે પોતાના વિકાસક્રમમાં મન અને જડતત્ત્વ વચ્ચે ઉપજાવેલી સમતુલામાંથી ઘડાયેલી છે અને એ સમતુલા દ્વારા તે મર્યાદિત બનેલી છે.

એટલે આપણી સામાન્ય જાગ્રત અવસ્થામાં આ સીધેસીધું જ્ઞાન મેળવવાની ક્રિયા સામાન્ય રીતે અશક્ય જેવી હોય છે. એ ક્રિયા જો પાછી મેળવવી હોય તો તે માટે મનને નિદ્રાની અવસ્થામાં નાખતાં આપણું સાચું અને પૃષ્ઠસ્થ મન પછી મુક્ત બને છે. તે સ્થિતિમાં પછી મન પોતાનું સાચું સ્વરૂપ પ્રકટ કરી શકે છે અને બતાવી આપી શકે છે કે તે પોતે જ એકમાત્ર અને સ્વયંપર્યાપ્ત ઈન્દ્રિય છે, અને ઈન્દ્રિયોના વિષયો ઉપર પોતાનું મિશ્ર અને પરાધીન કાર્ય મૂકી દઈને તે પોતાનું શુદ્ધ અને સ્વાધીન કાર્ય કરવાને માટેની સ્વતંત્રતા ધરાવી શકે છે. અને મનની આ શક્તિનો વિસ્તાર સાધવો અશક્ય પણ નથી જ, માત્ર એ વિશેષ મુશ્કેલ છે એટલું, જે લોકો માનસિક પ્રયોગોની અમુક સાધનાઓમાં સારા પ્રમાણમાં આગળ વધી શકેલા છે તે સૌને આ વસ્તુ સુવિદિત છે.

ઈન્દ્રિયગત મનની આ સ્વાધીન ક્રિયાનો ઉપયોગ કરીને આપણે, સામાન્ય રીતે જે પાંચ ઈન્દ્રિયો આપણે વાપરીએ છીએ તે ઉપરાંતની બીજી ઈન્દ્રિયો પણ વિકસાવી શકીએ છીએ. દાખલા તરીકે, આપણા હાથમાં રહેલી વસ્તુનું વજન કોઈ સ્થૂલ સાધનનો ઉપયોગ કર્યા વિના પણ આપણે ચોક્કસ રીતે જાણી શકીએ છીએ. આમાં આપણને વસ્તુનો સ્પર્શ તથા દબાણનું જે ભાન થતું હોય છે તે માત્ર એક આરંભબિંદુ તરીકેનું જ કામ કરે છે, જેવી રીતે શુદ્ધ બુદ્ધિ ઈન્દ્રિય તરફથી મળતા અનુભવનો આરંભબિંદુ તરીકે ઉપયોગ કરતી હોય છે તેવી રીતે, પરંતુ આમાં મનને જે વજનનું માપ મળી આવે છે તે ખરેખર સ્પર્શના ભાનમાંથી નથી મળતું હોતું. મન પોતાના સ્વતંત્ર દર્શનમાંથી જ વજનનો સાચો ક્યાસ મેળવી લે છે, સ્પર્શને તો તે વસ્તુ સાથે સંબંધમાં આવવા પૂરતો જ કામમાં લે છે. અને જેવું શુદ્ધ બુદ્ધિની બાબતમાં બને છે તેવું ઈન્દ્રિયગત મન વિષે પણ બને છે. ઈન્દ્રિયને થતા અનુભવને એક પ્રથમ બિંદુ તરીકે વાપરી શકાય છે અને એમાંથી પછી મન એવા જ્ઞાનમાં પહોંચે છે કે જેને ઈન્દ્રિય-કરણોની સાથે કશો જ સંબંધ હોતો નથી, અને ઘણી વાર તો એ જ્ઞાન ઈન્દ્રિયોએ આપેલી સાહેદીથી ઊલટું પણ હોય છે. વળી શક્તિનો આ જે વિસ્તાર સધાય છે તે માત્ર બાહ્ય વસ્તુઓ તથા સપાટી પરની વસ્તુઓ પૂરતો જ હોય છે એવું નથી. આપણે કોઈ પણ ઈન્દ્રિય દ્વારા બાહ્ય વિષય સાથે એક વાર સંબંધમાં આવીએ ત્યાર પછી મનને એવી રીતે યોજી શકીએ છીએ કે જેથી એ વસ્તુની અંદર જે કાંઈ હોય છે તે આપણે જાણી શકીએ છીએ. દાખલા તરીકે, આપણે માણસોના ઉદ્‌ગારો, હિલચાલો, ક્રિયા કે ચહેરા

પરના ભાવોની મદદ લીધા વિના પણ તેમના વિચારો કે લાગણીઓને ઝીલી કે જાણી શકીએ છીએ. એટલું જ નહિ, આ બધાં ઉદ્‌ગારો ઇત્યાદિ દ્વારા આપણને હંમેશાં જે આંશિક રીતની અને ઘણી વાર તો આડ માર્ગે લઈ જતી માહિતી મળે છે તેનાથી વિરુદ્ધમાં જઈને પણ આપણે બીજાની અંદરની વસ્તુ જાણી શકીએ છીએ. અને છેવટે, આપણામાં રહેલી ઇન્દ્રિયોનો ઉપયોગ કરીને આપણે આપણી સ્થૂલ પરિસ્થિતિની યોજનામાં ન આવતા હોય તેવા ઇન્દ્રિયાનુભવોનું કે વસ્તુઓના આભાસો અને છબીઓનું જ્ઞાન પામી શકીએ છીએ, આપણી ઇન્દ્રિયોને તેમની સ્થૂલ ક્રિયાઓથી ભિન્ન એવી એક શુદ્ધ માનસિક યા તો સૂક્ષ્મ રીતની ક્રિયા પણ છે. ઇન્દ્રિયોની આ જે સ્થૂલ ક્રિયા છે એ તો તેમની સંપૂર્ણ અને વ્યાપક પ્રવૃત્તિમાંથી બાહ્ય જીવનના કામકાજ અર્થે પસંદ કરાયેલી અમુક જ ક્રિયા છે. આપણી શક્તિઓના આ બધા જે વિસ્તારો છે તે આપણા સામાન્ય જીવનની અને અનુભવની ચાલુ ઘરેડને અસ્વાભાવિક લાગે તેવા છે, એ વિસ્તારોને આપણે ધારણા મુજબ ક્રિયામાં લાવવા મુશ્કેલ છે, એમને વ્યવસ્થિત રીતનાં અને કામ આપી શકે તેવાં કરણો રૂપે બનાવી શકાય એ રીતે તેમનું કાર્ય સુવ્યવસ્થિત રીતે ગોઠવવું એ તો તેથી પણ વધુ મુશ્કેલ છે. અને તેથી એ વિસ્તારોને સ્વીકારતાં આપણને આમ તો સંકોચ અને અવિશ્વાસ જ રહે છે. આમ છતાં એ બધા શક્ય છે એમ તો આપણે સ્વીકારવું જ પડશે. આપણે જ્યારે આપણી સપાટી પરની સક્રિય ચેતનાના ક્ષેત્રને વિશાળ કરવાનો પ્રયત્ન કરીશું, ભલે પછી એ કામ અવ્યવસ્થિત રીતે કરવામાં આવે કે પછી કોઈ વૈજ્ઞાનિક ઢબે અને સુવ્યવસ્થિત રીતે કરવામાં આવે, ત્યારે એ પ્રયત્નોનું પરિણામ અનિવાર્ય રીતે આ પ્રમાણેના વિસ્તારો રૂપે જ આવશે.

પરંતુ ઇન્દ્રિયોની શક્તિઓના આવા વિસ્તારો થાય તોપણ આપણું જે લક્ષ્ય છે તે સિદ્ધ થઈ શકે તેમ નથી. આપણે તો 'ઇન્દ્રિયોની ગતિથી પર પણ બુદ્ધિની ગતિમાં આવી શકે તેવાં', બુદ્ધિગ્રાહ્યમ અતીન્દ્રિયમ,* જે સત્યો છે તેમનો માનસિક અનુભવ પ્રાપ્ત કરવો છે અને તે આ વિસ્તારો દ્વારા મળી શકે તેમ નથી. આ વિસ્તારોમાંથી આપણને દૃશ્ય સામગ્રીનું માત્ર એક વધુ વિશાળ ક્ષેત્ર મળે છે. તેમ જ એ સામગ્રીને અવલોકવા માટે વધારે અસરકારક સાધનો મળી આવે છે. પરંતુ વસ્તુઓનું સત્ય તો ઇન્દ્રિયોના હાથમાંથી હમેશાં છટકી જ જાય છે. આમ છતાં આ વિશ્વની રચનામાં એક

---

* ગીતા ૬.૨૧

એવો નૈસર્ગિક અને પાક્કો નિયમ છે કે વિશ્વમાં જ્યાં જ્યાં બુદ્ધિ દ્વારા પામી શકાય એવાં સત્યો આવેલાં હોય છે ત્યાં ત્યાં એ બુદ્ધિ ધરાવનાર પ્રાણીની અંદર એક એવું સાધન રહેલું હોય છે કે જે વડે આપણે આ સત્યોને અનુભૂતિ દ્વારા પામી શકીએ છીએ અથવા તો તેમને વિષે ખાતરી મેળવી શકીએ છીએ. જ્ઞાનનું એક સ્વરૂપ એવું છે કે જેમાં આપણને વસ્તુ સાથે સધાતા તાદાત્મ્ય દ્વારા જ્ઞાન મળી આવે છે. અને આ રીતના જ્ઞાનનો વિસ્તાર આપણે આપણા માનસમાં સાધી શકીએ તેવી સ્થિતિ છે. આપણને આપણા પોતાના અસ્તિત્વ વિષે જે ભાન થાય છે તે આ રીતના તાદાત્મ્ય દ્વારા થાય છે. આપણી પોતાની અંદર શું શું આવેલું છે તેનું આપણને જે જ્ઞાન થાય છે તે આપણને આપણા પોતા વિષેની જે વધુ ઓછી સભાનતા છે, આપણા વિચારતંત્ર સમક્ષ એ સભાનતા જેટલા વત્તા ઓછા પ્રમાણમાં મોજૂદ હોય છે તેના ઉપર જ મંડાયેલું હોય છે. અથવા તો, આ વસ્તુને વધારે વ્યાપક રૂપમાં કહેવી હોય તો એમ કહેવાય કે કોઈપણ વસ્તુની સામગ્રીનું જ્ઞાન એ સામગ્રીને ધારણ કરનાર વિષેનું જે જ્ઞાન હોય છે તેની અંદર આવી રહેલું હોય છે. એટલે આપણે જો આપણી પાસે માનસિક રીતની આત્મ-સભાનતાની જે શક્તિ છે તેને વિસ્તાર કરી આપણાથી પર તેમ જ બહાર રહેલા આત્મા વિષેની, ઉપનિષદોએ જેને બ્રહ્મ કહ્યું છે તે વિષેની સભાનતામાં પહોંચાડી શકીએ તો વિશ્વમાં આવી રહેલા આત્મા કિંવા બ્રહ્મની અંદર જે તત્ત્વ આવી રહેલું છે તેના તત્ત્વોને આપણે અનુભૂતિમાં પ્રાપ્ત કરી શકીએ છીએ. ભારતના વેદાન્તે પોતાનો પાયો આ રીતની શક્યતા ઉપર માંડેલો છે. આત્માના જ્ઞાન દ્વારા તેણે વિશ્વનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરેલો છે.

પરંતુ વેદાન્તે હંમેશા એક વાત એ કહેલી છે કે માણસની પાસે જે માનસિક અનુભૂતિ તથા બુદ્ધિના વિચારો છે તે તેમની ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાએ પણ માનસિક ભૂમિકા પરનાં તાદાત્મ્યોની જ એક છાયા છે. વિશ્વનું જે પરમ સ્વયંભૂ તાદાત્મ્ય છે તે આ નથી. આપણે તો મન તથા બુદ્ધિથી પર ચાલ્યા જવાનું રહે છે, આપણી જાગ્રત ચેતનામાં કામ કરતી બુદ્ધિ એ તો આપણે આપણા ઊર્ધ્વ પ્રત્યેના વિકાસક્રમમાં જે અવચેતન અખિલતામાંથી ઉપર આવેલા છીએ અને એ વિકાસક્રમ દ્વારા જે ઉપરિચેતન અખિલતા પ્રત્યે ધકેલાઈ રહ્યા છીએ એ બેની વચ્ચેની માત્ર એક મધ્યગામી વસ્તુ છે. અવચેતન અને ઉપરિચેતન એ એક જ અખિલતાના બે જુદાં જુદાં સ્વરૂપો છે. આમાં

અવચેતનનો મહા શબ્દ છે જીવન, અને ઉપરિચેતનનો મહા શબ્દ છે પ્રકાશ. અવચેતનમાં જ્ઞાન કિંવા ચેતના ક્રિયાની અંદર અંતર્હિત રહે છે, કેમકે ક્રિયા-કર્મ એ જ જીવનનું મૂલ તત્ત્વ છે. ઉપરિચેતનમાં ક્રિયા પ્રકાશની અંદર પાછી પ્રવેશે છે, તે હવે જ્ઞાનની અંદર અંતર્હિત બનીને રહેતી નથી, પણ પોતે જ પરમ ચેતનામાં ધારણ થયેલી હોય છે. આ બંનેમાં, અવચેતનમાં તથા ઉપરિચેતનમાં જે જ્ઞાન સમાન રૂપે રહેલું છે એ જ્ઞાન તે સહજપ્રજ્ઞાનું જ્ઞાન છે. અને આ સહજપ્રજ્ઞાત્મક જ્ઞાનનો પાયો જ્ઞાનને જાણનાર વ્યક્તિ અને જ્ઞાનનો વિષય બનનાર વસ્તુ એ બેની વચ્ચે જે સભાન કિંવા અસરકારક તાદાત્મ્ય હોય છે તેના ઉપર મંડાયેલો રહે છે. એ એક સમાન સ્વયંભૂ-અસ્તિત્વની અવસ્થા છે કે જેમાં જ્ઞાતા અને જ્ઞેય બનતું તત્ત્વ બંને જ્ઞાન દ્વારા એક બની રહેતાં હોય છે. પરંતુ અવચેતનમાં સહજપ્રજ્ઞા ક્રિયા રૂપે, અસરકારકતા રૂપે વ્યક્ત બને છે, ત્યાં જે જ્ઞાન કિંવા સભાન તાદાત્મ્ય હોય છે તે ક્રિયાની અંદર સંપૂર્ણપણે અથવા તો વધુ ઓછા પ્રમાણમાં ગુપ્ત કરી દેવાયેલું હોય છે. આથી ઊલટું, ઉપરિચેતનમાં પ્રકાશ એ જ ત્યાંનો નિયમ હોય છે, એ જ ત્યાંનું તત્ત્વ હોય છે. ત્યાં સહજપ્રજ્ઞા સભાન, તાદાત્મ્યમાંથી ઉત્પન્ન થતા જ્ઞાન તરીકેના પોતાના સાચા સ્વરૂપમાં વ્યક્ત બને છે અને ક્રિયાની અસરકારકતા એ તો જ્ઞાનના એક સાથી જેવી અથવા તો તેના એક આવશ્યક પરિણામ રૂપે બની આવતી હોય છે. એ પોતે જ પહેલી વસ્તુ છે એ રીતનો આભાસ ત્યાં ધારણ કરતી નથી. આ બે અવચેતન અને ઉપરિચેતનની અવસ્થા વચ્ચે બુદ્ધિ અને મન તે મધ્યગામી તત્ત્વો તરીકે કામ કરે છે. એમની મદદથી આપણે જ્ઞાન તે ક્રિયામાં પુરાઈ ગયેલું છે તેમાંથી તેને મુક્ત કરીએ છીએ તથા તેનું સાચું આદિમ સ્થાન મેળવવા માટે તેને તૈયાર કરીએ છીએ. મનમાં જે આત્મ-સભાનતા આવી રહેલી છે તેને જ્યારે વસ્તુ અને તેને ધારણ કરનાર બંને ઉપર, સ્વાત્મા અને અન્યાત્મા એમ ઉભય ઉપર લાગુ પાડવામાં આવે છે ત્યારે બુદ્ધિ પોતે પણ પોતાને એક સ્વતઃજ્યોતિર્મય સહજપ્રજ્ઞાત્મક* જ્ઞાનમાં પલટી લે છે.

---

* Intution (સહજપ્રજ્ઞા) આ શબ્દ એથી વધારે સારા શબ્દના અભાવે હું વાપરું છું. ખરી રીતે તો, એ શબ્દની પાસેથી જે અર્થની અપેક્ષા રાખવામાં આવે છે તેને માટે આ પૂરતો પર્યાપ્ત નથી., એ એક કામચલાઉ પ્રયોગ જ છે. આ જ વસ્તુ ચેતના તેમ જ બીજા ઘણા શબ્દો માટે પણ કહેવાની રહે છે. પણ આપણી દરિદ્રતાને કારણે એ શબ્દોના અર્થને આપણે અનુચિત રીતે ખેંચી ખેંચીને આગળ લઈ જવો પડે છે.

મન જ્યારે પોતે અતિમનસમાં પહોંચી પોતાની કૃતાર્થતા સાધે છે ત્યારે આપણા જ્ઞાનની ઊંચામાં ઊંચી શક્ય અવસ્થા આ હોય છે.

આપણા અતિ પ્રાચીન વેદાન્તે માનવ જ્ઞાનની આ પ્રમાણેની યોજના ઉપર પોતાના દર્શનનું મંડાણ કર્યું હતું. આ ઋષિઓએ આ પાયા ઉપર જે તત્ત્વસિદ્ધિ રચેલી છે તેને આગળ વિકસાવવી એ લક્ષ્ય મારું અત્રે નથી. અહીં તો આપણે દિવ્ય જીવનના પ્રશ્નનો વિચાર હાથ લીધો છે, અને આ વસ્તુ સાથે વેદાંતના મુખ્ય મુખ્ય વિચારો જેટલા પ્રમાણમાં સંબંધ ધરાવે છે તેટલા પ્રમાણમાં તેમને સંક્ષેપમાં જોઈ લઈએ એ જરૂરનું છે. કેમકે આપણે જે વસ્તુને ફરી નવેસરથી બાંધવા માગીએ છીએ એ માટેનો ઉત્તમોત્તમ પાયો આ પૂર્વે આપણને વેદાંતના વિચારોમાંથી મળી રહે છે. આમ તો જો કે બધા જ્ઞાનની બાબતમાં બને છે તેમ આ વેદાંતની જે પ્રાચીન વાણી છે તેને બદલે એ પછીના આજના કાળના માનસને અનુરૂપ રહે તેવી નવી અભિવ્યક્તિ આપણે અમુક પ્રમાણમાં સાધવાની રહે છે, એક ઉષા પછી બીજી ઉષા આવતી રહે છે તેમ જૂના પ્રકાશે પોતાની જાતને નવા પ્રકાશમાં મિલાવી દેવાની રહે છે તોપણ આપણે આ જૂના ભંડારને જ આપણી પ્રારંભક મૂડી તરીકે લઈને ચાલીશું, અથવા તો પછી એમાંથી જે કાંઈ ધન આપણે પાછું હાથ કરી શકાય તેમ હશે તે હાથ કરી લઈશું આ જ પદ્ધતિ આપણને સૌથી વિશેષ લાભકારક નીવડશે, આપણે પેલા સનાતન અવિકારી તથા સનાતન વિકારી એવા અનંત તત્ત્વ સાથે આ જે નવો વ્યાપાર આદર્યો છે તેમાં આપણને વધુમાં વધુ પ્રાપ્તિ આ રીતે જ થશે.

सद् ब्रह्मन्, શુદ્ધ સત્, અવ્યાખ્યેય, અનંત, અનન્ય-વેદાન્તે વિશ્વનું પૃથક્કરણ કરતાં કરતાં વિશ્વને વિષે જે અંતિમ વિચાર તારવ્યો છે તે આ રીતનો છે. વિશ્વની આ નજરે પડતી વાસ્તવિકતા જે ગતિ અને રૂપોની બનેલી છે એ સર્વ ગતિ અને રૂપોની પાછળ વેદાન્તની અનુભૂતિને આ રીતની જ મૂળ વાસ્તવિકતા જડી આવેલી છે. અને આ વાત તો સાવ દેખીતી છે કે વિશ્વ વિષે આપણે જ્યારે આવી કલ્પના રજૂ કરીએ છીએ ત્યારે આપણે આપણી સામાન્ય ચેતનામાં તથા સામાન્ય અનુભવમાં જે કાંઈ આવી રહેલું છે, તેમ જ તે જે કંઈ જણાવે છે તેનાથી એકદમ પર ચાલ્યા જઈએ છીએ. ઈન્દ્રિયો તથા ઈન્દ્રિયગત મનને કોઈ શુદ્ધ સત્ તત્ત્વ વિષે કે પરમ સત્ તત્ત્વ વિષે કશો જ ખ્યાલ છે નહિ. આપણી ઈન્દ્રિયોનો અનુભવ તો આપણને માત્ર રૂપ અને ગતિની

જ વાત કરે છે. જગતમાં રૂપો છે તો ખરાં જ, પણ એમાંનું સત્ તત્ત્વ શુદ્ધ નહિ હોતાં, હંમેશાં મિશ્ર પ્રકારનું હોય છે, એકથી વધુ તત્ત્વોનું બનેલું, ભેગું થયેલું, સાપેક્ષ રીતનું હોય છે. આપણે જ્યારે આપણી પોતાની અંદર જઈએ છીએ ત્યારે રૂપના ચોક્કસ આકારમાંથી બહાર નીકળી જઈ શકીએ છીએ, પરંતુ આપણે ગતિમાંથી પરિવર્તનમાંથી મુક્ત બની શકતા નથી. આપણે માત્ર એટલું જ જોઈએ છીએ કે અવકાશની અંદર જડતત્ત્વ ગતિ કરી રહેલું છે, કાળની અંદર પરિવર્તનની ગતિ થઈ રહેલી છે અને એ જ સત્ તત્ત્વની અવસ્થા છે. આપણને રુચે તો આપણે એમ પણ કહી શકીએ છીએ કે આજ માત્ર સત્ તત્ત્વ છે, જેને શુદ્ધ સત્ તત્ત્વ કહેવામાં આવે છે એને મળતી કોઈ વાસ્તવિકતા આપણા હાથમાં આવી શકે તેમ નથી. હા, આપણને આત્મ-સભાનતાની જે અનુભૂતિ થાય છે તેમાં, અથવા તો તેની પાછળ આપણને વધુમાં વધુ કોઈક વાર કોઈ એક અવિચલ અને અવિકારી તત્ત્વની ઝાંખી થાય છે ખરી, આપણને ત્યાં કશુંક ઝાંખું ઝાંખું દેખાય છે ખરું, અથવા તો આપણે એવી કલ્પના કરીએ છીએ કે આપણે જીવન અને મૃત્યુથી પર છીએ, તમામ પરિવર્તનો, રૂપધારણો અને ક્રિયાથી પર છીએ. આપણામાં આ રીતનું એક દ્વાર છે તો ખરું જ, કોઈક વાર તે કોઈ પરાપારના સત્યના, ઝળહળતા પ્રકાશમાં ખૂલી જાય છે અને પોતે પાછું વસાઈ જાય તે પહેલાં ત્યાંના એક કિરણનો આપણને સ્પર્શ થવા દે છે, -આપણને એક તેજોમય જ્ઞાન થઈ આવે છે અને આપણામાં જે શક્તિ અને દૃઢતા હોય છે તો તેને આપણે આપણી શ્રદ્ધામાં ધારણ કરી રાખી શકીએ છીએ અને ઈન્દ્રિયગત મન કરતાં કોઈ જુદી રીતની ચેતનાની લીલાને માટે, સહજપ્રજ્ઞાની લીલાને માટે તેને પ્રસ્થાન બિંદુ કરી શકીએ છીએ.

આપણે જો ધ્યાનપૂર્વક તપાસીશું તો આપણને જણાઈ આવશે કે આપણો પ્રથમ શિક્ષક તે સહજપ્રજ્ઞા જ છે. આપણા મનની ક્રિયાઓની પાછળ સહજપ્રજ્ઞા હંમેશા ગુપ્ત રૂપે ઊભેલી હોય છે. માણસ પાસે અજ્ઞાતના પ્રદેશમાંથી જે તેજોમય સંદેશ આવતા હોય છે તે આ સહજપ્રજ્ઞા લઈ આવે છે અને મનુષ્યના ઊર્ધ્વ જ્ઞાનનો આરંભ એમાંથી જ થતો હોય છે. આમાં બુદ્ધિ તો પછીથી દાખલ થાય છે અને આ તેજના ફાલમાંથી પોતે શો લાભ લઈ શકે છે તે જોવા લાગે છે. આપણે જે કાંઈ જાણીએ છીએ, જે કાંઈ છીએ એમ દેખાઈએ છીએ તે બધાની પાછળ તથા તેનાથી પર કંઈક આવી રહેલું છે એ ખ્યાલ આપણને સહજપ્રજ્ઞા આપે છે. માણસની નિમ્ન બુદ્ધિ તથા તેના